
Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ

# નયપક્ષથી અતિક્રાંત ભાખ્યો તે સમયનો સાર છે.

## તેમજ ચર્ચાની ચર્ચા.

आत्मास्वभावं परभावभिन्न
मापूर्णमाधन्त विमुक्तमेकम् ।
विलीन सङ्कल्प विकल्पजालं
प्रकाशयन् शुद्धनयोऽभ्युदेति ॥ १० ॥

પૂ. કહાન ગુરુદેવના અનન્યભક્ત,
અધ્યાત્મરસિક, શુદ્ધાત્મવેદી, સ્વભાવગ્રાહી,
પૂ. 'ભાઈશ્રી' લાલચંદભાઈની અતિ અપૂર્વ
અને પરમ...પરમ હિતકારી તત્ત્વચર્ચા.

◆ પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન ◆
શ્રી દિગમ્બર જૈન કુંદામૃત કહાન મુમુક્ષુ મંડળ,
જીમખાનારોડ, 'સ્વીટહોમ'
જાગનાથ શેરી નં-૬, રાજકોટ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

| કહાન સંવત | વીરનિર્વાણ | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|---|
| ૧૯ | ૨૫૨૫ | ૨૦૫૫ | ૧૯૯૯ |


## પ્રકાશન

પૂ. ગુરુદેવશ્રીની ૧૯ મી પુણ્યતિથિના ઉપલક્ષમાં
તેમજ
પૂ. લાલચંદભાઈશ્રીની પ્રથમ પુણ્યતિથિના ઉપલક્ષમાં
મહા સુદ નોમ, તારીખ ૨૬/૧/૯૯

દ્વિતીય આવૃત્તિ-પ્રત ૧૧૦૦
પડતર કિંમત-રૂા. ૧૦૦/-(અંદાજીત)
મૂલ્ય-નિત્ય સ્વાધ્યાય.

## પ્રાપ્તિ સ્થાન

શ્રી દિગમ્બર જૈન કુંદામૃત
કહાન સ્વાધ્યાય હોલ
“સ્વીટ હોમ”
જાગનાથ શેરી નં-૬
રાજકોટ

શાંતિભાઈ સી. ઝવેરી
૮૧, નિલામ્બર
૩૭, પેડર રોડ
મુંબઈ નં-૪૦૦૦૨૬
ટે નં.૪૯૪૯૬૩૬, ૪૯૪૭૦૭૫


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## Thanks & Our Request

This shastra has been kindly donated by an AtmaArthi from UK, who wishes to remain anonymous and who has paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of Dravya Svabhaav Paryaay Svabhaav is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 18 April 2008 | First electronic version |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રકાશકીય...કલમે...!

### ✦ (૧) પ્રારંભિક મંગલાચરણ :-

**"અહો! ઉપકાર જિનવરનો; કુંદનો ધ્વનિ દિવ્યનો,**
**જિનકુંદ ધ્વનિ આપ્યાં; અહો! તે ગુરુ કહાનનો."**

કળિકાળના સર્વજ્ઞ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ તેમજ કળિકાળના ગણધર શ્રી અમૃતચંદ્રદેવ જેવા દિગ્ગજ આચાર્યો દ્વારા અધ્યાત્મથી છલોછલ ભરેલા પરમાગમો આપણને પ્રાપ્ત થયા. આ પરમાગમોમાં રહેલાં ગૂઢ રહસ્યોને ઉકલેવાની કે સમજવાની આપણી મંદતર પ્રજ્ઞામાં શક્તિ અને સામર્થ્ય ન હતાં. આવા પંચમકાળના અધ્યાત્મ ઈતિહાસમાં જેમનું નામ સુવર્ણ અક્ષરે અંકિત છે તેવા મહાપ્રતાપી અધ્યાત્મમૂર્તિ યુગ પુરુષ શ્રી કહાન ગુરુદેવનો આપણને સુયોગ પ્રાપ્ત થયો. અને અધ્યાત્મની ધારા પુનઃ પ્રવાહિત થઈ.

જૈન શાસનનું મુખ્ય ધ્યેય જિનેન્દ્ર ભગવાન દ્વારા પ્રતિપાદિત વસ્તુ સ્વભાવ જાણી અને તે અનુસાર શ્રદ્ધા, જ્ઞાન, આચરણ કરવું તે જિનશાસનની તેમજ નિજશાસનની સૌથી મોટી ભક્તિ અને વિનય છે. સમર્થ આચાર્યોએ પણ નયોનું પ્રતિપાદન તેના નિષેધ માટે કર્યું છે. નયોની કાર્યોત્પત્તિમાં અપારમાર્થિકતા હોવાથી તેમજ સમસ્ત નયજ્ઞાન દોષરૂપ હોવાથી તેનો નિષેધ કરવાનું ફરમાન સર્વજ્ઞદેવનું છે. નયજ્ઞાનના વ્યામોહથી વશીત થઈ અને સ્વભાવની અવહેલના કરવી તે સૂક્ષ્મ મિથ્યાત્વ છે.

### ✦ (૨) ચૈતન્યરત્નાકર પૂ.શ્રી કહાનગુરુદેવ :-

"નયપક્ષથી અતિક્રાંત ભાખ્યો તે સમયનો સાર છે." શ્રી સમયસારજી શાસ્ત્ર નયપક્ષમાં રોકાવા માટે નથી, પરંતુ સ્વભાવનો અનુભવ કરવા માટે છે. નયજ્ઞાનમાં આવ્યા પછી જીવે પરિભ્રમણમાં અનંતકાળ કાઢ્યો છે. નયજ્ઞાન દ્વારા વસ્તુ સ્વભાવની સ્પષ્ટતા થવી તે કોઈ અપૂર્વતા નથી. હવે અહીંઆ સુધી આવ્યા પછી પણ જે બુદ્ધિ નયજ્ઞાનમાં રમે છે તેને સ્વભાવ તરફ ઝૂકાવ. વિભાવની ગૌણતા થતાં...થતાં...અવસ્તુ સુધી પહોંચી જાવ ત્યારે આત્મબોધ થાય છે.

આવા પક્ષાતિક્રાંત સ્વરૂપની ચર્ચા કરતા પૂ.ગુરુદેવશ્રી સ્વભાવ વિભોર થઈ જતા અને સ્વભાવમાં ડૂબકી મારતા. પૂ.ગુરુદેવશ્રી સ્વભાવગ્રાહી જ્ઞાનના હિમાયતી હતા. રત્નત્રયરૂપ નિશ્ચય મોક્ષમાર્ગમાં નયજ્ઞાનની નિરર્થકતા બતાવતા; અને કહેતા કેઃ વસ્તુ પોતાના નિજ ભાવને કદી છોડતી નથી. સુવર્ણ કાદવની મધ્યે હોય કે અગ્નિની મધ્યે, તેનાથી આગળ જતાં તે ઘાટની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મધ્યે કેમ ન હોય !! પરંતુ તે નિજ ભાવને કદી છોડતું નથી. વસ્તુ સંબંધી વિચાર પણ તેના સ્વભાવની અગ્રતા પૂર્વક થવો તે પણ વિરલતા છે. દરેક પ્રસંગે વસ્તુને તેના સ્વભાવથી જોતાં આકુળતા ઉત્પન્ન નહીં થાય. કારણકે સ્વભાવને સ્વભાવ દ્વારા જોતાં તો ઉત્તમ સૌખ્યની પ્રાપ્તિ થાય છે. અને આમ જેમનો સ્વભાવમાં પ્રવેશ થયો તેઓ તો કૃત કૃતાર્થ થયા.

### ✦ (૩) ચૈતન્ય રત્નાકરના રત્ન પૂ.ભાઈશ્રી :-

શ્રી સમયસારજીમાં આવે છે કે શુદ્ધનયનો પક્ષ પણ અનુભૂતિમાં બાધક છે. ધ્યેયનો પક્ષ નહીં, જ્ઞેયનો પક્ષ નહીં, ધ્યાનનો પણ પક્ષ નહીં, કારણકે પક્ષ સુધી તો જીવ અનંતવાર આવ્યો છે. અને જ્યાં સુધી કોઈ પણ પક્ષ છે ત્યાં સુધી આત્માનુભૂતિ નથી. પક્ષનો પક્ષ છૂટવો તેનું નામ પક્ષાતિક્રાંત છે, અને 'પક્ષાતિક્રાંત તે જ સમયસાર છે.' આમ સ્વભાવ નિષ્પક્ષ છે. અને તેની અનુભૂતિ પણ નિષ્પક્ષ છે.

નિશ્ચયનયથી આત્મા એકરૂપ છે, વ્યવહારનયથી આત્મા અનેકરૂપ છે, આમ નય કહે છે, તેવો આત્મા નથી. 'આત્મા તો જેવો છે તેવો છે' 'જેમ છે તેમ છે,' ''જે છે તે જ છે.'' કારણકે જ્ઞાનત્વમાં, જાણક સ્વભાવમાં નયપક્ષ ઉઠતા નથી. તેથી કહ્યું છે કે ''જ્ઞાન સ્વરૂપ જીવ તો જ્ઞાન સ્વરૂપ છે.'' ''અનુભૂતિના સમયે બન્ને નયના વિષયને માત્ર જાણતો જ પરિણમે છે, પણ કોઈ નયપક્ષ ગ્રહણ કરતો નથી. આમ નયોનો જ્ઞાતા તે જુદી વાત છે અને નયપક્ષ તે જુદી વાત છે.

હવે જ્યારે જ્ઞાનને અપરિણામી-પરિણામી બન્ને વિષય સરખા મળી જાય છે ત્યારે કોઈ પણ વિકલ્પ હોતો નથી. ''માત્ર જાણે છે'' તેમાં સાક્ષાત્ અમૃતને પીવે છે.

કોઈ એકાંત દૃષ્ટિના પડખાંમાં ખેંચાય અને જાણપણારૂપ જ્ઞાનના પડખાં ને જ્ઞાનના જ્ઞેયમાંથી ઉડાડે તેને અનુભવ થતો નથી. અને જે જ્ઞાનના પડખાંમાં જ રોકાઈ જાય છે, અને અનુભવના વિષય સુધી નથી પહોંચતો; તેને તો અનુભવ થવાનો અવકાશ જ નથી.

આમ પૂ.ગુરુદેવશ્રીએ પરમાગમમાંથી સાર બતાવ્યો જ્યારે પૂ.ભાઈશ્રીએ સારમાંથી પણ સાર બતાવ્યો.

### ✦ (૪) ટૂંક સમયમાં પૂ.ભાઈશ્રીની ભાવના સાકાર :-

પૂ.ભાઈશ્રીએ પોતાની અનુપસ્થિતિમાં બે પુસ્તક પ્રસિદ્ધ કરવાની ભાવના વ્યક્ત કરેલી. જેમાં પહેલું પુષ્પ 'જ્ઞાનથી..જ્ઞાનનું..ભેદજ્ઞાન;' તે પુષ્પ અમે પૂ.ભાઈશ્રીની ૮૯ મી જન્મજયંતિ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપર પ્રકાશિત કરેલ છે, અને પૂ. ભાઈશ્રીની વાર્ષિક પ્રથમ પુણ્ય તિથિ ઉપર ''દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ અને તેની ચર્ચાનું'' બીજું પુષ્પ પ્રકાશિત કરીએ છીએ. માત્ર એક વર્ષના ટૂંકા સમયમાં પૂ.ભાઈશ્રીની ભાવના મૂર્તિમંત થતાં અમારું હૃદય અત્યંત હર્ષાતુર થાય છે.

## ✦ (૫) આ પુસ્તક પ્રકાશનનો હેતુ :-

(૧) જે જીવો જિનવાણીના ઊંડાણપૂર્વકના અભ્યાસી નથી, અથવા તો નયોના ચક્કરમાં અમોને કાંઈ સમજ ન પડે તેવા અલ્પવિકસિત ક્ષયોપશમવાળા જીવોને સ્વભાવ સુધી પહોંચવું દુઃસાધ્ય લાગે છે; તેવા જીવો સ્વભાવથી સ્વભાવને સમજતાં સહેલાઈથી સ્વભાવની પ્રાપ્તિ કરી શકે.

(૨) જે જીવો નયજ્ઞાનથી સંતુષ્ટ છે; મને જિનવાણીની સ્પષ્ટતા થઈ ગઈ છે, અર્થાત્ નયજ્ઞાનને જ આત્મજ્ઞાન માને છે, તેને રેડ લાઈટ બતાવી અસંતુષ્ટ કરાવી અને સંતુષ્ટ થવાનો ખરો ઉપાય દર્શાવે છે.

(૩) ઘણાં જીવો એવા છે કે જેમને નયજ્ઞાનની અપેક્ષાઓથી તો સમજણ પડી છે, પણ હવે આગળ કેમ વધવું તેની મૂંઝવણ થતી હોય, તેવા જીવોને સ્વભાવનો સ્પષ્ટ માર્ગ બતાવી નિશ્ચિંત કરે છે.

(૪) ''દ્રવ્યસ્વભાવ અને પર્યાય સ્વભાવ'' નો મહિમા આ પુસ્તકમાં જેટલો સરળતાથી બતલાવ્યો છે, તેટલો સરલ અને સુગમતાથી બંનેનું પ્રતિપાદન એક સાથે અન્યત્ર મળવું વિરલ છે.

(૫) અધ્યાત્મપ્રેમી, સ્વભાવપ્રેમી જીવોને સ્વભાવનું 'ભેટણું' સમર્પિત છે. આશા છે કે મુમુક્ષુ સમાજ આ ચર્ચાનો સારો એવો લાભ ઉઠાવશે.

(૬) ભવ્ય જીવોને ત્વરાએ મોક્ષમાર્ગની પ્રગટતા, શ્રેણી અને પૂર્ણતા સુધીની મુક્ત ભાવે પરિચય કરાવનારી આ અનુપમ ચર્ચા છે.

(૭) આ ચર્ચાનું હાર્દ સમજ્યા વિના જૈનધર્મના મર્મને ઉદિત કરવો શક્ય નથી.

(૮) આત્માર્થીઓ રુચિ પૂર્વક નિયમિત આ પુસ્તકનો સ્વાધ્યાય કરે તો અલ્પ સમયમાં આત્માનુભૂતિમાં નિમિત્તભૂત થાય તેવી અનુપમ કૃતિ છે દરેક જીવનો સ્વભાવ શું? અને સ્વભાવથી સ્વભાવની કેવી રીતે પ્રાપ્તિ થાય તે જ આ પુસ્તકનું પ્રયોજન છે.

(૯) પૂ.ભાઈશ્રીની ઉપસ્થિતિ દરમ્યાન જેમણે પ્રવચનો તથા ચર્ચાનો સાક્ષાત્ લાભ નથી લીધો, સંભવિત છે તેવા જીવો પણ લાભાન્વિત થાય અને આ ગ્રંથમાં છપાયેલી તત્ત્વચર્ચા જીવોને સર્વકાલીન સમ્યક્ રાહ પ્રદર્શિત કરે તે હેતુ રહેલો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૧૦) અંતમાં આત્મલાભ થાય તે જ પ્રકાશનનો મૂળ હેતુ અને પ્રકાશનનું પ્રેરક બળ છે.

### ✦ (૫) ઐતિહાસિક ચર્ચાનો ઈતિહાસ :-

ધન્ય ઘડી ૧૯૮૮ ની ૩૧ મી ડીસેમ્બરે તેમજ તા.૧/૧/૮૯ ના નૂતન વર્ષના મંગલ સુપ્રભાતે પૂ.ભાઈશ્રીના શ્રીમુખે નિર્મલ સ્વભાવ ધારા પ્રગટી. એ ચર્ચા પુસ્તકના રૂપમાં પ્રસિદ્ધ થઈ ગયા પછી; તે ચર્ચાનું સ્પષ્ટીકરણ ૧૯૯૧ માં રાજકોટમાં થયું, તેમજ જામનગરમાં ૧૯૯૧ માં પર્યુષણ દરમ્યાન થયું. આમ આ બન્ને ચર્ચાઓને આ પુસ્તકમાં સમાવિષ્ટ કરેલ છે. ભવ્યોનો 'મન ભાવન' સ્વભાવ હોવાથી આ ચર્ચાને ફરી ફરી ઘૂંટવા જેવી છે. તેનું મનન, ચિંતન કરવા યોગ્ય હોવાથી; આ વિષયની પુનરાવૃત્તિ પણ આવકાર્ય છે. વળી જે સ્વરૂપમાં સ્થિર થવાનું છે તેમાં તન્મય થવું તે તો 'ભાવિ નિર્વાણ'નું કારણ છે.

### ✦ (૬) મંગલ કાર્યવાહી તેમજ આભાર :-

આ મંગલ ચર્ચા ઓડિયો તેમજ વિડિયો કેસેટમાં અંકિત હતી. ઓડિયો ચર્ચા ડૉ.દેવેન્દ્રભાઈ દોશી તરફથી તેમજ વિડિયો ચર્ચા ચંદનબેન પુનાતર તરફથી લખાયેલી છે.

તેને સુસંગત પ્રેસમેટર બ્ર.શોભનાબેન શાહ તેમજ ચેતનભાઈ મહેતા દ્વારા તૈયાર થયેલ છે. ચર્ચા લખતી વખતે ચર્ચાના વ્યક્ત સૂક્ષ્મભાવો યથાવત્ જળવાઈ રહે તેની સંપૂર્ણ જાગૃતિ રાખવામાં આવી છે.

તદ્ ઉપરાંત આ પુસ્તકમાં પૂ.ભાઈશ્રીનું ''જીવન ઝરમર'' તેમજ ''જૈનદર્શનનો પ્રવેશ દ્વાર'' અને ''ઉપકૃતતા'' વગેરે પૂર્તિ બા.બ્ર.શોભનાબેન જે.શાહ દ્વારા લખવામાં આવ્યા હોવાથી; અને આ સમગ્ર પુસ્તક સંબંધી કાર્યવાહી ભાઈશ્રી ચેતનભાઈ મહેતા દ્વારા નિષ્પન્ન થયેલ હોવાથી સંસ્થા સાભાર નોંધ પૂર્વક અત્યંત નિસ્પૃહભાવે જે સહયોગ મળ્યો છે તે બદલ અંતઃકરણથી સર્વેનો આભાર માને છે.

✦ **(૭) આવકાર્ય :-** અમારું પ્રથમ પુષ્પ ''જ્ઞાનથી...જ્ઞાનનું...ભેદજ્ઞાન ''તે ગ્રંથનો સ્વાધ્યાય થતાં પાઠકગણ તરફથી સુંદર પ્રતિસાદ સાંપડ્યો અને કલ્પનાતીત ભવ્ય સ્વાગત થયું છે, તેમજ પૂ.ભાઈશ્રીનાં અન્ય પ્રવચનોને ત્વરાએ પુસ્તકરૂપે પ્રકાશિત કરવાની મુમુક્ષુની માંગણીને સંતુષ્ટ કરવા માટે આ ચર્ચાનું પુસ્તક પ્રકાશિત કરીએ છીએ. કોઈ ધન્ય પળે થયેલી અપૂર્વ ચર્ચાનો એક એક શબ્દ અધ્યાત્મના રહસ્યથી ભરપૂર છે.

### ✦ (૮) સહાયક :-

મુમુક્ષુ સમાજના આત્માર્થી સુજ્ઞ ભાઈશ્રી બલુભાઈ ચુનીલાલ શાહ દ્વારા સ્વ.શ્રીમતી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શાંતાબેન બલુભાઈ શાહ ના સ્મરણાર્થે રૂા. ૬૦ હજારની દાનરાશિ પ્રાપ્ત થયેલ છે. તેમજ તત્ત્વરસિક ભાઈશ્રી તનસુખભાઈ એમ.ઉદાણી તરફથી, સ્વ.શ્રીમતી તારાબેન તનસુખભાઈ ઉદાણી તરફથી રૂા. ૬૦ હજારની દાનરાશિ પ્રાપ્ત થયેલ છે. આ બન્ને દાતાઓ તરફથી પુસ્તક પ્રકાશિત થતાં સંસ્થા તેમનો ખૂબ ખૂબ આભાર માને છે તેમજ અન્ય મુમુક્ષુઓ તરફથી પણ પુસ્તકના ધ્રુવફંડમાં દાનરાશિનો પ્રવાહ ચાલુ છે. તે સર્વેના અભારી છીએ.

✦ (૯) મુદ્રક :-

આ પ્રકાશનનું મુદ્રણકાર્ય સુંદર, ત્વરિત અને કાળજી પૂર્વક કરી આપવા બદલ તેમજ મુખપૃષ્ઠ પેજનું સુંદર ટાઈટલ કરી આપવા બદલ પ્રિન્ટીંગ પ્રેસના સંચાલક શ્રી ધર્મેશભાઈ શાહનો આભાર માનીએ છીએ.

✦ (૧૦) નમ્રનિવેદન :-

આ સંકલનમાં કોઈ પણ પ્રકારે જાણતાં કે અજાણતાં અમારાથી ક્ષતિ રહી જવા પામી હોય તો તે બદલ પૂ. ભાઈશ્રી પાસે ક્ષમા યાચીએ છીએ. તેમજ ''દ્રવ્યસ્વભાવ પર્યાયસ્વભાવ'' પુસ્તકનું સંકલન પૂ. ગુરુદેવશ્રીનાં ચરણોમાં તેમજ પૂ.ભાઈના ચરણોમાં અર્પણ કરતાં હર્ષ અનુભવીએ છીએ.

જગતના સર્વે જીવો 'દ્રવ્યસ્વભાવ પર્યાય સ્વભાવનું' યથાર્થ સ્વરૂપ સમજી, નયાતીત દશાને પ્રાપ્ત કરે તેવી ભાવના સાથે વિરામ.

શ્રી દિગમ્બર જૈન કુંદામૃત કહાન સ્વાધ્યાય હોલ.
''સ્વીટહોમ'' જાગનાથ શેરી નં-૬
જીમખાના રોડ, રાજકોટ.

**આનું નામ ધગશ !**

**આત્માર્થીને સમ્યક્દર્શન પહેલાં સ્વભાવ સમજવા માટે એટલો તીવ્ર રસ હોય છે કે..શ્રી ગુરુ પાસેથી સ્વભાવ સાંભળતા જ તે ગ્રહણ થઈને આત્મામાં ગરી જાય છે. આત્મામાં પરિણમી જાય... 'અહો ! મારો આવો સ્વભાવ ગુરુએ બતાવ્યો, એમ ગુરુનો ઉપદેશ ઠેઠ આત્મામાં સ્પર્શી જાય.**

**(આત્મધર્મ અંક ૧૫૫ મુખ પૃષ્ઠ)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# સંપાદકીય... કલમે

**"સમયસાર હી સમ્યક્દર્શન, સમયસાર હી સમ્યક્જ્ઞાન,
નયપક્ષોસે રહિત આતમા, સમયસાર હી હૈ ભગવાન."**

જેમ વિશ્વ દર્શનોમાં જૈન દર્શનનું સ્થાન અતિ મહત્ત્વપૂર્ણ છે તેમ જિનાગમની અનેક નિધિઓમાંની નિધિ 'દ્રવ્યસ્વભાવ પર્યાય સ્વભાવ' છે જે પૂ.કહાનલાલ પ્રવચન સમુદ્રનું શ્રેષ્ઠ રત્ન છે. તે જિનાગમની અનોખી અને અનુપમ કૃતિ છે.

જૈનદર્શનમાં મહાન સમ્યક્દર્શનની અને તેના વિષયની વિશદ ચર્ચા જોવા મળે છે તેમ 'દ્રવ્યસ્વભાવ પર્યાયસ્વભાવ' પુસ્તકમાં જીવમાત્રના સ્વભાવને દિગ્દર્શિત કરેલ છે. નયાતિક્રાંત થવા માટે બન્ને સ્વભાવનું સૂક્ષ્મ, સરલતમ અને રોચક વિશ્લેષણ છે.

શ્રી સમયસાર આદિ પરમાગમોને સમજવા માટે બે નયોનું જ્ઞાન આવશ્યક કહ્યું છે. "प्रमाणनयैरधिगमः" તે વસ્તુના સ્વરૂપને સમજવા તેમજ નિર્ણય માટે સાધન છે, પણ તે સાધ્ય નથી, કારણકે આત્માનુભૂતિના સમયે પ્રમાણ, નય, નિક્ષેપ તે કોઈનું અસ્તિત્વ જ હોતું નથી, કારણકે તે ભેદાત્મક તેમજ વિકલ્પાત્મક છે. વિકલ્પ મનમાં ઉઠે છે; અને સ્વાનુભૂતિમાં મન ઈન્દ્રિયોનો પ્રવેશ અશક્ય છે કેમ કે મન વિશ્રામ પામે છે. અને નિક્ષેપનો વિષય તો પર્યાયો હોવાથી; અનુભૂતિ તેનાથી પણ પાર છે; કારણકે સ્વાનુભવરૂપ ચરમ અવસ્થાનું લક્ષ માત્ર ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક જ હોય છે. આમ આત્માનુભવ નય-નિક્ષેપ-પ્રમાણ રૂપ વિકલ્પોનો વ્યવચ્છેદક છે.

દ્રવ્યસ્વભાવ અને પર્યાય સ્વભાવ અસ્ખલિત દીપ સ્તંભો છે. એક ત્રિકાળ શાશ્વત સ્વભાવ છે અને બીજો ક્ષણિક સ્વભાવ છે. આ બન્ને સ્વભાવની મૈત્રી થતાં જ મંગલ મુક્તિ દ્વારનું ઉદ્ઘાટન થાય છે. દ્રવ્યસ્વભાવના અહમ્‌ની અવિરામ પર્યાય સ્વભાવ ધારા પવિત્ર જ્ઞાયક દેવતાના મધુર મિલનના યશોગાન કરતી પ્રગતિમાન થાય છે. ઉત્કૃષ્ટ સાધનાના સહજ ક્રમમાં નયજ્ઞાનનો વ્યય થઈ જાય છે. અર્થાત્ ખરેખર ઉત્પન્ન જ થતું નથી. આનંદમયી આત્મતત્ત્વના સ્વસંવેદન અનુભવરૂપ આનંદધારા, નય, પ્રમાણ, નિક્ષેપોનો સંવર કરતી મુક્ત સ્વભાવની અનંતતામાં વિલીન થઈ જાય છે.

પૂ. ગુરુદેવશ્રીની જેમ પૂ.ભાઈશ્રીએ પણ પંચમકાળે સ્વાભાવિક સુધા સ્યંદીના મૂળ રસાસ્વાદ આપ્યા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવથી જ જાણનાર જણાય છે ત્યાં તો નયપ્રપંચ સંબંધી ક્ષેત્ર વિશુદ્ધિ થઈ જાય છે. ''હું કરનાર છું, અને હું પરનો જાણનારો છું.'' તેવી અનાદિથી ચાલી આવતી સંસારની કહાની ને ક્ષણમાત્રમાં નાશ કરવાનો અમોઘ મહામંત્ર આપ્યો છે તે આપના ઉદાત ચારિત્રનો ઉદ્દઘોષક છે. જેમ ગણિતમાં નવનો અંક અફર છે, તેમ આ ''દ્રવ્યસ્વભાવ પર્યાયસ્વભાવ'' કે જે નિરપેક્ષ સ્વભાવની અભિવ્યક્તિ કરે છે તે જૈનધર્મની નિષ્કંપ ભૂમિ ઉપર અફર રહેશે.

''द्रव्य स्वभावः पर्याय स्वभावश्च सारेषु सर्वसारः'' કહીએ તો પણ કાંઈ જ અતિશયોક્તિ નથી. વળી વીસમી સદીને 'સ્વભાવયુગ' કહીએ તો પણ યથાર્થ છે. તેને આત્માનુભવનું સ્ત્રોત કહીએ તો પણ અપ્રમાણિક નથી.

'દ્રવ્યસ્વભાવ પર્યાયસ્વભાવ' એ પુસ્તકની વિશેષતાઓ એ છે કે પૂ.ભાઈશ્રીની મૌલિક ચર્ચા તેમજ ચર્ચાની ચર્ચાનું આ સંકલન હોવાથી; પૂ.ભાઈશ્રીનું જીવન દર્શન લીધેલ છે. કારણકે ગૃહસ્થ ધર્માત્માની અંતરંગ તેમજ બહિરંગ દશાઓના વર્ણનમાંથી આપણને પુરૂષાર્થની પ્રેરણા મળે છે.

તદ્દઉપરાંત 'દ્રવ્યસ્વભાવ પર્યાયસ્વભાવમાં;' પારમાર્થિક સત્યનું ઉદ્દઘાટન કરી અનેક ભવ્યજીવોને અનુપમ અપૂર્વ અમૃત રસ પીવડાવ્યો છે, તેમજ અનાગત ભવ્યરાશિને સ્વભાવનો ઉદ્યોતરૂપ મણિદીપ સદૈવ દિશાબોધ કરતો રહેશે. આવા ઉત્કૃષ્ટ સ્વભાવના દાતા પૂ.ભાઈશ્રી પ્રત્યે ઉપકૃતતા દર્શાવ્યા વિના આ ગ્રંથ અપૂર્ણ લાગતો હોવાથી ઉપકૃતતાની અંજલિ અર્પણ કરી છે.

દિગમ્બર સમાજનો બહુધા વર્ગ જેટલો નયજ્ઞાનથી પરિચિત છે તેટલો જ સ્વભાવની વિષય વસ્તુથી અપરિચિત છે; તેથી જે જીવોને સ્વભાવનો પરિચય નથી, સ્વભાવની વાત કદી સાંભળી નથી, વિચારી નથી, તેવા જીવોને સ્વભાવની વાત કદાચ કઠિન લાગે; તો તેના માટે જૈનદર્શનનો પ્રવેશદ્વાર લઈ...નયોને સ્થાપી... અને અનુભવ માટે નયોને ઉથાપી અને સાંગોપાંગ આગમ અધ્યાત્મનો સમન્વય કરેલ છે. આમ વિકલ્પાત્મક નય, પ્રમાણ જિનાગમના રહસ્યને સમજવા માટે જિનાગમનો પાયો છે. અને દ્રવ્યસ્વભાવ પર્યાયસ્વભાવ તે સ્વભાવનું વિશેષમાં સ્વાભાવિક પરિણમન કેમ થાય, તેના માટે જિનાગમનો કલશ છે.

તેથી જેમ સ્વચ્છ દર્પણમાં મનુષ્ય પોતાનું મુખ નિહાળે છે તેમ દ્રવ્યસ્વભાવ-પર્યાય સ્વભાવ એવા જ્ઞાન દર્પણમાં ભવ્યજીવો નિજ મુક્તિનું મુખ દેખે છે. આવા કળિકાળમાં દ્રવ્યસ્વભાવ પર્યાયસ્વભાવનું નિર્દોષ પ્રતિપાદન કરી સર્વજ્ઞ પ્રણીત કુંદઅમૃત-કહાન પરંપરામાં સ્વભાવને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



યુગો-યુગો સુધી સુરક્ષિત કરી અને જયવંત કરનાર કહાન-લાલ સદા જયવંત વર્તો.

આ કાર્ય કરવામાં પૂ.ભાઈશ્રી પ્રત્યેની ગુરુ ભક્તિ મને પ્રેરક અને માર્ગદ્રષ્ટા બની છે. મારી અલ્પ પ્રજ્ઞાના બોધે પ્રકાશિત સામગ્રીને સમ્પાદિત કરેલ છે. આ સમગ્ર વિષય વસ્તુમાં મને સહયોગ, તેમજ માર્ગદર્શન જેમના દ્વારા મળ્યા છે તેમની હું કૃતજ્ઞ છું. સર્વે સત્પુરુષોના ચરણારવિંદની અભિલાષી...!!

બ્ર. શોભનાબેન જે. શાહ (રાજકોટ.)

*આત્માર્થીને સ્વભાવની જિજ્ઞાસા અને ઝંખના એવી ઉગ્ર હોય કે 'સ્વભાવ' સાંભળતાં તો હૃદયમાં સોંસરવટ ઉતરી જાય. અરે ! સ્વભાવ કહીને જ્ઞાની શું બતાવવા માગે છે ! એનું જ મારે ગ્રહણ કરવું છે. આમ રૂંવાટે રૂંવાટે સ્વભાવ પ્રત્યેન, ઉત્સાહ જાગે ને વીર્યનો વેગ સ્વભાવ તરફ વળી જાય. સ્વભાવ પ્રાપ્ત કર્યે જ છૂટકો...ત્યાં સુધી તેને ચેન ન પડે.*

*(આત્મધર્મ અંક ૧૫૫ મુખ પૃષ્ઠ.)*

*સ્વભાવની વાત તે વર્તમાન વિકલ્પના રાગ કરતા જુદી પાડી દે છે. સ્વભાવની રુચિ પૂર્વક સ્વભાવની વાત જે જીવ સાંભળે છે તે રાગથી તે વખતે જુદો પડીને સાંભળે છે.*

*(પૂ.ગુરુદેવશ્રી વસ્તુ વિજ્ઞાનસારનાં પ્રવચનમાંથી)*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com



ભગવાન શ્રીકુંદકુંદાચાર્યદેવ વનમાં તાડપત્ર ઉપર શાસ્ત્ર લખે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# શ્રી સમયસારજી-સ્તુતિ

## (હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તે સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

## (અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

## (શિખરિણી)

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

## (શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

## (વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે

## (અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

## (હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

## (અનુષ્ટુપ)

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

## (શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે;
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

## (શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેન્દ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.


## (વસંત તિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

## (સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું-મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

''ગુરુદેવ તારણહારથી.... આત્માર્થી ભવસાગર તર્યાં,
સમયસાર આગમ મધુરા.. ગાથાએ ચિદ્રસ ઝર્યાં.''



અધ્યાત્મ યુગપુરુષ , અધ્યાત્મ મોક્ષમાર્ગ પ્રકાશક,
અધ્યાત્મમૂર્તિ પરમોપકારી પૂ. સદ્ગુરુદેવશ્રી કાનજી સ્વામી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ૐ

# જિનજીની વાણી

(રાગ-આશાભર્યા અમે આવિયા)

સીમંધર મુખથી ફુલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.
વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે....સીમંધર૦
ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.
ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે....સીમંધર૦
સ્યાદ્‌વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐકારનાદ રે.
જિનજીની વાણી ભલી રે....
વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે....સીમંધર૦
હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.
જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે....સીમંધર૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com


‘‘કહાનલાલ ચંદ્રવદનથી, મધુરા અહો સિધ્ધાંત ખર્યા,
શ્રવણો મળ્યા સ્વભાવથી, સદ્‌ભાગ્યે અમૃત ઝર્યા.’’
હું જાણનાર છું, હું કરનાર નથી
ૐ
જાણનારો જણાય છે, ખરેખર પર જણાતું નથી
ૐ
કહાનગુરુનાં ધર્મસપૂત, નયજ્ઞાન તિમિરંનો નાશ કરાવનાર,
સ્વભાવગ્રાહી જ્ઞાનનું અંજન આપનાર,
સ્વભાવ વિલાસી પૂ. ભાઈશ્રી લાલચંદભાઈ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પૂ. "ભાઈશ્રી" લાલચંદભાઈનું "જીવન ઝરમર"

## (૧) મંગલાચરણ

**અભેદ અનુભવનારા; શાશ્વત સુખ પીનારા**
**અનંતગુણ ભંડારા, અમાપ કરુણા કરનારા,**
**જ્ઞાનજળ સિંચનારા; રત્નત્રય સાધનારા,**
**સિદ્ધપદ દેનારા; સિદ્ધાલયમાં રહેનારા.**

### ધન્ય સૌરાષ્ટ્રની ધરાને

ખરેખર તો કાઠિયાવાડની માટીની કોઈ એવી જ વિશેષતા છે કે આ ધરતીમાતા એક પછી એક અનેક ધર્માત્મા-મહાત્મા પુરુષોની ભેટ આપતી મહેકી રહી છે. આ સૌરાષ્ટ્રની ભૂમિ ભગવાન નેમીનાથ-તીર્થંકરની ભૂમિની સાથે જ પવિત્ર પુણ્યભૂમિના રૂપમાં પ્રસિદ્ધ પામી. અને ત્યાર બાદ તે અવનિ ઉપર આચાર્ય ધરસેન, ભૂતબલિ અને આચાર્ય પુષ્પદંત દ્વારા મહાન કાર્ય શ્રી ગિરનારજી ઉપર થયું.

કાઠિયાવાડની ધરા આજથી લગભગ ૧૦૯ વર્ષ પૂર્વે મહાપુરુષોની ગૌરવમયી ગરિમાની ગાથા ગાતી ફરીને ધન્ય બની. છેલ્લા એક સૈકામાં તે અનેક મહા મનીષી પુરુષોની જન્મદાત્રી રહી. જેવા કે શ્રીમદ્ રાજચંદ્રજી, લૌકિક સ્વતંત્રતાના સૂત્રધાર મહાત્મા ગાંધીજી, પરમાર્થ લોકની ક્ષિતિજો બતાવનાર અધ્યાત્મયુગપુરુષ કાનજીસ્વામી, અને તેમના મંગલમય સાનિધ્યમાં સ્વાનુભૂતિમયી ધર્મરત્નમાતાઓ પૂ. બહેનશ્રી ચંપાબેન અને પૂ.બેન શાંતાબેન થયાં. આમ સૌરાષ્ટ્રની પુનિત વસુન્ધરા અનેક ધર્માત્માઓની જન્મભૂમિ અને કર્મભૂમિના રૂપમાં પ્રસિદ્ધિ પામી.

## (૨) સમયસાર આદિ પરમાગમોની પ્રાણ પ્રતિષ્ઠા

પૂ. ગુરુદેવશ્રીના આવાગમન પહેલાં ભરતક્ષેત્રની વસુધા ઉપર સમયસાર આદિ પરમાગમો તો હતા, પણ તેમાં પ્રાણ સીંચનાર કોઈ ન હતા. તેમાંથી સાર બતાવનાર કોઈ ન હતું. પ્રવચનો થતા હતાં પણ તેમાં અધ્યાત્મ ન હતું. ચિંતન હતું પણ તેમાં જ્ઞાન ચેતના ન હતી. ધ્યાન તો હતું પણ તેમાં નિરપેક્ષ ધ્યેય તત્ત્વ ન હતું. આમ આ યુગ ભાગ્યહીન અને દરિદ્રપૂર્ણ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હતો. જૈનધર્મ અંધ વિશ્વાસ, વેશ અને વાડાના, પાખંડ અને કર્મકાંડ-આડમ્બરોના કારાવાસમાં શ્વાસ લેતો હતો. ધર્મના નામે શુભભાવ મિથ્યાત્વની નસેનસમાં વહેતો હતો. આત્મધર્મ ક્રિયાકાંડની કાળી કોટડીમાં નિહિત હતો. જ્ઞાનચેતના લુપ્તવત્ થઈ ગઈ હતી; તેવા પંચમકાળે ભવ્યોનાં ભાગ્યોદયે, મિથ્યાત્વના પ્રલયકાળે, દૈવયોગે સીમંધરદૂત આધ્યાત્મિક પુરુષ પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામી આપણી તીર્થંકરોની ભૂમિ ઉપર પધાર્યા.

### (૩) અજ્ઞાન અસ્ત અને સમ્યક્જ્ઞાનનો અરુણોદય

ઘટાટોપ અજ્ઞાન અંધકારથી છવાયેલી આ ભૂમિ ઉપર અધ્યાત્મજ્ઞાનથી ઝગમગતા જ્ઞાનભાનુનો ઉદય થયો. અને ફરીથી કુંદામૃતની પવિત્ર મંદાકિની સારાએ વિશ્વમાં અસ્ખલિતપણે પ્રવાહિત થઈ. કર્મકાંડ અને આડમ્બરોની નાગચૂડના બંધનમાં બંધાયેલા અનેકા અનેક ભવ્ય જીવો મુક્ત થયા. મિથ્યા માન્યતાઓનો નિષેધ કરાવી તેમાંથી ધર્મબુદ્ધિ છોડાવી, જ્ઞાનચેતના દ્વારા પુનઃ અધ્યાત્મનું વાવાઝોડું ફેલાવ્યું, અને સમયસાર આદિમાં રહેલા ચૈતન્ય દેવતાની આત્મીય અનુભૂતિમયી જૈનશાસનની ભાવશ્રુતગંગા અવિરત પ્રવાહિત થઈ. અને તે સાથે જ તત્ત્વજ્ઞાનના વેલાઓ નવ પલ્લવિત થયા.

### (૪) મુક્તિદૂત કહાનગુરુએ જ્ઞાયકભાવનો ડંકો વગાડ્યો

સ્વતંત્રતાના ઉદ્‌ઘોષક કહાન ગુરુદેવે માત્ર મુક્તિમાર્ગ જ ન બતાવ્યો; પરંતુ પોતે રત્નત્રય મોક્ષમાર્ગ પર આરૂઢ થઈને, અને આસન્નભવ્ય જીવોને સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રથી અલંકૃત કર્યા, અને લાખો ભવ્ય જીવોને વીતરાગી માર્ગમાં દીક્ષિત કર્યા. છેલ્લી ઘણી સદીઓથી જે કાર્ય નહોતું થયું તે શુદ્ધાત્મલક્ષી પ્રચંડ માર્ગનું મધુર મહિમાગાન થયું. જે અવર્ણ્ય પ્રચાર-પ્રસાર-પ્રકાશન-પ્રવિતરણનું બહુમૂલ્ય કાર્ય વિશ્વવંદનીય પરમ પૂજ્ય ગુરુદેવશ્રીથી થયું, તે ગુણગાથાઓને શબ્દોની પરિધિમાં બાંધી ન શકાય.

### (૫) કહાનયુગ જૈનશાસનના મુગુટનું મહેર પૂ.શ્રીલાલચંદભાઈ

સીમંધરસ્વામીની દિવ્ય દેશના દ્વારા બોધિ પ્રાપ્ત કેવળી, શ્રુતકેવળી અને સંતોના સમાગમથી...સીમંધર જિનસૂત્રોનાં ગહન રહસ્યોને અંતરમાં ભરી, પરમ મંગલમય સંદેશો લાવનાર કુંદ-અમૃત-કહાનયુગ નભોમંડળના તેજસ્વી સિતારા, શાસન સ્થંભ, પંડિત શિરોમણિ શુદ્ધાત્મરસાસ્વાદી, જેમણે જૈન જગતમાં અધ્યાત્મનું ગૌરવવંતુ સ્થાન સ્હેજે પ્રાપ્ત કર્યું છે તેવા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂ.કહાન ગુરુદેવના અનન્ય ભક્તરત્નોમાંના કોહીનૂર એવા પૂજ્ય 'ભાઈશ્રી' લાલચંદભાઈ અમરચંદભાઈ મોદીની જીવન ઝરમરની અનેરી ઝળહળતી ઝલક.

### (૬) જીવન દર્શનરૂપ સંક્ષિપ્ત જીવન યાત્રા

ગગનના ગોખમાંથી અને ધરતીના તળમાંથી દિવ્ય સુગંધ પ્રસરાવતી વિધિની ધન્યપળે (વિ.સં.૧૯૬૭ જેઠ સુદ નોમ રવિવાર તા.૧૬-૬-૧૯૧૦ ના રોજ) બાળક લાલનો જન્મ થતાં, ધરતી શોભાયમાન બની. બાળ લાલના પવિત્ર પગલાંથી સૌરાષ્ટ્રનું (માણાવદર તાલુકાનું) લીંબુડા ગામ ધન્ય બન્યું. આમ તો સહસ્ર માતાઓ પુત્રોને જન્મ આપે છે પણ ધન્ય છે માતા ફૂલબાની ગોદને કે જેમણે આવા સિંહનર-રત્નને જન્મ આપ્યો . બાળક 'લાલ' પિતાશ્રી અમરચંદભાઈના પાટવી પુત્ર હતા. તેઓ કુલ ચાર ભાઈઓ અને એક બહેન હતાં, તેઓશ્રીનો કુળ પરંપરા ધર્મ સ્થાનકવાસી જૈન સંપ્રદાય હતો.

### (૭) મહાપુરુષોના મુખમંડલના પ્રતિબિંબની પારદર્શક્તા

અમરના 'લાલ'ની બાળ ચેષ્ટાઓ બીજાં બાળકોથી વિલક્ષણ હતી. મન મોહક રૂપ અને દૈવી તેજ મનસોહામણા હતાં, જેમ ચંદ્રની ચાંદની ખીલે તેમ 'લાલ'ની બાળ કળાઓ ખીલતી. જન્મથી જ તેમનામાં અસાધારણ પ્રતિભાનાં દર્શન થતાં હતાં. લગભગ ૧૩-૧૪ વર્ષની નાની વયમાં તેમણે માતુશ્રીનું વાત્સલ્ય ગુમાવ્યું.

### (૮) બાળપણથી ગુણાનુરાગી અને ધર્માનુરાગી શોધક હતા

નાનપણથી સ્થાનકવાસી સંપ્રદાયના પુસ્તકો વાંચતા, તેમજ પોષા અને નકોરડા ઉપવાસ કરતા, શોધકવૃતિ હોવાથી માત્ર નવ વર્ષની ઉંમરે બાળક 'લાલ'ને પ્રશ્ન થયો કે ''જિનેન્દ્ર ભગવાનની પૂજા શા માટે ?'' બીજા કોઈની કેમ નહીં ? તેનો ઉત્તર તેમને અલ્પ સમયમાં સ્વયંથી જ મલી ગયો, પૂર્વના સંસ્કાર હોવાના કારણે અંદરથી ઉત્તર આવ્યો કે: ''ભગવાનની પૂજા એ તો ગુણની પૂજા છે, કોઈ વ્યક્તિની પૂજા નથી.''

### (૯) લૌકિક શિક્ષણ અને નોકરી

લૌકિક શિક્ષણ ધોરાજીમાં પ્રાપ્ત કર્યું, બાદમાં અંગ્રેજી પણ શીખેલ હતા. શ્રી અમરચંદભાઈના જયેષ્ઠ પુત્ર હોવાથી કૌટુંબિક જવાબદારી આવી જતાં માત્ર ૧૭ કે ૧૮ વર્ષની નાની ઉંમરે નોકરીમાં રહી ગયા. તેઓ નાનપણથી જ પરિશ્રમી, સત્યનિષ્ઠ, મૃદુભાષી,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોમળહૃદયી અને વિનયવાન હતા. તેમનું દાયિત્વ કુટુંબીજનો પ્રત્યે વિશેષ હોવાથી અને તેમની પ્રકૃતિ પ્રથમથી જ લેટ ગો કરવાની હોવાથી; કુટુંબ અને સમાજમાં પ્રેમપાત્ર બન્યા. સૌમ્ય વ્યક્તિત્ત્વના ધારી, મંદ કષાયી, સરળ હૃદયી, કરુણાશીલ હોવાથી બીજાનાં દુઃખમાં સહભાગી થવા હર સમયે તત્પર રહેતા.

### (૧૦) પરિણય અને ગૃહસ્થીપણું

ધંધા...વ્યાપાર અને નોકરીને કારણે સમગ્ર કુટુંબ લીંબુડાથી વેરાવળ આવી ગયું. ઈ.સ.૧૯૨૮-૨૯ ની સાલમાં ૧૮ થી ૧૯ વર્ષની ઉંમરે શાંતાબેન નામની કન્યા સાથે પરિણય થયો. તેઓ (શાંતાબેન) બે પુત્રો અને એક નાની બે વર્ષની પુત્રીને છોડી સ્વર્ગે સંચર્યા. ત્યારબાદ કૌટુંબિક વિશેષ જવાબદારી આવી જતાં નવલબેન સાથે ગૃહસ્થવાસ થયો. અને ત્રણ પુત્ર અને ત્રણ પુત્રી એ રીતે સાંસારિક બોજા સાથે લૌકિક ધર્મનું પાલન કર્યે જતા હતા. તેમની વ્યવહાર કુશળતા અદ્‌ભુત હતી, તેમનાં (લૌકિક) વાણી વર્તન સરળ હોવાથી કદી કોઈને તેમના તરફથી દુઃખ થતું નહોતું. ગૃહસ્થપણામાં પણ તેમનું જીવન આદર્શ રૂપ અને અનુકરણીય હતું.

### (૧૧) નાનપણથી સત્યની ખોજ રહેતી

સ્થાનકવાસી સંપ્રદાયમાંથી એટલું જાણવા મળ્યું હતું કે નવતત્ત્વનું શ્રદ્ધાન તે સમ્યક્‌દર્શન છે, તેથી નવ તત્ત્વનું સ્વરૂપ સમજવાની-જાણવાની પહેલેથી જ ઉત્કંઠા રહેતી અને તે બાબતે ઉપાશ્રયના સાધુ મહારાજને પૂછતા; તે વખતે તેઓશ્રી તત્ત્વથી તદ્દન અજાણતા હતા. તેથી આ બાબતે પ્રાણલાલજી મહારાજને પૂછતા, તેમણે કહ્યું કે ''લાલ !'' તારે જે જોઈએ છીએ તે સળંગ ક્યાંય કોઈ આગમમાં નથી, છૂટક છૂટક છે;'' બસ ત્યારથી અંદરથી તે આગમો પ્રત્યે મન ઊઠી ગયું, ચોકડો લાગી ગયો. પછી જ્યારે પૂ.ગુરુદેવશ્રીનો પરિચય થયો, શ્રી સમયસારજી શાસ્ત્ર હાથમાં આવ્યું તેમાં ૧૩ નંબરની ગાથા વાંચી તો ત્યાંથી જાણવા મળ્યું કે ભૂતાર્થનયથી નવતત્ત્વને જાણતાં નિયમથી સમ્યક્ દર્શન થાય છે. આ વાક્ય પર અંદરથી બહુ જ મંથન ચાલતું, પછી સ્વયંથી જ 'ભૂતાર્થનયનો' ખુલાસો આવ્યો. માત્ર ૨૧ વર્ષની ઉંમરે શ્રીમદ્ રાજચંદ્રજીનું પુસ્તક હાથમાં આવ્યું અને તે વાંચતાં તેમને એમ લાગ્યું કે આ પુરુષને કંઈક જુદું જ કહેવું છે. પણ ત્યારે તેમના ખ્યાલમાં આવ્યું નહીં, આમ શ્રીમદ્‌જી તેમના પરોક્ષ ઉપકારી છે.

### (૧૨) વિધિની ધન્યપળે જેતપુર આવવાનું થયું

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન સંવત ૧૯૯૬ માં જેતપુર થયા. પૂ.ભાઈશ્રી કોઈક



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કામસર જેતપુર ગયેલા, તેઓશ્રી જ્યાં જતા ત્યાં તેમને સાધુ-સાધ્વીના દર્શન કરવાની ભાવના રહેતી; અને તે બાબતે પૃચ્છા કરતાં જાણવા મળ્યું કે સોનગઢના કાનજી મહારાજ અહીં આવ્યા છે, ત્યારે તેમને મનમાં એમ થયું કે 'આપણું કામ થઈ' ગયું ! પછી પૂ.ભાઈશ્રી પૂ.ગુરુદેવશ્રીનાં દર્શન કરવા તેમના ઉતારે ગયા... બપોરનો ટાઈમ હતો, પૂ.ગુરુદેવશ્રી એકલા બેઠા હતા, પૂ.ભાઈશ્રીએ સ્થાનકવાસીની રીત મુજબ ઉઠ-બેસ પૂર્વક વંદના કરી. પછી પૂ.ગુરુદેવશ્રીએ પૂછ્યું, ભાઈ ! ક્યાંથી આવો છો ? વેરાવળથી આવું છું. સારું. પછી થોડીકવાર પૂ.ગુરુદેવે ભાઈશ્રી સામે જોયું. પછી એમની મેળે મેળે બોલવા લાગ્યા કે આ વાત ઊંચા પ્રકારની છે. કોઈ અંદરની વાતો છે, તમો જ્યારે સોનગઢ આવશો ને ત્યારે અંતરની વાત કરીશ. આ રીતે ગુરુ-શિષ્યનું પ્રથમ મિલન થયું. પ્રથમ મુલાકાતમાં જ પૂ.ગુરુદેવશ્રીના જ્ઞાનમાં પૂર્વભવનું જાણે જ્ઞાન ન થયું હોય ! તેમ આપણને લાગ્યા વિના રહેતું નથી.

### (૧૩) વેરાવળથી કાયમ માટે રાજકોટ આવવાનું થયું

પૂ.ભાઈશ્રીને વેરાવળનાં હવા-પાણી શારીરિક પ્રકૃતિને માફક નહીં આવતાં, તેઓને અસ્થમાની તકલીફ થઈ. અને તેના ઉપચાર માટે અવાર-નવાર રાજકોટ આવવાનું બનતું. વિદ્વાન-આત્માર્થી ડૉ.ચંદુભાઈ સાથે પરિચય થયેલો. પૂ.ગુરુદેવશ્રી રાજકોટ પધાર્યા ત્યારે સંવત ૧૯૯૯માં ભવાન્તકારી મંગલ પ્રવચનપ્રસાદીનું પાન કર્યું. પૂ. ગુરુદેવશ્રીની દેશનામાં આવ્યું ''શુભભાવ તે તો કષાયની મંદતા છે. દુઃખનું કારણ છે.'' એ વાત સાંભળી ગંભીર વ્યક્તિત્ત્વ ધારી પૂ.ભાઈશ્રીને ચોટ લાગી. અરે ! આ શું કહે છે ? જેને આપણે ધર્મનું કારણ માનીએ છીએ તેને તો ગુરુદેવ કષાયની મંદતા કહે છે !! આ મંગલ દિવસથી અંદરથી સાંપ્રદાયિક્તાનો અંચળો દૂર થવા લાગ્યો. ઋજુ હૃદયમાં ''શુભભાવ એ કષાયની મંદતા છે'' એ પડઘા પડવા લાગ્યા. અંદરથી તાલાવેલી થવા લાગી, જિજ્ઞાસા વૃદ્ધિગત થઈ અને સતત ઝંખના થતી કે ''મારે જૈન ધર્મનો અભ્યાસ કરવો છે.''

### (૧૪) ૪૦(ચાલિશ) વર્ષે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ શરૂ કર્યો

અનેક સિતારા મધ્યે ચાંદ તો વ્યતિરેક જ દેખાય છે. તેમ આપશ્રીની તત્ત્વજ્ઞાનની તૃષા રગેરગમાંથી ઊઠતી અને લૌકિક માન છોડી નિર્માનીપણે અડગ નિશ્ચયપૂર્વક દિગમ્બર ધર્મનું પાયાનું પ્રાથમિક શિક્ષણ જેવું કે દ્રવ્ય-ગુણ-પર્યાય, નિશ્ચય-વ્યવહાર, અકર્તા-કર્તા, નિમિત્ત-ઉપાદાન, અનેકાંત, સ્યાદ્વાદ, નય-નિક્ષેપ-પ્રમાણ વગેરે જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને સમજ્યા.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે વિદ્વાન પંડિત પાસે સિદ્ધાંત પ્રવેશિકા શીખવાની હતી તેમણે કહ્યું કે મને વહેલી સવારે ચાર વાગ્યા પછીનો સમય અનુકૂળ છે, અને સવારના છ વાગ્યા પછી હું મારી પ્રવૃત્તિમાં વ્યસ્ત છું; માટે તમારે તત્ત્વજ્ઞાન શીખવું હોય તો વહેલી સવારના આવો. જિજ્ઞાસાવૃત્તિના ધારક પૂ.ભાઈશ્રીએ પોષ મહિનાની કડકડતી ઠંડીમાં જવાનું શરૂ કર્યું. ઘરમાં કોઈને કહ્યું નહીં, નહિતર જવા ન દે, ત્યારે ક્યારેક તાવ પણ આવી જતો અને શરદીની તો પ્રકૃતિ પ્રથમથી જ હતી, આમ પ્રાથમિક પાઠશાળાનું શિક્ષણ પ્રાપ્ત કર્યું. સાથે આત્માર્થી વિદ્વાન ડૉ.ચંદુભાઈ તેમજ તેમની ઉંમરના ઘણા મુમુક્ષુઓએ સાથે અભ્યાસ શરૂ કર્યો. પૂ.ભાઈશ્રીએ શરણલાલ પંડિતજીને પૂછ્યું ! હું શાસ્ત્ર સ્વયં સીધું ક્યારે વાંચી શકીશ ? પંડિતજીએ કહ્યું કે છ મહિના પછી સીધો શાસ્ત્રનો અભ્યાસ કરી શકશો.

### (૧૫) નિમિત્તની મુખ્યતાવાળા પંડિતના ચક્કરમાં અને પૂ.ગુરુદેવની અપાર કરુણા

જેમ સૂર્યોદય થતાં સૂરજનાં કિરણો પોતાની લાલિમા ચોમેર પ્રસરાવી અંધકારને દૂર કરે છે તેમ પૂ.ગુરુદેવશ્રીએ સમસ્ત મુમુક્ષુ જનોનાં હૃદય કમળમાં અજ્ઞાન અંધકાર દૂર કરી જ્ઞાન પ્રકાશ વડે જાગૃત કર્યાં છે. ચિર અજ્ઞાનના સંસ્કારના કારણે, પૂ.ભાઈશ્રીનું ગ્રુપ એક નિમિત્તની પ્રધાનતાવાળા તર્કબાજ પંડિતનાં બાણથી વિંધાઈ ગયું. પૂ.ગુરુદેવશ્રીને ખ્યાલ આવ્યો કે આ બાળકો નિમિત્ત-પ્રધાની પંડિતના ચક્કરાવાના વમળમાં ફસાઈ ગયા છે. પછી દર રવિવારે બે-ત્રણ ગાડી દ્વારા બધા સોનગઢ જાય. એટલે પ્રવચનનો વિષય બીજો હોય અને પૂ.ગુરુદેવ સમયસાર અગિયારમી ગાથાનો ભાવાર્થ કાઢીને વાંચે, જુઓ. ''જીવોને ભેદરૂપ વ્યવહારનો પક્ષ અનાદિથી છે'' તેનાં ઉપર વિસ્તૃત છણાવટ કરે, આમ પ્રથમ વખત બન્યું ત્યારે તો ખ્યાલ ન આવ્યો. પછી બીજી વખત સોનગઢ ગયા તો અગિયારમી ગાથાનો ભાવાર્થ વાંચે...ત્યારે પૂ.ભાઈશ્રીને લાગ્યું કે વિષયથી વિષયાન્તર થઈને પૂ.ગુરુદેવ આપણને કહેતા લાગે છે, પછી ત્રીજી વખત સોનગઢ ગયા તો અગિયાર ગાથાનો ભાવાર્થ કાઢ્યો; ત્યારે પૂ.ભાઈશ્રીને ખ્યાલ આવ્યો કે અરે ! આ ટકોર તો અમારા માટે છે. મારા ઉપર અપાર નિષ્કારણ કરુણા વરસાવે છે. અને તેમનાં હૃદયમાં આ વાત પ્રકીર્ણિત થઈ ગઈ, આમ પૂ.ગુરુદેવશ્રીના સમાગમથી યથાર્થ પુરુષાર્થ શરૂ થયો.

### (૧૬) ગુરુની ઓળખમાં પરીક્ષા પ્રધાનીપણું

જૈન સિદ્ધાંતોનું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તેમની સામે બે વ્યક્તિ હતી. એક આપણા તારણહાર પૂ.ગુરુદેવ અને બીજા દિગમ્બર ધર્મના સાધુ કે જેમને સમયસારની સંસ્કૃત ટીકા (મોઢે)



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મૌખિક હતી. પરીક્ષાનો કાળ હતો. અંદરમાં દ્વન્દ્વ ચાલતું હતું. ગુરુપદે કોને સ્વીકારવા !! જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ; જેવું બિંબ તેવું પ્રતિબિંબ; એ ન્યાયે તેઓશ્રી નિષ્પક્ષ અને સ્વસ્થતા પૂર્વક વિચાર કરવા માટે જિનવાણીના સાથમાં અને ગિરનારજીની ગોદમાં પહોંચી ગયા, પારાવાર મંથન ચાલ્યું ! કે બન્નેમાંથી ગુરુ તરીકે કોને સ્વીકારવા ? ત્યાં આઠ દિવસ રહ્યા. સમયસારજીનું ઊંડાણથી અધ્યયન કર્યું. અંદરથી નિઃશંક પ્રતીતિ થઈ કેઃ ''કાનજી સ્વામી જે કહે છે તે પરમ સત્ય છે.'' આમ ઓજસકારી અભિવ્યક્તિ થતાં નિઃશલ્ય થયા. અને દિગમ્બર સાધુનો મોહ વિસર્જિત કરી, કહાનગુરુનાં પાદ પ્રક્ષાલનથી ધવલિત બન્યા.

**(૧૭) ટૂંક સમયમાં ટોચના વિદ્વાન થયા :-**

જેમ ચંદ્ર છૂપે નહીં, સૂરજ છૂપે નહીં; તેમ સંસારનાં ભવ બંધનોને કટકટ કાપવા રણે ચડ્યો શૂરવીર છૂપે નહીં. યુવાનીમાં જ ધર્મનો રંગ રોમ રોમમાંથી પ્રસ્ફુટિત થતો હતો. સંસારના દુઃખોથી ભયભીત, તીક્ષ્ણ પ્રજ્ઞાવંત, મોક્ષાભિલાષી, ગુણ પ્રમોદી, કષાયની ઉપશાંતતા, પ્રાણીદયા વગેરે અનેક સદ્‌ગુણો જોવા મળતા. પૂ.ગુરુદેવશ્રીને ધારાવાહિક અણીશુદ્ધ સંવત ૨૦૧૦ ની સાલમાં અપનાવ્યા. પૂ.ગુરુદેવશ્રીના પરિચય પછી અલ્પ સમયમાં ૨૦૧૩માં પૂ.ગુરુદેવશ્રીએ આજ્ઞા કરી કે ''લાલભાઈ તમારે વાંચવાનું છે'' પૂ.ભાઈશ્રીએ સવિનય જણાવ્યું કે ''સાહેબ ! મને આપનો પરિચય થયે માત્ર થોડો જ સમય થયો છે, અને મારે આપના સાનિધ્યની જરૂર છે.'' ત્યારે લોખંડી પુરુષ રામજી બાપુજીએ કહ્યું, ''કાળ ગૌણ છે'' પછી ગુરુદેવશ્રીએ આજ્ઞા કરી કે ''તમે જાહેર વાંચન કરો, તમને અંદરમાંથી નવા નવા ન્યાય આવશે.'' આમ ગુરુદેવશ્રીની ભાવના અને સકળસંઘની લાગણી હોવાથી રાજકોટ જિનમંદિરમાં જિનવાંચન શરૂ કર્યું. ત્યારે પૂ.ભાઈશ્રીની ઉંમર લગભગ ૪૪ વર્ષની હતી. વર્ષો સુધી રાજકોટ જિન મંદિરમાં પ્રવચન કર્યા. આમ રાજકોટ સંઘ ઉપર તેઓશ્રીનો અપાર ઉપકાર છે. હવે 'ધર્મ યોગક્ષેમં'નું કાર્ય તો તેમનું જીવન જ બની ગયું. શુદ્ધાત્માનાં સ્વરૂપને આગમથી, પૂર્વાચાર્યોને અગ્ર રાખી અને પૂ.ગુરુદેવશ્રીની સાખથી અધ્યાત્મરસિકતાનો પ્રવાહ શરૂ થયો. અનેકાન્તમયી અમૃત સરિતાનું પાન કરવા માટે, નિજ વૈભવની પ્રાપ્તિ માટે નિજમાં ખોવાઈ જઈ અને સ્વભાવને સમર્પિત થઈ ગયા.

**(૧૮) શ્રી ગિરનારજીમાં પથ્થરચટ્ટી ઉપર એકાંતમાં આત્મમંથન**

રાજકોટથી નિકટ તીર્થક્ષેત્ર શ્રી ગિરનારજી ઉપર તેઓશ્રી અવાર નવાર જતા. એક વખત સમયસારના આખા કર્તા-કર્મ અધિકારનો સ્વાધ્યાય સ્વતંત્રપણે કર્યો. ત્યારે આખા કર્તા-



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્મ અધિકારની વિષય વસ્તુ સમજાઈ ગઈ, પરંતુ એક ૯૫ નંબરના કળશનું યથાર્થ સ્વરૂપ ન સમજાયું, અને તેનો ઉત્તર સ્વયંથી જ છ મહિના પછી મળી ગયો. આમ પ્રથમથી જ સ્વતંત્ર વિચારક હતા; તેમજ સ્વરૂપના શોધક હતા, તેઓશ્રીનું શરૂઆતથી અંત સુધીનું જીવન પ્રયોગાત્મક હતું, તત્ત્વ નિર્ણય, પ્રયોગ અને આત્મઅનુભવ ઉપર જ વજન હતું.

### (૧૯) જામનગરના જૂના દિગમ્બર વીરજીભાઈ વારિયા સાથે ઘનિષ્ઠ પરિચય

શ્રી વીરજીભાઈ વારિયા સૌરાષ્ટ્રમાં સૌથી જૂના દિગમ્બર મુમુક્ષુ હતા, તેઓશ્રી આત્મજ્ઞાની હતા. તેઓ રાજકોટ આવતા અને સૂક્ષ્મ તત્ત્વચર્ચા કરતા ત્યારે તેઓશ્રીનો એક પ્રશ્ન પૂ.ભાઈશ્રી પોતાના પ્રવચનોમાં ઘણી વખત દોહરાવતા. વીરજીભાઈએ પૂછ્યું ''લાલચંદભાઈ ! શું જણાય છે ?'' પૂ.ભાઈશ્રીએ ઉત્તર આપ્યો કેઃ થાંભલો જણાય છે. ત્યારે વીરજીભાઈએ કહ્યું કે થાંભલો નથી જણાતો ''જ્ઞાન જણાય છે.'' ત્યારે પૂ.ભાઈશ્રીએ કહ્યું અત્યારે તો મને થાંભલો જણાય છે. પણ જ્યારે મને જ્ઞાન જણાશે ત્યારે હું કહીશ કે ''જ્ઞાન જણાય છે.''

### (૨૦) તેઓશ્રીએ શરૂઆતમાં દિગમ્બર સાધુ તેમજ વિદ્વાનોને પૂછેલા પ્રશ્નો :-

''પુત્રના લક્ષણ પારણામાંથી'' તેમ પૂ.ભાઈશ્રીની પ્રતિભા ઝળક્યા વિના ન રહેતી. તેમણે ૨૦૦૮ ની સાલમાં પંડિતજીને પ્રશ્ન કર્યો કે ''આત્મા સાપેક્ષ છે કે નિરપેક્ષ છે ?'' બીજા એક પ્રખર દિગંબરસાધુને પ્રશ્ન કર્યો કે'' સમ્યક્દર્શન થાય તે સવિકલ્પદશામાં થાય કે નિર્વિકલ્પ દશામાં થાય ?'' તે વિદ્વાને ઉત્તર આપેલો'' ભૈયા ! મિશ્ર અવસ્થા હૈ.'' ત્યારબાદ એક પ્રશ્ન પૂ.ગુરુદેવના શિષ્ય વર્ગના વિદ્વાનને કરેલો, ''આત્મા કર્તા નથી ને કારણ નથી, તો તેનો શું અર્થ ?'' તો ઉત્તર મલ્યો કે કર્તા નથી કારણ નથી બન્નેનો અર્થ એકજ છે. ત્યારે પૂ.ભાઈશ્રીને થયું કે આચાર્ય ભગવાન બે શબ્દ મૂકે છે કર્તા નથી, કારણ નથી, તો તેનો અર્થ પણ જુદો જુદો થતો હોવો જોઈએ.

(૨) સમયસાર ગાથા ૧૩ની ટીકામાં ''ભૂતાર્થનયે નવને જાણતાં નિયમથી સમ્યક્દર્શન થાય છે.'' એવું બીજા શાસ્ત્રમાં બીજે ક્યાંય છે કે નહીં ? બાકી નવતત્ત્વને જાણતાં સમ્યક્દર્શન એ તો પ્રચલિત વાત છે. અને તેમાં એકવચનથી નીકળે છે...પણ...'ભૂતાર્થનય' વિશેષણ ક્યાં છે તેના માટે તત્ત્વાર્થસૂત્રની ત્રણ ટીકા છે. (૧) ઉમાસ્વામિની (૨) અકલંકદેવની (૩) આચાર્ય વિદ્યાનંદીની. ત્રણે ટીકાઓ જોઈ, પરંતુ 'ભૂતાર્થ નય' શબ્દ ક્યાંય ન મલ્યો. પછી ગૌહાટી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂ.ગુરુદેવશ્રી ગયેલા ત્યારે વિદ્વાન ફૂલચંદ સિદ્ધાંત શાસ્ત્રીને પૂછ્યું કેઃ સમયસાર ગાથા ૧૩ સિવાય બીજા કોઈ શાસ્ત્રોમાં 'ભૂતાર્થનયે' નવને જાણવાનું લખ્યું છે ? તેમણે કહ્યું સમયસાર ગાથા ૧૩ સિવાય બીજે ક્યાંય નથી.

(૩) પૂ.ગુરુદેવશ્રીની વાણીમાં ખુલાસા આવી જતા અને વધારે તો પૂર્વના ગહન સંસ્કારને કારણે સ્વયંથી ઉકેલ પણ આવી જતો. સમયસાર, નિયમસાર વાંચતાં એક પ્રશ્ન ઘણા વખતથી થતો કે કર્તાબુદ્ધિ તો ચોથા ગુણસ્થાને જ ગઈ છે છતાં નિયમસારમાં પરમાર્થ પ્રતિક્રમણમાં એમ ફરી ફરીને શા માટે આચાર્ય ભગવાન લખે છે, કર્તા નથી; કારણ નથી; અનુમોદક નથી. આમાં કોઈ રહસ્ય છે, એ પ્રશ્ન ડીપોઝીટ પડેલો (રાખેલો) પછી એક વખત ઈશ્વરિયા મહાદેવ મુમુક્ષુ ભક્તજનો સાથે તત્ત્વચર્ચા કરવા ગયા. ત્યાં એકાએક ખુલાસો આવ્યો, પ્રમોદનો પાર નહીં. આહા ! કર્તા નથી કારણ નથી એમાં તો ઉપચારથી કર્તાપણું જે સવિકલ્પમાં આવે છે તેનો નિષેધ છે. અને તેના નિષેધમાં શ્રેણી આવે છે. આ વિષયની ગંભીર અને માર્મિક ચર્ચા આ પુસ્તકમાં આવવાની છે.

## (૨૧) સાચા હીરાનો પારખુ ઝવેરી

જ્યારે પૂ.ભાઈશ્રી ૧૯૬૨ની સાલમાં સોનગઢ રહેવા ગયેલા ત્યારે એક માર્મિક પ્રસંગ બનેલો. આ પ્રસંગને તો આપણે સૌએ આપણા જીવન સાથે વણી લેવા જેવો છે.

પૂ.ગુરુદેવશ્રીના યોગમાં આવ્યા પછી નિમિત્ત કર્તા અને ઉપાદાન કાર્ય, વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય વગેરે પ્રકારની અનેક વિપરીત માન્યતાઓનો નિષેધ થઈ ગયેલો.

પૂ.ભાઈશ્રી પોતાને ઘેર પરમશ્રુત પ્રભાવક મંડળમાંથી પ્રગટ થયેલ હિન્દી પરમાત્મપ્રકાશનો સ્વાધ્યાય કરતા હતા. ગુજરાતી અનુવાદ ત્યારે થયેલ નહોતો. સ્વાધ્યાય કરતાં કરતાં ભાગ બીજો ગાથા નં.૧૪ ઉપર આવ્યા તો ''વ્યવહાર સાધન નિશ્ચય સાધ્ય'' આવું વાક્ય આવ્યું. અંદરમાંથી આત્મા 'ના' પાડે.

હવે બીજી બાજુથી આ કથન લખનાર પણ જ્ઞાની અને અંદરમાં આ વાત બેસે નહીં, પછી અડધો પોણોકલાક શાસ્ત્ર બંધ કરી અને બેસી રહ્યા. ત્યાં વિચાર આવ્યો કે લાવને મૂળ સંસ્કૃત પાઠમાં શું લખ્યું છે તે તો જોઉં ??

જ્યાં મૂળ સંસ્કૃત ટીકામાં જોયું તો ''ભૂતનૈગમનયે'' વ્યવહાર કહ્યો છે, પછી પ્રમોદનો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ પાર રહ્યો નહીં. શું આચાર્ય ભગવાને કલમ ચલાવી છે ! હિન્દી અનુવાદ કર્તાથી આ ''ભૂત નૈગમનયે'' શબ્દ છૂટી ગયેલો એટલે ગોટાળો થઈ ગયો.

પૂ.ગુરુદેવશ્રીની વાત અંતરથી બેઠી હતી ને કે ''વ્યવહારથી નિશ્ચય ન થાય.'' અનુવાદક પણ જ્ઞાની. તે કહે વ્યવહારથી નિશ્ચય થાય. હવે એ કથન સાચું માનીએ તો દોષ લાગે, માટે આવા કથનો હોય ત્યાં આપણે ઊંડા ઉતરી તેનો મર્મ કાઢવો જોઈએ કે જ્ઞાની કહે છે તો એમાં કાંઈક મર્મ હશે, જ્ઞાની ખોટા નથી, પણ તેના કથનમાંથી રહસ્ય શોધવું જોઈએ.

શિષ્યનો પ્રશ્ન છે કે સાહેબ, આપે જ કહ્યું કે જ્યારે આત્માને આત્માનો અનુભવ થાય છે, ત્યારે દેશના લબ્ધિનો વ્યવહાર છૂટી જાય છે, તો પછી વ્યવહારથી નિશ્ચય થાય છે તેમ ક્યાં રહ્યું ?

શ્રી ગુરુ કહે, અમે ''ભૂત નૈગમનયે'' કહીએ છીએ, અનુભવ પહેલાં તેનું લક્ષ દેશનાલબ્ધિ ઉપર હતું, અને પછીના સમયે તેનું લક્ષ છૂટ્યું અને અનુભવ થયો તો પછી ''ભૂતનૈગમનયે'' એનાથી થયું તેવું નિમિતનું જ્ઞાન કરાવ્યું, તે કથનમાત્ર છે. ઋજુસૂત્રનયે તો અનુભવ વખતે દેશનાલબ્ધિ ઉપરથી લક્ષ છૂટી જાય છે, નિયમ કેમ તૂટે ? નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય જ નહિ. નિશ્ચયની વાત અમૃત તુલ્ય છે.

## (૨૨) જીવનમાં ચડતી-પડતીના સમયે ભેદજ્ઞાનનો સહારો

બહુ જુજ વ્યક્તિઓમાં એવી અસાધારણ ક્ષમતા જોવા મળે છે કે જીવનમાં ગમે તેવા ભરતી-ઓટમાં પણ પોતાના માર્ગથી ચ્યુત થતા નથી. આવા અનોખા વ્યક્તિત્ત્વ ધારક હતા- પૂ.ભાઈશ્રી તેમના જીવનમાં બહારના ઉદયભાવો પ્રચંડ વેગે આવતા અને ત્યારે ક્રમબદ્ધના ન્યાયે યથા કાળે ''થવા યોગ્ય થાય છે, જાણનારો જણાય છે,'' તેવા ભેદજ્ઞાનના મંત્રમાં નિશ્ચળ રહેતા હતા. સંયોગી ઉદયભાવો ''મારા જ્ઞાનનું જ્ઞેય નથી'' તેવી અમર જીવન સંજીવની અમરના 'લાલ'ને માર્ગથી કદી વિચલિત ન થવા દેતી. ઉદયભાવો કપૂરની જેમ વિલીન થઈ જતા. અને અંતરંગ ભેદજ્ઞાનની ધારા અસ્ખલિતપણે વહેતી. બુદ્ધિપ્રતિભા યુક્ત અને ન્યાયનીતિના પ્રેમી હોવાથી કુટુંબમાં, મિત્રવર્ગમાં, મુમુક્ષુમાં વિવાદ થયો હોય તો ભેદજ્ઞાનનાં હથિયાર વડે ઉકેલ લાવી વિવાદનો અંત લાવતા હતા અને સાથે તત્ત્વજ્ઞાનનું ભાથ્થું આપતા હતા. આમ કરુણાવંત હોવાથી નિઃસ્વાર્થ ભાવે, સન્માર્ગી બની સત્યાન્વેષક રહેતા.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



### (૨૩) પ્રવચનોમાં હમેંશાં શુદ્ધાત્મા કેન્દ્રબિન્દુએ રહેતો

ઓજસ્વી વાણી, ટંકોત્કીર્ણ રણકાર, નિશંક પ્રતિપાદન, પ્રતિભાશાળી વ્યક્તિત્ત્વ, સિદ્ધાંત બોધ ઉપર વજન, વ્યવહારનો નિર્દયપણે નિષેધ વગેરે સદ્ગુણો તો તેમને વારસામાં મલ્યા હતા. તે તેમની પૂર્વના મૂળભૂત સંસ્કારની સ્ફુરણા હતી.

જિનવાણીના આધારથી અને સર્વજ્ઞની સાક્ષીએ પૂ.ગુરુદેવશ્રીની વાણીનું રહસ્ય ખોલતા ત્યારે શુદ્ધનયથી ''સિદ્ધાલય'' અહીં ખડું કરી દેતા, પરમાગમમાં રહેલી સંચિત નિધિની મુક્તભાવે લ્હાણી નિરંતર કરતા હતા.

જેમ વર્ષાના આગમન પહેલાં આવવાવાળી ઠંડી હવા વર્ષાના આગમનની પૂર્વે સૂચના ઘોષિત કરે છે, અને ગગનમાં ઘેરાયેલા ઘટાટોપ વાદળોને જોઈને મયૂર નૃત્ય કરે છે, તેવી રીતે શુદ્ધનયની અમૃતવર્ષાથી તત્ત્વની હેલી વરસતી. મસ્તીભરી અમૃતવાણી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દેતી હતી. ભવ્યજનોનાં મન-મયૂર નાચવા લાગતા અને શ્રોતાજનો શુદ્ધાત્મમયી થઈ જતા હતા.

પૂ.ભાઈશ્રી વીતરાગની ગાદી ઉપર બેસી પ્રવચન કરતા ત્યારે તેમની વાણી, શુદ્ધાત્મતત્ત્વરૂપ ઉછળતી. રુચિ, સ્વભાવનું વીર્ય અને ચૈતન્ય પ્રભુની પ્રસન્નતા છવાઈ જતી હતી. સમયસાર આદિના ન્યાયોની ચાંદની સોળે કળાએ ખીલતી અને રોમે રોમમાંથી સત્‌ની સરિતા પ્રસ્ફુટિત થતી હતી.

### (૨૪) જેમ તલમાં તેલ સમાયેલું હોય છે તેમ તેમના જીવનમાં અધ્યાત્મ વણાયેલું હતું

તેમના સુંદર ગૌરવર્ણ ગુલાબી-સ્વર્ણિમ મુખ મંડલ પર સદૈવ પ્રસન્નતા છવાયેલી રહેતી. સાથે સાથે અવિચ્છિન્ન ચિંતવનની ધારા દૃષ્ટિગોચર થતી રહેતી. સમયસારનું ચિંતન-મનન, દિન-રાત પારાવાર હતું, આત્માના અકર્તાપણાની ધૂન વર્તતી હતી. ''ધૂનરે ધૂનિયા અપની ધૂન, જાકી ધૂનમેં પાપ ન પુણ્ય.''

સંવત ૨૦૧૫ની સાલમાં સમયસાર વાંચતાં વાંચતાં બંધ અધિકાર આવ્યો, અને તેમાં આવ્યું કેઃ ''ધર્માસ્તિકાય જણાય છે, તે અધ્યવસાન છે'' જેમ પરને મારું-જીવાડું, સુખી-દુઃખી કરી શકું તે તો અધ્યવસાન છે જ, પણ ધર્માસ્તિકાય દ્રવ્ય જણાય તો તે પણ સમકક્ષી અધ્યવસાનનું પાપ છે. આવા ગંભીર સૂત્રની ગંભીરતા ભાસી.

જ્ઞાનના સ્વભાવમાં પર પદાર્થને, રાગને જ્ઞેય બનાવવાની શક્તિ-સામર્થ્ય નથી; છતાં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



''હું પરને જાણું છું'' તેવો અભિપ્રાય તે અનંત સંસારનું કારણ છે. આમ વધારે ને વધારે નિર્ણય દૃઢતર થવા લાગ્યો.

**(૨૫) પૂ.ગુરુદેવ અને શુદ્ધાત્માનો વિરહ લાગ્યો, સોનગઢ રહેવા ગયા**

સમયસારનો રંગ આત્માના પ્રદેશ પ્રદેશમાંથી ઉછળી રહ્યો હતો. અકર્તારૂપ ધ્યેય ભગવાન-આત્માનો તો સૌ પ્રથમ નિર્ણય થયો હતો. અને બાદમાં જ્ઞાનની પર્યાયનો નિશ્ચય શું ? તેનું સ્વરૂપ પણ સમજાયું અને તથા પ્રકારે નિર્ણય પણ થયો. જેમ બાળક માતાથી દૂર ન રહી શકે તેમ પૂ.ગુરુદેવશ્રીથી દૂરી ખટકવા લાગી. ૧૯૬૨માં સોનગઢમાં ભાડેથી મકાન લીધું, અને ''વસંતનિવાસમાં'' રહેવા ગયા. સુવર્ણપુરીના પ્રાંગણથી પ્રાદુર્ભૂત પૂ.ગુરુદેવશ્રીની નિર્ઝરિત દિવ્ય વાગ્ધારા પ્રયોગશાળામાં રૂપાંતરિત થઈ. અને માનો નિર્ભાર થઈ ગયા.

પૂ.ભાઈશ્રી સોનગઢ રહેવા ગયા ત્યારે સોનગઢમાં જાહેરમાં સમયસારનું વાંચન પૂરું થઈ ગયું હતું અને ચાર-પાંચ દિવસથી પૂ.ગુરુદેવશ્રીએ બીજા શાસ્ત્રનો સ્વાધ્યાય શરૂ કર્યો હતો, પણ પૂ.ગુરુદેવશ્રીને ખબર પડી કે લાલચંદભાઈ અહીં રહેવા આવ્યા છે, એટલે એમણે જાહેરમાં કહ્યું, ''આ લાલભાઈ ! નવા નવા છે ને ! અને અહીં રહેવા આવ્યા છે તેથી ફરીથી સમયસારનો-સ્વાધ્યાય શરૂ કર્યો છે.'' પૂ.ભાઈશ્રી ઉપર આવી અપાર કરુણા હતી.

**(૨૬) પરમાર્થ પથિકોની પંથિની-એટલે સુવર્ણપૂરી :-**

યોગસારની જેમ કાર્તિક અનુપેક્ષામાં તત્ત્વની વિરલતા બતાવતાં કહે છે.

**विरला: निश्रुण्वन्ति तत्त्वं, विरला जानान्ति तत्त्वत: तत्त्वं ।**

**विरला भावयन्ति तत्त्वं, विरलानां धारणा भवति ।।**

જગતમાં 'તત્ત્વને' કોઈ વિરલા પુરુષ જ સાંભળે છે. સાંભળીને પણ તત્ત્વને યથાર્થરૂપે વિરલા જ જાણે છે; જાણીને પણ તત્ત્વની ભાવના વિરલા જ કરે છે, આ જગતમાં યથાર્થ આત્મ સ્વભાવની વાત દર્શાવનારા જ્ઞાની મળવા બહુ દુર્લભ છે અને જ્ઞાની પાસેથી સાંભળવા મળે ત્યારે આ તો અનંતકાળથી નથી સમજ્યો એવી મારા સ્વભાવની અપૂર્વ વાત છે, એમ ઉલ્લસિત વીર્યથી આદર લાવીને, સાંભળનારા જીવ જ પરમતત્ત્વની ઉપાસનાના મુખ્ય અધિકારી છે.

પૂ.ભાઈશ્રીની આસન્ન ભવ્યતા ઊર્ધ્વ થતાં...ભેદજ્ઞાન સૂક્ષ્મ થતાં થતાં...સામે ટુવાલ સુકાતો હતો, અને અંદરથી તીવ્ર નિષેધ આવ્યો કે ''આ ટુવાલ જણાતો નથી...'' ''જાણનાર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જણાય છે.'' અને ઉપયોગ શીઘ્ર અંર્તમુખ થતાં.., ચિદ્રૂપ-આત્માને ચૈતન્યધારાથી પ્રકાશિત કરતી અને મિથ્યાત્વની કાલિમાનો ક્ષય કરતી મોક્ષમાર્ગી ચૈતન્યની ચેતનાના ચમકૃતિના ચરિતાર્થરૂપ સ્વરૂપાચરણ ચારિત્રથી અલંકૃત થયા. અપૂર્વ, અનુપમ અતીન્દ્રિયરસનું અમૃત પાન કર્યું. અતૃપ્ત પરિણતિ ફરીને તૃપ્ત તૃપ્ત થઈ.

ગુરુગમ, વર્તમાન યોગ્યતા અને પૂર્વના ઊંડા સંસ્કારને કારણે સમયસારની ૬ઠ્ઠી ગાથાના ગહનભાવોને હૃદયંગમ કરી, સંવત ૨૦૧૭ ની સાલે સુવર્ણપુરીમાં શ્રાવણ માસે વસંત નિવાસમાં સ્વાનુભૂતિથી પ્રમાણિત થયા. આમ સીમંધર-કુંદ-અમૃત-કહાન દિવ્ય ધ્વનિના દેદીપ્યમાન દિવાકરે દિવ્ય સ્વભાવનું દિગ્દર્શન કરી; અમરના હાથની અમીરી પી, આત્મ અનુભવની વ્રજભૂમિ ઉપર અડગ્ રહી, ભવ્ય જીવોને સ્વરૂપ-સંપદાનું પારમેશ્વરી દાન આપ્યું. આમ કહાનસ્વાનુભૂતિ મંડિત શિષ્યરત્નરાશિમાં આપશ્રીનો ઉમેરો થયો.

### (૨૭) અમરચંદભાઈ મોદી અમરત્વને વર્યા :-

કહાન સૂર્ય ભરતક્ષેત્રને ચોમેર પ્રકાશિત કરતો આગળ ધપી રહ્યો છે. પૂ.ભાઈશ્રી સોનગઢ રહેવા ગયા. તેની પહેલાં ભાઈશ્રીના પિતાજી-પૂ.ગુરુદેવશ્રીની શીતળ છાંયડીમાં થોડા વર્ષો રહ્યા હતા. પૂ.ભાઈશ્રીના સમ્યક્‌દર્શન પછી-માત્ર અઢી વર્ષ પછી, પૂ.બાપુજી અમરચંદભાઈએ પણ ભેદજ્ઞાન જ્યોતિને ઉદિત કરી.

જ્યારે પૂ.ગુરુદેવશ્રી સંવત ૨૦૨૦ની સાલમાં રાજકોટ પધાર્યા હતા ત્યારે કળશટીકાના પ્રથમ કળશના પ્રવચનમાં સ્વાનુભૂતિથી અંકિત અનેકાંતમયી અમૃત સરિતાનું શીતલ પાન કર્યું. પ્રવચનમાં જ પુરુષાર્થ અપૂર્વ વેગથી વર્ધમાન થઈ અંતર્મુખ થયો. અને સ્વરૂપાનંદની ચિનગારી નો પ્રદેશ પ્રદેશમાંથી પુર-પ્રવાહ ઊમટ્યો. આમ પિતા-પુત્રે ચિંતામણિ નર જન્મને સાર્થક કર્યો.

### (૨૮) પુરુષાર્થમૂર્તિ શ્રી સોગાનીજી સાથે ગાઢ પરિચય

અધ્યાત્મયુગદષ્ટા-પૂ.ગુરુદેવશ્રીના આત્માનુભૂતિમયી પરિવારમાં ચૈતન્યમૂર્તિ શ્રી સોગાનીજી જેવા તીક્ષ્ણ પ્રજ્ઞાવંત સપુત પણ પાક્યા. અધ્યાત્મવિભૂતિ પૂ.શ્રી નિહાલચંદ્ર સોગાનીજી અને પૂ.ભાઈશ્રી વચ્ચે ઘનિષ્ટ મૈત્રી હતી. તેઓ પરમાર્થરસપ્રેરિત અસ્ખલિત પુરુષાર્થના સ્થંભો હતા. તેઓશ્રી વચ્ચે સૂક્ષ્માતિ સૂક્ષ્મ તત્ત્વચર્ચાઓ થતી. પૂ.સોગાનીજી પૂ.ભાઈશ્રીને, પૂ.ગુરુદેવના ''લઘુનંદન'' કહેતા હતા.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂ.ભાઈશ્રીએ એક પ્રસંગ કહેલો કે; ધીમે ધીમે સોનગઢમાં મુમુક્ષુઓને ખ્યાલ આવતો ગયો કે સોગાનીજી ને સમ્યક્દર્શન થયું છે. અને અમુક મુમુક્ષુઓ તેમની તત્ત્વચર્ચા સાંભળવા જતા હતા, પછી એક વિદ્વાન મુમુક્ષુભાઈએ પૂ.ભાઈશ્રીને કહ્યું કે ભાઈ ! આપ પણ પધારો. પછી તે મુમુક્ષુ વિદ્વાનને પૂ.ભાઈશ્રીએ એક માર્મિક પ્રશ્ન કર્યો કે સોગાનીજી અપરિણામી ત્રિકાળીની ચર્ચા કરે છે તે તો બરોબર છે પણ ક્યારેય પર્યાયની વાત કરે છે કે એકલી ધ્રુવની જ ચર્ચા કરે છે? તે વિદ્વાનભાઈએ કહ્યું કે ના અનુભવની તેમજ પર્યાયની વાત પણ કરે છે.

પૂ.ભાઈશ્રીએ કહ્યું કે સાંખ્યમતવાળા, વેદાંતમતવાળા અપરિણામીની વાત કરતા હોય છે. પણ એક સર્વજ્ઞ ભગવાનનું જૈન દર્શન એવું છે કે એમાં દ્રવ્ય-પર્યાય બન્ને ચર્ચા છે. એનું કારણ છે, કે એક સમયમાં 'ધ્યેયપૂર્વક જ્ઞેય' થાય છે ને ? પૂ.ભાઈશ્રીના પિતાશ્રી બહુ પ્રમોદ કરતા કે લાલચંદ, તું આ ધ્યેય અને જ્ઞેયની સાથે સાથે જે વાત કરે છે, ઈ...લાઈન બરોબર છે. મુમુક્ષુ શ્રોતાઓને ધ્યેયનું સ્વરૂપ અને જ્ઞેયનું સ્વરૂપ સાંભળતા કોઈનો પક્ષ થતો નથી. અને એને પ્રથમથી જ પક્ષાતિક્રાંતનું સ્વરૂપ માનસિક જ્ઞાનમાં અંકિત થઈ જાય છે.

પછી દ્રવ્યદૃષ્ટિ પ્રકાશના પ્રકાશન માટે પૂ.ભાઈશ્રીએ ભગીરથ પ્રયાસ શરૂ કરેલો. પૂ.ગુરુદેવશ્રી સમક્ષ વાત આવી કે આ મહાન કાર્યના પ્રકાશનની સમસ્ત જવાબદારીના કર્ણધાર પૂ.ભાઈશ્રી છે. એ સાંભળીને પૂ.ગુરુદેવશ્રીએ પ્રકાશનની 'લીલી ઝંડી' આપી દીધી. આમ પૂ.ગુરુદેવશ્રીની સંમતિ એજ ભાઈશ્રી પ્રત્યેના અખંડ વિશ્વાસનુ દ્યોતક છે, અને તેની ફલશ્રુતિરૂપે આજે આપણી પાસે પૂજનિક દ્રવ્યદૃષ્ટિપ્રકાશ પ્રાપ્ય છે.

**(૨૯) પૂ.ભાઈશ્રીનું ઘર એટલે મંડનમિશ્રનું ઘર :-**

જેમકે મંડનમિશ્રનું ઘર ક્યાં છે ? તો તેનો ઉત્તર છે કે..જ્યાં મેના પોપટ સંસ્કૃતના શ્લોક ગાતા હોય; જ્યાં વેદોની ચર્ચા થતી હોય તે મંડનમિશ્રનું ઘર છે. તેમ પૂ.ભાઈશ્રીનું ઘર ક્યાં છે ? જ્યાં અબાધ્ય અને અકાટ્ય યુક્તિથી સિદ્ધાંત બોધના ઝરણાં ઝરતાં હોય, જ્યાં અવિરત શુદ્ધાત્માની ચર્ચાના રસપાન થતાં હોય...જ્યાં સદાય તત્ત્વજિજ્ઞાસુઓની ભીડ રહેતી હોય, જ્યાં પરમાર્થની ગંગા, અધ્યાત્મની યમુના, સ્વભાવની સરસ્વતી અને એવો ત્રિવેણી સંગમ થતું હોય; જ્યાં સમ્યક્દર્શન-સમ્યક્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપ ત્રિરંગો રત્નત્રય લહેરાતો હોય; તેવા પરમાર્થ આત્મઆરાધના સ્વરૂપ જ્ઞાનમંદિર તે પૂ.ભાઈશ્રીનું ઘર હતું. આ ચર્ચામાં વિદ્વાનો...વકીલો...ડૉક્ટરો તેમજ સમગ્ર મુમુક્ષુગણને ધારા પ્રવાહરૂપે નિઃસંકોચપણે પુરુષાર્થની



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રેરણા મલતી. વ્યાપાર આદિની પ્રવૃત્તિથી નિવૃત્તિ થતાં જ પિતા-પુત્ર સૂક્ષ્મ અને ગંભીર ચર્ચા દિવસ રાત કરતા હતા.

બહારગામથી મુમુક્ષુ સમાધાન અને તત્ત્વચર્ચા સાંભળવા આવતા. દરેક જીવો માટે તેમના દ્વાર ખુલ્લા રહેતા હતા. આખો દિવસ સ્વાધ્યાય, ચિંતનમાં મેં કદી તેમનામાં થાક, કંટાળો કે અણગમો જોયા નથી.

### (૩૦) આ યુગના સર્વાધિક અસ્ખલિત પુરુષ પૂ.ગુરુદેવશ્રી અને ભાઈશ્રી

જેમ કાનજી સ્વામી આ યુગના સર્વાધિક ચર્ચિત પુરુષ હતા; તેમ તેમના ભક્ત રત્ન પૂ.ભાઈશ્રી પણ વીસમી સદીના અંતના સર્વાધિક ચર્ચિત પુરુષ રહ્યા. ચાહે પક્ષના હો; ચાહે વિપક્ષના હો...પરંતુ જૈન મુમુક્ષુ જગતમાં ''જાણનાર જણાય છે અને ખરેખર પર નથી જણાતું'' તે સિદ્ધાંતની જેટલી ચર્ચા ચાલે છે...જોવા મલે છે તેટલી ભાગ્યે જ બીજા સિદ્ધાંતની ચર્ચા જોવા મલે છે.

### (૩૧) અધ્યાત્મક્રાંતિકારી આદર્શ વિભૂતિ પૂ.ભાઈશ્રી

ક્રાંતિ તો સંસારમાં ઘણી ઘણી ચાલે છે, જેવી કે ઔદ્યોગિક ક્રાંતિ, શૈક્ષણિક ક્રાંતિ, રાજકીય ક્રાંતિ. આવી અનેક ક્રાંતિમાં લેશ માત્ર સુખ નથી. જ્યારે કાનજીસ્વામીએ તો જૈન શાસનના સુવર્ણપટ ઉપર આધ્યાત્મિક ક્રાંતિનું સર્જન કર્યું. અને આ યુગને નવી ભેટ આપી. આમ ધર્મ-ક્રાંતિ દ્વારા, પરમાર્થ અહિંસક ક્રાંતિ સ્થાપી. તેમજ પૂ.ભાઈશ્રીએ ''હું જાણનાર છું, કરનાર નથી. જાણનાર જણાય છે. ખરેખર પર જણાતું નથી.'' આ ખરેખરની ક્રાંતિના સર્જક, સાધનાના શિખર પર બિરાજમાન જ્ઞાન-ક્રાંતિના સ્થાપકને...નમોઽસ્તુ...નમોઽસ્તુ.

### (૩૨) તત્ત્વવેદી...સન્માર્ગદર્શી પૂ.ભાઈશ્રી

પુરુષાર્થમૂર્તિ સોગાનીજીનું દ્રવ્યદૃષ્ટિપ્રકાશ વાંચી અને ઘણા મુમુક્ષુ એકાંતમાં ચડી ગયા. પર્યાય છે જ નહીં, પર્યાયની વાત કરો નહીં, પર્યાયને અલોકાકાશમાં મોકલી દીધી, અર્થાત્ પર્યાય પ્રત્યે તીવ્ર દ્વેષ થઈ ગયો.

એવા સમયે પૂ.ભાઈશ્રીને કામસર મુંબઈ જવાનું થયું. ત્યારે બાપુજીને કહે...કેઃ હું મુંબઈ તો જાઉં છું...અને એ લોકો મને મળવા તેમજ પ્રવચન તત્ત્વચર્ચામાં આવશે તો તો હું સમજાવીશ, પણ નહીં આવે તો લાચાર. પરંતુ પૂ.ભાઈશ્રીની છાપ ''દૃષ્ટિના વિષયના માસ્ટર''



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેવી હોવાથી ધીમેધીમે એક પછી એક બધા આવવા લાગ્યા, પછી ત્રણ મહિના એ વાત ચલાવી કે **'ધ્યેયપૂર્વક જ્ઞેય'** થાય, ત્યારે જ અનુભવ થાય છે. સમ્યક્ દર્શન તે આત્મા છે. કઢાયેલા દૂધમાં મેળવણની વાત કરી કે દૃષ્ટિનો વિષય દૃષ્ટિમાં આવે છે ત્યારે જ્ઞાનમાં જ્ઞેય કેવું થાય છે !!

પછી તેમણે દૃષ્ટાંત આપ્યો, કે ''એક માણસને હાથમાં બળતરા થાય છે, તો બળતરા દૂર કરવાનો ઉપાય શું ? કેઃ બરફની પાટ ઉપર હાથ મૂકી દો, તેમ દૃષ્ટિના વિષયમાં પર્યાય નથી. પણ જ્ઞાનના વિષયમાં પણ પર્યાય કથંચિત્ અભેદ નહીં થાય તો અનુભવ નહીં થાય. ''નથી સ્પર્શતિ એવી સ્પર્શે છે'' વગેરે ચર્ચા થતાં ઑપરેશન સફળ થયું. પછી બાબુભાઈ ઝવેરીને સોનગઢ જવાનું થયું, બાબુભાઈ ગુરુદેવ પાસે ગયા. ગુરુદેવ ખૂબજ ગુસ્સામાં, 'આ શું ચલાવ્યું છે બાબુભાઈ!' સાહેબ ! ''આપે લાલચંદભાઈને મોકલ્યાને...'' અને એમણે તો આમ વાત કરી, એટલે હવે અમે બધા ઠેકાણે આવી ગયા છીએ. એમ ! લાલભાઈએ એમ કહ્યું ? અને ખૂબ પ્રસન્ન થયા.

**(૩૩) આગમના આલોકમાંથી અમૃત કાઢ્યું :-**

સમસ્ત મુમુક્ષુ સમાજ નિશ્ચયનય અને વ્યવહારનયની ચક્કીમાં પિસાઈ રહ્યો હતો, ત્યારે અત્યંત નિષ્કારણ કરુણા કરી અને માનો કોઈ ઋષિનું અલભ્ય વરદાન મલ્યું હોય તેમ ધ્રુવતત્ત્વની પરિધિના ધરાતલ ઉપર સ્વભાવથી સ્વભાવને જોવાની ચક્ષુ પ્રદાન કરી અને તે છે ''દ્રવ્ય સ્વભાવ-પર્યાય સ્વભાવ.''

અનાદિકાળથી બે નયોના ઝૂલા ઉપર ઝૂલતા અને નયરૂપી ઈન્દ્રજાળમાં સલવાયેલા એવા અમોને શુદ્ધ ચૈતન્યતત્ત્વની ઉપલબ્ધિ દુષ્કર હતી. નયોરૂપી વંટોળના પ્રવાહિત વમળમાં ફસાયેલા અભિમન્યુ યુગને **"આત્મા નયોં સે પાર"** નું અલભ્ય, નિર્ભય, નિરપેક્ષ જિનસૂત્ર આ ભરતક્ષેત્રની ભૂમિ ઉપર અપ્રતિહત પ્રવાહિત કર્યું, અને સાથે સાથે નિજ સ્વભાવની ભીષ્મ પ્રતિજ્ઞા દર્શાવી કેઃ હું દર્શન આપીશ તો સમ્યક્ એકાંતમાં જ દર્શન આપીશ. આમ સ્વભાવના દિગ્દર્શકે, સ્વભાવની પ્રતિજ્ઞા અહીંના ભૂમંડલમાં વહેતી કરી, અને નિરપેક્ષ સ્વભાવની પ્રભાવનાથી વાયુમંડલની લાલિમાને નયજ્ઞાનથી વર્જિત કરી.

સ્વભાવ નિરપેક્ષ, નિર્વિકલ્પ, અક્રમિક છે. જ્યારે નય-જ્ઞાન સાપેક્ષ, સવિકલ્પ અને ક્રમિક છે, આમ નયજ્ઞાનથી પાર નિજ સ્વભાવ દર્શાવી અનંત તીર્થંકરોએ પ્રતિપાદિત માર્ગનો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જય-વિજય કર્યો. આમ આ યુગના સુવર્ણ ઈતિહાસમાં સ્વભાવના અજોડ પ્રકરણનો ઉમેરો થયો.

આમ અમરના લાલે નિરપેક્ષભગવતી પ્રજ્ઞાનું અમરસૂત્ર આપી નયાતિક્રાંત માટે અમોઘ સ્વાભાવિક મંગળસૂત્ર વિશ્વને આપ્યું. એ આ યુગનું આશ્ચર્ય છે. અનાગતમાં...સાડા અઢાર હજાર વર્ષ એટલે કે પંચમકાળના છેડા સુધી અમરના 'લાલ'ની દ્રવ્ય સ્વભાવ-પર્યાય સ્વભાવની અમૃત અમીરી પી અને અનેકાઅનેક ભવ્ય જીવો અમરત્વને પ્રાપ્ત કરતા રહેશે.

### (૩૪) કર્તાબુદ્ધિ અને જ્ઞાતાબુદ્ધિના ભૂતડાને ભગાડ્યા

અનાદિના કર્તાબુદ્ધિના મિથ્યા અભિપ્રાયને પૂ.ગુરુદેવશ્રી એ મૂળમાંથી ઉખેડી કાઢ્યો, અને આત્મા અકર્તા છે તે જૈનદર્શનની પરાકાષ્ઠાનો ઢંઢેરો પીટ્યો. તદ્ ઉપરાંત જ્ઞાતા બુદ્ધિના નાશની વાત તો કરી હતી, પણ મુમુક્ષુઓનું ધ્યાન ખેંચાયું નહોતું, તે વાતનું ધ્યાન પૂ.ભાઈશ્રીએ બતાવ્યું. ''હું પરને જાણું છું'' તેવી જ્ઞાતાબુદ્ધિને મૂળમાંથી કાઢી અને હું પરને જાણતો જ નથી, જ્ઞાન જ્ઞાયકને જ જાણી રહ્યું છે, અને મને ''જાણનાર જ જણાય છે'' તેવા શુદ્ધોપયોગરૂપ સમ્યક્ સ્વભાવનો શંખનાદ ફૂંક્યો. આમ તીર્થંકરોએ આ યુગને બહુમૂલ્ય ભેટ આપી. અદ્વિતીય ઉપહાર આપ્યો.

### (૩૫) સાધકને ભાવશ્રુતજ્ઞાનમાં કેવળજ્ઞાનનાં દર્શન

પૂ.ગુરુદેવશ્રીએ એક વખત રાત્રિચર્ચામાં ફરમાવ્યું હતું કે: ''શ્રુતજ્ઞાનમાં કોઈ વખતે કોઈને કેવળજ્ઞાનનાં દર્શન થાય છે.'' ત્યારે કોઈએ પ્રશ્ન કર્યો કે ''શ્રદ્ધા અપેક્ષાએ ને ?'' પૂ.ગુરુદેવશ્રીએ ફરમાવ્યું; ના, જ્ઞાનઅપેક્ષાએ. પૂ.ગુરુદેવશ્રીને ભાવશ્રુતજ્ઞાનમાં કેવળજ્ઞાનનાં દર્શન થયેલા, અને પૂ.ભાઈશ્રીને પણ કલકતામાં, પુ.ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં કેવળજ્ઞાનના દર્શન થયેલા. આ વાત અનુભવથી સિદ્ધ છે. શ્રુતજ્ઞાનમાં કેવળજ્ઞાનના પરોક્ષ દર્શન એ વાત સમયસાર કળશોના આધારથી, પ્રવચનસારમાં આવેલ દ્રવ્યનયથી, નાગસેનમુનિના તત્ત્વાનુશાસનથી, શ્રીમદ્જીના બોલથી, પૂ.ગુરુદેવશ્રીના આધારોથી સિદ્ધ કરતા. આમ કોઈ કોઈ સાધકને પૂર્ણજ્ઞાન કેવું થવાનું છે; તેના પરોક્ષ દર્શન થાય છે. અને છેલ્લે પ્રતિભાસના માધ્યમથી આ વિષયને અદ્‌ભુત રીતે સિદ્ધ કરતા હતા. પૂ.ભાઈશ્રી ફરમાવતા કે કેવળજ્ઞાનના દર્શન પંચમકાળમાં થાય છે, તે વાતને લક્ષમાં રાખજો. તમને સમ્યક્‌દર્શન થશે ને ત્યારે કામ લાગશે, આમ મંગલ માંગલ્યના માંગલિકતાના મેઘ વરસાવનાર મુક્તિદૂતને અહર્નિશ પ્રણામ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## (૩૬) સ્વપર-પ્રકાશક એટલે શું? ધ્રુવ સત્યની જાહેરાત

સ્વપર પ્રકાશક ઘણો ગંભીર વિષય છે. જ્ઞાનના મહારથી સિવાય આ વિષય ઉપર છણાવટ વિદ્વાનો પણ ન કરી શકે તેવા સ્વરૂપની છણાવટ પૂ.ભાઈશ્રીએ કરી છે. સૌ પ્રથમ તો સ્વપર પ્રકાશક એ વ્યવહારનું કથન છે. આમાં લક્ષની મુખ્યતા નથી. પરંતુ પ્રતિભાસની મુખ્યતા છે. અને પ્રયોજનની સિદ્ધિ હંમેશા લક્ષથી જ થાય છે. સ્વપર પ્રકાશક પ્રમાણ હોવાથી પૂજ્ય નથી. તે વ્યવહારનો નિષેધક નથી, તેમાં વ્યવહારનો વ્યવચ્છેદ કરવાની તાકાત નથી. આવી સ્વપર પ્રકાશકવાળી પ્રમાણજ્ઞાનની પર્યાયમાંથી વિધિ-નિષેધ પૂર્વક જે નિશ્ચયને અવલંબે છે, તેને જ શુદ્ધાત્માનો અનુભવ થાય છે.

આમ સ્વપ્રકાશકપૂર્વક અંદરનું નિશ્ચય સ્વપર પ્રકાશક તે જ સમયે પ્રગટ થાય છે, તે નિર્વિકલ્પ જ્ઞાન-સવિકલ્પજ્ઞાનનું ઘોતક છે. આ સ્વભાવમાં જાણવાની મુખ્યતા રહેલી છે.

હવે સાધક જ્યારે સવિકલ્પ દશામાં આવે છે ત્યારે જાણેલો પ્રયોજનવાન બને છે. રાગાદિ વિભાવનો અતીન્દ્રિયજ્ઞાનમાં પ્રતિભાસ દેખી અને સાધક રાગને જાણે છે તેવો ઉપચાર કરવામાં આવે છે. સાધકને તો ''જ્ઞાનનું જ્ઞાન થાય છે''-**જે જ્ઞાન આત્માને જાણતું જ પરિણમે છે.**

અને એક છેલ્લું સ્વપર પ્રકાશક કે : જે, બાળ-ગોપાળ સૌને સમયે સમયે જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે, અને તેમાં નિરંતર સ્વપર બન્નેનો પ્રતિભાસ થયા કરે છે; તેને પણ સ્વપર પ્રકાશકજ્ઞાન કહેવાય.મુદાની વાત તો એ છે કે પ્રયોજનની સિદ્ધિ કેમ થાય તેના તરફ વજન આવવું જોઈએ.

ખરેખર પ્રમાણનો પક્ષ કહો કે સ્વપર પ્રકાશકનો પક્ષ કહો તે કેવા પ્રકારે ભયંકર વસ્તુ છે તે દૃષ્ટાંત દ્વારા જોઈએ. જેવી રીતે ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્ય વગેરેનું મૃત્યુ શા માટે થયું? શું તેમને ન્યાય, ધર્મ પસંદ ન હતો? પાંડવો પ્રત્યે પુત્રપ્રેમ ન હતો? ધર્મ પસંદ હતો, અને પાંડવો પ્રત્યે વાત્સલ્યભાવ પણ હતો; છતાં...? છતાં પણ તે અધર્મનો ત્યાગ-નિષેધ ન કરી શક્યા. અર્થાત્ કૌરવોનો પક્ષ ત્યાગી ન શક્યા. તેથી તેમનું યુદ્ધના મેદાનમાં મૃત્યુ થયું.

તેમ સ્વપર પ્રકાશક અર્થાત્ સ્વને પણ લક્ષ કરીને જાણે અને પરને પણ લક્ષ કરીને જાણે, આવા સ્વપરપ્રકાશકને જ્ઞાન માને; અથવા જ્ઞેયાકાર જ્ઞાનમાં સ્વ અને સમસ્ત પર એક સમયમાં યુગપદ્ પ્રતિબિંબિત થાય છે, તે જ જ્ઞાનને સ્વપરપ્રકાશક માને તો તે પ્રમાણરૂપ વ્યવહાર હોવાથી અને સમ્યક્ત્વનો પ્રસવ કરવાની તેનામાં ક્ષમતા નહિ હોવાથી, મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વપર પ્રકાશકનું સ્વરૂપ ચાર પ્રકારે બતાવી પૂ.ભાઈશ્રીએ તેની વિશદ છણાવટ કરી છે. આમ પ્રમાણના પક્ષમાંથી બહાર કાઢી ''નયપૂર્વક પ્રમાણ'' સમ્યક્ એકાંત પૂર્વક અનેકાંતનું આહ્વાન આપ્યું. સ્વ સંબંધી અને પર સંબંધીનું જાણપણું જણાય છે તેવા પ્રમાણમાં પણ પ્રયોજનની સિદ્ધિ થતી નથી કારણકે જ્ઞાનને શ્રદ્ધા પોષક બનાવતાં જ સમ્યક્જ્ઞાનનો આવિર્ભાવ થાય છે, તે જ સમયે જ્ઞાન જેમ છે તેમ જાણી લ્યે છે. પૂ.ભાઈશ્રીએ આ વિષય ઉપર ધ્યાન ન ખેંચ્યું હોત તો આપણી સૌની અનાદિની મિથ્યા માન્યતા દઢતર થાત. **''હું પરને જાણું છું'' તેવા અજ્ઞાન અંધકારમયી ઊંડી ખીણમાંથી બહાર કાઢ્યા. અને મુમુક્ષુ સમાજને ત્વરાએ સમ્યક્ પ્રજ્ઞાની રોશની બક્ષી.**

**(૩૭) ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી..તેના જનક પૂ.ભાઈશ્રી :-**

આ કલિકાળે આપશ્રીની નિશંક પ્રતિપાદનની વિસ્મયકારી શૈલી અને જ્ઞાનના સ્વરૂપની અત્યંત સ્પષ્ટતા જોઈને આપશ્રીનું વારંવાર સ્મરણ થાય છે. ખંડજ્ઞાનને જીતી, અખંડ ધ્રુવમાં રહેવાનું નિદિષ્ટ કર્યું છે.

મોહની ઉત્પતિનું મૂળિયું શું છે ? ઈન્દ્રિયજ્ઞાનને જીતતાં, મોહ કેવી રીતે જીતાઈ જાય છે ? મોહ તો સૅકન્ડ નંબરી છે, ''હું પરને જાણું છું'' તે ઈન્દ્રિયજ્ઞાનની ઉત્પત્તિનું કારણ છે. એવા વિપરીત જ્ઞાન અને દષ્ટિના ગર્ભમાં અનંત દુઃખોને પ્રસવ કરવાની ક્ષમતા વિદ્યમાન હોવાથી; તેનાથી પ્રતિપલ દુઃખ અને આકુળતા જ અંકુરિત થયા કરે છે. માટે ''હું પરને જાણતો નથી'' ભાવઈન્દ્રિય જાણો તો જાણો ! પૂર્ણ કેવળીને પ્રતિભાસ દેખીને ઉપચાર કરવામાં આવે છે વગેરે ગુપ્ત રહસ્યનું ઉદ્દ્ઘાટન કરી ભાવેન્દ્રિયને જ્ઞાન માનવાની અનાદિની ભ્રાંતિનો વિધ્વંસ કરીને, ભવ્યજીવોનો ઉપયોગ અંતર્મુખ કેમ થાય ? તેની સમીચીન રૂપથી આપશ્રીએ સૂક્ષ્મ અને અનુપમ વિધિ દર્શાવી છે.

**(૩૮) સંયોગી-બાહ્ય-ઉદયોને કારણે મુંબઈ જવાનું થયું :-**

કહાન લાલમાં જ્ઞાન વૈરાગ્ય શક્તિ અમાપ, અપાર હોવાના કારણે પંચમકાળની અનેક વિકરાળ પ્રતિકૂળતાઓ તેમના પર કદી કવલિત ન થઈ. જ્યારે જ્યારે કર્મની કાળી ઘટા છવાતી, ત્યારે વધારે ને વધારે જ્ઞાન વિવેક જાગૃત થતો. અને તેઓ નિજ લક્ષથી કદી ચ્યુત ન થતા. અરે ! પ્રતિકૂળતાઓ તો જ્ઞાનીઓની પવિત્ર સાધનાની કસોટી છે.

જ્ઞાની ધર્માત્મા સંયોગોની મધ્યે પણ સંયોગોથી કેવા અપ્રભાવી રહે છે ! ભાઈશ્રીને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(૧૯૭૨માં) ૬૫ વર્ષની ઉંમરે આજીવિકા ઉપાર્જન હેતુએ મુંબઈ જવાનું થયું, ત્યારે પૂ.ગુરુદેવશ્રીના હૃદયમાં ભારોભાર દર્દ હતું. અને તેમનો આર્તનાદ નીકળ્યો કે અરે ! રાજકોટ 'હીરા'ને સાચવી ન શક્યું !?

જગતની ગમે તેવી અનુકૂળતા-પ્રતિકૂળતા વચ્ચે પણ અચલમેરુની જેમ અડોલ રહી અનુભવની વજ્રભૂમિ ઉપર અવિરુદ્ધ સર્વજ્ઞનું વિજ્ઞાન સમજાવતા.

તેઓશ્રીના સમસ્ત જીવન દરમ્યાન અનેક તોફાની આંધીઓ આવી, પરંતુ પોતાના ગંતવ્યથી-માર્ગથી તેઓ ભ્રષ્ટ ન થયા. જગતનાં પાખંડી તત્ત્વો...હથિયાર હેઠા મૂકી અને પીછે હઠ કરી પાછા પડતા નજરે નિહાળ્યા છે. તેઓશ્રી કહેતા કે ''સત્ બહાર આવે તો તેના વિરોધી પણ હોય,'' **વિરોધથી સત્ વધારે ઝળકે છે.** મુમુક્ષુ જગતના ઉપસર્ગો મધ્યે ''જળકમળવત્'' સ્થિતિ વર્તતી. આંધીઓ-ઉપસર્ગો કદી જ્ઞાનનું જ્ઞેય થયા જ નહીં, બાહરી ઉદયો તો બહારને બહાર જ રહ્યા. આવા સમયે ભેદજ્ઞાન જ્યોતિ વધારે પ્રજ્જ્વલિત થઈ ને જ્ઞાયકમયી થતી. બહારમાં ઉદયોના સ્વાંગો અને અંતરંગમાં આનંદની ગટાગટી, આ સ્થિતિના પારખુ તો ઝવેરી જ હોય.

પૂ.ગુરુદેવશ્રી ઘણી વખત યાદ કરતા હતા કેઃ ''મુંબઈમાં ત્યાં લાલચંદભાઈ પ્રવચન આપે છે ને ? **તેમની બહુ જ નિર્મળ દૃષ્ટિ છે.** જરા શ્વાસનું થોડું દર્દ છે, (હમણાં) પ્રવચન બંધ કરી દીધા છે, પણ તેઓ પર્યુષણમાં વાંચશે.'' (શ્રી સ.સાર ગાથા ૮૫ તા.૩/૮/૭૬ માંથી)

અલિંગગ્રહણના ૧૮, ૧૯, ૨૦ બોલ ઉપરના પૂ.ગુરુદેવશ્રીના પ્રવચનમાં આવેલ સૂક્ષ્મ ન્યાયો સાંભળીને પૂ.ભાઈશ્રી ખૂબજ પ્રમોદિત થયેલા. અને પૂ.ગુરુદેવશ્રી સમક્ષ પ્રમોદ વ્યક્ત કરેલો. તે પ્રસંગને અનુલક્ષીને પૂ.ગુરુદેવશ્રીના ઉદ્ગારો-''આ અલિંગગ્રહણના ૧૮, ૧૯, ૨૦ બોલ લાલભાઈ હતા ત્યારે વંચાઈ ગયા હતા, મુંબઈ જતાં પહેલા આવ્યા હતા, કહેતા હતા, ઓહો ! શું ૧૮-૧૯-૨૦નું એવું સ્પષ્ટીકરણ આવ્યું છે ? **તે તો અભ્યાસી છે ને** (પ્ર.સાર ગાથા ૧૭૨, બોલ ૧૮-૧૯-૨૦. તા ૧૩-૮-૭૫)

મુંબઈ રહેતા ત્યારે મુમુક્ષુની માગણીને માન આપી તેઓશ્રી ઝવેરી બજારના જિનમંદિરમાં પ્રવચન આપતા હતા, ત્યારે નિયમસારનો શુદ્ધભાવ અધિકાર અને પરમાર્થ પ્રતિક્રમણનાં પ્રવચનો પર તેમનું ઘણું વજન રહેતું. તેઓશ્રી ફરમાવતા હતા કે **''આ તો સારનો સાર છે.''**

સ્વયં જ્ઞાનોદ્ગમ કરવું તે જુદી વાત છે, અને પ્રાપ્ત જ્ઞાનને ખૂણે-ખૂણે અને **મુમુક્ષુનાં**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હૃદય સુધી પહોંચાડવું તે જુદી વાત છે. આ કાર્ય દરેકના વશની વાત નથી, તેમનામાં તો આ પ્રભાવનાની અપૂર્વ યોગ્યતા હતી. તેમના દ્વારા જે સ્પષ્ટીકરણ થયું છે તેની હોડ કહાનયુગનો કોઈ મનીષી લગાવી શકે તેમ નથી.

**(૩૯) બહારમાં હરપીસની બળતરા અંદરમાં શીતળતા**

આજથી લગભગ ૨૧ વર્ષ પહેલાં પગમાં હરપીસનો રોગ થયેલો ત્યારે પણ તેમના મુખમંડલની આભા આનંદમયી દષ્ટિગોચર થતી. ''અન્યક્ષેત્રે કૃતમ્ પાપમ્, ધર્મ ક્ષેત્રે વિનશ્યતિ,'' અનાદિ અનંત ચૈતન્ય પ્રાણને વળી કોની સ્પર્શના ! અંદરમાં શીતળતાની પાટ ઉપર અત્યંત મંથર થયેલા છે, જે અતીન્દ્રિય આનંદ પ્રત્યે અત્યંત ઉદાસીન સહજ વર્તે છે, અનંત શાંતિમય વૈભવમાં બિરાજમાન છે, તેને અશાંતિ કેવી ? કર્મોની સંતાન પણ તડતડ નિર્જરી જાય છે. પૂ.ગુરુદેવશ્રી આ પ્રસંગને યાદ કરી અને કહે છે કેઃ આપણા લાલચંદભાઈ (વૈરાગ્ય) વૈરાગીમાં વસે છે. એના શરીરમાં ફોળા (હરપીસ) છે, અહીંઆ હમણાં રહી ગયા. દવા માટે મુંબઈ જવું પડ્યું, ફોળામાં બળતરા...બળતરા અગ્નિના તણખા, તેવું થયું છે.

(સ.સા.ગાથા ૨૬૩, ૬૪, ૬૫ તા.૨૮/૯/૭૯ પ્ર.નં.૩૨૩)

**(૪૦) પ્રતિભાશાળી પૂ.ભાઈશ્રી :-**

અધ્યાત્મ આકાશના મહાન નક્ષત્રથી જૈન સમાજની કઈ વ્યક્તિ અનજાન છે ? એવી કોણ વ્યક્તિ હશે કે જેમણે પૂ.ભાઈશ્રીનું નામ ન સાંભળ્યું હોય ? એવો કોણ મુમુક્ષુ હશે કે જેમણે પૂ.ભાઈશ્રીના મુખારવિંદથી વરસતી શુદ્ધાત્મ વર્ષાનું અમૃતપાન ન કર્યું હોય ? પછી તે ભલે સાધક હોય, તત્ત્વ જિજ્ઞાસુ હોય, આદર્શ આત્માર્થી હોય કે ક્રિયાકાંડ મગ્ન હોય, તે સમર્થક હોય કે વિરોધક હોય; પરંતુ સમસ્ત મુમુક્ષુ સમાજ તેમના વ્યક્તિત્વ અને કર્તૃત્વથી ચિર પરિચિત છે.

તેમની અધ્યાત્મ વાણીની છાપ સમગ્ર મુમુક્ષુ જગત પર છવાઈ ગઈ હતી. અધ્યાત્મ લોકના જૈન મુમુક્ષુ સમાજ ઉપર તેમના પ્રભાવશાળી વ્યક્તિત્ત્વની ઊંડી છાપ દરેકના હૃદયમાં પ્રતિબિંબિત છે. દરેક મુમુક્ષુ પોતાની ભાવના વ્યક્ત કરે કે ન કરે; પરંતુ તેના આત્માના પ્રદેશોને ઢંઢોળવામાં આવે તો ? તેના અંતરંગ અભિપ્રાયને ભાષાવર્ગણાના તોલથી તોલવામાં આવે તો ? ધ્રુવ સત્યની જાહેરાત કરતો એક જ બુલંદ અવાજ કર્ણપટલ ઉપર સાંભળવા મલશે કે...! પૂજ્ય ગુરુદેવ પછીની જૈનશાસનની અમર વ્યક્તિ હોય તો તે પૂ.ભાઈશ્રી લાલચંદભાઈ છે. તેમનો જન્મ પૂ.ગુરુદેવશ્રીની વાણીનું રહસ્ય પ્રકાશિત કરવા માટે જ જાણે ન થયો હોય !?



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તેઓશ્રી જેટલા સરલ, નિખાલસ, કોમળ ઋજુ હૃદયી હતા, તેટલા જ સિદ્ધાંત માર્ગમાં અડોલ, અજેય, અને અતૂટ હતા. પોતાના ધ્યેયથી કદી ચ્યુત ન થયા, **તે પ્રખર જ્ઞાનીનું લક્ષણ છે.** બાહરી ઉદયભાવોના વ્યવહારથી જ્ઞાતા રહેતા..કોઈ વિરોધીને કોઈ ઉત્તર ન આપતા...એકદમ મૌન લઈ આત્મ આરાધના કરતા. તે તેમની ઉત્કૃષ્ટ આત્માર્થતાનું પ્રતીક છે. આમ તેઓશ્રી મુમુક્ષુ સમાજના હૃદયના અમૂલ્ય હાર હતા. આ તેમની ધવલ કીર્તિ સદા અમર રહેશે.

## (૪૧) કહાનયુગને ધર્મ સુભટ લાલનું અમૂલ્ય યોગદાન

આત્મકલ્યાણના માર્ગ ઉપર ચાલનાર અને ચલાવનાર દીર્ઘદૃષ્ટિવંત, હિતચિંતક એવા પૂ.ભાઈશ્રીનું દરેક ક્ષેત્રમાં મહત્ત્વનું યોગદાન રહ્યું છે. પૂ.ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર સોનગઢના ટ્રસ્ટી રહ્યા હતા. પૂ.ગુરુદેવશ્રીના પ્રવચનો પ્રકાશિત કરવા માટે શ્રી કુંદકુંદકહાન-પરમાગમ પ્રવચન ટ્રસ્ટની સ્થાપનામાં તેઓશ્રી પ્રેરણાદાયી હતા. તદ્ઉપરાંત દિગમ્બર રાજકોટ જિનમંદિરના ટ્રસ્ટી પણ હતા.

વળી પૂ.ગુરુદેવશ્રીની શુદ્ધાત્મ પ્રધાન અધ્યાત્મ વાણીનો વિશેષને વિશેષ પ્રચાર કરવાના હેતુથી અને વિદ્યાર્થીઓ વધારે સંખ્યામાં વિદ્વાન થાય તે હેતુથી તેઓશ્રી કુંદકુંદ કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટના ટ્રસ્ટી અને ચેરમેન પણ હતા. દ્રવ્યદૃષ્ટિપ્રકાશને પ્રકાશિત કરવામાં મુખ્ય સૂત્રધાર હતા, તેમજ તેમણે તેનું સંકલન પણ કરેલું. પૂ.બેનશ્રીની ઉજવાઈ રહેલી સમ્યક્ત્વ જયંતીને વિધિસર આમંત્રણ પત્રિકા દ્વારા મહોત્સવરૂપે ઉજવવાનું તેમનું સૂચન હતું.

વળી સોનગઢ મધ્યે પરમાગમ મંદિરના પંચકલ્યાણક વખતે પૂ.ગુરુદેવશ્રીની હૃદયની ભાવનાથી અને આજ્ઞાથી વિધિનાયક ભગવાનના પિતા બનવાનું સૌભાગ્ય પૂ.ભાઈશ્રીને પ્રાપ્ત થયેલું.

૧૯૭૭-૭૮ની સાલમાં વિદેશની ભૂમિ નાઈરોબીમાં જિનમંદિરના શિલાન્યાસ વખતે પણ પૂ.ગુરુદેવશ્રીએ પૂ.ભાઈશ્રી અને પં.બાબુભાઈ ફતેપુરવાળાને મોકલ્યા. ત્યાં શુદ્ધનયની અપૂર્વ પ્રભાવના કરી...ભેદજ્ઞાનની અમૃત વર્ષા વરસાવી. અને ત્યાં સમસ્ત મુમુક્ષુ સમાજમાં છવાઈ ગયા.

**તેમના વિશે પૂ.ગુરુદેવશ્રીના ઉદ્દગારો :-**

''બાબુભાઈ ફતેપુરવાળા અને આ લાલચંદભાઈ ! આ પંદરલાખનું નાઈરોબીમાં જિનમંદિરનું મુહૂર્ત થયું ને ? ત્યાં ગયા હતા ને ? બાબુભાઈ ને લાલચંદભાઈ. લાલચંદભાઈ

મોદી રાજકોટવાળા ને બાબુભાઈ. **લાલચંદભાઈની બહુ નિર્મળ દૃષ્ટિ છે...**

(બહેનશ્રીના વચનામૃત બોલ ૨૩૧ થી ૨૩૫ પ્ર.નં.૯૧ તા.૧૧/૯/૭૮)

પૂ.ગુરુદેવશ્રીના કરકમળો દ્વારા જેની સ્થાપના કરી છે, તેવા જયપુર ટોડરમલ સ્મારક ભવન કે જ્યાંથી જૈન દર્શનના વિદ્વાનો તૈયાર થાય છે; ત્યાં પણ પૂ.ભાઈશ્રી ઘણાં વર્ષો સુધી અનેક વખત શિબિરોમાં પ્રવચનાર્થે ગયેલા. અને ત્યાંના વિદ્યાર્થી ભવિષ્યમાં વિદ્વાન થઈ જગતમાં તત્ત્વ પ્રચાર પ્રસાર કરશે તે જાણી ઘણા જ હર્ષિત થતા. સાથે સાથે તેમને પ્રોત્સાહિત કરતા કે **"આ બધા ભાવિના આચાર્યો છે."** અને ઘણા જ પ્રમોદિત થતાં. પૂ.ગુરુદેવશ્રીની દેશનાના તત્ત્વ પ્રચાર માટે હૃદયથી અનુમોદન કરતા. અને તેમાં તન, મન, ધનથી સહયોગી બનતા. **તેમનું સમગ્ર જીવન તત્ત્વ માટે સમર્પિત હતું.** જયપુરના વિદ્યાર્થીઓને પણ ઘણું જ આકર્ષણ હતું અને પિપાસુ હોવાથી...''જાણનાર જણાય છે'' તે પંડિત ક્યારે આવશે ? અથવા તો આ રહિત સહિતની રમતવાળા પંડિત છે, આમ નિષ્ણાત તત્ત્વજ્ઞના રૂપમાં નિહાળતા.

ઈ.સ. ૧૯૮૨ની સાલમાં લંડનના દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળે પૂ.ભાઈશ્રીની સૂક્ષ્મ પ્રજ્ઞાવંત દૃષ્ટિપ્રધાન પ્રવચનશૈલીથી આકર્ષાઈ અને ત્યાં બોલાવેલા. અને ત્યાં દોઢ માસ રહી અને જૈનધર્મની વિશાળ પાયા ઉપર પ્રભાવના કરી.

**(૪૨) પ્રેરણા સ્ત્રોત પૂ.ભાઈશ્રી**

મહારાષ્ટ્રના નાસિક શહેરમાં આવેલા દેવલાલી મધ્યે બનેલ દર્શનીય ભવ્ય કહાન સંકુલન ઊભું થવાના પાયામાં મુખ્ય બે મહાપુરુષોની પ્રેરણા હતી (૧) પૂ.શાન્તાબેન (૨) પૂ.ભાઈશ્રી, તે બન્ને ધર્માત્માઓના મંગલ આશીર્વાદ થી...ત્યાં પ્રથમ શિબિરનું આયોજન થયું અને પછી પૂ.ભાઈશ્રીની નિશ્રામાં બનેલ ભવ્ય જિનાલયો તેમના સમર્થનની સાક્ષી પૂરતા...અને જૈનધર્મનો ગગનચુંબી ધર્મધ્વજ લહેરાવતા ઊભાં છે.

ભારતની સુપ્રસિદ્ધ નગરી કલકતામાં એક પણ કાનજી સ્વામી પ્રેરિત દિગમ્બર જિનમંદિર ન હતું. મુમુક્ષુની સંખ્યા ઘણી હતી. પૂ.ગુરુદેવશ્રીના જીવનનાં અંત સમય સુધી એક વિકલ્પ ખટકતો હતો કે **"કલકતામાં આપણું મંદિર નથી."** પૂ.ગુરુદેવશ્રીની ભાવનાને સાકાર કરવા અને મૂર્તિમંત કરવાનો પૂ.ભાઈશ્રીનો માનો કે સંકલ્પ ન હોય ! તેમણે હિન્દી જગતના આદરણીય સુપ્રસિદ્ધ આધ્યાત્મિક વક્તા વિદ્વાન 'બાબુ યુગલ કિશોરજી 'યુગલ' ને પોતાની ભાવના કલકતામાં શિક્ષણ શિબિર કરવાની છે, અને જિનમંદિર બનાવવાની છે. આ બન્ને દીર્ઘદૃષ્ટિ-ધારક,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કુશાગ્રબુદ્ધિવંત મહાપુરુષો દ્વારા પંદરદિવસીય શિક્ષણ શિબિરનું આયોજન થયું.

પછી ત્યાં જગ્યા લેવાઈ અને શિલાન્યાસ વિધિ બાદ આજે ત્યાં જિનમંદિર, સ્વાધ્યાય મંદિર, વીતરાગ વિજ્ઞાન પાઠશાળા, વગેરેનું વિશાળ પાયા ઉપર નૂતન નવ નિર્માણનું કાર્ય ચાલુ છે, આમ પૂ.ભાઈશ્રીના રચનાત્મક સહયોગથી, કુશળમાર્ગદર્શન અને પ્રબળ પ્રેરણાને કારણે કલકતા નગરી ભાગ્યશાળી બની.

**(૪૩) જીવંત જિનવાણીનું પ્રકાશન**

હંમેશાં મહાપુરુષોનું જેટલું અંતઃકરણ શુદ્ધ અને પવિત્ર હોય છે, તેના જેવું જ બાહ્ય જીવન પણ પવિત્ર અને શુદ્ધ હોય છે. પૂ.ભાઈશ્રીનું વ્યક્તિત્ત્વ જ પ્રભાવશાળી હતું. તેમના જીવનમાં કદી અહંકાર કે પ્રદર્શનનો ભાવ જરા પણ જોવા ન મલતો. પૂ.ગુરુદેવશ્રીના ઓડિયો કેસેટમાં રહેલી ચૈતન્ય જ્યોતિને અક્ષર દેહરૂપે પ્રકાશિત કરવામાં હંમેશાં પૂ.ભાઈશ્રી પ્રમુખ સ્થાને અને અગ્ર રહેતા. પ્રવચન રત્નાકર ૧૧ ભાગ છપાવવાની જાહેરાત કરી ત્યારે મુંબઈમાં સોના...ચાંદીનાં દાગીના અને પૈસાનો વરસાદ વરસી પડ્યો હતો.

તદ્ઉપરાંત નય પ્રજ્ઞાપન, અદ્વિતિય ચક્ષુ, અધ્યાત્મ પ્રવચન રત્નત્રય, જ્ઞાયકભાવ, ધ્યેય પૂર્વક જ્ઞેય, અધ્યાત્મવૈભવ, પ્રવચનરત્નો, આદિ અનેક શાસ્ત્રોને પ્રકાશિત કરવામાં મુખ્ય પ્રેરણા સ્ત્રોત રહ્યા હતા.

**(૪૪) આપશ્રીના પોતાના આત્મ દોહનમાંથી નીકળેલા મંત્રોની હારમાળા એક આગવી પ્રતિષ્ઠા ધરાવે છે. જેવા કે :**

(૧) હું જાણનાર છું; કરનાર નથી. જાણનારો જણાય છે; ખરેખર પર જણાતું નથી.

(૨) પ્રમાણની બહાર જવું નહીં; પ્રમાણમાં અટકવું નહીં.

(૩) થવા યોગ્ય થાય છે, જાણનારો જણાય છે.

(૪) પર્યાયની અસ્તિ, પણ મારામાં તેની નાસ્તિ; એવી મારી અસ્તિ એ અસ્તિની મસ્તી તેનું નામ અનુભવ.

(૫) પરિણામ મારા કર્યા વિના થયા કરે છે. અને જાણનારો જણાયા કરે છે.

(૬) અકર્તા+કર્તાકર્મનું અનન્યપણું=અનુભૂતિ.

(૭) રહિત પૂર્વક સહિત-ધ્યેય પૂર્વક જ્ઞેય.

(૮) સ્વપર પ્રકાશક અને સ્વપર પ્રતિભાસમાં તફાવત.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૯) એક દ્રવ્ય સ્વભાવ-બીજો પર્યાય સ્વભાવ.

(૧૦) અજ્ઞાની પ્રથમ પ્રમાણપૂર્વક નયમાં આવે છે. જ્યારે જ્ઞાનીને નયપૂર્વક સમ્યક્ પ્રમાણજ્ઞાન થાય છે.

(૧૧) પ્રતિભાસ (સ્વપર) બેનો; લક્ષ એકનું.

(૧૨) જેમ જગતમાં કોઈ નિમિત્ત નથી. તેમ જગતમાં તારા જ્ઞાનનું કોઈ જ્ઞેય નથી.

આમ અનેક સિદ્ધાંતોની ગંગોત્રી વહાવી છે. આ આપશ્રીની આગવી પ્રતિભા દર્શાવે છે. આવા તો અનેક મહામંત્રો આપી મુમુક્ષુ સમાજ ઉપર અવર્ણ્ય ઉપકાર કરેલ છે. જેથી સમસ્ત સમાજ આપનો અત્યંત ઋણી છે.

**(૪૫) રાજકોટની ગોંધીયા હૉસ્પિટલમાં થયેલ અંતિમ તત્ત્વ ચર્ચાઓ**

છેલ્લા ત્રણથી ચાર માસ પૂર્વેથી શારીરિક તબિયત થોડી નરમ રહેતી. બોન ટી.બી.નું બોમ્બે ઑપરેશન થયા બાદ તબિયત વધારે કથળી ત્યારે પૂ.ભાઈશ્રીના શ્રીમુખથી તેમનાં કુટુંબીજનોને ઊદ્દેશીને એવા ઉદ્ગારો સરી પડ્યા કે ‘‘આ દેહ હું તમોને સોંપી દઉં છું. તમારે આ દેહનું જે કરવું હોય તે કરો’’ અને ત્યારબાદ કુટુંબીજનોએ હૉસ્પિટલમાં દાખલ કર્યા.

ડૉક્ટર, પૂ.ભાઈશ્રીની તબિયત તપાસવા આવ્યા. ડૉ.પૂછ્યું, કેમ છે ભાઈ ? પૂ.ભાઈ કહે, આનંદમાં. ડૉ.કહે-લાલચંદભાઈ આપનું નામ શું છે ?

પૂ.ભાઈશ્રીએ ઉત્તર આપ્યો લાલચંદ અમરચંદ મોદી.

ડૉ.કહે-ભાઈ ! આપનું સરનામું શું છે ?

**ઉત્તર** :- હમણાં જ અનુભવ થયો. ૐ નમઃ સિદ્ધેભ્યઃ તે અમારું સરનામું છે.

જ્ઞાનીઓની અસ્તિની મસ્તી કોઈ જુદા પ્રકારની હોય છે. આ મસ્તી કોને સમજાય ? બાહરી ઈન્દ્રિયજ્ઞાનને આવરણ આવે છે, પરંતુ અતીન્દ્રિયજ્ઞાનને ક્યાં આવરણ આવે છે !! ‘‘સિદ્ધ ભગવાનનું શાશ્વત રહેઠાણ તે અમારું સરનામું છે.’’

જમવાની ચાર-છ વસ્તુમાંથી પૂછે કેઃ આપને શું ખાવું છે ? તરત જ કહે-આમાં બંધ છે કે મોક્ષ છે ?મૃતકલેવરની મૂર્છાથી પ્રથમથી જ નિસ્પૃહ હતા. અને જીવનનો અંત સમય જ્યારે નજીક આવ્યો ત્યારે નશ્વર જડ શરીર પણ સગા સ્નેહીજનોને સુપ્રત કરી અને શરીરના બોજથી નિર્ભાર થઈ ગયેલા. પછી પરિવારના સભ્યો શું કરે છે ? શરીર સંબંધી કોઈ જ વિકલ્પ નહીં.

તા.૧૭/૧/૯૮ નાં ડૉ.ઢેબર સાહેબ પૂ.ભાઈશ્રીને તપાસવા આવ્યા ત્યારે ડૉ. સાહેબે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂછ્યું "લાલચંદભાઈ કેમ છો ?" બે વખત પૂછ્યું, બાદમાં ભાઈશ્રીએ ઉત્તર આપ્યો કે "હું ત્રિકાળી આત્મા છું."

રાત્રિના ભક્તો તેમની શ્રુસેવા કરતા અને સાથે પરમાગમની ગાથાઓ સંભળાવતા. જ્યારે સમયસારની ૧૮૧ થી ૧૮૩ ગાથામાં આવ્યું કે : "ઉપયોગમાં ઉપયોગ છે. ઉપયોગમાં ક્રોધાદિ નથી." આ ગાથા સાંભળી પૂ.ભાઈશ્રી બોલ્યા કે : ઉપયોગમાં ક્રોધાદિ આવે ક્યાંથી ? જુદા જ છે ને ? પછી જુદા (વિશેષ અપેક્ષાએ) થઈ ગયા. બાદમાં કરુણા કરીને કહે-એને ભેગા કાં કરો ? પછી બોલ્યા-"હું ત્રિકાળ છું." ફરી બોલ્યા, "હું ત્રિકાળ છું ને ક્ષણિક નથી." "હું આવો જ છું...હું આવો જ છું...હું આવો જ છું" તેમ ત્રણ વખત બોલ્યા. ત્યાર પછીના દિવસોમાં બોલ્યા, **"જે ભાવે બંધ થાય છે તે ભાવ તારો નથી."** આ વાત પરમ સત્ય છે. ગુરુદેવને કોઈ સમજતું નથી અને મારી વાત કોઈ સાંભળતું નથી.

**(૪૬) અધ્યાત્મસૂર્ય અસ્ત થયો.**

દિવસો ઉપર દિવસો પસાર થયે જતા હતા, પાંચ ઈન્દ્રિયો ક્ષીણ થતી જતી હતી; જીવનચક્રની શૃંખલા કપાતી જતી હતી; આયુષ્યરૂપી મનુષ્ય પર્યાય છેદ તરફ જઈ રહી હતી, ધીરે-ધીરે જીવન જ્યોતિ મંદતર થતી જતી હતી.

પ્રકૃતિની સનાતન પ્રણાલિકા મુજબ જગતવાસી મોહી જીવો વિશ્રામ માટે નીરવ નિશાના અંકમાં પોઢી ગયા હતા; કોલાહલમયી નગરીમાં સન્નાટો છવાઈ ગયો હતો; ચંદ્રમાની ચાંદની પોતાની મીઠી શીતળતા પ્રસરાવી સર્વ પ્રાણીઓને નિલયના આંચલમાં સુખ શય્યા આપી રહી હતી. જાગૃત આત્માર્થી જીવો સાંસારિક કાર્યોથી નિરાકુલિત થઈ તત્ત્વોનું ચિંતન કરી રહ્યા હતા; ભક્તો વ્હાલા ગુરુને વૈરાગ્ય પ્રેરક ભક્તિ સંભળાવી રહ્યા હતા, શ્રી સમયસારજીનો ૧૮૫ નંબરનો કળશ ગવાતો હતો ત્યારે બંને આંખો છેલ્લી ખુલી અને થોડી વાર પછી...!!

હવે બાકી રહેલા અમ બાળકોનાં પુણ્ય પણ ખલાસ થઈ ગયા હતા...તા.૪/૨/૯૮ ના મહાસુદ નોમના બુધવારે રાત્રે એક વાગ્યાને વીસ મીનીટે ભરતક્ષેત્રનો અધ્યાત્મનો સુવર્ણ ઈતિહાસ જાણે બે ઘડી થંભી ગયો, અમારા સૌનું ભક્તહૃદય જાણે ધબકારા લેતું બંધ થઈ ગયું; વ્હાલાગુરુની અલવિદાની વાસ્તવિક્તા સ્વીકારવા અમારું સૌનું મન બે ઘડી તૈયાર ન થયું. ખેર ! અંતે વાસ્તવિક્તાનો સ્વીકાર તો કરવો જ રહ્યોને !!

ધન્ય છે તેમનું જીવન કે જેમને મૃત્યુ પણ ભયભીત નથી કરી શકતું. "અબ હમ અમર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભયે ન મરેંગે કભી.'' અમરના લાલ અમૃતસાગરમાં કેલિ કરી અમૃતપાન કરી અમર થયા.

આમ સાધક પૂર્ણ સાધનાના સોપાન સર કરવા સિધાવ્યા.

''महादिव्याकुक्षीरत्नम् परंपरा पथोदधोषकम् ।
लालचन्द्रम् अहम् वन्दे कहानगुरुतत्त्वाढयम् ॥''

### (૪૭) ગુરુ-શિષ્યની ચિર વિદાયથી અધ્યાત્મજગતમાં શૂન્યતા

ગુરુ-શિષ્યના વિયોગથી સમસ્ત મુમુક્ષુ સમાજ દિશા વિહીન થઈ ગયો છે. પૂ.ભાઈશ્રી સર્વે મુમુક્ષુજનોના અવગાહનમયી હતા. આજે બાળકો છત્ર વિનાના થયા. આપશ્રીની વિદાયના સમાચાર વીજળી વેગે ચારે દિશામાં ફેલાઈ ગયા. સમગ્ર જૈન સમાજમાં સન્નાટો છવાઈ ગયો. આપના વિયોગથી લાખો આંખો સજલ મેઘની જેમ વરસી પડી. આપશ્રી અમોને જાગૃત અને બળવંત બનાવીને ગયા છો. ચૈતન્ય હીરલો અમારી વચ્ચે નથી, પરંતુ ચૈતન્ય હીરાની ચમક એટલે અમૂલ્ય તત્ત્વજ્ઞાનનો ખજાનો વારસામાં અમોને સુપ્રત કરતા ગયા છો. ઓડિયો-વિડિયોમાં સંગ્રહીત દિવ્યવાણી આજ પછીના સાડા અઢાર હજાર વર્ષો સુધી અજ્ઞાન અંધકારનો નાશ કરશે. અને ભવ્યજીવોને મુક્તિમાર્ગમાં પુરુષાર્થ પ્રદાન કરતી પલ્લવિત, પુષ્પિત, અને ફલિત થતી દશે-દિશામાં યશોગાનના સૂરને સમૃદ્ધ કરશે.

### (૪૮) યુવામિત્ર આત્માર્થી વિદ્વાન ડૉ.ચંદુભાઈએ આપેલી શ્રદ્ધાંજલિ

અમે પાઠશાળામાં ભણતા ત્યારથી જ મુ.લાલચંદભાઈ મારાથી આગળને આગળ જ રહ્યા. તેમનામાં એ વિશિષ્ટતા હતી કે તત્ત્વ પ્રત્યેની સૂક્ષ્મ રુચિમાં શુદ્ધાત્મ તત્ત્વ શું છે ? અને તેની કેમ પ્રાપ્તિ થાય તે જ લગની લાગેલી. તેમની પ્રવચન શૈલી પૂ.ગુરુદેવ જેવી જ હતી. રાજકોટ સંઘ ઉપર મુ.લાલચંદભાઈનો ઘણો જ ઉપકાર છે. **''લાલુભાઈ કહો કે શુદ્ધનય કહો તે બન્ને એકાર્થ છે.''**

તેઓશ્રી દ્રવ્યાનુયોગના નિષ્ણાત, ભેદવિજ્ઞાનમાં નિષ્ણાત. તેમને વ્યવહારની વાત હંમેશાં ખટકતી, ક્યારેક કહેવી પડે તો કહે પણ...તેનો નિષેધ પ્રથમ કરાવતા. પ્રયોજનભૂત સિવાય કોઈ બીજી વાત ન કરતા. એ તેમની તત્ત્વ પીરસવાની શૈલી હતી.

### (૪૯) ચારેબાજુ છવાયેલી ચેતનની ચૈતન્ય પ્રભા

જૈન હિન્દી જગતના વિનમ્ર અને મિષ્ટભાષી, આધ્યાત્મિક શૈલીના લોહચુંબક વક્તા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આદરણીય વિદ્વદ્દર્ય શ્રી યુગલજી સાહેબ તો અનેક શિબિરોમાં, પંચકલ્યાણકોમાં, પત્રોમાં તેમજ પ્રવચનો દરમ્યાન અનેક વખત યાદ કરતા અને કહેતા. ઈસ..યુગમેં તો પૂ.ગુરુદેવકા તત્ત્વ, **આદરણીય લાલચંદભાઈ કે પાસ સુરક્ષિત હૈ.** કિન્તુ ! અભાગા યુગ સ્થૂલ બુદ્ધિ હોને સે ઉનકે સાનિધ્યસે વંચિત રહ ગયા હૈ. મૈંને તો ઉનસે બહુત કુછ શીખા હૈ. **લાલચંદભાઈજીકી ઈસ પામર પર બડી અનુકમ્પા હૈ.**

**(૫૦) કથનાક્ષરી કથન ન પાવે, અનંતગુણાક્ષરી તારું લેખન :-**

હે ! ગુણ ગંભીરા ગુણી પ્રભુવર; આપશ્રીના અપારગુણોનું વર્ણન હું શી રીતે કરી શકું !! આપશ્રીએ આ ભૂમંડલ પર અધ્યાત્મની વાટિકાને સુરક્ષિત રાખી છે, ઉપરાંત તેમાં જ્ઞાનાનંદનું સિંચન કરી અને તેને વૃદ્ધિગત પણ કરી છે.

જ્યારે-જ્યારે પરમ શ્રદ્ધેય પૂ.ભાઈશ્રીની યાદ આવતાંની સાથે જ અનેકા અનેક ઘટના એક સાથે સ્મૃતિમાં ઉભરવા લાગે છે. મહાન વ્યક્તિઓના જીવનનું હર કદમ મહાન જ હોય છે. તેમની સમસ્ત ક્રિયાઓમાં પણ મહાનતાના દર્શન થાય છે. જેમના જીવનમાં પર્યાય દૃષ્ટિનો ધ્વંસ થયો હોય અને દ્રવ્યદૃષ્ટિપૂર્વક જ્ઞાનલતાઓ સુવિકસિત થઈ ઝૂમતી હોય, તેમનું સમગ્ર જીવન અલૌકિક બની જાય છે.

મને પૂ.ભાઈશ્રીનો પરિચય ૧૯૮૦માં અર્થાત્ આજથી ૧૮ વર્ષ પૂર્વેથી થયો છે. તેઓશ્રીના પ્રથમ દર્શન અને પરિચયની છાપ આજ પણ મારા મનમાં અંકિત છે. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ મેં તેમને મોક્ષમાર્ગથી વિચલિત થતા જોયા નથી. તેમનું સંપૂર્ણ આદર્શ જીવન મારા માટે સદા અનુકરણીય, પ્રેરક અને માર્ગદૃષ્ટા રહેશે તેમની ચૈતન્યના રણકાર કરતી જ્ઞાન ગર્જના આજે પણ પુરુષાર્થ પ્રગટાવે છે. તેમની સૌમ્ય મુખમુદ્રા દિવ્ય તેજસ્વી વિચિક્ષણતા, ભેદજ્ઞાનની અખંડ અવિચ્છિન્ન ધારા, અધ્યાત્મ જગતમાં સદા સૌરભ પ્રસરાવતી રહેશે.

આપશ્રીની ધર્મવીરતા, વાત્સલ્યતા સદા અમર રહેશે. તમ જેવા યુગ પુરુષો યુગ-યુગ સુધી મુક્તિ સંદેશ ફેલાવતા થકા, જૈનશાસનના કણેકણમાં અમરના લાલની અમર ગાથા અમરત્વનું પ્રદાન કરતી રહેશે.

**(૫૧) મુક્તિયાત્રાના મનસ્વીની જીવન ગાથા**

જેમ સરિતા પોતાના લક્ષ્ય તરફ નિરંતર પ્રયાણ કરતી રહે છે, અને સમુદ્રને મળતાં સ્વયં તે સમુદ્ર બની જાય છે. પ્રયાણ કરતી સરિતાના માર્ગમાં આવનારને ચિર સંચિત તૃષા શાંત થાય છે અને હરિયાળી ખીલી ઊઠે છે, તેમ તમે તમારી અધૂરી મુક્તિયાત્રા પૂર્ણ કરવા એક



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પથપ્રદર્શકના રૂપમાં અમને મળ્યા અને મુક્તિ મુસાફર નિજ મુક્તિરમા વરવા ફરીથી મુક્તિમાર્ગ પર અગ્રસર થઈ ગયા. તમારું દુર્લભ સાનિધ્ય અમારા જીવનપંથને સદા આલોકિત કરતું રહેશે.

## (૫૨) ભક્તિના વર્ણ રૂપી પુષ્પોની પુષ્પાંજલિ

સૂર્ય તેની તેજસ્વિતા, ચંદ્રમા તેની ચંદ્રિકા, હિમાલય તેની ગરિમા, સમુદ્ર તેની ગહેરાઈ અગર આપશ્રીને અર્પણ કરે તો પણ તે સિંધુમાં બિંદુ સમાન અલ્પ જ રહે. તત્ત્વજ્ઞાનના તેજથી દેદીપ્યતમાન એવી આપની જીવનગાથા હું કઈ વિધ આલેખું !? કલમમાં શક્તિ નથી, શબ્દોમાં સામર્થ્ય નથી કે આપની ગૌરવશાળી ગુણગાથા ગાઉં !

જેવી રીતે ભગવાનના જ્ઞાનમાં આવે છે તેટલું દિવ્ય ધ્વનિમાં નથી આવતું, જેટલું દિવ્ય ધ્વનિમાં આવે છે તેટલું ગણધરજી ઝીલી નથી શક્તા, જેટલું ઝીલે છે તેટલું રચી નથી શક્તા, તેવી રીતે મારા ઉરમાંથી ઉમટતા ભાવનાના પૂરને વાચા આપવામાં મારી કલમ સર્વથા અસમર્થ છે. જેમ જ્ઞાયક ભાવની કથની કહી શકાતી નથી, તે તો કેવળ અનુભવાય છે; તેમ આપશ્રીના અપાર ગુણોનું વર્ણન થઈ શક્તું નથી માત્ર અનુભવી શકાય છે.

ગણ્યા ગણાય નહીં, કહ્યા કહેવાય નહીં, હૃદયમાં સમાય નહીં; તેમાંથી શું આલેખું અને શું ન આલેખું ? શું વર્ણવું અને શું ન વર્ણવું ? તેવી મીઠી મૂંઝવણમાંથી માર્ગ મેળવવાની અથાગ કોશિશ રૂપી આ એક મારો નમ્ર પ્રયાસ છે. ખરેખર સત્ પુરુષોને શબ્દોની સીમામાં બાંધી શકાતા નથી; કોઈ પણ મહાપુરુષની યશગાથા કદી પૂર્ણ થતી નથી; કારણકે તેઓ સ્વયં સાક્ષાત્ વિરાટ પુરાણના રૂપમાં જ હોય છે. પૂ.ભાઈશ્રીના જીવનના હરપેજ ઉપર એક અનોખી ગાથા લખેલી છે જેને વાંચવા માટે, ચર્મચક્ષુ નહીં પરંતુ અદ્વિતીય ચક્ષુ-જ્ઞાન ચક્ષુ જોઈએ.

મારા હૃદયરૂપી મંદિરમાં બિરાજમાન, શ્રદ્ધારૂપી સિંહાસન પર આરૂઢ, અકારણ કરુણાના મેઘ વરસાવનાર, અમબાળકોના જીવન ઘડવૈયા, સંસાર રૂપી નાવના ખેવૈયા હે ! સન્માર્ગદર્શી કહાનલાલ ! અમ બાળકો વીતરાગી માર્ગે પ્રયાણ કરી પૂર્ણતા સાધીએ અને તેમાં સદાય તમારી પ્રેરણા મળતી રહે તેવી અભિલાષા સહ...

ઉપકારના ઉપકૃત ભાવથી ભીંજાયેલા હૃદયકમળમાં આપની ભાવસ્મારિકા સદા પ્રતિષ્ઠિત છે તેવા જૈનાકાશને...!...!

''પરમાગમનો સાર જેમણે કર્યો હર સમય અર્પણ;
એવા કહાનલાલને, શ્રદ્ધા સુમન મારા સમર્પણ.''



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**"મંગલમ્ ભગવાન વીરો, મંગલમ્ ગૌતમો ગણી !**

**મંગલમ્ કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલમ્ !!"**

# ઉપકૃતતા

**સ્વભાવથી સ્વભાવને સાધનારા;**

**સ્વભાવથી સ્વભાવને પ્રકાશનારા;**

**સ્વભાવ દ્વારા સ્વભાવના મેઘ વરસાવનારા**

**ઉત્કૃષ્ટ સાધક "પૂ.ભાઈશ્રી" લાલચંદભાઈ પ્રત્યે ઉપકૃતતા.**

**(૧) અખંડિત પ્રવાહમાન સ્વભાવધારા :-**

શ્રી આદ્ય સ્તુતિકારથી ચરમ તીર્થંકર દ્વારા, તેમજ વિદેહીનાથની દિવ્યધ્વનિમાંથી પ્રસ્ફુટિત નિર્મલ સ્વભાવધારા અક્ષુણ્ણ વહેતી; ભાવલિંગી સંતો દ્વારા અવિચ્છિન્ન પ્રવાહિત તે મંગલધારા; જ્ઞાની ધર્માત્માઓ દ્વારા અનવરતપણે નિર્ઝરતી; જૈનદર્શનની ગરિમાને ગજાવતી; નયજ્ઞાન અર્થાત્ અજ્ઞાનનું પ્રક્ષાલન કરતી અને સ્વભાવનું સ્થાપન કરતી આજે પણ આપણને ઉપલબ્ધમાન છે.

ભરતક્ષેત્રના ભવ્યજીવોની જ્યાં આસન્નભવ્યતા ઊર્ધ્વ થઈ ત્યાં મધુમય "દ્રવ્યસ્વભાવ અને પર્યાય સ્વભાવ" પ્રકાશિત થયો. આત્માર્થીજીવોને પૂ.ભાઈશ્રીની આ મૌલિક ભેટ છે. આપશ્રીના ચંદ્રવદનથી ઝરેલું જ્ઞાન ચંદ્રિકામય અમૃતકોષ એટલે "સ્વભાવથી સ્વભાવને જાણ, કોઈ નયથી નહીં." આ વચનની પરાકાષ્ઠા છે. તેમજ દેશનાનું અંતિમ ચરણ છે. આના પછી ખરેખર કોઈ વચન હોતું જ નથી. અલમ્... અલમ્... અલમ્.

નિરપેક્ષ વસ્તુ સ્વભાવને નિશ્ચયનય-વ્યવહારનયથી જોવું તે જ વિષમભાવ છે. અને સ્વભાવથી સ્વભાવને વિચારવું, દેખવું તે જ મધ્યસ્થભાવ છે. સ્વભાવથી સ્વભાવને જાણતાં એ ફાયદો થયો કે વિધિ-નિષેધના કલેશમય વિકલ્પો વિરામ પામ્યા.

હે ! પૂ. ભાઈશ્રી ! આપે સ્વાંગ વિહીન, નયવર્જિત, ગુંજતો સ્વભાવ દર્શાવી; બાર અંગ અને ચૌદ પૂર્વનો સાર આપ્યો છે. અને પહેલી ઉક્તિની યાદ અપાવી છે કે : "ગાગરમાં સાગર." આ પંક્તિને આપશ્રીએ અણમોલપણે ચરિતાર્થ કરી છે.

અતુલ ચૈતન્યની ઊંડાઈમાં સ્પર્શાયેલી આપશ્રીની પ્રજ્ઞાએ, સ્વભાવનું અવગાહન કરી, લોકોત્તર તત્ત્વનાં સૂક્ષ્મ રહસ્યોનું મંથન કરી, અને જે 'દ્રવ્યસ્વભાવ-પર્યાયસ્વભાવ' તેની જે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મણિમુક્તા વિખેરી છે તે દિગમ્બર દર્શનની નિર્ભ્રાંત ક્ષિતિજ ઉપર શાશ્વત 'શ્રી'ના રૂપમાં સદા સન્માનિત રહેશે. તેમજ સજગ તત્ત્વસ્નેહીઓને આત્મસાત્ કરાવી દેવામાં સક્ષમ અને પૂર્ણ છે અને રહેશે.

**(૨) મંગલાચરણ :-**

[૧]મંગલાચરણમાં સ્તુતિરૂપ ઉપાસનાનો ઉદ્દેશ્ય કહે છે કે: स्वस्वभावोपलब्धये હું પોતાની ઉપલબ્ધિ માટે સિદ્ધિની સિદ્ધિને પામેલા સિદ્ધ સમૂહની સ્તુતિ કરું છું. મારી આ ઉપાસના સ્વસ્વભાવની-આત્માના વાસ્તવિક સ્વરૂપની-પ્રાપ્તિ માટે છે.

અહીં એ પ્રશ્ન થઈ શકે છે કે સ્વભાવનો કદી અભાવ થઈ શક્તો નથી, તે સદા વસ્તુમાં વિદ્યમાન રહે છે; તો પછી એ સ્વભાવની ઉપલબ્ધિ કેવી ? અને તે માટે પ્રયત્ન કેવો ?

એના જવાબમાં હું એટલું જ કહેવા ઈચ્છું છું કે સ્વભાવનો કદી અભાવ થતો નથી, એ બરોબર છે, પરંતુ તેનો તિરોભાવ (આચ્છાદન) થાય છે તથા થઈ શકે છે. આત્માનું વૈભાવિક પરિણમન સદાને માટે દૂર કરી તેને તેના શુદ્ધ સ્વરૂપમાં સ્થિત કરવો 'તે જ' સ્વસ્વભાવોપલબ્ધિ કહેવાય છે. જેને માટે પ્રયત્ન હોવો જરૂરી છે.

**(૩) દ્રવ્ય સ્વભાવ તે નયોના નખરાને નાથવાનું હથિયાર છે :-**

દ્રવ્યસ્વભાવ અને પર્યાય સ્વભાવ એ તો જિનેન્દ્રદેવ અને આચાર્ય ભગવંતોનું હૃદય છે. જેમ બોરડીના ટોચના બોર બહુમીઠા હોય તેમ આ સર્વોચ્ચ કોટિની વાત છે. જેવો સ્વભાવ છે તેવો સ્વીકાર કરતાં ભેદજ્ઞાન આપોઆપ થઈ જાય છે. એનું વજન સ્વભાવ ઉપર જવું જોઈએ. નય અપેક્ષિત હોવાથી નયમાં એકાંત લગાવે તો મિથ્યા થાય છે. પરંતુ સ્વભાવ અપેક્ષિત ક્યાં છે ? એ તો નિરપેક્ષ છે, તેથી સ્વભાવમાં એકાંત લગાવતાં સમ્યક્ એકાંત પ્રગટ થાય છે.

**(૪) જિનવાણીમાં સ્વભાવ નિધાનનાં વિધાન :-**

"[૨]स्वभावेन ज्ञायकं"-"આત્મા સ્વભાવથી જ જ્ઞાયક છે." "[૩]આત્મા સ્વભાવથી જ પ્રત્યક્ષ જ્ઞાતા છે." "[૪]જાણવું અને આત્માને જાણવારૂપે પરિણમવું" તે જ્ઞેયનો સ્વભાવ છે. "[૫]પ્રમત્ત અપ્રમત્તથી રહિત નિત્ય ઉદ્યોત રૂપ જ્ઞાયક સ્વભાવ, અનાદિ અનંત સત્તારૂપ છે."

---

૧-યોગાસાર પ્રભૃત અમિતગતિ આ. નું મંગલાચરણ.
૨-પ્ર.સાર ગાથા-૨૦૦
૩- પ્ર.સાર ગાથા-૧૭૨
૪-સ.સાર ગાથા-૨



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



''[૬]શુદ્ધનય એક જ છે તેથી તે સત્યાર્થ અને ભૂતાર્થ છે.'' ''[૭]આબાલ ગોપાલ સૌને અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા સ્વયમેવ અનુભવમાં આવે છે.'' આચાર્યદેવે આમાં ક્યાંય નયનો પ્રયોગ કર્યો જ નથી. તે ભગવાન આત્મા કેવો છે ? ''[૮]સદાય વિજ્ઞાનઘન સ્વભાવી છે.'' ''[૯]ઉપયોગમાં ઉપયોગ છે'' તે પણ સ્વાભાવિક સ્વભાવ છે. અર્થાત્ જ્ઞાન સ્વભાવથી જ સ્વભાવ સિદ્ધ આત્માને જાણે છે. વાહ રે ! વાહ ! નિરપેક્ષ સ્વભાવ તો ખરેખર અનુભવીઓના અનુભવમાં જ સ્થિત છે.

વળી જેમ સિદ્ધાંતમાં સ્વભાવ દર્શાવ્યો છે તેમ ક્યાંક ક્યાંય દૃષ્ટાંતમાં પણ સ્વભાવ ઝળકે છે. ''[૧૦]શંખ સ્વભાવથી જ શ્વેત છે.'' જિનવાણીમાં રહેલા કોહીનૂરના હીરા જેને સ્વભાવચક્ષુ પ્રાપ્ત થાય છે તેને મળે છે. પરંતુ જેમનું હૃદય માત્ર નયજ્ઞાન-ખંડખંડજ્ઞાનથી જ વિમોહિત છે તેને માટે પરમ...પરમ કરુણા કરીને આચાર્ય દેવ કહે છે; ''[૧૧]अयम् आत्मा नयक्षण खण्डयमानः सद्यः प्रणश्यति.'' આ જીવ વસ્તુ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એવા અનેક વિકલ્પરૂપ અનેક લોચન તેમના દ્વારા અનેકરૂપ જોવામાં આવતી થકી (सद्यः प्रणश्यति) ખંડખંડરૂપ થઈને મૂળથી શોધી જડતી નથી. અર્થાત્ નાશ પામે છે.

**(૫) જિનાગમમાં પ્રતિપાદિત પર્યાય સ્વભાવ :-**

સંતોના વચનો દુર્લભ અને દુર્ગમ્ય છે; તેનું માપ અજ્ઞાનીની મતિ કેવી રીતે માપી શકે ? તેથી તો કહ્યું છે કે; પાણીના શીત-ઉષ્ણતાનું માપ આંગળીથી નહીં નીકળે ! પણ ''[૧૨]સ્વભાવગ્રાહીજ્ઞાનથી જ'' તેનું માપ નીકળશે. જે દિવ્ય ધ્વનિમાં આવ્યું છે તે કુંદ પ્રભુ કહે છે. ''[૧૩]નવ તત્ત્વોને ભૂતાર્થનયથી જાણતાં સમ્યક્દર્શન થાય છે.'' નવ તત્ત્વોને ''થવા યોગ્ય થાય છે'' તેમ પર્યાય સ્વભાવને નિરપેક્ષ જાણ. પર્યાયને જાણવામાં ભૂલ રહી જશે તો પણ સમ્યક્ દર્શન નહીં થાય. આ પર્યાય સ્વભાવ પણ અંતરંગમાં મૂર્તિમંત કરવા જેવો છે. ''[૧૪]સત્ અહેતુક એક જ્ઞપ્તિ જેનો સ્વભાવ છે'' ''[૧૫]પર્યાય તેના ષટ્કારકથી'' તેની ''[૧૬]જન્મક્ષણે'' થાય છે. ''[૧૭]ક્ષણિક ઉપાદાન'' નિરપેક્ષ જ હોય.

---

૫-સ.સાર ગાથા-૬ ૬-સ.સાર ગાથા-૧૧ ૭-સ.સાર ગાથા ૧૭-૧૮
૮-સ.સાર ગાથા ૭૨ ૯-સ.સાર ગાથા ૧૮૧ થી ૧૮૩ ૧૦-કળશટીકા-૧૫૦ કળશ
૧૧-કળશટીકા-૨૭૦ કળશ ૧૨-કળશટીકા-૬૦ કળશ ૧૩-સ.સાર ગાથા-૧૩
૧૪-સ.સાર ૨૭૦ ગાથા ૧૫-શ્રી પંચાસ્તિકાય ૬૨ ગાથા ૧૬-શ્રી પ્ર.સાર ૧૦૨ ગાથા
૧૭-શ્રી. સ.સાર જયસેન આ. ૧૦૨ ગાથા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આગમના આધારથી પણ સ્વભાવની શ્રદ્ધા કરનાર મહાભાગ્યશાળી છે. ''[૧૮]આ જગતમાં વસ્તુ છે તે સ્વભાવમાત્ર છે.'' સ્વભાવ શબ્દ જ એ વાતને સિદ્ધ કરે છે કે સ્વનો ભાવ નિજનો ભાવ હોય તે સ્વભાવ છે. સ્વનું અસ્તિત્ત્વ જે ભાવ વિના જોવા ન મળે તેને સ્વભાવ કહે છે. અને તેથી કહ્યું છે કે, ''સ્વનું ભવન તે સ્વભાવ હોવાથી...'' ''[૧૯]જ્ઞાનક્રિયા સ્વભાવભૂત'' છે. સાધક આવા સ્વભાવની મોજ માણતાં-માણતાં મોક્ષ નિકેતનમાં બિરાજી જાય છે. ''[૨૦]જ્ઞાયક નથી ત્યમ પર તણો'' દર્શક નથી, ''સંયત નથી ત્યમ પરતણો'' આત્માર્થી જીવોને આવા ''જ્ઞાન-દર્શન-ચારિત્રની'' પર્યાયનો નિશ્ચય મળતાં હૃદય ડોલી ઊઠે છે. ''[૨૧]જીવ પણ ગ્રહવા ન જાયે કર્ણગોચર શબ્દને'', આવા નિરપેક્ષ સ્વભાવની સૂરાવલી સાંભળવી ગમે છે અને ધર્માત્માઓ મુક્તકંઠે સંભળાવે છે. ''[૨૨]અર્થવિકલ્પો જ્ઞાનં પ્રમાણં'' ''एतत् अपि लक्षणंअसत्.'' નિર્વિષય જ્ઞાનનું સ્વરૂપ કોઈને કોઈ અવલંબન વિના કહી શકાતું નથી; અને સ્વપર વિષયથી તે જ્ઞાનને સિદ્ધ કરતાં તે સત્ લક્ષણ રહેતું નથી.

આમ અસ્ખલિત દ્રવ્યસ્વભાવ જ્ઞાયકનું ભાન કરાવે છે અને પર્યાય સ્વભાવ પરિણામનું યથાર્થ જ્ઞાન કરાવે છે.

આમ સ્વભાવથી સ્વભાવને જુએ છે ત્યાં સ્વાભાવિક સ્વભાવમાં સહજ પદાર્પણ થઈ જાય છે. એ જ શ્રેય છે. હે ! પૂ. ભાઈશ્રી ! પ્રમાણદૃષ્ટિ જુદી, નયદૃષ્ટિ જુદી અને સ્વભાવદૃષ્ટિ જુદી દર્શાવી આ પંચમકાળે સ્વભાવની સન્નિહિત્નાં સ્વસ્તિ આપ્યા છે.

**(૬) સાપેક્ષદૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ અને નિરપેક્ષ દૃષ્ટિ તે સમ્યક્દૃષ્ટિ :-**

[૨૩]આત્માનો સ્વભાવ જ્ઞાન અને જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવાનો છે તેમાં બન્ને વાત સ્વભાવથી જ કરી. આત્માનું જ્ઞાન હોવાથી અનાદિથી જ્ઞાન આત્માને જ જાણી રહ્યું છે. વસ્તુ સ્વભાવ નિરપેક્ષ અને નયાતીત હોવાથી..વસ્તુ નિરપેક્ષપણે જ જાણવામાં આવે છે. તેથી તેને જાણવામાં કોઈ નયની આવશ્યક્તા જ નથી.

નિશ્ચયનયથી પણ આત્મા ન જણાય તેમ કહીને તમારે શું કહેવું છે ? જ્ઞાન લક્ષણનો સ્વભાવ જ એવો છે કે પરનું લક્ષ કરે નહીં, અને લક્ષ્યનું લક્ષ છોડે નહીં અને લક્ષ્ય-લક્ષણનો ભેદ રહે નહીં.

૧૮-શ્રી સ.સાર ગાથા ૭૧
૧૯-શ્રી સ.સાર ગાથા ૬૯,૭૦
૨૦-શ્રી સ.સાર ગાથા ૩૫૬-૩૬૫
૨૧-શ્રી સ.સાર ગાથા ૩૭૩ થી ૩૮૨
૨૨- શ્રી પંચાધ્યાય ગાથા ૫૪૨ થી ૫૪૩
૨૩-શ્રી સ.સાર ગાથા-૧૪૪



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવથી જ જાણનારો જાણવામાં આવી રહ્યો છે તેમાં સ્વભાવ જ લક્ષમાં આવે છે. આ પારિણામિક ભાવે ચાલતા ફંકશનનો સ્વીકાર એટલે અનુભવ. અનુભવમાં અનુભવ નથી દેખાતો, અનુભવમાં તો વસ્તુસ્થિતિ દેખાય છે. તેથી સ્વભાવથી જ સ્વભાવની સિદ્ધિ તેમજ પ્રસિદ્ધિ થાય છે, પરંતુ કોઈ નયથી નહીં. જો વિકલ્પરૂપ નિશ્ચયનય સાધન હોય તો અનુભવમાં સાથે રહેવી જોઈએ, પણ અનુભવનો ઉત્પાદ થતાં તેનું અસ્તિત્ત્વજ રહેતું નથી.

આમ દ્રવ્યને સ્વભાવથી જોવાના ફળમાં દ્રવ્યદૃષ્ટિ થઈ. અને પર્યાયને સ્વભાવથી જોવાના ફળમાં પર્યાયનું લક્ષ છૂટે છે અને પર્યાયનું યથાર્થ જ્ઞાન થાય છે. આમ બન્નેને સ્વભાવથી જાણતાં એક અનુભવ થાય છે. તેથી ફલિત થાય છે કે જ્ઞાન અનાદિ અનંત સ્વભાવથી જ આત્માને જાણતું હોવાથી તેમાં નયની જરૂરત રહેતી નથી. અને જો એક સમય માત્ર પણ જ્ઞાન આત્માને જાણવાનું છોડી દે તો જ્ઞાન રહેતું નથી.

**(૭) પંચમકાળે ડબલ એન્જીન લાગે છે :-**

પર્યાય કઈ નયથી થવા યોગ્ય થાય છે? અરે! સ્વભાવથી જ ''[૧]થવા યોગ્ય થાય છે.'' પર્યાયનું કર્તા-કારણ સ્વભાવથી જ પર્યાય છે; તેનું કર્તા-કારણ 'સ્વ' નથી તેમજ 'પર' પણ નથી. 'થવા યોગ્ય થાય છે' એમ લેતાં નિર્ણય થાય છે. અનુભવ પહેલાં આવો એક પ્રકાર આવી જાય છે. પણ તેટલા માત્રથી અનુભવ થતો નથી.

પછી ''થવા યોગ્ય થાય છે'' એમ પણ જાણવાનું બંધ થઈ જાય છે અને પર્યાયનું લક્ષ છૂટતાં જ્ઞાયકનાં દર્શન થાય છે. પરંતુ કોઈ જીવ એવો છે કે તેણે માત્ર અકર્તાના સ્વભાવને જાણીને જ અનુભવ કર્યો છે તેને પર્યાય સ્વભાવનો ખ્યાલ નથી, તેમાં જોખમ છે. તેને માટેનું સુંદર દૃષ્ટાંત પૂ.ભાઈશ્રી આપતા હતા; કેઃ ત્રણ હજાર ફૂટની ઊંચાઈવાળો કોઈ પર્વત છે. હવે આ પર્વત ઉપર જ્યારે ટ્રેન ચઢે છે, ત્યારે તે ટ્રેનમાં ડબલ એન્જીન જોડવામાં આવેલા હોય છે. આગળનું એન્જીન ટ્રેનને આગળ ખેંચે છે, અને પાછળનું એન્જીન ટ્રેનને આગળ વધવા માટે ધક્કો મારે છે. આમ થવાથી આગળના એન્જીનને વધારે બળ મળતું હોવાથી ટ્રેન સરળતાથી પર્વત ઉપર ચઢાણ ચઢે છે.

તેમ આત્મા અકર્તા છે; કેવળજ્ઞાતા છે તે વાત તો સાચી છે, અને કોઈને તેમાં અનુભવ પણ થઈ જાય છે, પરંતુ ''પર્યાય થવા યોગ્ય થાય છે એ પર્યાય'' એ પર્યાય સ્વભાવનું પડખું કાચું રહી ગયું તો જોખમ છે. અને પર્યાય ''થવા યોગ્ય થાય છે'' એ પડખું પાકું કરી અને તેનું લક્ષ

૧-શ્રી સ.સાર ગાથા ૧૩



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છોડીને અંદર જાય તો ક્ષાયિકવત્ સમ્યક્દર્શન થાય છે અર્થાત્ બેવડે દોરે કામ થાય છે.

''પર્યાય થવા યોગ્ય થાય છે'' આ પર્યાય સ્વભાવનું બીજું એન્જીન લાગી ગયું હોવાથી..અર્થાત્ દ્રવ્ય સ્વભાવ તેમજ પર્યાયસ્વભાવ બન્ને ખ્યાલમાં હોવાથી તેને કાલાન્તરે પણ પર્યાયના કર્તાપણાની તેમજ કારણપણાની ભ્રાંતિ થતી નથી. તેથી તે પાછો પડતો નથી. તેને સ્વપ્નમાં પણ એટલે ઉપચારથી પણ પર્યાયનું કર્તૃત્વ ભાસતું નથી. પર્યાય સ્વભાવનું પડખું પરિપક્વ હોવાથી અપ્રતિહત ભાવે ઊપડે છે. અમૃતચંદ્રદેવની કથનીમાં [1]ક્ષાયિકનો ધ્વનિ ગર્જે છે. ''[2]મેં મોહને મૂળમાંથી ઉખેડી નાખ્યો છે.'' [3]ભાવકનો ભાવ અને જ્ઞેયભાવ અમને ફરીથી મોહ ઉત્પન્ન નહીં કરે. [4]અરિહંતનાં દ્ર.ગુ.પ.ને જાણી પોતાનાં દ્ર.ગુ.પ. જાણે તેને ''મોહનો ક્ષય થાય છે..''

## (૮) નિરપેક્ષતાની ચરમ સીમા :-

જેને આવરણનથી, જેને અપેક્ષા નથી, તેવા નિરપેક્ષ તત્ત્વની વાત જગતના જીવોએ સાંભળી નથી. સૌ પ્રથમ તો નિરપેક્ષ સ્વભાવને જ સાપેક્ષ માનવું તે મોટામાં મોટી અને પહેલામાં પહેલી ભૂલ છે. આ વૈભવશાળી નિરપેક્ષ સ્વભાવ જેને ખ્યાલમાં આવે છે તેને દૃષ્ટિનાં નિધાન ખુલી જાય છે. શ્રી પરમાગમ શાસ્ત્રો પણ સાપેક્ષના અદર્શન અને નિરપેક્ષ સ્વભાવનાં દર્શન કરાવે છે.

જિનેન્દ્રદેવની વાણીમાં વસ્તુનું સ્વરૂપ સામાન્ય વિશેષાત્મક પ્રકાશ્યું છે. વસ્તુ બે પડખાંવાળી તો છે; બે પડખાં છે તો નિશ્ચયથી શુદ્ધ અને વ્યવહારથી અશુદ્ધ તેવા ઝૂલે ઝૂલવા માટે નથી; અર્થાત્ તેમાં અટકવા માટે નથી.

પ્રમાણની બહાર જવું નહીં, અને પ્રમાણમાં અટકવું નહીં તે સિદ્ધાંતે... પદાર્થમાં ભેદજ્ઞાનની ચાવી લગાવી તેમાં વિધિનિષેધ કરી અને વિશેષ પડખાનું લક્ષ છોડવાનું છે. કારણકે નિરપેક્ષ તત્ત્વની દૃષ્ટિ વિના અપેક્ષાઓનું જ્ઞાન સમ્યક્ થતું જ નથી. અપેક્ષાઓનાં લક્ષે અપેક્ષા સાચી ન થાય. પરંતુ નિરપેક્ષ તત્ત્વની દૃષ્ટિપૂર્વક અનેક અપેક્ષાઓ જ્ઞાનમાં સહજ જણાઈ જાય છે.

અપેક્ષા ત્રિકાળી જ્ઞાયકમાં નથી, અપેક્ષા સામાન્ય ઉપયોગ લક્ષણમાં નથી, અપેક્ષા દૃષ્ટિમાં નથી, અપેક્ષા લક્ષરૂપજ્ઞાનમાં નથી, આમ સ્વભાવ નિરપેક્ષ છે.

---

૧-પ્ર.સાર ૨૦૦ ગાથા  ૨-શ્રી સ.સાર ગાથા ૩૨
૩-શ્રી સ.સાર ભાવાર્થ-૩૨  ૪-શ્રી. પ્ર.સાર ગાથા-૮૦



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવા નિરપેક્ષ સ્વભાવને નિરપેક્ષ થઈને જ્યારે બેપરવાહ થઈને જુએ છે ત્યારે તેને એવી ભ્રાંતિ થતી નથી કે નિરપેક્ષસ્વભાવને જોઈશ તો બીજીનય દુભાશે તો ? બીજીનયના વિષયનું શું થશે ? પ્રમાણનો દ્રોહ થશે તો ? એકાંતે સ્વભાવને જોઈશ તો પછી નિશ્ચયાભાસી થઈ જઈશ તો ? વગેરે પ્રકારના વિકલ્પોની સેના ઉત્પન્ન જ થતી નથી. ઉપરોક્ત વાતની પુષ્ટિરૂપ એક સુંદર સિદ્ધાંતઃ- ''[1]જાણેલાનું શ્રદ્ધાન થાય છે,''તે ન્યાયે જો જ્ઞાન એકાંતે સાપેક્ષ દ્રવ્યને જ જાણતું હોય તો સાપેક્ષ દ્રવ્યનું શ્રદ્ધાન થવું જોઈએ, પરંતુ દૃષ્ટિમાં તો પર્યાયમાત્રથી રહિત જ્ઞાયક દેવનું શ્રદ્ધાન થાય છે તેથી જાણેલાનું શ્રદ્ધાન થતું હોવાથી; જ્ઞાન પણ સૌ પ્રથમ નિરપેક્ષ ધ્રુવ જ્ઞાયકને જાણે છે. આમ નિરપેક્ષ સ્વભાવ અપેક્ષિત નથી.

નિરપેક્ષ સ્વભાવ સ્વભાવથી જ સર્વથા નિરપેક્ષ છે. માટે સ્વભાવ સમ્યક્ એકાંતમાં જ દર્શન આપે છે. જ્યાં નિરપેક્ષ સ્વભાવમાં સમર્પણ થયું ત્યાં બધી અપેક્ષાઓ આપોઆપ પ્રગટ થઈ જાય છે. [2]સ્ત્રી એક છે, ધર્મો અનેક છે. પરંતુ લગ્ન પહેલા તેને કાકી, ભાભી- વગેરે અપેક્ષાઓ લાગતી નથી. એક પતિને જ્યાં સમર્પિત થઈ ત્યાં બધી અપેક્ષાઓ આપોઆપ લાગી જાય છે. પિતા તરફથી પુત્રી છે તે જ સમયે નણંદ તરફથી ભાભી છે. નિષ્કર્ષ એ છે કે પ્રથમ નિરપેક્ષને જાણ પછી અપેક્ષાઓનું જ્ઞાન થઈ જાય છે.

[3]જ્ઞાનીની બધી અપેક્ષા જ્ઞાનમય હોય છે, અને અજ્ઞાનની બધી અપેક્ષાઓ અજ્ઞાનમય હોય છે. **અપેક્ષાઓનું જ્ઞાન હંમેશાં લક્ષ વિના જ થાય છે. અને નિરપેક્ષસ્વભાવનું જ્ઞાન હંમેશાં લક્ષ પૂર્વક જ થાય છે. આ મહાસિદ્ધાંત છે.** વળી સાધકની બધીજ વિવિક્ષા જ્ઞાનમય હોવાથી તેની દરેક વિવિક્ષાનો સ્વર છે ''હું જ્ઞાનમય છું.'' અજ્ઞાની ભલે નિશ્ચયથી વાત કરતો હોય; તો પણ તેની બધી અપેક્ષા જ્ઞાયકને તિરોભૂત કરતી પ્રગટ થાય છે. ''નિશ્ચયથી શુદ્ધ છું'' તેમ કહે ત્યારે પણ અજ્ઞાનના ગર્ભમાં પડેલી પ્રતિપક્ષ અપેક્ષા વ્યવહારથી અશુદ્ધ છું તેમ આપોઆપ પુષ્ટ થાય છે.

અપ્રતિબુદ્ધ જીવ પ્રથમથી જ અપેક્ષા લગાવી..લગાવી ને સ્વભાવને અપેક્ષાની આડ મારે છે. તેમજ તે નિરપેક્ષ સ્વભાવને સાપેક્ષ માનતો હોવાથી તેની મિથ્યા અનેકાંત પૂર્વકની અપેક્ષાથી મિથ્યાત્વ જ પુષ્ટ થતું રહે છે. તદ્ ઉપરાંત તેણે એકાંત અપેક્ષાઓના જ્ઞાનને જ અર્થાત્ નયજ્ઞાનને જ સમ્યક્જ્ઞાન માની લીધું હોવાથી તેને નિરપેક્ષ જ્ઞાન સ્વભાવની સુગંધ આવતી નથી. અપેક્ષા લગાવી...લગાવીને પંડિત થાય પણ જ્ઞાની ન થાય. વળી એકાંતઅપેક્ષાઓનું જ્ઞાન તો દ્રવ્યલિંગી મુનિને પણ હોય જ છે ને ? પણ તે દર્શનશુદ્ધિનું કારણ નથી.

---

૧-શ્રી સ.સારજી ગાથા-૧૭/૧૮ ૨-માઈધવલનાં નયચક્રમાંથી ૩-શ્રી સ.સારજી ગાથા ૧૨૮-૧૨૯



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુરુષાર્થમૂર્તિ શ્રી સોગાનીજી ફરમાવે છે કે ''[૪]મૂળવાતમાં અપેક્ષા લગાવે તે મને બહુજ ખટકે છે. કેમકે તેમાં ઢીલાશ થઈ જાય છે.'' જ્યાં એક એવું સ્વરૂપ છે, જ્યાં એક એવો વસ્તુનો સ્વભાવ છે, જ્યાં અપેક્ષા આવતી જ નથી, જેમાં અપેક્ષા લાગતી જ નથી. જે સ્વભાવમાં અપેક્ષાઓની શૂન્યતા છે તેવો પરિપૂર્ણ એક સ્વભાવ છે. દૃષ્ટિને પણ દૃષ્ટિની અપેક્ષા પસંદ નથી. શ્રદ્ધાની પર્યાયમાં અપેક્ષા લાગતી જ નથી તે નિરપેક્ષ સ્વભાવની ચરમસીમા છે.

આ નિરપેક્ષ સ્વભાવનો તાપ જ એવો છે કે જ્યાં અનંત અપેક્ષાઓ સ્વાહા થઈ જાય છે, જ્યાં તેનું વિસર્જન થઈ જાય છે, જ્યાં પૂર્ણ વિરામ થઈ જાય છે. તેવા સ્વભાવમાં પણ અપેક્ષા લગાવે તો ? તત્ક્ષણ અપેક્ષામાંથી અપેક્ષાનો જ જન્મ થવાનો. અને સ્વભાવમાં અપેક્ષા લગાવી તો પછી સ્વભાવ નિરપેક્ષ ક્યાં રહ્યો ? ''હું સ્વભાવ અપેક્ષાથી જ્ઞાયક છું.'' સ્વભાવમાં પણ સ્વભાવની અપેક્ષા લગાવી, બોલો ? નિરપેક્ષ સ્વભાવને અપેક્ષિત દેખ્યું ને ? તો પછી નિર્વિકલ્પ કેવી રીતે થશે ? માટે સ્વભાવને સ્વભાવની અપેક્ષાથી પણ ન દેખો. કારણકે ''[૧]સ્વભાવથી જ જ્ઞાયક છે.'' વળી પરમાગમમાં એવી વાત લખેલી છે જેમકે ''[૨]જ્ઞાયકભાવ સામાન્ય અપેક્ષાએ જ્ઞાનસ્વભાવે સ્થિત હોવા છતાં...!''

આ સૂત્રના ગર્ભમાં નિરપેક્ષતા જ પડેલી છે. અને તેનો મર્મ જ્ઞાનીઓના હૃદયમાં છે.

આ વિષય ઘણોજ ગૂઢ અને ગંભીર છે. સ્વભાવમાં આવ્યા વિના અપેક્ષાઓના ચક્કરમાંથી વિવર્જિત થઈ શકાતું નથી. એટલે સમ્યક્દર્શનની પ્રાપ્તિ માટે સમસ્ત અપેક્ષાઓ પરિહાર્ય છે અને તે જ સમયે સમ્યક્જ્ઞાન પ્રગટ થાય છે તેમાં અપેક્ષાઓ અપરિહાર્ય છે.

ભજનમાં પણ આવે છે કે :

''[૫]પર્યાયસે અનિત્ય હો તો ભલે હો, દ્રવ્યસે નિત્ય હો તો ભલે હો,

ચિત્ત સ્વરૂપ તો ચિત્ત સ્વરૂપ અનુભવ કરેંગે..અનુભવ કરેંગે આનંદ લહેંગે.'' તેથી સિદ્ધ થાય છે કે અપેક્ષાના અભાવમાં એટલે વિકલ્પની અભાવમાં જ જ્ઞાન સમ્યક્ થાય છે. અને જ્ઞાન સમ્યક્ થતાં જ તેમાં સ્યાદ્વાદનો જન્મ થાય છે. આ માર્ગનો ક્રમ છે. પરંતુ કોઈ પહેલેથી અપેક્ષાઓમાં ચડી જાય.. સ્વપર પ્રકાશકમાં ચડી જાય...તેને ? તેને જ્ઞાન જ પ્રગટ થતું નથી.

શીલવાન પત્નીની દૃષ્ટિમાં પતિ મુખ્ય હોય છે કે ગૌણ હોય છે ? અરે ! કેવી વાત કરો

---

૧-પ્ર.સાર ગાથા ૨૦૦ ૨-શ્રી સ.સાર.ગાથા ૩૩૨ થી ૩૪૪ માંથી ૩-ભેદજ્ઞાન ભજનાવલીમાંથી
૪-દ્રવ્ય દૃષ્ટિપ્રકાશ બોલ નં ૩૧૫ ૫-ભેદજ્ઞાન ભજનાવલીમાંથી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છો !! પત્નીની દૃષ્ટિમાં પતિ મુખ્ય નથી. પરંતુ સર્વસ્વ હોય છે. જો મુખ્ય કહેશો તો ગૌણપણે બીજા પુરુષ દૃષ્ટિમાં સ્વયં આવી જશે. તેથી સર્વસ્વ અલગ ચીજ છે અને મુખ્ય-ગૌણ અલગ ચીજ છે. તેમ નિરપેક્ષ સ્વભાવ અલગ વસ્તુ છે. અને સાપેક્ષનું જ્ઞાન તે અલગ વસ્તુ છે.

સમ્યક્ એકાંતરૂપ સ્વભાવમાં આવતાં જ દૃષ્ટિપૂર્વક જ્ઞાન પ્રગટ થાય છે. જે સમયે જ્ઞાયકનું લક્ષ થાય છે તે જ સમયે જાણવાના સ્વભાવથી સવિકલ્પસ્વભાવથી સાપેક્ષધર્મોનું અક્રમે જ્ઞાન થઈ જાય છે. આ જૈનદર્શનની બ્યુટી છે. આ જ વસ્તુ સ્વભાવની પરિપૂર્ણતા છે.

જાણનારને જાણનાર થઈને જાણવા રૂપે પરિણમે છે ત્યારે દ્રવ્ય પર્યાય એવી અભેદ વસ્તુને માત્ર જાણે છે. હવે અહીંઆ ''માત્ર જાણે છે'' તેમાં નિર્વિકલ્પતા છે. જાણવાના સ્વભાવમાં મુખ્ય-ગૌણ નથી. જો જાણવાના ધર્મમાં મુખ્ય-ગૌણ કરવા જાય તો નયપક્ષ ઉત્પન્ન થાય છે. પરસ્પર બે વિરોધીભાવોને અનુભૂતિના કાળે જ્ઞાન અવિરોધ પૂર્વક જાણે છે. નિરપેક્ષના લક્ષે સાપેક્ષનું જ્ઞાન લક્ષ વિના થાય છે તે આ સ્વરૂપ છે.

જ્ઞાનની ઉત્પત્તિનું કારણ→અપેક્ષાઓનો અભાવ.

જ્ઞાનની મધ્યસ્થતાનું કારણ→અપેક્ષાઓનો સદ્ભાવ.

એક સમય માત્રના કાળમાં જ્ઞાનનો આવો સંપૂર્ણ સ્વભાવ પ્રગટ થાય છે આ જ જ્ઞાનની અચિંત્યતા છે.

**(૯) સ્વભાવની નિરપેક્ષતા અત્યંત નિરાપદ છે :-**

સિદ્ધ ભગવાન જાણનાર દેખનાર છે. કઈ નયથી ? એમાં જેમ, કોઈને સવાલ જ ઉત્પન્ન થતો નથી; કારણકે સિદ્ધ પ્રભુ સ્વભાવથી જ જ્ઞાતા છે. હવે જો સિદ્ધ ભગવાનને નય નથી તો પછી સિદ્ધનું કારણ એવા કારણ પરમાત્માને નય ક્યાંથી લાગે ?

'દ્રવ્ય સ્વભાવ અને પર્યાય સ્વભાવ' પુસ્તકના એક એક શબ્દમાં અનંત ભાવો ભરેલા છે. સ્વભાવના સ્મરણ વિના વિભાવને ટાળવાની ખરેખર બીજી કોઈ વિધિ જ નથી. સ્વભાવથી વિચારે છે, તે વિચારમાં પણ કોઈ એવી અપૂર્વતા છે કે ભાવ મનનું અવલંબન છૂટી જાય છે, અને જ્ઞાયકની સન્મુખ થઈને પરિણમી જાય છે. આવા અદ્ભુતથી અદ્ભુત ચમત્કારિક સ્વભાવના આવિષ્કર્તા પૂ. ભાઈશ્રી આપે નયાતિક્રાંત થવાનું ઉત્તમ રસાયણરૂપ ઔષધ આપ્યું છે.

આ ''દ્રવ્યસ્વભાવ પર્યાય સ્વભાવ'' નયોના વિરોધ વંટોળને વિલીન કરવાની ક્ષમતાવાળો છે. કારણકે વસ્તુ નયાતીત છે અને અનુભવજ્ઞાન પણ નયાતીત છે. તેથી વસ્તુમાં વિરોધ નથી અને અનુભવ જ્ઞાનમાં પણ વિરોધ નથી. પરંતુ વિરોધ તો ત્યાં સુધી છે કે જ્યાં સુધી વસ્તુને નયજ્ઞાનથી જુએ છે. ભજનમાં આવે છે કે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



''[1]જ્ઞાયક પરકો નહીં જાનતા,
જ્ઞાયક જ્ઞાયક કો હી જાનતા;
યે દોંનો તો નય પક્ષ હૈ,
જ્ઞાયક નયોં સે પાર..પ્રભુમેં...

આવા સ્વભાવને સ્વભાવથી જોવા ગયો શું અને પછી વિકલ્પાતીત થયો શું? સ્વભાવને મસ્તી જ કોઈ એવી છે કે સ્વભાવમાં ગયો અને પછી સાદિ અનંતકાળ સ્વભાવમાં જ રહ્યો.

''દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ તે જિનાગમનો સર્વસ્વ સાર છે. જૈનશાસનની શોભા છે. સિદ્ધાંતિક સ્વરૂપની સાથે સાથે સ્વતંત્રતાનું સામ્રાજ્ય છે. સ્વભાવ નિજ અપરિમિત વૈભવથી સદા સંતુષ્ટ છે, આવા સ્વભાવને સમજ્યા પછી એવા નયોની લક્ષ્મી પ્રત્યે કોણ આકર્ષાય ?! અંતમાં ''જ્ઞાયક નયોંસે પાર'' એવા ચરમોત્કર્ષ'' દ્રવ્યસ્વભાવ પર્યાય સ્વભાવની ચર્ચાની મહાન નિધિ આપનાર પૂ.ભાઈશ્રી...!!

નયાતીત પક્ષાતીત થવાની વિધિના દર્શક ;
વિકલ્પતાતીત મનાતીત થવાની નિધિના અર્પક;
સહજમાં પ્રયોગાતીત થવાની સિદ્ધિનાં સર્જક;

સ્વભાવનિષ્ઠ...પૂ.ભાઈશ્રીને...
ઉપકૃતાંજલિ અર્પણ.

卐

**અપૂર્વ આત્મ સ્વરૂપની પ્રાપ્તિ માટે કૂદતું વીર્ય જોઈએ,**
**ઉત્સાહિત ભાવ જોઈએ, પૂરાની (આખાની) પ્રતિતિ જોઈએ**
**અને પૂરાના (પૂર્ણના) લક્ષનો પૂર્ણ ઉત્સાહ જોઈએ.**
**પૂર્ણ સ્વભાવ તરફનું ઉત્સાહિત વીર્ય કેવળજ્ઞાન લઈને જ પુરુ થાય.**
**(પૂ.ગુરુદેવશ્રી આત્મધર્મ અંક-૨૭ પેજ નં.૭૪)**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# (૧) જૈન દર્શનનો પ્રવેશ દ્વાર

જિનધર્મના કર્ણધાર શ્રી તીર્થંકર ભગવાનના જિનાગમના મર્મને સમજવા માટે નયોનું સ્વરૂપ સમજવું આવશ્યક કહ્યું છે. કારણકે જિનેન્દ્ર ભગવાનની વાણી દ્વિનયાશ્રિત કથનથી ગૂંથાયેલી છે. વળી સમસ્ત જિનાગમ નયોની શૈલીમાં નિબદ્ધ છે. તેથી નય દ્વારા વસ્તુ સ્વભાવના પ્રતિપાદનની સાથે સાથે સ્વભાવ દ્વારા પણ સ્વભાવ પ્રતિપાદિત થયેલો છે. [૧]નય, નિક્ષેપ,પ્રમાણ આદિને આત્માના અધિગમના ઉપાય કહ્યા છે તેમજ સાથે સાથે [૨]તેને અભૂતાર્થ પણ દર્શાવ્યા છે, અને દ્રવ્યસ્વભાવ-પર્યાય સ્વભાવને આત્મ અનુભવના ઉપાય બતાવ્યા છે. આમ નયોને સ્થાપી અને નયોના વિકલ્પોને ઉથાપવાની વાત છે.

જિનવાણી અગાધ મહારત્નાકર છે. તેથી તેને સમજવા દેશનામાર્ગમાં, યુક્તિમાર્ગમાં, તેમજ તત્ત્વાન્વેષણકાળમાં નયોનો સહારો છે. કારણકે તત્ત્વ [૩]અનિર્વચનીય છે. તત્ત્વ કેવળ સ્વાનુભવગમ્ય હોવાથી તેને નયોના સંકેત દ્વારા પ્રદર્શિત કરવાનો પ્રયત્ન થયેલ છે. જેમાં [૪]સૂત્ર તાત્પર્ય અલગ અલગ હોવા છતાં <u>શાસ્ત્ર તાત્પર્ય માત્ર વીતરાગતા જ છે.</u>

ક્યા અનુયોગનું શાસ્ત્ર છે ? તેનો અધિકાર ક્યો છે ? તેમજ ત્યાં કઈ નયનું કથન છે ? અને ત્યાં ક્યું પ્રયોજન સિદ્ધ કરવું છે ? વગેરેના વિસ્તૃત પરિજ્ઞાનપૂર્વક સ્વાધ્યાય-અધ્યયન કરવામાં આવે તો...તીક્ષ્ણજ્ઞાનથી નિપુણ આત્માઓ વાઙ્‌મયી-અનેકાંતમુદ્રિત ભાગવતી દેશનાનો સાર સમજી શકે છે. [૫]આવે છે ને કોઈ પણ વાક્ય-યા સૂત્ર-ગાથા કાંઈ પણ હોય તો તેમાં પાંચ અર્થ લગાવી પછી જિનવાણીના સૂત્રનો અર્થ કરવો. '' શબ્દાર્થ, ભાવાર્થ, આગમાર્થ, મતાર્થ અને નયાર્થ. ''

જિનેન્દ્ર ભગવાનની દ્વિનયાશ્રિત વાણીમાં ક્યાંય બે નયની મુખ્યતા, (નિ.વ્ય.) તો કોઈ જગ્યાએ દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકની મુખ્યતા, તો ક્યાંય એક નયની મુખ્યતા, તો ક્યાંય સાતનયની મુખ્યતા, તો ક્યાંય સુડતાલીશ નયની મુખ્યતા તો ક્યાંય અસંખ્યાતા નયની અને ક્યાંય તો જેટલા વચન-વિકલ્પો છે તેટલા નય કહ્યા છે.

આ વાતના અનુસંધાનરૂપ અને નયો પ્રત્યે ઉદાસીનતા સિદ્ધ કરતો એક અતિ ગૂઢ અને માર્મિક બોલ છે.

[૬]એક એક પદાર્થ અનંતગુણ અને અનંત ધર્મોથી યુક્ત છે. વળી એક એક ગુણ અને એક

૧-શ્રી તત્ત્વાર્થ સૂત્ર તેમજ સ.સારજી
૨-શ્રી સ.સારજી ગાથા-૧૩
૩-શ્રી પંચાધ્યાયી ગાથા-૭૪૪
૪-શ્રી પંચાસ્તિકાય ગાથા-૧૭૨
૫-શ્રીમદ્ રાજચંદ્રજી
૬-શ્રીમદ્ રાજચંદ્ર પત્ર નં.૧૮૦



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક ધર્મ પ્રત્યે અનંત નય પરિણમે છે. માટે એ વાટે પદાર્થનો નિર્ણય કરીએ તો થાય નહીં. એની વાટ અર્થાત્ માર્ગ બીજો હોવો જોઈએ. ઘણું કરીને આ માર્ગને જ્ઞાની પુરુષો જ જાણે છે. અને તેઓ નયાદિક પ્રત્યે (સદા) ઉદાસીન વર્તે છે. કોઈ નયનો આગ્રહ કરવો નહીં અને જે નયનો આગ્રહ કરે છે તેને વિષમફળની પ્રાપ્તિ હોય છે.

❋ અનાદિ કાળથી આત્મા પોતાના સ્વભાવથી ચ્યુત થયો થકો પ્રચુર વિકલ્પ જાળના ગહન વનમાં સ્વભાવથી અતિ દૂર ભમે છે. કારણકે નયનો વિષય ખરેખર આત્મા નથી. અને જ્ઞાનનો વિષય આત્મા જ છે, નય નથી. આમ આત્મજ્ઞાન જુદું અને નયજ્ઞાન જુદું છે. નયો જૈનદર્શનમાં પ્રવેશવાનું દ્વાર છે જ્યારે નયાતિક્રાંત થવા માટે સ્વભાવ-એ સ્વભાવમાં પ્રવેશ કરાવનાર રાજમાર્ગ છે. તત્ત્વના અવલોકન કાળે નય હોય છે પણ અનુભવ કાળે નહીં, આ નયની લક્ષ્મણ રેખા એટલી જ છે કે જેને પહોંચવું છે, તે વસ્તુને જાણીતી કરાવે છે, તેની ઓળખાણ કરાવે છે.

**(૨) નયજ્ઞાન કોને કહે છે? તેનું સ્વરૂપ.**

આગમ અધ્યાત્મના અધ્યયન માટે અને તેના રહસ્યને સમજવા માટે એ પણ જાણવું જરૂરી છે કે નય એટલે શું ? તે જ્ઞાન છે કે ખરેખર જ્ઞેય છે ? વગેરેની ચર્ચા જિનાગમમાં ઠેરઠેર જોવા મળે છે. ''નિ'-ધાતુ ઉપરથી નયતિ ઈતિ નયઃ'' કહે છે.

(૧) દ્રવ્યમનના સંબંધથી (હેતુથી) જે ભાવમનમાં વિશેષ તર્કણારૂપ વિચાર ચાલતા હોય તેવા શ્રુતજ્ઞાનના અંશને નય કહે છે.

(૨) નય એ છ દ્રવ્યમાંના જીવદ્રવ્યના શ્રુતજ્ઞાનની પર્યાય છે, તેથી તે દ્રવ્યશ્રુત છે.

(૩) નયજ્ઞાનને સર્વજ્ઞ ભગવાને પરોક્ષ જ્ઞાન કહ્યું છે.

(૪) જે મન અને ઈન્દ્રિયોના કારણપણાથી પ્રવર્તે તેને પરોક્ષજ્ઞાન કહે છે.

(૫) જ્ઞેયના સંબંધથી થવાવાળા વિકલ્પનું નામ નય છે.

(૬) શ્રુતજ્ઞાનનો જે અંશ કર્મજનિત-મનજનિત છે તે નયજ્ઞાન છે.

(૭) રાગમિશ્રિત, વિકલ્પ મિશ્રિત જ્ઞાન તેજ નયજ્ઞાન છે.

(૮) જ્ઞેયમાં અટકીને થતા શ્રુતજ્ઞાનના વિકલ્પને નય કહે છે.

(૯) જ્ઞેયના લક્ષથી થવાવાળા રાગ સહિતના શ્રુતજ્ઞાનનાં અંશને નય કહે છે.

(૧૦) બાહ્યજલ્પ અને અંતર્જલ્પના આકારવાળું જ્ઞાન તે નય છે.

❋ સ.સાર કળશ-૯૪ બાકીની ફુટનોટ પાછળ જોવી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૧૧) તદ્‌ગુણ સંવિજ્ઞાન તે નયનું લક્ષણ હોવાથી ગુણ-ગુણીમાં ભેદની કલ્પના કરવી તેનું નામ નય છે.

(૧૨) પૂરા પદાર્થના જ્ઞાન પૂર્વક તેમાં ભાગ પાડીને જાણે તેને નય કહે છે.

(૧૩) ખરેખર તો સાધકને સવિકલ્પ દશામાં મનના વ્યાપારમાં અર્થાત્ સમ્યક્ ઈન્દ્રિયજ્ઞાનમાં નય ઉઠે છે.

(૧૪) સામાન્ય વિકલ્પની અપેક્ષાએ સંપૂર્ણ નયો એક હોવા છતાં વિકલ્પના દ્વિવિધપણાથી નયો બે પ્રકારના છે, જે સમયે વિકલ્પ વિવિક્ષિત થાય છે તે જ સમયે નયપક્ષ ઉદયને પ્રાપ્ત થાય છે. આમ જેટલા વિકલ્પ સહિતના વચન વિલાસ છે તેટલા નયવાદ છે.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે સમસ્ત નયજ્ઞાન વિકલ્પરૂપ છે. અને વિકલ્પમાત્ર દોષરૂપ છે. તેથી તેને ખંડખંડજ્ઞાન કહો, રાગ-મિશ્રિત જ્ઞાન કહો, પરોક્ષજ્ઞાન કહો, ઈન્દ્રિયજ્ઞાન કહો, બુદ્ધિ-મન કહો, અજ્ઞાન ચેતના અથવા કર્મચેતના કહો, કર્મધારા કહો, જ્ઞેય કહો, વિકલ્પ કહો તે બધું એકાર્થ છે.

આવે છે ને કે;

(૧૫) ''બુદ્ધિ, મતિ, વ્યવસાય, અધ્યવસાન, વળી વિજ્ઞાનને
પરિણામ, ચિત્ત ને ભાવ-શબ્દો સર્વ આ એકાર્થ છે.''

**(૩) નયજ્ઞાન કોને કોને હોય છે?**

બર્હિઆત્મદશામાં અર્થાત્ અજ્ઞાનમાં નય નથી. પૂર્ણજ્ઞાન એટલે પરમાત્મદશામાં નય નથી. સાધકને નિર્વિકલ્પ ધ્યાનના કાળે વિકલ્પરૂપ નય નથી. માત્ર સવિકલ્પદશાના કાળે વસ્તુના મુખ્ય-ગૌણપણાની અપેક્ષાએ તેને જ નય હોય છે. સાધક ભલે નયોથી નિવૃત્ત નથી થયો પણ નયો પ્રત્યેના ઉત્સાહથી જરૂર નિવૃત્ત થયો છે. નયોથી તે ઉદાસીન છે. નયોનો માત્ર જ્ઞાતા છે.

**(૪) નયોનો સહારો શા માટે?**

નય એ જૈનદર્શનમાં પ્રવેશવાનું દ્વાર છે. **નિરપેક્ષ વસ્તુ સ્વભાવને અપેક્ષાઓ દ્વારા જણાવી**

---

૧-સિદ્ધાંત પ્રવેશિકા
૨-કળશટીકા
૩-કળશટીકા
૪-પ્રવચનસાર
૫-પંચાધ્યાય
૮-સ.સાર
૯-પંચાધ્યાય
૧૦-(નિ.સાર) પંચાધ્યાય
૧૧-પંચાધ્યાય
૧૨-જ્ઞાનગોષ્ઠી
૧૪-પંચાધ્યાય
૧૫-સમયસાર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શકાય છે. સામાન્ય વિશેષાત્મક પદાર્થને મુખ્ય-ગૌણ કરીને કહી શકાય છે. બીજો કોઈ ઉપાય નથી. તેથી નયોનો પ્રયોગ શિષ્યોને સમજાવવા અર્થે જ્ઞાનીઓ કરતા આવ્યા છે. માટે પ્રાથમિક અવસ્થામાં નયોનો નિષેધ નથી. આમ હોવા છતાં પણ જીવમાત્રને સ્વભાવના સહારે જ અનુભવ થાય છે; અને જ્ઞાની થાય છે. જે નયજ્ઞાનમાં નિપુણ નથી તેવા જીવ પણ સ્વભાવના સહારે આત્મદર્શન પામે છે.

નયો છે તે બીજાને સમજાવવા માટે બહિરંગ સાધન છે. અને પોતાને સમજવા માટે પણ બહિરંગ સાધન જ છે.

જિનેન્દ્ર ભગવાનનું સૂક્ષ્મધારવાળું નયચક્ર પણ કર્મચક્રને કાપવા માટે કહેલ છે. ભવચક્રમાં ઘૂમવા માટે નથી કહ્યું. તદ્ ઉપરાંત નયજ્ઞાન (અન્ય) મતાર્થીઓનું ખંડન કરે છે અને જૈનદર્શનનું મંડન કરે છે.

અનંતકાળથી જે જ્ઞાન, પ્રમાણના વિષયની બહાર ભટકે છે, તેને પ્રમાણ, નય આદિ સાધનથી પરદ્રવ્યથી પૃથક્ બતાવી અને પ્રમાણભૂત વસ્તુમાં લાવે છે. અપ્રતિબુદ્ધ અજ્ઞાની જીવ દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ વસ્તુમાં કાંઈ પણ સમજતો નથી તેને નય-પ્રમાણ દ્વારા વસ્તુનું સ્વરૂપ સમજાવે છે. વળી નયો દ્વારા પ્રતિપાદિત વસ્તુસ્વરૂપ કથંચિત્ સત્યાર્થ પણ છે, તેથી તો સંજ્ઞી પંચેન્દ્રિય મનવાળું પ્રાણી નયજ્ઞાનના સહારે તત્ત્વનો નિર્ણય કરી શકે છે. આમ નયજ્ઞાનમાં ભગવાન આત્માનો નિર્ણય કરવાની તેમજ અનુમાન કરાવવા સુધીની પહોંચ છે.

જે અનુમાનજ્ઞાનમાં, નયો દ્વારા નિર્ણય થયો છે તે જ્ઞાનમાં તથા પ્રકારે જ્ઞાનમાં નિર્મળતા પણ થાય છે. અન્ય પ્રકારના શલ્યરૂપ કચરો સાફ થઈ જાય છે. આમ નયજ્ઞાન [૧]અસત્ય કલ્પનાનો પરિહાર કરાવે છે અને માનસિક સવિકલ્પ ભેદજ્ઞાન કરાવી, વસ્તુ સ્વભાવનો નિર્ણય કરાવે છે. તેથી નયજ્ઞાનનું સ્વરૂપ મર્યાદિત છે.

**(૫) નયોને જાણવાનું ફળ :-**

જિનવાણીમાં નયોનો પ્રયોગ વિશાળતાપૂર્વક કર્યો છે. સમર્થ આચાર્ય દેવ પણ [૨]અનંતગુણમયી અભેદ આત્માને ગુણભેદ વિના સમજાવી શક્તા નથી. અને અજ્ઞાની પ્રાણી સમજી શક્તો પણ નથી. હવે અભેદ વસ્તુમાં ભેદની કલ્પના કરી વસ્તુના પાસાઓને સમજી અને બાદમાં ગુણભેદના વિકલ્પનો, ગુણભેદના લક્ષનો નિષેધ થયા વિના, ગુણી પરમાત્માનું શ્રદ્ધાન્

૧-દેવસેન આ. નયચક્ર
૨-શ્રી સ.સાર ગાથા-૭



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થતું નથી. કારણકે ભેદને જાણતાં રાગી પ્રાણીને રાગ થયા વિના રહેતો નથી. તેથી નયોદ્વારા વસ્તુને જાણી અને પછી નયજ્ઞાનની તરંગાવલીઓનો સ્વભાવના આશ્રયે નિષેધ કરવો અનંતગણો જરૂરી છે. નયોદ્વારા વસ્તુનું સ્વરૂપ સમજાવ્યું છે તો શું એ બે નયોનું, વિકલ્પનું, ભેદનું લક્ષ રાખવા માટે છે ? કે ભેદ રહિત અભેદ સ્વભાવની તરફ લક્ષ કરવા માટે છે ? નયો દ્વારા વસ્તુ સ્વભાવનો ઈશારો કરવામાં આવ્યો છે !?

અન્ય દૃષ્ટિકોણથી વિચારીએ તો પણ નયજ્ઞાનના સ્વરૂપમાં 'જાણવું આવે છે, પરંતુ 'કરવું' તો આવતું જ નથી. કારણકે નયનો ધર્મ જાણવું છે. આમ યથાર્થ નયજ્ઞાનવાળાને કર્તાબુદ્ધિનું શલ્ય ગળે છે. પરંતુ જ્ઞાતાબુદ્ધિનું શલ્ય ગળતું નથી અને ટળતું પણ નથી. જ્યારે સ્વભાવના સહારે તે શલ્ય ગળે છે અને ટળે પણ છે.

જો કે પ્રથમથી વિવિક્ષા લગાવ્યા વિના કે નયજ્ઞાન વિના પદાર્થનું સ્વરૂપ સમજાતું નથી. જો પ્રથમથી જ નય ન લગાડે અને પદાર્થને જાણવાનો પ્રયત્ન કરે તો તે મૂર્ખ છે; અપ્રતિબુદ્ધ છે. કારણકે તે મ્લેચ્છના સ્થાને છે. હવે કોઈ જીવ પદાર્થના સ્વરૂપને સમજ્યા પછી પણ વિવિક્ષા લગાવ્યા કરે, માત્ર નયોના પ્રયોગથી જ વસ્તુને સિદ્ધ કર્યા કરે તો તે મહામૂર્ખ છે. નિશ્ચયથી આત્મા શુદ્ધ, અને વ્યવહારથી આત્મા અશુદ્ધ, તેમ કર્યા કરે તો તેની ત્રાજવાના પલ્લા જેવી સ્થિતિ છે.

[૧]જેવી રીતે નાવમાં બેઠા વિના નદી પાર થતી નથી. અને નાવમાં જ બેસી રહે તો ? તો મઝધારમાં રહે પણ નદી પાર થતી નથી. નદી પાર કરવા માટે નાવમાં બેસવું જરૂરી છે; અને નદી કિનારો આવતાં નાવને છોડવી જરૂરી છે. તેમ સર્વજ્ઞ કથિત પ્રમાણ, નય, નિક્ષેપનાં વિષયથી બહાર આત્માને શોધે તો તેને આત્મા હાથમાં આવતો નથી. અને જિનેન્દ્રદેવનાં મતમાં આવ્યા પછી પણ નય-પ્રમાણને વળગી રહે તો તેને પણ આત્મઅનુભવ થતો નથી. આમ નયોમાં અટકેલો કાંઠા સુધી આવે છે પણ વિકલ્પચક્રથી પાર થતો નથી.

આમ નયોનો પ્રયોગ પણ નયોના નિષેધ માટે છે નહીં કે નયોના સ્થાપન માટે. તેથી એ નિષ્કર્ષ-ફલિત થાય છે કે જે-તે પ્રકારનો નય વિકલ્પ, વિકલ્પની અપેક્ષાએ સત્યાર્થ હોવા છતાં, આત્મઅનુભવ માટે સમસ્ત નયરાશિ અસત્યાર્થ છે. [૨]શ્રીમદ્જી કહે છે કેઃ ''નય તો

૧-પરમભાવ પ્રકાશક નયચક્ર

૨-શ્રીમદ્જી જુનુ પુસ્તક પેજ નં. ૪૯૨.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માને સમજવા અર્થે કહ્યા છે, પણ જીવ તો નયવાદમાં ગુંચવાઈ જાય છે.''

**(૬) નયજ્ઞાનની નિર્માલ્યતા.**

જિનેન્દ્ર ભગવાનની દિવ્ય ધ્વનિમાં પ્રકાશેલ સમસ્ત નયજ્ઞાન દોષરૂપ છે. ''[૧]નયાનામ પરમાત્મનામ્ અધિકારા અયોગ્યત્વાત્.'' નયો પરમાત્માના સ્વરૂપને જાણવાને અધિકારી નથી. નયોમાં પરમાત્માના સ્વરૂપને જાણવાની ક્ષમતા નથી. તેમજ નય બાહ્ય વસ્તુને પ્રકાશે છે.

સાધકને નિર્વિકલ્પ ધ્યાનમાં વિકલ્પરૂપ નય હોતા નથી. સાધકને પણ સવિકલ્પની ભૂમિકામાં નયોના વિકલ્પ ઉઠે છે. તે શુદ્ધોપયોગનો નાશ કરીને ઊભા થાય છે. અને અજ્ઞાનીને તો નયોના વિકલ્પ સ્વભાવનો ઘાત કરીને ઉત્પન્ન થાય છે. આમ વિકલ્પાત્મક નિશ્ચયનય દોષરૂપ છે પણ ગુણરૂપ નથી.

નિશ્ચયનય પણ નિશ્ચયનયને જાણતી નથી. પરંતુ આત્મજ્ઞાન નિશ્ચયનયને (પ્રતિભાસ દેખીને જાણે છે.) જાણે છે. તેથી સ્પષ્ટ થાય છે કે બે નયોનો જ્ઞાતા નયજ્ઞાનથી થવાતું નથી. બે નયોના વિષયને નયજ્ઞાન જાણતું નથી. પરંતુ આત્મજ્ઞાન બે નયોના વિષયને યુગપદ્-અક્રમે જાણે છે. માટે નયજ્ઞાનવાળો સમયથી પ્રતિબદ્ધ થતો નથી. બે નયનાં વિષયનો જ્ઞાતા થતો નથી. કારણકે નયનો વિષય વિકલ્પ બને છે. નયનો વિષય આત્મા બનતો જ નથી. ''[૨]કેવળ વિકલ્પ જ કર્તા છે અને કેવળ વિકલ્પ જ કર્મ છે તેથી વિકલ્પ કર્મ બને છે, પરંતુ અતીન્દ્રિયજ્ઞાન કર્મ થતું નથી.

વળી નયજ્ઞાનની એ વિશેષતા છે કે તે વિશેષણ બદલ્યા કરે છે. તેથી તો કહ્યું છે કે ''[૩]ભગવાન આત્મા સમસ્ત નયરાશિનો અવિષય છે.'' ભગવાન આત્મા નિશ્ચયનયનો વિષય છે તેવો અભિનિવેષ કરવા યોગ્ય નથી. કારણકે તે વિકલ્પાત્મક હોવાથી તેનો તો ભગવાન આત્મા અવિષય છે.

કોઈ પણ નયથી વસ્તુ સ્વરૂપ વિચારતાં નિયમથી રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય છે. તેથી તો નયજ્ઞાનને દોષરૂપ કહ્યું છે. તે પોતે જ સંસાર છે. વળી તે ક્રમપૂર્વક જાણે છે, અંશગ્રાહી અને સાપેક્ષ છે. તે કર્મચેતનાનો ભાવ હોવાથી જ્ઞેય છે પણ જ્ઞાન નથી. તેથી તે આત્માથી તો તન્મય થતું નથી, પરંતુ અતીન્દ્રિયજ્ઞાન પર્યાયથી પણ તન્મય થતું નથી. પરંતુ સર્વથા ભિન્ન છે. તેમાં કથંચિત્ ભિન્ન-અભિન્નપણું નથી. નયજ્ઞાન સવિકલ્પ હોવાથી વિભાવ ભાવ છે. પણ તે

---

૧-પરમ અધ્યાત્મ તરંગિણી કળશ નં-૯ ૨- સ.સાર કળશ-૯૫ ૩-નિ.સાર કળશ નં-૨૦૮



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વાભાવિકભાવ નથી. તેથી તે બંધનું કારણ છે પણ નિર્જરાનું કારણ નથી. જેમ સમુદ્રના વમળમાં વહાણ ચકાંવો લ્યે, તેમ નયજ્ઞાન કેવળ વમળ હોવાથી તેમાં ઘૂમરી ખાય છે.

[4]નયજ્ઞાન સકળ ઈન્દ્રિયથી ઉત્પન્ન થતા કોલાહલરૂપ છે. નયજ્ઞાન કષાયોનો કલરવ હોવાથી અનંત અશાંતિનો દરિયો છે. વળી તે [5]પ્રપંચ હોવાથી જીવને સમયે સમયે ઠગે છે. નયજ્ઞાનને સર્વજ્ઞ ભગવાને જાળ કહી છે. તેથી તે ફસાવાનું-ઠગાવાનું ઠેકાણું છે. માટે હે ! જિનેન્દ્ર ભગવાન તેં નયદ્વારા કહેલું તત્ત્વ [6]મહાઈન્દ્રજાળ છે.

[7]જેટલા નય છે તે શ્રુતજ્ઞાનરૂપ છે. શ્રુતજ્ઞાન પરોક્ષ છે. જ્યારે અનુભવ પ્રત્યક્ષ છે. આત્માને શ્રુતજ્ઞાન વિનાનું જે જ્ઞાન છે પ્રત્યક્ષ અનુભવે છે. નયજ્ઞાન પરોક્ષ હોવાથી તે આકુળતાને ઉત્પન્ન કરનારું છે. તેમાં વિષયનો પ્રતિબંધ હોવાથી ઇચ્છા થાય છે, અને ઇચ્છા દુ:ખરૂપ છે. આવી વિકલ્પની જાળ [8]સ્વેચ્છાએ આપોઆપ ઉત્પન્ન થાય છે. વિના ઉપજાવ્યે ઉપજે છે. નયમાંથી નય જન્મે છે. ''નયમાં જ્ઞાન નથી.'' અને જ્ઞાનમાં નય નથી. નય તે જ્ઞાનનો ધર્મ જ નથી. નયજ્ઞાન જ્ઞેયાશ્રિત છે, પણ આત્માશ્રિત નથી. આમ નિરપેક્ષ સ્વભાવમાં નયજ્ઞાનની આડ લગાવવી તેજ વિસંવાદિતા છે.

પીડાવાની પાઠશાળાના બાળકો સંવાદમાં કહેતા હતા કે ''સ્વપરના ઝઘડામાં મારો હીરો ખોવાઈ ગયો.'' તેમ નયજ્ઞાનના દ્વન્દ્વમાં-ઝઘડામાં આત્મા સલવાઈ ગયો છે. નયજ્ઞાનના ઝૂલે ઝૂલી રહ્યો છે. નયજ્ઞાનના કચરામાં ચૈતન્ય હીરો ખોવાઈ ગયો છે.

સંતો ફરમાવે છે કે આત્મા અનંતધર્માત્મક છે. અને એક-એક ધર્મને ગ્રહણ કરનારી એક એક નય છે. હવે જે નયથી જે સ્વરૂપને જુએ છે તેને તેવો જ આત્મા ભાસે છે. એટલે આત્માનું પૂર્ણ સ્વરૂપ યથાર્થપણે ભાસતું નથી. કોઈ પણ નયનો પ્રયોગ કર્યો..કે : ''દર્શન તે આત્મા'', ચારિત્ર તે આત્મા'' હવે અપ્રતિબુદ્ધ ને ''દર્શન તે જ આત્મા ભાસે છે.'' ''ચારિત્ર તે જ આત્મા ભાસે છે.'' આમ નયજ્ઞાનથી બહુરૂપી ભાસે છે. અને અપૂર્ણ ભાસે છે. અને સ્વભાવથી જોતાં એકરૂપ અને પરિપૂર્ણ ભાસે છે. તેમાં બીજું રૂપ દેખાતું નથી. આમ કોઈપણ નયથી આત્માનું યથાર્થ સ્વરૂપ દેખાતું નથી. તેથી નયજ્ઞાન તો ઝેરનાં ઝાડ છે, તેમાંથી અમૃતનો સ્વાદ આવતો નથી. શ્રીમદ્જીનું પદ છે.

**''સબ શાસન કે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;**

---

૪-નિ.સાર કળશ-૧૫૬ ૫-નિ.સાર કળશ-૧૨૦ ૬-નિ.સાર કળશ-૧૧૯ સ.સાર ૯૧ કળશ
૭-કળશટીકા-૯૩ ૮-સ.સાર ૯૦ કળશ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વહ સાધન બાર અનંત કર્યો, તદપિ કછૂ હાથ હજુ ન પર્યો,**
**અબ ક્યોં ન વિચારત હૈ મનસે, કછૂ ઔર રહાઉન સાધનસે.''**

**(૭) નયજ્ઞાન હંમેશા સાપેક્ષ હોય છે.**

તર્ક શિરોમણિ આચાર્ય સમંતભદ્ર સ્વામીનું સૂત્ર છે કે...''નિરપેક્ષનયા મિથ્યા નયા.'' નયમાં એકાંત લગાવો તો તે મિથ્યા થઈ જાય છે. નયો તેના સ્વભાવથી જ સાપેક્ષ છે. આમ જિનવાણીમાં સાપેક્ષનયનું સ્વરૂપ પ્રસિદ્ધ છે. નય હંમેશાં સાપેક્ષ જ હોય છે. નિરપેક્ષનય હોતી નથી. અને આત્માનો સ્વભાવ ત્રણે કાળ નિરપેક્ષ જ હોય છે માટે તેને નયની અપેક્ષા લાગુ પડતી જ નથી. હવે જે સાપેક્ષને જ્ઞાનના પડખાં માંથી ઊડાડે છે, જ્ઞાનના જ્ઞેય માંથી ઉડાડે છે તો તે મિથ્યા છે. અહીંઆ જૈનદર્શન ''નયને જ્ઞાનના પડખાંમાંથી ઉડાડતું નથી. કહ્યું ને કે : વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. ''નિરપેક્ષનયા મિથ્યા નયા'' તે દવા સાંખ્યમત, બૌદ્ધમત માટેની છે. આત્માર્થી માટેની દવા નથી. નિરપેક્ષપૂર્વક સાપેક્ષનું જ્ઞાન થાય જ છે. દષ્ટાંત તરીકે : નિશ્ચયનયથી આત્મા પરિણામથી રહિત છે તેમ જોશો તો વ્યવહારથી પરિણામથી સહિત છે તેમ પાછલા બારણેથી આપોઆપ આવી જશે. આમ જે જીવ નિશ્ચયનયના પક્ષમાં છે તે વ્યવહારનયના પક્ષમાં જ છે. વળી સાપેક્ષપણું એ જ તો વ્યવહારનયનું વાસ્તવિક સ્વરૂપ છે. આમાં આત્મા પરાધીન થઈ ગયો તે ખ્યાલમાં નથી આવતું.

નિશ્ચયનયથી આત્મા શુદ્ધ છે તેમ લેતાં, વ્યવહારનયથી અશુદ્ધ છે તેમ આવી ગયું. તો પછી 'હું સ્વભાવથી શુદ્ધ છું' તેવું સ્વાભાવિક બળ નહીં આવે, કારણકે તેમાં નજર નય ઉપર જાય છે. પરંતુ નજર (જ્ઞાન) સ્વભાવ ઉપર જતી નથી. નયમાં અટકેલો પ્રાણી નયથી વિચારે છે, પણ સ્વભાવથી વિચારતો નથી. દ્રવ્યલિંગી મુનિની આ ભૂલ છે તે કેવળી ગમ્ય છે. સાપેક્ષનયમાં અટકેલાને આ ભૂલ ખ્યાલમાં આવવી ઘણી કઠિન છે. તે સાપેક્ષનયને અતિક્રમીને નિરપેક્ષમાં આવ્યો જ નહીં. આમ સાપેક્ષનયનો પક્ષ તે જ મિથ્યાત્વ છે. આ મિથ્યાત્વનું ગુપ્ત સ્વરૂપ છે. તેથી જ તો સંતો ફરમાવે છે કે વ્યવહારનયનું અવલંબન લેનાર પ્રસિદ્ધ મિથ્યાદષ્ટિ છે. અને નિશ્ચયનયનું અવલંબન લેનાર અપ્રસિદ્ધ મિથ્યાદષ્ટિ છે.

અપ્રતિબુદ્ધ વસ્તુને માત્ર નિશ્ચય-વ્યવહારના પલ્લુથી જ જુએ છે. જ્યાં સાપેક્ષનયથી જુએ છે ત્યાં દષ્ટિમાંથી આત્મા તિરોભૂત થઈ જાય છે. વ્યવહારથી તો નહીંપણ નિશ્ચયનયથી પણ પ્રયોજનની સિદ્ધિ થતી નથી. તદ્ઉપરાંત સાપેક્ષનય બે નયોના વિકલ્પનો જનક છે. તેથી તેમાં વિકલ્પનું વમન, દમન, શમન કરવાની શક્તિ જ નથી. આમ સાપેક્ષનય સમીચીન હોવા છતાં તે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિકલ્પની ક્ષયકરણશીલ નથી.

[1]જે સકળ ઈન્દ્રિયોના સમૂહથી ઉત્પન્ન થતા કોલાહલથી વિમુક્ત છે, જે નય અને અનયના સમૂહથી દૂર છે તેવા યોગીઓને ગોચર છે, અને અજ્ઞાનીઓને પરમ દૂર છે તે અનઘ ચૈતન્ય તત્ત્વ અત્યંત જયવંત છે. આમ ફલિત થાય છે કે વ્યવહારથી સહિત નય પણ નથી અને નિશ્ચયનયથી રહિત પણ નથી. એ તો સ્વભાવથી જ રહિત છે.

[2]ભગવાન આત્મા શુદ્ધ-અશુદ્ધની વિકલ્પનાથી સદા રહિત છે. જે જેનાથી રહિત હોય તેનાથી ઉપલબ્ધિ કેમ થાય ? આમ પરમાગમના અતુલ સ્વરૂપને જાણનારા જ્ઞાનીઓ આત્માને સર્વથા શુદ્ધ જાણે છે. આત્મા સ્વભાવથી શુદ્ધ છે, આ પ્રયોગની પરાકાષ્ઠા છે. જે સ્વભાવથી શુદ્ધ છે, સર્વથા શુદ્ધ છે, તેને નયથી શુદ્ધતાની શી જરૂરત છે ? ભજનમાં આવે છે કે

[3]પક્ષાતિક્રાંત આતમ સ્વભાવ → કોઈ નયનો વિષય નથી

નયપક્ષ જાને સર્વહી વિભાવ →નિશ્ચયનયનો પક્ષ પણ વિભાવ છે.

પક્ષાતિક્રાંત હી અનુભવ કરેંગે →જેવો છે તેવો અનુભવમાં આવે છે.

**(૮) નિરપેક્ષનયનું સ્વરૂપ :-**

જિનવાણીમાં સવિકલ્પ નિશ્ચયનય અને નિર્વિકલ્પ નિશ્ચયનય તે બન્નેમાં જેમ તફાવત છે; તેમ જિનાગમમાં એક સાપેક્ષનય અને એક નિરપેક્ષનય તે બન્નેમાં પણ તફાવત છે. "નિરપેક્ષનયા તે મિથ્યાનયા" તે જેમ આગમનું સુત્ર છે તેમ; પરમ અધ્યાત્મમાં એવું ગૂઢ સુત્ર છે કે "સાપેક્ષનયા મિથ્યાનયા" અને "નિરપેક્ષનયા સમ્યક્નયા."

જૈનદર્શનમાં વ્યવહાર સાપેક્ષ નિશ્ચયનય પ્રસિદ્ધ છે જ્યારે વ્યવહારનિરપેક્ષ નિશ્ચયનયથી વિદ્વતજન પણ અનભિજ્ઞ છે. નિરપેક્ષ નિશ્ચય દ્વારા સાપેક્ષ નિશ્ચયનય ને પણ મિથ્યા કહેલ છે.

નિરપેક્ષ નિશ્ચયનય અર્થાત્ જે નિધાતુ-તરફ લઈ જાય, અંદરમાં જેવો જ્ઞાયક સ્વભાવ છે તે બતાવે અને અર્થનો નિશ્ચય કરાવે અર્થાત્ પ્રયોજનની સિદ્ધિ કરાવે, તેને નિરપેક્ષ નિશ્ચયનય કહે છે. વળી જેને ત્રિકાળી ધ્રુવભાવનો નિશ્ચય થાય છે તેને જ પ્રયોજનની સિદ્ધિ થાય છે. અર્થના નિશ્ચયના બે પ્રકાર છે. (૧) અપૂર્વ નિર્ણય થાય તેને અર્થનો નિશ્ચય કહેવાય. (૨) આત્માનો અનુભવ થાય તેને પણ અર્થનો નિશ્ચય કહેવાય.

**ઉપરોક્ત વાતને સમર્થન આપતા આધારો :-**

---

૧-નિયમસાર કળશ ૧૫૬ | ૨-શ્રી નિ.સાર કળશ-૭૨ | ૩-ભેદજ્ઞાન ભજનાવલી

૪. શ્રી સ.સાર ગાથા ૧૧ | ૫. શ્રી.નિયમસારજી કળશ ૭૧



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

"વ્યવહાર અભૂતાર્થ છે, શુદ્ધનય એક જ છે." ભાવાર્થ કર્તા લખે છે કે "જીવને વ્યવહારનો પક્ષ અનાદિથી છે, અને શુદ્ધનયનો પક્ષ કદી જીવને આવ્યો જ નથી." [૬]શુદ્ધાત્મા એક છે તેને જાણનારી શુદ્ધનય પણ એક જ છે. મારી પાસે બીજી નય જ નથી; તેથી આ સુબુદ્ધિ અને આ કુબુદ્ધિ એવા ભેદ હું કઈ નયથી જાણું? "પ્રાગેવ શુદ્ધ" જે પ્રથમથી જ શુદ્ધ છે તેને હું કઈ નયથી અશુદ્ધ જાણું? આગળ એ જ વાતનું સમર્થન આપતી ગાથા છે કે જે નિશ્ચયનયનાં બે પ્રકાર માને છે તે સર્વજ્ઞના મતની બહાર છે. "[૬]જેના મતમાં નિશ્ચયનયના ભેદ છે તે નિશ્ચયથી મિથ્યાદૃષ્ટિ હોવાથી નિયમની સર્વજ્ઞની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાવાળા છે. કારણકે જૈનાગમમાં નિશ્ચયનય એક જ માનવામાં આવ્યો છે. તેથી તેને અનેક કહેવો તે આગમથી વિરુદ્ધ છે." નિરપેક્ષ નિશ્ચયનય અને સ્વભાવને વાચ્ય-વાચક સંબંધ છે. [૭]નિરપેક્ષ નિશ્ચયનય સ્યાતપદથી અર્થાત્ સાપેક્ષ નિશ્ચયનયથી રહિત હોવા છતાં પણ નિશ્ચયાભાસપણું આવતું નથી." આ નિશ્ચયનયનું સ્વરૂપ જ એવું છે કે તે ઉપનયથી રહિત જ છે. વળી તેનો વિષય અભેદ અને અનુપચાર છે. તે આત્માના વાસ્તવિક સ્વરૂપને જાહેર કરે છે. આ નિરપેક્ષ નિશ્ચયનયનું લક્ષણ છે.

હવે કોઈ જીવ સ્યાત્ નિશ્ચયનયથી વસ્તુસ્વભાવને વિચારે તો વ્યવહારનો જન્મ થઈ જાય છે. જ્યારે આ નિશ્ચયનય દ્વારા તો ઉપયનયનો પ્રલય થાય છે. કારણકે નિરપેક્ષ નિશ્ચયનય કોઈ દિવસ વ્યવહાર સાપેક્ષ થતી જ નથી. બીજી નિશ્ચયનય હજુ વ્યવહાર થઈ જાય છે. આ નિરપેક્ષ નિશ્ચયનય એવી ટોચ ઊપર ઊભી છે કે જ્યાં બાજુમાં વ્યવહારનયને રહેવાની જગ્યા જ નથી.

આ નિરપેક્ષ નિશ્ચયનયની ખાસ વિશેષતા એ છે કે તેમાં સ્યાત્પદનો અભાવ છે. સ્યાત્પદ કહો, પ્રમાણ કહો કે વ્યવહાર કહો એકાર્થ છે. સ્યાત્પદ વિકલ્પનો જનક છે. તેથી સ્યાત્પદ લગાવતાં અનેક અપેક્ષાઓનો જન્મ થઈ જાઈ છે. અને અપેક્ષ લગાવવાથી નિરપેક્ષ સ્વભાવ તિરોભૂત થઈ જાય છે. આમ સાપેક્ષ નિશ્ચયનયમાં અપેક્ષાઓને રોકવાની શક્તિ નથી. સ્યાત્પદનો અભાવ એટલે નિશ્ચયનયથી શુદ્ધ તેનો આ નિરપેક્ષ નિશ્ચયનયમાં અભાવ છે. આત્મા સ્યાત્ શુદ્ધ છે કે 'શુદ્ધ એવ' છે?

નિશ્ચયનયથી શુદ્ધ માનતાં પણ સ્વભાવનું ગ્રહણ ન થતું હોય તો બીજી નયથી અશુદ્ધ માને તેની તો વાત જ દૂર રહો. ભગવાન આત્મા છે સ્વભાવથી શુદ્ધ અને જુએ છે નિશ્ચયનયથી શુદ્ધ; તો તેને આત્માની પ્રાપ્તિ કેવી રીતે થાય? આમ સ્યાત્ શુદ્ધ માનનારને સર્વજ્ઞના માર્ગમાં

૬-પંચાધ્યાય ૬૬૦-૬૬૧ ૭-દેવસેન આચાર્ય-નયચક્ર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નો એન્ટ્રી (No entry) છે. અને સ્યાત્ શલ્યવાળો તેથી જ તો નિઃશલ્ય થતો નથી. બીજી નયને માનવા જતાં દૃષ્ટિ શુદ્ધાત્મા ઉપરથી ખસી જાય છે અને જ્યારે નિઃશલ્યસ્વભાવને સ્વભાવથી શુદ્ધ જાણતાં કેવળીનો લઘુનંદન બની જાય છે. આવો કોઈ સહજ સ્વભાવ જ હોવાથી તેને કોઈ નય લગાડ્યા વિના સ્વયમેવ જ્ઞાનથી સીધો જણાઈ જાય છે. જો આવો સ્વભાવ ન હોય તો કોઈને નિર્વિકલ્પ અનુભવ જ ન થાત. અથવા નયજ્ઞાન જ સાધન હોત તો બધા જ જ્ઞાની હોત !!

ખરેખર તો સાપેક્ષ કે નિરપેક્ષ બન્ને માંથી કોઈ ભાવનું વિકલ્પ દ્વારા તો ગ્રહણ થતું જ નથી. હવે જે અતત્ત્વવિદ્ છે તેને નય દ્વારા સમજાવે છે કે આ શ્રદ્ધાનો વિષય છેઃ આ જ્ઞાન નો વિષય છે, પરંતુ સમજનાર જ્યારે નયને છોડે છે ત્યારે શ્રદ્ધા પ્રગટ થાય છે. વળી પ્રયોજનની સિદ્ધિ બે નયને કહેવાથી નથી થતી. તેનાથી તો પદાર્થની સિદ્ધિ થાય છે. પરંતુ ''શુદ્ધનય એક જ છે'' તેમાં પ્રયોજન ઉપરાંત જાણવાની પણ સિદ્ધિ થાય છે.

સાપેક્ષ નિશ્ચયનય ખરેખર વ્યવહાર જ છે તેથી તે સંબધી વિકલ્પ તો પ્રથમથી જ નીકળી ગયો. પરંતુ નિરપેક્ષ નિશ્ચયનય દ્વારા નિર્ણય થયા પછી પણ પક્ષાતિક્રાંત થવા માટે નિરપેક્ષ નિશ્ચયનયનો પણ છેલ્લો વિકલ્પ છૂટે છે. 'હું જ્ઞાયક છું' તેવો પણ વિકલ્પ રહેતો નથી. આમ નિરપેક્ષ નિશ્ચયનય રાજાના મહેલના દરવાજા સુધી લાવીને... ધક્કો મારીને...અંદર પ્રવેશ કરાવીને ચાલી જાય છે. નિરપેક્ષ નિશ્ચયનય પણ વિકલ્પાત્મક હોવાથી તે પણ આત્મામાં પ્રવેશ પામતી નથી. તે કહે છે કે મારી ડ્યુટી આટલી જ છે. આ નિરપેક્ષ નિશ્ચયનયનું સ્વરૂપ છે.

નિરપેક્ષ નિશ્ચયનયના ગર્ભમાં રહેલા સિદ્ધાંતો :-

(૧) નિરપેક્ષ નિશ્ચયનય ઉપનયથી રહિત છે.

(૨) તે અભેદ અને અનુપચારને પ્રસિદ્ધ કરે છે.

(૩) તે અનુભવ કરાવે છે તેમ ન લખતાં અર્થનો નિશ્ચય કરાવે છે.

(૪) આ નિરપેક્ષનય પરમાર્થનો પ્રતિપાદક હોવાથી તે ભૂતાર્થ પણ છે.

(૫) તે વ્યવહારનો નિષેધક હોવાથી એક રીતે તેને પણ પૂજ્ય કહી છે.

(૬) તે કોઈ પણ પ્રકારે બીજાના ભાવને જરાપણ બીજામાં મેળવતી નથી.

(૭) આ નય ભેદને તેમજ ઉપચારને પ્રસિદ્ધ કરતી નથી. દા.ત. વ્યવહારનય કહે 'જ્ઞાન તે આત્મા' જ્યારે નિરપેક્ષ નિશ્ચયનય કહે 'જ્ઞાયક તે આત્મા' અર્થાત્ જ્ઞાયકને જ્ઞાયકપણે પ્રસિદ્ધ કરતી હોવાથી તે સત્યાર્થ પણ છે

(૮) આ નિરપેક્ષનયમાં ક્યાંય અટકવાનું સ્થાન જ ન હોવાથી તે સીધો નિરપેક્ષ દ્વારા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ પરમાર્થ બતાવે છે .

(૯) આ નિરપેક્ષ નિશ્ચયનય સ્યાત્‌પદથી રહિત હોવા છતાં નિશ્ચયાભાસપણું આવતું નથી.

(૧૦) તે સવિકલ્પ નિશ્ચયનય હોવા છતાં એક અપેક્ષાએ તેને પૂજ્ય કહી છે.

(૧૧) આ નિરપેક્ષ નિશ્ચયનય ભગવાન આત્માને સ્વભાવથી શુદ્ધ,સર્વથા શુદ્ધ, અને નિરપેક્ષ શુદ્ધ દર્શાવે છે.

(૧૨) નિરપેક્ષ નિશ્ચયનયનો વિષય ફરતો નથી. એકજ વિષય રહ્યા કરે છે.

(૧૩) નિરપેક્ષ નિશ્ચયનય દ્વારા વ્યવહારનો પ્રલય થાય છે.

(૧૪) નિરપેક્ષ નિશ્ચયનય તે નયોનો અધિપતિ રાજા છે.

(૧૫) નિરપેક્ષ નિશ્ચયનય નયાતિક્રાંત કરાવીને ચાલી જાય છે.

(૧૬) આ નિરપેક્ષ નિશ્ચયનય સાપેક્ષ નિશ્ચયનયને છોડાવે છે તો પછી વ્યવહારનયની તો વાત જ દૂર રહે છે.

(૧૭) આ નિરપેક્ષનય પોતાના વિષયને અપેક્ષાથી જોતી નથી: પરંતુ સ્વભાવથી જ જુએ છે.

(૧૮) નિરપેક્ષ નિશ્ચયનય સમસ્ત નયોના ચક્કરથી પાર કરાવનારી છે .

(૧૯) નિશ્ચયનયે હું શુદ્ધ છું તે રાહુના સ્થાને છે અને અનુભવમાં બાધક હોવાથી તેને સ્વભાવથી શુદ્ધ છું તેવી દૃષ્ટિ આપે છે .

(૨૦) આ નિરપેક્ષ નિશ્ચયનય નું એવું લક્ષણ છે કે આત્માનું જેવું સ્વરૂપ છે તેવું જ બતાવે છે તેથી તેને સવિકલ્પ નય કહો કે..સવિકલ્પ જ્ઞાન કહો કે નિરપેક્ષ જ્ઞાન કહો કે અપૂર્વ નિર્ણય કહો કે.. પરોક્ષ સ્વસંવેદન કહો કે...મન વડે કળી લે છે તેવું અનુમાન કહો ...!

અહીંઆ નિરપેક્ષનયને જ્ઞાન પર્યાયના સ્વભાવ તરીકે જોવી કારણકે તેમાં વ્યવહારનો અભાવ છે અને તે નયાતિક્રાંત કરાવે છે. અને પછી સમ્યક્‌ પ્રકારે નયોનો જ્ઞાતા થાય છે. સ્યાત્‌પદનો મારામાં અભાવ છે તેના લક્ષે નયાતિક્રાંત થઈ જાય છે. અને તેજ સમયે સમ્યક્‌ અનેકાન્તનો જન્મ થાય છે. આમ અનુભવ જ્ઞાનમાં સ્યાદ્‌વાદનો સદ્‌ભાવ છે, સમય એક છે. જે સમજે સ્યાત્‌પદથી રહિત છે તેજ સમયે સ્યાત્‌પદથી સહિત છે. આમ ''ધ્યેય પૂર્વક જ્ઞેય'' થાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[૧]અનેકાંતાત્મક વસ્તુતત્ત્વની વ્યવસ્થિતિને અનેકાંત સુસંગત દૃષ્ટિ વડે સ્વયમેવ દેખતા થકા સ્યાદ્વાદની અત્યંત શુદ્ધિને જાણીને જિનનીતિને જિનેશ્વરદેવના માર્ગને નહીં ઉલ્લંઘતા થકા સત્ પુરુષો જ્ઞાનસ્વરૂપ થાય છે. સ્યાદ્વાદ સાથે સુસંગત તેવી દૃષ્ટિ પ્રગટ થતાં જ્ઞાન એક સમયમાં અવિરોધપૂર્વક બે નયોના વિષયને જાણતું પરિણમે છે. જાણવાના મુક્ત સ્વભાવમાં કોઈ પ્રતિબંધ નથી. આમ નિર્વિકલ્પ નયપૂર્વક નિર્વિકલ્પ પ્રમાણજ્ઞાન પ્રગટ થાય છે.

તેથી સમ્યક્ સ્યાદ્વાદી જ સ્યાદ્વાદના અભાવ પૂર્વક સ્યાદ્વાદના સ્વભાવને એક સમયમાં સમ્યક્ પ્રકારે જાણે છે. આમ સ્યાદ્વાદ પણ સ્યાદ્વાદપણે હોવાથી સ્યાદ્વાદના અભાવમાં સ્યાદ્વાદનો જન્મ થાય છે. તેથી ખરેખર સ્યાદ્વાદી જ સ્યાદ્વાદના અભાવને સિદ્ધ કરી શકે છે. અને તેજ સમયે સ્યાદ્વાદી જ સ્યાદ્વાદના સદ્ભાવને સિદ્ધ કરી શકે છે. આ સ્યાદ્વાદની લીલા છે કે પ્રમાણથી એક સત્તા છે અને નયથી બે સત્તા છે. ઉપર ઉપરથી વિરોધ લાગે પણ સમ્યક્જ્ઞાનમાં પરમમૈત્રી છે. બન્ને સ્વભાવ એક બીજાના પૂરક છે. અંતમાં સર્વે મોક્ષાર્થીઓ અલભ્ય સ્વાનુભવને વરો કે જેમાં નિશ્ચયનયનો પક્ષનયથી અને પ્રમાણનો દ્રોહ નથી. એજ ભાવના સાથે અસ્તુ.

***નય ઉપર લક્ષ રાખવું તે રાગ છે. સ્વ તરફનાં વિકલ્પવાળો રાગ તે પણ બંધનું કારણછે.***

***(શ્રી સ.સાર ગાથા ૧૪૨ ગાથા પ્ર.નં. ૨૨૦ તા.૭/૫/૭૯)***

***આત્મામેં આત્મત્વ બુદ્ધિ પ્રગટ હોતે હી સુજ્ઞાન રુપમેં પરિણત હો જાતા હૈ. ઈસકે હોતે હી તમામ વિકલ્પ આત્મા સે કપૂર કી ભાઁતિ ઉડ જાતે હૈ.***

***(પરમઅધ્યાત્મ તરંગિણી કર્તાકર્મ અ. ૪૯ કળશ.)***

---

૧-સ. સાર ૨૬૫ કળશ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પ્રથમ પ્રવેશ દ્વાર

## ૐ નમઃ સમયસારાય

અધ્યાત્મયુગ પ્રવર્તક સ્વાનુભવપ્રેરણામૂર્તિ પરમ ઉપકારી પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ આ કાળમાં તીર્થ (મોક્ષમાર્ગ) સ્થાપ્યું. એ સ્થપાયેલા તીર્થની સુરક્ષા કરનાર, પૂજ્યગુરુદેવશ્રીના અનન્ય ભક્ત, શુદ્ધાત્મવેદી, સિદ્ધાંતબોધરસિક, સૂક્ષ્મ અધ્યાત્મરહસ્યોના ઉદ્ઘાટક, સૂક્ષ્માતિસૂક્ષ્મ હઠીલાં શલ્યોના સુપ્રસિદ્ધ ચિકિત્સક, અધ્યાત્મજગતના સુપ્રસિદ્ધ શિરમૌર પ્રવક્તા પૂજ્યશ્રી લાલચંદભાઈના મુખારવિંદમાંથી ઝરેલાં બે ગૂઢ રહસ્યો....

(૧) દ્રવ્યસ્વભાવ (૨) પર્યાય સ્વભાવની અતિઅપૂર્વ અદ્ભુત પરમામૃતમય ભેટ આત્માર્થીઓને અર્પતા અતિ હર્ષ થાય છે.

વિશ્વના દરેક પદાર્થની જેમ આત્મવસ્તુ દ્રવ્ય-પર્યાયાત્મક હોવાથી અનેકાંતિક છે. તેને સમજાવવા માટે ભગવાનની તથા તદ્અનુસારિણી સંતોની વાણી દ્વિનયાશ્રિત હોય છે. આમ સમજાવવા તથા સમજવા માટે નયોનો પ્રયોગ હોય છે. પરંતુ આત્માનુભવ નયાતિક્રાંત હોવાથી નયો દ્વારા જ વસ્તુને જાણવામાં અટકતા સ્વભાવની પ્રાપ્તિ થતી નથી.

રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં નયચક્રના આધારથી પં. શ્રીટોડરમલજીએ ફરમાવ્યું છે કે તત્ત્વના અવલોકન સમયે શુદ્ધાત્માને યુક્તિથી અર્થાત્ નય, પ્રમાણ વડે પહેલાં જાણ; આરાધના સમયે નહીં કારણ કે અનુભવ પ્રત્યક્ષ છે.

જેવી રીતે અભિમન્યુને ચક્રવ્યૂહમાં પ્રવેશ કરતાં આવડતું હતું પરંતુ તેમાંથી બહાર નિકળતા ન આવડ્યું તેમ અજ્ઞાની શાસ્ત્રના અવલંબને નયચક્રમાં પ્રવેશે છે પરંતુ તેમાંથી પાર થઈ પક્ષાતિક્રાંત થવાની વિધિથી અજાણ છે.

પ્રસ્તુત ચર્ચામાં પક્ષાતિક્રાંત થવાની ગૂઢ વિધિ સમજાવતાં પૂજ્ય ભાઈશ્રીએ ફરમાવ્યું કે દ્રવ્યસ્વભાવને સ્વભાવથી જો અને પર્યાયસ્વભાવને પણ સ્વભાવથી જો. કોઈ નયથી ન જો. નયથી જોતાં સ્વભાવની પ્રાપ્તિ થતી નથી. અજ્ઞાનીજીવો શાસ્ત્રોનો ઘણો અભ્યાસ કરવા છતાં સ્વભાવની પ્રાપ્તિરૂપ સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાનથી વંચિત છે. તેઓ કેવળ નયોના વિકલ્પોમાં રોકાયેલાં છે અને નયાતિક્રાંત થવાની કળાથી અજાણ છે.

નયવિકલ્પમાં અટકેલા જીવો નયાતિક્રાંત થઈ આત્માને સાક્ષાત્ અનુભવી શકે એટલા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માટે પરમકૃપાળુ ભાઈશ્રીએ આ વિકલ્પાંતકારી નિર્વિકલ્પ થવાની એટલે નયાતીત થઈ પક્ષાતિક્રાંત થવાની રહસ્યાત્મક કળા (વિધિ) દર્શાવેલ છે.

પૂ. ભાઈશ્રીના હૃદયમાં આવેલો આ ઉત્કૃષ્ટ ભાવ, સંતોના આગમમાંથી મળી જાય છે. કેમ કે વસ્તુના સ્વરૂપ માટે અને સ્વરૂપના અનુભવ માટે અનંત જ્ઞાનીઓનો એક જ મત હોય છે.

આ ચર્ચા નયથી પક્ષાતિક્રાંત થઈને પ્રત્યક્ષ અનુભવ કરવાના હેતુએ થઈ છે. પક્ષાતિક્રાંત થયેલો આત્મા શુદ્ધાત્માની દૃષ્ટિપૂર્વક બે નયોના વિષયને જાણે છે. કોઈ નય દુભાય નહીં અને પક્ષ રહે નહીં અને બે નયોનો જ્ઞાતા થઈ જાય.

નયથી જોતાં ઘણું કરીને ત્રણ દોષ આવે છે.

(૧) નયજ્ઞાન સાપેક્ષ છે. સાપેક્ષમાં, પ્રતિપક્ષ વ્યવહારના પક્ષનો વિકલ્પ ઉત્પન્ન થતાં, મિથ્યાત્વનું શલ્ય રહી જાય છે.

જ્યારે નિરપેક્ષમાં આવતા દૃષ્ટિ તથા જ્ઞાન સમ્યક્ થાય છે, વિકલ્પ છૂટી જાય છે અને બે નયોનો જ્ઞાતા થઈ વીતરાગતા પ્રગટ થાય છે.

(૨) નય વિકલ્પરૂપ છે. વિકલ્પથી સ્વભાવની પ્રાપ્તિ થતી નથી. નયપક્ષ આકુળતારૂપ છે. નયજ્ઞાન ઈન્દ્રિયજ્ઞાન હોવાથી શુદ્ધ જ્ઞાન તો નથી, પરંતુ સ્વજ્ઞેય પણ નથી-પરજ્ઞેય છે.

(૩) નય અંશગ્રાહી છે. નય વડે જાણતાં નય અંશગ્રાહી હોવાથી, એક ધર્મને જાણે છે, બાકીના ધર્મોને જાણવાનું બાકી રહી જાય છે. એટલે જ્ઞાનને વિષયનો પ્રતિબંધ થાય છે. પ્રતિબંધ થતાં તેને જાણવાની ઈચ્છા ઉત્પન્ન થતાં આકુળતા થાય છે. નિર્વિકલ્પ અતીંદ્રિય જ્ઞાન દ્વારા આત્માનો અનુભવ કરતાં તે જ્ઞાન સવિકલ્પ હોવાથી અને તેનું સામર્થ્ય સર્વગ્રાહી હોવાથી યુગપદ્ અક્રમે બધા ધર્મો એક સમયમાં જાણવામાં આવે છે. કાંઈ પણ જાણવાનું બાકી રહેતું નથી એટલે ઈચ્છા ઉત્પન્ન થતી નથી. એટલે નિરાકુળ આનંદનો અનુભવ થાય છે. આ રીતે સ્વભાવની પ્રાપ્તિની રીત, નયોથી જુદી છે.

આ ચર્ચામાં ખાસ વાત આ છે કે નયથી સ્વભાવની પ્રાપ્તિ થતી નથી કેમ કે નય સાપેક્ષ હોય છે. એના આધારરૂપે પંચાધ્યાયી પૂર્વાર્ધ ગાથા-૫૧૫ માં સ્પષ્ટ કહ્યું છે કે, જેમ છેદનક્રિયાનું કારણ એવી ફરસી છેદનક્રિયા કરવામાં સ્વતંત્ર રીતે ચલાવવામાં આવે છે તેવી રીતે નય સ્વતંત્ર રીતે વસ્તુને કોઈ ધર્મથી વિશિષ્ટ સમજતોય નથી અને કહેતોય નથી.

ભાવાર્થ : ફરસી ચલાવવામાં એ જરૂરી નથી કે તે કોઈ બીજા હથિયારની અપેક્ષા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાખીને જે છેદનક્રિયા કરે, પરંતુ નયનો પ્રયોગ સ્વતંત્ર થઈ શક્તો નથી. કોઈ વિશેષ અપેક્ષા વિના નય પ્રયોગ થઈ શક્તો નથી. નયપ્રયોગમાં વિશેષ અપેક્ષા અને પ્રતિપક્ષ નયની સાપેક્ષતા આવશ્યક છે. તેથી છેદનક્રિયામાં ફરસીની જેમ નય સ્વતંત્ર નથી, પરંતુ વિવક્ષા અને પ્રતિપક્ષ નયથી તે પરતંત્ર છે. જે નય અપેક્ષા વિના અને પ્રતિપક્ષ નયની સાપેક્ષતા વિના પ્રયુક્ત થાય છે. તેને નય જ કહેવો ન જોઈએ અથવા મિથ્યાનય કહેવો જોઈએ.

નય સાપેક્ષ જ હોય. નય નિરપેક્ષ ન હોય. અને સ્વભાવ નિરપેક્ષ જ હોય, સાપેક્ષ હોય નહીં. એટલે સાપેક્ષ નયથી નિરપેક્ષ સ્વભાવની પ્રાપ્તિ થતી નથી.

આ રીતે નય સાપેક્ષ જ હોય કેમ કે 'નિરપેક્ષ નયા મિથ્યા' એવું શાસ્ત્રનું વચન છે. માટે નિશ્ચયનયથી હું અકર્તા છું-એમ એક નયનો જ પક્ષ કરે તો એ તો મિથ્યા એકાંત થઈ ગયું માટે, ''સાપેક્ષ નયા સમ્યક્'' હોવાથી, નિશ્ચયથી અકર્તા છું તો વ્યવહારે કર્તા છું-એમ લેવામાં નય જ્ઞાન તો સમ્યક્ થઈ ગયું પરંતુ સાપેક્ષતામાં આવવાના કારણે અર્થાત્ નયજ્ઞાનમાં આવવાના કારણે, નિરપેક્ષ સ્વભાવથી દૂર થઈ ગયો. નયજ્ઞાનથી સ્વભાવની પ્રાપ્તિ નથી થતી. કેમ કે સ્વભાવ, સ્વભાવથી જ નિરપેક્ષ છે. નયને સમ્યક્ કરવા ગયો, તો સ્વભાવથી દૂર થઈ ગયો અને સ્વભાવમાં આવ્યો, તો નયપક્ષ સ્વયં સહજ અસ્ત પામી જાય છે.

નયનું પ્રતિપાદન સરખું કરવા સાપેક્ષથી વાત કરવી જ જોઈએ. નહીં તો એકાંત થઈ જાય. અને સાપેક્ષ કરવા જતાં આત્માનો અનુભવ ન થાય કારણ કે નિશ્ચયનયથી આત્મા અકર્તા છે એમ કહેતાં, કહ્યા વગર પણ વ્યવહારથી કર્તા છે-એમ આવી જાય છે. એટલે આમ સાપેક્ષ સિદ્ધ કરવામાં પણ જીવ નયાતિક્રાંત થતો નથી. કારણ કે ત્રિકાળી વસ્તુ કે જે શ્રદ્ધાનો વિષય છે તે સાપેક્ષ નથી. તે તો નિરપેક્ષ જ છે.

બે નયોનો વિષય તો જ્ઞાનનું જ્ઞેય છે, શ્રદ્ધાનું શ્રદ્ધેય નથી. એટલે બે નયોના આશ્રયે શ્રદ્ધા પ્રગટ થતી નથી. એટલે બે નયોનો પક્ષ છોડી, ત્રિકાળી નિરપેક્ષ સ્વભાવનું અવલંબન લેતાં શ્રદ્ધા સમ્યક્ થાય છે કારણ કે શ્રદ્ધા એકાંતિક જ હોય છે. અને શ્રદ્ધા સમ્યક્ થતાં જ્ઞાન સમ્યક્ થાય છે અને સમ્યક્જ્ઞાન સ્વભાવથી અનેકાંતિક હોવાથી બે નયોના વિષયને, જેમ છે તેમ, પક્ષપાત રહિત, જાણે છે.

આ રીતે જ્ઞાની બે નયોના જ્ઞાતા છે. પણ અજ્ઞાની બે નયોના વિકલ્પનો કર્તા છે.

માટે અજ્ઞાનીએ પ્રાથમિક પ્રમાણ-નયથી અભ્યાસ કર્યા પછી દ્રવ્યસ્વભાવને સ્વભાવથી અને પર્યાયસ્વભાવને સ્વભાવથી જ જોવાનો અભ્યાસ કરવો જોઈએ. નયોનો સહારો છોડી દેવો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોઈએ. **એટલે સ્વભાવગ્રાહી જ્ઞાનથી જ, સ્વભાવનો અનુભવ થાય.** નયસાપેક્ષથી અનુભવ ન થાય પરંતુ અનુભવ થયા પછી પરસ્પર બે નયો સાપેક્ષ છે એવું જ્ઞાન જરૂર થાય. આ રીતે નયાતિક્રાંત થતાં, નયોનો જ્ઞાતા થાય છે.

નયાતિક્રાંત થવા પહેલાં નયોનો જ્ઞાતા થઈ શક્તો નથી પણ નય વિકલ્પોની કર્તાબુદ્ધિ રહી જાય છે.

એટલે નય વિકલ્પોની કર્તાબુદ્ધિ કેમ છૂટે અને પછી નયોનો જ્ઞાતા કેમ થાય ?-કે દ્રવ્યસ્વભાવને સ્વભાવથી જો, નિશ્ચયનયથી નહીં, અને પર્યાયને સ્વભાવથી જો, નિશ્ચયનયથી પણ નહીં. સ્વભાવથી જોતાં નયવિકલ્પ છૂટી જાય છે.

નિશ્ચયના પક્ષથી નિર્ણય થાય છે પણ અનુભવ થતો નથી. તેથી નિશ્ચયનો પક્ષ પણ છોડી સ્વભાવથી જોતાં અનુભવ થાય છે. શ્રી સમયસાર નાટકમાં કહ્યું છે કે, ''જેઉ જહાં સાધક હૈ, તેઉ તહાં બાધક હૈં.''

**આ જ વાત શ્રી પંચાધ્યાયી ગાથા. ૬૪૫ થી ૬૪૮ માં કહી છે.**

શંકાકાર : જે વ્યવહારનયનું અવલંબન કરે છે, તે જેમ સામાન્ય રીતે મિથ્યાદૃષ્ટિ છે તેવી જ રીતે જે નિશ્ચયનયનું અવલંબન કરે છે તે મિથ્યાદૃષ્ટિ કેમ હોય ? અર્થાત્ વ્યવહારનયનું અવલંબન કરનારને મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવેલ છે તે બરાબર છે પરંતુ નિશ્ચયનયનું અવલંબન કરનારને પણ મિથ્યાદૃષ્ટિ જ કહેવામાં આવેલ છે તે કેવી રીતે ?

**ઉત્તર :** બરાબર છે, પરંતુ નિશ્ચયનયથી પણ વિશેષ કાંઈક છે. તે સૂક્ષ્મ છે, તેથી તે ગુરુના જ ઉપદેશને યોગ્ય છે. મહાનગુરુ સિવાય તેનું સ્વરૂપ કોઈ બતાવી શકતું નથી. તે વિશેષ સ્વાનુભૂતિનો મહિમા છે કે નિશ્ચયનયથી પણ બહુ સૂક્ષ્મ અને ભિન્ન છે.

**उभयं णयं विभणिमं जाणइ णवरं तु समय पडिबद्धो ।**
**णदु दयपक्खं गिण्हदि किंचिवि णयपक्खपरिहीणो ॥ १ ॥**

નિશ્ચયનયનું અવલંબન કરનારને પણ મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવ્યો છે તે વિષયમાં ઉક્ત ગાથા પણ પ્રમાણ છે. તેનો અર્થ એ છે કે જે બે પ્રકારના નય કહેવામાં આવ્યા છે તેને સમ્યક્દૃષ્ટિ જાણે તો છે પરંતુ કોઈપણ નયના પક્ષને ગ્રહતો નથી, તે નયપક્ષથી રહિત છે.

આ ગાથારૂપ સૂત્રથી આ વાત સિદ્ધ થઈ કે, **સમ્યક્દૃષ્ટિ નિશ્ચયનયનું પણ અવલંબન નથી કરતો.**

બીજી વાત એ છે કે નિશ્ચયનયને પણ આચાર્યે, સવિકલ્પ કહી છે અને જેટલું સવિકલ્પ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન છે તેને અભૂતાર્થ કહ્યું છે.

જેમ કે પહેલાં કહ્યું છે ગાથા-૫૦૬ માં,

**“यदि वा ज्ञानविकल्पो नयो विकल्पोस्ति सोप्यपरमार्थ: ।”**

તેથી સવિકલ્પ જ્ઞાનાત્મક હોવાથી પણ નિશ્ચયનય મિથ્યા સિદ્ધ થાય છે તથા અનુભવમાં પણ એ જ વાત આવે છે કે જેટલા કોઈ નય છે તે બધા પરસમય-મિથ્યા છે તે નયોનું અવલંબન કરનાર પણ મિથ્યાદૃષ્ટિ છે.

## સ્વાનુભૂતિનું સ્વરૂપ

તે સ્વાનુભૂતિની મહિમા એ રીતે છે કે સવિકલ્પ જ્ઞાન હોતાં, નિશ્ચયનય એ વિકલ્પોનો નિષેધ કરે છે. પરંતુ **“જ્યાં આગળ ન તો વિકલ્પ જ છે અને ન તો નિષેધ જ છે ત્યાં આગળ ચિદાત્મા અનુભૂતિ માત્ર છે.”**

ખરેખર જ્યાં સુધી શ્રદ્ધા વિપરીત છે ત્યાં સુધી બે નયોનું પરસ્પર સાપેક્ષ એવું સમ્યક્જ્ઞાન પણ પ્રગટ થતું નથી. નિરપેક્ષ તત્ત્વની દૃષ્ટિ વિના, અપેક્ષાઓનું જ્ઞાન, સમ્યક્ થતું નથી. માટે આત્માર્થીએ પ્રથમ શ્રદ્ધાની સંશુદ્ધિ હેતુએ સ્વભાવથી સ્વભાવને જોવો જોઈએ, કોઈ નયથી નહીં.

આ જ ભાવ શ્રીમાન અમૃતચંદ્રાચાર્યદેવે સમયસાર કળશ-૬૯-૭૦ માં દર્શાવ્યો છે.

**य एव मुक्त्वा नयपक्षपातं**
**स्वरूपगुप्ता निवसन्ति नित्यम् ।**
**विकल्पजालच्युतशान्तचित्ता-**
**स्त एव साक्षादमृतं पिबन्ति ॥ ६९ ॥**

**શ્લોકાર્થ :** જેઓ નયપક્ષપાતને છોડી (પોતાના) સ્વરૂપમાં ગુપ્ત થઈને સદા રહે છે તેઓ જ, જેમનું ચિત્ત વિકલ્પજાળથી રહિત શાંત થયું છે એવા થયા થકા સાક્ષાત્ અમૃતને પીએ છે.

**ભાવાર્થ :** જ્યાં સુધી કાંઈપણ પક્ષપાત રહે છે ત્યાં સુધી ચિત્તનો ક્ષોભ મટતો નથી. જ્યારે નયોનો સર્વ પક્ષપાત મટી જાય, ત્યારે વીતરાગ દશા થઈને, સ્વરૂપની શ્રદ્ધા નિર્વિકલ્પ થાય છે, સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય છે અને અતીન્દ્રિય સુખ અનુભવાય છે.

હવેના ૨૦ કળશમાં નયપક્ષને વિશેષ વર્ણવે છે અને કહે છે કે આવા સમસ્ત નયપક્ષોને જે છોડે છે, તે તત્ત્વવેદી (તત્ત્વોનો જાણનાર) સ્વરૂપને પામે છે :-

**શ્લોકાર્થ :** જીવ કર્મથી બંધાયેલો છે એવો એક નયનો પક્ષ છે અને જીવ કર્મથી બંધાયેલો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી એવો બીજો નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી (વસ્તુ સ્વરૂપનો જાણનાર) પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ, ચિત્સ્વરૂપ જ છે (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે.)

**ભાવાર્થ :** આ ગ્રંથમાં પ્રથમથી જ વ્યવહારનયને ગૌણ કરીને અને શુદ્ધનયને મુખ્ય કરીને કથન કરવામાં આવ્યું છે. ચૈતન્યના પરિણામ, પરનિમિત્તથી અનેક થાય છે તે સર્વને પહેલેથી જ આચાર્ય ગૌણ કહેતા આવ્યા છે. અને જીવને શુદ્ધ ચૈતન્ય માત્ર કહ્યો છે. એ રીતે જીવ પદાર્થને શુદ્ધ, નિત્ય અભેદ ચૈતન્યમાત્ર સ્થાપીને હવે કહે છે કે-આ શુદ્ધનયનો પણ પક્ષપાત (વિકલ્પ) કરશે, તે પણ તે શુદ્ધસ્વરૂપના સ્વાદને નહીં પામે.

અશુદ્ધનયની તો વાત જ શી ? પણ જો કોઈ શુદ્ધનયનો પણ પક્ષપાત કરશે તો પક્ષનો રાગ નહીં મટે તેથી વીતરાગતા નહીં થાય. પક્ષપાતને છોડી ચિન્માત્ર સ્વરૂપ વિષે લીન થયે જ સમયસારને પમાય છે. માટે શુદ્ધનયને જાણીને, તેનો પણ પક્ષપાત છોડી શુદ્ધસ્વરૂપનો અનુભવ કરી, સ્વરૂપ વિષે પ્રવૃત્તિરૂપ ચારિત્ર પ્રાપ્ત કરી, વીતરાગ દશા પ્રાપ્ત કરવી યોગ્ય છે.

આ જ ભાવ સમયસાર કળશટીકા, કળશ-૯૩ માં પણ પાંડે રાજમલજીએ દર્શાવ્યો છે-

''જેટલા નય છે તેટલા શ્રુતજ્ઞાનરૂપ છે; શ્રુતજ્ઞાન પરોક્ષ છે; અનુભવ પ્રત્યક્ષ છે; તેથી શ્રુતજ્ઞાન વિના જે જ્ઞાન છે તે પ્રત્યક્ષ અનુભવે છે. તેથી પ્રત્યક્ષપણે અનુભવતો થકો જે કોઈ શુદ્ધ સ્વરૂપ આત્મા તે જ જ્ઞાનપૂંજ વસ્તુ છે, એમ કહેવાય છે.''

પૂ. ભાઈશ્રીએ પરમ કરુણા કરી ફરમાવ્યું કે, 'હે ભવ્યો ! અમારો આશય તો, બધા નયાતીત થાઓ, પરમાનંદને પામો એટલો છે. તેથી સ્વભાવપ્રાપ્તિની રીત નયોથી જુદી છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ આ રહસ્ય પત્ર નં. ૧૮૦ વર્ષ ૨૪ મું, ૨૦૮, મુંબઈ મહા વદ-૩૦ ૧૯૪૭-માં દર્શાવ્યું છે.

''અનંત નય છે, એકેક પદાર્થ અનંતગુણથી અને અનંત ધર્મથી યુક્ત છે. એકેક ગુણ અને એકેક ધર્મ પ્રત્યે અનંત નય પરિણમે છે; માટે એ વાટે પદાર્થનો નિર્ણય કરવા માગીએ તો થાય નહીં;એની વાટ કોઈ બીજી હોવી જોઈએ. **ઘણું કરીને આ વાતને જ્ઞાની પુરુષો જ જાણે છે;** અને તેઓ તે નયાદિક માર્ગ પ્રત્યે ઉદાસીન વર્તે છે; જેથી કોઈ નયનું એકાંત ખંડન થતું નથી, અથવા કોઈ નયનું એકાંત મંડન થતું નથી, જેટલી જેની યોગ્યતા છે, તેટલી તે નયની સત્તા જ્ઞાની પુરુષોને સંમત હોય છે. માર્ગ જેને નથી પ્રાપ્ત થયો એવા મનુષ્યો 'નય' નો આગ્રહ કરે છે, અને તેથી વિષમફળની પ્રાપ્તિ હોય છે, કોઈ નય જ્યાં દુભાતો નથી એવા જ્ઞાનીના વચનને અમે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નમસ્કાર કરીએ છીએ. જેણે જ્ઞાનીના માર્ગની ઈચ્છા કરી હોય, એવા પ્રાણીએ નયાદિકમાં ઉદાસીન રહેવાનો અભ્યાસ કરવો; કોઈ નયમાં આગ્રહ કરવો નહીં અને કોઈ પ્રાણીને એ વાટે દુભાવવું નહીં, અને એ આગ્રહ જેને મટ્યો છે, તે કોઈ વાટે પણ પ્રાણીને દુભાવવાની ઈચ્છા કરતો નથી.''

આગમનો મર્મ જ્ઞાનીના હૃદયમાં હોય છે. શ્રી પંચાધ્યાયીકારે પણ કહ્યું છે કે, નિશ્ચયનયાવલંબી પણ મિથ્યાદૃષ્ટિ છે, એ વાતનું રહસ્ય મહનીય ગુરુ જ સમજાવી શકે છે, એ વાતની ધન્ય પળે થયેલી પૂ. ભાઈશ્રીના શ્રીમુખે થયેલી ચર્ચા દ્વારા પ્રત્યક્ષ અનુભવ થાય છે.

જે અતિ નિકટ ભવ્ય જીવ આ પરમ વીતરાગતામયી ઉત્તમ વચનોને માથે ચઢાવશે અને હૃદયમાં ધારશે એ અવશ્યમેવ પક્ષાતિક્રાંત થઈ સાક્ષાત્ જ્ઞાતા થયો થકો પરમાનંદને અનુભવશે અને અલ્પકાળમાં પૂર્ણાનંદમયી મુક્તિનો મહાપાત્ર થશે.

ભરતકુમાર ખીમચંદ શેઠ
રાજકોટ

*પૂર્વોકત પ્રકારસે અપને આપ ઉઠતે હુએ મહાન વિકલ્પોં કે સમૂહ વાલી વિશાલ-બડી ભારી નયોં કે પક્ષોં કી શ્રેણીકો દૂર કરકે ભીતર ઔર બાહર સમતા રસ રુપ અદ્વિતીય રસ જિસકા સ્વભાવ-સ્વરૂપ હૈ એસે અનુભવ સ્વરુપ એક અદ્વિતીય અપને સ્વભાવકો પ્રાપ્ત કરતા હૈ!*

*(પરમઅધ્યાત્મ તરંગિણી કર્તાકર્મ અ.કળશ ૪૫)*



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## નિયમસારજી શાસ્ત્રમાંથી કળશો

✣ જે સહજ પરમાત્મા પરમાનંદમય છે, સર્વથા નિર્મળ જ્ઞાનનું રહેઠાણ છે, નિરાવરણ સ્વરૂપ છે, અને નય અનયના સમૂહથી (સુનયો તથા કુનયોના સમૂહથી) દૂર છે.

(નિ. સાર કળશ-૨૪૫)

✣ કોઈ જીવ અદ્વૈત ઈચ્છે છે અને અન્ય કોઈ જીવો દ્વૈતને ઈચ્છે છે; હું દ્વૈત અને અદ્વૈતથી વિમુક્ત આત્માને નમું છું.

(નિ.સાર કળશ-૨૦૬)

✣ આ ધ્યાન છે, આ ધ્યેય છે, આ ધ્યાતા છે, અને પેલું ફળ છે આવી વિકલ્પજાળોથી, જે મુક્ત (રહિત) છે તેને (તે પરમાત્માતત્ત્વને) હું નમું છું

(નિયમસાર કળશ-૧૯૩)

✣ જે અનવરતપણે (નિરંતર) અખંડ અદ્વૈત ચૈતન્યને લીધે નિર્વિકાર છે તેમાં (તે પરમાત્મા પદાર્થમાં) સમસ્ત નયવિલાસ જરાય સ્ફુરતો જ નથી, જેમાંથી સમસ્ત ભેદવાદ (નયાદિ વિકલ્પ) દૂર થયેલ છે તેને (તે પરમાત્મ પદાર્થને) હું નમું છું, સ્તવું છું, સમ્યક્ પ્રકારે ભાવું છું.

(નિયમસાર ૧૯૨ કળશ)

✣ જે સકળ ઈન્દ્રિયોના સમૂહથી ઉત્પન્ન થતા કોલાહલથી વિમુક્ત છે, જે નય અનયના સમૂહથી દૂર હોવા છતાં યોગીઓ ને ગોચર છે, જે સદા શિવમય છે, ઉત્કૃષ્ટ છે અને જે અજ્ઞાનીઓને પરમ દુર છે,એવું આ ચૈતન્યમય સહજ તત્ત્વ અત્યંત જ્યવંત છે.

(નિયમસાર કળશ-૧૫૬)

✣ પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન એવો યોગિતિલક (મુનિ શિરોમણી) પ્રશસ્ત-અપ્રશસ્ત મન-વાણીના સમુદાયને છોડીને આત્મનિષ્ઠામાં પરાયણ રહેતો થકો, શુદ્ધનય અને અશુદ્ધ નયથી રહિત એવા અનઘ (નિર્દોષ) ચૈતન્યમાત્ર ચિંતામણીને પ્રાપ્ત કરીને, અનંત ચતુષ્ટયાત્મકપણા સાથે સર્વદા સ્થિત એવી જીવનમુક્તિને પામે છે.

(નિયમસાર કળશ ૯૪)

✣ સમ્યક્જ્ઞાનનું આભૂષણ એવું આ પરમાત્મતત્ત્વ સમસ્ત વિકલ્પ સમૂહોથી સર્વતઃ મુક્ત (સર્વ તરફથી રહિત) છે. (આમ) સર્વનય સમૂહ સંબંધી આ પ્રપંચ પરમાત્મતત્ત્વમાં નથી તો પછી તે ધ્યાનાવલી આમાં કઈ રીતે ઉપજી તે કહો.

(નિયમસાર-કળશ-૧૨૦)



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## 'દ્રવ્યસ્વભાવ'

એક દ્રવ્યસ્વભાવ અને એક પર્યાયસ્વભાવ, બન્ને સ્વભાવથી જ જેવા છે તેવા છે. દ્રવ્યસ્વભાવ એના પોતાના સ્વભાવથી જ અનાદિ અનંત જેવો છે તેવો છે અને જ્ઞાનની પર્યાયનો સ્વભાવ અનાદિ અનંત જેવો છે તેવો છે.

શાસ્ત્રમાં અનેક પ્રકારના કથનો આવશે. જેમ કે આત્મા અશુદ્ધ નિશ્ચયનયે રાગનો કર્તા છે અને નિશ્ચયનયે વીતરાગભાવનો કર્તા છે. ભાઈ ! આ બધા વ્યવહારનયના કથનો છે એને ઓળંગી જા-આત્મા રાગને કરતો નથી અને વીતરાગભાવને પણ કરતો નથી. આત્મા તો સ્વભાવથી જ અનાદિ અનંત અકારક, અવેદક છે.

આત્મા અકારક, અવેદક છે, તો એ કઈ નયથી છે ?

અરે ! સ્વભાવને અનુભવવા માટે નયની અપેક્ષા લગાડો નહીં, બંધ કરી દો. વ્યવહારનયે આત્મા પરિણામનો કર્તા છે અને નિશ્ચયનયે આત્મા પરિણામનો અકર્તા છે. અરે ! આત્મા નિશ્ચયનયે અકર્તા છે કે સ્વભાવથી જ અકર્તા છે ?

**ન્યાય :** જો નિશ્ચયનયે આત્મા અકર્તા છે એમ તમે લક્ષમાં લેશો, તો આત્મા વ્યવહારનયે કર્તા છે, એ શલ્ય આવ્યા વિના રહેશે જ નહીં તેથી નયથી વિચારો જ નહીં. વસ્તુ નયાતીત છે. દ્રવ્યસ્વભાવ નયથી ખ્યાલમાં નથી આવતો. અનુભવમાં નથી આવતો. કેમકે કોઈ નયથી અકર્તા છે-એમ નથી, સ્વભાવથી જ અકર્તા છે.

આ તો જે બિલકુલ અજાણ શિષ્ય છે, જેને આત્મા ત્રિકાળ અકર્તા હોવા છતાં કર્તાબુદ્ધિ થઈ ગઈ છે એને વ્યવહારનય અને નિશ્ચયનયથી સમજાવે છે. પણ હવે અત્યારે એવો કાળ આવ્યો છે કે આત્મા નિશ્ચયનયે અકર્તા છે-એમ છોડી દો, કેમ કે-જો નિશ્ચયનયથી આત્મા અકર્તા છે એમ તમે લેશો તો બીજી પ્રતિપક્ષ નય તમારા જ્ઞાનમાં ઊભી થશે અને મિથ્યાત્વ રહેશે. પણ સ્વભાવથી જુઓ તો કોઈ નયની અપેક્ષા જ નથી.

જેમ કે, અગ્નિ ઉષ્ણ છે. કઈ નયથી ? અરે ! સ્વભાવથી જ ઉષ્ણ છે. પાણી શીતળ છે. કઈ નયથી ? અરે ! સ્વભાવથી જ શીતળ છે. જો નિશ્ચયનયે શીતળ છે એમ તમે લેશો તો વ્યવહારનયે ઉષ્ણ છે એમ આવી જશે.

નિશ્ચયનય તો માત્ર સ્વભાવનો ઈશારો કરે છે. નિશ્ચયનયને વળગશો તો સ્વભાવ દૃષ્ટિમાં નહીં આવે. નિશ્ચયનયથી જો તો આવો તારો સ્વભાવ છે એમ નય માત્ર સ્વભાવનો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઈશારો કરે છે. પણ નિશ્ચયનયની પહોંચ સ્વભાવ સુધી નથી કેમ કે વસ્તુ નયાતીત છે. અકારક, અવેદક વસ્તુનો સ્વભાવ છે. **સ્વભાવ નયથી સિદ્ધ ન થાય, સ્વભાવ સ્વભાવથી જ સિદ્ધ થાય.**

આત્મા પર્યાયમાત્રથી ભિન્ન છે માટે એને અનાદિ અનંત કર્તાપણું લાગુ પડતું જ નથી. આત્મા બંધનો કર્તા નથી, અને મોક્ષનો પણ કર્તા નથી. કઈ નયથી ? અરે ! સ્વભાવથી જ એ તો અકર્તા છે. કોઈ નય લાગુ પડતી નથી. આ દ્રવ્યસ્વભાવની વાત થઈ.

**જ્ઞાનની પર્યાયનો સ્વભાવ**

આત્મા જ્ઞાતા છે. કઈ નયથી ?

અરે ! સ્વભાવથી જ જ્ઞાતા છે. વ્યવહારનયે જ્ઞાન પરને જાણે છે અને નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે છે-એમ નથી. અનાદિ અનંત જ્ઞાનની પર્યાય આત્માને જાણવારૂપે જ પરિણમે છે. એ જ્ઞાન આત્માને જ પ્રસિદ્ધ કરે છે.

કઈ નયથી જ્ઞાનમાં આત્મા જણાય અને કઈ નયથી ન જણાય ? વ્યવહારનયથી ન જણાય અને નિશ્ચયનયથી જણાય-એમ નથી. **જ્ઞાન આત્માને સ્વભાવથી જ અનાદિ અનંત પ્રસિદ્ધ કરે છે.** એને નયની અપેક્ષા જ નથી. સ્વભાવમાં નય ન હોય અને સ્વભાવની સિદ્ધિ માટે, 'નય' માત્ર અંગુલી નિર્દેશ કરે છે. અનુમાન સુધી લઈ જાય છે, બસ.

તું નિશ્ચયનયે અકર્તા છો કે સ્વભાવથી જ અકર્તા છો ?

હું તો સ્વભાવથી જ અકર્તા છું, પ્રભુ.

બસ, તો નયના વિકલ્પ છૂટી જશે અને તને અનુભવ થઈ જશે. અનુભવની આ વિધિ છે.

જ્ઞાનની પર્યાય નિશ્ચયનયે આત્માને જાણે છે કે સ્વભાવથી જાણે છે ?-સ્વભાવથી જ જાણે છે, પ્રભુ.

અનાદિ અનંત જ્ઞાન સ્વભાવથી જ આત્માને જાણતું પ્રગટ થાય છે. સ્વભાવથી જાણતો હોય, એમાં નયની અપેક્ષા ન હોય. નય તો માત્ર સ્વભાવનો અંગુલી નિર્દેશ કરે છે. પહેલા વ્યવહારનયનો પક્ષ હતો એને નિશ્ચયનય દ્વારા સમજાવે છે, તો વ્યવહારનો પક્ષ છૂટી જાય છે ને નિશ્ચયનયના પક્ષમાં આવે છે. હવે કોઈ તો સ્વભાવ સુધી પહોંચી પક્ષાતિક્રાંત થઈ અનુભવ કરી લે છે અને કોઈ નિશ્ચયનયના પક્ષમાં અટકી જાય છે, અનુભવ કરી શક્તો નથી. હવે જે નિશ્ચયનય દ્વારા સ્વભાવનું અનુમાન કરી, અનુભવમાં ચાલ્યો જાય છે, પક્ષાતિક્રાંત થાય છે, એણે નિશ્ચયનયનો પક્ષ પણ છોડ્યો ત્યારે અનુભવ થયો. નયથી આવો છું, એવો વિકલ્પ છૂટી જાય



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. અનુભવ માટે નય સાધન જ નથી. નય માત્ર અનુમાન સુધી લઈ જાય છે, એ અનુભવ ન કરાવી શકે.

જ્ઞાનની પર્યાય નિશ્ચયનયે આત્માને જાણે છે એમ વિચારતાં વ્યવહારનયથી એ પરને જાણે છે, એમ આવી ગયું. અરે ! નિશ્ચયનયથી જ્ઞાન આત્માને નથી જાણતું, સ્વભાવથી જ જાણે છે. તો કોઈ નય જ ન રહી; સ્વભાવ હાથમાં આવી ગયો. આ વાત કોઈ અપૂર્વ છે. **નયાતીત થવા માટેની આ વાત છે. સ્વભાવથી જ સ્વભાવ જણાય**- નયથી સ્વભાવની પ્રસિદ્ધિ જ ન થઈ. નય સાધન જ નથી. જો નય સાધન હોય તો તો પક્ષાતિક્રાંત થવાના કાળે નય રહેવી જોઈએ. પરંતુ ત્યારે કોઈ નય રહેતી નથી. માટે નય સ્વભાવની પ્રસિદ્ધિ માટેનું સાધન જ નથી.

જેમ કે સૂર્ય પ્રકાશનો પૂંજ છે. કઈ નયથી ? અરે ! સ્વભાવથી જ સૂર્ય પ્રકાશનો પૂંજ છે. વળી પ્રકાશ સૂર્યને પ્રસિદ્ધ કરે છે, કઈ નયથી ? અરે ! સ્વભાવથી જ પ્રકાશ સૂર્યને પ્રસિદ્ધ કરે છે. હવે જે સ્વભાવથી જ છે, ત્યાં નય લાગુ પડતી નથી. નયો તો માત્ર શિષ્યને સમજાવવા માટે છે. બહુ નયોના પ્રયોગમાં જવા જેવું નથી.

જો જ્ઞાન નયોના પ્રયોગમાં અટકશે તો બીજી પ્રતિપક્ષી નય જ્ઞાનમાં ઉભી થશે. આત્મા **'નિશ્ચયનયે'** અકર્તા છે. એમાં વિકલ્પ ઉભો થયો. જ્ઞાનની પર્યાય 'નિશ્ચયનયે' આત્માને જાણે છે એમાં પણ વિકલ્પ ઉભો થયો. નિશ્ચયનયે આત્મા અકર્તા નથી..નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણતું નથી..અરે ! આ શું વાત કરો છો ? હા, સાંભળ.

**-નિશ્ચયનયે આત્મા અકારક, અવેદક નથી,**

**સ્વભાવથી જ અકારક, અવેદક છે.**

**-નિશ્ચયનયે જ્ઞાન જ્ઞાયકને જાણતું નથી. સ્વભાવથી જ જ્ઞાન જ્ઞાયકને જાણે છે.**

આમ સ્વભાવની સન્મુખ થતાં નયોના વિકલ્પ અસ્ત થઈ જાય છે, શાંત થઈ જાય છે. અને અભેદપણે આત્માનો અનુભવ થાય છે. આ તો સ્વભાવનું જેને ભાન નહોતું અને જે વ્યવહારનયના પક્ષમાં પડ્યો હતો એને નિશ્ચયનય દ્વારા સમજાવે છે. તો એ 'નિશ્ચયનય' ને વળગી પડ્યો. માટે એને હવે કહે છે-જ્ઞાન નિશ્ચયનયે આત્માને જાણતું નથી. અરે ! આ શું કહો છો ? શું નિશ્ચયનયે નથી જાણતું, તો શું વ્યવહારનયે જાણે છે ? અરે ! તું સાંભળ. હું ત્રીજી વાત કરું છું.

**જ્ઞાન, સ્વભાવથી જ આત્માને જાણે છે. એને નય લાગુ પડતી નથી. એક દ્રવ્ય સ્વભાવ અને એક પર્યાય સ્વભાવ. બંનેના સ્વભાવને લક્ષમાં લે તો એક અનુભવ થાય. નયાતીત થવાની આ**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વિધિ છે.**

જાણનારો જણાય છે. જણાય છે અર્થાત્ જણાયા જ કરે છે. આબાળગોપાળ સૌને ભગવાન આત્મા જણાયા જ કરે છે. કઈ નયથી જણાયા કરે છે? અરે! એ તો 'સ્વભાવ'થી જ જણાયા કરે છે, જા.

એમ આવે છે કે-જ્યારે સ્વભાવની સન્મુખ થઈ અનુભવ કરે છે ત્યારે નયોની લક્ષ્મી ઉદય પામતી નથી; પ્રમાણ અસ્તને પામે છે. નયોની લક્ષ્મી અર્થાત્ સ્વભાવને જાણનારી સવિકલ્પાત્મક જ્ઞાનની પર્યાય ઉદય પામતી નથી. નય અસ્ત થાય છે ત્યારે સ્વભાવિક જ્ઞાન ઉદય થાય છે. જ્યારે આત્માને સ્વભાવથી જાુએ છે ત્યારે નયોના વિકલ્પ છૂટી જાય છે.

કળશ-૯માં આવે છે કે-

**उदयति न नयश्रीरस्तमेति प्रमाणं**
**क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रम् ।**
**किमपरमभिदध्मो धाम्नि सर्वङ्कषेऽस्मि-**
**न्ननुभवमुपयाते भाति न द्वैतमेव ॥ ९ ॥**

**શ્લોકાર્થ :-** આચાર્ય શુદ્ધનયનો અનુભવ કરી કહે છે કે -(अस्मिन् सर्वङ्कषे धाम्नि अनुभवम् उपयाते) આ સર્વ ભેદોને ગૌણ કરનાર જે શુદ્ધનયનો વિષયભૂત ચૈતન્ય-ચમત્કારમાત્ર તેજઃપૂંજ આત્મા, તેનો અનુભવ થતાં (नयश्रीः न उदयति) નયોની લક્ષ્મી ઉદય પામતી નથી, (प्रमाणं अस्तम् एति) પ્રમાણ અસ્તને પ્રાપ્ત થાય છે (अपि च) અને (निक्षेपचक्रम् क्वचित् याति, न विद्मः) નિક્ષેપોનો સમૂહ ક્યાં જતો રહે છે તે અમે જાણતા નથી (किम् अपरम् अभिदध्मः) આથી અધિક શું કહીએ? (द्वैतम् एव न भाति) દ્વૈત જ પ્રતિભાસિત થતું નથી.

જાણનારો જણાય છે. ને જ્યારે મને જાણનારો જણાય છે એમ આવે છે ત્યારે, 'નિશ્ચયનય'થી જાણનારો જણાય છે એવો વિચાર પણ આવતો નથી. **સ્વભાવથી જ જાણનારો જાણવામાં આવી રહ્યો છે તો સ્વભાવ જ લક્ષમાં આવે છે અને જ્યારે સ્વભાવ લક્ષમાં આવે છે ત્યારે નયના વિકલ્પ છૂટી જાય છે** અને સ્વભાવ સ્વભાવપણે અભેદ અનુભવમાં આવે છે.

'સમય'ની વ્યાખ્યા કરી કે-જાણવું અને (આત્માને) જાણવારૂપે પરિણમવું...સ્વભાવથી જ છે અનાદિ અનંત, કોઈ નય લાગુ ન પડે. **જો નય લગાડીશ તો સ્વભાવથી દૂર થઈ જઈશ અને જો સ્વભાવથી જોઈશ તો નય દૂર થઈ જશે.** આ નયથી દૂર થવાની વાત ચાલી રહી છે. નયથી સમજવાની તને ટેવ પડી ગઈ છે, તેથી વિકલ્પ ઉત્પન્ન થયા વગર રહેતા નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'હું નિશ્ચયનયે અકર્તા છું' તો વ્યવહારનયે કર્તા છું એમ આવી જ જાય, ખબર ન પડે. તેથી હું 'નિશ્ચયનયે' અકર્તા નથી સ્વભાવથી જ અકર્તા છું. હું વ્યવહારનયે તો અકર્તા નથી જ, પણ નિશ્ચયનયે પણ અકર્તા નથી. **હું તો સ્વભાવથી જ અકર્તા છું.**

'નિશ્ચયનયે' જ્ઞાન આત્માને જાણે છે ?

'નિશ્ચયનયે' જ્ઞાન આત્માને જાણતું જ નથી.

અરે ! આ શું કહો છો ?

હા, સ્વભાવથી જ જ્ઞાન આત્માને જાણતું પરિણમી રહ્યું છે.

હિંમતનગરમાં ફરમાવ્યું હતું, દ્રવ્યસ્વભાવ અનાદિ અનંત જ્ઞાનમાં જણાયા કરે છે અને જ્ઞાન અનાદિ અનંત આત્માને જાણ્યા જ કરે છે. આ FUNCTION (ક્રિયા) અનાદિ અનંત ચાલુ જ છે. આ વસ્તુસ્થિતિનો સ્વીકાર કરી લે તો અનુભવ થશે.

ખરેખર તો 'નિશ્ચયનયનો જે પક્ષ-વિકલ્પ છે તે સ્વભાવના ઓથે ગળે છે અને સ્વભાવનો ''આશ્રય'' લેતાં એ પક્ષ ટળી જાય છે. અને નયાતિક્રાંત થાય છે. 'નિશ્ચયનય' પક્ષાતિક્રાંત કરાવી, આનંદની પ્રાપ્તિ કરાવી ચાલી જાય છે. ઊભી ક્યાં રહે છે ? જ્યાં પોતે સ્વભાવની સન્મુખ થાય છે, ત્યાં નિશ્ચયનયનો પક્ષ પણ ઉત્પન્ન થતો નથી. નયપક્ષ તો પરાશ્રિત છે. વ્યવહારનય તો પરાશ્રિત છે જ પણ નિશ્ચયનય પણ પરાશ્રિત જ છે. વિકલ્પ માત્ર પરાશ્રિત જ હોય અને સ્વાશ્રિત ન હોય. (મનના સંગવાળો વિકલ્પ હોવાથી પરાશ્રિત જ છે.)

અતીન્દ્રિય જ્ઞાન આત્માને નિશ્ચયનયથી જાણતું નથી પરંતુ સ્વભાવથી જાણે છે. એમાં નયનું શું કામ આવ્યું ? **જ્ઞાન સ્વભાવથી જ આત્માને જાણે છે. એમ ખ્યાલમાં આવ્યું એનું નામ 'જ્ઞાનની પર્યાયનો નિશ્ચય'-અનુભવમાં પ્રગટ થાય છે.**

''જ્ઞાયક નથી ત્યમ પર તણો, જ્ઞાયક તો જ્ઞાયક છે'' બસ પરને જાણવાનો પક્ષ હતો તે છૂટી ગયો, જ્ઞાયક પરને જાણતો નથી એટલું કહ્યું-જ્ઞાયક જ્ઞાયકને જાણે છે એવો નિશ્ચયનય છે-એમ ન લીધું નિશ્ચયનયથી જ્ઞાયક જ્ઞાયકને જાણે છે એમ નહીં પરંતુ જ્ઞાયક તો જ્ઞાયક છે, બસ. જ્ઞાનની પર્યાય સ્વભાવથી જ આત્માને જાણ્યા કરે છે. એમાં નયની કોઈ જરૂરત જ નથી. આબાળગોપાળ સૌને આત્મા સદાકાળ અનુભવમાં આવી રહ્યો છે. **'સદાકાળ' અર્થાત્ સ્વભાવથી જ જ્ઞાન આત્માને જાણી રહ્યું છે.** પણ વ્યવહારથી તો પરને જાણે છે ને ? અરે ! પરનું જાણવું સ્વભાવમાં જ નથી. 'જ્ઞાયક નથી ત્યમ પર તણો'-ખલાસ થઈ ગઈ વાત.

નયાતીતમાં જેમ અનુભવ આવે છે, એમ નયાતીતમાં જ શ્રેણિ આવે છે. નયથી જ્યાં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યક્દર્શન ન થાય ત્યાં નયથી ચારિત્ર તો કેમ આવે ? તેથી જ્ઞાનીઓ પણ ઠરી જાય છે. કોઈકને જ સમજાવવાનો કે લખવાનો વિકલ્પ ઉઠે છે. સમર્થ આચાર્યોને પણ સમજાવવા માટે નયનો પ્રયોગ કરવો પડે છે, જે એમને પણ ખટકે છે. કેમ કે નયથી સ્વભાવ પ્રસિદ્ધ જ થતો નથી. પરંતુ જ્ઞાનથી સ્વભાવ પ્રસિદ્ધ થાય છે. ખરેખર બીજાને સમજાવવા માટે નયનો પ્રયોગ કરવો પડે છે. તેથી શ્રી પૂજ્યપાદસ્વામીએ કહ્યું કે, બીજાને સમજાવવું એ પાગલપણું છે. સમજાવવું અને સાંભળવું બંને પાગલપણું છે.

**નયના પ્રયોગમાં વિકલ્પ જ ઉત્પન્ન થાય છે. સ્વભાવની સમીપે જાય છે, તો વિકલ્પ ઊઠતા જ નથી.**

નિશ્ચયનય માત્ર તારા સ્વભાવ તરફ ઈશારો કરે છે કે આવું તારું સ્વરૂપ છેં. પછી એ નયને તું છોડી દે અને સ્વભાવમાં ચાલ્યો જા.

**દૃષ્ટાંત**- બીજનો ચાંદ ઉગે છે એ કોઈને દેખાય છે અને કોઈને દેખાતો નથી. હવે જે ચાંદને દેખવાવાળો છે એ બીજાને ચાંદ દેખાડવા ઝાડના માધ્યમ દ્વારા પ્રયત્ન કરે છે. આ જે ઝાડ છે ને, એની આ જે પેલી છેલ્લી ડાળી દેખાયં છે ને.. ઉપરની છેલ્લી એને તું જો અને પછી એની લાઈનમાં જ સીધું ઉપર જો તો તને ચાંદ દેખાશે. હવે પેલો તો ડાળીને જ વળગી પડ્યો (અને) કહે છે, મને ચાંદ દેખાતો નથી. અરે! તને મેં ડાળી દ્વારા, ડાળીને છોડીને, ચાંદને જોવાનું કહ્યું હતું. તું તો ડાળીને જ વળગી પડ્યો તો ચાંદ કેમ દેખાશે ? એને ચાંદ ન જ દેખાય. એમ નય દ્વારા સ્વભાવનું અનુમાન માત્ર કરાવે છે, તો એ તો નયને જ વળગી પડ્યો કે-હું નિશ્ચયનયે અકર્તા છું-હું નિશ્ચય નયે જ્ઞાતા છું-નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે છે. નય તો ડાળી છે. જે અહીં તહીં જોતો હતો એને દિશા સૂચન કરવા ડાળી દ્વારા ચાંદને જોવાનું કહ્યું.

વ્યવહારનય દ્વારા તો અનુમાન થતું જ નથી-એની તો દિશા જ વિપરીત છે. તેથી પ્રથમ નિશ્ચયનય દ્વારા સ્વભાવનું અનુમાન કરાવે છે કે તું નિશ્ચયનયે અકર્તા જ છો. પછી નિશ્ચયનયને છોડી દે. **'હું તો સ્વભાવથી જ અકર્તા છું-' તો અકર્તાનો વિકલ્પ છૂટી જાય છે અને અનુભવ થાય છે.**

નિશ્ચયનયથી જ્ઞાન આત્માને જાણે છે. એટલે જ્ઞાન પરને જાણતું નથી. આ રીતે નિશ્ચયનય વ્યવહારનો નિષેધ કરે છે. એ વિધિ-નિષેધ નયમાં છે. પરંતુ **સ્વભાવથી જ જ્ઞાન આત્માને જાણી રહ્યું છે. એમાં વિધિ-નિષેધના વિકલ્પ બન્ને એક સાથે જાય છે.** અનંતાનુબંધીના રાગ દ્વેષ-વિધિનો રાગ અને નિષેધનો દ્વેષ બન્ને ગળતા ગળતા ટળી જાય છે ને સ્વભાવમાં આવી જાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સ્વભાવથી સ્વીકારે એની જાત જ જુદા પ્રકારની છે, સ્વભાવથી સ્વીકારે એનું નામ જ સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાન છે.** સ્વભાવને સ્વીકારતાં તારી વિચાર કોટિ બદલી જશે. નયથી વિચારતો હતો તે હવે સ્વભાવથી વિચારતો થઈ જઈશ.

✦ આત્મા શુદ્ધ છે. કઈ નયથી ? આત્મા સ્વભાવથી જ શુદ્ધ છે.

✦ આત્મા મુક્ત છે. કઈ નયથી ? આત્મા સ્વભાવથી જ મુક્ત છે.

✦ આત્મા પરિપૂર્ણ છે. કઈ નયથી ?

આત્મા સ્વભાવથી જ પરિપૂર્ણ છે.

**સ્વભાવની સિદ્ધિ માટે નય નથી. સ્વભાવથી જ સ્વભાવની સિદ્ધિ થાય છે. નયથી સ્વભાવની સિદ્ધિ ન થાય. નયથી તો સ્વભાવનું માત્ર અનુમાન થાય, પણ અનુભવ ન થાય.**

દ્રવ્યલિંગી મુનિ અહીં ભૂલ્યો, અહીં રોકાણો. એને એમ સાચું લાગ્યુ કે હું તો નિશ્ચયનયે શુદ્ધ છું-અકર્તા છું. જેવો સ્વભાવ છે, એવા જ સ્વભાવને હું નિશ્ચયનય વડે જાણું છું, માનું છું. આ દ્રવ્યલિંગીની સૂક્ષ્મ ભૂલ છે અને અનુભવી ભૂલને ભાંગી નાખે છે. જ્યારે દ્રવ્યલિંગી ભૂલને ભાંગી શક્તો નથી. કેમ કે એ નયના સહારે સ્વભાવનો વિચાર કરે છે. નયની મદદ લે છે. સાપેક્ષ સ્વરૂપ લક્ષમાં લ્યે છે પરંતુ **સ્વરૂપ નિરપેક્ષ છે.** સ્વરૂપને કોઈના સહારાની જરૂરત નથી. આત્મા બંધ અને મોક્ષના ભાવથી રહિત છે,-તે આ.

**નયથી બંધ, મોક્ષની સિદ્ધિ થાય છે. જ્યારે સ્વભાવથી બંધ-મોક્ષની સિદ્ધિ જ થતી નથી. હું તો સ્વભાવથી જ અનાદિ અનંત મુક્ત છું.**

આત્મા કર્તા છે એ એક પક્ષ છે. આત્મા અકર્તા છે એ બીજો પક્ષ છે. ચિત્સ્વરૂપ જીવ વિષે નયોના આ બે પક્ષપાત છે. ખરેખર તો તત્ત્વવેદી એમ જાણે છે કે ચિત્સ્વરૂપ જીવ તો ચિત્સ્વરૂપ જ છે. વ્યવહારનયનો નિષેધ તો પહેલેથી કરતા આવ્યા છીએ. આ તો નિશ્ચયનયના નિષેધનો કાળ આવ્યો છે.

આત્મા નિશ્ચયનયે શુદ્ધ છે, અકર્તા છે, અબદ્ધ છે-એમ નથી. આત્મા તો **સ્વભાવથી જ શુદ્ધ છે, અકર્તા છે, અબદ્ધ છે.** જો નિશ્ચયનયે અબદ્ધ લેશો, તો વ્યવહારનયે બંધાયેલો સિદ્ધ થઈ જશે. અરે ! હું આત્મા સ્વભાવથી જ મુક્ત છું. બંધાણો જ નથી ને.

વ્યવહારનયના તો પડખે જ ચડવા જેવું નથી કેમ કે એ તો અન્યથા કથન કરે છે. જ્યારે નિશ્ચયનય સ્વરૂપનું અનુમાન તો કરાવે છે, પણ એની મર્યાદા સમજી લે. એ નિશ્ચયનયના પક્ષનો પણ નિષેધ કર. સ્વભાવની સન્મુખ જઈને નિશ્ચયનયના વિકલ્પને તોડી નાખ, નિષેધ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર. ખરેખર તો સ્વભાવની સમીપે જતાં નિશ્ચયનયના વિકલ્પ ઉદિત જ થતા નથી, એ જ એનો નિષેધ છે.

**જેમ નિશ્ચયનયમાં આવતાં વ્યવહારનયના વિકલ્પ છૂટી જાય છે, એમ સ્વભાવમાં આવતાં નિશ્ચયનયના વિકલ્પ છૂટે છે.** જેને આ સ્વભાવનો પક્ષ આવે છે એ હવે નિશ્ચયનયના પક્ષનો-કથનનો નિષેધ કરે છે. નિશ્ચયનયથી વ્યવહારનયનો નિષેધ અને સ્વભાવથી નિશ્ચયનયનો નિષેધ ! નય તો 'સ્વભાવ' માં આવતી નથી, બહાર રહી જાય છે. **સ્વભાવમાં તો નય નથી પણ સ્વાભાવિક જ્ઞાન અને દષ્ટિમાં પણ નય નથી. જ્ઞાયકમાં તો નય ન જ હોય પણ જ્ઞાનમાં પણ નય ન હોય.** કેમ કે અતીન્દ્રિય જ્ઞાન અભેદથી પોતે જ્ઞાયક જ છે ને ! તેથી એમાં નય નથી. અહાહા...બીજી રીતે કહીએ તો અજ્ઞાનમાં નય છે. (એટલે કે જ્યાં સુધી નયના વિકલ્પ છે, ત્યાં સુધી અજ્ઞાન છે. કારણ કે ત્યાં સુધી વિકલ્પની સાથે કર્તાકર્મની પ્રવૃત્તિ રહે છે.)

જ્ઞાયકસ્વભાવ નયોથી પાર છે. અરે ! આ આપ શું કહો છો ? નયતો જ્ઞાનમાં હોય અને જ્ઞાનથી જ્ઞાયકનો અનુભવ થાય છે. (આ અભ્યાસી જિજ્ઞાસુની દલીલ છે.)

(તેની સામે જ્ઞાની જણાવે છે) પ્રભુ ! જ્ઞાનમાં નય ન જ હોય. જ્ઞાયકમાં તો નય નથી જ પરંતુ જ્ઞાનમાં પણ નય ન હોય.

સ્વભાવથી વાત આવે એમાં એકલો સ્વભાવ જ દેખાય, બીજું કાંઈ ન દેખાય. નયથી સ્વભાવ વિચારવો અને સ્વભાવથી સ્વભાવ વિચારવો એ વિચારકોટિમાં પણ મોટો ફેર છે. સ્વભાવ પોતાનો વિશ્વાસ અને જ્ઞાનનું વજન ખમી શકે છે. પરંતુ નય એ વજન ખમી શકતી નથી, કેમ કે નય સાપેક્ષ છે.

દ્રવ્યલિંગીની આ જ ભૂલ છે. એ દ્રવ્યની નિરપેક્ષતામાં આવી શક્તો નથી તેમ જ પર્યાયની નિરપેક્ષતામાં પણ આવી શક્તો નથી. એ દ્રવ્યને પણ સાપેક્ષ જુએ છે અને પર્યાયને પણ સાપેક્ષ જુએ છે.

જ્ઞાન નિશ્ચયનયથી આત્માને જાણે છે એ પણ એક જાતની સાપેક્ષતા જ છે. **જ્ઞાન સ્વભાવથી જ આત્માને જાણે છે. સ્વભાવ કહેતા નિરપેક્ષતા જ આવે છે. સંસારનો થાક ઊતરી જાય એવી વાત છે. આ રહસ્ય ખ્યાલમાં આવતાં અલ્પકાળમાં મુક્તિ થાય.**

નિશ્ચયનયે શુદ્ધ કહેતાં, કોઈ નયે અશુદ્ધ છે એમ આવી જશે. નિશ્ચયનયે નિત્ય કહેતાં, કોઈ નયે અનિત્ય છે એમ આવી જશે. કેમકે નય સાપેક્ષ હોય છે. અને સ્વભાવ તો નિરપેક્ષ છે.

**નય સ્વભાવથી જ સાપેક્ષ હોય છે અને સ્વભાવ સ્વભાવથી જ અત્યંત નિરપેક્ષ હોય છે.**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વ્યવહારનય નિશ્ચયનયના દ્વારા નિષેધ્ય છે અને નિશ્ચયનય સ્વભાવના દ્વારા નિષેધ્ય છે.**

'નય' છે એ નિર્ણય કરવા માટે છે. અપૂર્વ નિર્ણય આવે છે-પરોક્ષ અનુભૂતિ થાય છે પણ એમાં આનંદ નથી. જ્ઞાન છે એ અનુભવ માટે છે. પ્રત્યક્ષ અનુભૂતિ થાય છે-એમાં આનંદ આવે છે.

વ્યવહારદૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ અને નિશ્ચયદૃષ્ટિ તે સમ્યક્દૃષ્ટિ એમ આવે છે. (પણ) નિરપેક્ષ દૃષ્ટિ તે સમ્યક્દૃષ્ટિ. બસ નિરપેક્ષતામાં બે નયપક્ષ ઊભા જ ન થાય. અહીં નયાતીત થવાની વાત છે.

**નિશ્ચયનયથી એક જ ધર્મ ખ્યાલમાં આવે છે અને સ્વભાવની સમીપ જઈને જુએ છે તો આખો સ્વભાવ ખ્યાલમાં આવે છે. પરિપૂર્ણ સ્વભાવની પ્રાપ્તિ સ્વભાવદૃષ્ટિમાં થાય છે.** નય દૃષ્ટિથી માત્ર એક જ ધર્મની સિદ્ધિ થાય છે, તેથી બીજા ધર્મોને જાણવાની આકુળતા ઉત્પન્ન થાય છે. નયમાં વિકલ્પની ઉત્પત્તિ થાય છે એનું કારણ જ એ છે કે નયનો ધર્મ એક એક ધર્મને જાણવાનો છે. જ્યારે સ્વભાવની સમીપ જઈને જુએ છે તો આખો સ્વભાવ જણાય છે. અને કંઈપણ જાણવું બાકી નહીં રહેતું હોવાથી નયપક્ષના વિકલ્પ ઉત્પન્ન જ થતાં નથી. વિષયનો પ્રતિબંધ છૂટી જાય છે અને અનુભવ થઈ જાય છે. ત્યારે ધ્યેયપૂર્વક આખો સામાન્ય-વિશેષાત્મક આત્મા જ્ઞાનનું જ્ઞેય થાય છે. માટે સ્વભાવની દૃષ્ટિ થતાં જ પક્ષાંતિક્રાંત થવાય છે. પરંતુ નિશ્ચયનયથી પક્ષાતિક્રાંત થવાતું નથી.

જે આત્મા સ્વભાવથી જ શુદ્ધ છે એને કોઈ નય દ્વારા શુદ્ધ કહેવો એ બરાબર નથી. આત્મા નિશ્ચયનયથી શુદ્ધ છે, એ કથન સાચું છે પણ એમાં અનુભવ નથી. પરંતુ એ કથન દ્વારા સ્વભાવનું માત્ર અનુમાન જ થઈ શકે છે.

આત્મા નિશ્ચયનયે શુદ્ધ છે એમ નહીં પણ સ્વભાવથી જ શુદ્ધ છે. સીધા સ્વભાવને જ જુઓ તો જે નયના માધ્યમ દ્વારા વિકલ્પ આવતા હતા, એ વિકલ્પ છૂટી જશે. સ્વભાવથી વિચારતાં વચ્ચે જે નય આવતી હતી એ નીકળી જશે, **એકલું જ્ઞાન રહી જશે અને અનુભવ થઈ જશે.** સ્વભાવથી સ્વભાવ વિચારો (અને) નયના માધ્યમને-વિકલ્પને રહેવા દો.

**"હું સ્વભાવથી જ શુદ્ધ છું"- એમાં વ્યવહારનયે અશુદ્ધ છું, એ દોષ છૂટી જાય છે અને નિશ્ચયનયે શુદ્ધ છું એ વિકલ્પ છૂટી જાય છે."**

નય છે એ વિકલ્પ છે. જેમ રાગથી અનુભવ ન થાય એમ નયથી પણ અનુભવ ન થાય. નયનો વિકલ્પ છે ત્યાં સુધી અનુભવ ન થાય. કારણકે આડકતરી રીતે રાગની સાથે કર્તાકર્મની પ્રવૃત્તિ ચાલુ જ રહે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## 'પર્યાય સ્વભાવ'

**સિદ્ધાંત-** વસ્તુ કદી પણ પોતાના સ્વભાવને છોડે નહી.

વસ્તુના બે વિભાગ.

**૧. દ્રવ્યસ્વભાવ :-** નિષ્ક્રિય સ્વરૂપ પોતાના અનાદિ અનંત અકર્તા સ્વભાવને છોડે નહીં અને કદી પણ કર્તા થાય નહીં.

**૨. પર્યાય સ્વભાવ :-** પર્યાય પણ એક વસ્તુ છે. સત્ અહેતુક છે. પર્યાય સ્વભાવથી જ ક્રિયાવંત છે. અનાદિઅનંત તે પોતાના ક્રિયાના કારકને છોડે નહીં. પર્યાયમાં ક્રિયા- (સામાન્ય ઉત્પાદ-વ્યયરૂપ ક્રિયા, પરાશ્રિત કે સ્વાશ્રિત એવો ભેદ હમણાં ન પાડવો)- સમયે સમયે થયા જ કરે છે, એ એનો સ્વભાવ જ છે.

થતી ક્રિયાને હું કરું એ અજ્ઞાન. થતી ક્રિયાને હું રોકું એ પણ અજ્ઞાન. પર્યાયમાં કર્તા ભોક્તા ધર્મ સ્વભાવથી જ છે. પર્યાય કરે છે ને ભોગવે છે એ એનો સ્વભાવ જ છે. ક્યા નયે પર્યાયને કરે છે ને ભોગવે છે એમ નહીં. બસ સ્વભાવથી જ એમાં કર્તાભોક્તાપણું છે.

✦ અજ્ઞાન દશામાં રાગને કરે છે ને દુઃખને ભોગવે છે.

✦ સાધક દશામાં વીતરાગતા-રાગને કરે છે ને આનંદ-દુઃખને ભોગવે છે.

✦ સાધ્યદશામાં પૂર્ણ વીતરાગતાને કરે છે અને પૂર્ણ આનંદને ભોગવે છે. આમ પર્યાય કર્તાભોક્તા ધર્મને કદી પણ છોડતી નથી.

પર્યાયના આવા સ્વભાવને જાણવાનો નિષેધ નથી, પણ એમાં હુંપણાનો નિષેધ છે.

હું તો જ્ઞાયક છું. સ્વભાવથી જ અકારક ને અવેદક છું. હુંપણું અહીં આવ્યું તો, દ્રવ્યસ્વભાવને જાણતાં જાણતાં, પર્યાયના કર્તા ભોક્તા ધર્મો જેમ છે એમ જણાઈ જાય છે.

આત્મા વ્યવહારથી કર્તા ભોક્તા નથી. એ તો પર્યાય સ્વભાવ જ છે. કર્તા ભોક્તા ધર્મો પર્યાયમાં સ્વભાવથી જ છે. ધર્મી તો માત્ર પર્યાયના ધર્મોને જાણે છે. વ્યવહારનયે પણ હું કર્તા ભોક્તા નથી. એ તો પર્યાયમાં સ્વભાવથી જ કર્તા ભોક્તા ધર્મ છે.

આત્મા વ્યવહાર નયે કર્તા ભોક્તા છે-એમ ન લે અને પર્યાયનો કર્તા પર્યાય નિશ્ચયનયે છે-એમ પણ ન લે ! **પર્યાય સ્વભાવથી જ ક્રિયાવંત છે એમ જાણ ! કોઈ જ નયપક્ષ ઊભો નહીં થાય.**

પર્યાય જણાય એ પણ સ્વાભાવિક છે. એવી જ કોઈ સ્વાભાવિક સ્વચ્છતા છે. એના



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાણપણાનો (જણાવાપણાનો) નિષેધ નથી. પ્રથમ નિષેધ કરાવ્યો કેમકે પર્યાયમાં જ આત્મબુદ્ધિ હતી. હવે તો આત્માને જાણતાં જાણતાં પર્યાય એના ધર્મો સહિત જેમ છે એમ જણાય છે.

**પ્રશ્ન :-** આત્મા રાગને ક્યા નયે કરે છે ?

**ઉત્તર :-** અરે ! એમ નથી. એ તો એ સમયની પર્યાયની પોતાની યોગ્યતા (સ્વભાવ) છે. એ પર્યાયનો વિભાવ સ્વભાવ છે તો રાગ થયો. પર્યાય સ્વભાવથી થયો છે.

અરે ! ત્યાં તો નયના વિકલ્પથી જ્ઞાન છૂટી ગયું ! એકલો 'જ્ઞાતા' થઈ ગયો. નયના વિકલ્પથી છૂટી એકલું જ્ઞાન રહી ગયું-

સ્વભાવને જાણવામાં નયની જરૂરત નથી, પરંતુ નયાતીત જ્ઞાનની જરૂરત છે.

**"બંને સ્વભાવને જાણતાં જાણતાં મોક્ષ થાય"**

૧. નિશ્ચયનયથી નિરપેક્ષ દ્રવ્યનો સ્વભાવ.

૨. વ્યવહારનયથી નિરપેક્ષ પર્યાયનો સ્વભાવ.

બંને નયોના વિકલ્પોને ઓળંગી ગયો તો સાક્ષાત્ જ્ઞાતા થઈ ગયો !

પર્યાય પર્યાયથી થાય એમ હું જાણું પણ પર્યાય મારાથી થાય એમ હું ન જાણું કેમકે પર્યાય સ્વભાવથી જ પરિણમી રહી છે. કારણ કે પર્યાય સત્ છે. પર્યાયને વ્યવહારે જાણું પણ પર્યાયને વ્યવહારે કરું નહીં.

**-સ્વભાવથી સમજતાં વિકલ્પ છૂટી જાય છે.**

**-નયથી સમજતાં વિકલ્પ રહી જાય છે.**

જ્ઞાનને સ્વભાવ તરફ લઈ જાઓ તો વિકલ્પ નહીં ઊઠે. સ્વભાવમાં અપેક્ષા લગાડશો તો વિકલ્પ ઉઠશે, સ્વભાવ હાથમાં નહીં આવે.

પર્યાય સ્વભાવથી જ ક્રિયાવંત છે તો આત્મા ઉપચારથી પર્યાયને કરે એ ક્યાં આવ્યું ? તો દ્રષ્ટિ સીધી અકર્તા સ્વભાવ ઉપર ગઈ તો કર્તાધર્મનો પણ જ્ઞાતા થઈ ગયો.

**-ક્રિયા ન કરવી એ દ્રવ્યનો સ્વભાવ.**

**-ક્રિયા કરવી એ પર્યાયનો સ્વભાવ.**

**-બંનેને જાણવું એ જ્ઞાનનો (જ્ઞાતાનો) સ્વભાવ.**

**પર્યાયને સ્વભાવથી જુઓ તો વ્યવહારનયે આત્મા કર્તા છે એ ઉપચાર નીકળી જશે. ઉપચારને ઓળંગે તો અનુભવ થાય.**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧. ''આત્મા સ્વભાવથી જ અકર્તા છે''-અહીં નિશ્ચયનયે આત્મા અકર્તા છે એનો નિષેધ થયો.

૨. 'પર્યાય સ્વભાવથી જ કર્તા છે.'-અહીં વ્યવહારનયે આત્મા કર્તા છે એનો નિષેધ થયો-બંને નય ઓળંગી ગયો. સાક્ષાત્ જ્ઞાતા થઈ ગયો-બસ સ્વભાવમાં આવી ગયો. દ્રવ્યસ્વભાવમાં બેઠો બેઠો પર્યાય સ્વભાવને જાણી લે છે.

દ્રવ્યસ્વભાવને નિશ્ચયનયે નક્કી કરવા ગયો તો સ્વભાવ દૂર રહી ગયો. દ્રવ્યસ્વભાવને સ્વભાવથી જ જ્યાં નક્કી કર્યો તો નિશ્ચયનય દૂર થઈ ગઈ.

આત્માને વ્યવહારથી કર્તા કહ્યો તો પર્યાય સ્વભાવ ખ્યાલમાં ન આવ્યો ને પર્યાય સ્વભાવ ખ્યાલમાં આવ્યો તો ઉપચાર ઓળંગી ગયો.

આહાહા...કર્તાપણાનો ઉપચાર જ્યાં ગયો ત્યાં 'સાક્ષાત્ જ્ઞાતા' થયો.

આ આત્મા સ્વભાવથી જ અકારક-અવેદક છે. એને સમજાવવા માટે નયથી સમજાવે છે પણ નયથી સમજતાં વિકલ્પની ઉત્પત્તિ થાય છે. આત્મા સુધી ઉપયોગ પહોંચી શક્તો નથી, જ્ઞાન લંબાઈ ને આત્માથી અભેદ થઈ અનુભવ થવો જોઈએ, પરંતુ નયના વિકલ્પો અનુભવમાં બાધક થાય છે. જીવ પક્ષાતિક્રાંત થઈ શક્તો નથી, વ્યવહારનય તો અન્યથા કથન કરે છે. પણ નિશ્ચયનય તો સાચું કથન કરે છે. જેવો આત્મા છે એવું કથન કરે છે. માટે એ નય દ્વારા નિર્ણય થાય પણ સ્વભાવથી દૂર રહીને સ્વભાવ બતાવે છે. એ નય સ્વભાવથી તન્મય થતી નથી. નય વિકલ્પાત્મક છે. માત્ર અંગુલી નિર્દેશ કરે પણ ત્યાં સુધી પહોંચવા છતાં પણ અનુભવ ન થાય.

**પ્રશ્ન :-** તો પછી એ નયના વિકલ્પ કેમ છુટે ?

**ઉત્તર :-** નયનું અવલંબન લઈને જે નિર્ણય થયો હતો એ નયને છોડીને તમે સ્વભાવ તરફ ચાલ્યા જાઓ.

**આત્મા નિશ્ચયનયથી અકર્તા નથી, સ્વભાવથી જ અકર્તા છે.**

**આત્મા નિશ્ચયનયથી શુદ્ધ નથી, સ્વભાવથી જ શુદ્ધ છે.** અનાદિઅનંત સ્વભાવથી જ મુક્ત છે, પરિપૂર્ણ છે.

**આમ સ્વભાવના આશ્રયથી નયોના વિકલ્પ છૂટી સીધો અનુભવ થઈ શકે છે. નયાતિક્રાંત થવાની આ વિધિ છે.**

જેમકે અગ્નિ ઉષ્ણ છે. કઈ નયે ? અરે ! સ્વભાવથી જ અગ્નિ ઉષ્ણ છે. એને કહેવા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ નયની અપેક્ષા નથી, આમ તમે નયોના વિકલ્પોને ઓળંગી એકદમ સ્વભાવની સન્મુખ થાઓ તો વિકલ્પ છૂટી અનુભવ થાય.

ગઈકાલે દ્રવ્યસ્વભાવને પ્રસિદ્ધ કરનારી નિશ્ચયનયના વિકલ્પોને દ્રવ્યસ્વભાવની મુખ્યતાથી ઓળંગી જવાની વાત કરી હતી...

આજે બીજું પડખું વ્યવહારનયનું છે.

પર્યાયો સ્વભાવથી જ ક્રિયાવંત છે. ક્રિયાના કારક સ્વભાવથી જ પર્યાયમાં છે. ત્યાં હવે તમે કહો કે આત્મા વ્યવહારનયે પર્યાયને કરે છે તો એ વાત બરાબર નથી. પર્યાય સ્વભાવથી જ એના કારકથી પરિણમે છે. એને વ્યવહારથી આત્મા કર્તા છે એવો જે ઉપચાર આવતો હતો એને ઓળંગી પર્યાયને પર્યાયના સ્વભાવથી જુઓ.

પર્યાયને નયથી ન જુઓ. અરે ! પર્યાયનો કર્તા પર્યાય નિશ્ચયનયે છે એમ પણ ન જુઓ. કેમ એમાં શું દોષ આવે છે ?-અરે ! એનો પ્રતિપક્ષ ઊભો થાય છે. આત્મા વ્યવહારનયે પર્યાયને કરે છે એ મોટો દોષ આવી પડે છે. આ ખૂબ ભયંકર દોષ છે.

પર્યાયમાં ક્રિયા થયા જ કરે છે પર્યાયનો સ્વભાવ જ કર્તાપણું છે. જેમ દ્રવ્યનો સ્વભાવ અકર્તાપણું છે. એ કઈ નયથી અકર્તાપણું છે ? એમ નહીં. સ્વભાવથી જ અકર્તા છે. એમ પર્યાય કઈ નયથી કર્તા છે ? એમ નહીં. સ્વભાવથી જ કર્તા છે.

સ્વભાવથી જ પર્યાયમાં ક્રિયા થયા કરે છે. અવિરતપણે થયા કરે છે. એને રોકી ન શકાય, વિકારી કે અવિકારી એમ ન લેવું. સામાન્ય ક્રિયા-ઉત્પાદ-વ્યય. પર્યાય પોતાના સ્વભાવથી જ પરિણમે છે. એમ **પર્યાયને પર્યાયના સ્વભાવથી જોતાં, આત્મા વ્યવહારથી પર્યાયને કરે છે એ કર્તાપણાનો ઉપચાર નીકળી જાય છે.**

જેમ કે જ્ઞાનની પર્યાય સમયે સમયે પ્રગટે છે. તો આત્મા કઈ નયે જ્ઞાનની પર્યાયને કરે છે ? તો કહે છે કે વ્યવહારનયે આત્મા જ્ઞાનની પર્યાયનો કર્તા છે, નિશ્ચયનયે તો આત્મા જ્ઞાનની પર્યાયનો પણ અકર્તા જ છે.

હવે આ જે વ્યવહારનયે કર્તાપણાનો ઉપચાર આવે છે એને ઓળંગી જાઓ કે પર્યાયમાં તો કાર્ય **પર્યાયના સ્વભાવથી જ થાય છે-** તો અરે ! વ્યવહારનયે આત્મા કર્તા છે એ ઉપચાર ખોટો થયો, તો જે નયોના વિકલ્પ ઉઠતા હતા તે છૂટી અંદરમાં ચાલ્યો ગયો. ત્યારે પર્યાયના સ્વભાવનો પણ જ્ઞાતા થઈ જાય છે. દ્રવ્યસ્વભાવનો જ્ઞાતા અને પર્યાયસ્વભાવનો પણ જ્ઞાતા-વચ્ચે જે નયોના



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિકલ્પ ઉઠતા હતા-નિશ્ચયનયના-વ્યવહારનયના એ છૂટી **એકલું જ્ઞાન રહ્યું-એ એકલા જ્ઞાનમાં આનંદ આવે છે.**

**પરિણામનો કર્તા પરિણામ છે એ સ્વભાવથી જ છે.**

નિશ્ચયનયે પર્યાય પર્યાયને કરે છે એમ પણ ન લેવું. જો નિશ્ચયનયે પર્યાયનો કર્તા પર્યાય છે એમ લેશો તો વ્યવહારનયે આત્મા પર્યાયનો કર્તા છે એવો ઉપચારનો દોષ આવી જશે.

માટે પર્યાયનો કર્તા પર્યાય સ્વભાવથી જ છે. નિશ્ચયનયે પર્યાય પર્યાયને કરે છે એમ પણ ન લેવું. **કોઈ નયથી સ્વરૂપની પ્રાપ્તિ નથી...જ્ઞાનથી સ્વરૂપની પ્રાપ્તિ છે. સ્વભાવથી સ્વભાવની પ્રાપ્તિ છે.**

પર્યાયને એના સ્વભાવથી જોતાં એની કરવાની બુદ્ધિ છૂટી જાય છે. ને કરવાનો ઉપચાર પણ છૂટી જાય છે.

કાર્ય સ્વયં થતું હોય એમાં બીજો કરે એવા ઉપચારનો અવકાશ જ ક્યાં છે ? બસ સ્વયંથી થાય છે. આત્મા જ્ઞાતા થઈ જાય છે.

નયના વિકલ્પોમાં એ વિકલ્પનો કર્તા બની જાય છે, રાગનો કર્તા બની જાય છે. એને ખબર જ નથી પડતી. જો વિકલ્પ છૂટે તો જ્ઞાન પ્રગટ થાય, તો જ્ઞાનનો કર્તા બને. જ્ઞાતા થઈ જાય છે-આ રહસ્ય છે.

## શ્રી સમયસાર શ્લોક-૯૫

શ્લોકાર્થ : (विकल्पक: परं कर्ता) વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે અને (विकल्प: केवलम् कर्म) વિકલ્પ જ કેવળ કર્મ છે; (બીજા કોઈ કર્તા-કર્મ નથી;) (सविकल्पस्य) જે જીવ વિકલ્પસહિત છે તેનું (कतृकर्मत्वं) કર્તાકર્મપણું (जातु) કદી (नश्यति न) નાશ પામતું નથી.

**ભાવાર્થ :** જ્યાં સુધી વિકલ્પભાવ છે ત્યાં સુધી કર્તાકર્મભાવ છે; જ્યારે વિકલ્પનો અભાવ થાય ત્યારે કર્તાકર્મભાવનો પણ અભાવ થાય છે. ૯૫.

નયથી વસ્તુની સિદ્ધિ કરે છે તો વિકલ્પોનો કર્તા બને છે. નયોથી ભિન્ન **સ્વભાવથી** વસ્તુને સિદ્ધ કરો તો નયના વિકલ્પ રહિત જ્ઞાન પ્રગટ થાય છે, જે દ્રવ્યસ્વભાવને તો જાણે છે પણ પર્યાય સ્વભાવ પણ જેમ છે તેમ એમાં જણાઈ જાય છે. જ્ઞાન વિકલ્પ વિનાનું **'મધ્યસ્થ'** થયું. વિકલ્પમાં પક્ષપાત હતો એટલે કે રાગ-દ્વેષ હતાં, ક્રમે ક્રમે જાણતો હતો. **નયોથી છૂટું પડેલું જ્ઞાન**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**દ્રવ્ય-પર્યાયના સ્વભાવને અક્રમે જાણે છે. બંને નયોનો જ્ઞાતા છે, કોઈ નયપક્ષ ગ્રહણ કરતો નથી.**

દ્રવ્યથી પર્યાય ન થાય, પર્યાયના સ્વભાવથી પર્યાય થાય છે. ઉત્પાદ-વ્યય સમયે સમયે થયા જ કરે છે. આ બે સ્વભાવની વાત છેલ્લી છે. જેનો મર્મ પામતા પક્ષાતિક્રાંત થઈ અનુભવ થાય છે; સાક્ષાત્ જ્ઞાતા થાય છે.

## સમયસાર ગાથા ૧૪૩

પક્ષાતિક્રાન્તનું (પક્ષને ઓળંગી ગયેલાનું) શું સ્વરૂપ છે ? એ પ્રશ્નના ઉત્તરરૂપે ગાથા હવે કહે છેઃ-

**નયદ્વય કથન જાણે જ કેવળ સમયમાં પ્રતિબદ્ધ જે,**
**નયપક્ષ કંઈ પણ નવ ગ્રહે, નય પક્ષથી પરિહીન તે. ૧૪૩.**

**ગાથાર્થ :-** (नयपक्षपरिहीन) નયપક્ષથી રહિત જીવ, (समयप्रतिबद्धः) સમયથી પ્રતિબદ્ધ થયો થકો (અર્થાત્ ચિત્સ્વરૂપ આત્માને અનુભવતો થકો) (द्वयोः अपि) બન્ને (नययोः) નયોના (भणितं) કથનને (केवलं तु) કેવળ (जानाति) જાણે જ છે (तु) પરંતુ (नयपक्षं) નયપક્ષને (किञ्चित् अपि) જરાપણ (न गृह्णाति) ગ્રહણ કરતો નથી.

*પ્રગટપણે સદા શિવમય-(નિરંતર કલ્યાણમય એવા પરમાત્મ તત્ત્વને વિષે ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. 'તે છે (અર્થાત્ ધ્યાનાવલી આત્મામાં છે)' એમ (માત્ર) વ્યવહારમાર્ગે સતત કહ્યું છે. હે જિનેન્દ્ર ! આવું તે તત્ત્વ (તેં નય દ્વારા કહેલું વસ્તુ સ્વરૂપ) અહો ! મહા ઈન્દ્રજાળ છે.*

*(નિયમસાર કળશ-૧૯૯)*



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# અનુક્રમણિકા


| ક્રમ | | ચર્ચા નં | પાના નં |
|---|---|---|---|
| ૧. | શ્રી દ્રવ્યસ્વભાવ પર્યાય સ્વભાવની ચર્ચા-રાજકોટ | ચર્ચા નં-૧ | ૧ |
| ૨. | શ્રી દ્રવ્યસ્વભાવ પર્યાય સ્વભાવની ચર્ચા-રાજકોટ | ચર્ચા નં-૨ | ૩૦ |
| ૩. | શ્રી દ્રવ્યસ્વભાવ પર્યાય સ્વભાવની ચર્ચા-રાજકોટ | ચર્ચા નં-૩ | ૪૧ |
| ૪. | શ્રી દ્રવ્યસ્વભાવ પર્યાય સ્વભાવની ચર્ચા-રાજકોટ | ચર્ચા નં-૪ | ૫૧ |
| ૫. | શ્રી દ્રવ્યસ્વભાવ પર્યાય સ્વભાવની ચર્ચા-રાજકોટ | ચર્ચા નં-૫ | ૫૯ |
| ૬. | શ્રી દ્રવ્યસ્વભાવ પર્યાય સ્વભાવની ચર્ચા-રાજકોટ | ચર્ચા નં-૬ | ૬૭ |
| ૭. | શ્રી દ્રવ્યસ્વભાવ પર્યાય સ્વભાવની ચર્ચા-રાજકોટ | ચર્ચા નં-૭ | ૮૦ |
| ૮. | શ્રી દ્રવ્યસ્વભાવ પર્યાય સ્વભાવની ચર્ચા-રાજકોટ | ચર્ચા નં-૮ | ૯૨ |
| ૯. | શ્રી દ્રવ્યસ્વભાવ પર્યાય સ્વભાવની ચર્ચા-જામનગર | ચર્ચા નં-૧ તા. ૧૩-૯-૯૧ | ૧૦૧ |
| ૧૦. | શ્રી દ્રવ્યસ્વભાવ પર્યાય સ્વભાવની ચર્ચા-જામનગર | ચર્ચા નં-૨ તા. ૧૪-૯-૯૧ | ૧૧૫ |
| ૧૧. | શ્રી દ્રવ્યસ્વભાવ પર્યાય સ્વભાવની ચર્ચા-જામનગર | ચર્ચા નં-૩ તા. ૧૬-૯-૯૧ | ૧૨૭ |
| ૧૨. | શ્રી દ્રવ્યસ્વભાવ પર્યાય સ્વભાવની ચર્ચા-જામનગર | ચર્ચા નં-૪ તા. ૧૭-૯-૯૧ | ૧૩૮ |
| ૧૩. | શ્રી દ્રવ્યસ્વભાવ પર્યાય સ્વભાવની ચર્ચા-જામનગર | ચર્ચા નં-૫ તા. ૧૯-૯-૯૧ | ૧૪૯ |
| ૧૪. | શ્રી દ્રવ્યસ્વભાવ પર્યાય સ્વભાવની ચર્ચા-જામનગર | ચર્ચા નં-૬ તા. ૨૦-૯-૯૧ | ૧૬૪ |
| ૧૫. | શ્રી દ્રવ્યસ્વભાવ પર્યાય સ્વભાવની ચર્ચા-જામનગર | ચર્ચા નં-૭ તા. ૨૧-૯-૯૧ | ૧૭૬ |



**પૂ.ભાઈશ્રીની નિશ્રામાં થયેલ પ્રકાશનો**

(૧) ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી

(૨) દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ

(૩) ભેદજ્ઞાન ભજનાવલી

**કુંદામૃત કહાન સ્વાધ્યાય હોલના પ્રકાશનો**

(૧) જ્ઞાનથી જ્ઞાનનું ભેદજ્ઞાન

(૨) દ્રવ્ય સ્વભાવ પર્યાયસ્વભાવની ચર્ચા

**હવે પછીનું અમારું પ્રકાશન "જાણનારો જણાય છે"**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ચર્ચાનં-૧ રાજકોટ

અતીન્દ્રિય જ્ઞાન એક સમયમાં નિત્ય-અનિત્ય, એક-અનેક ને એક સમયમાં અનંતધર્મોને જાણે છે. તે જ્ઞાન કેવળી જેવું જ છે. (જ્ઞાનમાં વિષયનો પ્રતિબંધ જ નથી, નયજ્ઞાનમાં તો વિષયનો પ્રતિબંધ રહે છે. ઈન્દ્રિયજ્ઞાન વિષયને જાણી શકતું નથી.) ઈન્દ્રિયજ્ઞાનમાં મુખ્ય-ગૌણ છે. આ અતીન્દ્રિયજ્ઞાન જે પ્રમાણ થયું તેમાં મુખ્ય-ગૌણ ન હોય. ધ્યેયપૂર્વક જ્ઞેય એ પ્રમાણજ્ઞાન છે તેમાં મુખ્ય-ગૌણ ન હોય.

પક્ષમાં તો ક્રમેક્રમે જાણતો હતો. આને (દ્રવ્યને) સામાન્ય કહેવાય, આને (પર્યાયને) વિશેષ કહેવાય, આને નિત્ય કહેવાય, આને અનિત્ય કહેવાય. એક નય નિત્યને જાણે છે તો બીજી નય અનિત્ય છે તેને (તે સમયે) જાણતી નથી એટલે આકુળતા થાય છે.

જે જ્ઞાન ધ્રુવને જાણે છે તે જ જ્ઞાન ઉત્પાદ-વ્યયને જાણે છે. પછી અભિપ્રાયની અપેક્ષાએ એમ કહેવાય કે જે ઉત્પાદ વ્યયને જાણે તેનું નામ વ્યવહારનય અને ધ્રુવને જાણે તેનું નામ નિશ્ચયનય; પણ ઈ તો પછીની વાત છે. કહેવામાત્ર છે, સમજાવે કેવી રીતે ? ઓલું તો સમજાવી શકાય નહીં; અનુભવ એક સાથે જ છે. કહેવામાં ક્રમ પડે, અનુભવમાં ક્રમ ન પડે. જેમકે તમે સાકરનો ગાંગડો મોઢામાં મૂકો તેનો સ્વાદ આવ્યો તો દ્રવ્યને આશ્રયે જે મીઠાશ થઈ તેનો એકી સાથે સ્વાદ આવ્યો પછી સાકર ખાવાનું બંધ કર્યા પછી તમે બીજાને સમજાવો તો ક્રમથી સમજાવવું પડે. ગળપણ તો એની પર્યાય છે ઓલું દ્રવ્ય છે. (શ્રોતા-જ્ઞાન પક્ષાતિક્રાંત હી હોતા હૈ.) સ્વભાવ પક્ષાતિક્રાંત છે જ્ઞાનની પર્યાયનો સ્વભાવ પક્ષાતિક્રાંત છે; જેમાં પક્ષ ઊઠે તે જ્ઞાન નથી.

આમાં મેં દૃષ્ટાંત આપ્યોને એટલે ખ્યાલ આવી ગયો કે ધ્રુવને જાણે, જે નય ધ્રુવને જાણે તે ઉત્પાદ-વ્યયને ન જાણે, કારણકે નયજ્ઞાન તે જ્ઞાન નથી. તે ક્રમિક છે, તે માનસિક જ્ઞાન છે, ધ્રુવને જાણે જ્યારે, ત્યારે ઉત્પાદ વ્યયને ન જાણે. અનુભવમાં બન્નેનું જ્ઞાન એક સાથે છે. બહુ સૂક્ષ્મ અંદરની રમતું છે એટલે જ્ઞાનીઓ કહે છે વચનાતીત છે, અનુભવથી જ પ્રમાણ થાય, સમજાવી ન શકાય છતાં ઈશારો કરે અને તો સામેવાળો સમજી પણ જાય કે આ કહેવાનો આશય છે.

**શ્રોતાઃ**- એટલે જ્ઞાનમાં આવી જાય ને તો સમજાય એવું છે ?

**ઉત્તર :**- જ્ઞાનમાં આવી જવું જોઈએ અને નયનો પક્ષ છોડી દેવો જોઈએ. સ્વભાવથી સમજે ને તો જ દ્રવ્ય સ્વભાવ-પર્યાય સ્વભાવ સમજાય, દ્રવ્યને નયથી જુએ ને પર્યાયને નયથી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુએ તો પત્તો ન ખાય. ખરેખર આ નયનો વિષય જ નથી; આત્મા જ્ઞાનનો વિષય છે. નય તો સમજાવવા માટે છે; અવલોકન કાળે એનો ઉત્પાદ છે. આત્માના અધિગમના ઉપાય પ્રમાણ અને નય છે. (અનુભવના ઉપાય નહીં)

આ શબ્દ મને બહુ ગમે છે ''જેઊ જહાં સાધક હૈ તેઉં તહાં બાધક હૈ'' જે જે વસ્તુ સાધક છે તે તે વસ્તુ બાધક છે તો રાગની કથાની તો શું વાત કરવી ? હવે, નય જ્ઞાન (અનુભવમાં) બાધક છે તેમાં અનુભવ નથી થતો તો રાગ તો ઘણો દૂર ઈ તો કષાયમાં ગયો; એમાં તો વ્યવહારેય જ્ઞાન નથી આ વ્યવહારે જ્ઞાન છે આમાં, એમાં વ્યવહારનયથી એને જ્ઞાન કહેવાય; ભાવેન્દ્રિયમાં અનુમાન થઈ શકે, રાગમાં અનુમાન ન થાય, રાગ તો પ્યોર જડ છે એટલે નયને પ્રાથમિક ભૂમિકામાં સાધન કહ્યું. અનુભવકાળે બાધક થઈ ગયું. જે સાધક છે તે બાધક છે આહાહાહા. ધ્યેયપૂર્વક જ્ઞેય જેને ન થાય તે એકાંતમાં ખેંચાઈ જાય. (નિયમથી બરાબર છે) કાં તો ઈ પર્યાયના પક્ષમાં, કાં તો દ્રવ્યના પક્ષમાં કાં પ્રમાણના પક્ષમાં-કોઈને કોઈ પક્ષમાં અટકી જાય.

**શ્રોતા :-** પક્ષ હોય જ, પક્ષાતિક્રાંત નહીં હૈ તો નિયમસે કોઈ ન કોઈ પક્ષમેં હી હૈ.

**ઉત્તર :-** પક્ષમેં હી હૈ.

**શ્રોતા :-** ધ્યેયપૂર્વક જ્ઞેય વો હી પક્ષાતિક્રાંતકા સ્વરૂપ હૈ. (સમય એક.)

**ઉત્તર :-** આ શબ્દો ખાસ કહ્યા હતા તમને, સમય એકમાં ધ્યેયપૂર્વક જ્ઞેય થાય છે.

**શ્રોતા :-** આ વાત તો ચમત્કારિક લાગે છે.

**ઉત્તર :-** ધ્યેયપૂર્વક જ્ઞેય એક સમયમાં થાય ઈ ચમત્કારિક વાત છે. બેનને આમ ઈ... અંદરથી આવ્યું એટલે સમજવાની જિજ્ઞાસા થઈ ને માગણી કરી ઈ એક વાક્ય ઉપર જ.

ધ્યેયપૂર્વક જ્ઞેય એક સમયમાં થાય છે પણ વાત સૂક્ષ્મ છે. એમ કહી વાત પડતી મૂકી દીધી એમાં ચોટ લાગી ગઈ. બેનને અંદરથી જિજ્ઞાસા થઈ અને ઓ હો હો સમય એક ? એક સમયમેં દો કા જ્ઞાન હો જાતા હૈ ? હાં હો જાતા હૈ. કેવળજ્ઞાનને પૂછો કે એક સમયમાં તમને બેનું જ્ઞાન થાય છે ? જો એને બેનું જ્ઞાન થાય તો પક્ષાતિક્રાંત થતાં બેનું જ્ઞાન થાય જ. અનુભવના કાળે ઈ કેવળી જેવો જ છે. (બરાબર એકદમ બરાબર) કેવળીને પૂછી જુઓ અત્યારે, ઈ કહેશે કે હા એક સમયમાં દ્રવ્ય-પર્યાય બેયને અમે જાણીએ છીએ; અમારી પાસે નયજ્ઞાન નથી છતાં જાણીએ છીએ. (નયજ્ઞાનમાં ન જાણી શકાય, જ્ઞાનમાં જાણી શકાય) તો તને પણ તારા જ્ઞાનમાં બેય જણાશે. અને ક્રમે જણાય છે ઈ **જાણવું જ નથી.** ઈ તો બાધકપણું છે; સાધક નથી બાધક છે.

આ દ્રવ્યસ્વભાવ-પર્યાય સ્વભાવ ઊંચામાં ઊંચી વાત છે. દ્રવ્યને સ્વભાવથી જો, નયથી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ન જો. પર્યાયને પણ સ્વભાવથી જો, નયથી ન જો. જ્ઞાનની પર્યાયમાં સવિકલ્પપણું સ્વભાવથી જ છે એટલે દ્રવ્યને જાણતાં બીજું જણાઈ જાય છે. જો એમાં નિર્વિકલ્પપણું હોત શ્રદ્ધાની માફક, શ્રદ્ધા નિર્વિકલ્પ છે ઈ સામાન્યમાં જ અહંપણું કરે છે; વિશેષમાં અહંપણું થતું જ નથી. શ્રદ્ધા નિર્વિકલ્પ છે; જ્ઞાનસવિકલ્પ છે, સામાન્યમાં અહં તો કરે છે, એ તો બરાબર છે, પણ વિશેષનું પણ જ્ઞાન એને થઈ જાય છે સવિકલ્પ વખતે સમય એક. દ્રવ્ય-પર્યાયનું એક સમયમાં જ્ઞાન થાય. 'ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્' ઈ જ્ઞેય અભેદ છે. ઈ આત્મા છે (આત્મા કા હી સ્વરૂપ હૈ) આહાહાહા !

અનુભૂતિ એ જ જૈન દર્શન છે. બોલો હવે જૈનદર્શનમાં ''ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્'' આવે ને કે અનુભૂતિમાં ન આવે ? કે ધ્રુવને જાણે ને ઉત્પાદ-વ્યયનું પૂછવું પડે કોઈને ? ઉત્પાદ-વ્યયના લક્ષ વગર થતી ઉત્પાદ-વ્યયની શુદ્ધિની વૃદ્ધિને જ્ઞાન જાણતું જાય છે. આહાહાહા ! અશુદ્ધિની હાનિ અને શુદ્ધિનીવૃદ્ધિ અને દૃષ્ટિ ત્રિકાળી દ્રવ્યમાં છે. એક સમયમાં. કર્તા-અકર્તાને જાણતાં જાણતાં કેવળજ્ઞાન થાય. ઈ બે ધર્મને એક સમયમાં યુગપદ્ જાણે છે ને ? કે ક્રમે જાણે ? (યુગપદ્) પહેલાં અકર્તાને જાણે પછી કર્તાને જાણે તો તો નયપક્ષ આવી ગયો.

(અકર્તા તો જ્ઞાનનો વિષય છે જ પણ કર્તા પણ જ્ઞાનનો જ વિષય છે) હાં (અજ્ઞાનમાં કર્તા ન જણાય જ્ઞાનમાં જ જણાય) જ્ઞાનમાં જ જણાય. નયમાં યુગપદ્ ન જણાય જ્ઞાનમાં યુગપદ્ જણાય, **આ જાણવાની મુખ્યતાથી વાત ચાલે છે.** શ્રદ્ધાનો વિષય તો એક જ છે સામાન્ય. ઈ સામાન્ય વિશેષ બે છે જ નહીં પણ શ્રદ્ધાપૂર્વક સમ્યક્જ્ઞાન થાય છે ઈ સમ્યક્જ્ઞાન સામાન્યવિશેષ બેયને જાણે છે. (પક્ષાતિક્રાંત જ્ઞાનમેં હોતા હૈ ન !) હા, જ્ઞાનમેં હોતા હૈ અને પછી કહ્યું કે બે નયોના વિષયને કેવળ જાણે છે પણ નયપક્ષ ગ્રહણ કરતો નથી. ઈ બેપણું કેવું રહી ગયું ? બે નયોના વિષયને જેમ છે તેમ જાણે છે બસ. જાણવામાં વિકલ્પની અપેક્ષા નથી. બેન !(હં-વિકલ્પ વગરનું જાણપણું છે) વિકલ્પ વગરનું જાણપણું ઈ જ જાણપણું છે (ઈ સીધું છે ઈ જાણપણું સાચું છે) સાચું છે એમાં આનંદ છે (હાં બહુ સરસ, ભાઈ આપને કેવલીકા દૃષ્ટાંત દીયા જૈસે કેવલી જાનતેં હૈ દોનો કો ઐસે હી શ્રુતજ્ઞાની જાનતે હૈં.) ઐસે હી જાનતે હૈ. (દોનોં કે જાનનેમેં ફેર નહીં હૈ) એકદમ. કેવળી જો કેવળજ્ઞાનમાં યુગપદ્ એક સમયમાં ''ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્‌ને'' જાણે તો છદ્મસ્થ ન જાણે ? જાણે જ. ''ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્‌ને'' જે એક સમયમાં જાણતો નથી તે અજ્ઞાની છે. આવું જ્ઞેયનું સ્વરૂપ છે. આ સ્વજ્ઞેય છે. આહાહાહા !

ધ્યેયમાં કટકા થાય (કારણકે શ્રદ્ધા ઉપાદેય તત્ત્વને ગ્રહણ કરે છે) જ્ઞેયમાં કટકા ન થાય બેન ! જ્ઞેયમાં ધ્યેય ગર્ભિત છે. ધ્યેય તો જ્ઞેય છે પણ જ્ઞેય છે તે ધ્યેય નથી. બહુ સૂક્ષ્મ વાતો છે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બસ. (એક બાર પૂછા થા ને કે પર્યાય કો જાનતેં હૈ તો પર્યાયદૃષ્ટિ હોતી હૈ ?) મેં પૂછ્યું હતું ને કે અનુભવ થાય ત્યારે આનંદ આવે, પર્યાય પ્રગટ થાય એને અનુભવી એ સમયે જાણે તો પર્યાયદૃષ્ટિ થાય કે ન થાય ? તે જ સમયે હોં ! એક સમયમાં. મેં પૂછ્યું હતું કે તે સમયે જાણે કે ન જાણે ? બેન કહે કે હા જાણે : જો જાણે તો પર્યાયદૃષ્ટિ થાય કે ન થાય ? બેન કહે ન થાય. કહ્યું'તું ને તમે (હાં જી) જ્ઞાન તો હતું. ઘણા બેઠા હતા, સમજી ગયા ! કોઈને અમારી ચર્ચા શું ચાલે છે તેમાં પ્રવેશ તો કોઈક નો જ હતો બાકી તો બધા સાંભળ્યા કરે પ્રેમથી બિચારા સારી વાત છે એમ બસ !

અનુભવ કેમ થાય અને અનુભવ થાય ત્યારે શું થાય ? આ બે જ વાત છે. ''ધ્યેયપૂર્વક જ્ઞેય'' પૂછ્યો તો ને પ્રશ્ન ? (હાં) અત્યારે તમે રેકર્ડ (કેસેટ) સાંભળશોને પાછી, તો તમને ઓર મજા આવશે. (અભી હિંમતનગરમેં સૂની થી) (આપને દૃષ્ટાંત દીયા થા ને કે સાકર ખાતા હૈ તો ઉસકો મીઠાશકા સ્વાદ આતા હૈ, તો મીઠાશ કે સ્વાદ સે તો પક્કા કરતા હૈ કિ મૈંને સાકર હી ખાઈ હૈ, ગુડ નહીં ખાયા, અફીણ નહીં ખાયા, સાકર હી ખાઈ હૈ. હાં મીઠાશકા સ્વાદ આયા હૈ ના !) તો સ્વાદ ઉપરથી દ્રવ્યદૃષ્ટિ થઈ ગઈ કહેવાય. સ્વાદ નથી તો દ્રવ્યદૃષ્ટિ ક્યાં છે ? (આનંદ ઉપરથી તો ખબર પડે) ખબર પડે છે કે સમ્યક્દર્શન આજે થઈ ગયું બસ. સમ્યક્દર્શનનું પ્રૂફ આનંદની અનુભૂતિ. બિનઅનુભવીને તમે પક્ષાતિક્રાંતનું સ્વરૂપ શું છે પૂછો તો નહીં કહી શકે, કેમકે આ અનુભવની ચીજ છે. પક્ષાતિક્રાંત અનુભવ છે. શ્રોતા અનુભવમે પક્ષાતિક્રાંત હૈ. (અનુભવ વિના સમ્યક્જ્ઞાન હોઈ ન શકે) બાકી તો વિકલ્પની જાળ છે અનંતકાળથી આહાહાહાહા !

જ્ઞાનમાં જ્ઞાયક જણાય-આનંદ આવે એ જે સમયે જાણે તે સમયે આનંદ આવતો હશે કે બીજા સમયે આવતો હશે ? જે સમયે જ્ઞાયકને જ્ઞાન અંદરમાં જઈને જાણે તે જ સમયે આનંદ આવતો હશે કે બીજા સમયે ? (તે જ સમયે) તે જ સમયે આનંદ આવે, તો તે સમયે જ્ઞાન આનંદને જાણે કે નહીં ? આનંદને જાણે તો તે મિથ્યાદૃષ્ટિ થાય ? (ન થાય. તે તો સમ્યક્દૃષ્ટિ છે) તે તો સમ્યક્દૃષ્ટિ છે. (આત્માના લક્ષપૂર્વક આનંદને જાણે છે.) હાં લક્ષ આત્મા ઉપર છે, ઉપાદેય તો આત્મા છે. પર્યાય ઉપાદેય ક્યાં છે ? ત્યાં તો હેય-ઉપાદેય કાંઈ નથી એકલું જ્ઞાન છે, જ્ઞાન છે, ઈ પર્યાય હેય છે એમ પણ નથી; દ્રવ્ય ઉપાદેય છે એમ પણ નથી. આ બધા ભેદો વિકલ્પમાં છે નિર્વિકલ્પમાં કોણ ઉપાદેય ને કોણ હેય ને કોણ જ્ઞેય અમે કાંઈ જાણતા નથી. આહાહાહા. નયોની લક્ષ્મી ઉદય પામતી નથી, પ્રમાણ અસ્ત થઈ ગયું છે, ખલાસ બધું કહી દીધું એમાં. કોઈક વિરલા પામે છે તેનું કારણ આ છે. સામાન્ય જીવ પામી જાય, પંડિત ન પામે રહી જાય નયોની ઈન્દ્રજાળમાં.

આપણે કહીએ સ્વભાવથી આત્મા શુદ્ધ છે. તો નિશ્ચયનયે શુદ્ધ છે એમ સામો અવાજ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવશે ? અરે ભાઈ ! વાત જુદા પ્રકારની છે ભાઈ ! આ બધો પૂ.ગુરુદેવનો પ્રતાપ છે. જ્યારે આ દ્રવ્યસ્વભાવ-પર્યાયસ્વભાવ પુસ્તક બહાર પડ્યું ત્યારે મેં કહ્યું કે મારે ઘણી વખત સંઘર્ષમાં આવવું પડ્યું છે. હવે મારે સંઘર્ષમાં આવવું નથી. આ વાત પચી ન શકે-સમજી જ ન શકે. બિચારા એય શું કરે ? એનોય વાંક નથી, દોષ નથી. (પરને જાણતો નથી એ વાત ન સમજી શકે આ તો એના કરતાં સૂક્ષ્મ છે !) એના કરતાં ઘણી સૂક્ષ્મ છે એમાંય વિરોધ થયો એટલે સવારના પહોરમાં વિચાર આવ્યો, અહીં આવીને કહી દીધું કે આ છ મહીના સુધી બિલકુલ બહાર પાડવાનું નથી, એ કહ્યું હતું તેનું કારણ આ છે. કેટલાને સમજાવવું આપણે, સમજાવવાથી કોઈ સમજી શકે નહીં. એની યોગ્યતા હોય તો સમજી શકે.

પક્ષાતિક્રાંત તે સમયનો સાર છે. કોઈપણ નયપક્ષ રહેશે-પક્ષ રહેશે, પક્ષપાત રહેશે તો મિથ્યાત્વ સાથે દોષ આવશે તે મિથ્યાત્વની સાથે મળેલો રાગ છે. અમૃતચંદ્રઆચાર્ય ભગવાને પક્ષાતિક્રાંત થવાના વીસ કળશ કહ્યા તેનું આ સ્વરૂપ છે. બસ શોર્ટમાં આ સ્વરૂપ છે. પેલી દશ ગાથાનું શોર્ટમાં એક કર્યું અને દરેકને સમજાય તેવી સાધારણ શબ્દોમાં ચર્ચા છે. એટલે તો વીસ કળશ ઉતાર્યા પક્ષાતિક્રાંત થવા માટે. ''કર્તા છે ને કર્તા નથી,'' ''ભોક્તા છે ને ભોક્તા નથી,'' તત્ત્વવેદી તો એમાં એ ક્યાંય બોલ્યા નહીં કહ્યું નહીં, વિધિ-નિષેધ કાંઈ નહીં ''ચિત્સ્વરૂપ જીવ તો ચિત્સ્વરૂપ છે'' લ્યો ! (એમાં કોઈ સમજી ન શકે ભાઈ ! ના સમજી શકે.) તત્ત્વવેદી તો એમ જાણે છે. આહાહાહા !...ચિત્સ્વરૂપ જીવ તો ચિત્સ્વરૂપ છે. કર્તા-અકર્તા, ભોક્તા-અભોક્તા એવા બધા ધર્મોને એક સમયમાં અતીન્દ્રિયજ્ઞાનથી જાણ્યા એમ. (ધર્મની દૃષ્ટિમાં બધા ધર્મનું જ્ઞાન થઈ જાય છે એ જ્ઞાન, જ્ઞાનમાં થાય, નયમાં ન થાય.) જ્ઞાનમાં જ થાય ને ! એટલે કહ્યું કે નયજ્ઞાન પ્રત્યે ઉત્સાહ નિવર્તી ગયો છે. આમણે કહ્યું ઉદાસીન છે. જ્ઞાતા થાય છે તે નયો પ્રત્યે ઉદાસ છે નયોની ચીકાશમાં અટકતો નથી પછી બસ. નયો, સ્યાદ્વાદ વગેરે પોતાના સ્વરૂપને સમજવા માટે છે અને એક અન્યમતીનું ખંડન કરવા માટે છે.

પક્ષાતિક્રાંત થયો તે સમયનો સાર છે આહાહાહા ! 'પક્ષાતિક્રાંત ભાખ્યો એ સમયનો સાર છે.' સમયનો સાર...આહાહાહા. સમય-સાર જે શબ્દ લખ્યો છે શાસ્ત્રનું નામ સમયસાર એ અહીંયાં કહ્યું આખું હેં ! શાસ્ત્રનું નામ સમયસાર એટલે શું ? ''પક્ષાતિક્રાંત થયો તે સમયનો સાર છે'' એ જાણી લીધું એણે. બસ આટલું કામ છે.

કર્તા કર્મ અધિકારની છેલ્લી બે ગાથા ૧૪૩-૧૪૪ બહુ સારી છે બહુ સારી છે. પછી એનો આપણે અન્વયાર્થ લેશું. આ આખો વિષય પક્ષાતિક્રાંતનો છે. આ આપણે જે વિષય લીધો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તે પક્ષાતિક્રાંત થઈને કેમ અનુભવ થાય એના માટે જ છે આ. પક્ષમાં તો આવ્યો ગુરુદેવના પ્રતાપે, કુંદકુંદ ભગવાનના પ્રતાપે પણ અનુભવ ન થયો.

**"નયદ્વય કથન જાણે જ કેવળ સમયમાં પ્રતિબદ્ધ જે,**
**નયપક્ષ કંઈ પણ નવ ગ્રહે, નયપક્ષથી પરિહીન તે." ૧૪૩**
**"સમ્યક્ત્વ તેમ જ જ્ઞાનની જે એકને સંજ્ઞા મળે,**
**નયપક્ષ સકલ રહિત ભાખ્યો તે 'સમયનો સાર' છે." ૧૪૪**

શુદ્ધ આત્માનો અનુભવ થાય છે ત્યારે બે નયોને જાણે છે. જાણે છે બે નયોના સ્વરૂપને એટલે કે સામાન્યને જાણે, વિશેષને જાણે, દ્રવ્યને જાણે, પર્યાયને જાણે, જ્યારે અનુભવ થાય ત્યારે જ પર્યાયને જાણે એમ કહે છે. (બરાબર, ત્યારે જ જાણી શકે) નયથી જાણે નહીં.

આહાહાહા...અમૃત જેવી છે આ ગાથા (જાણે પણ નયપક્ષ થતો નથી) જાણવાનો નિષેધ નથી; પણ નયપક્ષનો નિષેધ છે. વિકલ્પ છે ને ! તે આકુળતા છે, ત્યાં સુધી સમ્યક્દર્શન ન થાય. નયજ્ઞાનમાં સમ્યક્દર્શન નથી, આત્મજ્ઞાનમાં સમ્યક્દર્શન છે. નયજ્ઞાન પરાયું-પારકું જ્ઞાન છે, ઈન્દ્રિયજ્ઞાન છે, માનસિક જ્ઞાન છે, સાપેક્ષ છે (કોઈ, કોઈ, પૉઈન્ટ તો બહુ જ સારા છે અંદર.)

**પ્રશ્ન :-** દોનોં નયો કો જાનતા હૈ યા દોનોં નયોંકા વિષયકો જાનતા હૈ ?

**ઉત્તર :-** વિષય કો જાનતા હૈ. સામાન્ય ઔર વિશેષ, દ્રવ્ય ઔર પર્યાય, ધ્રુવ ઔર ઉત્પાદ વ્યય સબકો જાનતા હૈ જ્ઞાન. એક સમયમેં જાનતા હૈ નિર્વિકલ્પ ધ્યાન કે કાલમેં. સમયથી પ્રતિબદ્ધ થાય ત્યારે જ્યાં સુધી ક્રમેક્રમે જાણે ત્યાં સુધી નય છે. ત્યાં સુધી સમ્યક્દર્શન નથી. શ્રદ્ધાનો વિષય જેમ એક સમયમાં પુરો થાય છે, શ્રદ્ધાનો વિષય શ્રદ્ધા માટે એક સમયમાં એને પુરો મળે છે. ધ્યાન રાખો, એવી રીતે શ્રદ્ધાની સાથે જે જ્ઞાન પ્રગટ થાય છે એનો સમય તો એક છે ને ઉત્પાદનો ? સમ્યક્દર્શનનો ઉત્પાદ અને સમ્યક્જ્ઞાનનો ઉત્પાદ (એક સમયે) સમય દો નહીં હૈ એક સમય હૈ. શ્રદ્ધા કો વિષય સામાન્ય પુરા મિલતા હૈ-અહં કરને કે લીયે, વોહી સમય જ્ઞાનકો પુરા વિષય મિલના ચાહિએ. બહોત બઢીયા, બહોત સરસ (આહા આજે તો અમૃત વરસે છે) બેન બોલ્યા ઈ સાચી વાત છે. આજે જુદા જુદા પ્રકારની વાતો આવે છે.

શ્રદ્ધાનો વિષય પુરો થયો અને જ્ઞાનમાં જાણવાનો વિષય અધુરો રહે તો સમ્યક્દર્શન ન થાય. મોહ ક્ષપણનું કારણ મળ્યું પણ મોહ ક્ષય ન થયો એમાં વિધિ છે. શ્રદ્ધાને શ્રદ્ધાનો વિષય એક સમયમાં પુરો મળ્યો અને જ્ઞાનની પર્યાયને એક સમયમાં જ્ઞેય આખું પુરું મળી ગયું. કાંઈપણ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાણવું બાકી ન રહ્યું, એને આખું જ્ઞેય મળ્યું ''ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્'', 'ગુણપર્યાયવત્ દ્રવ્યમ્' (તત્ત્વાર્થસૂત્ર અને પ્રવચનસાર) આખુંય જ્ઞાન એને એક સમયમાં થઈ ગયું. શ્રદ્ધાએ એક સમયે પૂરી થાય અને જ્ઞાન પણ એજ સમયે પૂરું થયું. જ્ઞાન થોડું આજે જાણે થોડું કાલે જાણે, થોડું પરમ દિવસે જાણે ત્યારે જ્ઞાન પૂરું થાય ? એમ નથી (બહુ સરસ).

આમાં ૧૪૩ ગાથા છેલ્લે છે. છેલ્લે બતાવી છે. કાઢો શાસ્ત્રમાંથી એનો અન્વયાર્થ જુઓ; મથાળું જુઓ.

જ્ઞાનનો વિષય પૂરો થાય છે ત્યારે અનુભવ થાય છે. શ્રદ્ધાનો વિષય પૂરો થઈ ગયો અને એક સમયમાં જ્ઞાનનો વિષય પૂરો થાય. બે સમય ન હોય. પહેલી લીટીમાં કહી દીધું હોં! ઉપર જ છે, મથાળું.

પક્ષાતિક્રાંતનું શું સ્વરૂપ છે ? આહાહા ! વિકલ્પ છૂટે છે, અનુભવ થાય છે ત્યારે એનું સ્વરૂપ શું છે ? તે ધ્યેયને જાણે; ઉત્પાદવ્યયને ન જાણે; એમ નથી બાપુ આ. (વો તો પક્ષકા સ્વરૂપ હૈ) પક્ષકા સ્વરૂપ હૈ. (પક્ષાતિક્રાંતકા નહીં) ઐસા સ્વરૂપ નહીં હૈ ૧૪૩ ગાથામાં છે જુઓ ''નયદ્વય'', નયદ્વય કથન એટલે સ્વરૂપ; નયદ્વય એટલે નયોનો જે વિષય બેય, દ્રવ્ય-પર્યાય બેને જાણે અને બેને જાણતા નયપક્ષનો વિકલ્પ ઉત્પન્ન ન થાય. આહાહા ! આ તો કોઈ સ્વરૂપ છે ! હે ! આવો મોક્ષનો માર્ગ છે. બાકી બધી વાતો છે (બે નયના વિષયને એક જ્ઞાનથી જાણે છે નયથી નહીં.)

એક જ્ઞાનથી બે નયોના વિષયને સમય એકમાં જાણી લ્યે, સમયથી પ્રતિબદ્ધ અનુભવના કાળે હોં. નિર્વિકલ્પ ધ્યાનના કાળે. આહાહા ! અને લખ્યું ''નયપક્ષ કંઈ પણ નવ ગ્રહે, નયપક્ષથી પરિહીન જે'' નયપક્ષ તો છૂટી ગયો (છૂટી ગયો ત્યારે તો સમયમાં પ્રતિબદ્ધ થયો) અને પ્રતિબદ્ધ થયો ત્યારે એકલા શુદ્ધાત્માને જાણે કે શુદ્ધાત્માને આશ્રયે જે નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ થયો, નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ થાય કે નહીં ? આત્માના આશ્રયે પ્રગટ થાય કે નહીં ? નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ થાય તેને જ્ઞાન જાણે કે ન જાણે ? ઈ જ સમયમાં જાણે. (શ્રદ્ધામાં પૂરો વિષય આવે ઈ રીતે જ્ઞાનમાં પણ પૂરો વિષય આવી જાય છે.) પૂરો વિષય બસ. એમ થતાં પૂરું આવ્યું ને પરોક્ષમાં, પછી કેવળજ્ઞાન થતાં પ્રત્યક્ષ પૂરું થઈ જાય છે.

શ્રદ્ધાનો વિષય અને જ્ઞાનનો વિષય આમ સમજે નહીં તો વિરોધાભાસ લાગે છે. એક બાજુથી એવું કહેવું કે ઉત્પાદ-વ્યયથી રહિત ધ્રુવઆત્મા તેટલો જ આત્મા છે, અને બીજી બાજુથી કહેવું કે ઉત્પાદ-વ્યયથી સહિત એટલે કે રહિતપૂર્વક સહિત થાય તો જ સમ્યક્જ્ઞાન ! અરે !



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રહિતપૂર્વક સહિત થાય ત્યારે સમ્યક્જ્ઞાન કહેવાય. એકલું રહિત એ તો પક્ષ છે. દૃષ્ટિના વિષયનો પક્ષ છે; દૃષ્ટિ નથી. (દૃષ્ટિ નથી, દૃષ્ટિ સાથે આવું જ્ઞાન પ્રગટ થાય છે) દૃષ્ટિ સાથે જ્ઞાન હોય જ અવિનાભાવ છે. શ્રદ્ધાનો વિષય પૂરો અને જ્ઞાનનો વિષય પૂરો જેટલું કેવળી જાણે એટલું આ જાણે-હરણીયું અને દેડકું બોલો, જંગલમાં-અનુભવના કાળે. (બરાબર, બહુ સરસ) (જેમ આત્માને જોઈ જોઈને બોલતા હો તેવું લાગે છે. હાં, જોઈ જોઈને બોલે છે એવું લાગે છે) હં, (કેવું સ્પષ્ટ સ્વરૂપ છે) સ્પષ્ટ આવે છે હોં.

પક્ષ છે ઈ રાગ છે-ઈ જ સંસાર છે (જેટલું કેવળી જાણે છે એટલું જ ઈ જાણે છે જે રીતે કેવળી જાણે એ રીતે જ ઈ જાણે છે) એ રીતે જ અક્રમે વિકલ્પ વિના. અનંતગુણ, અનંત પર્યાય, અનંતધર્મને સમય એકમાં જાણી લ્યે. ઈ અનંત કેવો છે ? ઈ અનંતનો અંત નથી એવો અનંત છે. અનંત ગુણ, અનંત ગુણ પણ અનંતનો અંત તો છે નહીં. આહાહા અંત નથી. (એટલે તો અનંત છે) હા, સંખ્યા ગમે તેટલી કરવા જાય એક-દશ-સો-હજાર-અબજ ગણાય નહીં એટલી સંખ્યા છે, અનંતગુણ-અનંતીપર્યાય-અનંતાધર્મોને એક સમયમાં જાણી લે છે. આ શું ? આનું નામ સમ્યક્જ્ઞાન છે, મિથ્યાજ્ઞાનમાં કંઈ ન જણાય અંધારું છે, આ તો પ્રકાશ છે ને !

**પ્રસ્તુત ચર્ચામાં પક્ષાતિક્રાંત થવાની ગૂઢ વિધિ સમજાવતા પૂ.ભાઈશ્રીએ ફરમાવ્યું કે દ્રવ્યસ્વભાવને સ્વભાવથી જો અને પર્યાયસ્વભાવને પણ સ્વભાવથી જો, કોઈ નયથી ન જો.** દ્રવ્યસ્વભાવને નયથી ન જો અને પર્યાયસ્વભાવને પણ નયથી ન જો. દ્રવ્યસ્વભાવમાં નિશ્ચયનયથી આમ અને વ્યવહારનયથી આમ, અને પર્યાયસ્વભાવમાં નિશ્ચયનયથી પર્યાયનો આવો સ્વભાવ બેયમાં બબ્બે નય લગાવીને ચાર નયથી જોવાનું બંધ કરી દે; કેમ કે બંનેમાં બબ્બે નય લાગે છે, લાગે કે નહીં ? (બરાબર. નય સે નહીં દેખના) ચાર નય લગાવીશ તો વિકલ્પની જાળ ઊભી થશે સ્વભાવથી જો. આહાહાહા ! (સ્વભાવથી જુએ તો જ્ઞાન પ્રગટ થાય) જ્ઞાન પ્રગટ થાય અને અજ્ઞાન ટળી જાય.

''મેં તો સ્વભાવસે જ્ઞાયક હૂં,'' ''મેં તો સ્વભાવસે જ્ઞાયક હૂં''. એમ જે આવ્યું ને ઈ મને બહુ ગમ્યું. ઈ શબ્દ શાસ્ત્રમાંથી ગોત્યો સ્વભાવથી જો. ''આત્મા સ્વભાવથી જ જ્ઞાયક છે.'' એમાં નયનો ઉપયોગ કર્યો નથી. સ્વભાવ શબ્દ વાપર્યો છે. સ્વભાવથી જ જાણનાર છે ને? નિશ્ચયનયથી જ્ઞાયક છે તો બીજી નયે બીજું છે એમાં ? બીજો ધર્મ જ નથી એનામાં (નિશ્ચયનયથી પણ દ્રવ્યસ્વભાવ ખ્યાલમાં નથી આવતો). નિશ્ચયનયથી અકર્તા કહેશે તો એને એ આત્મા વ્યવહારનયે કર્તા દેખાશે. (એટલે આત્મા જ નહીં દેખાય) ક્યાંથી દેખાય ? એક જ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મામાં બે રૂપ, એક આત્માના નથી. આ હું દ્રવ્યસ્વભાવની વાત કરું છું. દ્રવ્ય સ્વભાવથી અકર્તા જ છે અને કર્તા નથી. હવે કોઈ કહે દ્રવ્યસ્વભાવ અકર્તા છે તો એકાંત થઈ જશે માટે નિશ્ચયનયે અકર્તા અને વ્યવહારનયે કર્તા, તો વ્યવહારનયે જે કર્તા શબ્દ વાપર્યો ઈ વ્યવહારનયે કર્તા નથી. સ્વભાવથી અકર્તા છે. કેમકે વ્યવહારનયે જે કર્તાનો ઉપચાર આવ્યો હોવા છતાં પણ તેને વ્યવહારનયે કર્તા કહ્યું, સાપેક્ષ થઈ ગયું. એક જ આત્મામાં બે ધર્મ નથી. એક આત્મામાં એક ધર્મ છે. અકર્તામાં કર્તાનો ધર્મ નથી એમાં એ ક્રિયાના કારકો નથી, નિષ્ક્રિય છે, ''નિષ્ક્રિય શુદ્ધ પારિણામિક :''

જીવને, આત્માને દ્રવ્યસ્વભાવથી જોતાં સરળતાથી સ્વભાવ હાથમાં આવી જાય છે. ઓમાં પ્રમાણમાં આવી જ જાય, નયમાં આવી જ જાય. એટલે કે વ્યવહારમાં આવી ગયો. એટલે નયનો નિષેધ કર્યો એનું કારણ આ છે. તું સ્વભાવથી જો ને !? આહાહા. એમાં ૧૪૪મી ગાથામાં વાત મૂકી છે કે તું શ્રુતજ્ઞાન વડે ''હું જ્ઞાનસ્વભાવી આત્મા છું'' એમ નિર્ણય કર. નિશ્ચયનયથી જ્ઞાનસ્વભાવી છે એમ લખ્યું નથી. (બરાબર. અને નિર્ણય હી જ્ઞાન સ્વભાવસે-નિરપેક્ષ જ્ઞાનસ્વભાવસે હોતા હૈ.) હાં ત્યાં પણ એણે નય ન લગાવી, નિર્ણય માટે પણ. નિર્ણય કરો. પર્યાયને સ્વભાવથી જો. દ્રવ્યને જાણવાની બે નય અને પર્યાયને જાણવની બે નય એમ ચાર નય લગાવી પર્યાય નિશ્ચયનયથી સ્વને જાણે અને જ્ઞાનની પર્યાય વ્યવહારનયે પરને જાણે, દ્રવ્ય છે તો નિશ્ચયનયે અકર્તા અને વ્યવહારનયે કર્તા દ્રવ્ય ! દ્રવ્ય ! હાં દ્રવ્યમાં કર્તાનો ધર્મ નથી; અને જ્ઞાનની પર્યાયમાં પરને જાણવાનો ધર્મ જ નથી. (આહાહા ! વાહ રે વાહ ! બહુ સરસ) જો વ્યવહાર કહેશો તો એવો ધર્મ દેખાશે, જે નથી એ દેખાશે. (વાહ રે વાહ બહુ સરસ)

એક જે પદાર્થ છે ઈ એક પદાર્થને બે નયે ન જો. બે નયે જોતાં દેખાશે જ નહીં. કેમકે બે નયનો વિષય જ નથી સાંભળજો; જ્ઞાયકભાવ બે નયનો વિષય જ નથી. એક નયનો પણ વિષય નથી. એને સ્વભાવથી જો.ને (જ્ઞાયકભાવ બે નયનો વિષય જ નથી; એક નયનો પણ વિષય નથી; એને સ્વભાવથી જો ને ! (જ્ઞાયકભાવ કોઈ નયનો વિષય નથી) કોઈ નયનો વિષય નથી. (નયનો વિષય જ નથી)

નયજ્ઞાન અનેકાંતની સિદ્ધિ કરે છે. અને સ્વભાવજ્ઞાન સમ્યક્ એકાંતની સિદ્ધિ કરે છે. (નયસે અનેકાન્ત કી સિદ્ધિ હોતી હૈ સ્વભાવસે એકાન્ત) હાં સ્વભાવથી એકાન્તની સિદ્ધિ થાય છે. (પરમ સત્યવાત છે બહુ સરસ) શું કહે છે ? (એકદમ સત્ય) એમ ! (હાં બરાબર) કેમકે નય પરસ્પર સાપેક્ષ છે ને ? (બહુ સરસ).



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યસ્વભાવને સ્વભાવથી જો અને પર્યાયસ્વભાવને પણ સ્વભાવથી જો, કોઈ નયથી ન જો, કોઈ નય વ્યવહાર કે નિશ્ચયનય (કોઈ નયથી) નયનો પ્રયોગ ન કર. દ્રવ્ય છે, દ્રવ્ય સામાન્ય સ્વભાવ, દ્રવ્યની વાત તો કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય. કથંચિત્ માં બેય આવે ને ? નિશ્ચયનયથી નિત્ય અને વ્યવહારનયથી અનિત્ય તો સ્વભાવ હાથમાં નહીં આવે કારણકે ઈ એકમાં બે ધર્મ નથી. નિત્ય જ છે. (અને ઈ તો સ્વભાવથી) સ્વભાવથી જ નિત્ય છે. (ઈ પણ નિશ્ચયનયથી નહીં) જો તમે અનિત્ય કહો તો તમારું લક્ષ પર્યાય ઉપર ગયું. કેમકે દ્રવ્ય અનિત્ય ન હોય.પર્યાયનો આરોપ આપ્યો માટે અનિત્ય કહેવાણું (દ્રવ્ય અનિત્ય ન હોય, પર્યાયનો આરોપ આપીને અનિત્ય) પર્યાય અનિત્ય છે કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય એ આરોપિત કથન છે. નિત્ય જ એવો સ્વભાવ છે જેમાં અનાદિ અનંત કોઈ એક સમય પણ અનિત્યપણું દેખાતું નથી આત્મામાં. અને પર્યાય સ્વભાવ અનિત્ય જ દેખાય છે તેમાં નિત્યપણું દેખાતું નથી. એક સ્વભાવથી જ અનિત્ય છે, એક સ્વભાવથી નિત્ય છે. ઉત્પાદ વ્યય સ્વભાવથી અનિત્ય છે, ધ્રુવ સ્વભાવથી જ નિત્ય છે. પ્રભુ ! આહાહાહા !

દ્રવ્યે નિત્ય અને દ્રવ્યે અનિત્ય એમ નથી, આરોપિત કથન છે. પ્રમાણમાં વયા ગયા તમે. જ્યાં તમે સ્યાદ્વાદ લગાવ્યો, કથંચિત્ લગાવ્યું, પ્રમાણનું દ્રવ્ય હાથમાં આવશે. પ્રમાણ સુધી તો અનંતવાર આવ્યો; (આત્મામાં સ્યાદ્વાદનો અભાવ છે) ઈ આ. ''આત્મામાં સ્યાદ્વાદનો અભાવ હોવા છતાં નિશ્ચયાભાસપણું આવતું નથી.'' (અરે આ તો ગજબની વાત છે) ગજબનું વાક્ય છે. અનુભવજ્ઞાનમાં સ્યાદ્વાદ હોય, નયપૂર્વક પ્રમાણ થયું ને ત્યારે સ્યાદ્વાદનો જન્મ થાય. (બરાબર બે નયના વિષયને જાણે) જાણે જ્ઞાનથી એ પ્રમાણનું વાક્ય છે. (એક સમયમાં એક જ્ઞાનની પર્યાયમાં બે નયના વિષયને જાણે) જાણે. (એનું નામ સ્યાદ્વાદ છે.) બાકી ભગવાન આત્મામાં સ્યાદ્વાદનો અભાવ છે. કોઈ નયનો વિષય નથી એમ કહ્યું. (દ્રવ્ય સ્વભાવ, સ્વભાવથી જ નિત્ય છે. વાહ ! પર્યાય સ્વભાવ, સ્વભાવથી જ અનિત્ય છે.) સ્વભાવ છે એનો બેયનો. (અનેકાન્ત સે સ્વભાવકી સિદ્ધિ નહીં હોતી સ્વભાવસે સ્વભાવકી સિદ્ધિ હોતી હૈ.) બસ. (એટલે નયોનો સફાઈ થઈ જાય છે, સાફ થઈ જાય છે.)

નયનો સહારો જ તમારે લેવાની જરૂર નથી, કેમકે નય છે ને તે વિકલ્પાત્મક છે. ત્યાં સુધી અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થતું નથી. જ્યાં તમે સ્વભાવ પર ગયા; તો અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થશે. નયજ્ઞાનનો જન્મ જ નહીં થાય, અનુભવના કાળે નયજ્ઞાન યાદ આવતું એ નથી. (બરાબર જી.હાં) અનુભવ પહેલાં નયના પ્રયોગો હોય છે. અનુભવના કાળે નય હોતી નથી; યાદેય



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવતી નથી. (નયજ્ઞાન જ્ઞેય પણ નથી) જ્ઞેય પણ નથી (વ્યવહારે જ્ઞેય છે.)

જાણનારપણે જણાય છે કઈ નયથી ? પ્રશ્ન જ નથી. જાણનાર જણાય છે બસ. સીધું જણાય છે માટે કોઈ નયથી ન જો. (બહુ સરસ, દ્રવ્ય સ્વભાવમાં બે પડખાં નથી, પર્યાયમાં બે પડખાં નથી) બે પડખાં નથી. (બે રૂપ નથી-એકરૂપ છે) બે રૂપ હોય તો બે નય જોઈએ, અને જો તમે અનુભવ પહેલાં બે નયથી ન સમજો તો અન્યમત થઈ જાય, અને બે નયને સમજીને વળગી રહો તો અનુભવ ન થાય. (સાચો જૈન ન થાય) સાચો જૈન ન થાય. નામનિક્ષેપે જૈન થાય. ખંડન કરવા માટે મંડન હોય, અનુભવ માટે ખંડન, મંડન, નયની કાંઈ જરૂર નથી. નયોની લક્ષ્મી ઉદય પામતી નથી. એટલે શું ? આ નયે આવો ને આ નયે આવો, નયોની લક્ષ્મી ઉદય પામતી નથી આહાહાહા ! તત્ત્વના અવલોકન કાળે હોય છે આરાધના સમયે ! (બિલકુલ જાનતા હી નહીં હૈ પહેલે સમજાને કે લીયે હોતા હૈ) હોતા હૈ બસ. (લેકિન અભી વો બાત નહીં હૈ અભી તો...હં...) છેલ્લી કોટીની વાત છે.

(પ્રથમ સે હી આત્મા શુદ્ધ હૈ, પ્રથમ સે હી આત્મા શુદ્ધ હૈ, પ્રથમ સે હી આત્મા શુદ્ધ હૈ. કિસ નયસે એમાં શુદ્ધ અશુદ્ધનો ભેદ કરું ? સ્વભાવસે હી શુદ્ધ હૈ) પ્રથમથી જ શુદ્ધ છે એટલે સ્વભાવથી જ શુદ્ધ છે; અનાદિથી શુદ્ધ છે; નિશ્ચયનયથી શુદ્ધ છે એમ નથી. કોઈ નયથી ન જો. (એમ નહીં કે વ્યવહારનયથી ન જો એમ નહીં, કોઈ નયથી ન જો) નિશ્ચયનયથી ન જો. નિશ્ચયનયથી જોઈશ તો દ્રવ્ય પર્યાય ખ્યાલ નહીં આવે, વિકલ્પ ઊઠશે. (વિકલ્પ જ ઊઠશે; બાકી સ્વભાવ ખ્યાલમાં નહીં આવે,) (બહુ સરસ વાત છે) આહાહાહા...

દ્રવ્યસ્વભાવ અને પર્યાયસ્વભાવ, અપૂર્વ ચીજ છે. સેટીકામાં પર્યાય સ્વભાવ કહ્યો અને ૬ઠ્ઠી ગાથામાં દ્રવ્યનો સ્વભાવ કહ્યો. પ્રમત-અપ્રમત નથી ( જ્ઞાનની પર્યાયનો સ્વભાવ પરને જાણતો જ નથી) જાણતો જ નથી, અને જ્ઞાનની પર્યાયનો સ્વભાવ નિશ્ચયનયે આત્માને જાણતો નથી. (સ્વભાવથી આત્માને જાણે જ છે.) હં...(ઈ...શબ્દ બહુ ઈમ્પોર્ટન્ટ છે.કોઈ નયથી ન જો.) બસ કોઈ નયથી ન જો. સો-બસો વરસ પછી આની કિંમત થશે. કોણ લખી ગયું ? કોણ કહી ગયું ? આ કોણ હતું એ ? અમે તો એને જોયાય નથી; એમ કહેશે લોકો. ઈ આ ગૂઢ છેલ્લી કોટીની વાત છે; અભ્યાસી માટે છે. નયોમાં આવી ગયો છે જે, તેને ધક્કો મારીને અંદર લઈ જાય છે (રહસ્યપૂર્ણ ચિઠ્ઠી છે ને ?) હા રહસ્યપૂર્ણ ચિઠ્ઠી-કોઈ નયથી ન જો.

**નયથી જોતાં સ્વભાવની પ્રાપ્તિ થતી નથી** આહાહા ! નયથી જોતાં સ્વભાવની પ્રાપ્તિ થતી નથી. કેમકે નય સાપેક્ષ છે, સ્વભાવ નિરપેક્ષ છે. સ્વભાવ નિરપેક્ષ છે; એક નયથી આમ કહેશો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો બીજી નય ઊભી થાશે. એવું સ્વરૂપ નથી. આહાહાહા.

જે ૧૧ મી ગાથામાં કહ્યું છે વ્યવહાર અભૂતાર્થ ઈ બરાબર જ છે. નિશ્ચયનયથી ઈ કહેશો તો વ્યવહારનય ઊભી થાશે. વ્યવહારનય અભૂતાર્થ જાણજે. એમ ! એવો સ્વભાવ જ નથી. કારણકે આરોપિત કથન કરે છે વ્યવહાર **(નયથી જોતાં સ્વભાવની પ્રાપ્તિ થતી નથી.)**

**(અજ્ઞાની જીવો શાસ્ત્રનો ઘણો અભ્યાસ કરવા છતાં સ્વભાવની પ્રાપ્તિરૂપ સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાનથી વંચિત છે. તેઓ કેવળ નયોના વિકલ્પોમાં રોકાયેલા છે, અને નયાતિક્રાંત થવાની કળાથી અજાણ છે.)**

અનાદિનો જીવ છે કાંઈ ખબર પડતી નથી. **(નયોના વિકલ્પોમાં રોકાયેલા છે અને નયાતિક્રાંત થવાની કળાથી અજાણ છે)** અજાણ છે એટલે સ્વભાવથી જોતો નથી; નયથી જોયા કરે છે. આ ગુપ્ત ચમત્કાર છે. (સ્વભાવથી જોવું એટલે ગુપ્તમાં ગુપ્ત વાત છે.) ગુપ્ત વાત છે, ગુપ્ત વાત છે. આહાહા ! (નયાતિક્રાંત થઈ જાય, નયપક્ષ છૂટી જાય. સાચું જ્ઞાન પ્રગટ થાય.) પ્રગટ થઈ જાય. બહુ મુદ્દાની વાત છે. સ્વભાવથી જોતાં વિકલ્પ જ ઉત્પન્ન થતા નથી. ખલાસ સ્વભાવને આશ્રયે વિકલ્પ ન હોય. નય પરાશ્રિત જ છે, જ્ઞાન સ્વાશ્રિત, નય પરાશ્રિત છે. (નય સાપેક્ષ છે, જ્ઞાન નિરપેક્ષ છે) નિરપેક્ષ છે બરાબર સ્વભાવ નિરપેક્ષ જ હોય ને ? (હં, કોઈ એમ કહેશે કે આ ગૃહસ્થી જ્ઞાની લખી ગયા છે, કે કોઈ મુનિરાજ લખી ગયા છે ! એમ થાશે).

(કેટલી ઊંચી વાત, સ્વભાવની વાત, છેલ્લી કોટીની વાત છે) અફર છે. (અફર છે, અફર એકદમ અરે !) વિકલ્પાતીત થઈને સ્વાનુભવદશા પ્રગટ થાય બસ. ૯૫ કળશમાં જે કહ્યું ને વિકલ્પ જ કેવળ કર્તા, વિકલ્પ કેવળ કર્મ (ઈ આ નયના વિકલ્પ) નયના વિકલ્પ, ત્યાં રાગની વાત નથી લીધી. નયમાં વિકલ્પ જ હોય, ઈ શુભભાવની ક્રિયા હું કરું છું એનાથી ધર્મ થાય એનાથી પાછો ફર્યો છે. ઈ નયથી જાણે કે 'હું જાણનાર છું હું કરનાર નથી' રાગનો; નિશ્ચયનયથી મારો સ્વભાવ મને જાણવાનો છે; રાગને જાણવાનો નથી. રાગને જાણવાનો વ્યવહારનયથી કથન છે; બાકી નિશ્ચયનયથી તો હું મને જ જાણું છું; એમાં આત્મા જણાતો નથી, નિશ્ચયનયથી જાણનાર જણાય છે એમાં જાણતો નથી. સ્વભાવથી જ જાણનાર છું બસ. (બહુ સરસ). સ્વસ્વાધ્યાય અર્થે આ (દ્રવ્યસ્વભાવ-પર્યાયસ્વભાવ) લખ્યું છે એમ સમજો; બીજા માટે કાંઈ છે જ નહીં.

**નયવિકલ્પમાં અટકેલા જીવો નયાતિક્રાંત થઈ આત્માને સાક્ષાત્ અનુભવી શકે એટલા માટે પરમકૃપાળુ ભાઈશ્રીએ આ વિકલ્પાંતકારી નિર્વિકલ્પ થવાની રહસ્યાત્મક કળા વિધિ દર્શાવેલ છે. પૂ.ભાઈશ્રીના હૃદયમાં આવેલો આ ઉત્કૃષ્ટ ભાવ સંતોના આગમમાંથી મળી જાય છે કેમ કે વસ્તુના**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**સ્વરૂપ માટે અને સ્વરૂપના અનુભવ માટે અનંત જ્ઞાનીઓનો એક જ મત હોય છે.)**

બરાબર છે બસ. આજ રીતે આપણે સ્વાધ્યાય કરવો. ધીમેધીમે એક એક લીટી વાંચતા જવું અને એના ઉપર વિચાર કરવો (બરાબર) અત્યારે જે પદ્ધતિ તમારી છે તે બરાબર છે. ગૂઢ છે, એટલે (હં; ચાવી ચાવીને) ચાવી ચાવીને બસ. આ ચાવી ચાવીને ઈ...શબ્દ બરાબર છે. (થવા યોગ્ય થાય છે).

**(આ ચર્ચા નયથી પક્ષાતિક્રાંત થઈને પ્રત્યક્ષ અનુભવ કરવાના હેતુએ થઈ છે)** એનો તું હેતુ જો (હેતુ તો દેખો ઈસકા) હેતુ જો. (હેતુ બહુ ઊંચો છે) (સમયસારમાં છેને પક્ષાતિક્રાંતનું શું સ્વરૂપ છે.) હા.

(પક્ષાતિક્રાંત ધ્યેય જ્ઞેયોનું શું સ્વરૂપ છે ?) શું સ્વરૂપ છે ? બરાબર. **તો આ ચર્ચા નયથી પક્ષાતિક્રાંત થઈને પ્રત્યક્ષ અનુભવ કરવાના હેતુએ થઈ છે** શબ્દ રચના સારી છે વ્યવસ્થિત-**પક્ષાતિક્રાંત થયેલો આત્મા** બે નયોના પક્ષને જેણે છોડી દીધો છે હા, વિકલ્પ છૂટી ગયા છે, અનુભવ થયો છે એને માટે. **પક્ષાતિક્રાંત થયેલો આત્મા શુદ્ધાત્માની દૃષ્ટિપૂર્વક,** (દોનોં નયોંકા પક્ષ છૂટતા હૈ તભી તો શુદ્ધાત્માકી દૃષ્ટિ હોતી હૈ) દૃષ્ટિ હોતી હૈ. ઔર જબ દૃષ્ટિ હોતી હૈ તબ સમ્યક્જ્ઞાન પ્રગટ હોતા હૈ (તો તે બે નયોના વિષયને જાણે છે, બહુ સરસ) **બે નયોના વિષયને જાણે છે.** બે નયોના વિકલ્પને નહીં, કેમ કે વિકલ્પ તો છે નહીં ત્યાં (વિકલ્પ તો છૂટ ગયે હૈં તબ તો શુદ્ધાત્માકા અનુભવ હોતા હૈ તબ તો વો દો નયોંકા વિષયકા એક સમયમેં જ્ઞાતા હૈ એક સમયમેં, એક સમયમેં હોં ! (વિકલ્પસે એક સમયમેં દો કા જ્ઞાતા નહીં હોતા,) બસ બરાબર છે.

**બે નયોના વિષયને જાણે છે. કોઈ નય દુભાય નહીં, પક્ષ રહે નહીં અને બે નયોનો જ્ઞાતા થઈ જાય** કોઈ નય દુભાય નહીં એ એક, પક્ષ રહે નહીં બે, અને બે નયોનો જ્ઞાતા થઈ જાય. આહાહાહા ! શાંતિથી કોઈ વાંચશે ત્યારે એને માલ દેખાશે. (શુદ્ધાત્માની દૃષ્ટિપૂર્વક) દૃષ્ટિપૂર્વક જ જ્ઞાન થાય નેં ? પક્ષાતિક્રાંત શબ્દ વાપર્યો તો પહેલાં, નયોના વિકલ્પ ગયા, અતીન્દ્રિયજ્ઞાનથી અનુભવ કર્યો. અતીન્દ્રિયજ્ઞાન બે નયોને જાણે છે વિષયોને, બે નયોના વિષયોને જાણે છે, જેમ કેવળી જાણે છે એમ જ, વિકલ્પ નથી ઊઠતો. (નયસે દેખે તો વિકલ્પ ઊઠતા હૈ ના, સ્વભાવસે દેખતે હૈ તો વિકલ્પ નહીં ઊઠતા હૈ).

**નયથી જોતાં ઘણું કરીને ત્રણ દોષ આવે છે.**

**(૧) નયજ્ઞાન સાપેક્ષ છે.**

**(૨) નય વિકલ્પરૂપ છે,**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**(૩) નય અંશગ્રાહી છે.**

ત્રણેય ઉપર લીટા કર્યા લાલ, એક-બે ને ત્રણ છે ને ! પહેલામાં તો નયજ્ઞાન સાપેક્ષ છે, બીજામાં નય વિકલ્પરૂપ છે; અને ત્રીજામાં નય અંશગ્રાહી છે. (ત્રણે વાત ભેગી આવી ગઈ) કેમકે નયનો ધર્મ એક એકને જાણે, બે નયના વિષયને ન જાણી શકે, ઈ અતીન્દ્રિયજ્ઞાનનું કામ છે, નયજ્ઞાન અંશગ્રાહી હોઈ ક્રમેક્રમે એકને જાણે અને એકને ન જાણે એવું હોય-વ્યવસ્થિત આવ્યું છે; વ્યવસ્થિત છે. આહાહાહા !

નયજ્ઞાન સાપેક્ષ છે. સાપેક્ષમાં શું દોષ આવ્યો ? **કે સાપેક્ષમાં પ્રતિપક્ષ વ્યવહારના પક્ષનો વિકલ્પ ઉત્પન્ન થતાં મિથ્યાત્વનું શલ્ય રહી જાય છે.**

(નિશ્ચયનય સાપેક્ષ છે) સાપેક્ષ છે **સાપેક્ષમાં** શું થાય કે **પ્રતિપક્ષ વ્યવહારના પક્ષનો વિકલ્પ ઉત્પન્ન થતાં મિથ્યાત્વનું શલ્ય રહી જાય છે.** એમ જ છે. નહીંતર એને એમ લાગે કે એકાન્ત છે. એકાન્ત થઈ જશે એટલે ઈ વ્યવહારનયમાં ચાલ્યો જાય છે. સ્વભાવ હાથમાં નથી આવતો. (આ બહુ માર્મિક વાત છે હો) સાપેક્ષમાં પ્રતિપક્ષ વ્યવહારના પક્ષનો વિકલ્પ ઉત્પન્ન થતાં હજુ પક્ષ છે વ્યવહારનો. નિશ્ચયનયે સ્વને જાણે છે અને વ્યવહારનયે પરને જાણે એમ. નિશ્ચયનયે સ્વને જાણે છે એમ લેતાં વ્યવહારનયે પરને જાણે છે એમ શલ્ય આવશે. ત્યારે શું વ્યવહારનયે પરને જાણતો નથી ? આહાહા ! એ તો સ્વભાવથી જ પરને જાણતો નથી, સ્વભાવ જ એવો છે. (હં) (જ્યારે એકલો સ્વભાવ આવે એના જ્ઞાનમાં ત્યારે સ્વાભાવિક જ્ઞાન પ્રગટ થાય) પ્રગટ થાય (વિકલ્પ તો થાય જ નહીં) સ્વભાવથી જ્ઞાયક છે; એમ સ્વભાવથી જ્ઞાયકને જાણે છે. એનો પરને જાણવાનો સ્વભાવ જ નથી.

**જ્યારે નિરપેક્ષમાં આવતાં,** નિરપેક્ષમાં આવતાં એટલે સ્વભાવમાં આવતાં, **સ્વભાવમાં આવતાં દૃષ્ટિ તથા જ્ઞાન સમ્યક્ થાય છે વિકલ્પ છૂટી જાય છે અને બે નયોનો જ્ઞાતા થઈ વીતરાગતા પ્રગટ થાય છે.** (બહુ સરસ).

રચના સારી થઈ ગઈ છે હો. (બિલકુલ જેમ બને છે તેવી જ રીતની વાત છે **નિરપેક્ષમાં આવતાં, સ્વભાવમાં આવતાં દૃષ્ટિ તથા જ્ઞાન સમ્યક્ થાય છે; વિકલ્પ છૂટી જાય છે અને બે નયોનો જ્ઞાતા થઈ જાય છે. જ્ઞાતા થઈ વીતરાગતા પ્રગટ થાય છે** તમને પૂછ્યું તું ને કે પર્યાય જણાય છે કે નહીં ? તમે કહ્યું હા જણાય. બે નયનો જ્ઞાતા થઈ ગયો ને. આહાહાહા...

**નય વિકલ્પરૂપ છે વિકલ્પથી સ્વભાવની પ્રાપ્તિ થતી નથી. નયપક્ષ આકુળતારૂપ છે.** પહેલો દોષ તો સાપેક્ષનો હતો બીજો દોષ વિકલ્પરૂપે છે. વિકલ્પરૂપે છે એ દોષ બતાવ્યો એટલે વિકલ્પથી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવની પ્રાપ્તિ થતી નથી.

પહેલામાં સાપેક્ષ છે ઈ દોષ બતાવ્યો કેમ કે સ્વભાવ હંમેશાં નિરપેક્ષ હોય. સ્વભાવને સાપેક્ષ માને કે: આ નયે આ અને આ નયે આ ઈ ખોટું છે. બીજામાં નય વિકલ્પરૂપ છે. (બરાબર) બહુ પારો સારો છે **નયજ્ઞાન ઈન્દ્રિયજ્ઞાન હોવાથી શુદ્ધજ્ઞાન તો નથી, પરંતુ સ્વજ્ઞેય પણ નથી. પર જ્ઞેય છે.**

ઈન્દ્રિયજ્ઞાન પર જ્ઞેય છે બસ. એટલુ બસ છે. ઈન્દ્રિયજ્ઞાન નયજ્ઞાન હોવાથી, સિદ્ધાંત મૂક્યો, નય હોય તે હંમેશા ઈન્દ્રિયજ્ઞાનમાં હોય માનસિક જ્ઞાનમાં જ નય હોય, અનુભવમાં નય ન હોય અને અતીન્દ્રિય જ્ઞાનમાં નય ન જ હોય. (બહુસરસ) સાપેક્ષ. વિકલ્પા નયાઃ બસ. (શુદ્ધ જ્ઞાન પણ નથી પરંતુ સ્વજ્ઞેય પણ નથી એટલે ઈ વિકલ્પ જણાતા જ નથી) હં...જણાય જ નહીં ને, વિકલ્પ ઊભો થાય તો જણાય ને ? એનું અસ્તિત્ત્વ જ નથી બેન ! (બરાબર ! એનું અસ્તિત્ત્વ જ વિલીન થઈ જાય છે) વિલીન થઈ જાય છે. પછી જ્ઞેય તરીકે ક્યાંથી જણાય ? (ન જણાય) આહાહા. વિકલ્પ આત્માને જણાતો તો નથી પણ આત્માને જાણતાં વિકલ્પ જાણતો પણ નથી. જણાતો નથી અને જાણતો ય નથી. (બહુ સરસ.) નયજ્ઞાન ઈન્દ્રિયજ્ઞાન છે.) ઈન્દ્રિયજ્ઞાન છે સો ટકા. (જ્ઞાન તો નથી એમ તો સમજાય પણ એ જ્ઞેય નથી.) જ્ઞેય નથી. આહાહા ! વિકલ્પનું અસ્તિત્ત્વ જ ખલાસ થઈ ગયું; પછી જ્ઞેય તરીકે ક્યાંથી હોય ? (કેમકે અનુભવમાં એનું અસ્તિત્ત્વ જ નથી, એનું અસ્તિત્ત્વ દેખાતું નથી, અસ્તિત્ત્વ રહેતું નથી.) છે જ નહીં. પક્ષાતિક્રાંત કોને કહે ? નયના વિકલ્પો ચાલ્યા જાય બસ. નિશ્ચયનયનો વિકલ્પ ચાલ્યો જાય છે. અને અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ કરાવીને ચાલ્યો જાય છે, નિશ્ચયનયનો વિકલ્પ. વ્યવહારનયનો તો વિકલ્પ છે જ નહીં.

**નય અંશગ્રાહી છે. નય વડે જાણતાં, નય અંશગ્રાહી હોવાથી એક ધર્મને જાણે છે, બાકીના ધર્મોને જાણવાનું બાકી રહી જાય છે. એટલે જ્ઞાનને વિષયનો પ્રતિબંધ થાય છે. પ્રતિબંધ થતાં, તેને જાણવાની ઈચ્છા ઉત્પન્ન થતાં, આકુળતા થાય છે. એ દોષ છે. નિર્વિકલ્પ અતીન્દ્રિયજ્ઞાન દ્વારા આત્માનો અનુભવ કરતાં, તે જ્ઞાન સવિકલ્પ હોવાથી અને તેનું સામર્થ્ય સર્વગ્રાહી હોવાથી યુગપદ્ અક્રમે બધા ધર્મો એક સમયમાં જાણવામાં આવે છે.** (આ વાત કેટલી સરસ છે) **કાંઈપણ જાણવાનું બાકી રહેતું નથી. કેવળી જેવો છે.** (હાં કેવળી જેવો છે) એટલે ઈચ્છા ઉત્પન્ન થતી નથી એટલે નિરાકુળ આનંદનો અનુભવ થાય છે. આ રીતે સ્વભાવની પ્રાપ્તિની રીત નયોથી જુદી છે (નયજ્ઞાન અંશગ્રાહી કહો કે ક્રમિક કહો એક હી બાત હૈ.) હાં, એક હી બાત હૈ. એક ધર્મને જાણે છે અને બીજા ધર્મોને જાણવાનો પ્રતિબંધ આવી ગયો એટલે ઈચ્છા થયા વગર રહેતી નથી કારણકે પૂરું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞેય થાય, ત્યારે ઈચ્છા જાય. આખું જ્ઞેય જણાવું જોઈએ. (નયથી ન જાણે તો આત્માને જાણતાં આખું જ્ઞેય જણાઈ જાય છે.) આખું જ્ઞેય દ્રવ્ય-ગુણ-પર્યાય, અનંત ધર્મો બધાં આવી જાય છે. (કાંઈ બાકી રહેતું નથી) જ્ઞાનને વિષય પૂરો મળી ગયો, જાણવાનો. (જેમ શ્રદ્ધાને વિષય પૂરો મળી ગયો) એવી રીતે બસ. **ત્યારે એને નિરાકુળ આનંદનો અનુભવ થાય છે. આ રીતે સ્વભાવની પ્રાપ્તિની રીત નયોથી જુદી છે**

**આ ચર્ચામાં ખાસ વાત એ છે કે નયથી સ્વભાવની પ્રાપ્તિ થતી નથી કેમ કે નય સાપેક્ષ હોય છે** હવે ત્રણેય જે દોષ કીધાને ! હા, હવે ત્રણેય દોષનો વિસ્તાર કરે છે. (ક્રમેક્રમે) પહેલામાં સાપેક્ષ આવ્યું હતું ને ! હવે સાપેક્ષની વાતનો વિસ્તાર કરે છે. **નયથી સ્વભાવની પ્રાપ્તિ થતી નથી કેમકે નય સાપેક્ષ છે. એના આધારરૂપે પંચાધ્યાયી પૂર્વાર્ધ ગાથા-૫૧૫ માં સ્પષ્ટ કહ્યું છે કે, "જેમ છેદનક્રિયાનું કારણ એવી ફરસી છેદનક્રિયા કરવામાં સ્વતંત્ર રીતે ચલાવવામાં આવે છે."** નય સાપેક્ષ હોવાથી પરાધીન થઈ ગઈ એમ કહે છે. નય એકલી પ્રવર્તતી નથી. તે સાપેક્ષ છે એટલે સ્વતંત્ર ન રહી. (પરતંત્ર છે) એ બીજી નયોનો સહારો લેવો પડે છે. સ્વભાવ પ્રસિદ્ધ કરવા માટે એ ખોટું છે. પરતંત્ર થઈ ગયું, એ બરાબર નથી. (ઈ પરતંત્ર જ્ઞાન છે, સ્વતંત્ર નથી.) ઈ...પરતંત્ર જ્ઞાન છે, અતીન્દ્રિયજ્ઞાન સ્વતંત્ર છે. આ ચર્ચામાં કોઈ ઊંચા પ્રકારની વાત છે. (સમજે ઈ સમજે.) અને ગહેરો ઉતરે તો સમજે, બાકી ઉપર ઉપરથી આમ વાંચે તો ન સમજાય. **જેમ છેદનક્રિયાનું કારણ એવી ફરસી છેદનક્રિયા કરવામાં સ્વતંત્ર રીતે ચલાવવામાં આવે છે તેવી રીતે નય સ્વતંત્ર રીતે વસ્તુને કોઈ ધર્મથી વિશિષ્ટ સમજતોય નથી અને કહેતોય નથી.**

**ભાવાર્થ :- ફરસી ચલાવવામાં એ જરૂરી નથી કે તે કોઈ બીજા હથિયારની અપેક્ષા રાખીને છેદનક્રિયા કરે, પરંતુ નયનો પ્રયોગ સ્વતંત્ર થઈ શક્તો નથી.** (બરાબર) સાપેક્ષ હોવાથી, પરતંત્ર થઈ ગઈ. આમ જ છે પરતંત્ર થઈ ગઈ **પ્રતિપક્ષ નયથી તે પરતંત્ર છે.** નયનો પ્રયોગ સ્વતંત્ર થઈ શક્તો નથી. **કોઈ વિશેષ અપેક્ષા વિના નયપ્રયોગ થઈ શક્તો નથી. નય પ્રયોગમાં વિશેષ અપેક્ષા અને પ્રતિપક્ષ નયની સાપેક્ષતા આવશ્યક છે તેથી છેદનક્રિયામાં ફરસીની જેમ નય સ્વતંત્ર નથી પરંતુ વિવક્ષા અને પ્રતિપક્ષ નયથી તે પરતંત્ર છે.** વિવક્ષા અને પ્રતિપક્ષ બે વાત છે. વિવક્ષા એટલે એમાં અપેક્ષા લગાવવી પડે. નયમાં તો આ અપેક્ષાએ આમાં આવો, આ અપેક્ષાએ આવો. (જુઓ વિવક્ષા લગાવે તો પ્રતિપક્ષ આવ્યા વગર રહે નહીં) રહે નહીં, પ્રતિપક્ષ આવી જાય. બેય શબ્દ સાથે જ છે (બરાબર જ છે નય) શબ્દ લખ્યા છે ઈ બરાબર જ છે, શબ્દ લખાણા છે ઈ બરાબર છે. **જે નય અપેક્ષા વિના અને પ્રતિપક્ષ નયની સાપેક્ષતા વિના પ્રયુક્ત થાય છે તેને નય જ ન કહેવો જોઈએ.**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છેદનક્રિયા ફરસીની જેમ નય સ્વતંત્ર નથી પરંતુ વિવક્ષા અને પ્રતિપક્ષ નયથી તે પરતંત્ર છે.

**પ્રશ્ન :-** વિવિક્ષા અને નય સ્વતંત્ર નથી, એનો જરા ખુલાસો કરો ને ?

**ઉત્તર :-** નયજ્ઞાન છે એ અપેક્ષા વિના નયજ્ઞાન હોય જ નહીં. કોઈ પણ નય તમે લ્યો તો તેની અપેક્ષા આવે જ. કઈ અપેક્ષાએ નિત્ય છે, કઈ અપેક્ષાએ અનિત્ય છે, કઈ અપેક્ષાએ શુદ્ધ છે કઈ, અપેક્ષાએ અશુદ્ધ છે. નયનો પ્રયોગ અપેક્ષા વિના થઈ શક્તો નથી, અને પ્રતિપક્ષ વિના નય ન હોય. અપેક્ષા હોય અને પ્રતિપક્ષ વિના થઈ શકે નહીં. માટે તે પરતંત્ર છે. 'નય એમ ન કહી શકે કે 'આત્મા શુદ્ધ છે.' આત્મા, દ્રવ્યસ્વભાવથી શુદ્ધ છે એમ ન કહે. દ્રવ્ય અપેક્ષાએ જુઓ તો શુદ્ધ છે એમ વિવક્ષા જ્યાં લગાડી, દ્રવ્યની વિવક્ષા લગાવે ત્યાં પર્યાય અપેક્ષાએ પ્રતિપક્ષપણું અશુદ્ધતા આવી જાય છે. એટલે ઈ નયજ્ઞાનથી આત્માનું ભાન થતું નથી. પરતંત્ર થઈ ગઈ ને ઈ...! (હાં , બરાબર) અને નયથી એકાન્ત કરવા જાય તો અન્યમત થઈ જાય. (તો અન્યમત થઈ જાય તો તો જૈન નથી) એમેય નથી આ, ઓમેય નથી. (આ તો એવી વાત છે પ્રમાણસે બહાર જાના નહીં, પ્રમાણમેં અટકના નહીં) નયજ્ઞાન સે બહાર જાના નહીં ઔર ઉસમેં અટકના નહીં. એકાન્ત નયમેં જાના નહીં

પરતંત્ર છે પછી આગળ કહેશે. આમાંજ ચોખ્ખું છે, આમાં જ ખુલાસો છે. (બહોત બઢિયા)

**જે નય અપેક્ષા વિના અને પ્રતિપક્ષ નયની સાપેક્ષતા વિના પ્રયુક્ત થાય છે તેને નય જ કહેવો ન જોઈએ અથવા મિથ્યાનય કહેવો જોઈએ.** હં...અન્યમતી થઈ ગયો. નિરપેક્ષ કહેવા જાય તો અન્યમતી અને સાપેક્ષ કહેવા જાય તો સ્વભાવ રહેતો નથી. (સ્વભાવ રહેતો નથી, આત્માનો. શું કરવું હવે ?) નય છોડી દેવી. નિરપેક્ષ કરવા જાય તો મિથ્યા થઈ જાય, સાપેક્ષ કરવા જાય તો સ્વભાવ હાથમાં ન આવે.

**નય સાપેક્ષ જ હોય, નય નિરપેક્ષ ન હોય.** એટલે નયનું સ્વરૂપ કહી દીધું, જેવું છે એવું. જેવું છે એવું સાપેક્ષ જ હોય **અને સ્વભાવ નિરપેક્ષ જ હોય, સાપેક્ષ હોય નહીં એટલે સાપેક્ષ નયથી નિરપેક્ષ સ્વભાવની પ્રાપ્તિ થતી નથી.**

થઈ ગયો વખત હેં ! વખતનો કયારનો થઈ ગયો છે ચાર વાગ્યા, મેં ઘડીયાળ જોઈને કહ્યું.ચલાવવા દ્યો પારો એક. આ ટાઈમની ખબર ન પડે. ચાર વાગ્યાને તો મને અહીં આશ્ચર્ય થયું અરે ! ટાઈમ કેવી રીતે જતો હશે ? એટલી વારમાં ૩૩ સાગરોપમ થઈ ગયા એમ થઈ જશે. કાળ આવશે ને ? હેં ! (હા) ૩૩ સાગરોપમ થઈ ગયા (હં) ચાલો સાધના કરવા જઈએ નીચે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે. (હં) સાધના પૂરી કરવા માટે. ત્યાંથી બધા નીચે આવીને સાધના પૂરી કરે છે. સર્વાથસિદ્ધિવાળા નિયમથી નીચે આવે. ઈ...બધાય મોક્ષગામી (મોક્ષ) છેલ્લો ભવ-સ્વર્ગનો, છેલ્લો ભવ (સંસારનો છેલ્લો ભવ) સંસારનો છેલ્લો ભવ બરાબર છે. સંસાર જ છે ને દેવગતિ, ચોથા ભવમાં દેવ.

આ રીતે જ આપણે સ્વાધ્યાય કરવો છે. એક એક લીટી શાંતિથી સ્વાધ્યાય કરવો છે. (આજે આ વાત સારી આવી વિવક્ષા અને પ્રતિપક્ષ નયથી તે પરતંત્ર છે) એ એને કારણ આપ્યું છે. પરતંત્ર થવાનું કારણ એણે આપ્યું છે, ઈ વ્યાજબી આપ્યું છે. બતાવવું જ જોઈએ. નયમાં વિવક્ષા આવે જ. (નયમાં વિવક્ષા આવે જ તો પ્રતિપક્ષ બીજું આવે જ.) આવે જ. (વિવક્ષા અને પ્રતિપક્ષ બેય સાથે છે, જોડકું છે.) જોડકું છે સ્વભાવમાં વિવક્ષા ન આવે તે નિરપેક્ષ છે, પ્રતિપક્ષ નથી. સ્વભાવ નિરપેક્ષ છે અને વિવિક્ષા વગરનો છે. (કેમકે સ્વભાવ હૈ ના વો નયસે નહીં હોતા. નયમેં વિવક્ષા હોતી હૈ, જ્ઞાનમેં વિવક્ષા નહીં હોતી જ્ઞાનમેં વિવક્ષા નહીં હોતી જ્ઞાનમેં સ્વભાવકા સીધા ગ્રહણ હોતા હૈ, હૈ ના ?) બરાબર છે બરાબર છે (હં...)

કેવું છપાઈ ગયું ! આપણે સ્વપ્નમાં પણ નહોતું (બહુ સરસ કામ થઈ ગયું, આપણા માટે) હા, પ્રસ્તાવના પણ બહુ સારી છે, બહુ સારી છે બેસ્ટ. પ્રસ્તાવનામાં જ બધું આવી ગયું છે, પછી તો દ્રવ્યસ્વભાવ-પર્યાયસ્વભાવ.

**આ રીતે નય સાપેક્ષ જ હોય કેમકે "નિરપેક્ષનયા મિથ્યા" એવું શાસ્ત્રનું વચન છે.**

જો, અન્યમતનું ખંડન થઈ ગયું. એકાંતનો પરિહાર કરી નાખ્યો, અને સાપેક્ષનય સમ્યક્ કહ્યું. જેવું સ્વરૂપ છે તેવું કહે છે પ્રમાણમાં લાવી દીધા. અન્યમતમાંથી જૈનમતમાં આવ્યો, જૈનમતમાં આવ્યો પણ જિન ન થયો. જૈન જુદી વાત છે, અને જિન જુદી વાત છે. એમ છે ને ? આમાં જિતેન્દ્રિય જિન કહે છે, જૈન શબ્દ નથી. ભગવાનને પણ અહીંયા મંદિરમાં જૈન મંદિર લખ્યું'તું. જિનમંદિર જોઈએ; પછી સુધરાવ્યું ઈ આમાં એમ છે જિતેન્દ્રિય જિન કહે, જૈન નહીં. ત્રણેયમાં જિન વાપર્યો છે. તો ખીમચંદભાઈ આવ્યા સોનગઢથી; એ તો નિષ્ણાત શબ્દોના, બરાબર નથી. જિનમંદિર જોઈએ. એ કહે-તેમાં પછી સુધરાવ્યું આપણા મંદિરમાં. જિતેન્દ્રીય જિન કહે, જૈન નહીં. ત્રણેયમાં 'જિન' શબ્દ વાપર્યો છે. તેમાં વીતરાગતા છે, ભાવવાચક છે, ભાવનિક્ષેપ છે, ઓલું નામ નિક્ષેપ જૈન, તે જૈન. જૈન સામાન્ય એવી રીતે અન્યમતથી જુદો પડે, પછી આહાહા ! એવું શાસ્ત્રનું વચન છે.

**માટે નિશ્ચયનયથી હું અકર્તા છું એમ એક નયનો જ પક્ષ કરે તો એ મિથ્યા એકાંત થઈ ગયું. માટે "સાપેક્ષ નયા સમ્યક્" હોવાથી, નિશ્ચયથી અકર્તા છું તો વ્યવહારે કર્તા છું એમ લેવામાં નયજ્ઞાન**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**તો સમ્યક્ થઈ ગયું.** સમ્યક્ એટલે સાચું જ્ઞાન થઈ ગયું. નિરપેક્ષ નયા એટલે મિથ્યાનયમાંથી નીકળી ગયો. (અન્યમતનું ખંડન થઈ ગયું) મતાર્થીનો નાશ થયો. બહુ વ્યવસ્થિત છે. આ શાસ્ત્ર મોટું હોઈ, એવું લખ્યું હોય એવું લાગે છે. (ઘણા રહસ્યોથી ભરેલું છે) રહસ્યોથી, સમજે ઈ સમજે.

**પરંતુ સાપેક્ષતામાં આવવાના કારણે અર્થાત નયજ્ઞાનમાં આવવાના કારણે, નિરપેક્ષ સ્વભાવથી દૂર થઈ ગયો.** સ્વભાવ તો નિરપેક્ષ હતો. દ્રવ્યથી પર્યાય નિરપેક્ષ, પર્યાયથી દ્રવ્ય નિરપેક્ષ. પરસ્પર સાપેક્ષ પણ પરસ્પર નિરપેક્ષથી છે પરસ્પર સાપેક્ષ પ્રમાણમાં આવ્યો. પરસ્પર નિરપેક્ષ નયમાં આવી ગયો (અર્થાત્) સ્વભાવમાં આવી ગયો એમ. **નયજ્ઞાનથી સ્વભાવની પ્રાપ્તિ નથી થતી. કેમકે સ્વભાવ, સ્વભાવથી જ નિરપેક્ષ છે. નયને સમ્યક્ કરવા ગયો, તો સ્વભાવથી દૂર થઈ ગયો અને સ્વભાવમાં આવ્યો, તો નયપક્ષ સ્વયં સહજ અસ્ત પામી જાય છે.** આ...(બહુ સરસ) આ બધી માર્મિક વાતો છે આહાહાહા...

**નયનું પ્રતિપાદન સરખું કરવા સાપેક્ષથી વાત કરવી જ જોઈએ.** (હં, સહી બાત હૈ) ત્યારે જ નયની સિદ્ધિ થાય ને ? એમ નયની સિદ્ધિ કરવી હોય તો સાપેક્ષ જ હોય નહીંતર નયની સિદ્ધિ ન થાય તો મિથ્યાનય થઈ જાય. નય સાપેક્ષ હોય, સ્વભાવ નિરપેક્ષ હોય એમ ઈ વાત છે. કોક સમજશે આવી વાતો. લાખ, લાખ, લાખ, લાખમાં એક. તમને વિચાર આવ્યો ને ઈ સાચી વાત છે આ તો હજમ થવું ઘણું મુશ્કેલ છે. (સમજ નહીં સકતે ના) હા, એટલે જ અભ્યાસ હોય ને ઈ સમજી શકે. એને તો અમૃત લાગે. **નયનું પ્રતિપાદન સરખું કરવા સાપેક્ષથી વાત કરવી જ જોઈએ.** બરાબર-બરાબર. બે નયથી વાત છે જ, દ્વિનયાશ્રિત છે જિનવાણી. હાં. **નહીં તો એકાંત થઈ જાય.** અનેકાંતને માનો છો ? હા. અનેકાંત થઈ ગયું. નયથી કહે તો અનેકાંત થાય, સ્વભાવથી એકાંત થાય. બરાબર, નયથી અનેકાંત થઈ જાય. **અને સાપેક્ષ કરવા જતાં આત્માનો અનુભવ ન થાય કારણકે નિશ્ચયનયથી આત્મા અકર્તા છે એમ કહેતા, કહ્યા વગર પણ વ્યવહારનયથી કર્તા છે એમ આવી જાય છે.** ભલે બોલે નહીં, હું અકર્તા છું નિશ્ચયથી અકર્તા છું, અથવા ભાવમાં રાખ્યું એટલે ખલાસ, અકર્તા દૃષ્ટિમાં ન આવ્યો. પ્રમાણમાં જ ઊભો છે. એ તો પ્રમાણની સિદ્ધિ થાય છે. પ્રમાણમાં પકડાઈ ગયો, પ્રમાણની બહાર તો ન ગયો પ્રમાણમાં આવ્યો પણ પ્રમાણમાં અટક્યો. **નિશ્ચયનયથી આત્મા અકર્તા છે એમ કહેતાં, કહ્યા વગર પણ વ્યવહારનયથી કર્તા છે, એમ આવી જાય છે. એટલે આમ સાપેક્ષ સિદ્ધ કરવામાં પણ જીવ નયાતિક્રાંત થતો નથી. કારણકે ત્રિકાળી વસ્તુ કે જે શ્રદ્ધાનો વિષય છે તે સાપેક્ષ નથી. તે તો નિરપેક્ષ જ છે.**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બીજા પારામાં પહેલી લીટી મહત્ત્વની છે. **બે નયોનો વિષય તો જ્ઞાનનું જ્ઞેય છે, શ્રદ્ધાનું શ્રદ્ધેય નથી.** એક લીટી બસ છે. બે નયો છે બે નયોનો વિષય પણ છે પણ ઈ જ્ઞેય છે ધ્યેય નથી. જ્ઞાનનું જ્ઞેય તો એવું છે પણ ધ્યેય નથી. અને એમ જ જો માનવા લાગે, શ્રદ્ધા કરવા લાગે તો મિથ્યા શ્રદ્ધા થઈ જાય. ઈ તો કર્યું છે અનંતકાળથી. (હા. ઈ જ કર્યું છે એણે) **બે નયોનો વિષય તો જ્ઞાનનું જ્ઞેય છે; શ્રદ્ધાનું શ્રદ્ધેય નથી.** અણઅભ્યાસી છે ને જે, ન સમજી શકે. હાં **એટલે બે નયોના આશ્રયે શ્રદ્ધા પ્રગટ થતી નથી.** (જ્ઞેય કે આશ્રયસે થોડી શ્રદ્ધા હોતી હૈ ?) નહીં હોતી હૈ-(ધ્યેય કે આશ્રયસે હોતી હૈ) બરાબર છે. **બે નયોનો વિષય તો જ્ઞાનનું જ્ઞેય છે, શ્રદ્ધાનું શ્રદ્ધેય નથી. એટલે બે નયોના આશ્રયે શ્રદ્ધા પ્રગટ થતી નથી. એટલે બે નયોનો પક્ષ છોડી, ત્રિકાળી નિરપેક્ષ સ્વભાવનું અવલંબન લેતાં શ્રદ્ધા સમ્યક્ થાય છે. કારણકે શ્રદ્ધા એકાંતિક જ હોય છે.** એમાં અનેકાંત ન હોય. **કારણકે શ્રદ્ધા એકાંતિક જ હોય છે. અને શ્રદ્ધા સમ્યક્ થતાં જ્ઞાન સમ્યક્ થાય છે અને સમ્યક્જ્ઞાન સ્વભાવથી અનેકાંતિક હોવાથી બે નયોના વિષયને જેમ છે તેમ પક્ષપાત રહિત જાણે છે.**

કેટલો પારો સુંદર છે. (બહુ સરસ) આખું જૈનદર્શન આવી ગયું ભેદજ્ઞાનની પ્રક્રિયા, એનું ફળ આહાહાહા ! આખો સાર છે સાર, સમયસારનો સાર છે. બહુ વ્યવસ્થિત છે. તાકાત નથી કોઈની કે આમાં કોઈ ભૂલ કાઢી શકે. જે સ્થિતિ છે એનું વર્ણન છે બસ. (દો નયકા પક્ષ છૂટે તો હી દૃષ્ટિ સમ્યક્ હોતી હૈ ઔર દૃષ્ટિ સમ્યક્ હોતી હૈ, તો જ્ઞાન ભી સમ્યક્ હોતા હૈ) હો જાતા હૈ (ઔર જ્ઞાન દો નયોંકા વિષયકો જાનતા હૈ) જાનતા હૈ, જાનતા હૈ બરાબર ! (એટલે નયપક્ષકો છોડે તો હી દૃષ્ટિ સમ્યક્ હોવે, તો હી જ્ઞાન સમ્યક્ હોવે) તો હી જ્ઞાન સમ્યક્ હોવે. પહેલાં શ્રદ્ધા લીધી પછી જ્ઞાન લીધું અને જ્ઞાન અનેકાંતિક સ્વભાવથી જ હોય. ઓલું એકાંતિક સ્વભાવથી જ છે. આ અનેકાંતિક સ્વભાવ થી જ છે.

શ્રદ્ધાપૂર્વક જ્ઞાન લીધું ને ? એટલે જ્ઞાન અનેકાંત થઈ ગયું. બે નયના વિષયને જેમ છે તેમ જાણે છે એમ પણ નયપક્ષ ગ્રહણ કરતો નથી. વિકલ્પ ઉત્પન્ન થતો નથી. નિર્વિકલ્પ ધ્યાનમાં અતીન્દ્રિયજ્ઞાનમાં બધી રમત થઈ જાય છે બેન ! (બરાબર)

આહાહા ! એકલા ધ્યેયમાં હોં ! 'ધ્યેયપૂર્વક જ્ઞેય.' ધ્યેયપૂર્વક જ્ઞેય હોય એટલે બે નયોનો જ્ઞાતા થયો ને ! (બરાબર) ધ્યેય જ્ઞેયનો જ્ઞાતા એક સમયમાં થઈ જાય છે, એવું વસ્તુ સ્વરૂપ છે. બસ, જ્ઞાનમાં બે નયનો જ્ઞાતા છે ને ! બે નયને જાણે છે ને ! તો જાણે શ્રદ્ધાનો વિષય થઈ ગયો છે. (હાં એમ) એમ ભૂલ થઈ ગઈ છે અને આમ શ્રદ્ધાને એકાંત પકડવા જાય છે તો (જ્ઞાનમાંથી) બે નયને જાણે છે એમ છોડી દો ! પર્યાયને જાણે તો પર્યાયદૃષ્ટિ થઈ જશે. (હાં દોનો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તરફસે. ઉસકો ઉપાદેય માને જ્ઞાન કે વિષય કો તો દૃષ્ટિ મિથ્યા હો જાતી હૈ) મિથ્યા હો જાતી હૈ. (ઔર ફીર દૃષ્ટિ કે હિસાબ સે જાનને સે ભી નકાર કરે તો જ્ઞાન મિથ્યા હો જાતા હૈ) નકાર કરે, (તો જ્ઞાન મિથ્યા હો જાતા હૈ) મિથ્યા હો જાતા હૈ. આ તો દૃષ્ટિ સમ્યક્ થાય અને જ્ઞાનેય સમ્યક્ થાય એવી વાત છે. આ છ લીટીમાં એમ લીધું બધું. (એકદમ નિર્દોષ વાત છે.)

(બે નયોનો વિષય જ્ઞાનમાં હોય, શ્રદ્ધામાં ન હોય) ન હોય. (આમાં તો એકાંત હોય) એકાંત હોય. (એકાંતની શ્રદ્ધાપૂર્વક બે નયોનો જ્ઞાતા થઈ જાય છે) હં, સમ્યક્ એકાંતપૂર્વક અનેકાંત થાય.

આઠ નંબરનો કળશ અને ઈ કળશ ઉપરની ટીકા ચાલે છે. કળશ ઉપરની ટીકા ચાલતાં ચાલતાં નય બે પ્રકારના છે એમ આવે છે કેમ કે નય, નિક્ષેપ, ને પ્રમાણ, ઈ આત્માના સ્વરૂપને સમજવા માટે એક માનસિક જ્ઞાન એટલે વિકલ્પાત્મક નય કહેવામાં આવે છે. (બરાબર) એટલે જેને શુદ્ધાત્માનો અનુભવ નથી એક, અને શુદ્ધાત્માનો નિર્ણય પણ નથી, તો અનુભવ માટે નિર્ણય હોય, અનુભવ માટે નય ન હોય, તો નયાતિક્રાંત થાય. (બરાબર) પણ અનુભવ પહેલાં સ્વરૂપ સમજવા માટે આટલું એક સાધન છે. મનવાળું પ્રાણી સમ્યક્ પામે છે એનું અનુસંધાન આમાં છે.

કેમ કે નય છે એ વિકલ્પ ઈ મનનો ધર્મ છે, જ્ઞાનનો ધર્મ નથી નય. (બરાબર) તો એ મન દ્વારા બે નય દ્વારા ક્રમેક્રમે એકને મુખ્યને એકને ગૌણ કરીને ક્રમેક્રમે સમજવાનો પ્રયત્ન કરે છે એને સાધન કહેવામાં આવે છે. એ આત્માના સ્વભાવનો નિર્ણય કરવાનું સાધન છે પ્રાથમિક ભૂમિકામાં. પછી તો નયાતિક્રાંત થાય છે. હવે એ સમજાવે છે, બે નય દ્વારા. કે નય બે પ્રકારે છે. બે પ્રકારે નય કેમ છે ? નયના બે પ્રકાર કેમ પડે છે, કે વસ્તુ દ્રવ્ય પર્યાય સ્વરૂપ છે એટલે નય બે થઈ. એનું કારણ કે ધર્મ બે છે. આત્મા એક એમાં ધર્મ બે, એક દ્રવ્યરૂપ ધર્મ અને એક પર્યાયરૂપ ધર્મ. ઈ બે ધર્મને ધારણ કરનારો આખો આત્મા પ્રમાણજ્ઞાનનો વિષય છે. એટલે એમાં ને એમાં જે દ્રવ્યને વિષય કરે છે તે દ્રવ્યાર્થિકનય, પર્યાયને વિષય કરે તો પર્યાયાર્થિક નય એમ કરીને સમજાવે છે.

નય બે પ્રકારે છે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. ત્યાં દ્રવ્યપર્યાયસ્વરૂપ વસ્તુમાં જો ! વસ્તુ કેવી છે ? (દ્રવ્ય પર્યાય સ્વરૂપ) દ્રવ્ય પર્યાય સ્વરૂપ વસ્તુ છે. એમાં દ્રવ્યનો મુખ્યપણે અનુભવ કરાવે, દ્રવ્યનું મુખ્યપણે જ્ઞાન કરાવે અનુભવ એટલે અહીંયા જ્ઞાન,મુખ્ય કેમ કહ્યું ? કે દ્રવ્યનો જ્યારે વિચાર કરે છે ત્યારે પર્યાયનો વિચાર નથી, પર્યાય ગૌણ થાય છે. પર્યાયનું જ્ઞાન ગૌણ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય છે. દ્રવ્ય મુખ્ય થાય છે. દ્રવ્યનું જ્ઞાન એટલે વિચાર એ મુખ્ય થાય છે. દ્રવ્યનું શું સ્વરૂપ છે ? એમ કે અનંત ગુણાત્મક છે. એના લક્ષણો પારિણામિક વગેરે (હં...બરાબર) દ્રવ્યનો મુખ્યપણે અનુભવ કરાવે એટલે જ્ઞાન કરાવે આ વિકલ્પાત્મક છે, તે દ્રવ્યાર્થિકનય છે.

હવે જ્યારે દ્રવ્યનું મુખ્યપણે જ્ઞાન કરાવે ત્યારે પર્યાય ગૌણપણે રહી ગઈ છે. પર્યાય ગૌણપણે છે પણ પર્યાયને લક્ષ કરીને અત્યારે વિચાર ચાલતો નથી. અત્યારે દ્રવ્યનું લક્ષ કરીને વિચાર ચાલે છે. એટલે મુખ્ય શબ્દ એમ આવ્યો કે પર્યાય છે, પર્યાયનો અભાવ નથી પણ ગૌણપણે છે, મુખ્યપણે દ્રવ્યનો અત્યારે વિચાર ચાલે છે ત્યારે અત્યારે પર્યાયનો વિચાર નથી. એમ એટલું જ. મુખ્યમાં પર્યાય ગૌણ થઈ ગઈ અને પર્યાયનો મુખ્યપણે અનુભવ (જ્ઞાન) કરાવે, પર્યાયનું જ્યારે જ્ઞાન કરાવે કે પર્યાયનો શું સ્વભાવ ? કહે ઉત્પાદવ્યય પર્યાયનો સ્વભાવ છે વિગેરે,તો મુખ્યપણે અનુભવ કરાવે ત્યાં ગૌણપણે દ્રવ્ય રહી ગયું છે, એટલે એકાંતનો દોષ લાગતો નથી. અનેકાંતને સમજવાનો પ્રયત્ન ચાલે છે. પર્યાયનો મુખ્યપણે અનુભવ એટલે જ્ઞાન કરાવે એનું નામ પર્યાયાર્થિક નય છે. (ત્યાં આનંદ પર્યાયમાં આવે છે) આનંદ પર્યાયમાં આવે છે (અનુભવ પર્યાયમાં આવે છે) અનુભવ પર્યાયમાં થાય છે. પર્યાયમાં સમ્યક્દર્શન થાય છે, પર્યાયમાં મોક્ષમાર્ગ થાય છે, પર્યાયમાં મોક્ષ થાય છે એમ બધું પર્યાયાર્થિક નયથી પર્યાયનો બધો વિચાર કરે છે. બંધ મોક્ષ પર્યાયમાં થાય છે એમ. અને બંધમોક્ષથી રહિત દ્રવ્ય છે એ તો ત્રિકાળ મુક્ત જ છે. એમ કરીને દ્રવ્ય અને પર્યાયનો આખો સળંગ વિચાર કરી લ્યે. સમજી ગયા ! નવે તત્ત્વ એમાં આવી જાય છે.

તે બંને નયોની-બે નયોથી મુખ્યગૌણ કરીને વાત કરી હતી તે બંને નયો-દ્રવ્ય અને પર્યાયનો; પર્યાયથી એટલે ભેદથી એટલે ક્રમથી દ્રવ્યનો વિચાર કરે છે મુખ્યપણે, ત્યારે પર્યાયનો વિચાર નો'તો, પર્યાયનો વિચાર કરે છે ત્યારે દ્રવ્યનો વિચાર નો'તો, એને દ્રવ્યને પર્યાયનો ભેદ કરીને ભેદ કરે એટલે ક્રમ પડી જાય. <u>ભેદ કરેને એટલે ક્રમ પડી જાય; એક પછી એક. યુગપદ્ બેનું જ્ઞાન ન થાય. વિકલ્પાત્મક જ્ઞાનમાં એક પછી એક.</u> (અચ્છી તરહ) અચ્છી તરહ. ધીમે ધીમે લેશું પૂરેપૂરું.

આચાર્ય ભગવાન સમજાવે છે કે પહેલાં વાત તમને કરી હતી કે, દ્રવ્યનો વિચાર કરે મુખ્યપણે, ત્યારે પર્યાય છે પણ ગૌણ થઈ ગઈ, વિચાર કોટીમાં એ વખતે ન આવી. પર્યાયનો માનસિક જ્ઞાનમાં વિચાર કરે છે ત્યારે દ્રવ્ય છે. દ્રવ્ય ગૌણ થઈ ગયું અને પર્યાયનો મુખ્યપણે વિચાર ચાલે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે આવા બે પ્રકારના, વસ્તુ બે પ્રકારની છે-દ્રવ્ય પર્યાય સ્વરૂપ. અને વસ્તુને જાણનારી, નિર્ણય કરનારી બે પ્રકારની નય છે. હવે એ બે પ્રકારની નયને, વસ્તુ તો અભેદ છે દ્રવ્યપર્યાય સ્વરૂપ છતાં એમાં ભેદ કર્યો, જ્ઞેયપ્રધાનથી જુઓ તો વસ્તુ તો અભેદ છે. દ્રવ્યપર્યાય સ્વરૂપ. પણ એમાં ભેદ કર્યો કે આ દ્રવ્યને આ પર્યાય, જ્યાં ભેદ કર્યો ત્યાં ક્રમ પડી ગયો, અક્રમ ન રહ્યું દ્રવ્યપર્યાયનું. દ્રવ્યપર્યાયનું જ્ઞાન અક્રમે સવિકલ્પદશામાં થાય જ નહીં. (બરાબર) અને જો થાય તો નય રહે નહીં, નય અસ્ત પામી જાય. (બરાબર) ઈ આવશે છેલ્લી બે લીટીમાં બધું આવશે. ભેદથી એટલે ક્રમથી એમ કહે છે. ભેદથી આ દ્રવ્ય અને આ પર્યાય (આવી રીતે જાણે, ક્રમથી જાણે આવી રીતે જાણે, ક્રમથી જાણે આહાહા !

દ્રવ્યનું સ્વરૂપ, દ્રવ્ય નિત્ય છે પર્યાય અનિત્ય છે એવી રીતે ધીમેધીમે વિચાર કરે છે, તો ભેદથી ક્રમથી અનુભવ કરતાં, એટલે જ્ઞાન કરતાં, તો ભૂતાર્થ છે, સત્યાર્થ છે. (બરાબર). ભૂતાર્થ શબ્દ છે ને ? સત્યાર્થ નથી મૂળમાં, સત્યાર્થ શબ્દ ઊમેરવામાં આવ્યો છે સંસ્કૃત ટીકામાં. આમાં સત્યાર્થ નથી (ભૂતાર્થ જ છે) પર્યાય ભૂતાર્થ જ છે. સત્યાર્થ શબ્દ મૂળમાં નથી એની આગળ ભૂતાર્થ છે. આમાંય એકાર્થ છે બેયનો અર્થ એક જ છે.

શું કહ્યું ? દ્રવ્યપર્યાયનો પર્યાયથી એટલે ભેદથી ક્રમેક્રમે વિચાર કરતાં દ્રવ્યનો વિચાર પણ સાચો છે. દ્રવ્ય જેવું છે તેવું વિચારમાં લીધું છે. પર્યાય જેવી છે તેવી વિચારી છે. તો એમ બેય વાત સાચી છે. ભેદથી વિચારો તો એ વાત (સાચી છે) એનો વિચાર સાચો છે. દ્રવ્યને દ્રવ્યરૂપ જાણે છે પર્યાયને પર્યાયરૂપ જાણે છે પણ દ્રવ્યને, પર્યાયને ક્રમે જાણે છે. એનું ક્રમિક જ્ઞાન થાય છે તેમાં રાગી પ્રાણીને રાગ ઉત્પન્ન થાય છે. (બરાબર) ક્રમે જાણે છે ક્રમ પડ્યો ને વિકલ્પમાં તે.

હવે કહે છે અને દ્રવ્ય તથા પર્યાય એ બંનેથી નહીં આલિંગિત કરાયેલા એટલે દ્રવ્યનો વિકલ્પ છૂટે છે અને પર્યાયનો વિકલ્પ પણ છૂટે છે. ''નહીં આલિંગિત'' પહેલાં આલિંગિત હતું (પહેલાં વિચારમાં દ્રવ્યને આલિંગન કરતો'તો) ઘડીકમાં દ્રવ્યને, ઘડીકમાં પર્યાયને આલિંગન કરતો'તો વિચારમાં, માનસિક જ્ઞાનમાં, વિકલ્પાત્મક જ્ઞાનમાં હવે એ જે વિચાર, વિકલ્પ છૂટી જાય છે. (હવે દ્રવ્ય પર્યાય બેયને નહીં આલિંગિત) નહીં આલિંગિત એટલે કે દ્રવ્યનો વિકલ્પ ગયો અને પર્યાયનો વિકલ્પ પણ જાય છે, છુટી જાય છે. નહીં આલિંગિતનો અર્થ ઈ. (એટલે એ બંનેથી નહીં આલિંગન કરાયેલો) એટલે બેનો જે ક્રમે ક્રમે વિકલ્પ ઉઠતો'તો માનસિકજ્ઞાનમાં, એ છૂટી ગયો એટલે નહીં આલિંગિત. (અચ્છા) દ્રવ્યનો વિકલ્પ જાય છે અને પર્યાયનો વિકલ્પ પણ વિલય થાય છે. એમ ! (હાં.જી.)



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ બે પ્રકારે નયોના વિકલ્પ ક્યારે જાય ? એનું હવે કારણ આપે છે. પહેલાં શુદ્ધ આત્માનો અનુભવ કરે તો આ બે વિકલ્પ જાય એમ ન લખ્યું. (હાં ઐસા નહીં લિખા) નહીંતર જાય તો શુદ્ધ આત્માના અનુભવ પછી જાય ઈ વિકલ્પ. પણ છતાં પહેલાં એમ લીધું કે; દ્રવ્ય તથા પર્યાય એ બંનેથી નહીં આલિંગિત કરાયેલા એવા શુદ્ધ વસ્તુમાત્ર જીવના સ્વભાવનો અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ ને અસત્યાર્થ છે. અહીંયા બેય વિકલ્પ છૂટી જાય છે, નયોના બંને વિકલ્પ. ઓમાં બંનેને અનુસરીને જ્ઞાન થતું'તું, આમાં સ્વભાવને અનુસરીને જ્ઞાન નવું અતીન્દ્રિય પ્રગટ થાય છે.

શુદ્ધ વસ્તુમાત્ર જીવના સ્વભાવનો અનુભવ કરતાં, ''જે શુદ્ધ જાણે આત્માને તે શુદ્ધ આત્મા જ મેળવે'' એવી પળ આવે છે જ્યારે, ત્યારે દ્રવ્ય અને પર્યાય એ બેના જે ક્રમેક્રમે વિકલ્પ ઉઠતા'તા એમાં પછી ઈ વખત આવે છે કે પર્યાયનો વિકલ્પ ગૌણ થઈ જાય છે, અને દ્રવ્યનો વિકલ્પ મુખ્ય રહે છે કે: ''હું જ્ઞાયક છું.'' પછી જ્ઞાયકનો જે વિકલ્પ આવતો'તો એમાં મનનું અવલંબન હતું. પછી એક જ્ઞાન એવું પ્રગટ થાય છે કે જ્ઞાયકનું અવલંબન આવે છે. જ્ઞાયકનું જ્યારે અવલંબન આવે છે; ત્યારે એનો છેલ્લો દ્રવ્યસંબંધેનો જે નયપક્ષનો વિકલ્પ હતો તે પ્રલય પામે છે. ત્યારે એક સાથે દ્રવ્યપર્યાયનું જ્ઞાન થઈ જાય છે. ઓમાં ક્રમે જ્ઞાન થતું'તું. આમાં દ્રવ્યને આશ્રયે દ્રવ્યનું પણ જ્ઞાન થયું; અને આનંદનું પણ જ્ઞાન થયું. આનંદ પર્યાય પ્રગટીને એનું પણ જ્ઞાન થઈ જાય છે.

શુદ્ધવસ્તુ માત્ર એવા સ્વભાવનો અનુભવ કરતાં, એટલે એને અનુસરીને પરિણમતાં તેઓ, તેઓ એટલે આ જે બે વિકલ્પ હતા-આ દ્રવ્ય છે ને આ પર્યાય છે-મુખ્યગૌણ કરીને વિકલ્પ હતા, તે અભૂતાર્થ થઈ જાય છે. એને કહ્યું કે દ્રવ્યપર્યાયને નહીં આલિંગિત. (બરાબર) પહેલાં દ્રવ્ય પર્યાયને આલિંગિત હતું તે વિકલ્પ હતો. હવે શુદ્ધાત્માનું અવલંબન જ્યારે કરે છે ત્યારે દ્રવ્ય અને પર્યાય એના લક્ષે થતો ક્રમિક વિકલ્પ હતો એ છૂટી જાય છે. હું તો ચિદાનંદ આત્મા જ્ઞાયક જ છું. શુદ્ધ આત્માનો નિર્વિકલ્પ અનુભવ થાય છે. આ બે પ્રકારના વિકલ્પ છૂટી જાય છે. (નયોની લક્ષ્મી ઉદય પામતી નથી) અનુભવમાં ઉદય પામતી નથી, અનુભવ કાળે નયના વિકલ્પ હોય જ નહીં.

દ્રવ્ય સ્વભાવ જે છે ને, એક પર્યાય સ્વભાવ ને એક દ્રવ્યસ્વભાવ, હવે દ્રવ્યસ્વભાવ વિષે પહેલાં નયથી દ્રવ્યનો નિર્ણય કરે છે પછી સીધો એનો જે સ્વભાવ, સ્વભાવ એનો આવિર્ભાવ થાય છે. સ્વભાવ તરફ જ્ઞાન વળે છે અને વળતું વળતું વળી જાય છે. અભેદ થાય છે, ત્યારે છેલ્લો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જે નિશ્ચયનયનો જે વિકલ્પ છે ને તે વિકલ્પ વિરામ પામે છે અને જેવું સ્વરૂપ છે, જેવો નિર્ણય કર્યો'તો વિકલ્પ દ્વારા, એવો નિર્વિકલ્પમાં અનુભવ થાય છે. (બરાબર) વિકલ્પ દ્વારા પણ એણે પર્યાય તો રાખી'તી-પર્યાયને ઊડાડી નો'તી. પર્યાયને ગૌણ કરી ક્રમેક્રમે જ્ઞાન થતું'તું. હવે દ્રવ્યનું અવલંબન લેતા દ્રવ્યપર્યાયનું અક્રમે જ્ઞાન થાય છે. જો એકલા દ્રવ્યનું જ્ઞાન થાય અને પર્યાયનું જ્ઞાન ન થાય તો સાંખ્યમત. એકલી પર્યાયનું જ્ઞાન થાય અને દ્રવ્યનું જ્ઞાન ન થાય તો બૌદ્ધમતી છે. અને વસ્તુ એવી નથી.

વસ્તુ દ્રવ્યપર્યાય સ્વરૂપ છે બેન ! વસ્તુ આખી દ્રવ્યપર્યાય સ્વરૂપ છે. વસ્તુ આખી અનુભવમાં આવે છે. અનુભવમાં એટલે જ્ઞાનમાં જ્ઞેય થાય છે (બરાબર) એ નિર્વિકલ્પ ધ્યાનમાં થાય છે. વિકલ્પ બેય છૂટી જાય છે અનુભવ પહેલાં વ્યવહારનો, નયનો, પર્યાયનો વિકલ્પ છૂટે છે. પર્યાય, અનિત્ય ને નાશવાન છે 'હું તો ત્રિકાળી સામાન્ય છું' એટલે સામાન્ય ઉપર જ્યારે જોર આવે છે અંદરથી એનું ગુરુદેવ દૃષ્ટાંત આપે છે કે ગમે તેવો તાપ પડતો હોય સમુદ્ર ઉપર, પણ અંદરથી ભરતી આવે છે એને કોઈ રોકી શક્તું નથી. (બરાબર) અંદરથી કોઈ એવી પળ આવે છે પળ જ છે એક જાતની કે ઈ પળ અંદરથી આવે છે. ઓલું દ્રવ્યમનના અવલંબને વિચાર ચાલતો'તો (બરાબર) દ્રવ્યમનનું અવલંબન છોડે છે. અંશે મન, સર્વાંશે માનસિક જ્ઞાન છૂટે તો તો કેવળજ્ઞાન થાય અને અંશે પણ જો મનનું અવલંબન ન છૂટે તો અનુભવ ન થાય. એમ અંશે દ્રવ્યમનનું અવલંબન છૂટે છે. એટલે કે ઈ જે ભાવમન, એનું જે નામ હતું ઈ બદલી જાય છે અને શ્રુતજ્ઞાન નામ પામે છે. એ દ્રવ્યને પ્રત્યક્ષ અનુભવે છે. અને એ પરિણામ અભેદ થાય છે. અભેદ થયેલા પરિણામ દ્રવ્યપર્યાયને યુગપદ્ એક સમયમાં, એક સમયમાં ઈ, જ્ઞાનમાં જ્ઞેય થાય છે આખો આત્મા. આશ્રય એકનો, જ્ઞાન બેનું. અથવા આશ્રય એકનો અને જ્ઞાન પણ એકનું ભેદ અપેક્ષાએ બેનું અને અભેદ અપેક્ષાએ એકનું. એવી સ્થિતિ અનુભવના કાળમાં થાય છે, ત્યારે બધા વિકલ્પો સમાપ્ત પામે છે. નયોની લક્ષ્મી ઉદય પામતી નથી એટલે વિકલ્પ ઉત્પન્ન થતો નથી એટલે વિકલ્પનું દુઃખ પણ આવતું નથી, પરિણામમાં આનંદની અવસ્થા પ્રગટ થાય છે અને આનંદનો અનુભવ આવે છે.

એવા શુદ્ધવસ્તુમાત્ર જીવના સ્વભાવને જોયું, ત્રિકાળી સ્વભાવ લેવો, એનો અનુભવ કરતા એટલે એને અનુસરીને પરિણમતાં જ્યારે શુદ્ધાત્માને અનુસરીને પરિણમે ત્યારે કારણ તત્ત્વ અને કાર્યતત્ત્વ બેય શુદ્ધ હોય છે. આ બે પ્રકારના ક્રમે વિકલ્પ આવતા'તા એ એને નહીં આલિંગિત, દ્રવ્યપર્યાયનો વિકલ્પ હવે છૂટી ગયો. આલિંગન કરતો નથી. તેઓ અભૂતાર્થ અને અસત્યાર્થ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બે પ્રકારના વિકલ્પો નયોના છૂટી જાય છે, ત્યારે નિર્વિકલ્પ ધ્યાનમાં આત્માનો અનુભવ આનંદ આવે છે સમય એક છે. એક સમયમાં દ્રવ્ય અને પર્યાયથી અનન્ય એવું દ્રવ્ય જ્ઞાનમાં જ્ઞેય થાય છે. ઓમાં અનન્ય ન થાય વિકલ્પમાં (નહીં ઉસમેં તો ભેદ હૈ ના ભેદ હૈ) ભેદ હૈ ના (ભેદ હૈ તબ દો નય પ્રગટ હોતી હૈ, આ દ્રવ્ય અને આ પર્યાય, અભેદ હો જાયે તો કોઈ નય હી નહીં હૈ) નહીં હૈ, નહીં હૈ. (ભેદમાં વિકલ્પ ઉત્પન્ન થાય છે) વિકલ્પ ઉત્પન્ન થાય છે. ભેદ દ્વારા સમજાવે છે બીજો કોઈ ઉપાય નથી.

અજ્ઞાની પ્રાણીને સમજાવવાનું જો સાધન કોઈ હોય તો પ્રમાણ અને નય બે છે (બરાબર) નિક્ષેપ એટલી બધી જરૂરી ચીજ નથી, જેટલી જરૂરી ચીજ પ્રમાણ અને નય છે. (બરાબર) પ્રમાણથી વસ્તુ દ્રવ્યપર્યાય સ્વરૂપ છે એમ, અને નયથી જ્યારે દ્રવ્યનો વિચાર કરે છે ત્યારે પર્યાયનો વિચાર નથી અને જ્યારે પર્યાયનો વિચાર કરે છે ત્યારે દ્રવ્યનો વિચાર નથી એમ બેય પ્રમાણ અને નય એમ બે વિકલ્પાત્મક પણ છે અને નિર્વિકલ્પાત્મક પણ છે. પ્રમાણ અને નય (કેમ કે વિષય તો હો હી ગયા ના ? પહેલે વિકલ્પ મેં વિષય હોતા થા અભી જ્ઞાનમેં વિષય હો ગયા) જ્ઞાનમેં વિષય હો ગયા તો એને ઉપચારથી નય પણ કહેવાય છે. જ્ઞાનને પણ શુદ્ધનય કહેવાય. શુદ્ધાત્માનો અનુભવ થયો જે જ્ઞાનમાં તો એને શુદ્ધનય કહેવાય એમ આત્માનો અનુભવ થાય છે જ્ઞાનથી પણ પૂર્વે મન હતું અને સર્વથા મન છૂટ્યું નથી એટલે મનથી થયું એમ પણ ઉપચારથી કહેવાય. નયથી અનુભવ ન થાય.

(પંચાધ્યાયીમાં ઘણી જગ્યાએ એમ વાત કરી છે) હાં આવ્યું છે ને ! જ્ઞાનનું જ્ઞાન થાય છે સમજાણું ? આ આચાર્યે કહ્યું ને જ્ઞાનનું જ્ઞાન થાય છે. કોઈ શાસ્ત્રના આધારની જરૂર નથી. જ્ઞાનનું જ્ઞાન થાય છે અને જ્ઞાનનું જ્ઞાન રહી જાય છે નિર્વિકલ્પમાંથી સવિકલ્પમાં આવે તો અને વાત કરે ત્યારે તો સવિકલ્પ દશા છે; પણ જ્ઞાનનું જ્ઞાન જાય છે કે રહી જાય છે ? એટલે અનુભવી પુરુષો સવિકલ્પમાં આવીને પણ એની પૂર્વભૂમિકાનું વર્ણન બરાબર લખી શકે છે. હા, એટલે પૂર્વભૂમિકાનું વર્ણન અનુભવ થયા પછી એને પ્રતીતિ થઈ જાય કે આવું થયું'તું અને બધાને થાય. સમજી ગયા ! અને પછી આમ થાય ત્યારે અભૂતાર્થ અને અસત્યાર્થ છે વિકલ્પ એમ આખી પ્રોસેસ છે. આખી પ્રોસેસ લખી છે.

એટલે સમયસાર તો સમયસાર છે. સમયસાર હાથમાં આવ્યા પછી રંગ ચડી જાય છે. બીજા શાસ્ત્રોમાં એટલો ઉપયોગ લાગતો નથી. એવો કોઈ આનો અતિશય છે. આ સમયસાર શાસ્ત્રથી બે હજાર વર્ષમાં ઘણા જીવો પામ્યા છે. અને હજી અઢાર હજાર વર્ષ જાશે એમાં ઘણા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવો પામશે. (બરાબર) એવો આમાં અતિશય છે. (અતિશય છે) પૂ.ગુરુદેવે સેંકડો વખત અંદરમાં વાંચ્યું અને ૧૯ વખત જાહેરમાં વાંચ્યું. સમાજમાં ૧૯ વખત લીધું એટલે શું ? કેટલો આનો મહિમા આવ્યો હશે. પોતાનું ઘૂંટતાં'તા અને બધાને કહેતા'તા કે સમયસારમાં જ છે બધું. અમૃતચંદ્રાચાર્યની તાકાત, અનુભવને શબ્દમાં ઊતારવાની તાકાત છે. (તાકાત છે).

દ્રવ્યપર્યાયને નહીં આલિંગિત એટલે શું ? એટલે બેમાંથી કોઈનો વિકલ્પ હવે ઉત્પન્ન થતો નથી. આહાહાહા ! કેમકે શુદ્ધાત્માની સન્મુખ થાય છે ત્યારે વિકલ્પ ક્યાં ઉત્પન્ન થાય છે ? અભેદ હો ગયા. (અભેદ હો ગયા તો ઉસમેં વિકલ્પ નહીં હોતા હૈ) નહીં હોતા હૈ. (ભેદ રહેતા હૈ તો આ દ્રવ્ય ને આ પર્યાય) ત્યાં સુધી વિકલ્પ છે. (અભેદ થાય દ્રવ્યમાં, મેં તો દ્રવ્ય હી હૂં તો પછી) ખલાસ. (જુદાઈ ન રહતી તો વિચાર નહીં રહતા, અભેદપના હો જાતા હૈ) અભેદપના હો જાતા હૈ. (તો ફીર વિચાર નહીં હોતા) અનંત ગુણાત્મક એવા દ્રવ્યસામાન્યને અવલોકન કરતાં એ વિશેષ પણ દ્રવ્ય થઈ જાય છે. (દ્રવ્ય થઈ જાય છે, બધું દ્રવ્ય જ છે.) સરસ.

એટલે 'ધ્યેયપૂર્વક જે જ્ઞેય થાય છે' એકદમ યથાર્થ છે. (એકદમ યથાર્થ વાત છે) એમાં કહ્યું ને; કેઃ ધ્યેયના પક્ષથી મોહ ક્ષપણ થવાનું સામર્થ્ય આવ્યું પણ જ્ઞેય ન થાય ત્યાં સુધી મોહ ક્ષય થતો નથી; જ્ઞેય થાય છે ત્યારે મોહ ક્ષય થઈ જાય છે. (જ્ઞેય થાય છે એટલે કે અભેદ થાય છે) અભેદ થાય છે એટલે કોઈ પણ પ્રકારનો બુદ્ધિપૂર્વકનો રાગ ઉત્પન્ન થતો જ નથી. એટલે ફરી ફરીને નિર્વિકલ્પ ધ્યાનમાં જાય ત્યારે પણ એને આમ જ થાય. એમ ! આમ જ થાય. જે સમ્યક્‌દર્શન માટે વિધિ તે જ ચારિત્રની વિધિ છે. વિધિમાં ફેર નથી. ઓલું એક સમયમાં સમ્યક્‌દર્શન પૂરું થઈ જાય, ચારિત્રમાં વાર લાગે એટલું જ. બોલો આમાંથી કાંઈ પ્રશ્ન ? થઈ ગયું પૂરું ? (એકદમ પુરૂં) સંતોષ ?

(એજ આમાં એવી વાત આવી કે દ્રવ્યસ્વભાવ પર્યાયસ્વભાવ એકજ વાત છે ઈ જ વાત છે). દ્રવ્યસ્વભાવને જો તો એમાં 'સ્વભાવ' શબ્દ આવ્યો. સ્વભાવ. (શુદ્ધ વસ્તુમાત્ર જીવમાં 'સ્વભાવને' અનુભવતાં બીજું અભૂતાર્થ છે) ઘણાયનું કામ થશે, કામ આવશે. દ્રવ્યસ્વભાવ-પર્યાયસ્વભાવમાં અંદરથી ખૂબજ નીકળ્યું છે. મેં તો ના પાડી હતી છપાવવાની. બેન કહે ના; ભાઈ આ તો મારે છપાવવું છે. આપણે આપણું કરો ને. શું કામ છે હવે ? જા, લે છપાવ્યું. કંઈ વાંધો નહીં. કામ આવશે બધાને, એમાં આપણે બધું લીધું છે. આ બધું લીધું છે. પ્રાથમિક હોય નય, પછી નીકળી જાય. (ઓલું લીધું છે દ્રવ્યપર્યાય વસ્તુ છે, એ ત્યાંથી શરૂઆત કરી છે. તેને સમજાવવાની બે નય છે, બે નય છે પછી નયનું અવલંબન છૂટી જાય છે અને સ્વભાવમાં આવી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાય છે) લીધું છે, લીધું છે ને?

જ્ઞાનનું જ્ઞાનત્વ લીધું છે. બસ એમાં બધું આવી ગયું. જ્ઞાનનું જ્ઞાન થાય જ છે. જ્ઞાનનું જ્ઞાન ન થાય તો જ્ઞાન જ નહીં, (જ્ઞાનનું જ્ઞાન ન થાય તો જ્ઞાન કૈસા) ત્રણકાળના પદાર્થ, એના દ્રવ્ય-ગુણ-પર્યાય, ભૂત, ભવિષ્ય અને વર્તમાન જ્ઞાનમાં મોજાુદ છે. આહાહાહા ! જ્ઞાનનું જ્ઞાન થતાં સ્તબ્ધ થઈ જાય છે. કેમ કે છે એનું જ્ઞાન થયું ને ? નવું તો કરવું ન પડે, પુરુષાર્થ ન કરવો પડે. વગર પુરુષાર્થે ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણ કાળના પદાર્થોનું જ્ઞાન થઈ ગયું. હરણીયાને અને દેડકાને થઈ જાય જ્ઞાન, બોલો, છે એનું જ્ઞાન થયું છે. નવું નથી થયું. (જ્ઞાનનું જ્ઞાન થાય છે) નવું થાય છે ? (હતું એનું જ્ઞાન થાય છે ને, છે એનું જ્ઞાન થાય છે) છે એનું જ્ઞાન થાય. ( છે એનું જ્ઞાન થાય છે બેય રીતે એમ જ છે) એમ જ થાય છે એટલે જ્ઞેયનું અવલંબન જ્ઞાનને નથી અને જ્ઞેયનું જ્ઞાન થાય છે. જ્ઞાયકનું અવલંબન લેતાં, જ્ઞેયના અવલંબન વિના જ્ઞેયનું જ્ઞાન થાય છે. ઈ ઓલા દેવીલાલને મેં સોનગઢમાં કહ્યું હતું, ડાયરેક્ટ જ્ઞેયનું જ્ઞાન થતું નથી. ઈનડાયરેક્ટ થાય છે. (એટલે કે જ્ઞાનનું જ્ઞાન થાય છે) એટલે કે જ્ઞાનનું જ્ઞાન થાય છે. એ વખતે નહોતું કહ્યું જ્ઞાનનું જ્ઞાન, કહ્યું તું કે આમ લક્ષ કરીને ઈ જ્ઞાન ન થાય જ્ઞેયનું. ઈનડાયરેક્ટ એટલે આત્માને જાણતાં જ્ઞેયોનું જ્ઞાન એમાં થઈ જાય છે, આવી જાય છે. કરવો ન પડે પુરુષાર્થ ! એમાં પુરુષાર્થ નથી ખરેખર જ્ઞાયકને જાણવાનો પુરુષાર્થ છે (હં) જ્ઞેયોને જાણવાનો પુરુષાર્થ જ ન હોય. જ્ઞેયો તો મોજાુદ છે. (જ્ઞાનનું જ્ઞાન થતાં) બસ. (જ્ઞાન થઈ જાય છે).

સોગાનીજી ફરમાવતા કે હમ કો તો સુખ પીના હૈ. ગુરુદેવને ફરમાયા કે કેવળજ્ઞાન હોગા તો એક સમયમેં લોકાલોકકા પ્રત્યક્ષ જ્ઞાન હો જાયેગા બસ. હમકો તો જાનનેકી ચિંતા સમાપ્ત હો ગઈ. (આહાહા !) હમ કો તો અભી સુખ પીના હૈ. કેવળજ્ઞાન હોગા તો જનિત જાયેગા બસ. મસ્ત હતા. એટલે મસ્ત બેઠા હોય તો પ્રતિમા લાગે. પગ ઉપર પગ ચડાવે ધોતિયું પાછું આમ ઢાંકી દે પગ દેખાય નહીં ને ! એવી રીતે સ્ટાઈલ એવી હલે નહીં કે ચલે નહીં, પ્રતિમા જાણે. હિંદીભાઈ અજમેરના (રાજસ્થાન) પણ ભાષાનો કાબુ બહુ સારો એ સાર્થક લાગે. એના જે કાગળ વાંચો ને પત્ર ખૂબ સમૃદ્ધ લાગે. શબ્દજ્ઞાન પણ સમૃદ્ધ. (દરેક પ્રશ્નનો જવાબ સ્વભાવથી હતો) સ્વભાવથી હતો મેં એક વખત કહ્યું. મેં કહ્યું વો તો પર્યાયકા પ્રશ્ન પૂછતા હૈ આપ તો સીધા સ્વભાવસે જવાબ દેતા હૈ, ઐસા હૈ ? હા, એવું જ લાગે છે મને. યે તો મેરી આદત હૈ ક્યા કરું ? અમારે તો બહુ બોલવાની છૂટ હતી ને ! એના જ્ઞાનમાં ઘણું આવી ગયું હતું. (અંદરમાં ઘણી સ્થિરતા, ઘણી સ્થિરતા) આહાહા ! ગુરુદેવને ઈ વિચાર આવ્યો જો ઈ જીવ્યા હોત તો ભાવલિંગી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંતના દર્શન થઈ જાત, એ કાંઈ ઓછી વાત છે ? કેટલું એના જ્ઞાનમાં એના વિશે આવી ગયું હેં ! આહાહાહા ! હતો એવો જીવ. મને તો એમ કહ્યું કેઃ **આ અછેરું કરશે,** ન બનવાનું બની જશે. કેવળજ્ઞાન થઈ જશે. આ જીવ તો એવો છે. ''મૈં કિસકા ધ્યાન કરું પરિણામ મેરા ધ્યાન કરે તો કરો.'' આહાહાહા ! ધ્યાનની ઉપેક્ષા, એટલું અકર્તાનું જોર. પર્યાય કા કર્તા પર્યાય હૈ વહ કર્તા કર્મકી ચરમ સીમા હૈં. એકવાર સોગાનીજી બોલ્યા કે આત્મા તો અંધા હૈ બસ અંધા કહીને એટલું ખીલખીલાટ જોરથી હસવા મંડ્યા, કે મૈં તો અંધા હૂં.

(દ્રવ્યાર્થિક નય, પર્યાયાર્થિક ચક્ષુ મારામાં નથી) નયજ્ઞાન છે જ નહીં (એટલે દેખનેવાલી પર્યાય મેરે મેં નહીં હૈ) હું પરને જાણતો જ નથી. પરને જાણવાવાળું ઈન્દ્રિયજ્ઞાન મારામાં નથી. બધું આવી ગયું આમાં. આહાહાહા ! (જ્ઞાનનું જ્ઞાન થાય છે બહુ વિશાળ વાત છે) વિશાળ, ટંકોત્કીર્ણ વાત છે. (ત્રણકાળ ત્રણ લોકને આવરી લ્યે એવું નાનામાં નાનું સૂત્ર છે) નાનું સૂત્ર છે. જ્ઞાનનું જ્ઞાન થાય છે બસ.

*જબ તક દોનોં મેં સે કિસી ભી પ્રકાર કે વિકલ્પ મેં લગા હુઆ હૈ તબ તક વસ્તુ કે સ્વાદ સે વંચિત હૈ. ઈસલિએ આત્મ અનુભવ કે લિયે સમસ્ત વિકલ્પોં કો છોડકર પરિધિ કો લાંધ કર કેન્દ્ર કે સન્મુખ હોને પર હી આત્મ અનુભવ હોતા હૈ. પરિધિ તો પર્યાય હૈ કેન્દ્ર સ્વભાવ હૈ. પરિધિ પર ખડા હોકર ચાહે પરિધિ કા વિકલ્પ કરે ચાહે કેન્દ્રકા વિકલ્પ કરે વિકલ્પ હી હૈ. પરંતુ કેન્દ્ર પર આકર કેન્દ્રરુપ અપને કો અનુભવ કરના હૈ. પરિધિ કા અતિક્રમ કિયે બિના કેન્દ્ર પર નહીં પહુંચ શકતા. પરિધિ પર જન્મ જન્માંતર તક દૌડતા રહે તો ભી કેન્દ્ર પર નહીં પહુંચ સકતા.*

*(પરમઅધ્યાત્મ તરંગિણી કળશ-૪૫ ભાવાર્થમાંથી)*



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ચર્ચા નં-૨ રાજકોટ

આ સામાન્ય વિશેષ આવ્યું ને જ્ઞાનની પર્યાયમાં, ઈ...આવ્યું ને ? ઊંઘમાં પણ ચાલે છે. જે ચાલે છે ઈ જ આવ્યું. આમાં જ્ઞાનની પર્યાયની મુખ્યતા રાખી. બરાબર છે ? પરનું લક્ષ છૂટે તો જ્ઞાન ઊભું થાય છે. 'હું પરને જાણું છું' એ અભિપ્રાય પડ્યો છે; એટલે ઉપયોગ પર સન્મુખ જ રહ્યા કરે છે. શાસ્ત્ર સન્મુખ જ રહ્યા કરે છે તે અજ્ઞાન છે. પહેલાનું દૃશ્ય આવી ગયું. જ્ઞાનનું જ્ઞાન થાય છે. ચમત્કારિક છે વાત હોં ! જ્ઞાનનું જ્ઞાન થાય છે તે ઘૂંટવા યોગ્ય છે. સમ્યક્દર્શન માટે તો ઘૂંટવા જેવું, પ્રગટ થવા માટે પણ પ્રગટ થયા પછી આ જ છે. વ્યાવૃત્ત થતું જાય ને ? ચારિત્ર માટે પણ ઈ...જ છે.

આ કોઈ અલૌકિક ચીજ છે. મને લાગે છે આ કોણે લખ્યું હશે ? જેવું છે એવું આવ્યું છે. એટલે નયવિકલ્પોની કર્તાબુદ્ધિ કેમ છૂટે અને નયોનો જ્ઞાતા કેમ થાય ? એટલું વાંચ્યું એમાં તો એમ થયું...ઓહોહોહો ! કેટલું યથાર્થ લખાણ આવ્યું છે. (શ્રોતા-મારું આવું સ્વરૂપ છે.) વાંચો પહેલેથી વાંચો.

**આ જ વાત શ્રી પંચાધ્યાયી ગાથા ૬૪૫ થી ૬૪૮ માં કહી છે. શંકાકાર :- જે વ્યવહારનયનું અવલંબન કરે છે,** જોયું ! તે જ ગાથા આવી આપણે જોઈ હતી. **તે જેમ સામાન્ય રીતે મિથ્યાદૃષ્ટિ છે તેવી જ રીતે જ નિશ્ચયનયનું અવલંબન કરે છે તે મિથ્યાદૃષ્ટિ કેમ હોય ?** કેમ હોય ? એટલે કે એ તો સમ્યક્દૃષ્ટિ હોવો જોઈએ એમ. **અર્થાત્ વ્યવહારનયનું અવલંબન કરનારને મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવેલ છે તે બરાબર છે પરંતુ નિશ્ચયનયનું અવલંબન કરનારને પણ મિથ્યાદૃષ્ટિ જ કહેવામાં આવેલ છે તે કેવી રીતે ?**

**ઉત્તર :- બરાબર છે,** એટલે એને પણ મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે. બરાબર છે એમ કહી દીધું. **પરંતુ નિશ્ચયનયથી પણ વિશેષ કાંઈક છે. તે સૂક્ષ્મ છે, તેથી તે ગુરુના જ ઉપદેશને યોગ્ય છે.**

એટલે એમ વિચાર આવ્યો કે ગૃહીત મિથ્યાત્વ તો ગુરુના ઉપદેશથી જાય છે. અને અગૃહીત મિથ્યાત્વ તો અનુભવથી જ જાય. ઉપદેશથી જાય નહીં. છતાં ઉપદેશથી વાત આવે. સમજી ગયા ! પણ...કેવળ ઉપદેશથી અગૃહિત જતું નથી. ઈ અનુભવથી જ જાય.

(શ્રોતા-અનુભવ વિના મિથ્યાત્વનો અભાવ કેવી રીતે થાય ?)

**ઉત્તર :-** કેવી રીતે થાય ? ઉપદેશ તો અનંત કાળથી સાંભળે છે એટલે તો જ્યારે અનુભવ કર્યો; ત્યારે આના ઉપદેશથી અગૃહીત ગયું એમ ઉપચાર આવ્યો. બાકી છે નહીં એમ અંદરથી જ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાય છે. પોતે ભૂલ કરે છે, પોતે ભૂલ ભાંગે છે. પોતાની ભૂલની પોતાને ખબર પડે છે. શ્રી ગુરુ તો આમ જનરલ ઉપદેશ આપતા હોય એ Particular ઉપદેશ ન આપે. જનરલમાંથી પોતે ખેંચી લ્યે કે હં...'આ ગુરુએ કહ્યું' આ મારો પક્ષ હતો. તે પક્ષ નીકળી ગયા પછી અગૃહીત તો અનુભૂતિથી જાય. એ શિષ્ય ગુરુના ઉપદેશને યોગ્ય છે.

**મહાનગુરુ સિવાય તેનું સ્વરૂપ કોઈ બતાવી શક્તું નથી.** ગુરુ તો કહ્યા, પરંતુ મહાનગુરુ કહ્યા. (મહાનગુરુ કહી શકે.) સમ્યક્દૃષ્ટિ ઘણા હોય પણ તેને ઉપદેશની લબ્ધિ ન હોય તો માર્મિક વાત ન કહી શકે. કહી શકે ? અનુભવી છે તે અનુભવની વાત તો કહે, પણ જે સૂક્ષ્મ પ્રકારની ભૂલ હોય તે બતાવી ન શકે. વાણી કોઈ તીખી નીકળે. ગુરુના બે પ્રકાર છે. જેમકે ગુરુદેવનો દાખલો આપુ છું; સમજી ગયા ? બધા એવા ઉપદેશક ન હોય. ઈ...લબ્ધિ છે. ઈ તો ભાષાની લબ્ધિ છે ને ? ભાષા દ્વારા કહે છે. છતાં પણ બધાને ન હોય. માટે મેં મહાન ગુરુનો અર્થ કર્યો એમ.

**મહાનગુરુ સિવાય તેનું સ્વરૂપ કોઈ બતાવી શક્તું નથી. તે વિશેષ સ્વાનુભૂતિનો મહિમા છે.** સ્વાનુભૂતિ આવ્યું જોયું ? **કે જે નિશ્ચયનયથી પણ બહુ સૂક્ષ્મ અને ભિન્ન છે.** નિશ્ચય નયના જે વિચારો છે એનાથી સૂક્ષ્મ બહુ સૂક્ષ્મ અને ભિન્ન છે. અનુભૂતિ છે તે માનસિક વિચારથી ભિન્ન છે. એમ વિચાર આવ્યો કે ગુરુદેવ જે ઉપદેશ આપતા હતા તે ઠોસ છે, ઠોસ છે. એકની એક વાત (ઘૂંટાવતા). અત્યારે પંદરમી ગાથા વાંચતો હતો ટંકોત્કીર્ણ છે. (શ્રોતા-ટંકોત્કીર્ણ અરે ! એવા તો એમાં ઘણા (ન્યાય) કહ્યા છે.) ઘણાં કહું છું ને ! આ મહાનગુરુ જે છે ને શબ્દ ઈ બરાબર છે. મહાનગુરુ શબ્દ વાપર્યો એણે, શ્રીગુરુ નહીં; મહાનગુરુ. આત્મજ્ઞાની બધા ગુરુ કહેવાય, પણ એમાં (ગુરુદેવ જેવા) હોય ને ? બહુ સરસ જવાબ છે હોં !!

આહાહા ! નિશ્ચયનયથી પણ વિશેષ કાંઈક છે. આહાહાહા ! તે સૂક્ષ્મ છે તેથી તે ગુરુના ઉપદેશને યોગ્ય છે. મહાનગુરુ સિવાય જેનું સ્વરૂપ કોઈ બતાવી શક્તું નથી એમ. મિથ્યાદૃષ્ટિ તો બતાવી ન શકે પણ આ પક્ષમાં રહી જાય છે ને અથવા છ દ્રવ્યને હું જાણું છું, સમજી ગયા. દ્રવ્યલિંગી મુનિ ભૂલ્યો ને ? (શ્રોતા-કોઈક જ બતાવે છે. કોઈને, કોઈ બતાવી શક્તું નથી એટલે એક મહાનગુરુ સિવાય કોઈ બતાવી શક્તું નથી.) કોઈ બતાવી શક્તું નથી. (શ્રોતા-કેટલો મહિમા કરે છે.)

<u>હું પરને જાણતો જ નથી જાણનાર જણાય છે ઈ...સૂક્ષ્મ વાત છે. જ્ઞેયનો સંબંધ તૂટે ત્યારે અહીં આ સંબંધ થાય છે.</u> હંમેશાં એક નિયમ-<u>તીર્થંકરના દ્રવ્યની અંદર સૂક્ષ્મતા જ હોય.</u> અને એની વાણી ઠોસ હોય. અને આમ મારફાડ કરતી ચાલે. વચ્ચે જે આવે તે ઊડી જાય. કોઈ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ સામે ઉભી ન શકે. ગુરુદેવનું તો અમે જોયું છે ને ? એટલે નજરે છે. (બરાબર છે.) ઘણાં વિરોધો આવે, વિરોધી હઠી જાય, ન ચાલે એમ. (ક્યાંથી ચાલે વાહ ! તોફાનને કોઈ રોકી ન શકે. લો ! રોકો તુફાન ચલા હૈ.) બહુ સરસ છે આ પુસ્તકથી હજારો લોકો પામશે.

**उभयं णयं विभणिमं जाणइ णवरं तु समय पडिबद्धो ।**

**णदु णयपक्खं गिण्हदि किंचिवि णयपक्खपरिहीणो ॥**

**નિશ્ચયનયનું અવલંબન કરનારને પણ મિથ્યાદષ્ટિ કહેવામાં આવ્યો છે તે વિષયમાં ઉક્ત ગાથા પણ પ્રમાણ છે. તેનો અર્થ એ છે કે જે બે પ્રકારના નય કહેવામાં આવ્યા છે તેને સમ્યક્દષ્ટિ જાણે તો છે પરંતુ કોઈ પણ નયના પક્ષને ગ્રહતો નથી, તે નયપક્ષથી રહિત છે.**

આહાહાહા ! ઈ જે નવમા કળશમાં આવ્યું કે જે દ્રવ્ય-પર્યાયને નહીં આલિગિંત તેં આ. ઈ...આ બરાબર ને ? આ વિચાર આવી ગયો બરાબર. મોકાસર, દ્રવ્ય-પર્યાયને નહીં આલિંગિત, નહીં આલિંગિત ઈ...આ. એ આખી વિધિ તમને કહી દીધી. (શ્રોતા-બહુ સરસ.)

**આ ગાથારૂપ સૂત્રથી આ વાત સિદ્ધ થઈ કે સમ્યક્દષ્ટિ નિશ્ચયનયનું પણ અવલંબન નથી કરતો.** આહાહાહા ! (આ તો બહુ ન્યાય સિદ્ધ વાત છે.) નિશ્ચયનયના પક્ષમાં રહી જાય ઈ વ્યવહારના પક્ષમાં જ છે. (વ્યવહારનાં પક્ષમાં છે.) સમ્યક્દષ્ટિ નિશ્ચયનયનું પણ અવલંબન નથી કરતો. નિશ્ચયનયનું અવલંબન કરે છે તે પણ મિથ્યાદષ્ટિ છે. બોલો **બીજી વાત એ છે કે નિશ્ચયનયને પણ આચાર્યે, સવિકલ્પ કહી છે અને જેટલું સવિકલ્પ જ્ઞાન છે તેને અભૂતાર્થ કહ્યું છે.** આવી ગયું; ચોખ્ખું આવ્યું. આ (દ્રવ્યસ્વભાવ-પર્યાયસ્વભાવ) જાણે મોટું શાસ્ત્ર હોય ને ! એવી રચના થઈ ગઈ છે. (શ્રોતા-હાં એવી રચના થઈ ગઈ છે.)

**જેમ કે પહેલાં કહ્યું છે ગાથા ૫૦૬માં**

**"यदि वा ज्ञानविकल्पो नयो विकल्पोस्ति सोप्यपरमार्थ:"**

**તેથી સવિકલ્પ જ્ઞાનાત્મક હોવાથી પણ નિશ્ચયનય મિથ્યા સિદ્ધ થાય છે તથા અનુભવમાં પણ એ જ વાત આવે છે કે જેટલા કોઈ નય છે તે બધા પર સમય મિથ્યા છે તથા તે નયોનું અવલંબન કરનાર પણ મિથ્યાદષ્ટિ છે.** એ ઓલા પદનો અર્થ કર્યો ને...

**यदि वा ज्ञानविकल्पो नयो विकल्पोस्ति सोप्यपरमार्थ:"**

**તેથી સવિકલ્પ જ્ઞાનાત્મક હોવાથી નિશ્ચયનય મિથ્યા સિદ્ધ થાય છે.**

**'અપરમાર્થ'** અપરમાર્થનો અર્થ કર્યો. તથા અનુભવમાં પણ ઈ...આવ્યું ને છે એમાં (શ્રોતા-નહીં...ઈ...નથી.) તેથી સવિકલ્પ જ્ઞાનાત્મક હોવાથી નિશ્ચયનય મિથ્યા સિદ્ધ થાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બસ. એટલે ઉપર જે વિષય ચાલે છે ને નિશ્ચયનય પણ મિથ્યાત્વ એનો અર્થ (તેનો) આધાર આપ્યો. ૫૦૬માં છે. (શ્રોતા-આપણે એ ગાથા આપી છે ને ? એ ગાથા છે.) એ વાત છે. જ્ઞાનના વિકલ્પનું નામ નય છે. તથા એ વિકલ્પ પણ પરમાર્થભૂત નથી. કારણકે એ જ્ઞાન-વિકલ્પરૂપ નય, શુદ્ધજ્ઞાનગુણ તથા જ્ઞેય પણ નથી. પરંતુ જ્ઞેયના સંબંધથી થવાવાળા જ્ઞાનના વિકલ્પનું નામ નય છે. આમાં જ્ઞેયનો સંબંધ છૂટતો નથી. આ સવિકલ્પ નિશ્ચયનય છે ને એમાં જ્ઞેયનો સંબંધ છૂટતો નથી. (શ્રોતા-બરાબર. એટલે કે મનનો સંબંધ છૂટતો નથી.) તેની સાથે મનનો જ સંબંધ છે. બીજું કાંઈ છે જ નહીં. મનનું અવલંબન છે. **તથા અનુભવમાં પણ એ જ વાત આવી છે કે જેટલા કોઈ નય છે તે બધા પર સમય મિથ્યા છે. તથા તે નયોનું અવલંબન કરનાર પણ મિથ્યાદૃષ્ટિ છે.** (બરાબર) હં ! ઈ આવી ગયું.

## સ્વાનુભૂતિનું સ્વરૂપ

**તે સ્વાનુભૂતિની મહિમા એ રીતે છે કે સવિકલ્પ જ્ઞાન હોતાં, નિશ્ચયનય એ વિકલ્પોનો નિષેધ કરે છે. પરંતુ જ્યાં આગળ ન તો વિકલ્પ જ છે અને ન તો નિષેધ જ છે ત્યાં આગળ ચિદાત્મા અનુભૂતિ માત્ર છે.** કેમકે જ્યાં આગળ ન તો વિકલ્પ જ છે અને ન તો નિષેધ જ છે ત્યાં આગળ ન તો વિકલ્પ જ છે, વિધિનો વિકલ્પ, અને ન તો નિષેધનો વિકલ્પ, બેય વિકલ્પ નથી એમ ! વિકલ્પ માત્ર નથી. (શ્રોતા-વિકલ્પ માત્ર નથી ત્યાં આગળ ચિદાત્મા અનુભૂતિ માત્ર છે.) બસ.

**ખરેખર જ્યાં સુધી શ્રદ્ધા વિપરીત છે ત્યાં સુધી બે નયોનું પરસ્પર સાપેક્ષ એવું સમ્યક્‌જ્ઞાન પણ પ્રગટ થતું નથી.**

(શ્રોતા-એકએક વાક્ય ટંકોત્કીર્ણ છે.) **નિરપેક્ષ તત્ત્વની દૃષ્ટિ વિના, અપેક્ષાઓનું જ્ઞાન, સમ્યક્ થતું નથી.** (શ્રોતા-વાહ ! બહુ સરસ.) વિદ્વત્તાભરેલા વાક્ય. (શ્રોતા-અરે કેટલો બધો સાર ભરેલો છે.) સાર ભરેલો છે એમ.

આ કોઈ પળ હતી હોં આ, બીજું કાંઈ નથી આમાં; (દ્રવ્યસ્વભાવ પર્યાયસ્વભાવ) બહુ સરસ, પરંપરા ચાલશે. (શ્રોતા-અનુભવનું રહસ્ય છે આમાં) હજાર કોપી પાછી ! (શ્રોતા-હજાર નહીં, દશહજાર નહીં, પરંતુ કરોડો થશે.) હા ! લોકો સમજતા થાય એને માટે છે. (શ્રોતા-કેટલું સરસ છે.)

**માટે આત્માર્થીએ પ્રથમ શ્રદ્ધાની સંશુદ્ધિ હેતુએ સ્વભાવથી સ્વભાવને જોવો જોઈએ, કોઈ નયથી નહીં. આજ ભાવ શ્રીમાન અમૃતચંદ્રાચાર્યદેવે સમયસાર કળશ ૬૯-૭૦માં દર્શાવ્યો છે.**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



य एव मुक्त्वा नयपक्षपातं
स्वरूपगुप्ता निवसन्ति नित्यम् ।
विकल्पजालच्युतशांतचित्ता-
स्त एव साक्षादमृतं पिबन्ति ॥ ६९ ॥

**શ્લોકાર્થ :- જેઓ નયપક્ષપાતને છોડી (પોતાના) સ્વરૂપમાં ગુપ્ત થઈને સદા રહે છે તેઓ જ, જેમનું ચિત્ત વિકલ્પજાળથી રહિત શાંત થયું છે એવા થયા થકા સાક્ષાત્ અમૃતને પીએ છે.**

(શ્રોતા-બહુ સરસ.) (ઓગણોસિત્તેર) ૬૯ કળશ-સાક્ષાત્ અમૃતને પીએ છે. નયજ્ઞાનની અધિક્તા જેને આવી જાય એને અનુભવ ન થાય. એ જ્ઞાનનો મદ છે. અમે બરાબર જાણીએ છીએ આ નયથી આવોને આ નયથી આવો. નયથી જાણ્યું ને તેં ? કહે-હા, (એટલે કે) જ્ઞાનથી જાણ્યું નથી.

**શ્રોતા :-** જ્ઞાન ને નય જુદી ક્યાંથી હોય ?

**ઉત્તર :-** જુદી જ છે. (શ્રોતા-જુદી જ છે. જ્ઞાનમાં નય નથી અને નયમાં જ્ઞાન નથી. નયજ્ઞાન જ્ઞાન નથી.) (આહાહાહા બહુ સરસ) (શ્રોતા-'દ્રવ્ય-પર્યાય નયોને નહીં આલિંગિત કરાયેલા જીવના શુદ્ધ સ્વભાવ માત્રને અનુભવતાં, એ અભૂતાર્થ એ અસત્યાર્થ છે.') તે આ છે.

એ (જ્ઞાનીની) નિરપેક્ષ તત્ત્વની દૃષ્ટિ ખોટી નથી એના જોરે જ વિકલ્પ તૂટી જાય છે. આ, **એક જ ઉપાય છે.** (સ્વભાવ) ઈ નિરપેક્ષ છે. ઓલો સાપેક્ષમાં અટક્યો છે. અને સાપેક્ષમાં અટકવાનું કારણ પણ એવું છે કે 'નિરપેક્ષ નયા મિથ્યાનયા' (શ્રોતા-હં...ઈસલિયે તો ઉસમેં અટક જાતે હૈ. આમ લઈ જવા માગે છે-સ્વભાવમાં, અને ઈ કહે છે કે નિરપેક્ષ નય મિથ્યા હોતી હૈ પણ નિરપેક્ષ સ્વભાવ તો સમ્યક્ હોતા હૈ. સમ્યક્ હોતા હૈ. 'નિરપેક્ષ સ્વભાવકી દૃષ્ટિ વો સમ્યક્દૃષ્ટિ.' આ ક્યાંથી કાઢ્યું આ બધું ! આ તો ગુપ્તમાં ગુપ્ત વાત હતી.) ગુપ્ત છે, ગુપ્ત છે. (શ્રોતા-આ ગુપ્ત ખજાનો મળી ગયો.) ભાઈએ આ ક્યારે કહ્યું હશે ? (શ્રોતા-ઈસમેં ઈતના માલ ભરા હૈ. ખજાના ભરા હૈ.) (શ્રોતા-આખું જીવન બે પુસ્તકમાં અર્પણ થઈ જાય. એક ''ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી'' અને એક ''આ દ્રવ્યસ્વભાવ-પર્યાય સ્વભાવ.'' સાચી વાત છે. નયનો પક્ષ છૂટી જાય. (શ્રોતા-એકલો સ્વભાવ...સ્વભાવ ને સ્વભાવ) કેમકે ઈન્દ્રિયજ્ઞાન એ નય છે.

(શ્રોતા-ઉસમેં સ્થૂલ ઈન્દ્રિયજ્ઞાન છૂટ ગયા ઔર સૂક્ષ્મ ઈન્દ્રિયજ્ઞાન...)

**ઉત્તર :-** સૂક્ષ્મ, સૂક્ષ્મ. મન સંબંધી ઈન્દ્રિયજ્ઞાન હોય ને ?

(શ્રોતા-મનનો...ઈ સંબંધી) છે ને !! નિશ્ચયનયના પક્ષમાં જે મનના સંગે આવ્યો'તો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને એટલે આમાં છૂટી ગયો. નયની અધિક્તા ન હોય, નયની અધિક્તા ન આવે. નયનું જ્ઞાન ભલે થાય, નયની અધિક્તા ન આવે. (આહાહા-કેટલી સરસ વાત છે.) આ એક પુસ્તક દ્રવ્યસ્વભાવ-પર્યાયસ્વભાવ ઉપર વ્યાખ્યાન આપો તો ! (શ્રોતા-બાર મહિના ચાલે હોં !) હા.

ખરેખર એવું છે. જરાય અતિશયોક્તિ નથી. એવું છે ગૂઢ; ગૂઢતા બહુ છે. ઘણી ગૂઢતા છે. (શ્રોતા-ડીપ બહુ છે. એક એક શબ્દની વ્યાખ્યા કરે ને તો કલાકો વયા જાય. એમાં (એટલો) માલ ભર્યો છે.)

(શ્રોતા-એક એક શબ્દમાં અનુભવ થાય. એક એક વાત એવી છે. સીધો અનુભવ થાય એવી છે.) જો કેવું સરસ વાક્ય મૂક્યું. **નિરપેક્ષ તત્ત્વની દૃષ્ટિ વિના અપેક્ષાઓનું જ્ઞાન સમ્યક્ થતું નથી.** આહાહાહા ! નિરપેક્ષનયા મિથ્યા નયા' 'સાપેક્ષનય સમ્યક્નય.' પણ સાપેક્ષનયનું જ્ઞાન નિરપેક્ષ સ્વભાવ વિના થાય નહીં. (શ્રોતા-થાય જ નહીં.) એ નિરપેક્ષ સ્વભાવ એને ખ્યાલમાં નથી આવતો.

ને ખ્યાલ આવવા...જાય તો ઓલું વાક્ય એને નડે છે. શ્રોતા :- આમ પછી ઝુલા ઉપર ઝુલે છે. 'હા'. પછી નિરપેક્ષ નયા મિથ્યા નય અહીંઆ આવી શકે નહિ. એકાંતે અકર્તા છું, એકાંતે જ્ઞાતા છું. જ્ઞાયકનો જ જ્ઞાતા છું; એકાંતે પરનો જ્ઞાતા જ નથી, એમાં એને એકાંતની દુર્ગંધ લાગે છે. એકાંત છે સુગંધવાળું. (શ્રોતા-સમ્યક્ એકાંત છે ને !) કેટલાક આવા સૂત્રો છે એનો મર્મ ન સમજે ઈ બિચારો તો નય પક્ષમાં અટકી જાય છે. (શ્રોતા-સહી બાત હૈ. જિનાગમ બહુ ગહન છે,) ખૂબ ગહન છે. અને પૂ.ગુરુદેવ કહેતા હતા ''થોડા પામે છે તેનું કારણ આ છે.'' કોક નયની વિકલ્પ જાળમાં ન રહે અને એકાએક અનુભવ થઈ જાય તે જુદી વાત છે. નયની વિકલ્પજાળમાંથી નીકળવું મુશ્કેલ. (બહોત મુશ્કેલ) આમાં જો ગરી ગયો નયની વિકલ્પજાળમાં અંદર. તો કામ નહીં થાય.

શ્રોતા-ઈ પોતાના ઉપરથી એમ કહે કે થાળી સામે આવી ગઈ હોય, ભોજનની પછી શું કામ વિચારો છો કે: કોણે બનાવ્યું હતું ? શું બનાવ્યું ? સ્વાદ લે ને ? વાતો શું કરે છે ? આ નયે આવો છે ને આ નયે આવો છે વાતો બંધ કરી દે. અને સ્વાદ લઈ લે ને ! બહુ પ્રેક્ટીકલ છે.) પ્રેક્ટીકલ છે. (તેમને (દેવસેન આચાર્ય) વાળું <u>સ્યાત્પદના અભાવ હોવા છતાં નિશ્ચયાભાસપણું આવતું નથી.</u> આ પેજ તેમને આપ્યું હતું; બહુ ખુશી થયા.) એને તમે આપ્યું હતું ? (શ્રોતા-બહુ ખુશી થયા તેના ઉપરથી તો બોલ્યા હતા. અને કહે આ સ્વભાવમાં ક્યાં સ્યાદ્વાદ હોતા હૈ.) બસ બસ. (શ્રોતા-આત્મામેં સ્યાદ્વાદ નહીં હોતા હૈ, સ્વભાવમેં સ્યાદ્વાદ નહીં હોતા હૈ) બરાબર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે. નહીં હોતા ઈ નિરપેક્ષ. સ્યાદ્‌વાદમાં આવે તો વસ્તુ સાપેક્ષ માને. વસ્તુ તો નિરપેક્ષ છે.

(શ્રોતા-એક વખત ભાઈ સાહેબ વાંચનમાં બોલ્યા હતા કેઃ નિમક છે ને નિમક એ કઈ નયથી ખારું છે ? નમક હોતા હૈ ને નમક વહ કૌનસે નયસે ખારા હૈ યે કોઈ પંડિત કે પાસ જાકર પૂછો. હમારે પાસ તો આત્મા જ્ઞાનરસમય છે બસ. આટલી સાદી સાદી વાતો આમ ઈફેક્ટીવ Effective છે.) બરાબર છે. રાઈટ છે. બધું કુદરતી આમાં આવી ગયું છે. આ બધા વિચારો આવી ગયા'તા. જેને સમજવું હોય એને માટે વાદ-વિવાદનો વિષય નથી. (શ્રોતા-વાદવિવાદ કરે તો-તો એની સાથે વાત જ ન કરાય.)

શુદ્ધનો બોલ બહુ ઊંચો છે હો ! બહુ ઊંચો છે હોં ! અકર્તાને કર્તા માને છે એ આત્માને શુદ્ધ માનતો જ નથી. ષટ્‌કારકની પ્રક્રિયાથી પાર ઉતરેલી નિર્મળ અનુભૂતિ-ચોખ્ખો બોલ છે. (શ્રોતા-નિષ્ક્રિય શુદ્ધ પારિણામિક ઈ છે.) કઠિન છે. નયો ઘૂંટાઈ ગઈ હોય ને પછી નયાતિક્રાંત ન થાય. ક્યાંથી થાય ? આમાં તો ચોખ્ખું લખ્યું છે નિરપેક્ષ તત્ત્વની દૃષ્ટિ વિના અપેક્ષાઓનું જ્ઞાન સમ્યક્ થતું જ નથી. (હાં) કેવા શબ્દો છે ? ટંકોત્કીર્ણ છે. (શ્રોતા-એકદમ ટંકોત્કીર્ણ) આને કહ્યું ને કે એક એક શબ્દમાં કલાકો વયા જાય એવું છે, બરાબર છે. આવું ગૂઢ કોણ સમજી શકે ?

(શ્રોતા-અને એના માટે આપે જે ઓલું કહ્યું હતું ને ઓલા દિવસે, નય બે છે. દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક.) હા. ઈ...લીધું હતું ને (શ્રોતા-દ્રવ્યને મુખ્યપણે અનુભવે તો દ્રવ્યાર્થિક અને પર્યાયને મુખ્યપણે અનુભવે તો પર્યાયાર્થિક.) હા. ઈ...લીધું'તું ને ! હા છે ને ! (શ્રોતા-પછી 'દ્રવ્ય-પર્યાય બન્નેને નહીં આલિંગિત કરાયેલો,' આહાહા ! આ શું ?) ઈ મૂળ ચીજ છે. ઈ...સ્વભાવ ઉપર જાયને ત્યારે કોઈ નયનો વિકલ્પ ઉત્પન્ન ન થાય. ઈ...કહે છે. 'દ્રવ્ય-પર્યાયને નહીં આલિંગિત' આહાહાહા ! (શ્રોતા-કો'ક કો'ક વાર તો આચાર્યને પણ કહેવાનું મન થઈ જાય છે.) 'હા.' થઈ જાય છે એટલે મૂકી દીધું ને ટીકામાં...'નહીં આલિંગિત.' (બહુ સરસ.)

ઓમાં મુખ્યપણે દ્રવ્યને, મુખ્યપણે પર્યાયનેય પછી દ્રવ્યને પર્યાયને નહીં આલિંગિત; (સ્વભાવને જો, તું) આહાહાહા ! સ્વભાવને જો, તું. કાંઈ વાંધો નહીં. જેનો કાળ પાક્યો હશે તેને સવળું સૂઝશે. (શ્રોતા-હાંજી-હાંજી જરૂર.) બાકી તો બીજો કોઈ ઉપાય નથી. જ્ઞાનીઓને ખોટા ઠરાવે, ઠરાવવા દ્યો. પણ એને નુકસાન છે. આહાહા ! અપનાવી લે ને ! આવું પુસ્તક (પહેલાં) નીકળ્યું નથી ! (શ્રોતા-નથી નીકળ્યું સાચી વાત છે. આ તો મહનીય ગુરુ દ્વારા નીકળે તો આપની કરુણાનો પ્રતાપ છે. આપની કરુણાના ફળમાં બહાર આવ્યું છે.)

**જેઓ નયપક્ષપાતને છોડી (પોતાના) સ્વરૂપમાં ગુપ્ત થઈને સદા રહે છે તેઓ જ-જેમનું ચિત્ત વિકલ્પજાળથી રહિત શાંત થયું છે એવા થયા થકા-સાક્ષાત અમૃતને પીએ છે.**

**ભાવાર્થ :- જ્યાં સુધી કાંઈપણ પક્ષપાત રહે છે ત્યાં સુધી ચિત્તનો ક્ષોભ મટતો નથી. જ્યારે નયોનો સર્વ પક્ષપાત મટી જાય, ત્યારે વીતરાગ દશા થઈને, સ્વરૂપની શ્રદ્ધા નિર્વિકલ્પ થાય છે.** (શ્રોતા-લ્યો ! આમાં શ્રદ્ધા થાય છે. ચોખ્ખું આમાં શ્રદ્ધા થાય છે. (શ્રોતા-હં, આમાં શ્રદ્ધા થાય છે. નયપક્ષ છૂટે ત્યારે શ્રદ્ધા થાય છે.) એમ જ હોય. (ઓહો ! વાહ !)

**શ્રોતા :-** શુદ્ધનયકા, નિશ્ચયનયકા પક્ષ વો ભી રાગ હૈ.

**ઉત્તર :-** રાગ હૈ. (રાગ હૈ તો વો છૂટ જાતા હૈ તબ વીતરાગ દશા...) વીતરાગ દશા હોતી હૈ. એક છેલ્લો વિકલ્પ છૂટી જાય છે. (રાગ છૂટી જાય છે, સ્વભાવની એને નિર્વિકલ્પ શ્રદ્ધા થઈ જાય છે.) મિથ્યાત્વ અને અનંતાનુબંધી બન્ને જાય છે તેવી વાત છે. બસ. (આમાં તો આબેહૂબ સ્વભાવનું વર્ણન છે... **ત્યારે વીતરાગ દશા થઈને...** કોઈ એમ કહે કેઃ આ તો કોઈ સંતોએ નથી કહ્યું; ત્યારે આ જ બતાવવું. જો આમાં સંતોએ કહ્યું છે. આમાં કહ્યું છે ને નવમા કળશમાં એ કહ્યું છે (૬૯) ઓગણોસીત્તેર કળશમાં એ કહ્યું છે ! (શ્રોતા-હા-કહ્યું છે ને !) ત્યાં સુધી સ્વરૂપની શ્રદ્ધા સમ્યક્ થતી નથી.

**ત્યારે વીતરાગ દશા થઈને સ્વરૂપની શ્રદ્ધા નિર્વિકલ્પ થાય છે.** થાય છે. (શ્રોતા-એટલે પહેલા શ્રદ્ધાનાં વિષયનો વિકલ્પ, એને શ્રદ્ધાના વિષયનો વિકલ્પ છે એટલે રાગ છે.) વિકલ્પ છે ઈ...રાગ છે. (શ્રોતા-ત્યાં સુધી શ્રદ્ધા નિર્વિકલ્પ થતી નથી.) ન થાય, ન થાય. (શ્રોતા-વિકલ્પ છૂટે ત્યારે નિર્વિકલ્પ થાય છે. એમ જ, એમજ. વિકલ્પ જ એને નડે છે. ઈ...વિકલ્પ છે ને...ઈ...હાર્ડ છે. (તેમાંથી છૂટવું એ કઠિન છે)

અહીંઆ સુધી અનંતવાર આવ્યો છે. પણ વિકલ્પ સુધી આવ્યો છે. એ વિકલ્પના યથાર્થ નિર્ણય સુધી નથી આવ્યો. (શ્રોતા-કેમકે નિર્ણય પછી તો અનુભવ થાય છે.) ડેફીનેટ થાય છે. વધારેમાં વધારે છ મહિના; કો'કને અંતર્મુહૂર્ત; કોઈને મહિનો બે મહિના પણ થાય જ. ઈ...તો નિર્વિકલ્પવત્ છે. વિકલ્પ હોવા છતાં વિકલ્પ નથી. (શ્રોતા-એકલો વિકલ્પ નથી) અને એ વિકલ્પને ઓળંગે ત્યારે અંદરમાં કોઈ...કોઈ...અદ્ભુત અનુભવગમ્ય..મૌન...(શ્રોતા-હં વચનમાં ન આવી શકે.) બસ ! બસ. કેમકે વચનાતીત છે. એવો શ્લોક પણ (પંચાધ્યાયમાં) આવી ગયો પંચમકાળમાં...! યથાર્થ નિર્ણય વખતે શું હોય ? ઈ...અંદર મૂકી દીધું એમાં. આબેહૂબ મૂક્યું છે. (વાહ !) એટલે કેવળ અનુભવગમ્ય. સમ્યક્દર્શન કહી શકાય બીજાને. (શ્રોતા-કેમકે એમાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો કામ પૂરું થઈ ગયું.) કામ પૂરું થઈ ગયું અને એક અતીન્દ્રિય આનંદ આવ્યો એનું નામ સમ્યક્‌દર્શન. (હાં...) એ લક્ષણ છે એનું. જ્યારે આનું તો કાંઈ લક્ષણ જ નથી. છે કાંઈ લક્ષણ ? હોય તો મને કહે ? (શ્રોતા-નહીં, લક્ષણ આનંદ તો છે નહીં. સાચી વાત છે.) એટલે કેવળ અનુભવગમ્ય શબ્દ વાપર્યો. એ પોતે જાણે છે. કહી ન શકાય. દ્રવ્યલિંગીમુનિને આવો અપૂર્વ નિર્ણય નથી આવ્યો.

એક અપૂર્વ નિર્ણયમાં જેમ આત્માને આશ્રયે અનુભવ થાય, એમ અપૂર્વ નિર્ણયમાં આત્માનો જ આશ્રય છે. એટલે એ નયથી નિર્ણય નથી કરતો, જ્ઞાનથી કરે છે. (શ્રોતા-જ્ઞાનથી કરે છે.) ઈ...જ્ઞાનથી નિર્ણય કરે છે ઈ...વચનાતીત છે. (શ્રોતા-ઈ...એ વચનાતીત છે. ઈ...જ્ઞાનનું કોઈ નામ નથી.) નામ નથી. ઈ...જ્ઞાનનું નામ નથી. (શ્રોતા-સમજા જા શક્તા હૈ કહા નહીં જા સક્તા.) બસ ! બસ. સમજી શકાય, કહી ન શકાય. (શ્રોતા-કેવી ઝીણી ઝીણી બધી વાતો, ઝીણી-ઝીણી છે ને ?) એકદમ ઝીણી ઝીણી. ચાલો આગળ વાંચો

**સ્વરૂપની શ્રદ્ધા નિર્વિકલ્પ થાય છે, સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય છે અને અતીન્દ્રિય સુખ અનુભવાય છે.** અમૃત સાક્ષાત્‌ કહ્યું છે ને,...ઈ. (શ્રોતા-હા...ઈ. બહુ સરસ.) બહુ ઊંચું પુસ્તક છે ! જેને દૂધ કઢાઈ ગયું હશે એને મેળવણ મળી જશે. વિકલ્પ તૂટી જશે, અનુભવ થશે. અનુભવની સમીપે આવી ગયેલા હોય એને નિમિત્ત થશે. (જરૂર થશે.) સ્વભાવના પક્ષમાં આવ્યો હશે ને, એ પક્ષાતિક્રાંત થઈ જશે.

એક વિચાર હમણાં આવ્યો, આ નયોના વિકલ્પ છે ને વિકલ્પ ? એ વિકલ્પની ઉત્પત્તિનું મૂળ કારણ શું ? પછી તે વિકલ્પ નિશ્ચયનય સંબંધી, વ્યવહારનય સંબંધી કે પ્રમાણ સંબંધી. કોઈ પણ વિકલ્પ તો વિકલ્પ જ છે. ઈ...વિકલ્પની ઉત્પત્તિનું કારણ શું ? સંકલ્પરૂપ વિકલ્પ થાય છે એમ ન લેવું અત્યારે.

તો આ વિકલ્પની ઉત્પત્તિનું કારણ શું ? નહીંતર સંકલ્પ છે એ જ વિકલ્પની ઉત્પત્તિનું કારણ છે. સંકલ્પ એટલે શું ? અર્થ કર્યો છે. કે ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મમાં આત્મબુદ્ધિ-મારાપણાની બુદ્ધિ એ સંકલ્પ. એટલે કે મિથ્યાત્વ છે ત્યાં સુધી સંકલ્પ છે. ત્યાં સુધી તેના ગર્ભમાંથી વિકલ્પ ઉત્પન્ન થાય છે. પણ વિકલ્પની ઉત્પત્તિનું કારણ શું ?

વિકલ્પ છે ને ઈ...સંસાર છે. આ જે ચર્ચા છે ને તે આપણી સૂક્ષ્મ ચર્ચા ચાલે છે. હવે વિકલ્પ છે ઈ...સંસાર છે. જેવો વિકલ્પ ગયો, વિકલ્પનો વ્યય, નિર્વિકલ્પ ઉત્પાદ થાય છે ! એનું કારણ શું ? એવો વિચાર આવ્યો અત્યારે. આજે વિકલ્પની વાતો ચાલે છે ને ! છેલ્લો વિકલ્પ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચાલ્યો જાય છે, અનુભવ થાય છે. સાક્ષાત્ અમૃતને પીવે છે.

(શ્રોતા-નિરપેક્ષ સ્વભાવને દેખતો નથી, અવલંબતો નથી એટલે વિકલ્પ થાય છે.) બરાબર છે. જવાબ યથાર્થ છે. સ્વભાવ સુધી નથી પહોંચતો માટે વિકલ્પ ઉત્પન્ન થાય છે. અસ્તિથી તમે જવાબ બરોબર આપ્યો. પણ નાસ્તિથી શું ? (શ્રોતા-નાસ્તિથી કારણ શું છે ?) હા...એમ પૂછું છું; નાસ્તિથી ઉત્પન્ન થવાનું કારણ શું છે ? અસ્તિથી બરાબર છે.

એવો વિચાર આવ્યો, કર્તાપણાનો વિકલ્પ અને જ્ઞાતાપણાનો વિકલ્પ. પરને જાણું છું અને પરને કરું છું એ વિકલ્પ છે. એ સંકલ્પપૂર્વક છે, વિકલ્પ છે. આમ વિકલ્પની વ્યાખ્યા બીજી એક કરી છે. જ્ઞેયના સંબંધથી જ્ઞાનમાં જે ભેદ માલૂમ પડવો એનું નામ વિકલ્પ છે. (જ્ઞેયના ભેદથી જ્ઞાનમાં ભેદ માલૂમ થવો તેનું નામ વિકલ્પ છે. સ.સાર કળશ-૧૦)

(શ્રોતા-ઉસકા ક્યા મતલબ હૈ, જ્ઞાનમેં જ્ઞેયકે ભેદસે..)

ઉસકા મતલબ યે હૈ કે જ્ઞાન તો અખંડ છે. જ્ઞાનમાં જ્ઞાન જ્ઞાનને જાણે છે. અથવા જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે એટલે અખંડ થઈ ગયું. અખંડ છે, એક જ જણાય છે જ્ઞાનમાં. વિશેષમાં સામાન્ય જણાય છે. એટલે ઈ જ્ઞાન અખંડ થયું. હવે એ જ વિશેષ છે એમાં અનેક પર પદાર્થો જણાય છે ઈ...જ્ઞાન ખંડ થઈ ગયું. આનું જ્ઞાન થયું...આનું જ્ઞાન થયું...''થાય છે જ્ઞાનનું જ્ઞાન,'' ''થાય છે જ્ઞાનનું જ્ઞાન,'' ''થાય છે જ્ઞાનનું જ્ઞાન.'' એનું નામ ખંડ ખંડ જ્ઞાન થઈ ગયું એમ.

ઈન્દ્રિયજ્ઞાન પરથી, પરના સંબંધથી થયું ને ? (હાં) એટલે જ્ઞેયના સંબંધથી જ્ઞાનમાં ભેદ માલૂમ પડવો એટલે કે આનું સ્પર્શનું જ્ઞાન થયું, રસનું જ્ઞાન થયું, સુગંધનું જ્ઞાન થયું, એ જ્ઞેયના સંબંધથી જ્ઞાન અનેકાકાર દેખાણું; છે જ્ઞાન એકાકાર. એકાકાર જ છે. પાંચ ઈન્દ્રિયોના વિષયને જુએ છે ત્યારે જ્ઞાન તો એકાકાર જ છે. પણ મને આનું જ્ઞાન થયું, આનું જ્ઞાન થયું, આનું જ્ઞાન થયું, ઈ...જ્ઞાન ખંડ ખંડ થઈ ગયું. જ્ઞાન પરનું થતું જ નથી. જ્ઞાન તો જ્ઞાનનું જ થાય. (બરાબર) થાય છે તો અખંડ પણ ભેદમાં આવું દેખાણું..! ભેદ પડ્યોને ? ખંડજ્ઞાન થઈ ગયું. ઈન્દ્રિયજ્ઞાન એમ. ઈસકા નામ વિકલ્પ હૈ.

જ્ઞાન એકાકાર છે અને પરના સંગથી અનેકાકાર દેખાય છે. દેખાય છે ઈ ભ્રાંતિ છે. જ્ઞાન અનેકાકાર થતું નથી. અનેકાકાર જેવું લાગે છે. (શ્રોતા-લાગે છે ઈ ભ્રાંતિ છે.) એ ભ્રાંતિ છે. ઈસકા નામ વિકલ્પ કહા. એ અનંતાનુબંધીનો વિકલ્પ છે. મિથ્યાદષ્ટિનો વિકલ્પ છે. વિકલ્પ ગયા પછી તો જ્ઞાન પ્રગટ થાય છે ને ! પછી તો અખંડજ્ઞાન પ્રગટ થાય છે. પછી તો સવાલ જ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી.

એટલે એમ વિચાર આવ્યો કે કર્તાબુદ્ધિ ને જ્ઞાતાબુદ્ધિનો જે વિકલ્પ ઊઠે છે ને ? એ વિકલ્પ સંસારનું કારણ છે એમ. વિચાર આવ્યો. પછી આ જ્ઞેયના સંબંધથી થાય છે એ પણ વિકલ્પ જ છે. એ પણ સંસાર છે. (શ્રોતા-એ વિકલ્પની ઉત્પત્તિનું કારણ આપને કહ્યા ને ?) વિકલ્પની ઉત્પત્તિનું કારણ છે આત્મા અકર્તા-જ્ઞાતા જાણનારને;કર્તા માને છે. જણાય છે જ્ઞાયક અને માને છે કે મને પર જણાય છે એમ. એટલે વિકલ્પ ઉત્પન્ન થાય છે. પર જણાતું જ નથી, અને પરનો કર્તા નથી તો વિકલ્પની ઉત્પત્તિ જ નહીં થાય એમ. રાગ જણાય છે એમાં વિકલ્પ ઉત્પન્ન થાય છે. પણ ''જ્ઞાનનું જ્ઞાન થાય છે.'' તો વિકલ્પ નહીં ઉત્પન્ન થાય. (બહુ સરસ.)

જ્ઞેયનું જ્ઞાન થાય છે એમાં વિકલ્પ આવ્યો ને ? (એમાં વિકલ્પ આવ્યો, બરાબર) જ્ઞાનનું જ્ઞાન થાય છે એમાં વિકલ્પ ન હોય. (એમાં તો નિર્વિકલ્પતા જ રહે.) નિર્વિકલ્પતા જ રહે. (વિકલ્પ આવે જ નહીં.) એક નિર્વિકલ્પ ઉપયોગ અને એક નિર્વિકલ્પ દશા પરિણતિ. ઈ...પણ નિર્વિકલ્પ દશા છે. સવિકલ્પમાં નિર્વિકલ્પ હૈ ?

(શ્રોતા-પરનું જ્ઞાન થાય છે એમાં જ વિકલ્પોની શરૂઆત થઈ જાય છે પરનું જ્ઞાન જ થતું નથી. જ્ઞાનનું જ જ્ઞાન થાય છે એમાં વિકલ્પ શાંત થઈ જાય છે.) જ્ઞાનનું જ્ઞાન થાય છે એમાં વિકલ્પ શાંત થઈ જાય છે. ખરેખર એક અપેક્ષાએ જો કહીએ તો આપણે પહેલો નંબર ઓને (કર્તાબુદ્ધિને) આપીએ છીએ. કર્તાબુદ્ધિ છોડવા માટે બીજો નંબર આને આપીએ છીએ. ખરેખર પહેલો નંબર (જ્ઞાતા બુદ્ધિનો) આવે છે. (શ્રોતા-પરને જાણતો જ નથી.) પરને જાણું છું એમાં આખો સંસાર ઉભો થાય છે. જાણીને ઊભો થયો છે એમ. હાથને જાણે તો હાથને હલાવું છું એવો વિકલ્પ ઊઠે. પણ હાથ જણાતો જ નથી, તો હલાવું છું ઈ ન આવે, અથવા મારું છે એમેય ભાસ ન થાય. જણાતું જ નથી ને ! એટલે જ્ઞેયથી વ્યાવૃત્ત થવું એ જ બરાબર છે. જ્ઞેયનું જ્ઞાન થાય જ નહીં. જ્ઞાનનું જ જ્ઞાન થાય છે. બસ. રાગનું જ્ઞાન જ ન થાય.

> ***નયતો આત્માને સમજવાને અર્થે કહ્યા છે. પણ જીવો તો નયવાદમાં ગુંચવાય જાય છે.***
>
> ***(શ્રીમદ્ રાજચંદ્રજી)***



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ચર્ચા નં-૩ રાજકોટ

(શ્રોતા -આત્માને સંપૂર્ણ રીતે સુરક્ષિત રાખતા હોય તો જ્ઞાની જ રાખે છે, બસ, એવો છે આત્મા અકર્તા જ્ઞાતા છે, પરને જાણતો નથી.

**હવેના વીસ (૨૦) કળશમાં નયપક્ષને વિશેષ વર્ણવે છે અને કહે છે કે આવા સમસ્ત નયપક્ષોને જે છોડે છે તે તત્ત્વવેદી (તત્ત્વોનો જાણનાર) સ્વરૂપને પામે છે.** અહાહા ! બરાબર છે. (તત્ત્વોનો જાણનાર સ્વરૂપને પામે છે) તત્ત્વવેદી તત્ત્વોનો જાણનાર સ્વરૂપને જાણે છે, સ્વરૂપને પામે છે. બે નયોના જ્ઞાતા થાય છે ને ? એટલે બરાબર જ છે કેમ કે વીસ (કળશમાં) બે નયોનો વિષય કહેવો છે ને !! બદ્ધ-અબદ્ધ, તત-અતત, એક-અનેક.

કેમ કે જે જ્ઞાનને જાણે છે. તે જ્ઞાનને જ જાણે છે. (જે જ્ઞાનને જાણે છે એ જ્ઞાનને જ જાણે છે ) જે જ્ઞાનને જાણે છે એ બે નયના વિષયને જાણે છે. (જાણે છે ઈ જ્ઞાનને અને કહેવાય એમ કે બે નયના વિષયને જાણે છે.) બસ એમજ, એમજ. એમા જ (લીધું) છે. (જિસને જ્ઞાનકો જાના ઉસને જ્ઞાન કે વિષય કો ભી જાન લીયા ના ?) જે બે નયોને જાણે છે પણ જાણે છે તો જ્ઞાનને ? એ જ્ઞાનમાં બે નયનું સ્વરૂપ આવી ગયું. એવા જ્ઞાનને જાણે છે. જ્ઞાનને જાણે છે એમ કહો કે બે નયને જાણે છે એ એક જ વાત છે. સમજાવવા માટે તો શું કરે ? પછી તો ખરેખર જ્ઞાયકને જ જાણે છે. જ્ઞાનને ય જાણતો નથી. જ્ઞાનને ય જાણે છે એમ શા માટે કહેવું પડે છે ? કે જ્ઞેયને જાણે છે એવો પક્ષ છે એટલા માટે. અને ખરેખર એનું લક્ષ નથી એટલા માટે એટલા માટે જ્ઞાનને જાણે છે ભેદથી કહ્યું. અભેદથી જ્ઞાન આત્માને જ જાણે છે.

આત્માને (જ્ઞાન) જાણે છે એમ કહેવું વ્યવહાર છે. આત્મા તો આત્મા છે જ્ઞાયક તો જ્ઞાયક જ છે પછી ઠરી જાય છે. પછી ખલાસ. સમજાવવા માટે બધા ભેદ કરવા પડે, શું થાય ? બીજાને સમજાવવા માટે ભેદ કરવા પડે અને પોતે વિચાર કરતો હોય તો એને એટલો ભેદ આવી જાય, પાછો અભેદમાં ચાલ્યો જાય છે. (ત્યારે સામાન્ય નો અનુભવ થાય છે.)

**શ્લોકાર્થ :- જીવ કર્મથી બંધાયેલો છે એવો એક નયનો પક્ષ છે અને જીવ કર્મથી બંધાયેલો નથી એવા બીજા નયનો પક્ષ છે. આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.** બે વિકલ્પ છે બરાબર. **જે તત્ત્વવેદી (વસ્તુ સ્વરૂપનો જાણનાર) પક્ષપાત રહિત છે. તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.** આ જ્ઞાયક છે. જ્ઞાયક આવ્યું છેલ્લું ? જ્ઞાયક તો જ્ઞાયક છે. ઈ...આવ્યું છેલ્લું બે નયોના સ્વરૂપને જાણે જ છે એવું ન આવ્યું. ચિત્સ્વરૂપ જીવ તો ચિત્સ્વરૂપ જ છે. બસ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે.** ધ્યેયમાં દ્રવ્ય ને, જ્ઞેયમાં જ્ઞાનની પર્યાય જણાય છે બસ. બધું આવી ગયું કોઈ એમાં બાકી નથી. પોતાના બધા ધર્મો આવી ગયા. જ્ઞાનની પર્યાય જણાઈ જાય છે એમાં. એમાં લોકાલોક પણ ગર્ભિત આવી ગયું. ગુરુદેવ કહેતા'તાને કે જ્ઞાનની પર્યાય જણાય છે. જ્ઞાનની પર્યાય જણાય છે ઈ. જ્ઞેયપ્રધાન કથન છે. અને જાણનાર જણાય છે એ ધ્યેયપ્રધાન કથન છે.

(શ્રોતા :- જ્ઞાનની પર્યાય જણાય છે ઈ... જ્ઞેય પ્રધાન કથન છે. જ્ઞાયક જણાય છે ઈ ધ્યેય પ્રધાન કથન છે. બહોત બઢિયા.) કેમ કે કથનમાં તો એમ જ કહેવું પડે ને? એટલે ધ્યેયપૂર્વક જ્ઞેય થાય છે. ઈ.. આ . (બરાબર) જ્ઞાનની પર્યાય જણાય છે ઈ જ્ઞેય થઈ ગયું. ઈ.. જ્ઞેયમાં બધું આવી ગયું. પોતાનાં અનંત ધર્મો આવ્યા, અને લોકાલોક એમાં આવી ગયું. (બધું આવી ગયું.) પછી અધ્યાત્મમાં, અનુભવની એ જ્ઞાનની પર્યાય કેવડી મોટી, એનું પેટ કેવડું મોટું. બધું સમાઈ ગયું. (બધું સમાઈ ગયું) એક શ્રુતજ્ઞાનની નાની પર્યાય આહા ! જ્ઞેય થઈ ગઈ. દ્રવ્ય ધ્યેય થયું અને જ્ઞાનની પર્યાય જ્ઞેય થઈ ગઈ.

આહાહાહા ! પણ આત્મા જ્યારે ધ્યેય થાય છે ત્યારે જ જ્ઞાનની પર્યાય જ્ઞેય થાય છે. એવો નિયમ છે. (હા-એવો નિયમ છે.) જો આમ જ્ઞેય તરફથી ઉપડે ને ચોંટી જાય તો મરી જાય. તો-તો જ્ઞાનની પર્યાય જ્ઞેય ન થઈ, ધ્યેય થઈ ગઈ. (હા-ધ્યેય થઈ ગઈ.) ઐસા નહીં હૈ. (શ્રોતા-વો ધ્યેય હો જાયેગી ઔર પર જ્ઞેય હો જાયેગા.) હં... તો પર જ્ઞેય હો જાયેગા. (એસે તો (પર્યાયકા) લક્ષ હી નહીં છૂટેગા.) લક્ષ ધ્યેય કા હોતા હૈ ઔર જ્ઞાન જ્ઞેયકા હોતા હૈ. (બહુ સરસ)

(શ્રોતા-જ્ઞાન જાણે છે ઈ જ્ઞેયનું સ્વરૂપ છે. એટલે તે જ્ઞેયપ્રધાન વાત છે.) જ્ઞેયપ્રધાન વાત છે. (જાણનાર જણાય છે ઈ ધ્યેયપ્રધાન વાત છે.) ધ્યેયપ્રધાન વાત છે. (શ્રોતા-એક એક વાત આમ સ્પર્શી જાય છે.) સ્પર્શ થઈ જાય. અંદરથી આવે ઈ..યથાર્થ છે. અંદરથી આવે ઈ...

**ભાવાર્થ :- આ ગ્રંથમાં પ્રથમથી જ વ્યવહારનયને ગૌણ કરીને અને શુદ્ધનયને મુખ્ય કરીને કથન કરવામાં આવ્યું છે. ચૈતન્યના પરિણામ, પર નિમિત્તથી અનેક થાય છે, તે સર્વને પહેલેથી જ આચાર્ય ગૌણ કહેતા આવ્યા છે અને જીવને શુદ્ધ ચૈતન્ય માત્ર કહ્યો છે. એ રીતે જીવ પદાર્થને શુદ્ધ નિત્ય, અભેદ ચૈતન્યમાત્ર સ્થાપીને હવે કહે છે કે આ શુદ્ધનયનો પણ પક્ષપાત (વિકલ્પ) કરશે. તે પણ, તે શુદ્ધ સ્વરૂપના સ્વાદને નહીં પામે.**

નવતત્ત્વ એ તો પરના નિમિત્તથી થાય છે. હેં ! એને તો ગૌણ કરતા આવ્યા છે પણ આ શુદ્ધનયનો પણ પક્ષપાત કરશે તે પણ શુદ્ધ સ્વરૂપને નહીં પામે. વિકલ્પને પામશે. (સ્વરૂપને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નહીં પામે, સ્વાદને પામશે નહીં) સ્વાદને નહીં પામે. આનંદનો સ્વાદ નહીં આવે. **અશુદ્ધ નયની તો બાત જ શી, એ તો હૈ હી નહીં, પણ જો કોઈ શુદ્ધનયનો પણ પક્ષપાત કરશે તો પક્ષનો રાગ નહીં મટે. તેથી વીતરાગતા નહીં થાય. પક્ષપાતને છોડી ચિન્માત્ર સ્વરૂપ વિષે લીન થયે જ સમયસારને પમાય છે. માટે શુદ્ધનયને જાણીને તેનો પણ પક્ષપાત છોડી શુદ્ધસ્વરૂપનો અનુભવ કરી, સ્વરૂપ વિષે પ્રવૃત્તિરૂપ ચારિત્ર પ્રાપ્ત કરી વીતરાગ દશા પ્રાપ્ત કરવી યોગ્ય છે.**

અગાઉના પંડિતો પણ બહુ સરસ આબેહૂબ જેવું સ્વરૂપ છે તેવું ટંકોત્કીર્ણ (કહેતા) (સ્વરૂપ છે તેવું કહેતા.) **આ જ ભાવ સમયસાર કળશટીકા, કળશ-૯૩ માં પણ પાંડે રાજમલજીએ દર્શાવ્યો છે.**

**જેટલા નય છે તેટલા શ્રુતજ્ઞાનરૂપ છે; શ્રુતજ્ઞાન પરોક્ષ છે અનુભવ પ્રત્યક્ષ છે, તેથી શ્રુતજ્ઞાન વિના જે જ્ઞાન છે તે પ્રત્યક્ષ અનુભવે છે.** શ્રુતજ્ઞાન વિના એટલે કે દ્રવ્યશ્રુત વિના, નયજ્ઞાન વિના, નયજ્ઞાન એ દ્રવ્યશ્રુત છે. (માટે શ્રુતજ્ઞાન વિનાનું જે જ્ઞાન છે, તે પ્રત્યક્ષ અનુભવે છે.) ઓલું શ્રુતજ્ઞાન પરોક્ષ છે. **તેથી પ્રત્યક્ષપણે અનુભવતો થકો જે કોઈ શુદ્ધસ્વરૂપ આત્મા તે જ જ્ઞાનપુંજ વસ્તુ છે, એમ કહેવાય છે.'' (વાહ ! બહુ સરસ.)**

**પૂ. ભાઈશ્રીએ પરમ કરુણા કરી ફરમાવ્યું કે, 'હે ભવ્યો ! અમારો આશય તો, બધા નયાતીત થાઓ. પરમાનંદને પામો એટલો જ છે. તેથી સ્વભાવ પ્રાપ્તિની રીત નયોથી જુદી છે.** નયોથી સ્વભાવની પ્રાપ્તિ નહીં થાય. ન્યારી છે રીત !

•શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ આ રહસ્ય પત્ર નં. ૧૮૦ વર્ષ ૨૪ મું, ૨૦૮, મુંબઈ મહાવદ-૩૦, ૧૯૪૭ માં દર્શાવ્યું છે. ૧૯૪૭ એ શુદ્ધસમકિત પ્રકાશ્યું એમ પાઠ છે.

**''અનંતા નય છે, એકેક પદાર્થ અનંતગુણથી અને અનંત ધર્મથી યુક્ત છે. એકેક ગુણ અને એકેક ધર્મ પ્રત્યે અનંતનય પરિણમે છે. માટે એ માટે પદાર્થનો નિર્ણય કરવા માગીએ તો થાય નહીં.** બહુ ચોખ્ખી વાત કરી છે હોં ! **એની વાત કોઈ બીજી હોવી જોઈએ. ઘણું કરીને આ વાતને જ્ઞાની પુરુષો જ જાણે છે.** (કેવાં એકેક ટંકોત્કીર્ણ વચન છે.) **અને તેઓ તે નયાદિક માર્ગ પ્રત્યે ઉદાસીન વર્તે છે. જેથી કોઈ નયનું એકાંત ખંડન થતું નથી, અથવા કોઈ નયનું એકાંત મંડન થતું નથી. જેટલી જેની યોગ્યતા છે, તેટલી તે નયની સત્તા જ્ઞાની પુરુષોને સંમત હોય છે. માર્ગ જેને નથી પ્રાપ્ત થયો એવા મનુષ્યો 'નય' નો આગ્રહ કરે છે.** આ નયથી આવો છે ને આ નયથી આવો છે. **અને તેથી વિષમફળની પ્રાપ્તિ હોય છે** દુઃખની પ્રાપ્તિ થાય છે. વિષમફળની આહાહા ! વિકલ્પની જાળમાં સલવાઈ ગયો, અટકી ગયો. **કોઈ નય જ્યાં દુભાતો નથી એવા જ્ઞાનીના વચનને અમે નમસ્કાર**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**કરીએ છીએ.** એટલે કોઈ નયનું એકાંતે ખંડન-મંડન કરતો નથી તેનો જ્ઞાતા છે બસ. **જેણે જ્ઞાનીના માર્ગની ઈચ્છા કરી હોય, એવા પ્રાણીએ નયાદિકમાં ઉદાસીન રહેવાનો અભ્યાસ કરવો,** કોઈ કહે નયથી વાત કરો. જ્ઞાની કહે શુદ્ધ છે તે સ્વભાવથી જ શુદ્ધ છે. આમ તો સમયસારમાં ઘણે ઠેકાણે સ્વભાવથી બહુ વાત છે પણ લોકોને જોઈએ છીએ નયથી.

**જેણે જ્ઞાનીના માર્ગની ઈચ્છા કરી હોય, એવા પ્રાણીએ નયાદિકમાં ઉદાસીન રહેવાનો અભ્યાસ કરવો, કોઈ નયમાં આગ્રહ કરવો નહીં અને કોઈ પ્રાણીને એ વાટે દુભાવવું નહીં.** તમારે આગ્રહ કરવો નહીં અને બીજાને દુભાવવો નહીં, મધ્યસ્થ થઈ જવું **અને એ આગ્રહ જેને મટ્યો છે, તે કોઈ વાટે પણ પ્રાણીને દુભાવવાની ઈચ્છા કરતો નથી. આગમનો મર્મ જ્ઞાનીઓના હૃદયમાં હોય છે. શ્રી પંચાધ્યાયકારે પણ કહ્યું છે કે, નિશ્ચયનયાવલંબી પણ મિથ્યાદૃષ્ટિ છે, એ વાતનું રહસ્ય મહનીય ગુરુ જ સમજાવી શકે છે, એ વાતની ધન્યપળે થયેલી પૂ. ભાઈશ્રીના શ્રીમુખે થયેલી ચર્ચા દ્વારા પ્રત્યક્ષ અનુભવ થાય છે.**

**જે અતિ નિકટ ભવ્ય જીવ આ પરમ વીતરાગતામયી ઉત્તમ વચનોને માથે ચઢાવશે અને હૃદયમાં ધારશે એ અવશ્યમેવ પક્ષાતિક્રાંત થઈ, સાક્ષાત્ જ્ઞાતા થયો થકો, પરમાનંદને અનુભવશે અને અલ્પકાળમાં પૂર્ણાનંદમયી મુક્તિનો મહાપાત્ર થશે.**

મેં તો સર્વજ્ઞનું પેટ ખોલ્યું છે. મારું કાંઈ નથી. (ખૂબ સરસ.) (લખાણ) બહુ વ્યવસ્થિત સારું અને આધાર પણ સારા (વિષયને) તે લગતા છે. (વિષયને પોષણ આપે, વિષયને સ્પષ્ટ કરે.)

## 'દ્રવ્ય સ્વભાવ'

**એક દ્રવ્યસ્વભાવ અને એક પર્યાય સ્વભાવ, બન્ને સ્વભાવથી જ જેવા છે તેવા છે.**

(પહેલેથી જ સ્વભાવથી વાત ઉપાડી છે.) જેવા છે તેવા છે. અનાદિ અનંત. થોડો પણ ફેર ન પડે. ગમે તેટલી નય લગાવો તો એમાં ફેર ન પડે. નય લગાવો કે ન લગાવો એ તો જેવા છે તેવા છે. સ્વભાવ ફરે ? ધ્રુવનો (સ્વભાવ) ધ્રુવ, ઉત્પાદ વ્યય પર્યાયનો સ્વભાવ તો સ્વભાવથી જ ઉત્પાદ-વ્યય છે. ત્રિકાળી દ્રવ્ય નિષ્ક્રિય તો સ્વભાવથી જ નિષ્ક્રિય છે. પર્યાય સક્રિય તો સ્વભાવથી જ સક્રિય અનાદિ અનંત છે. તેના કોઈ વિશેષમાં ન જાઓ, એને એના સ્વભાવથી જુઓ ને !

(પર્યાય સ્વભાવથી જ જાણનારને જાણે છે.) હા. પર્યાયનો સ્વભાવ જ છે કે જ્ઞાયકને જાણે છે. (ઉત્પાદનો સ્વભાવ જ છે કે ધ્રુવને પ્રસિદ્ધ કરે.) એ એનો સ્વભાવ જ છે બરાબર. **એક દ્રવ્ય સ્વભાવ અને એક પર્યાય સ્વભાવ બન્ને સ્વભાવથી જ જેવા છે તેવા છે. દ્રવ્ય સ્વભાવ એના**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પોતાના સ્વભાવથી જ અનાદિ અનંત જેવો છે તેવો છે. અને જ્ઞાનની પર્યાયનો સ્વભાવ અનાદિ અનંત જેવો છે તેવો છે.** (વાહ) વાત એમ જ છે કે આત્મા જ્ઞાયક છે અને એની પર્યાયમાં જ્ઞાન થાય છે- ઉપયોગ બસ. જેવો સ્વભાવ છે તેવો છે બસ.

**શાસ્ત્રમાં અનેક પ્રકારનાં કથનો આવશે. જેમકે આત્મા અશુદ્ધ નિશ્ચયનયે રાગનો કર્તા છે અને નિશ્ચયનયે વીતરાગભાવનો કર્તા છે. ભાઈ ! આ બધા વ્યવહારનયનાં કથનો છે. એને ઓળંગી જા. આત્મા રાગને કરતો નથી અને વીતરાગભાવને પણ કરતો નથી. આત્મા તો સ્વભાવથી જ અનાદિ અનંત અકારક ને અવેદક છે.** આ મૂળ સ્વભાવ છે એનો. (બહુ સરસ.) આત્મા પણ સ્વભાવથી જ અનાદિ અનંત અકારક અવેદક છે.

**આત્મા અકારક અવેદક છે તો એ કઈ નયથી છે ?** નય લગાવીને સમજાવોને ? (શ્રોતા-ગુરુદેવ ભી લગાતે થે અપેક્ષા.) હા. ગુરુદેવ લગાતે થે. (શ્રોતા-ગુરુદેવ કહતે થે દેખો યે શુદ્ધનયકા વિષય હૈ) નિશ્ચયથી અકારક છે.

આમાં બેય વાત આવી જશે. દ્રવ્યસ્વભાવ અકારક અને અવેદક છે, અને પર્યાય સ્વભાવમાં કર્તા-ભોક્તાપણું સ્વભાવથી જ છે. બેય વાત લીધી છે. એક વાત ક્યાં લીધી છે ? (હા-એક જ વાત લીધી હોય તો તો..(કર્તા-ભોક્તામાં પર્યાય સ્વભાવ આવી ગયો.) એક જ વાત નથી. આ બેયનો સ્વભાવ છે. બેયનો સ્વભાવ જેવો છે તેવો છે. (શ્રોતા-એટલે કોઈ કાંઈ કહી શકે નહીં ! ) બે સ્વભાવની વાત છે ને ? એકલા દ્રવ્ય સ્વભાવની જ વાત કરતા હોઈએ તો તો એકાંત થાય ! પણ પર્યાય સ્વભાવની વાત (સાથે) કરી છે ને !! ઉપર મથાળામાંથી જ છે. (શ્રોતા-શરૂઆતજ એવી કરી છે કે દ્રવ્ય સ્વભાવ અને પર્યાયસ્વભાવ.) સ્વભાવથી જ જેવા છે તેવા અનાદિ અનંત છે. પછી દ્રવ્યસ્વભાવ કેવો છે ? એની વાત હવે શરૂ કરી.

કહે-સ્વભાવથી જ અકારક ને અવેદક છે. કઈ નયથી ? પછી શું છે અરે ! (શ્રોતા-સ્વભાવને અનુભવવા માટે નયની અપેક્ષા લગાડો નહીં.) આહાહા -બંધ કરી દ્યો. (શ્રોતા-લગાડો તો નહીં પણ લગાડતા હો તો બંધ કરી દો.) વ્યવહારનયે આત્મા પરિણામનો કર્તા છે અને નિશ્ચયનયે આત્મા પરિણામનો અકર્તા છે. અરે ! આત્મા નિશ્ચયનયે અકર્તા છે કે સ્વભાવથી જ અકર્તા છે ?

**ન્યાય :- જો નિશ્ચયનયે આત્મા અકર્તા છે એમ તમે લક્ષમાં લેશો, તો આત્મા વ્યવહારનયે કર્તા છે, એ શલ્ય આવ્યા વિના રહેશે જ નહીં. તેથી નયથી વિચારો જ નહીં. વસ્તુ નયાતીત છે. દ્રવ્યસ્વભાવ નયથી ખ્યાલમાં નથી આવતો. અનુભવમાં નથી આવતો. કેમ કે કોઈ નયથી અકર્તા છે**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**એમ નથી.** (શ્રોતા-નયથી કેમ ખ્યાલમાં નથી આવતો કે કોઈ નયથી અકર્તા નથી.) એના સ્વભાવથી જ અકર્તા છે. (શ્રોતા-નયથી અકર્તા હોય તો તો નયથી ખ્યાલમાં આવી જાય. સ્વભાવથી જ અકર્તા છે એટલે સ્વભાવથી જ ખ્યાલમાં આવે છે.) કેમ કે કોઈ નયથી અકર્તા કહેશો તો પ્રતિપક્ષનયથી કર્તાપણું આવશે. તો દૃષ્ટિનો વિષય દૃષ્ટિમાં નહીં આવે. એ તો જ્ઞાનનો વિષય થયો. તમે પ્રમાણમાં ચાલ્યા ગયા. એમાં તો સાધ્યની સિદ્ધિ નહીં થાય એમ. (શ્રોતા-વિપરીતતા પૂરી આવી ગઈ. કારણકે અકર્તાને કર્તા માની લીધોને !) એ તો વિપરીતતા છે. કોઈ અપેક્ષાએ કર્તા ખરો કે નહીં એમ ?

નિશ્ચયનયે અકર્તા તે તો બરોબર છે. પણ વ્યવહારનયે તો કર્તા ખરો કે નહીં ? પણ અકર્તા સ્વભાવથી જ છે. નિશ્ચયનયે અકર્તા છે તો વ્યવહારનયે કર્તા. પણ વ્યવહારનય એમાં લાગુ પડતી નથી. વ્યવહારનયથી તો... (શ્રોતા-હા. એને નિશ્ચયનય લાગુ પડતી નથી તો વ્યવહારનય ક્યાંથી લાગુ પડે !!) સ્વભાવ નિરપેક્ષ હોય. નય લાગતી જ નથી. બરાબર છે. સાપેક્ષ તો સમજાવવા માટે છે, અનુભવ નિરપેક્ષ જ હોય.

(શ્રોતા-દ્રવ્ય સ્વભાવ નયથી ખ્યાલમાં નથી આવતો; અનુભવમાં નથી આવતો. કેમ કે કોઈ નયથી અકર્તા છે એમ નથી. સ્વભાવથી જ અકર્તા છે. એકેક વાકય બ્રહ્મવાક્ય છે. અહાહા !) કોઈ નયથી અકર્તા નથી સ્વભાવથી જ અકર્તા છે. બહુ ઊંડી ચર્ચા છે હોં ! ઘડીકમાં તો સમજાય પણ નહીં કે આ શું કહેવા માગે છે એમ. (નયનો પક્ષ હોય ને ?) નયના પક્ષવાળાને ન સમજાય, (પણ જે નયથી છૂટવા માગતો હોય એને તો આ આમાંથી માર્ગ મળી જાય.)

નયનો પક્ષ કહેવો કે જ્ઞેયને જાણવાનો પક્ષ કહેવો. નય છે તે જ્ઞેય છે, પરજ્ઞેય છે. નયજ્ઞાન, જ્ઞાન નથી. (જ્ઞાન નહીં હૈ, ઔર શુદ્ધ જ્ઞેય ભી નહીં હૈ.) સ્વજ્ઞેય તો જ્ઞાન છે. શ્રુતજ્ઞાન છે તે જ્ઞેય છે. આ વિકલ્પ છે નયોના, તે જ્ઞેય છે ? ધ્યેય તો નથી પણ તે જ્ઞેય પણ નથી. જ્ઞેય તો જેમાં આત્મા જણાય છે એવું અતીન્દ્રિયજ્ઞાન એ જ્ઞેય છે. આહાહા ! એવી વાત છે. (જ્ઞાન કા જ્ઞાન હોતા હૈ. જ્ઞાન હોતા હૈ એકદમ. જ્ઞાન નું જ્ઞાન થાય છે. આવી ગયું ને ?

અધ્ધર આકાશમાં ઊડવાની વાત છે. જ્ઞાનગગનમાં ઊડવાની વાત છે.

(શ્રોતા-એમ આવે છે ને નાટક સમયસારમાં..

''યાહીકે સુપક્ષી ઉડત જ્ઞાન ગગનમેં, યાહી કે વિપક્ષી જગ જાલમેં રુલત હૈ.'' એટલે આનો સમ્યક્ પ્રકારે પક્ષ કરનાર એટલે એને લક્ષમાં લેનાર જ્ઞાનગગનમાં ઊડે છે. આપ ઘણી વખત કહો છો ને આકાશમાં ઉડે છે ઈ..વાત) હવે બરાબર. આ વાત બરાબર.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નયોનો પક્ષ એક, અને જ્ઞાનનો પક્ષ, બે પક્ષ જુદા છે. **આ તો જે બિલકુલ અજાણ શિષ્ય છે, જેને આત્મા ત્રિકાળ અકર્તા હોવા છતાં કર્તાબુદ્ધિ થઈ ગઈ છે એને વ્યવહારનય અને નિશ્ચયનયથી સમજાવે છે. પણ હવે અત્યારે એવો કાળ આવ્યો છે કે આત્મા નિશ્ચયનયે અકર્તા છે-એમ છોડી દો. કેમકે જો નિશ્ચયનયથી આત્મા અકર્તા છે એમ તમે લેશો તો બીજી પ્રતિપક્ષ નય તમારાં જ્ઞાનમાં ઊભી થશે અને મિથ્યાત્વ રહેશે.** મિથ્યાત્વ રહેશે.

(દૃષ્ટિનો વિષય દૃષ્ટિમાં આવશે જ નહીં.) ક્યાંથી આવે ? વ્યવહારનયે કર્તા આવ્યો ને ? એમાં ને એમાં એક ને એકમાં કર્તા ને અકર્તા લગાવ્યું. પર્યાય કર્તા છે એમ નહીં. વ્યવહારનયે આત્મા કર્તા છે એમ લીધું.

(આત્મા કર્તા તો છે જ નહીં. પણ આત્મા નિશ્ચયનયથી અકર્તા પણ નથી. આત્મા સ્વભાવથી જ અકર્તા છે.) આત્મા સ્વભાવથી અકર્તા છે બસ. ઈ. જ (શ્રોતા-ઓહો આમાં તો..) માલ ભર્યો છે માલ ! (શ્રોતા -બહોત માલ ભરા હૈ.)

**જો નિશ્ચયનયથી આત્મા અકર્તા છે એમ તમે લેશો તો બીજી પ્રતિપક્ષનય તમારા જ્ઞાનમાં ઊભી થશે અને મિથ્યાત્વ રહેશે.** મિથ્યાત્વ રહેશે એમ ! **પણ સ્વભાવથી જુઓ તો કોઈ નયની અપેક્ષા નથી.** એટલે વ્યવહારનયથી જોશો તો મિથ્યાત્વ; પણ નિશ્ચયનયની પણ અપેક્ષા નથી. સ્વભાવથી અકર્તા છે એમ. બે માંથી કોઈ નયથી ન જુઓ એમ. (શ્રોતા-સ્વભાવથી જુઓ, કોઈ નયની અપેક્ષા જ નથી, નિરપેક્ષ છે.) નિરપેક્ષ છે.

(શ્રોતાઃ- વ્યવહારનયથી વિચારે તો તો સ્પષ્ટ મિથ્યાત્વ) મિથ્યાત્વ આવશે પણ નિશ્ચયનયથી વિચારે તો ! (શ્રોતા-બીજી રીતે મિથ્યાત્વ જ આવશે.) મિથ્યાત્વ જ આવશે. અનુભવ નહીં થાય. (મિથ્યાત્વ રહેશે ત્યાં સુધી) ઈ.. વિકલ્પનો કર્તા થઈ ગયો. (નિરપેક્ષ સ્વભાવ દૃષ્ટિમેં નહીં આયા.) અહાહા ! વસ્તુ તો અલૌકિક છે બસ. અલૌકિક વસ્તુ છે. (શ્રોતા-(આહા, નિશ્ચય-વ્યવહાર બન્નેને નહીં આલિંગન કરાયેલા..) આ ઈ છે હોં ? જીવના સ્વભાવ માત્રથી અનુભવતા બધું અભૂતાર્થ અને અસત્યાર્થ છે.

જેમ કે, દૃષ્ટાંત આપ્યું. (શ્રોતા-હાં. જી ! દૃષ્ટાંત બહુ સરસ છે.) **જેમ કે, અગ્નિ ઉષ્ણ છે. કઈ નયથી ? અરે, સ્વભાવથી જ ઉષ્ણ છે. પાણી શીતળ છે કઈ નયથી ? અરે ! સ્વભાવથી જ શીતળ છે. જો નિશ્ચયનયે શીતળ છે એમ તમે લેશો તો વ્યવહારનયે ઉષ્ણ છે તેમ આવી જશે.** શીતળ સ્વભાવ હાથમાં નહીં આવે. (શ્રોતા-શીતળ ઔર ઉષ્ણકા વિકલ્પ હાથમેં આયેગા.) હા. પણ શીતળ પાણી હાથમાં નહીં આવે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(શ્રોતા-જો નિશ્ચયનયે શીતળ છે એમ તમે લેશો તો વ્યવહારનયે ઉષ્ણ છે એમ આવી જશે. અને એમ તો છે નહીં) એમ છે નહીં. (શ્રોતા-નિશ્ચયનયથી શીતળ નથી અને વ્યવહારનયથી ઉષ્ણ નથી. સ્વભાવથી શીતળ છે.)

આ અચાનક દ્રવ્યસ્વભાવ-પર્યાયસ્વભાવની ચર્ચા ઊપડી; અકસ્માત. અગાઉ ચર્ચા નહોતી થઈ અને એકાએક દ્રવ્યસ્વભાવ-પર્યાયસ્વભાવ બસ. (શ્રોતા-જેમ અનુભવ એકાએક અકસ્માત થતો હોય ને એમ આ ચર્ચા થઈ.) જે વિષયમાં એને અનુભવ થયો હોય, પછી એને કોની સાક્ષીની જરૂર પડે. આહાહા !

જેવી રીતે અમે આ વાત અનુભવથી કરીએ છીએ તમને શાસ્ત્રમાંથી-આગમમાંથી મલી જશે. કદાચ ન મળે તોય પ્રમાણ કરજો. (પ્રમાણ કરજો) એટલે ક્યાંય શાસ્ત્રમાં કદાચ આ ઉપશમ શ્રેણી જીવોને આવે છે કે નથી આવતી એવી વાત નીકળશે,આગમમાંથી કદાચ ન નીકળે કે ઉપશમ શ્રેણી જીવને આવે છે, તો તું પ્રમાણ કરજે. તેમ આહાહા ! કોઈ કોઈ સાધકને નિર્વિકલ્પ ધ્યાનમાં કેવળજ્ઞાનના દર્શન થાય છે. શાસ્ત્રમાંથી આ વાત નીકળે કે ન નીકળે તો પણ પ્રમાણ કરજે. (પ્રમાણ કરજે.) પછી તો શાસ્ત્રમાંથી નીકળી. ત્રણચાર જગ્યાએ આવી વાત છે. (શાસ્ત્રમાંથી બધું નીકળે છે. બધું એટલે આપને જે કંઈ આવે છે તે બધું શાસ્ત્રમાં ઓટોમેટીક મળી જ જાય છે.) મલી જ જાય છે. (શ્રોતા-આપને જ્ઞાનની પર્યાયનો નિશ્ચય આવ્યો; આપશ્રીને દ્રવ્યનો નિશ્ચય અને જ્ઞાનની પર્યાયનો નિશ્ચય આવ્યા, તો પછી સેટીકાની ગાથામાંથી આ વાત નીકળીને ! શ્રોતા આહાહા ! આ વાત બહુ સરસ છે.)

**નિશ્ચયનય તો માત્ર સ્વભાવનો ઈશારો કરે છે. નિશ્ચયનયને વળગશો તો સ્વભાવ દષ્ટિમાં નહીં આવે.** (શ્રોતા-કેવી વાત છે હેં એકદમ ઊંચી.) **નિશ્ચયનયતો માત્ર સ્વભાવનો જ ઈશારો કરે છે. પણ નિશ્ચયનયની પહોંચ સ્વભાવ સુધી નથી, કેમ કે વસ્તુ નયાતીત છે.** અહાહા ! ટંકોત્કીર્ણ વાકય આવ્યું. જ્યાં જે શબ્દ જોઈએ તે જ આવે છે.

**વસ્તુ નયાતીત છે. અકારક, અવેદક વસ્તુનો સ્વભાવ છે. સ્વભાવ, નયથી સિદ્ધ ન થાય, સ્વભાવ સ્વભાવથી જ સિદ્ધ થાય.** આહાહા ! અકારક ને અવેદક વસ્તુનો સ્વભાવ છે; સ્વભાવ, નયથી સિદ્ધ ન થાય, સ્વભાવ સ્વભાવથી જ સિદ્ધ થાય. આત્મા પર્યાયમાત્રથી ભિન્ન છે, માટે અનાદિ અનંત કર્તાપણું લાગુ પડતું જ નથી.

**આત્મા બંધનો કર્તા નથી, અને મોક્ષનો પણ કર્તા નથી. કઈ નયથી ? અરે ! સ્વભાવથી જ એ તો અકર્તા છે. એને કોઈ નય લાગુ પડતી નથી. આ દ્રવ્ય સ્વભાવની વાત થઈ.** (શ્રોતા-આવું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાંભળીને ત્યાં ને ત્યાં બેસી જાય. કોઈ નય લાગુ પડતી જ નથી. સ્વભાવથી જ અકર્તા છે.) અનાદિ અનંત વસ્તુનો સ્વભાવ છે. ''નિષ્ક્રિય શુદ્ધ પારિણામિક :'' ઈ..ક્રિયાને કેમ કરે ?

## જ્ઞાનની પર્યાયનો સ્વભાવ

**આત્મા જ્ઞાતા છે. કઈ નયથી ? અરે ! સ્વભાવથી જ જ્ઞાતા છે. વ્યવહારનયે જ્ઞાન પરને જાણે છે અને નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે છે-એમ નથી. અનાદિ અનંત જ્ઞાનની પર્યાય આત્માને જાણવારૂપે જ પરિણમે છે. એ જ્ઞાન આત્માને જ પ્રસિદ્ધ કરે છે.**

ઈ હમણાં કહ્યું હતું ને ઈ... અનાદિ અનંત જ્ઞાનની પર્યાયનો સ્વભાવ જ આત્માને જાણવાનો છે. સ્વભાવથી જ જાણે છે એમ. (શ્રોતા-કોઈ નયથી નહીં એમ) **અનાદિ અનંત જ્ઞાનની પર્યાય આત્માને જાણવારૂપે જ પરિણમી રહી છે. એ જ્ઞાન આત્માને જ પ્રસિદ્ધ કરે છે. કઈ નયથી જ્ઞાનમાં આત્મા જણાય અને કઈ નયથી ન જણાય ? વ્યવહારનયથી ન જણાય અને નિશ્ચયનયથી જણાય એમ નથી.** આગમમાં આવે છે ને એને પણ ઓળંગે એવી વાત છે. (આ તો નયાતીત વાત છે ને ? આગમમાં તો નયથી વાત છે.) નયથી વાત છે. (શ્રોતા-અહીંયા તો નયાતીત થવાની વાત છે.) નયાતીત થવાની વાત છે. જ્ઞાયક નયોં સે પાર હૈ.

**જ્ઞાન આત્માને સ્વભાવથી જ અનાદિ અનંત પ્રસિદ્ધ કરે છે. એને નયની અપેક્ષાજ નથી. સ્વભાવમાં નય ન હોય. અને સ્વભાવની સિદ્ધિ માટે 'નય'માત્ર અંગુલી નિર્દેશ કરે છે. અનુમાન સુધી લઈ જાય છે, બસ;** બસ. (શ્રોતા-બાકી સ્વભાવમાં નય ન હોય.) ન હોય. **(તું નિશ્ચયનયે અકર્તા છો કે સ્વભાવથી જ અકર્તા છો ? કે; સ્વભાવથી જ અકર્તા છે ? હું તો સ્વભાવભી જ અકર્તા છું. પ્રભુ ! બસ- તો નયના વિકલ્પો છૂટી જશે, અને તેને અનુભવ થઈ જશે.** અનુભવની આ વિધિ છે. (જો જો એકેક વાત કેવી એકદમ અક્ષરે-અક્ષર પરમ સત્ય છે.) **અને તને અનુભવ થઈ જશે. અનુભવની આ વિધિ છે.** વિધિ છે. **જ્ઞાનની પર્યાય નિશ્ચયનયે આત્માને જાણે છે કે સ્વભાવથી જાણે છે ? સ્વભાવથી જ જાણે છે, પ્રભુ !**

એક વાત એવી છે ને કે બાળ-ગોપાળ સૌને સદાકાળ ભગવાન આત્મા અનુભવમાં જણાય છે. આમાં નય નથી લગાવી. આવો જ્ઞાનનો સ્વભાવ જ છે આત્માને જાણવાનો. **અનાદિ અનંત જ્ઞાન સ્વભાવથી જ આત્માને જાણતું પ્રગટ થાય છે.** અનાદિ અનંત જ્ઞાન સ્વભાવથી જ આત્માને જાણતું પ્રગટ થાય છે. **સ્વભાવથી જ જાણતો હોય એમાં નયની અપેક્ષા ન હોય.** કેવળજ્ઞાન આત્માને જાણે છે તો કઈ નયથી જાણે છે ? સ્વભાવથી જાણે છે. શ્રુતકેવળી આત્માને જાણે છે તો કઈ નયથી જાણે છે ? એ પણ સ્વભાવથી જાણે છે. જાણવાનો જ સ્વભાવ છે ને ? આત્માને જ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાણવાનો સ્વભાવ છે. **નય તો માત્ર સ્વભાવનો અંગુલીનિર્દેશ કરે છે. પહેલાં વ્યવહારનયનો પક્ષ હતો એને નિશ્ચયનય દ્વારા સમજાવે છે, તો વ્યવહારનયનો પક્ષ છૂટી જાય છે ને નિશ્ચયના પક્ષમાં આવે છે. હવે કોઈ તો સ્વભાવ સુધી પહોંચી પક્ષાતિક્રાંત થઈ અનુભવ કરી લે છે અને કોઈ નિશ્ચયનયના પક્ષમાં અટકી જાય છે. અનુભવ કરી શકતો નથી.**

(શ્રોતા-અનુભવ કરી શકતો નથી બરોબર.) પક્ષમાં અટકયો ને ? **હવે જે નિશ્ચયનય દ્વારા સ્વભાવનું અનુમાન કરી અનુભવમાં ચાલ્યો જાય છે, પક્ષાતિક્રાંત થાય છે, એણે નિશ્ચયનયનો પક્ષ પણ છોડયો ત્યારે અનુભવ થયો.** ત્યારે જ અનુભવ થયો. પક્ષમાં હતો ત્યાં સુધી અનુભવ ન થયો એમ. પક્ષ છૂટે ત્યારે જ અનુભવ થાય. **નયથી આવો છું, એવો વિકલ્પ છૂટી જાય છે. અનુભવ માટે નય સાધન જ નથી. નયમાત્ર અનુમાન સુધી લઈ જાય છે, એ અનુભવ ન કરાવી શકે.** ક્યાંથી કરાવી શકે ? પરોક્ષ જ્ઞાન છે તે ઈન્દ્રિયજ્ઞાન છે. માનસિક જ્ઞાન છે. બધી નય વિકલ્પાત્મક છે. એ અનુભવ ન કરાવી શકે.

**જ્ઞાનની પર્યાય નિશ્ચયનયે આત્માને જાણે છે એમ વિચારતાં, વ્યવહારનયથી એ પરને જાણે છે, એમ આવી ગયું.** અરે ! કેમ કે નય સાપેક્ષ છે ને ? એક નયથી વાત કરશે તો બીજી નય ઊભી થશે જ. (શ્રોતા- હા થશે જ. એવો એનો સ્વભાવ છે.) કેમ કે એ એકાંત ન હોય, નય સાપેક્ષ જ હોય અર્થાત્ નિરપેક્ષપણું ન હોય. અને સ્વભાવ નિરપેક્ષ જ હોય.

**એમ વિચારતાં વ્યવહારનયથી એ પરને જાણે છે, એમ આવી ગયું. અરે ! નિશ્ચયનયથી જ્ઞાન આત્માને નથી જાણતું, સ્વભાવથી જ જાણે છે. તો કોઈ નય જ ન રહી.** આ એકદમ ઊંચા પ્રકારની વાત છે. અમૃત છે. પણ ટીકા કરવી હોય તો કરે પણ, શાસ્ત્રનું નામ-આધાર લઈને. અરે, ભાઈ ! શાસ્ત્રમાં નયથી અનુમાન કરાવ્યું છે. આહા ! નિશ્ચયનયથી જ્ઞાન આત્માને નથી જાણતું, સ્વભાવથી જ જાણે છે. તો કોઈ નય જ ન રહી. સ્વભાવ હાથમાં આવી ગયો. આહાહા ! આ વાત કોઈ અપૂર્વ છે એમ તું જાણજે, એટલે કે તેં અત્યાર સુધી સ્વભાવથી વિચાર્યુ જ નથી. (શ્રોતા-એટલે તો અનુભવ ન થયો.) રહી ગયો. નયોના વિકલ્પમાં અટકી ગયો. ઓહો ! **આ વાત કોઈ અપૂર્વ છે. નયાતીત થવા માટેની આ વાત છે. સ્વભાવથી જ સ્વભાવ જણાય. નયથી સ્વભાવની પ્રસિદ્ધિ જ ન થઈ. નય સાધન જ નથી. જો સાધન હોય તો પક્ષાતિક્રાંત થવાનાં કાળે નય રહેવી જોઈએ.** માટે નય સ્વભાવની પ્રસિદ્ધિ માટેનું સાધન જ નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ચર્ચા નં-૪ રાજકોટ

**જેમ કે સૂર્ય પ્રકાશનો પૂંજ છે કઈ નયથી ? અરે ! સ્વભાવથી જ સૂર્ય પ્રકાશનો પૂંજ છે. વળી પ્રકાશ સૂર્યને પ્રસિદ્ધ કરે છે કઈ નયથી ? અરે ! સ્વભાવથી જ પ્રકાશ સૂર્યને પ્રસિદ્ધ કરે છે. હવે જે સ્વભાવથી જ છે ત્યાં નય લાગુ પડતી નથી. નયો તો માત્ર શિષ્યને સમજાવવા માટે છે. બહુ નયોના પ્રયોગમાં જવા જેવું નથી.** વિકલ્પની જાળ ઊઠે છે. આકુળતા, એમાં શાંતિ નથી.

**જો જ્ઞાન નયોના પ્રયોગમાં અટકશે તો બીજી પ્રતિપક્ષી નય જ્ઞાનમાં ઉભી થશે. આત્મા 'નિશ્ચયનયે' અકર્તા છે એમાં વિકલ્પ ઊભો થયો. જ્ઞાનની પર્યાય 'નિશ્ચયનયે' આત્માને જાણે છે એમાં પણ વિકલ્પ ઊભો થયો. નિશ્ચયનયે આત્મા અકર્તા નથી.. નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણતું નથી.. અરે ! આ શું વાત કરો છો ? હા, સાંભળ.** કો'કને તો એમ લાગે આ શું લખ્યું છે ?

**નિશ્ચયનયે આત્મા અકારક, અવેદક નથી; સ્વભાવથી જ અકારક, અવેદક છે.** બે જ વાત ચાલી આવે છે. આમાં કર્તાબુદ્ધિ છૂટે છે ને જ્ઞાતાબુદ્ધિ છૂટે. દ્રવ્ય સ્વભાવ ને પર્યાય સ્વભાવમાં બેયની સિદ્ધિ થઈ જાય છે. (અનુભવકા વિષય ભી આ જાતા હૈ ઔર અનુભવ કૈસે હો !) હો જાતા હૈ, બસ. આપણામાં આવે છે કે પરિણામની; કર્તાબુદ્ધિ અને જ્ઞાતાબુદ્ધિ પરિણામની બે દોષ છે. ઈ.. જ વાત ચાલી આવે છે.

**સ્વભાવથી જ અકારક છે. સ્વભાવથી જ અકારક-અવેદક છે. નિશ્ચયનયે જ્ઞાન જ્ઞાયકને જાણતું નથી. સ્વભાવથી જ જ્ઞાન જ્ઞાયકને જાણે છે.** દેડકાએ નિશ્ચયનય તો લગાડ્યો નથી તો એના જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે કે નહીં ? (શ્રોતા-જણાય છે.) હેં ? દેડકાને, હરણીયાને એને કાંઈ નિશ્ચયનય કે વ્યવહારનય છે ? (નહીં) નિગોદના જીવને લ્યોને ? બાળ-ગોપાળ સહુને કહ્યું ને ? જણાય છે, અનુભવમાં આવે છે.

(શ્રોતા-હા ઉસકો જાનને મેં આ રહા હૈ.) એમાં નયની કાંઈ જરૂર નથી. (સ્વભાવમાં નયની જરૂર નથી.) જરૂર નથી.

જ્ઞાનની પર્યાયનો સ્વભાવજ છે-જ્ઞાયકને જાણવાનો. (બરાબર) જ્ઞાયકને જાણે ને પરને ન જાણે એમ. અસ્તિ નાસ્તિ છે ને ! આહાહા ! **સ્વભાવથી જ જ્ઞાન જ્ઞાયકને જાણે છે. એમાં સ્વભાવની સન્મુખ થતાં નયોના વિકલ્પ અસ્ત થઈ જાય છે. શાંત થઈ જાય છે, અને અભેદપણે આત્માનો અનુભવ થાય છે. આ તો સ્વભાવનું જેને ભાન નહોતું અને જે વ્યવહારના પક્ષમાં પડ્યો હતો એને નિશ્ચયનય દ્વારા સમજાવે છે.**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પહેલાં વ્યવહારનો પક્ષ છોડાવીને નિશ્ચયના પક્ષમાં લાવવા માટે વાત કરે છે. બરાબર છે ? **તો એ નિશ્ચયનય ને વળગી પડ્યો. માટે એને હવે કહે છે-કે જ્ઞાન નિશ્ચયનયે આત્માને જાણતું નથી. અરે ! આ શું કહો છો ? શું નિશ્ચયનયે નથી જાણતું ? તો શું વ્યવહારનયે જાણે છે ? અરે ! તું સાંભળ હું ત્રીજી વાત કરું છું.** કેવી આ ગોઠવણ થઈ ગઈ છે ? બહુ સરસ રચના થઈ ગઈ છે. માખણ છે.

**જ્ઞાન સ્વભાવથી જ આત્માને જાણે છે, એને નય લાગુ પડતી નથી. એક દ્રવ્ય સ્વભાવ અને એક પર્યાય સ્વભાવ બંનેના સ્વભાવને લક્ષમાં લે તો એક અનુભવ થાય. નયાતીત થવાની વિધિ છે.** આપણું આ જે સ્ટીકરનું લખાણ છે ને ! એમાં કોઈ નય લગાવી નથી. સ્વભાવથી જ વાત છે. જાણનારો છું, કરનાર નથી. કયાંય નય નથી. પછી જાણનારો જણાય છે, ખરેખર પર જણાતું નથી. કયાંય નય નથી લગાવી. પહેલો દ્રવ્યનો સ્વભાવ. બીજું વાકય-પર્યાયનો સ્વભાવ. પહેલામાં કર્તાબુદ્ધિ જાય. અને બીજામાં જ્ઞાતાબુદ્ધિ જાય. આહા ! સ્ટીકરમાં બધું આવી જાય છે.

**જાણનારો જણાય છે. જણાય છે અર્થાત્ જણાયા કરે છે.** જણાય છે અર્થાત્ જણાયા જ કરે છે. **આબાળ-ગોપાળ સૌને ભગવાન આત્મા જણાયા જ કરે છે. કઈ નયથી જણાયા કરે છે ? અરે ! એ તો સ્વભાવથી જ જણાયા કરે છે.** જણાયા કરે છે એટલે જ્ઞાયકનો, જ્ઞેયનો સ્વભાવ જ છે. કે જ્ઞાનમાં જણાયા જ કરે એમ. અને જ્ઞાનનો સ્વભાવ જાણ્યા કરે એમ.

નયો તો સમજાવવા માટે છે. એટલે પછી અનુભવના કાળે નયોની લક્ષ્મી ઉદય પામતી નથી. આમાં આવશે હવે. એટલા માટે જ, જો નયથી આત્મજ્ઞાન થતું હોય તો નયો અસ્ત થાય છે એમ ન લખે. નયથી આત્મજ્ઞાન થાય જ નહીં. (થાય જ નહીં.) આ પ્રશ્ન બહુ ગંભીર થઈ ને પૂછ્યો તો ! પૂછ્યો હતો ને ?

**એમ આવે છે કે-જ્યારે સ્વભાવની સન્મુખ થઈ અનુભવ કરે છે ત્યારે નયોની લક્ષ્મી ઉદય પામતી નથી. પ્રમાણ અસ્તને પામે છે. નયોની લક્ષ્મી અર્થાત્ સ્વભાવને જાણનારી સવિકલ્પાત્મક જ્ઞાનની પર્યાય ઉદય પામતી નથી. નય અસ્ત થાય છે ત્યારે સ્વાભાવિક જ્ઞાનનો ઉદય થાય છે. જ્યારે આત્માને સ્વભાવથી જુએ છે ત્યારે નયોના વિકલ્પ છૂટી જાય છે.** કેમ કે ઓનો (નયોના વિકલ્પનો) વ્યય થાય ત્યારે જ આનો ઉત્પાદ થાય ને ? ઈન્દ્રિયજ્ઞાન માનસિકજ્ઞાનનો વ્યય થઈ જાય છે. એવું સ્વભાવનું જોર આવે છે કે એ વિકલ્પ ઉત્પન્ન જ થતો નથી. નયનો વિકલ્પ ઉત્પન્ન થતો નથી. નિર્વિકલ્પ ધ્યાન આવી જાય છે. (બરાબર.)

**જ્યારે આત્માને સ્વભાવથી જુએ છે ત્યારે નયોના વિકલ્પ છૂટી જાય છે.** (શ્રોતા-આહાહા !



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમ સત્ય વાત છે. **જ્યારે આત્માને સ્વભાવથી જુએ છે ત્યારે નયોના વિકલ્પ છૂટીજાય છે.** કળશ-૯ માં આવે છે કે-

**उदयति न नयश्रीरस्तमेति प्रमाणं क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रम् ।**
**किमपरमभिदध्मो धाम्नि सर्वङ्कषेऽस्मिन्ननुभवमुपयाते भाति न द्वैतमेव ।।९।।**

દ્વૈત જ દેખાતું નથી. (બહુ સરસ)

**શ્લોકાર્થ :- આચાર્ય શુદ્ધનયનો અનુભવ કરીને કહે છે કે આ સર્વ ભેદોને ગૌણ કરનાર** શુદ્ધનયનો અનુભવ કરીને કહે છે એટલે શુદ્ધાત્માનો અનુભવ કરીને કહે છે. એમ. **સર્વ ભેદોને ગૌણ કરનાર જે શુદ્ધનયનો વિષયભૂત.** अस्मिन् सर्वङ्कषे धाम्नि अनुभवम् उपयाते હવે અર્થ આ સર્વ ભેદોને ગૌણ કરનાર જે શુદ્ધનયનો વિષયભૂત ચૈતન્ય ચમત્કારમાત્ર તેજઃ પુંજ આત્મા, તેનો અનુભવ થતાં अनुभवम् उपयाते નયોની લક્ષ્મી ઉદય પામતી નથી. ગજબ છે અમૃતચંદ્રાચાર્ય ! ગજબ છે. જેવું સ્વરૂપ છે, અનુભવમાં આવે છે, અનુભવ પહેલાં શું ? અને અનુભવ થાય ત્યારે શું ? ઈ..આખું સ્વરૂપ રજૂ કરે છે. એટલે શક્તિ ઘણી.

(શ્રોતા-શક્તિ ઘણી) અનુભવી તો ઘણા હોય છે પણ આ પ્રકારે રજૂ કરે-કહેવાની શક્તિ હોં ! (શ્રોતા-સહી બાત હૈ. એવા મહાપુરુષોથી જ પરંપરા ચાલી.) આ પરંપરા ચાલી, બસ. (શ્રોતા-કહી જ ન શકે તો પછી બીજો શું સમજી શકે ?) ના, તો પરંપરા બંધ થઈ જાય. એમ તો બને જ નહીં. પંચમકાળના છેડા સુધી છઠ્ઠા સાતમા ગુણસ્થાનવાળા જીવો પાકવાના છે. ભાવલિંગી હોં ! તો પછી સમ્યક્દૃષ્ટિ તો પાકે જ ને ! અને દેખાય છે, દેખાય છે, સમ્યક્દૃષ્ટિ પણ પાકતા જાય છે. છેલ્લા બે હજાર વર્ષમાં દેખાય છે.

જોયું શુદ્ધનયના વિષયભૂત, એ આવ્યું ને ? શુદ્ધનયનો અનુભવ કરીને કહે છે, એનો જ અર્થ કર્યો. **શુદ્ધનયનો વિષયભૂત, ચૈતન્ય-ચમત્કાર માત્ર તેજઃપુંજ આત્મા, તેનો અનુભવ થતાં નયોની લક્ષ્મી ઉદય પામતી નથી,** (શ્રોતા-નયોની લક્ષ્મી કીધી) લક્ષ્મી કીધી હોં ! (શ્રોતા-લક્ષ્મી કયોં કહા ?) કેમ કે એના દ્વારા નિર્ણય થાય પછી પક્ષાતિક્રાંત થાય છે. (શ્રોતા-અનુભવના કાળે નય ન હોય.) પક્ષ આવે છે ને પછી લક્ષ થાય છે. (બરાબર) હંમેશાં પ્રથમ સ્વભાવનો પક્ષ આવે છે.

અનુભવ પહેલાં કાળલબ્ધિ પાકે છે, છ મહિનાની અંદર અંદર એને અનુભવ થવાનો કાળ પાકી ગયો છે, તે છ મહિનાથી લંબાતો નથી હવે, એટલે એને સ્વભાવનો પક્ષ આવે છે. સ્વભાવનો પક્ષ આવતાં લક્ષ અંદરમાં આવી જાય છે. એનો ઉપયોગ અંદર ઢળી જાય છે. એટલે સ્વભાવના પક્ષમાં મિથ્યાત્વ ગળતું જાય છે. અને ગર્ભિત શુદ્ધતા આવતી જાય છે; પછી ગ્રંથિભેદ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈ જાય છે. આવી પ્રક્રિયા ભજે છે. એને કાંઈ ખબર ન હોય કે આમાં મિથ્યાત્વ ગળે છે ને આમાં આમ થશે, કે તેમ થશે એમ નહીં, પરંતુ આવી એક પ્રક્રિયા છે, કેમ કે મિથ્યાત્વમાં પણ એજ (સિદ્ધાંત) છે. જ્યાં પક્ષ છે ત્યાં જ ઉપયોગ જાય છે. કેમ કે સ્વપર પ્રકાશકનો પક્ષ છે ને ?

(શ્રોતા-ઉપયોગ ત્યાં જ જાય છે ) ઉપયોગ ત્યાં જ જાય છે અને તેને જ તે આગળ કર્યા કરે છે. એના વિકલ્પમાં સ્વપરપ્રકાશક આવે. અને જેને સ્વભાવનો પક્ષ આવે તેને વિકલ્પમાં પણ સ્વભાવ આવે, 'જાણનાર જણાય છે, પર જણાતું નથી.' એનું નામ તમારે સમજી લેવું કે આ સ્વભાવના પક્ષમાં આવી ગયો. પક્ષમાં આવ્યો શું ને ઉપયોગ અંદરમાં વળ્યો શું ? આ એક અફર પ્રક્રિયા છે. પછી નયોની લક્ષ્મી ઉદય પામતી નથી.

બાપુજી મને કહે : તું ઈન્દ્રિયજ્ઞાનનો બહુ નિષેધ કરાવે છે ! એમ કહે બાપુજી એમ કહે હોં ! હું ઈન્દ્રિયજ્ઞાનનો બહુ નિષેધ કરાવું. મારી જાતિ પ્રકૃતિ પ્રમાણે ઈ.. પણ અંદર એક નિર્ણય કરવા માટે, જાવા માટે એ માર્ગ આવે છે. બાપુજી ! તમારી વાત બરાબર છે. સાચી છે. અહાહા ! પણ રોકાણા હોય ને તો ઈન્દ્રિયજ્ઞાનમાં એટલે એને ઢીલું ન કરાય. સર્વથા ભિન્ન ! ઈન્દ્રિયજ્ઞાનને સર્વથા ભિન્ન પાડવું જોઈએ. એને કથંચિત્ ભિન્ન અભિન્ન લાગુ ન પડે. બાપુજી ! અમારા ઘરમાં સમ્યગ્દૃષ્ટિ હતાને. જ્યારે મારે (ધંધાકીય રીતે) મુંબઈ જવું પડ્યું ત્યારે ગુરુદેવ કહે, અરે ! બાપ દીકરાની જોડી ભાંગી ગઈ કે એને મુંબઈ જવું પડ્યું. એમ કહે હા ! સમાજને ચાબખા મારે, મીઠો ઠપકો આપે. અંદરથી એને હતું ને એને ? અને હોય જ ને ! ભલે વ્યક્ત પછી આવ્યું પણ અવ્યક્ત આવે ને !

જેવું સ્વરૂપ છે એવો પક્ષ આવે તો જ લક્ષ થાય. ખોટો પક્ષ છે ને અનાદિનો ? પરને કરું છું ને પરને જાણું છું ઈ પક્ષ જ ખોટો છે. એમાં તો મિથ્યાત્વ ઉત્પન્ન થશે. અજ્ઞાન ઉત્પન્ન થશે, બસ. નયોની લક્ષ્મી ઉદય પામતી નથી.

**પ્રમાણ અસ્તને પ્રાપ્ત થાય છે.** પ્રમાણનો વિકલ્પ, વસ્તુ દ્રવ્ય-પર્યાય સ્વરૂપ છે. એવો વિકલ્પ અને સ્વપર પ્રકાશક જ્ઞાન છે એવો વિકલ્પ છે એ બેય પ્રમાણના વિકલ્પ છે. એક દ્રવ્યનું પ્રમાણ અને એક પર્યાયનું પ્રમાણ. એ દ્રવ્યને એમ જ જુએ છે. દ્રવ્ય-પર્યાય સ્વરૂપ વસ્તુ છે. આ પ્રમાણના પક્ષવાળાની વાત કરું છું અને જ્ઞાનની પર્યાયમાં આવે એમાં ય પણ સ્વપર પ્રકાશક લ્યે એટલે ઈ .. ઊંધો પક્ષ છે. ઈ. પક્ષ ખોટો છે. કેમ કે વ્યવહારનો પક્ષ છે ને ? આત્માનું લક્ષ એને ન થાય. આ મોટું નુકસાન છે.

પ્રમાણમાં આ બે વાત છે હોં ! આમાં પ્રમાણ અસ્ત થાય છે. એટલે કે દ્રવ્ય પર્યાય



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વરૂપ વસ્તુ છે, ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ છે એવો એક વિકલ્પ. એ વિકલ્પ ચાલ્યો જાય છે. અને જ્ઞાન સ્વપરને જાણે છે એવું જે પ્રમાણજ્ઞાનની પર્યાયનું પ્રમાણ અને દ્રવ્યનું પ્રમાણ એ બન્ને આપણે લઈએ છીએ તે. ઈ... બેય વિકલ્પ ચાલ્યા જાય છે.

'અકર્તા છું ને હું જ્ઞાયક છું. પર જણાતું નથી જાણનાર જણાય છે,' બેય પ્રમાણના બેય વિકલ્પ જાય છે. (અરે ! નયનો વિકલ્પ પણ જાય છે તો પ્રમાણનો વિકલ્પ જાય જ ને પહેલાં ? એ તો નિર્ણયમાં જ વયો જાય છે.) આ નિર્ણયની જ વાત કરું છું. નિર્ણયમાં પહેલાં વહેલાં આ જે પ્રમાણનો વિકલ્પ છૂટે એની પહેલાં સ્વભાવનો પક્ષ આવે છે. કે : ઉત્પાદ વ્યયથી રહિત જ છું. અને **'જાણનાર જણાય છે ને પર જણાતું નથી,'** એવા જે વિકલ્પ, નિષેધ પૂર્વકના વિધિના વિકલ્પ આવે છે તે અનુભવના કાળે બે પ્રકારના વિકલ્પ છૂટે છે.

પ્રમાણના બે પ્રકારના વિકલ્પ છે. (શ્રોતા-અનેક પ્રકારના પ્રમાણના વિકલ્પ છૂટે છે.) ઓમાં પહેલાં વ્યવહારનયનો વિકલ્પ છૂટે છે, પછી નિશ્ચયનયનો વિકલ્પ છૂટે છે. એમાં પણ બે પ્રકાર નયની અપેક્ષાએ, આ પ્રમાણની અપેક્ષાએ. પણ બન્ને વિકલ્પ હતા. બેય છૂટી જાય છે. અનુભવ-કાળમાં વિકલ્પ ક્યાં છે ? 'દ્રવ્યપર્યાયને નહીં આલિંગિત', ઈ...આ. પ્રમાણના વિકલ્પ છૂટે એમાં બેય લીધું છે ને ? દ્રવ્ય પર્યાય બેય લીધું છે. પછી અનુભવમાં તો અભેદ એકાકાર. ઘૂલમિલ હો જાતા હૈ. દ્રવ્ય પર્યાય એક અભેદ જાનનહાર.

જાણનારો જણાય છે જાણનારો જણાય છે અને જ્યારે મને જાણનારો જણાય છે એમ આવે છે ત્યારે 'નિશ્ચયનય' થી જાણનારો જણાય છે એવો વિચાર પણ આવતો નથી. આ સમજે તો બધું આમાં છે. (શ્રોતા-આમાં ચોખ્ખે ચોખ્ખું પોતાનો અનુભવ કહી દીધો છે એકદમ) બધું કહી દીધું છે.

**સ્વભાવથી જ જાણનારો જાણવામાં આવી રહ્યો છે. આહાહા ! તો સ્વભાવજ લક્ષમાં આવે છે. અને જ્યારે સ્વભાવ લક્ષમાં આવે છે ત્યારે નયના વિકલ્પ છૂટી જાય છે. અને સ્વભાવ સ્વભાવપણે અભેદ અનુભવમાં આવે છે.** એક અભેદ જાનનહાર ઈ..આ..

આ (દ્રવ્યસ્વભાવ-પર્યાયસ્વભાવ) જેમ નાનું શાસ્ત્ર હોયને એમ છે હોં ! આખા બાર અંગ ભણ્યા પછી આ તો સાર છે. (શ્રોતા-આ અનુભવનો સાર છે.) અનુભવનો બસ. આનું અધ્યયન કરે ને તો વિકલ્પની એકતા છૂટી જય, નયનો મહિમા ન રહે, ઈન્દ્રિયજ્ઞાનનો મહિમા ન રહે, સ્વભાવનો મહિમા આવે. મારામાં કોઈ નય છે જ નહીં ને ? એમ ! નયજ્ઞાન કર્તાનું કર્મ પણ નથી અને સ્વજ્ઞેય પણ નથી. શુદ્ધજ્ઞાન નથી અને શુદ્ધજ્ઞેય પણ નથી. બેય નથી કેમ કે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુદ્ધજ્ઞાન નથી એટલે શુદ્ધ જ્ઞેય પણ નથી નય એ તો અશુદ્ધતા છે.

સ્વભાવથીજ જાણનારો જાણવામાં આવી રહ્યો છે. તો સ્વભાવ જ લક્ષમાં આવે છે. અને જ્યારે સ્વભાવ લક્ષમાં આવે છે ત્યારે નયના વિકલ્પ છૂટી જાય છે, અને સ્વભાવ સ્વભાવપણે અભેદ અનુભવમાં આવે છે.

**'સમય' ની વ્યાખ્યા કરી કે જાણવું અને (આત્માને) જાણવારૂપે પરિણમવું... સ્વભાવથી જ છે. અનાદિ અનંત, કોઈ નય લાગુ ન પડે.**

ઘણાં વરસ પહેલાંની જે વાત આવેલી એ અંદરથી જ આવેલી. નહીંતર એ વખતે હું તો સાવ નવો સોનગઢ આવતો જતો. પછી શાક લેવા બજારમાં ગયો અને પંડિતજી પણ શાક લેવા આવ્યા હતા. અને ચાલતાં ચાલતાં આ વાત નીકળી. કે સમયની વ્યાખ્યામાં જાણે છે ને જાણવા રૂપે પરિણમે છે એમ એ પંડિતે કહ્યું, પછી મેં કહ્યું જાણે છે અને ''આત્માને જાણવારૂપે પરિણમે છે,'' પંડિતજી એમ છે. સ્વભાવથી જાણ્યા કરે છે. ફંકશન ચાલુ છે બાળ-ગોપાળ સૌને, પણ ત્યારે આ ખ્યાલમાં નહોતું શરૂઆતની વાત છે. જાણે છે પણ આત્માને જાણવા રૂપે પરિણમે છે પણ કાંઈ બોલ્યા નહીં હોં ! મૌન થઈ ગયા.

**જાણવું અને આત્માને જાણવારૂપે પરિણમવું તે સ્વભાવથી જ છે, અનાદિ અનંત. કોઈ નય લાગુ ન પડે. જો નય લગાડીશ તો સ્વભાવથી દૂર થઈ જઈશ અને જો સ્વભાવથી જોઈશ તો નય દૂર થઈ જશે.** અહાહા ! કેવું મીઠું-મધુરું વાક્ય છે !

**જો નય લગાડીશ તો સ્વભાવથી દૂર થઈ જઈશ અને જો સ્વભાવથી જોઈશ તો નય દૂર થઈ જશે. આ નયથી દૂર થવાની વાત ચાલી રહી છે. નયથી તને સમજવાની ટેવ પડી ગઈ છે. તેથી વિકલ્પ ઉત્પન્ન થયા વગર રહેતો નથી.**

**'હું નિશ્ચયનયે અકર્તા છું' તો વ્યવહારનયે કર્તા છું એમ આવી જ જાય, ખબર ન પડે. તેથી હું નિશ્ચયનયે અકર્તા નથી. સ્વભાવથી જ અકર્તા છું. હું વ્યવહારનયે અકર્તા નથી જ, પણ નિશ્ચયનયે પણ અકર્તા નથી. હું તો સ્વભાવથી જ અકર્તા છું.**

**'નિશ્ચયનયે' જ્ઞાન આત્માને જાણે છે ? નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણતું જ નથી. અરે ! આ શું કહો છો ? હા સ્વભાવથી જ જ્ઞાન આત્માને જાણતું પરિણમી રહ્યું છે.**

**હિંમતનગરમાં ફરમાવ્યું હતું, દ્રવ્યસ્વભાવ અનાદિ અનંત જ્ઞાનમાં જણાયા કરે છે અને જ્ઞાન અનાદિ અનંત આત્માને જાણ્યા જ કરે છે.** જણાયા જ કરે છે અને જાણ્યા જ કરે છે. અહાહા ! **આ ફંકશન છે ને. આ ફંકશન (ક્રિયા) અનાદિ અનંત ચાલુ જ છે. આ વસ્તુ સ્થિતિનો સ્વીકાર કરી લે**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**તો અનુભવ થશે.**

**ખરેખર તો 'નિશ્ચયનય' નો જે પક્ષ-વિકલ્પ છે તે સ્વભાવના ઓથે ગળે છે.** સ્વભાવ ઉપર આવે ને એટલે નિશ્ચયનયનો જે વિકલ્પ હતો ને તે ખૂટતો જાય છે. એટલે એનો અનુભાગ ઘટતો જાય છે. અનુભાગ ઘટે એને સ્થિતિ પણ ઘટે. અનુભાગ ઘટે ને હારે સ્થિતિ પણ ઘટે. લંબાઈ નહીં. વિકલ્પ લંબાઈ અને સ્થિતિ કહેવાય એને એની અંદર જે કષાયની મંદતાનો અનુભાગ હતો ઈ ઘટે છે બેય એક સાથે ઘટે. (બરાબર) એટલે એ સ્વભાવના ઓથે ગળે છે.

**અને સ્વભાવનો આશ્રય લેતાં ઈ પક્ષ ટળી જાય છે. અને નયાતિક્રાંત થાય છે. નિશ્ચયનય પક્ષાતિક્રાંત કરાવી, આનંદની પ્રાપ્તિ કરાવી ચાલી જાય છે. ઊભી ક્યાં રહે છે. જ્યાં પોતે સ્વભાવની સન્મુખ થાય છે ત્યાં નિશ્ચયનયનો પક્ષ પણ ઉત્પન્ન થતો નથી. નયપક્ષતો પરાશ્રિત છે. વ્યવહારનય તો પરાશ્રિત છે જ પણ નિશ્ચયનય પણ પરાશ્રિત જ છે. વિકલ્પમાત્ર પરાશ્રિત જ હોય, અને સ્વાશ્રિત ન હોય મનના સંગવાળો વિકલ્પ હોવાથી પરાશ્રિત જ છે.**

ભવિષ્યમાં તમારે આનું સ્પષ્ટીકરણ બહુ કરવું પડશે. જ્યારે લાંબો કાળ જાશે ને પછી આ પુસ્તકો મૂકવાનાં જ છે બહાર, તો કો'કને લાભ થશે. પણ પછી આ બહુ ફેલાશે, ને ત્યારે ખુલાસા પણ બહુ થશે. એટલે અત્યારે આપણે જે આ વાત ખૂબ સારી રીતે ચર્ચાઈ જાય છે તે સારું છે.

**અતીન્દ્રિયજ્ઞાન આત્માને નિશ્ચયનયથી નથી જાણતું પરંતુ સ્વભાવથી જાણે છે. એમાં નયનું શું કામ આવ્યું? જ્ઞાન સ્વભાવથી જ આત્માને જાણે છે એમ ખ્યાલમાં આવ્યું એનું નામ જ્ઞાનની પર્યાયનો નિશ્ચય-અનુભવમાં પ્રગટ થાય છે.** (બહુ સરસ) જ્ઞાનની પર્યાયનો નિશ્ચય અનુભવમાં પ્રગટ થાય છે. જ્ઞાયક નો જ્ઞાયક છે. અનુભવ થયો ને ? તો જ્ઞાનની પર્યાયનો નિશ્ચય એમ કહ્યું. નિશ્ચયનય નહીં, સ્વભાવ. જ્ઞાનની પર્યાયનો સ્વભાવ. આત્માને અભેદ થઈ તેને જાણવાનો, અભેદને જાણનાર ઈ..(શ્રોતા-હા,ઈ.. અનુભવમાં પ્રગટ થાય છે.)

(શ્રોતા-આપ કહતે હૈ ના કિ જાણનાર જણાય છે એટલે કે જણાયા જ કરે છે, જણાયા જ કરે છે, ઐસી સ્થિતિ હૈ ના ?) હૈ. (શ્રોતા-ઐસી સ્થિતિ હૈ, ઔર આપ જાગૃત કરા દેતે હૈ.)

**"જ્ઞાયક નથી ત્યમ પર તણો"** આહાહાહા ! આવ્યું ! દેવલાલીમાં જામી ગઈ'તી હો ! (શ્રોતા-જામી, જામી અરે બહુ જામી હતી. આઠ દિવસ જામી હતી.) કેવી જામી હતી ? રંગ ચડી ગયો હતો. રોજ નવું નવું જ આવતું હતું (શ્રોતા એક સેટિકાની અને એક એકત્રીસમી ગાથા બેય બહુ જામી હતી.)



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**"જ્ઞાયક નથી ત્યમ પર તણો" જ્ઞાયક તો જ્ઞાયક છે બસ પરને જાણવાનો પક્ષ હતો ને ઈ.. છૂટી ગયો. જ્ઞાયક પરને જાણતો નથી એટલું કહ્યું. જ્ઞાયક જ્ઞાયકને જાણે છે એવો નિશ્ચય છે એમ ન લીધું. નિશ્ચયનયથી જ્ઞાયકજ્ઞાયકને જાણે છે એમ નહીં પરંતુ જ્ઞાયક તો જ્ઞાયક જ છે બસ.**

પરને જાણવાનું છૂટ્યું તો અંદર આવી ગયો, બસ. **જ્ઞાનની પર્યાય સ્વભાવથી જ આત્માને જાણ્યા કરે છે. એમાં નયની કોઈ જરૂરત જ નથી. આબાળ-ગોપાળ સૌને આત્મા સદાકાળ અનુભવમાં આવી રહ્યો છે 'સદાકાળ' અર્થાત્ સ્વભાવથી જ જ્ઞાન આત્માને જાણી રહ્યું છે. પણ વ્યવહારથી તો પરને જાણે છે ને? અરે! પરનું જાણવું સ્વભાવમાં જ નથી. (બરાબર) "જ્ઞાયક નથી ત્યમ પર તણો" ખલાસ થઈ ગઈ વાત.**

આહા ! ટંકોત્કીર્ણ વાત છે હોં ! સેટિકાની ગાથા-જ્ઞાનની પર્યાયમાં વ્યવહારનો પક્ષ છૂટી અને અનુભવ થાય. આ અનુભવની કળા બતાવી. આ અનુભવની કળા છે. (શ્રોતા-પરનું જાણવું, સ્વભાવમાં જ નથી.)

પૂ. ગુરુદેવશ્રીનું વાક્ય-ભગવાન, તું પરને જાણતો જ નથી, ઈ વાક્ય છે ને ? ઈ જ આવ્યું ને ? હેં ! ભગવાન તું પરને જાણતો જ નથી. જાણવાનો સ્વભાવ જ નથી. સ્વભાવ હોય તો જાણે ને ઈ ? એ..ઈન્દ્રિયજ્ઞાન જાણે છે, આત્મા પરને જાણતો જ નથી. (બરાબર) (શ્રોતા-અને પોતાને તો સ્વભાવથી જાણે છે અને પરનું જાણવું તો સ્વભાવમાં જ નથી.) નથી હોં ! સ્વભાવમાં જ નથી.

(શ્રોતા-આ નિશ્ચય-વ્યવહાર (નય) શું કામ ઉતારે છે ?) પોતાને સ્વભાવથી જ જાણે છે. અને પરનું જાણવું તો સ્વભાવમાં જ નથી. ( આ મૂળ વાત જ છે બસ. પરનું જાણવું તો સ્વભાવમાં જ નથી અને પોતાનું જાણવું તો સ્વભાવથી જ છે.)

(પરનું જાણવું તો સ્વભાવમાં નથી અને પોતાનું જાણવું તો સ્વભાવમાં જ છે,) બસ. જાણ્યા જ કરે છે જ્ઞાન.

આ બહુ સરસ આવ્યું; આમાં આવ્યું ને ? પરનું જાણવું સ્વભાવમાં જ નથી. (શ્રોતા-સ્વભાવથી જ આત્માને જાણ્યા કરે છે.) સ્વભાવથી આત્માને જાણ્યા જ કરે છે. આહાહા ! નિશ્ચય વ્યવહાર શું કામ ઉભા કરે છે ?

(શ્રોતા-કોઈ જરૂરત નહીં ઉસકી, બેકાર હૈ ના) નિકટભવી જીવને આ આવી જ જાય છે. આ આવી જ જાય છે. પરનું જાણવું સ્વભાવમાં જ નથી. અને જ્ઞાયકનું જાણવું તો સ્વભાવથી જ છે. <u>જાણનારો જણાય છે ખરેખર પર મને જણાતું નથી. (આ સ્વભાવથી જ વાત છે.)</u>



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ચર્ચા નં-૫ રાજકોટ

**નયાતીતમાં જેમ અનુભવ આવે છે તેમ નયાતીતમાં જ શ્રેણી આવે છે.** (શ્રોતા-બરાબર પહેલે નયાતીત હોતા હૈ તો સમ્યક્ દર્શન, સમ્યક્‌જ્ઞાન હોતા હૈ.) હોતા હૈ. (શ્રોતા-બાદમેં ચારિત્રકા દોષ-ઐસા નય કા વિકલ્પ રહતા હૈ.) રહતા હૈ. (શ્રોતા-ફિર ઉસસે ભી અતિક્રાંત હો જાતા હૈ.) બાર બાર અતિક્રાંત હોતા હૈ. ફિર એક ટાઈમ ઐસા આતા હૈ કિ વિકલ્પ આતા હી નહીં, તો શ્રેણી હો જાતી હૈ.

(આત્મા ચ્યુત ક્યું હોતા હૈ ?) વો, નયસે આત્મા ચ્યુત હોતા હૈ. નયસે આત્મા ચ્યુત હો જાતા હૈ. સમ્યક્‌દર્શન કે બાદ, ચારિત્રકી પ્રેક્ટીસ સે; ઉસમેં ચારિત્રસે સ્વભાવ સે ચ્યુત ક્યું હોતા હૈ ? વો, નયજ્ઞાન સે ચ્યુત હોતા હૈ. સામાન્ય રીતે એમ કહેવાય છે કે સાથમાં અસ્થિરતાનો રાગ આવે છે એટલે ટકાતું નથી, સ્થિરતા નથી રહેતી; પણ ખરેખર ઈન્દ્રિયજ્ઞાન-નયોનો વિકલ્પ, મારી નાખે છે. (શુદ્ધ ઉપયોગ થતો નથી.)

એવા વિચારો મને આવ્યા કે દ્રવ્યઈન્દ્રિયનું અવલંબન ભાવઈન્દ્રિય લ્યે છે. અતીન્દ્રિયજ્ઞાન તો દ્રવ્યઈન્દ્રિયનું અવલંબન લેતું જ નથી. દ્રવ્યઈન્દ્રિયનું અવલંબન જો જ્ઞાન ન લ્યે; તો પરજ્ઞેયાશ્રિત જ્ઞાન જ એની પાસે ઊભું ન થાય. જે સ્વાશ્રિત અતીન્દ્રિય જ્ઞાન થયું એટલું જ રહી જાય છે. એટલે દ્રવ્યઈન્દ્રિયના અવલંબનથી જ ઈન્દ્રિયજ્ઞાનનો જન્મ થાય છે. અને દ્રવ્યઈન્દ્રિયનું અવલંબન જેને હોય એને પરજ્ઞેયનું જ અવલંબન હોય. અને જેને દ્રવ્યઈન્દ્રિયનું, અવલંબન છૂટીને આત્માનું અવલંબન છે, એને દ્રવ્યઈન્દ્રિયનું ઈ અંશને (જ્ઞાનને) અવલંબન નથી. અને એ એનું નથી માટે એ પરને જાણતું નથી. સ્વમાં ચોંટી ગયું અભેદ થઈ ગયું.

(શ્રોતા-આત્માના અવલંબને થયેલું જ્ઞાન આત્માથી અભેદ થઈ જાય છે.) અભેદ થઈ જાય છે એમાં ભેદ પડતો નથી. તો પછી એને દ્રવ્યઈન્દ્રિયનું અવલંબન આવે નહીં. અને પરને જાણવા જાય એ અંશ એમાં છે નહીં. સ્વસંવેદનથી આત્મા જણાય છે. અને ઈન્દ્રિયજ્ઞાનથી દેહાદિ જણાય છે. ઈ..વાત સાચી છે. કેમકે દ્રવ્યઈન્દ્રિયના અવલંબનથી જ ભાવ ઈન્દ્રિયનો જન્મ થાય છે. ભાવઈન્દ્રિયનો જ જન્મ થાય. આત્માના અવલંબનથી ભાવ ઈન્દ્રિયનો જન્મ જ ન થાય. અતીન્દ્રિયજ્ઞાનનો જ જન્મ થાય. ઓલું પર લક્ષી જ્ઞાન છે, એક સ્વલક્ષી જ્ઞાન છે.

બીજું અતીન્દ્રિય જ્ઞાનમાં જ્ઞાયકનો પ્રતિભાસ થાય છે. અનુભવના કાળે પણ; પણ, જ્ઞાયક અતીન્દ્રિયજ્ઞાનની પર્યાયમાં આવતો નથી. એટલે કે પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. હવે જે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તન્મય થયેલો જ્ઞાયકભાવ એ પણ ખરેખર પર્યાયમાં આવે નહીં, તો રાગાદિ ને પર પદાર્થ તો આવે ક્યાંથી જ્ઞાનની પર્યાયમાં ? એમ મારું કહેવું છે. (બરાબર છે.) તેથી એને જણાતું જ નથી. જેનું લક્ષ છે, જેમાં અહમ્ છે, ઈ..દ્રવ્ય-પણ પર્યાયમાં આવતું નથી, એનું જ્ઞાન આવે છે. પણ ઈ પર્યાયમાં આવતું નથી, એનું જ્ઞાન આવે છે. રાગાદિ ને દેહાદિ જો ઉપયોગમાં આવતા જ નથી તો પછી એને જાણે કેવી રીતે ? એને જાણે તો દ્રવ્યઈન્દ્રિયનું અવલંબન આવી જાય. દ્રવ્યઈન્દ્રિયના અવલંબન વિના એ રાગને, શરીરને, છ દ્રવ્યને જાણી શકે નહીં.

(શ્રોતા-બરાબર. એટલે અતીન્દ્રિયજ્ઞાન પરને જાણતું જ નથી.) ઈ..વાત સાચી છે એમ મારો કહેવાનો મતલબ ઈ...છે. (શ્રોતા-જો એકજ જ્ઞાન સ્વપરને જાણતું હોય તો પછી આ બીજા ભાગલા શું કામ પાડ્યા ?) શું કામ પાડ્યા ? (શ્રોતા-કેઃ ઈન્દ્રિયજ્ઞાન શરીરને જાણે છે અને સ્વસંવેદનજ્ઞાન આત્માને જાણે છે.) અને એને જીતવાનું શું કામ કહે ? જો એનાથી પણ સ્વપર પ્રકાશક હોય, સ્વ જણાતું હોય તો એને જીતવાનું ન હોય ! અને અત્યંત ભિન્ન ન હોય. એટલે જે પરલક્ષી છે, એ જ્ઞાન, જ્ઞાન જ નથી. વાત સાચી છે.

એટલે પહેલાં નયાતીતમાં સમ્યક્દર્શન થાય અને પછી નયાતીતમાં જેમ-જેમ અવાર નવાર પ્રેક્ટીસ થતી જાય છે તેમ તેમ કોઈ વખતે એને શ્રેણી આવીને, તેરમું ગુણસ્થાન આવી જાય છે. કેવળજ્ઞાન થાય છે, આઠમા ગુણસ્થાનમાં આવે છે પછી સાતમું નથી આવતું બસ. આઠ-નવ-દસ-બાર થઈ જાય છે. (શ્રોતા-નયાતીતમાં શ્રેણી આવે છે.) નયાતીતમાં જ શ્રેણી આવે છે.

**નયથી જ્યાં સમ્યક્દર્શન ન થાય ત્યાં નયથી ચારિત્ર તો કેમ આવે ?** કેમ આવે ? યથાખ્યાત ચારિત્ર ક્યાંથી થાય ? **તેથી જ્ઞાનીઓ પણ ઠરી જાય છે. કોઈકને જ સમજાવવાનો કે લખવાનો વિકલ્પ ઉઠે છે.** ઘણાય જ્ઞાનીઓમાં થોડાક જ્ઞાનીઓને ! કોઈને લખવાનો ને કોઈને સમજાવવાનો. સમર્થ આચાર્યને પણ સમજાવવા માટે નયનો પ્રયોગ કરવો પડે છે. જે એમને પણ ખટકે છે. ખટકે જ ને ? પાગલપણું કહ્યું ને ? ઉન્મત્તદશા.

**કેમકે નયથી સ્વભાવ પ્રસિદ્ધ જ થતો નથી. પરંતુ જ્ઞાનથી સ્વભાવ પ્રસિદ્ધ થાય છે. ખરેખર બીજાને સમજાવવા માટે નયનો પ્રયોગ કરવો પડે છે. તેથી જ શ્રી પૂજ્યપાદ સ્વામીએ કહ્યું કે, “બીજાને સમજાવવું એ પાગલપણું છે.” સમજાવવું અને સાંભળવું બંને પાગલપણું છે.**

**નયના પ્રયોગમાં વિકલ્પ જ ઉત્પન્ન થાય છે. સ્વભાવની સમીપે જાય છે, તો વિકલ્પ ઊઠતા જ નથી.** સ્વભાવમાં-ધ્યાનમાં પડી ગયો અંદરમાં, પછી નયના વિકલ્પ, નયોની લક્ષ્મી ઉદય



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પામતી નથી. (શ્રોતા-પૂ.ગુરુદેવે પણ કળશ ૮ ની ટીકામાં તે જ કહ્યું છે. દ્રવ્ય અને પર્યાય બન્નેથી નહીં આલિંગિત એમાં એજ અર્થ કર્યો છે.)

**સ્વભાવની સમીપે જાય છે તો વિકલ્પ ઊઠતા જ નથી.** કેમ કે સ્વભાવ નિર્વિકલ્પ છે. અને અનુભવ પણ નિર્વિકલ્પ છે. નિર્વિકલ્પના આશ્રયે નિર્વિકલ્પ થઈ જાય છે, બસ. **નિશ્ચયનય માત્ર તારા સ્વભાવ તરફ ઈશારો કરે છે. કે આવું તારું સ્વરૂપ છે. પછી એ નયને તું છોડી દે અને સ્વભાવમાં ચાલ્યો જા.** આહાહા ! આ એક જ FACT છે.-હકીકત છે બસ.

આ આવ્યું'તું ને ! વ્યવહારનયાલંબી તો મિથ્યાદષ્ટિ છે; તો નિશ્ચયનયાલંબી કેવી રીતે મિથ્યાદષ્ટિ છે ? એ તો મહાનગુરુ જ તેનો ઉપદેશ આપવા યોગ્ય છે. નિશ્ચયનયથી પણ બહુ સૂક્ષ્મ અને ભિન્ન છે. એ તો મહાનગુરુના ઉપદેશથી તને ખ્યાલમાં આવશે. એવું ખોલ્યું છે હોં ! આહાહા ! નિશ્ચયનયથી પણ સૂક્ષ્મ કાંઈક અન્ય છે. નય છે ને ! નયજ્ઞાન પરચીજ છે. (અનાદિથી તેનો પરિચય છે.) ગુરુદેવના વ્યાખ્યાનમાં આવે છે ને ? કે નવમી ગ્રૈવકસુધી અનંતવાર ગયો જીવ. એકવાર-બેવાર નહીં, અને એ પણ દિગમ્બરનો સાધુ જ, બાહ્યમાં નગ્નપણું, ૨૮ મૂળગુણ, છકાયની રક્ષા, આહાહા ! એટલે નયનો અનુભવ, નયના અનુભવના સંસ્કાર એટલે કે ઈન્દ્રિયજ્ઞાનના સંસ્કાર અનાદિથી છે. સ્વભાવ તો જોયો નથી ને ? એટલે આનાથી કાંઈક આગળ છે એમ એને ખ્યાલ આવતો નથી. અને એની વાણીમાંય...

કદાચ ભાગ્યયોગે કોઈ ગુરુ મળે કે નયથી અનુભવ નહીં થાય, જ્ઞાનથી તો એને લક્ષમાં આવતું નથી. લક્ષમાં એ આવતું નથી. નયજ્ઞાનને જ જ્ઞાન માને છે, એમ નયજ્ઞાનથી વળી જુદું જ્ઞાન ક્યું હોય ? એમ. આ પુસ્તક બહુ સારું છે.

દૂધ કઢાયેલું હશે અને મેળવણ પડશે તો ઈ જામી જાશે. અને માખણ થઈ ઘી થઈ જશે. ઘી એટલે મોક્ષ. પછી ઈ..નયને તું છોડી દે, અને સ્વભાવમાં ચાલ્યો જા. સ્વભાવ સીધો સરળ છે. નયમાં આંટીઘૂંટી બહુ છે. નયને ઈન્દ્રજાળ કહીને બેન ! ઈન્દ્રજાળ ને આકુળતાને ઉત્પન્ન કરનારા વિકલ્પો છે. સમ્યક્‌દર્શનના કાળ પહેલાં પણ ૧૪૪ માં લખ્યું. શ્રુતજ્ઞાનમાં જે વિકલ્પો ઉત્પન્ન થાય છે-નયના, આહાહા એ આકુળતાને ઉત્પન્ન કરનારા છે.

**પછી એ નયને તું છોડી દે અને સ્વભાવમાં ચાલ્યો જા.**

**દષ્ટાંત :- બીજનો ચાંદ ઊગે છે એ કોઈને દેખાય છે અને કોઈને દેખાતો નથી. હવે જે ચાંદ દેખવાવાળો છે એ બીજાને ચાંદ દેખાડવા ઝાડના માધ્યમ દ્વારા પ્રયત્ન કરે છે. આ જે ઝાડ છે ને, એને**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**તું જો અને પછી એની લાઈનમાં જ સીધું ઉપર જો તો તને ચાંદ દેખાશે. હવે પેલો તો ડાળીને જ વળગી પડ્યો. (અને કહે છે, મને ચાંદ દેખાતો નથી. અરે ! તને મેં ડાળી દ્વારા, ડાળીને છોડીને, ચાંદને જોવાનું કહ્યું હતું. તું તો ડાળીને જ વળગી પડ્યો. કે "હું નિશ્ચયનયે અકર્તા છું"-"હું નિશ્ચયનયે જ્ઞાતા છું" "નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે છે." નય તો ડાળી છે. જે અહીં તહીં જોતો હતો એને દિશા સૂચન કરવા ડાળી દ્વારા ચાંદને જોવાનું કહ્યું.**

**વ્યવહારનય દ્વારા તો અનુમાન થતું જ નથી.** (શ્રોતા-વ્યવહારનયકે દ્વારા તો અનુમાન ભી નહીં હોતા હૈ) ઈ...સમયસારમાં કહ્યું કે વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે. ઓલા દેવસેન આચાર્ય કહે છે કે નિશ્ચય પરમાર્થનો પ્રતિપાદક છે ઈ. (બરાબર) **વ્યવહારનય દ્વારા તો અનુમાન થતું જ નથી. એની તો દિશા જ વિપરીત છે. તેથી પ્રથમ નિશ્ચયનય દ્વારા સ્વભાવનું અનુમાન કરાવે છે. કે તું નિશ્ચયનયે અકર્તા જ છો. પછી નિશ્ચયનયને છોડી દે. 'હું તો સ્વભાવથી જ અકર્તા છું'-તો અકર્તાનો વિકલ્પ છૂટી જાય છે. અને અનુભવ થાય છે.**

સ્વભાવમાં આવ્યો એટલે નિશ્ચયનયનો વિકલ્પ છૂટી જાય છે. **હું તો સ્વભાવથી જ અકર્તા છું તો અકર્તાનો વિકલ્પ છૂટી જાય છે. અને અનુભવ થાય છે.** (વાહ ! બહુ સરસ.) ટંકોત્કીર્ણ વાત આવી છે. જેવું સ્વરૂપ છે એવું વાણીમાં આવ્યું છે. આ એક પળ હતી પળ બસ.

દ્રવ્ય સ્વભાવ-પર્યાયસ્વભાવ પેજ નં-૧૪

**નિશ્ચયનયે શુદ્ધ કહેતાં, કોઈ નયે અશુદ્ધ છે એમ આવી જશે. અને નિશ્ચયનયે નિત્ય કહેતા, કોઈ નયે અનિત્ય છે એમ આવી જશે. કેમકે નય સાપેક્ષ હોય છે. અને સ્વભાવ તો નિરપેક્ષ છે.**

(શ્રોતા-નય સાપેક્ષ છે અને સ્વભાવ નિરપેક્ષ છે.) નિરપેક્ષ છે; નયાતીત છે. **નય સ્વભાવથી જ સાપેક્ષ હોય છે અને સ્વભાવ, સ્વભાવથી જ અત્યંત નિરપેક્ષ હોય છે.**

(શ્રોતા-નયાતીત હૈ ના ?) નયાતીત. **વ્યવહારનય નિશ્ચયનયના દ્વારા નિષેધ્ય છે, અને નિશ્ચયનય સ્વભાવના દ્વારા નિષેધ્ય છે.** આબેહુબ વાત છે. આબેહુબ કડી બદ્ધ છે. જેવું સ્વરૂપ છે તેવું અને પૂરી વાત આવી ગઈ છે હોં !!!

**નય છે એ નિર્ણય કરવા માટે છે. અપૂર્વ નિર્ણય આવે છે. પરોક્ષ અનુભૂતિ થાય છે, પણ એમાં આનંદ નથી. જ્ઞાન છે એ અનુભવ માટે છે. પ્રત્યક્ષ અનુભૂતિ થાય છે. એમાં આનંદ આવે છે.** હમણાં ચર્ચા થઈ'તી તે આવી. (શ્રોતા-અક્ષરે અક્ષર પરમ સત્ય છે.)

**વ્યવહારદષ્ટિ તે મિથ્યાદષ્ટિ અને નિશ્ચયદષ્ટિ તે સમ્યકદષ્ટિ એમ આવે છે. (પણ) નિરપેક્ષ**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**દૃષ્ટિ તે સમ્યક્દૃષ્ટિ બસ નિરપેક્ષતામાં બે નયપક્ષ ઊભા જ ન થાય. અહીં નયાતીત થવાની વાત છે.** હવે આ એક મહત્ત્વની વાત આવે છે.

**નિશ્ચયનયથી એક જ ધર્મ ખ્યાલમાં આવે છે અને સ્વભાવની સમીપ જઈને જુએ છે તો આખો સ્વભાવ ખ્યાલમાં આવે છે. પરિપૂર્ણ સ્વભાવની પ્રાપ્તિ સ્વભાવદૃષ્ટિમાં થાય છે.**

આ વાત મુજબ જ હમણાં મારે સ્વાધ્યાય ચાલે છે. આત્મદ્રવ્ય આ નયથી આવું, આત્મદ્રવ્ય આ નયથી આવું છે, સુડતાલીસ નયો ચાલુ થયા સમજી ગયા ! તો એમાં પરિશિષ્ટમાં જ્ઞેય અધિકાર છે ને ? તો આત્મદ્રવ્યમાં અનંત ગુણો રહેલા છે, અનંતી પર્યાયો રહેલી છે, અને એને પોતાના શ્રુતજ્ઞાન પ્રમાણથી સ્વાનુભવ વડે ઈ...આખો આત્મા પ્રમેય થાય છે. અને પ્રમેય થયા પછી એ શ્રુતજ્ઞાન પ્રમાણના અંશો નય, એક-એક નયથી ચાલે છે વાત. પણ જો જો એક નયથી આત્માનો અનુભવ થતો નથી. પણ શ્રુતજ્ઞાન પ્રમાણ દ્વારા જ આત્માનો અનુભવ થાય છે. દ્રવ્ય અને પર્યાય બન્ને. બધા ધર્મો એમાં આવી જાય, બધું એમાં આવી જાય. જેવું સ્વરૂપ છે, જે ધર્મ જે સ્વરૂપે છે વર્તમાનમાં, ઈ..સ્વરૂપને આખા આત્માને જાણે છે, બસ. જાણે જ છે બસ. આમ તો જણાય છે. જણાય છે ને જાણે છે એ જ્ઞાનને, પણ બધાને ઉપચારથી જાણે છે એમ કહેવાય.

આખો આત્મા પ્રમાણજ્ઞાનમાં પ્રમેય થાય છે ઈ આ. ગુરુદેવ એક-એક ખુલાસો કરે છે હોં ! પછી કહે એકલો ધ્રુવ છે ને ઈ...નયનો વિષય છે. ઈ...પ્રમાણનો વિષય નથી. પ્રમાણ વિના અનુભવ નહીં થાય. (બરાબર) ધ્રુવને વિષય કરે છે ઈ એક નય છે. નયથી અનુભવ ન થાય. (શ્રોતા-જ્ઞેયપ્રધાન છે ને ?) હા, જ્ઞેય પ્રધાન છે. એનો અર્થ એમ કરે છે...જ્યારે દ્રવ્યનું અવલંબન તું લઈશ, ત્યારે દ્રવ્ય-પર્યાયનું આખા આત્માનું તને પ્રમાણજ્ઞાન શ્રુતજ્ઞાનમાં થઈ જશે. એટલે **ધ્યેયપૂર્વક જ્ઞેય** થઈ જશે; અને જ્ઞેયમાં બધુ આવી જશે. એમ કહે છે.

(ધ્યેયની) ઓલી વાત રાખીને એક આ બીજું પડખું જ્ઞેયપ્રધાન બતાવે છે. જ્ઞેયનું સ્વરૂપ પ્રમેય થાય છે. પ્રમેય એટલે જ્ઞેય થાય છે. પ્ર+મેય એટલે વિશેષ કરીને મેય નામ માપ આમ જ્ઞાનમાં આવી જાય છે. અનંત ધર્માત્મક આખો આત્મા એક સમયમાં યુગપદ્ જણાઈ જાય છે. જો આમાં એ જ વાત લીધી છે.

નિશ્ચયનયથી એકજ ધર્મ ખ્યાલમાં આવે છે. અને સ્વભાવની સમીપે જઈને જુએ છે તો આખો સ્વભાવ ખ્યાલમાં આવે છે. પરિપૂર્ણ સ્વભાવની પ્રાપ્તિ સ્વભાવદૃષ્ટિમાં થાય છે. નયદૃષ્ટિથી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માત્ર એકજ ધર્મની સિદ્ધિ થાય છે. આમાં ધ્યેય સાચું હોય, અને જ્ઞેયની ભૂલ પડી જાય, જ્ઞેય ખોટું તો પછી ધ્યેય પણ ખોટું ને ? (શ્રોતા-હા. જ્ઞેય ભી પૂરા આના ચાહિયે ના ?) પૂરા આના ચાહિયે. પૂરા આતા હી હૈ. અતીન્દ્રિય જ્ઞાનમાં એક સમયમાં પૂરા આતા હી હૈ. (અનુભવના કાળે) જેટલું કેવળજ્ઞાનમાં જાણવામાં આવે છે એટલું શ્રુતજ્ઞાનમાં જાણવામાં આવી જાય છે. (બરાબર) અક્રમે વિકલ્પ વિના અનુભવના કાળમાં આખો આત્મા પ્રમેય થાય છે. પછી પ્રમાણપૂર્વક નયની વાત સમજાવે છે.

હવે આમાં જો કોઈ જ્ઞેયના પક્ષવાળો હોય, પક્ષપાતી; જો અમે કહેતા હતા ઈ..આવી ગયું ને? જ્ઞેયના પક્ષવાળો જીવ ! જ્ઞેય તો હજુ થયું નથી હોં ! (શ્રોતા-જ્ઞેયના પક્ષથી જ્ઞેય થાય પણ નહીં.) ક્યાંથી થાય ? ધ્યેયના પક્ષથી પણ જ્ઞેય ન થાય તો જ્ઞેયના પક્ષથી જ્ઞેય ક્યાંથી થાય ? મને તો એક જ વાત નક્કી થઈ ગઈ છે. ત્યાંથી આવ્યું છે કે ''થવા યોગ્ય થાય છે'' અને જાણનાર જણાયા કરે છે.'' એટલે કોઈ કેમ સમજતું નથી એમ વિચાર બિલકુલ આવતો જ નથી. એની યોગ્યતા હશે ત્યારે સમજી જશે. બીજો કોઈ ઉપાય નથી. એક સાથે બે વાત તો કહી શકાય નહીં. ધ્યેયની વાત કહેતા હોઈએ ત્યારે ધ્યેયની વાત કરીએ, અને ધ્યેય પૂર્વક જ્ઞેય થયું ત્યારે ધ્યેયની વાત ન આવે. ભેળસેળ ન કરવી. ઍજન્ડા ઉપર જે વિષય હોય એ કહે ને ? ગુરુદેવ કહે છે. આમ તો જે દ્રવ્યાર્થિક નયથી દ્રવ્ય સામાન્ય છે એ પરિપૂર્ણ છે હોં ! અધુંરું નથી.

છતાં નય છે માટે અંશ છે. એમ બધું કહી દે ગુરુદેવ. કેમકે ઉત્પાદવ્યય રહી જાય છે ? એમાં. ઈ જ્ઞાનનું પડખું ઉત્પાદ્ વ્યય ધ્રુવયુક્તં સત્ છે. (શ્રોતા-જ્ઞાનના પડખાંથી જુઓ તો ધ્રુવ અંશ છે.) જ્ઞાનના પડખાંથી જુઓ તો અંશ છે ને ? કેમકે ત્રણ અંશ છે. અને એનો અંશી બનેલો છે. એમાંથી એક ધ્રુવ તમે લીધું તો અંશ થઈ ગયું ને ? દૃષ્ટિ અપેક્ષાએ પરિપૂર્ણ વસ્તુ છે, એજ કહે છે ગુરુદેવ; (શ્રોતા-હં. એમાં કાંઈ અંશ નથી) નહીં, અંશી છે. (શ્રોતા-દૃષ્ટિમાં અંશી છે.) હા ! પણ ત્યારે આખા જ્ઞેયમાં ત્રણ ભાગ કરો ત્યારે અંશ કહેવાય.

એટલે કેવળ સમજવાની વાત છે આ. કેવળ સમજે; પોતે સમજે, પોતાથી સમજે, (બસ એવી વાત છે.) કેવળ ઉપદેશથી પતે (સમજાય) એવું નથી. (શ્રોતા-પોતે સમજે તો એને બધું સમજાય.) આ બધું સમજાય એવું છે. સવાલ જ નથી પણ Delicate છે-નાજુક. (ખૂબ નાજુક) ડેલીકેટ એટલે નાજુક છે. આ બધો ખુલાસો ગુરુદેવ કરે છે હોં ! હા, નય છે ને ઈ એક અંશને જ જુએ છે. તે પણ સ્વભાવની અપેક્ષાએ અંશી છે, પરિપૂર્ણ છે. તો પણ નયનો વિષય છે માટે અંશ છે. એમ તો ઓલા ત્રણ નયની અપેક્ષાએ અંશ કહેવાય ને ? અને પ્રમાણની અપેક્ષાએ અંશી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહેવાય. એટલે બધી વાતોની ગુરુદેવ ઘણી ચોખવટ કરી ગયા છે. કોઈ જાતનો સવાલ જ નથી. સમજવું તો પોતાથી છે, બસ.

(શ્રોતા-માંડ માંડ નયમાં આવ્યો તો પ્રમાણની વાત કરી. પ્રમાણમાં આવે તો નયથી વાત કરી.એને એમ થાય કે હું શું સમજું આમાં ? મૂંઝાઈ જાય.) મૂંઝાઈ જાય, મૂંઝાઈ જાય. પણ એનો કાળ પાકે તો સમજી જાય.

**નિશ્ચયનયથી એક જ ધર્મ ખ્યાલમાં આવે છે, અને સ્વભાવની સમીપે જઈને જુએ છે તો આખો સ્વભાવ ખ્યાલમાં આવે છે. પરિપૂર્ણ સ્વભાવની પ્રાપ્તિ સ્વભાવદૃષ્ટિમાં થાય છે. નયદૃષ્ટિથી માત્ર એક જ ધર્મની સિદ્ધિ થાય છે. તેથી બીજા ધર્મોને જાણવાની આકુળતા ઉત્પન્ન થાય છે. નયમાં વિકલ્પની ઉત્પત્તિ થાય છે. એનું કારણ જ એ છે કે નયનો ધર્મ એક એક ધર્મને જાણવાનો છે. જ્યારે સ્વભાવની સમીપ જઈને જુએ છે તો આખો સ્વભાવ જણાય છે. અને કંઈ પણ જાણવું બાકી નહીં રહેતું હોવાથી નયપક્ષના વિકલ્પ ઉત્પન્ન જ થતા નથી. વિષયનો પ્રતિબંધ છૂટી જાય છે. અને અનુભવ થઈ જાય છે,** પૂરું સ્વરૂપ વહેરાવી દીધું (શ્રોતા-પૂરું સ્વરૂપ) પૂરું સ્વરૂપ આવી ગયું, આવી ગયું. આહા ! (શ્રોતા-એક એક વાક્ય અનુભવનું છે.) આ બધું ગૂઢ છે. આ તો અનુભવી જ સમજી શકે એવી વાત છે. અને કાં અનુભવની સમીપે હોય, સંસ્કારી હોય તો તે જ સમજી શકે. **વિષયનો પ્રતિબંધ છૂટી જાય છે અનુભવ થાય છે ત્યારે ધ્યેય પૂર્વક આખો સામાન્ય-વિશેષાત્મક આત્મા જ્ઞાનનું જ્ઞેય થાય છે. માટે સ્વભાવની દૃષ્ટિ થતાં જ પક્ષાતિક્રાંત થવાય છે. પરંતુ નિશ્ચયનયથી પક્ષાતિક્રાંત થવાતું નથી.**

(શ્રોતા-કેટલી નિર્દોષ વાત છે જૈનધર્મની હેં ? પરિશુદ્ધ ?) પરિશુદ્ધ;

આ તો નયપ્રધાન કથન આવ્યું ને આખું ? જે આત્મા સ્વભાવથી જ શુદ્ધ છે એને કોઈ નય દ્વારા શુદ્ધ કહેવો એ બરાબર નથી. આત્મા નિશ્ચયનયથી શુદ્ધ છે એ કથન સાચું છે પણ એમાં અનુભવ નથી પરંતુ એ કથન દ્વારા સ્વભાવનું માત્ર અનુમાન જ થઈ શકે છે. **આત્મા નિશ્ચયનયે શુદ્ધ છે એમ નહીં, પણ સ્વભાવથી જ શુદ્ધ છે. સીધા સ્વભાવને જ જુઓ તો જે નયના માધ્યમ દ્વારા વિકલ્પ આવતા હતા એ વિકલ્પ છૂટી જશે. સ્વભાવથી વિચારતાં વચ્ચે જે નય આવતી હતી એ નીકળી જશે. એકલું જ્ઞાન રહી જશે. અને અનુભવ થઈ જશે.**

(શ્રોતા-બહુ સરસ આહા !)

સ્વભાવથી વિચારતાં વચ્ચે જે નય આવતી હતી એ નીકળી જશે. એકલું, એકલું જ્ઞાન



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રહી જશે અને અનુભવ થઈ જશે. આહા ! **સ્વભાવથી, સ્વભાવ વિચારો (અને) નયના માધ્યમને-વિકલ્પને રહેવા દો.**

**"હું સ્વભાવથી જ શુદ્ધ છું" એમાં વ્યવયહારનયે અશુદ્ધ છું, એ દોષ છૂટી જાય છે. અને "નિશ્ચયનયે શુદ્ધ એ વિકલ્પ છૂટી જાય છે." નય છે એ વિકલ્પ છે. જેમ રાગથી અનુભવ ન થાય, એમ નયથી પણ અનુભવ ન થાય. નયનો વિકલ્પ છે ત્યાં સુધી અનુભવ ન થાય. કારણકે આડકતરી રીતે રાગની સાથે કર્તાકર્મની પ્રવૃત્તિ ચાલુ જ રહે છે.**

***નિશ્ચયનયે આમ છે એમ લેને ! પછી...નિશ્ચયનય છોડી દેવી. સ્વભાવથી આમ છે એમ લે ને ! આત્મા નિશ્ચયે અકર્તા છે એ પહેલાં લે ! પહેલાં લે, નિશ્ચયે અકર્તા છે લે ! વાંધો નહીં. થોડીકવાર...પછી 'સ્વભાવ' નયથી સ્વભાવ સિદ્ધ નહીં થાય ! નયથી અનુમાન થાય ! પણ નયથી સ્વભાવ સિદ્ધ નહીં થાય ! સ્વભાવ તો સ્વભાવથી સિદ્ધ છે ને સ્વભાવની સન્મુખ થાય તો સિદ્ધ થાય !***

***(જ્ઞાનથી જ્ઞાનનું ભેદજ્ઞાન પેજનં. ૨૮૧)***

***આત્માર્થીને સ્વભાવની જિજ્ઞાસા અને ઝંખના એવી ઉગ્ર હોય કે 'સ્વભાવ' સાંભળતાં તો હૃદયમાં સોંસરવટ ઉતરી જાય, અરે ! સ્વભાવ કહીને જ્ઞાની શું બતાવવા માગે છે ! એનું જ મારે ગ્રહણ કરવું છે, આમ રૂંવાટે રૂંવાટે સ્વભાવ પ્રત્યેનો ઉત્સાહ જાગેને વીર્યનો વેગ સ્વભાવ તરફ વળી જાય, સ્વભાવ પ્રાપ્ત કર્યે જ છૂટકો... ત્યાં સુધી એને ચેન ન પડે.***

***(આત્મધર્મ અંક ૧૫૫ મુખ પૃષ્ઠ)***



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ચર્ચા નં-૬ રાજકોટ

હવે પર્યાય સ્વભાવ આવશે. દ્રવ્ય સ્વભાવનાં પેજ વધારે છે.

**'પર્યાય સ્વભાવ'**

**સિદ્ધાંત :- વસ્તુ કદી પણ પોતાના સ્વભાવને છોડે નહીં. વસ્તુના બે વિભાગ.**

**(૧) દ્રવ્ય સ્વભાવ :- નિષ્ક્રિય સ્વરૂપ પોતાના અનાદિ અનંત અકર્તા સ્વભાવને છોડે નહીં, અને કદી પણ કર્તા થાય નહીં.** આ દ્રવ્ય સ્વભાવ.

**(૨) પર્યાય સ્વભાવ :- પર્યાય પણ એક વસ્તુ છે. સત્ અહેતુક છે. પર્યાય સ્વભાવથી જ ક્રિયાવંત છે. ઓલું (દ્રવ્યસ્વભાવ) નિષ્ક્રિય લીધું, અને આ સક્રિય લીધું.**

**પર્યાય-ક્રિયાવંત છે. અનાદિ અનંત તે પોતાની ક્રિયાના કારકને છોડે નહીં. પર્યાયમાં ક્રિયા-(સામાન્ય ઉત્પાદ-વ્યયરૂપ ક્રિયા, પરાશ્રિત કે સ્વાશ્રિત એવો ભેદ હમણાં ન પાડવો)-સમયે સમયે થયા જ કરે છે. એ એનો સ્વભાવ જ છે.**

**થતી ક્રિયાને હું કરું એ અજ્ઞાન. થતી ક્રિયાને હું રોકું એ પણ અજ્ઞાન.** કેમકે સ્વયં થયા કરે છે એને કરવું શું ? અને સ્વયં જ્ઞાયક જ્ઞેય થાય છે એને રોકવું શું ? (શ્રોતા-બરાબર. અચ્છા !) સ્વયં જ્ઞેય થઈ જાય છે એને કેવી રીતે રોકી શકાય ? અને સ્વયં ઉપજે છે એને કેવી રીતે ઉપજાવી શકાય ? બસ. ઉપજે એને ઉપજાવી શકાય નહીં અને વ્યય થાય એને રોકી શકાય નહીં. રોકી શકાય ? એ તો વ્યય થઈ જ જાય. રોકવાનો વિચાર કરો ત્યાં તો અસંખ્ય સમય વયા જાય. ત્યાં તો અસંખ્ય સમય વયા જાય. અસંખ્ય પર્યાય આમ થઈ જાય; કોને રોકે ?

**થતી ક્રિયાને હું રોકું એ પણ અજ્ઞાન, પર્યાયમાં કર્તા ભોક્તા ધર્મ સ્વભાવથી જ છે.** એ (Common) કોમન. સામાન્ય સ્વભાવ બસ. આ પર્યાયનો મૂળ સ્વભાવ કહ્યો. પછી એમાં minus ને plus (માઈનસ ને પ્લસ) થાય છે. ઈ એની ઉપાધિ થઈ ગઈ. આ તો પર્યાયના સ્વભાવની ચર્ચા ચાલે છે. પછી સ્વાશ્રિત તે શુદ્ધતા અને પરાશ્રિત તે અશુદ્ધતા એ વિષય જુદો છે. 'ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્'ઈ-એનો સ્વભાવ છે, બસ.

**પર્યાયનો કર્તાભોક્તા ધર્મ સ્વભાવથી જ છે. પર્યાય કરે છે ને ભોગવે છે એ એનો સ્વભાવ જ છે. કયા નયે પર્યાયને કરે છે ને ભોગવે છે એમ નહીં. બસ સ્વભાવથી જ એમાં કર્તાભોક્તાપણું છે.** જેમ સ્વભાવથી જ દ્રવ્ય અકર્તા છે, એમ સ્વભાવથી જ પર્યાયમાં કર્તા-ભોક્તાપણું અનાદિ અનંત



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે. નિગોદમાં હો કે સાધક અવસ્થામાં હો કે પરમાત્મ અવસ્થામાં કોઈ પણ હાલતની અંદર, પર્યાયમાં સ્વયં કર્તા ને ભોક્તાપણું એનો સ્વભાવ છે. કર્તા પણ એનો સ્વભાવ અને ભોક્તા પણ એનો સ્વભાવ. જે સમયે કરે તે સમયે ભોગવે. પાછું કર્તા ભોક્તાનો સમયભેદ નથી.

હવે ત્રણ ભેદ પાડ્યા છે. આ ત્રણ ભેદ મીઠાભાઈને બહુ ગમ્યા. મીઠાભાઈ બહુ ખુશ થયા. પર્યાયનો સ્વભાવ પણ લીધો છે ને ? એટલે ક્યાંય કોઈ કાંઈ કહી ન શકે એમ ! જેમ છે તેમ મધ્યસ્થતાથી આવ્યું છે ને ? ખેંચતાણની વાત જ ક્યાં છે ?

**અજ્ઞાન દશામાં રાગને કરે છે ને દુઃખને ભોગવે છે.** કેમકે આ પર્યાય સ્વભાવ છે. પર્યાય સ્વભાવ રાગને કરે ને દુઃખને ભોગવે ત્યારે દ્રવ્ય રાગને કરે છે ને દુઃખને ભોગવે છે એમ તો છે જ નહીં. અને છતાં માને તો એ અજ્ઞાન છે, એમ. (એટલે પર્યાય દુઃખને ભોગવે, પર્યાય દૃષ્ટિવાળો પણ, એની પર્યાય જ દુઃખનું કારણ છે ને દુઃખને ભોગવે છે. હા, પર્યાય દૃષ્ટિવાળો જીવ પણ (પર્યાય દૃષ્ટિવાળાની જ,) પર્યાયની એવી યોગ્યતા છે રાગને કરવાની અને ભોગવવાની. પર્યાય કરે ને ભોગવે. દ્રવ્યસ્વભાવ તો કરે ને ભોગવે એમ છે જ નહીં. અજ્ઞાની જીવને પણ કર્તા ભોક્તા પ્રતિભાસે છે.

(હા, પ્રતિભાસ હૈ.) લેકિન ઈસકા અર્થ યે (દ્રવ્ય) કર્તા હૈ ને ભોક્તા હૈ ઐસા નહીં હૈ. (ઉસમેં ઐસા આ ગયા કિ કર્તા ભોક્તા હોતા નહીં હૈ.) હોતા નહીં હૈ. તીનકાલ મેં હોતા નહીં હૈ. (કર્તા પ્રતિભાસે છે, ભોક્તા પ્રતિભાસે છે ઈ..અજ્ઞાન છે.) એનું અજ્ઞાન છે પ્રતિભાસે છે ઈ અજ્ઞાન છે. અને એને એમ પ્રતિભાસે છે, કે પર્યાય કરે ને ભોગવે છે. હું તો અકર્તા રહ્યો છું; તો ભેદજ્ઞાન થઈને અનુભવ થઈ જાય.

હવે કરે છે પર્યાય, અને માને છે કે હું કરું છું, દુઃખને ભોગવે છે પર્યાય, અને માને છે કે હું દુઃખને ભોગવું છું, આનંદને ભોગવે છે પર્યાય અને માને હું ભોગવું છું આનંદ ને ! એમ નથી. એ બધા ઉપચારના-વ્યવહારના કથનો છે. અને એ વાત કરી છે સમયસાર અગિયારમી ગાથામાં ''વ્યવહાર સઘળોય અભૂતાર્થ છે.'' એ વાત સો ટકા સાચી છે. આખો એ સંસાર ઊભો થયો હોય તો, જિનાગમમાં જે વ્યવહાર લીધો છે એ સાચો લાગ્યો છે. (બસ, ઈસમેં કર્તાબુદ્ધિ ભોક્તાબુદ્ધિ હો ગઈ.) ઉત્પન્ન હો ગઈ. ખલાસ ! (આહા ! આ પર્યાય સ્વભાવ સમજે તો કર્તા ભોક્તા બુદ્ધિ દૂર થઈ જાય.) દૂર થઈ જાય, પર્યાયનો સ્વભાવ છે, મારો સ્વભાવ નથી એમ, બે ભાગલા પાડી દીધા ને ? દ્રવ્ય સ્વભાવ શું ને પર્યાય સ્વભાવ શું ? દ્રવ્યસ્વભાવ નિષ્ક્રિય કહી દીધો. પર્યાય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવની વાત છે છતાં વસ્તુના બે સિદ્ધાંત, વસ્તુના બે ભાગ, એક દ્રવ્યસ્વભાવ ને પર્યાય સ્વભાવ.

દ્રવ્ય સ્વભાવ ત્રણેકાળ નિષ્ક્રિય છે. અને પર્યાય સ્વભાવ ત્રણેકાળ સક્રિય છે. નિષ્ક્રિય સક્રિય ન થાય અને સક્રિય નિષ્ક્રિય ન થાય. પોતાના ભાવને છોડે નહીં. આ તો સર્વજ્ઞ ભગવાનની વાણીમાંથી આવેલી વાત છે. એ ફરે ક્યાંથી ? આ જિનાગમ તો અજ્ઞાન ટળવાનું નિમિત્ત છે.

**અજ્ઞાન દશામાં રાગને કરે છે ને દુઃખને ભોગવે છે અને સાધક દશામાં વીતરાગતા+રાગને કરે છે ને આનંદ+દુઃખને ભોગવે છે.** બે વાત લીધી. સાધકદશા ત્યારે જ સિદ્ધ થાય છે. હા. (વીતરાગતા અને રાગ.) જુઓ ! આમાં એક ખુબી છે, અજ્ઞાન દશામાં રાગને કરે છે ને દુઃખને ભોગવે છે. આમાં 'આત્મા' શબ્દ ક્યાંય મૂક્યો નથી. (ક્યાંય આત્મા છે જ નહીં.) ક્યાં છે ? પણ પર્યાય કરે છે ને ભોગવે છે ને ? (શ્રોતા-પર્યાયની જ વાત છે ને ? પર્યાય સ્વભાવની જ વાત ચાલે છે.) **એમાં અકર્તા સુરક્ષિત રહી ગયો છે. જરાક મધ્યસ્થતાથી વિચારે ને ? પોતાની દૃષ્ટિથી વાંચે તો નહીં સમજાય.** (તો તો આમાં સાથે આત્મા જ વાંચી લ્યે. આત્મા જ વાંચી લ્યે. આત્મા જ કરે છે ને ભોગવે છે આહાહા ! આ તો મિથ્યાત્વ કેમ જાય અને સમ્યકત્વ કેમ થાય એનો આ પાઠ છે ! (બરાબર...બરાબર...સાચી વાત છે.)

હવે સાધક દશામાં આવી ગયો. આત્મા વીતરાગતાને કરે, ને આનંદ+દુઃખને ભોગવે એમ નહીં. (નહીં, એમ નહીં. અજ્ઞાન આત્મા, સાધક આત્મા, સાધ્ય આત્મા.) 'આત્મા' શબ્દ વાપર્યો જ નથી. આ પર્યાયના ધર્મનું જ્ઞાન કરાવે છે. તેનો વિષય ચાલે છે. પર્યાયનો ધર્મ શું ? સ્વભાવ શું ? એની વાત ચાલે છે.

**સાધકદશામાં વીતરાગતા+રાગને કરે છે ને આનંદ અને દુઃખને ભોગવે છે.** કેમકે વીતરાગતાનું ફળ આનંદ છે. રાગ બાકી રહ્યો છે એટલું દુઃખ એ બન્ને વાત લીધી. **સાધ્યદશામાં પૂર્ણ વીતરાગતાને કરે છે અને પૂર્ણ આનંદને ભોગવે છે. આમ પર્યાય પોતાના કર્તા, ભોક્તા ધર્મને કદી પણ છોડતી નથી.** કેટલું સ્પષ્ટ કર્યું છે ? પાછું આમાં ક્યાંય આત્માની વાત નથી. (નહીં, આત્માની વાત નથી પર્યાય સ્વભાવની વાત છે.) મીઠાભાઈ ! બહુ ખુશ થયા, આ ત્રણ પ્રકાર (પર્યાયના) ગજબનાં છે.

પર્યાયની કેટલી જુદાઈ છે ! આહા ! પર્યાય મિથ્યાત્વને કરે તોય આત્મા અકર્તા રહે. પર્યાય સમ્યક્દર્શનને કરે તોય આત્મા અકર્તા રહે આહાહા ! પછી પરિણમે છે તો કર્તા એવા બધા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપચારનાં કથનો ઘણાં. પહેલાં નિરપેક્ષ સમજવા જેવું છે. આ નિરપેક્ષ સ્વભાવ છે. બે સત્ અલગ છે. (પહેલાં આ વાત સમજવા જેવી છે. પછી કર્તા થાય છે ઈ..આનું ફળ છે.) આ ઉપચાર છે હોં ! આત્મા કર્તા થાય છે એમ તેં કહ્યું તે ઉપચાર. (શુદ્ધ પર્યાયનો પણ આત્મા ઉપચારથી પણ કર્તા નથી.) નથી. ઈ..આ.

પર્યાય શુદ્ધ પર્યાયને કરે છે ને આનંદને ભોગવે છે. (આનંદને પર્યાય ભોગવે છે. આનંદની પર્યાયને કરે છે.) કરે છે. (જીવ કરે છે એ તો ઉપચાર છે.) ઉપચાર છે. એવો ઉપચાર લીધો જ નથી. પર્યાય સ્વભાવની વાત છે. (આ સમજે તો ઉપચાર નીકળી જાય.) નીકળી જાય. (ઉપચાર લેવાની વાત જ ક્યાં છે ? કાઢવાની વાત છે. ઉપચાર તો કાઢવો; કાઢવા માટે હોય છે, રાખવા માટે ન હોય. આ બહુ સરસ વાત છે. આવી સ્પષ્ટતા કોઈએ કરી નથી.) કોઈ પળ હતી. (આવો દ્રવ્યસ્વભાવ અને આવો પર્યાય સ્વભાવ, બહુ ચોખ્ખું ! એકદમ સ્પષ્ટ.) જેવું છે તેવું આવી ગયું, બસ. (કેવી રીતે બધું આવી ગયું ?) પળ હતી પળ. તે પળ આવી ગઈ. (ધન્ય પળ હતી.)

આમાં પછી કેવળજ્ઞાનમાં જેવું ભાસે છે એવું સ્વરૂપ શબ્દબ્રહ્મમાં છે. પોતાનું તો લક્ષ નથી ત્યાં; લક્ષ શબ્દ ઉપરે નથી ને લોકાલોક ઉપરેય નથી, હેં ? છતાંય જેવું ભાસ્યું છે એવું વાણીમાં આવ્યું છે ! જેવું ભાસે એવું વાણીમાં આવે એવો નિયમ છે. બધાને.

(આ દ્રવ્યસ્વભાવને અને પર્યાય સ્વભાવને સમજે તો છેલ્લે સુધી કામ આવે. કર્તાબુદ્ધિ પણ જાય, કર્તાનો ઉપચાર પણ જાય.) જ્ઞાતાબુદ્ધિ એ જાય અને જ્ઞાતાનો ઉપચારે જાય. (એકદમ લાઈન સાફ થઈ ગઈ. એકદમ સફાઈ થઈ ગઈ.) (બે સત્ જુદા-જુદા જોયાને એટલે ઉપચાર કાંઈ આવે જ નહીં.) પરસ્પર નિરપેક્ષ હોય ને ? (સ્વભાવને સ્વભાવ સે દેખો. ભાઈ ! નિર્વિકલ્પ, નિર્વિકલ્પતા જ રહે. બીજું કાંઈ નહીં, વાહ ! બહુ સરસ અમૃત છે આ.)

**પર્યાય પોતાના કર્તા ભોક્તાપણાને કદી પણ છોડતી નથી.** કોઈ દિ'પર્યાયમાંથી ક્રિયા વઈ જાય એમ બને ? (ન બને) (ને આત્મા કોઈ દિ' ક્રિયાવાન થઈ જાય એમ ન હોય !) ન બને. સ્વભાવ જ એવો છે. સ્વભાવને કેમ છોડે પણ !! **પર્યાયના આવા સ્વભાવને જાણવાનો નિષેધ નથી, પણ એમાં હુંપણાનો નિષેધ છે.** બોલો જાણવાનો નિષેધ નથી. અને કહે જાણવાનું બંધ કરાવે છે !)

ના રે ના. (આવા સ્વભાવને તો જાણવાનું કહે છે. જાણવાનો નિષેધ નથી.) ના, ના ! પણ એમાં હુંપણાનો નિષેધ છે. હું કરું છું ને હું ભોગવું છું એનો નિષેધ છે. (વાહ !) આ તો ઉલટું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાણપણું એમાં સાચું થયું. એમાં જાણવાનો નિષેધ ક્યાંથી આવે ? પર્યાયનો આવો સ્વભાવ છે એમ જાણ્યું. એમ જણાયું એમાં નિષેધ ક્યાં આવ્યો ?

આવો છે પર્યાય સ્વભાવ ! અજ્ઞાન દશા, સાધક દશા ને સિદ્ધ દશા. ત્રણ દશા લખી. બહિરાત્મા, અંતરાત્મા, અને પરમાત્મા. **પર્યાયના આવા સ્વભાવને જાણવાનો નિષેધ નથી પણ એમાં હુંપણાનો નિષેધ છે. હું તો જ્ઞાયક છું. સ્વભાવથી જ અકારક ને અવેદક છું. હુંપણું અહીં આવ્યું તો, દ્રવ્ય સ્વભાવને જાણતાં જાણતાં, પર્યાયના કર્તાભોક્તાધર્મો જેમ છે એમ જણાય જાય છે.** આહાહા ! જાણે છે એમ નહીં પણ જણાઈ જાય છે. (જણાય જાય છે.) જણાય જાય છે એમાં ઈ...પર્યાય ઉપર લક્ષ નથી. દ્રવ્ય ઉપર લક્ષ છૂટે નહીં અને પર્યાય જણાયા કરે. (બરાબર.)

**હું તો જ્ઞાયક છું. સ્વભાવથી જ અકારક ને અવેદક છું. હુંપણું અહીં (દ્રવ્યસ્વભાવમાં) આવ્યું તો, દ્રવ્યસ્વભાવને જાણતાં જાણતા પર્યાયના કર્તાભોક્તાધર્મો જેમ છે એમ જણાઈ જાય છે. આત્મા વ્યવહારથી કર્તા ભોક્તા નથી. એ તો પર્યાય સ્વભાવ જ છે. કર્તા ભોક્તા ધર્મો પર્યાયમાં સ્વભાવથી જ છે. ધર્મી તો માત્ર પર્યાયના ધર્મોને જાણે છે. વ્યવહારનયે પણ હું કર્તા ભોક્તા નથી.** હુંપણું ક્યાંથી આવે એમાં. એટલા આ ઉપચારનો નિષેધ. તમે હમણાં કહ્યું ને ?

(વ્યવહારથી કર્તા ભોક્તા છે આવે છે ને ?) ઈ...ઉપચાર છે, એનો નિષેધ કરે તો અજ્ઞાન ટળી જાય. (હું કરું છું ને હું ભોગવું છું નીકળી જાય.) અને કર્તા ભોક્તાનું જ્ઞાન થઈ જાય. (ધર્મોનું જ્ઞાન થઈ જાય.) ધર્મોનું જ્ઞાન થાય. ધર્મો એટલે એનો સ્વભાવ. (હા. પર્યાય સ્વભાવ)

**આત્મા વ્યવહારથી કર્તા ભોક્તા છે એમ ન લેવું. આત્મા વ્યવહારનયે કર્તા ભોક્તા છે એમ ન લે. અને પર્યાયનો કર્તા પર્યાય નિશ્ચયનયે છે એમ પણ ન લે !** <u>પર્યાય સ્વભાવથી જ ક્રિયાવંત છે એમ જાણ.</u> **આહા ! કોઈ જ નયપક્ષ ઊભો નહીં થાય.** બહુ ઊંડાણનું આમાં આવ્યું છે હો !! આત્મા વ્યવહાર નયે કર્તા ભોક્તા છે એમ ન લે. અને પર્યાયનો કર્તા પર્યાય નિશ્ચયનયે છે એમ પણ ન લે ! એમ. પર્યાય સ્વભાવથી જ ક્રિયાવંત છે એમ જાણ ! કોઈ જ નયપક્ષ ઊભો નહીં થાય. વિકલ્પ ઉત્પન્ન નહીં થાય. જો વ્યવહારનય અને નિશ્ચયનય લગાડીશ તો બેય વિકલ્પ ઊભા થશે. (નય વિકલ્પ ઉભા થશે.) નય વિકલ્પ ઊભા થશે. સ્વભાવથી જોતાં નય વિકલ્પ નહીં ઊભા થાય.

તમે હમણાં બોલ્યા'તા ને ? નિર્વિકલ્પ થઈ જાય. એમ બોલ્યા'તા ને ? એવી ચીજ છે. (પર્યાય સ્વભાવને જાણે તો નિર્વિકલ્પ થઈ જાય ?) હા. પર્યાય સ્વભાવને જાણે તો નિર્વિકલ્પ થઈ જાય. કેમકે કર્તાબુદ્ધિ જાય ને ? અને કર્તાનો ઉપચાર પણ જાય ને ? (જાય, જાય, બસ. બધા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રકારના વિકલ્પો નીકળી જાય.) વિકલ્પ નીકળી જાય બસ. સ્વભાવનું ભાન અને સ્વભાવ (પર્યાય) નું જ્ઞાન રહી જાય છે. (પર્યાય સ્વભાવનું જ્ઞાન અને દ્રવ્ય સ્વભાવનું ભાન, હૈ ના?) ઐસા હૈ, ઐસા હૈ. (શ્રોતા-વાહ ! બહુ સરસ.)

દ્રવ્યસ્વભાવ અને પર્યાય સ્વભાવની રચના રૂપે શબ્દ પરિણમી ગયું છે બસ. હેં ? (આપ જેવું સ્વરૂપ છે તેવું બતાવો છો.) હા. એવું જ હોં ! પળ હતી પળ. (શબ્દમેં ભી આત્માકો કહને કી શક્તિ હૈ ના ?) શક્તિ હૈ. સ્વપરને કહેવાની શક્તિ છે એનામાં. અને આત્મામાં સ્વપરને જાણવાની શક્તિ છે. બે ભાગ પાડે છે ગુરુદેવ ! (બરાબર.) શબ્દમાં કહેવાની શક્તિ છે એટલે તો આ પરંપરા ચાલે છે ઉપદેશની.

(આત્મા વ્યવહારનયે કર્તા ભોક્તા છે એમ ન લે. અચ્છા ? અને પર્યાયનો કર્તા પર્યાય નિશ્ચયનયે છે એમ પણ ન લે.) આત્મામાં વ્યવહારનય ન લગાડ અને પર્યાયમાં નિશ્ચયનય છે એમ પણ ન લે.) આત્મામાં વ્યવહારનય ન લગાડ અને પર્યાયમાં નિશ્ચયનય ન લગાડ એમ ! (બરાબર.) નહીં તો એમ કહેવાય કે પર્યાયનો કર્તા ભોક્તા નિશ્ચયથી છે પર્યાય એમ કહેવાય. ને ઉપચારથી આત્મા છે એમ કહેવાય. (ઈસમેં ક્યા ઈસમેં તો વિકલ્પ હી ઉત્પન્ન હોતા હૈ.) વિકલ્પ હી ઉત્પન્ન હોતા હૈ. (ન તો દ્રવ્યનો સ્વભાવ ખ્યાલમાં આવશે ન તો પર્યાયનો સ્વભાવ ખ્યાલમાં આવશે. આ તો ભાઈ ! કોઈ જુદી જ જાતની વાત આવી. વાત જ અલગ ટાઈપની વાતમાં જ નિર્વિકલ્પતા આવી જાય એવું છે.) એટલું જ છે.

**આત્મા વ્યવહારનયે કર્તા-ભોક્તા છે એમ ન લે. અને પર્યાયનો કર્તા પર્યાય નિશ્ચયનયે છે- એમ પણ ન લે ! પર્યાય સ્વભાવથી જ ક્રિયાવંત છે એમ જાણ. કોઈ નયપક્ષ ઊભો નહીં થાય.** બે પ્રકારના જે વિકલ્પ ઉપર કહ્યાને ? એ વિકલ્પ નહીં ઉત્પન્ન થાય, એમ. **પર્યાય જણાય એ પણ સ્વાભાવિક છે.** પર્યાય જણાય એ પણ સ્વાભાવિક છે. **એવી જ કોઈ સ્વભાવિક સ્વચ્છતા છે. એના જાણપણાનો (જણાવાપણાનો) નિષેધ નથી. પ્રથમ નિષેધ કરાવ્યો કેમકે પર્યાયમાં જ આત્મબુદ્ધિ હતી.** એટલે નિષેધ કરાવ્યો. **હવે તો આત્માને જાણતાં-જાણતાં પર્યાય એના ધર્મો સહિત જેમ છે તેમ જણાય છે.**

પર્યાય એના ધર્મો સહિત, વીતરાગ ધર્મ કે રાગ ધર્મ જે હોય ઈ..સહિત-(માત્ર) પર્યાય જણાય છે એમ નહીં. પર્યાય એના ધર્મો સહિત, જેમ છે તેમ પર્યાયનો જ્ઞાતા પણ બરાબર હોય છે. જે પર્યાય જે રીતે છે તે રીતે જ્ઞાનમાં જણાય ને ? એમ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશ્ન :– આત્મા રાગને ક્યા નયે કરે છે ?**

**ઉત્તર :- અરે ! એમ નથી. એ તો એ સમયની પર્યાયની પોતાની યોગ્યતા છે. (સ્વભાવ) છે. એ પર્યાયનો વિભાવ સ્વભાવ છે. તો જે રાગ થયો તે પર્યાય સ્વભાવથી થયો છે.** આત્મા કરે છે એમ નથી. આત્મા રાગને કઈ નયે કરે છે ? કોઈ નયથી આત્મા એને કરતો જ નથી. કોઈ નય લાગુ ન પડે આત્માને. કેમકે એને નયની જરૂર જ નથી. એના સ્વભાવથી કાર્ય થાય છે. નિશ્ચયનયે ન કરે, અને વ્યવહારનયે ન કરે; થાય એને જાણે બસ. (આ પર્યાયની યોગ્યતા એવી હતી એટલે થયું. પર્યાય સ્વભાવને જ્ઞાન જાણે છે.) જાણે છે બસ.

આમાં તો કેટલી વીતરાગતા થઈ ગઈ. (એકલી વીતરાગતા. એકલું જ્ઞાતાપણું રહી ગયું જ્ઞાતા, જાણનાર રહી ગયો. બસ. (થવા યોગ્ય થાય છે.) બસ. **"થવા યોગ્ય થાય છે. જાણનાર જણાય છે."** બે જ વાત છે. એની ક્રિયાનો નિષેધ ક્યાં છે ? અરે ! એ તો એ સમયની પર્યાયની પોતાની યોગ્યતા એ તો સ્વભાવ છે. પર્યાયનો વિભાવ સ્વભાવ છે. ઈ..તો રાગ થયો એ, પર્યાય સ્વભાવથી થયો છે.

**અરે ! ત્યાં તો નયના વિકલ્પથી જ્ઞાન છૂટી ગયું ! એકલો 'જ્ઞાતા' થઈ ગયો.** હમણાં તમે કહ્યું ને ઈ જ આવ્યું. (બરાબર એકલો જ્ઞાતા થઈ ગયો.) નયના વિકલ્પ છૂટી જાય તો જ્ઞાતા જ થાય ને ? (જ્ઞાતા જ બરાબર.) નયના વિકલ્પ છે ત્યાં સુધી સાક્ષાત્ જ્ઞાતા થતો જ નથી. અનુભવકાળમાં કોઈ નય હોતી જ નથી. નિશ્ચયનયં પણ નથી અને વ્યવહારનય પણ નથી. "જેઉ જહાઁ સાધક હૈ તેઉ તહાં બાધક હૈ." નય બાધક જ છે બેન ! કાંઈ છે નહીં.

**ત્યાં તો નયનું જ્ઞાન છૂટી ગયું એકલો જ્ઞાતા થઈ ગયો. નયના વિકલ્પથી છૂટી એકલું જ્ઞાન રહી ગયું.** ઉપાધિ નીકળી ગઈ. **સ્વભાવને જાણવામાં નયની જરૂરત નથી, પરંતુ નયાતીત જ્ઞાનની જરૂરત છે.** સ્વભાવને જાણવામાં નયની જરૂરત જ નથી પરંતુ નયાતીત જ્ઞાનની જરૂરત છે. સોગાનીજીએ કહ્યું છે ને બન્ને સ્વભાવને જાણતાં જાણતાં મોક્ષ થાય. અકર્તા કર્તાને જાણતાં-જાણતાં મોક્ષ થાય. બન્નેના સ્વભાવને જાણે છે. એટલે પ્રમાણજ્ઞાન થઈ ગયું ને ! દ્રવ્યને દ્રવ્યરૂપ પર્યાયને પર્યાયરૂપ જાણતું જ જ્ઞાન પ્રગટ થાય છે. (એ જ અંદરનું સ્વપર પ્રકાશકને ?) એજ અંદરનું સ્વપર પ્રકાશક છે.

**એક નિશ્ચયનયથી નિરપેક્ષ દ્રવ્યનો સ્વભાવ, બીજો વ્યવહારનયથી નિરપેક્ષ પર્યાયનો સ્વભાવ. બન્ને નયોના વિકલ્પોને ઓળંગી ગયો તો સાક્ષાત્ જ્ઞાતા થઈ ગયો.**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પર્યાય પર્યાયથી થાય છે એમ હું જાણું, પણ પર્યાય મારાથી થાય એમ હું ન જાણું. કેમકે પર્યાય સ્વભાવથી જ પરિણમી રહી છે. કારણકે પર્યાય સત્ છે. પર્યાયને વ્યવહારે જાણું પણ પર્યાયને વ્યવહારે કરું નહીં.** કરવાની વાત જ નથી. જાણવાની વાત છે. અને વ્યવહારે જાણે પર્યાયને એટલે કે એના ઉપર લક્ષ નથી. એટલે વ્યવહાર. (પર્યાયને વ્યવહારે જાણું પણ પર્યાયને વ્યવહારે કરું નહીં.) કરું નહીં એ નિષેધ કરવા માટે, જાણું ! એમ કહ્યું.

**- સ્વભાવથી સમજતાં વિકલ્પ છૂટી જાય છે.**

**- નયથી સમજતાં વિકલ્પ રહી જાય છે.**

આહા ! સ્વભાવમાં અપેક્ષા લગાડશો તો વિકલ્પ ઊઠશે, સ્વભાવ હાથમાં નહીં આવે. પર્યાય સ્વભાવથી જ ક્રિયાવંત છે, તો આત્મા ઉપચારથી પર્યાયને કરે છે એ ક્યાં આવ્યું ? આ મૂળ વાત છે હોં ? પર્યાયના ક્રિયાના કારકો સ્વભાવથી જ થયા કરે છે, પછી એને કઈ નયે આત્મા કરે છે એ ક્યાં આવ્યું ? લાગુ જ ન પડે ને ? આહા ! જો આ ઉપચારનો નિષેધ આવ્યો !!

**પર્યાય સ્વભાવથી જ ક્રિયાવંત છે. તો આત્મા ઉપચારથી પર્યાયને કરે છે એ ક્યાં આવ્યું ?** એટલે કર્તા નથી કારયિતા નથી, અનુમોદક નથી, ઈ..આ આવ્યું. (બરાબર. તો દૃષ્ટિ સીધી અકર્તા સ્વભાવ ઉપર ગઈ તો કર્તાધર્મનો પણ જ્ઞાતા થઈ ગયો. (આહા ! ભાઈ ! કેટલી વ્યવસ્થિત વાત છે આમાં ! ખરેખર. દૃષ્ટિ સીધી અકર્તા સ્વભાવ ઉપર ગઈ તો કર્તાધર્મનો પણ જ્ઞાતા થઈ ગયો.) અકર્તા ઉપર દૃષ્ટિ જાય ત્યારે પર્યાયનો જ્ઞાતા થાય. (એટલામાં તો બધું આવી ગયું.) બધું આવી ગયું. આ અઢી લીટી બહુ સરસ છે.

**પર્યાયસ્વભાવ જ ક્રિયાવંત છે તો આત્મા ઉપચારથી પર્યાયને કરે એ ક્યાં આવ્યું ? તો દૃષ્ટિ સીધી અકર્તા સ્વભાવ ઉપર ગઈ તો કર્તા ધર્મનો પણ જ્ઞાતા થઈ ગયો.** (શ્રોતા-બહુ સરસ.)

**- ક્રિયા ન કરવી એ દ્રવ્યનો સ્વભાવ.**

**- ક્રિયા કરવી એ પર્યાયનો સ્વભાવ.**

**- બન્નેને જાણવું એ જ્ઞાનનો (જ્ઞાતાનો સ્વભાવ.)**

(શ્રોતા-સુત્ર છે હીરા છે. આહાહા ! બહુ સરસ.) **ક્રિયા ન કરવી એ દ્રવ્યનો સ્વભાવ ક્રિયા કરવી એ પર્યાયનો સ્વભાવ, બન્નેને જાણવું એ જ્ઞાનનો એટલે જ્ઞાતાનો સ્વભાવ.**

**પર્યાયને સ્વભાવથી જ જુઓ તો વ્યવહારનયે આત્મા કર્તા છે એ ઉપચાર નીકળી જશે. ઉપચારને ઓળંગે તો અનુભવ થાય.** આવી કોઈ વાત આવી ગઈ છે હેં ? કોઈ પળ હતી હોં !



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચાલતું હતું ને ? ચાલતું'તું એમાં પર્યાય સ્વભાવ આવ્યો ને ? મેં વાત કરી હતી કેઃ દ્રવ્યસ્વભાવ પહેલાં લેશું પછી પર્યાય સ્વભાવ.

(પર્યાયને સ્વભાવથી જુઓ તો વ્યવહારનયે આત્મા કર્તા છે એ ઉપચાર નીકળી જશે.) પણ ઉપચાર કર્યા જ કરે તો તો વિકલ્પ આવ્યા કરે ને ? (અકર્તા સરખી રીતે દેખાય જ નહીં.) કેમકે કર્તા છે, ઉપચારથી કર્તા છું, નિર્મળ પર્યાયનો ઉપચારથી હું કર્તા છું, ઉપચારે કર્તા છું, નિર્મળ પર્યાયનો ઉપચારથી હું કર્તા છું એમ આવ્યું ને ? (પછી ઉપચાર નીકળી જાય છે ને કર્તા બુદ્ધિ રહી જાય છે.) હા. કર્તાબુદ્ધિ જ થાય છે. <u>ઉપચારના નામે પણ કર્તાબુદ્ધિ રહી જાય છે. ઉપચારની વાતો જ કરે છે બાકી કર્તાબુદ્ધિ જ છે</u>. (કેમકે આ ખબર ન હોય) મૂળ પર્યાયના સ્વભાવની ખબર ન હોય ત્યાં સુધી ઉપચાર નીકળે કેવી રીતે ? ન નીકળે; ન નીકળે. (શ્રોતા-નીકળે નહીં તો કર્તાબુદ્ધિ પણ કેવી રીતે જાય ?) કતાબુદ્ધિ રહે જ. નામ જ ઉપચાર, વ્યવહારથી કરું છું પણ નિશ્ચયનયથી જ કરે છે. (માને છે નિશ્ચયથી એટલે આ બધું જરૂરી છે. એટલે પર્યાય સ્વભાવને આ રીતે ચોખ્ખો જાણવો બહુ જ જરૂરી છે.

પર્યાયને સ્વભાવથી જુઓ તો વ્યવહારનયે આત્મા કર્તા છે એ ઉપચાર નીકળી જશે. ઉપચારને ઓળંગે તો અનુભવ થાય. જ્યાં સુધી ઉપચારમાં ઊભો છે ત્યાં સુધી વિકલ્પ છે. ભલે ને જ્ઞાની હોય ! તોપણ એણે ઉપચારને ઓળંગવાની વાત પરમાર્થ પ્રતિક્રમણમાં કરી છે. અને પૂ.ગુરુદેવે પણ કહ્યું કે ઉપચારથી પણ કર્તા નથી એમ લેવું. (આપે કહ્યું છે ને કે પર્યાય સ્વભાવને પર્યાય સ્વભાવથી જો તો ઉપચાર આવશે જ નહીં.) ક્યાંથી આવે ? હું અકર્તા છું, તો ઉપચાર ન આવ્યો ને ? અને પર્યાય પર્યાયને કરે છે એમ જાણવામાં આવી ગયું; બસ. (શ્રોતા-તો ઉપચાર નીકળી ગયો. આપશ્રીએ તો ઉપચાર નીકળવાનું એક મૂળ કારણ દીધું છે.) મૂળ કારણ દિયા કે ઉસકો ઉસકા સ્વભાવસે દેખો. પર્યાય, પર્યાયકે સ્વભાવસે હી સત્ અહેતુક ક્રિયા કરે છે, તારા કર્તાપણાની અપેક્ષા વિના. <u>એક સત્ નિરપેક્ષ છે તેને બીજા સત્‌ની અપેક્ષા નથી.</u>

(અને પર્યાય પર્યાયને કરે છે એ કાંઈ નિશ્ચયનયથી નથી કરતી. એ તો સ્વભાવથી જ કરે છે. એટલે એને ભાઈ ! કોઈ વિકલ્પની જરૂરત જ નથી.) વાત સાચી છે. (તેને નિશ્ચયનયની જરૂરત નથી, તો પછી આત્મા કરે છે એવા વ્યવહારની જરૂરત તો ક્યાંથી હોય એને ?) નિશ્ચયનયથી પર્યાય પર્યાયને કરે છે એવી જરૂર નથી. સત્‌ને માટે તો વ્યવહારથી આત્મા કરે છે એવી જરૂરત ક્યાંથી હોય ?



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ તમે કહ્યું એટલે છપાવ્યું ! બાકી તો રહી જાત. (શ્રોતા-સારું થયું ને ? છપાઈ ગયું તો ફરી ફરીને વંચાશે.) વંચાય અને એની એડીશન થયા કરે. અને પરંપરા ચાલે. આ બધા જે પૂર્વના સાધકો થઈ ગયા છે એના પુસ્તકો રહી ગયા. ઈ છપાણાં એટલે રહી ગયા છે. દોલતરામજી છે દીપચંદજી છે, એવા ઘણા ઘણા થઈ ગયા છે ને ? જ્ઞાની સાધકો ગૃહસ્થી થઈ ગયા છે.

**પર્યાયને સ્વભાવથી જુઓ તો વ્યવહારનયે આત્મા કર્તા છે એ ઉપચાર નીકળી જશે. ઉપચારને ઓળંગે તો અનુભવ થાય.**

**(૧) "આત્મા સ્વભાવથી જ અકર્તા છે" અહીં નિશ્ચયનયે આત્મા અકર્તા છે એનો નિષેધ થયો.** એ વિકલ્પનો નિષેધ થઈ ગયો.

**(૨) "પર્યાય સ્વભાવથી જ કર્તા છે."-અહીં વ્યવહારનયે આત્મા કર્તા છે એનો નિષેધ છે.** બંનેને પોતાના સ્વભાવથી જુઓ તો નિશ્ચયનયના વિકલ્પની જરૂર નથી કાંઈ. સ્વભાવથી જ છે અકર્તા ! ને પર્યાય કર્તા સ્વભાવથી જ છે તો વ્યવહારનયથી કર્તા છે એ ઉપચારની જરૂર નથી. **બન્ને નય ઓળંગી ગયો જુઓ.** (શ્રોતા-બન્ને નય ઓળંગી ગયો.) નયના વિકલ્પો છૂટી ગયા. 'દ્રવ્યને પર્યાયને નહીં આલિંગિત.' (હા-નહીં આલિંગિત કરાયેલા) એવા ચૈતન્ય સ્વભાવને જો, તું. **સાક્ષાત્ જ્ઞાતા થઈ ગયો,** આહા.. **બસ, સ્વભાવમાં આવી ગયો. દ્રવ્ય સ્વભાવમાં બેઠો બેઠો પર્યાય સ્વભાવને જાણી લ્યે છે.** દ્રવ્યમેં બૈઠ ગયા.

(દ્રવ્યમેં બૈઠ ગયા કિ આલસી હો ગયા.) આલસી હો ગયા, બહાર નીકલતા હી નહીં. (દ્રવ્યસ્વભાવમાં બેઠો બેઠો પર્યાયસ્વભાવને જો.) બસ. સ્વાંગને જાણે છે. (શ્રોતા-આનો તો રસ પીવા જેવો છે. આ એક હકીકત જ છે.) એ...જ્ઞાનમાંથી આવ્યું છે બધું. આ મધ્યસ્થ થઈને લખેલી વાત છે. જે, નયોમાં પણ નથી આવ્યો એને આ વાત શું કરવી ? (શ્રોતા-અનુભવ ગમ્ય છે.) કોઈ વાંધાએ કાઢે ! એની ચાંચ ડૂબે ? કે આ શું છે ?

આમાં અજ્ઞાની એવો આક્ષેપ કરી શકે કે થોડો ઘણો વ્યવહાર હતો, નિશ્ચયનયથી (આત્માને) સમજવાનો એ પણ ભાઈએ ઉડાડી દીધો. (પરમ ઉપકાર કર્યો પ્રભુ ! વ્યવહારને તો ઉડાડવો જ જોઈએ ને ? સ્વભાવની પ્રાપ્તિ કરવાનો હેતુ છે. આપણે એનો હેતુ બતાવી દીધો છે. (બતાવી દીધો છે. બધા જીવો નયાતીત થાઓ અને પરમાનંદને પામો બસ.) બસ. (નયથી) વિચારોમા. એને નુકસાન દેખાય એમાં, તો પછી નય ઉપર નહીં વળગે.) હા. નુકસાન દેખાવું જોઈએ. (નુકસાન બતાવ્યું છે, પક્ષાતિક્રાંત નહીં થાય, સ્વભાવ હાથમાં નહીં આવે.) ન જ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવે. (આ પુસ્તક જે વાંચશે ને એ નયોને વળગશે જ નહીં.) કોઈ દિવસ નયો ઉપર નહીં જાય. નયોથી ઉદાસીન થઈ જશે. (સ્વભાવથી વિચારો. દ્રવ્યસ્વભાવમાં બેઠો બેઠો પર્યાય સ્વભાવને જાણી લ્યે છે.)

**દ્રવ્ય સ્વભાવને નિશ્ચયનયે નક્કી કરવા ગયો તો સ્વભાવ દૂર રહી ગયો. દ્રવ્યસ્વભાવ ને સ્વભાવથી જ જ્યાં નક્કી કર્યો તો નિશ્ચયનય દૂર થઈ ગઈ. આત્માને વ્યવહારથી કર્તા કહ્યો તો પર્યાય સ્વભાવ ખ્યાલમાં ન આવ્યો.** જો દ્રવ્ય સ્વભાવને નિશ્ચયનયે નક્કી કરવા ગયો તો સ્વભાવ દૂર થયો. આમાં કહે છે કે આત્માને વ્યવહારથી કર્તા કહ્યો તો પર્યાય સ્વભાવ ખ્યાલમાં ન આવ્યો. આહા ! અમૃત છે હોં !! **ને પર્યાય સ્વભાવ ખ્યાલમાં આવ્યો તો ઉપચાર ઓળંગી ગયો.** વ્યવહાર ઓળંગી ગયો. વ્યવહાર કર્તા કહ્યો હતો ને ? વ્યવહાર ઓળંગી ગયો. આહાહા ! કર્તાપણાનો ઉપચાર જ્યાં ગયો ત્યાં સાક્ષાત્ જ્ઞાતા થયો. કર્તાપણું તો ઉપચારથી જ છે ને ? કર્તાપણું કહેવું એ ઉપચારથી જ છે ? એને કર્તાપણાની અપેક્ષા ક્યાં છે ? એ પોતે કર્તા થાય છે ને આત્મા કરે છે એ ઉપચાર ખોટો છે. વ્યવહારથી કર્તા છે એમ જ્યાં ગયું, ત્યાં સાક્ષાત્ જ્ઞાતા થઈ ગયો.

**આ આત્મા સ્વભાવથી જ અકારક-અવેદક છે. એને સમજાવવા માટે નયથી સમજાવે છે, પણ નયથી સમજતાં વિકલ્પની ઉત્પત્તિ થાય છે. આત્મા સુધી ઉપયોગ પહોંચી શક્તો નથી, જ્ઞાન લંબાઈને આત્માથી અભેદ થઈને અનુભવ થવો જોઈએ પરંતુ નયના વિકલ્પો અનુભવમાં બાધક થાય છે. જીવ પક્ષાતિક્રાંત થઈ શક્તો નથી, વ્યવહારનય તો અન્યથા કથન કરે છે. પણ નિશ્ચયનય તો સાચું કથન કરે છે. જેવો આત્મા છે એવું કથન કરે છે. માટે એ નય દ્વારા નિર્ણય થાય પણ સ્વભાવથી દૂર રહીને સ્વભાવ બતાવે છે. એ નય, સ્વભાવથી તન્મય નથી થતી. નય વિકલ્પાત્મક છે. માત્ર અંગુલી નિર્દેશ કરે પણ ત્યાં સુધી પહોંચવા છતાં પણ અનુભવ ન થાય.**

નિશ્ચયનયથી વિચારવા મંડ્યો ત્યાં સુધી પણ અનુભવ થતો નથી. એમાં વિકલ્પ આડો આવે છે. અનુભવમાં આડો આવે. **તો પછી એ નયના વિકલ્પ કેમ છૂટે ?** એવો પ્રશ્ન થાય.

**ઉત્તર :- નયનું અવલંબન લઈને જે નિર્ણય થયો હતો એ નયને છોડીને તમે સ્વભાવ તરફ ચાલ્યા જાઓ. કેવી રીતે ચાલ્યા જાઓ સ્વભાવ તરફ એની રીત.**

**આત્મા નિશ્ચયનયથી અકર્તા નથી. સ્વભાવથી જ અકર્તા છે.** બસ. ત્યાં નિશ્ચયનયનો વિકલ્પ છૂટી જશે. સ્વભાવમાં જાઈશ એટલે વિકલ્પ રહેશે નહીં. સ્વભાવથી જ અકારક ને અવેદક છે.

**આત્મા નિશ્ચયનયથી શુદ્ધ નથી, સ્વભાવથી જ શુદ્ધ છે. અનાદિ અનંત સ્વભાવથી જ મુક્ત**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**છે, પરિપૂર્ણ છે.** દ્રવ્યનો સ્વભાવ જ એવો છે કે તે પરિપૂર્ણ છે બસ. **આમ સ્વભાવના આશ્રયથી નયોના વિકલ્પ છૂટી, સીધો અનુભવ થઈ શકે છે. નયાતિક્રાંત થવાની આ વિધિ છે.**

**અગ્નિ ઉષ્ણ છે કઈ નયે ? અરે ! સ્વભાવથી જ અગ્નિ ઉષ્ણ છે. એને કહેવા માટે કોઈ નયની અપેક્ષા નથી, આમ તમે નયોના વિકલ્પોને ઓળંગી એકદમ સ્વભાવની સન્મુખ થાઓ તો વિકલ્પ છૂટી અનુભવ થાય.** (આખી ચર્ચામાં ઈ જ વાત છે. વિકલ્પ છૂટીને અનુભવ કેમ થાય ? વિકલ્પ છૂટીને અનુભવ કેમ થાય ?) બસ. વિકલ્પ સુધી આવી ગયો છે જીવ, યથાર્થ વિકલ્પ સુધી આવી ગયો છે. (હા.હા. પણ વિકલ્પ છૂટીને અનુભવ કેમ થાય !) એના માટે છે આ ચર્ચા બસ, નયાતિક્રાંત થવાની આજ વિધિ છે.

**ગઈકાલે દ્રવ્યસ્વભાવને પ્રસિદ્ધ કરનારી નિશ્ચયનયના વિકલ્પોને, દ્રવ્ય સ્વભાવની મુખ્યતાથી ઓળંગી જવાની વાત કરી હતી...આજે બીજું પડખું વ્યવહારનયનું છે. પર્યાયો સ્વભાવથી જ ક્રિયાવંત છે. ક્રિયાના કારક સ્વભાવથી જ પર્યાયમાં છે. ત્યાં હવે તમે કહો કે આત્મા વ્યવહારનયે પર્યાયને કરે છે તો એ વાત બરાબર નથી. આત્માને શા માટે જોડો છો એમાં તો એકતા થાય છે એમાં ભિન્નતા ન થાય, વ્યવહારનાં નામે પણ એક્તા થાય. પર્યાય, સ્વભાવથી જ એના કારકથી પરિણમે છે. એનો વ્યવહારથી આત્મા કર્તા છે, એવો જે ઉપચાર આવતો હતો એને ઓળંગી પર્યાયને પર્યાયના સ્વભાવથી જુઓ.**

ગઈકાલે ઓમાં હતું ને ! દ્રવ્ય સ્વભાવને પ્રસિદ્ધ કરનારી નિશ્ચયનયના વિકલ્પોને, દ્રવ્ય સ્વભાવની મુખ્યતાથી ઓળંગી જવાની વાત કરી હતી. હવે અહીંયા એને જે ઉપચાર આવતો હતો એને ઓળંગી, પર્યાયને પર્યાયના સ્વભાવથી જાુઓ, બસ તો એ પ્રકારનો વિકલ્પ જાય ઓલો નિશ્ચયનયનો વિકલ્પ જાય, આ વ્યવહારનયનો વિકલ્પ જાય.

(કોઈને પણ ખૂણે ખાંચરે, જરીક પણ, પર્યાયનું કર્તાપણું જરી જેટલું પણ ભાસતું હોય તો ઈ બધું સાફ થઈ જાય છે. આ ઍસીડ છે. ઍસીડ !) ઍસીડ. એકદમ સાફ. ચીકાશ બધી નીકળી જાય. મિથ્યાત્વની ચીકાસ ઍસીડથી જ જાય. સાબુ ને પાણીથી ન જાય. ઊલટું પાણી લગાવો તો ચીકાશ વધી પણ જાય. નયોનાં વિકલ્પથી એમ...!!

**પર્યાયને નયથી ન જુઓ. અરે ! પર્યાયનો કર્તા પર્યાય નિશ્ચયનયે છે એમ પણ ન જુઓ. કેમ એમાં શું દોષ આવે છે ? અરે ! એનો પ્રતિપક્ષ ઊભો થાય છે. આત્મા વ્યવહારનયે પર્યાય ને કરે છે એ મોટો દોષ આવી પડે છે. આ ખૂબ ભયંકર દોષ છે** કર્તા જ રહ્યો, વ્યવહારનયના નામે પણ કર્તામાં જ ઊભો રહ્યો. વ્યવહારનયે કરે છે એ તો ભયંકર દોષ છે પણ વ્યવહારનયે એને જાણે છે, એમ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહારનય લગાડીને જાણે, તો એ દોષ છે. જ્ઞાનનો સ્વભાવ જ આત્માને જાણતાં જાણતાં એને જાણવાનો છે. એમ ઉપર આવ્યું છે.

હમણાં આપણે આગળ આવ્યું ને ? બંનેને જાણવું એ જ્ઞાનનો સ્વભાવ છે. પર્યાયને વ્યવહારનયે જાણે છે, એમ નહીં. (તો નિશ્ચયનયે આત્મા એને જાણે છે એમ આવશે.) પછી તો ઈનું ઈ...જ રહેશે. માટે એને જાણે છે, બસ. દ્રવ્યને જાણતાં જાણતાં એને જાણે છે. અથવા જણાઈ જાય છે બસ. એટલું જ લેવું. આ તો આખા જ્ઞાન સ્વભાવથી જ તું, જો ! જ્ઞાનને સ્વભાવથી જ જો. જ્ઞાનમાં નય ન લગાવ એમ. એને સ્વભાવથી જો.

જ્ઞાનને પોતાના સ્વભાવથી જ જો. દ્રવ્યને જાણવું ને પર્યાયને જાણવું એ તો સ્વભાવ છે. (બન્નેને જાણવું એ તો સ્વભાવ છે.) સ્વભાવ છે એમ. (એમાં નયની શું જરૂર છે ?) શું જરૂર છે ? એમ. (નય લગાડશો તો જ્ઞાન જ નહીં રહે અને જ્ઞાનમાં બેય જણાઈ જાય છે.) બેય જણાઈ જાય છે. આનંદ આવે તે ન જણાય ? અને એ જણાય ત્યારે પર્યાય દૃષ્ટિ થાય ? પૂછ્યું'તું. ન જ થાય.

**પર્યાયમાં ક્રિયા થયા જ કરે છે. પર્યાયનો સ્વભાવ જ કર્તાપણું છે. જેમ દ્રવ્યનો સ્વભાવ અકર્તાપણું છે. કઈ નયથી અકર્તાપણું છે ? એમ નહીં. સ્વભાવથી જ અકર્તા છે. એમ પર્યાય કઈ નયથી કર્તા છે ? એમ નહીં. સ્વભાવથી જ કર્તા છે.**

**સ્વભાવથી જ પર્યાયમાં ક્રિયા થયા કરે છે; અવિરતપણે થયા કરે છે, એને રોકી ન શકાય. વિકારી કે અવિકારી એમ ન લેવું. સામાન્ય ક્રિયા-ઉત્પાદ-વ્યય જે પર્યાય પોતાના સ્વભાવથી જ પરિણમે છે. એમ પર્યાયને પર્યાયના સ્વભાવથી જોતાં, આત્મા વ્યવહારથી પર્યાયને કરે છે એ કર્તાપણાનો ઉપચાર નીકળી જાય છે.**

***'નયજ્ઞાનથી આત્મજ્ઞાન થતું નથી, સાંભળ ! જ્ઞાનથી...આત્મજ્ઞાન થાય છે, એ જ્ઞાનમાં નય નથી !' જે જ્ઞાનમાં આત્માના દર્શન થાય છે એમાં નય નથી.***

***(જ્ઞાનથી જ્ઞાનનું ભેદજ્ઞાન પેજ. ૨૬૪)***



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ''પર્યાય સ્વભાવ''

## ચર્ચા નં.-૭ રાજકોટ

**સ્વભાવથી જ પર્યાયમાં ક્રિયા થયા કરે છે. અવિરતપણે થયા કરે છે. એને રોકી ન શકાય. વિકારી કે અવિકારી એમ ન લેવું. સામાન્ય ક્રિયા ઉત્પાદ-વ્યયરૂપ પર્યાય પોતાના સ્વભાવથી જ પરિણમે છે. એમ પર્યાયને પર્યાયના સ્વભાવથી જોતાં, આત્મા વ્યવહારથી પર્યાયને કરે છે એ કર્તાપણાનો ઉપચાર નીકળી જાય છે.**

કર્તાપણાનો ઉપચાર તો સાધકને પણ આવે છે. કર્તાનયે રાગને કરે છે. પૂ. ગુરુદેવશ્રીની કેસેટમાં આજે આ વિષય શરૂ થયો. થોડું સાંભળ્યું છે. એટલે આખું (દ્રવ્ય) પ્રમાણમાં પ્રમેય થાય છે. એમાં આખુ દ્રવ્ય અનંતગુણાત્મક, એમાં પર્યાય અનંત (તેમાં ) વિકાર અવિકાર બધું પ્રમાણ (જ્ઞાન) માં પ્રમેય થાય છે. અને પછી એક એક નયથી એક એક ધર્મને જાણે છે.

આત્મદ્રવ્ય કર્તાનયે રાગને કરે છે. એટલે કર્તાબુદ્ધિ નથી. કેમ કે સામે અકર્તાનયે સાક્ષી જ છે. કર્તાનયે કરે છે. એમાં કરે છે આવ્યું અને અકર્તાનયે કહ્યું કે સાક્ષી 'જ' છે. એમાં 'જ' લગાડ્યો ઓમાં 'જ' ન લગાડ્યો. કર્તાબુદ્ધિ નથી ને ? એટલે એમાં એટલો ઉપચાર આવે છે.

(કર્તાનય એટલે કર્તાનો ઉપચાર આવે છે. કર્તાબુદ્ધિ તો નથી. પણ પરિણમન છે હજી. એ એની નબળાઈ છે પોતાની. તે કર્મના ઉદયથી નથી. પણ પર્યાયની યોગ્યતા હજુ એવી કાચી રહી ગઈ છે. પરિપકવ થઇ નથી ને ? યથાખ્યાત નથી, એટલે ઉપચારથી કર્તા આવે છે પણ કહે છે કે : '' એ ઉપચારથી કર્તાને ઓળંગી જા.'' એ ઉપચારથી જ્યાં સુધી કર્તા છે ત્યાં સુધી સવિકલ્પ (દશા) છે.

૪૭ (સુડતાલીશ) નયમાં એક નયની મુખ્યતાથી વિચાર કરશે સમજી ગયા તો એ સવિકલ્પ છે. તે શ્રુતજ્ઞાનનો વિષય છે. શ્રુતજ્ઞાનમાં (અર્થાત્) જે જ્ઞાનમાં આનંદ સાથે આવે છે એવા શ્રુતજ્ઞાનમાં ૪૭ નય જણાય છે. (નિર્વિકલ્પ ધ્યાનમાં જાણે છે ?) ના, ના. (શ્રોતા-તો?) <u>આ જે ૪૭ નયની વાત કરે છે તે સવિકલ્પ દશામાં. એક એક નયનું વિવેચન કરે છે.</u> તેમાં ચોખ્ખું કહે છે આ શ્રુતજ્ઞાન પ્રમાણનો વિષય છે. આ અતીન્દ્રિયજ્ઞાનમાં આનંદ આવે છે ઈ...એને જાણે છે. (તેમાં) ઈન્દ્રિયજ્ઞાન નથી લેતા.

(શ્રોતા-નહીં; ઈન્દ્રિયજ્ઞાન ! અતીન્દ્રિયજ્ઞાન ?)



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અતીન્દ્રિયજ્ઞાન એટલે ભાવ શ્રુતજ્ઞાન. ભાવશ્રુતજ્ઞાન એટલે જેમાં આનંદ આવે એવું જ્ઞાન; પણ દ્રવ્યશ્રુત નહીં. દ્રવ્યશ્રુત નહીં એટલે શાસ્ત્રની સન્મુખનો જે ઉપયોગ છે એની વાત નથી. માનસિક જ્ઞાન નહીં. આત્મિક જ્ઞાન (લેવું) એમાં આ વિવેચન કરે છે. કર્તાનય (પૂ. ગુરુદેવશ્રીની કેસેટ) હજુ આજે જ શરૂ થઈ. હજુ પાંચેક મિનિટ ચાલ્યું'તુ ત્યાં તો ટાઈમ થઈ ગયો. કર્તાનય ને અકર્તાનય. ભોક્તાનય ને અભોક્તાનય તે ચીજ સારી છે. સમજવા જેવી છે. એટલે...

કર્તા એક ધર્મ છે, પરિણમે છે માટે કર્તા એમ નહીં. કર્તાબુદ્ધિ નથી. કરવા યોગ્ય છે સાધકને એમ (નહીં) સાધકની આ એક નય છે. અને તે પ્રતિપક્ષનય સાથે એક સમયમાં છે. (અકર્તાનય પણ છે.) ઈ એનો સાક્ષી જ છે. એમ ભોક્તાનયે દુઃખને ભોગવે છે ત્યારે અભોક્તાનયે સાક્ષી જ છે. બન્નેમાં સાક્ષી શબ્દ વાપર્યો છે.

(શ્રોતા-કર્તા-ભોક્તાધર્મ છે એમ જાણે છે.) માટે કાર્ય પર્યાયમાં થાય છે. થાય છે એનો હકાર. પણ સાથે સાથે એનો જ્ઞાતા રહે છે એમ. જ્ઞાતા રહે છે એટલે કર્તાબુદ્ધિ થતી નથી. અને કર્તાનય છે એ દોષ છે એનું પણ જ્ઞાન થઈ ગયું. (શ્રોતા-દોષકા જ્ઞાન હો ગયા !) દોષકા જ્ઞાન હો ગયા બસ. (શ્રોતા-દોષ નહીં હો તો તો પરમાત્મા હોતા હૈ. ઔર દોષકા મેં કર્તા હૂં તો તો મિથ્યાદૃષ્ટિ હોતા હૈ. દોષ ભી હૈ ઔર જ્ઞાતા ભી હૈ.) આ તો સાધકની વાત છે ને ?

કેમ કે નય એ સાધકને જ હોય છે. કેવળીને ન હોય અને મિથ્યાદૃષ્ટિને પણ ન હોય. (શ્રોતા-બરોબર.) આ હમણાં વિચાર આવ્યો. આપણે હમણાં વાંચીએ છીએ ને એના ઉપરથી વિચાર આવ્યો કે **(પર્યાયને પર્યાયના સ્વભાવથી જોતાં, આત્મા વ્યવહારથી પર્યાયને કરે છે એ કર્તાપણાનો ઉપચાર નીકળી જાય છે.)**

આ જે છે ને ! દ્રવ્યસ્વભાવ-પર્યાયસ્વભાવ તે ૪૭ નયથી ઉપરની વાત છે. (શ્રોતા-એમાં જે ઉપચાર આવે છે કર્તાનયે કર્તા છે એ ઉપચાર નીકળી જાય છે. એક પ્રકારની પર્યાયની યોગ્યતા તે સ્વભાવ છે. ) સ્વભાવ છે; બસ. 'તત્ સમયની યોગ્યતા.' (અને પછી આ રીતે જ એ યોગ્યતાઓનો અભાવ થાય છે ને ?) અને પછી યોગ્યતા ખરે છે કેવી રીતે ? આ રીતે જ ખરે છે ને ?) બસ. સ્વભાવના આશ્રયે. (શ્રોતા-(વિકાર) છે તો રાખવા માટે થોડી છે?) જવા માટે આવે છે. (જવા માટે આવે છે ને ? તો પછી કેવી રીતે એનો અભાવ થાય છે. અને પછી સ્વભાવને જોયા કરે છે તો એનું લક્ષ છૂટી અને સ્વભાવનું લક્ષ આવી જાય છે.)



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બેન ! પાંચ પ્રતિક્રમણની ગાથા (એમા) પાંચ રતન ઉતાર્યાં છે. (પહેલાં) ઉકેલ નહોતો આવતો (એટલે અંદરમાં) ખટક રહેતી હતી. અને આચાર્ય ભગવાને કહ્યું એટલે આપણાથી બીજું કાંઈ બોલાય નહીં. કર્તા નથી એમ કહ્યું ને ? એટલે ખટક રહેતી હતી. કર્તાબુદ્ધિ ગઈ છતાં કર્તા નથી એ કેમ યાદ કરે છે ? કેમ યાદ કરે છે ? ઈ... કર્તાબુદ્ધિ તો ચોથા ગુણસ્થાને જાય છે. અકર્તા થઈ જાય છે છતાં એ પરિણમન છે; પરિણમન છે, તો ઉપચાર આવે છે એ ઉપચારને ઓળંગી જાય છે. (શ્રોતા-આ રીતે ઓળંગી જાય છે કે થવા યોગ્ય થાય છે ને જાણનાર જણાય છે'. આ તો રતન નીકળ્યું. પાંચ રતન આવ્યા ને ?) પાંચ રતન અરે ! કેવો ઉકેલ આવી ગયો. આ જે છે ને તે જ્ઞાનનું જ્ઞાન થયું'તુ હોં !! બીજું કાંઈ નહોતું થયું. ઈ શું થયું 'તું ? (શ્રોતા-જ્ઞાનનું જ્ઞાન થયું'તું.)

ઉપચારનો નિષેધ કરવા માટે ઉપચાર છે કે રાખવા માટે છે ? (શ્રોતા-હં..નિષેધ કરવા માટે જ છે ને ! રાખવા માટે થોડો જ છે !) (શ્રોતા- કર્તાબુદ્ધિ તો રખને જૈસી હૈ હી નહીં. પરંતુ કર્તાકા ઉપચાર ભી રખને જૈસા નહીં હૈ. ઉસકો ભી ઉલ્લંઘને જૈસા હૈ-છોડને જૈસા હૈ. ક્યોંકિ અધ્યવસાન છોડાયા હૈ ઉસસે હમ ઐસા સમજતે હૈ કિં આપને સબ પ્રકારકા વ્યવહાર છોડાયા હૈ.) ઈ..આ વાંચીને મને કર્તાનય અને અકર્તાનયનો વિચાર આવ્યો. (અને પાંચ રતનની ગાથામાં પણ એમ જ છે ને ! ઉપચારનો નિષેધ છે. )

બધી પર્યાયો લઈ લીધી. સમજી ગયા. એટલે હું કરતો નથી, પુદ્‌ગલ એને કરે છે તેને હું અનુમોદન કરતો નથી. સમજી ગયા. ત્યારે હું શું કરું છું ? એમ જાણીને આત્મામાં ચાલ્યો જાય છે. અહાહા ! ખરેખર કોઈ અદ્‌ભુતથી અદ્‌ભુત ચીજ છે ઈ.. પાઠ યાદ આવે છે; આમ અમૃત છે : અમૃત (ઈ ગાથામાં) પાંચ રતન લખ્યાં એમાં. શુદ્ધભાવ અધિકાર ઊંચામાં ઊંચો પણ તેને ક્યાંય રતનની ઉપમા ન આપી. જેમ કે નવતત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાના કારણે હેય છે. પણ તેને રતન ન લખ્યું. (શ્રોતા -આ ચારિત્રની ગાથા છે ઉપચારનો નિષેધ હતો ને માટે )

પોતે (પદ્મપ્રભમુનિરાજ) ચારિત્રવંતને ! એટલે પોતાને (ઉપચારનો) નિષેધ કરીને શુદ્ધપયોગ થયો એટલે તેમને ખ્યાલ આવ્યો કે કુંદકુંદ ભગવાન આમ કહેવા માગે છે. પોતે ઈ...સ્ટેજ ઉપર હતા ને ? કુંદકુંદની અને એમની સરખી ભૂમિકા હતી ને ? (એને રતન લાગ્યું એટલે રતન લખ્યું.) પાંચ રતનનું અવતરણ થાય છે. આહાહા ! ગજબ કરી. એમાં (શ્રવણ બેલગોલાનો) ભટ્ટારક હલી ગયો ને ? આમાં હલી ગયો.

(કર્તાનયમાં તો આત્મા ઉપર કર્તાનો ઉપચાર આવે છે.) હા. આત્મદ્રવ્ય કર્તાનયે કરે છે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ આવ્યું ને ? (કર્તાનય છોડવા જેવી છે કે રાખવા જેવી છે ? કર્તાનય છૂટે કેવી રીતે તે એમાં (પરમાર્થ પ્રતિક્રમણમાં) વિધિ છે. પર્યાયને (તેના) સ્વભાવથી દેખ તો ઉપચાર નીકળી જશે. આ પરમાર્થ પ્રતિક્રમણ છે.) આ તો કોઈ પળ હતી. (દ્ર.સ્વ.-પ.સ્વ.) બીજું કાંઈ નથી. (શ્રોતા- અંદર કેવી કેવી સૂક્ષ્મ વાતોનો કેવો ઉકેલ !) સૂક્ષ્મ એકદમ.

આપણે પ્રવચનસાર વાંચીએ ત્યાં તો અમૃતચંદ્ર આચાર્ય ભગવાન કહે છે કે, કર્તાનયે કર્તા છે. અને તમે કહો છો વ્યવહાર છે-ઉપચાર છે તેમ કહો છો. (દ્રવ્ય સ્વભાવ-પર્યાય સ્વભાવમાં.) કર્તા નથી તેમ સિદ્ધ કરો છો. ત્યાં (પ્રવચન સારમાં) ઉપચારથી કર્તા કહ્યું છે. આવી ચર્ચા આવે ત્યારે આપણે ચર્ચા કરવી જોઈએ. કેમ કે (શ્રોતા-આમાં તો ઊંડી ને ગંભીર વાતો છે.) ગંભીર એટલે સાર છે. શુદ્ધોપયોગ થવાનો સાર છે. નિર્વિકલ્પ ધ્યાનમાં ચાલ્યો જાય છે. (શ્રોતા- પરમાર્થ પ્રતિક્રમણ થઈ જાય છે. છઠ્ઠું ગુણસ્થાન હોય તો સાતમું આવી જાય છે.)

આત્મા કર્તા છે એ ઉપચાર છે; ઈ..તું કાઢી નાખ. એનો ધર્મ શું છે ? એમાં આત્માને (ત્રિકાળી) જોડમાં. અને એના પર્યાયના સ્વભાવથી જો ! જ્યાં (સ્વભાવથી) જોયું ત્યાં શુદ્ધ ઉપયોગ થઈ જાય છે. હું ઉપચારથી કરૂ છું ત્યાં સુધી વિકલ્પ આવશે, પણ નિર્વિકલ્પ ધ્યાન નહીં આવે. (બરાબર) પછી અકર્તાનય આવશે. અકર્તાનયે કરતો નથી, અકર્તાનયે કરતો નથી કે સ્વભાવથી જ કરતો નથી ? આહાહા-(શ્રોતા-કેમકે અકર્તા નયે કરતો નથી, તો તો કર્તાનયે કરે છે એમ આવી જશે. કેમ કે નય સાપેક્ષજ હોય ને !!) સાપેક્ષ જ હોય. (શ્રોતા-અકર્તાનયે કરતો નથી તેમ નથી, પણ સ્વભાવથી જ કરતો નથી, આ તો અંદરની કોઈ ગુપ્ત વાતો છે.)

<u>''ન કરવું એ'' પર્યાય સ્વભાવ છે.</u> તેમાં નયની કોઈ અપેક્ષા નથી. તત્ સમયની યોગ્યતાથી થવા યોગ્ય થાય છે. આ એક કૂંચી છે હોં ! એમાં ત્યાં નયથી વાત નથી આવી. <u>''પરિણામ થવા યોગ્ય થાય છે અને જાણનારો જણાય છે.''</u> (શ્રોતા-ભાઈ ! બન્ને વાત સ્વભાવથી જ આવી.) બેય સ્વભાવથી જ છે. <u>(''થવા યોગ્ય થાય છે અને જાણનાર જણાય છે;'' એટલે નિશ્ચયથી જાણનાર જણાય છે એમ નહીં, અને વ્યવહારનયે પરિણામને કરે છે એમ પણ નહીં. ''થવા યોગ્ય થાય છે. જાણનાર જણાય છે.'')</u> પર્યાય થવા યોગ્ય થાય છે તે પર્યાયનો સ્વભાવ છે. એનું નામ થવા યોગ્ય થાય છે. તે સત્ અહેતુક સ્વતંત્ર છે. નય લગાડમાં. એને એના સ્વભાવથી જ જો. આહા ! આવી ચર્ચા છે.

(ભાઈ, એ લીટી બહુ સારી છે કે પર્યાયને પર્યાયના સ્વભાવથી જોતાં આત્મા વ્યવહારથી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયને કરે છે તે કર્તાપણાનો ઉપચાર નીકળી જાય છે.) કર્તાનયનો નિષેધ થઈ ગયો ને ! પર્યાય પર્યાયના સ્વભાવથી કાર્ય કરે છે બસ. આત્મા એને કરે છે તે ઉપચાર નીકળી ગયો ને? ઉપચાર નીકળ્યા ભેગોજ અનુપચારમાં આવી ગયો. (શ્રોતા-અભેદ થઈ ગયો ) શું કહ્યું એણે ?અભેદ થઈ ગયો. એટલે અભેદથી જો ને તો કર્તાનય ને અકર્તાનય છે. આ બધા નયોનાં કથનો ભેદનાં છે ને ? (શ્રોતા-અભેદજ તો છે બસ. એક અભેદ જાનનહાર.) એટલું જ છે બસ. અભેદમાં ભેદ દેખાતો નથી.

(ભાઈ ! આપે દ્રવ્ય સ્વભાવની સાથે સાથે પર્યાય સ્વભાવ લઈ લીધું છે ને એ ગજબ કર્યું છે. બહુ જ ગજબની વિચિક્ષણતા છે.) એ..ઈ.. જ્ઞાનનું જ્ઞાન થયું છે હોં ! જ્ઞાનનું જ્ઞાન થયું છે. એનું કારણ છે કે એમાં અનુભવ થયો હતો ને ? <u>''થવા યોગ્ય થાય છે.''</u> એમાં આત્મા નિશ્ચયનયે કરે છે કે વ્યવહારનયે કરે છે કે નિશ્ચયનયે અકર્તા છે એવું કાંઈ ન આવ્યું.'' <u>થવા યોગ્ય થાય છે, જાણનાર જણાય છે.''</u> જ્યાં થવા યોગ્ય થાય છે એવો ભાવ ઊઠ્યો ત્યાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર આવે છે. **આ મહામંત્ર છે.** પર્યાય સ્વભાવ એમાં દ્રવ્યને-આત્માને જોડ્યું નહીં. બિલકુલ સત્ય વાત આ છે.

(''થવા યોગ્ય થાય છે. જાણનાર જણાય છે.'') એમાં પરિણામ પ્રત્યેની ઉદાસીનતા કેટલી થઈ ગઈ. (પર્યાય સ્વભાવને જાણ્યું ને તો એના પ્રત્યે પરમ ઉદાસીનતા થઈ ગઈ) પરમ ઉદાસીનતા હોં ! એ કર્તાનું કર્મ પણ ન થયું, ને જ્ઞાનનું જ્ઞેય પણ ન થયું. આહા જ્ઞાતા તો અહીંઆ આવી ગયો. અને ઈ જ વખતે આત્મા જ્ઞેય થઈ ગયો હોં ! <u>(કેમ કે જાણનાર જણાય છે ને ! જાણનાર જ્ઞેય થઈ ગયું.)</u> જાણનાર જ્ઞેય થઈ ગયું અને ઓલું જ્ઞેય ન થયું. (થવા યોગ્ય કર્મ તો ન થયું પણ થવા યોગ્ય જ્ઞેય પણ ન થયું.) <u>કેમ કે 'જાણનાર જણાય છે' એટલે આત્મા જ્ઞેય થઈ ગયો.</u> ઓલું કર્મ ન થયું અને ઓલું વિકલ્પ જ્ઞેય ન થયું ને આત્મા જ્ઞેય થઈ ગયો. (બરાબર.)

બેન ! આ તો મંત્ર આવ્યો હોં ! (બહુ સરસ.) બેન ! હું તમને કહું કે સાક્ષાત્ દિવ્ય ધ્વનિમાંથી નીકળેલી વાત, તેમાં માલ કેટલો હશે !! (શ્રોતા-ઘણો માલ. ઘણો માલ હોય હોં !) <u>અમારા ઉપર અનંતો ઉપકાર છે સીમંધર નાથનો</u> આહા !

૪૭ નયમાં ઉપચાર કહ્યો. જ્યારે અહીં આ ઉપચારનો પણ નિષેધ કરી નાખ્યો બસ. ઉપચારનો નિષેધ કરતાં, અણઉપચારમાં આવી ગયો ને ! ('થવા યોગ્ય થાય છે અને જાણનારો જણાય છે.' આ પરમાર્થ પ્રતિક્રમણનું સ્વરૂપ છે.) હા, પરમાર્થ પ્રતિક્રમણનું સ્વરૂપ છે. (પરમાર્થ પ્રતિક્રમણમાં એમ કીધું કે કરતો નથી, કરાવતો નથી, અનુમોદતો નથી એટલે કે થવા યોગ્ય થાય



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે; તારે એની સાથે કાંઈ સંબંધ નથી. ''હું તો સહજ ચૈતન્યના વિલાસ સ્વરૂપ આત્માને ભાવું છું'' એમ કહો કે ''થવા યોગ્ય થાય છે ને જાણનાર જણાય છે' એમ કહો બન્ને એક જ વાત છે. આપે કહ્યું ને કે થવા યોગ્ય થાય છે એ કર્મ પણ નથી ને જ્ઞેય પણ થતું નથી.) એ જ્ઞેય થાય ને તો આ જાણનાર ન જણાય. અને એ જ્ઞેય નથી થતું માટે આત્મા જ જ્ઞેય થઈ ગયો. આત્મા જ જ્ઞાન અને આત્મા જ જ્ઞેય થઈ ચૂકયો એમાં. તેનું નામ શુદ્ધોપયોગ. તેમાં જ સમ્યક્ દર્શન થયું. આત્મા જ્ઞેય થયો ને ?

(કર્તા નયની વાત બહુ સરસ નીકળી, કર્તાનય એટલે કર્તાનો ઉપચાર.) કર્તાબુદ્ધિ તો નથી, નબળાઈ છે એટલો દોષ છે. તેનું જ્ઞાન કરાવ્યું. સાધક છે, પરમાત્મા થયા નથી તો કર્તાનયે કર્તા છે પણ સાથે-સાથે એ જ વખતે સમ્યક્ જ્ઞાન પણ ચાલુ જ છે. દોષ પણ ચાલુ છે અને સમ્યક્જ્ઞાન પણ ચાલુ છે એમાં અકર્તા નયે સાક્ષી જ છું. સાથેસાથે સાક્ષીપણું રહે છે માટે કર્તાબુદ્ધિ નથી, પણ કર્તાનયે કર્તા છે એ ઉપચારનું કથન આવ્યું ને ! આત્મદ્રવ્ય કર્તાનયે રાગને કરે છે; આત્મદ્રવ્ય હોં ! બધામાં આત્મદ્રવ્ય લ્યે છે. આત્મદ્રવ્ય કર્તાનયે રાગને કરે છે એમ ! અને અકર્તાનયે રાગનો અકર્તા એટલે સાક્ષી જ છે. એણે બન્નેમાં નય લગાડી. જ્યારે આપણે સ્વભાવથી જોયું ને ?

(તો બન્ને નયનો અભાવ થઈ જાય.) નયનો જ અભાવ થાય ત્યારે જ શુદ્ધોપયોગ આવે ! નયનો કાળ વિકલ્પાત્મક છે. પણ આ જે જણાય છે ને ! નય છે ને ! તે શ્રુતજ્ઞાનનો અંશ છે. (નયનો એટલે નયના વિકલ્પનો અભાવ થઈ જાય છે) આચાર્ય ભગવાને કહ્યું ને કે તને નિધિ મળી હોય તો તું ઘરના ખૂણામાં બેસીને ખાજે. નહીંતર તને લુંટી લેશે. (તો તું ભૂખ્યો રહી જશે.) સ્વતંત્રતામાં ઘોલન વધી જાય છે અને ચર્ચામાં સ્પષ્ટીકરણ થાય છે.

(કર્તાનયે આત્મદ્રવ્ય રાગને જે કરે છે એવો જે વિચાર આવે છે તે પર્યાય સ્વભાવને જાણતાં, તે પર્યાય સ્વભાવથી રાગને કરે છે, એમાં કર્તાનયનો વિકલ્પ છૂટી જાય છે. અકર્તાનયે રાગનો અકર્તા એમાં અકર્તાનયે અકર્તા એમ કીધું એટલે કર્તાનયે કર્તા એમ આવી જ જશે. પણ આત્મા તો સ્વભાવથી જ અકર્તા છે એમ લેતાં અકર્તા નયનો વિકલ્પ છૂટી જાય છે. નયનો વિકલ્પ છૂટે ત્યારે શુદ્ધોપયોગ થાય છે.) તેમાં નયની વાત કરીને ! <u>અને આ જે છે તે નયાતીત થવાની વાત છે.</u> પર્યાયને સ્વભાવથી જો બસ. તત્ સમયની યોગ્યતાથી થવું થયું છે. (તેમાં) નયનું શું કામ છે ?



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહાહા ! નય લગાડી એટલે સાપેક્ષ કહેવું પડ્યું. કર્તાનયે કરે છે અને અકર્તાનયે સાક્ષી છે. બે નયો ઊભા થાય છે.

આહાહા ! થવા યોગ્ય બધું થાય છે બસ. કર્તાનયે કરે છે અને અકર્તાનયે જ્ઞાતા છે એમાં તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. (કર્તાનયે કરે છે અને અકર્તાનયે જ્ઞાતા છે તેમાં નયોના વિકલ્પ ઉત્પન્ન થાય છે.) નયોના વિકલ્પ ઊઠે છે. (રાગ એના પર્યાય સ્વભાવથી જ થાય છે.) તેમાં ઉપેક્ષા આવી જાય છે. તેમાં નયો પ્રત્યે ઉદાસીન થાય છે. શ્રીમદ્દજીમાં બહુ આવ્યું'તું (શ્રોતા-આ દ્રવ્ય-સ્વભાવ-પર્યાય સ્વભાવમાં નય વિકલ્પોથી છૂટવાની કોઈ અદ્ભુત વિધિ બતાવી છે હોં ! ) (શ્રોતા-બધાય નયોના વિકલ્પ છૂટી જાય. પર્યાય સ્વભાવને જાણતાં કર્તા નયનો વિકલ્પ છૂટે છે. અને દ્રવ્ય સ્વભાવને જાણતાં અકર્તા નયનો વિકલ્પ છૂટે છે હા, પર્યાય સ્વભાવમાં કર્તાનયનો વિકલ્પ છૂટે છે, અને દ્રવ્ય તો અકર્તા છે તેમ નયથી જોવાનું છોડોને ! સ્વભાવથી જુઓ તો નયથી અકર્તા છે (એનું) શું કામ છે ? સ્વભાવથી જ અકર્તા છે. અકર્તાનયે અકર્તા નહીં. સ્વભાવથી જ અકર્તા છે. આહા !

આત્મા જ્ઞાયક છે તો કઈ નયથી જ્ઞાયક છે ? સ્વભાવથી જ જ્ઞાયક છે. એ સમયસારમાં છે. સ્વભાવથી જ જ્ઞાયક છે. મેં તમને કહ્યું હતું. (શ્રોતા-બન્નેના વિકલ્પ છૂટવાની રીત બહુ સારી છે. બન્નેને સ્વભાવથી જુઓ.) નામજ ઈ.. છે ને !''દ્રવ્યસ્વભાવ-પર્યાયસ્વભાવ''

આ વાક્ય પરથી વિચારો લંબાણા કે પર્યાયને પર્યાયના સ્વભાવથી જોતાં, આત્મા વ્યવહારથી પર્યાયને કરે છે તે કર્તાપણાનો ઉપચાર નીકળી જાય છે એમ. એટલે પરિણમે છે ત્યારે કરે છે તેવી એક નય છે ખરી સમજી ગયા, પણ એ ઉપચાર છે; એ ઉપચારને ઓળંગી જા. નયને ઓળંગી જા. એ એનો સ્વભાવ છે. ત્યાં તો અંદર આવી જશે. ઓમાં વિકલ્પ ઉત્પન્ન થતો હતો. એ કર્તાપણાનો ઉપચાર નીકળી જાય છે. (પરમાર્થ પ્રતિક્રમણ થઈ જાય છે.) પરમાર્થ પ્રતિક્રમણ થઈ જાય ઈ.. આ. (કેવી આમ બધી વાતની સંધિ કરી લીધી.) રાગ અને વીતરાગ ભાવ બન્ને વાતનો ઉપચારથી કર્તા આવે છે ને હેં ? જો સ્વભાવ ઉપર નહીં જાય તો કર્તાબુદ્ધિ થઈ જશે.

મારી સામે અનેક વખત આવ્યું કે કર્તાનયે જ્ઞાની રાગને કરે છે ને ? મેં કહ્યું ''અકર્તાનયે સાક્ષી છે કે નહીં.'' ? પ્રતિપક્ષ (અકર્તાનય) છે કે નહીં ! તરત જ એમ કહું હોં !! તરત જ ચૂપ થઈ જાય. ઈ... કર્તાનય કરે છે ત્યારે હું 'હા' ન પાડું. અકર્તાનયે સાક્ષી છે કે નહીં ! ઈ તમે કેમ લેતા નથી ? (અકર્તાનયે કરતો નથી એમ છે કે નહીં ?) એક જ સમયમાં બે ધર્મો પ્રતિપક્ષ છે કે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નહીં !! અહાહા ! કર્તાબુદ્ધિનું ઝેર મારી નાખે છે. કર્તાનયના બ્હાના નીચે પણ કર્તાબુદ્ધિ જ પોષે છે. અકર્તાનયે કેમ (સ્વરૂપ) જ્ઞાનમાં ન આવ્યું ! (એટલે અકર્તાના પક્ષમાં એ નથી આવ્યો.) ના, નથી આવ્યો, તો પછી ઉપચાર કર્તાની વાત તો ક્યાંયની ક્યાંય રહી ગઈ.

(શ્રોતા-આજનો દિવસ મહા માંગલિક છે.) (પૂ. ગુરુદેવશ્રીની કેસેટ) સાંભળીને આવ્યો'તો ને એટલે, અને આમાં (એજ પેરેગ્રાફ) બરાબર ઈ.. આવ્યું ને ? પછી પાંચ ગાથા (પરમાર્થ પ્રતિક્રમણની) આવી એટલે એકદમ સ્પષ્ટ થઈ ગયું. અહીં વિકલ્પની સિદ્ધિ નથી કરવી. વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ કેમ થાય તેની સિદ્ધિ કરવી જોઈએ. આમાં તો (કર્તાનય-અકર્તાનય) વિકલ્પની સિદ્ધિ કરવા માટે આગમ છે ? કે વિકલ્પ છોડવા માટે છે !!?

(શ્રોતા -કર્તાનયે કરે છે તેમાં તો વિકલ્પની સિદ્ધિ છે. પર્યાયને સ્વભાવથી જો, વિકલ્પ છૂટી જશે. પર્યાયને સ્વભાવથી જોતાં જ્ઞાયકના જ દર્શન થાય છે હોં ! પર્યાયને સ્વભાવથી જોતાં પર્યાયના દર્શન નહીં થાય એવી આ વાત છે. (કેમ કે દ્રવ્ય ઉપર ઉપચાર આવતો હતો ને એટલે દ્રવ્ય કર્તા દેખાણું એને. પ્રમાણમાં આવ્યો ઈ કેમ કે આત્મદ્રવ્ય કરે છે એને ઈ. ખટક્યું. (શ્રોતા..ઈ ખટક્યું તો પર્યાયને પર્યાય કરે છે, હું તો અકર્તા જાણનાર છું, તો અકર્તામાં આવી ગયો. બહુ સારું નીકળે છે અત્યારે.)

કર્તાનો ઉપચાર આવતો હતો ને આત્મા ઉપર, એમાં વિકલ્પ (ઉત્પન્ન) ઊભો થતો હતો. હું તો અકર્તા છું ને ! પછી અકર્તાનો વિકલ્પ ગયો પછી શુદ્ધોપયોગ થયો. બેન ! આજની વાત અજબ-ગજબની છે. તમે જે શબ્દો બોલ્યા કે (આજનો દિવસ) માંગલિક છે તે યથાર્થ વાત છે. ઊંડપ ઘણી છે આજની ''ગગન મંડળમેં ગૌઆ વિયાણી.'' આ આકાશમાં ઊડવાની વાત છે.

**આમાં વિકારી અવિકારી બેય લઈ લીધું છે. બન્ને માટે ઉપચારનું કથન વપરાય છે. ઉપર આવ્યું 'તું**

**(૧) સ્વભાવથી જ પર્યાયમાં ક્રિયા થયા કરે છે. બરાબર !**

**(૨) અવિરત પણે થયા કરે છે.**

**(૩) એને રોકી ન શકાય.**

**વિકારી કે અવિકારી એમ ન લેવું. સામાન્ય ક્રિયા ઉત્પાદ-વ્યય પર્યાય પોતાના સ્વભાવથી જ પરિણમે છે. એમ પર્યાયને પર્યાયના સ્વભાવથી જોતાં; આત્મા વ્યવહારથી પર્યાયને કરે છે એ કર્તાપણાનો ઉપચાર નીકળી જાય છે.** હવે જે વિષય ચાલુ છે તે વાત સારી આવે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જેમ કે જ્ઞાનની પર્યાય સમયે સમયે પ્રગટે છે.** પ્રગટે છે તો કઈ નયે કરે છે? **આત્મા કઈ નયે જ્ઞાનની પર્યાયને કરે છે? તો કહે છે કે વ્યવહારનયે આત્મા જ્ઞાનની પર્યાયનો કર્તા છે. નિશ્ચયનયે તો આત્મા જ્ઞાનની પર્યાયનો પણ અકર્તા જ છે.** બે નય લગાડીને વાત કરી.

**હવે આ જે વ્યવહારનયે કર્તાપણાનો ઉપચાર આવે છે એને ઓળંગી જાઓ. પર્યાયમાં તો "કાર્ય" પર્યાયના સ્વભાવથી જ થાય છે ને?** જુઓ 'થવા યોગ્ય' આવ્યું ને? સીમંધર પ્રભુની વાણી એટલે ટંકોત્કીર્ણ. 'થવા યોગ્ય' આવ્યું, પર્યાયમાં તો કાર્ય પર્યાયના સ્વભાવથી જ થાય છે. **તો અરે! વ્યવહારનયે આત્મા કર્તા છે એ ઉપચાર ખોટો થયો,** ખોટો જ થયો ને! આત્માને કર્તા કહેવો આ ઉપચાર ખોટો થયો ને! ઓટોમેટીક. (શ્રોતા-પર્યાય તો પર્યાયના સ્વભાવથી જ થાય છે.) કેમ કે પર્યાય સ્વભાવ તરીકે નિરપેક્ષ છે, સત્ છે, એને સાપેક્ષ તરીકે, આત્મા તરીકે, વ્યવહારથી જુઓ તો એ ખોટું થઈ ગયું. (વ્યવહાર નયે આત્મા કર્તા છે એ ઉપચાર ખોટો થયો.) **તો જે નયોના વિકલ્પ ઉઠતા હતા તે છૂટીને અંદરમાં ચાલ્યો ગયો.** <u>આ વિકલ્પ છોડવાની વાત ચાલે છે.</u>

પર્યાયનો સ્વભાવ પણ સારો આવ્યો. દ્રવ્ય-સ્વભાવ તો સારો પણ.. પર્યાયનો સ્વભાવ સારો છે. (શ્રોતા..ઈ બહુ Important છે.) **ત્યારે પર્યાય સ્વભાવનો પણ જ્ઞાતા થઈ જાય છે. દ્રવ્ય સ્વભાવનો જ્ઞાતા ને પર્યાય સ્વભાવનો પણ જ્ઞાતા. વચ્ચે જે નયોના વિકલ્પ ઊઠતા હતા નિશ્ચયનયના અને વ્યવહારનયના એ છૂટીને એકલું જ્ઞાન રહી ગયું.** આ નય વિનાનું જ્ઞાન તે જ્ઞાન છે. (શુદ્ધજ્ઞાન) **એ એકલા જ્ઞાનમાં આનંદ આવે છે.** નયોના વિકલ્પમાં આનંદ નથી; આકુળતા હતી.

જેમ કુંદકુંદ ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાંથી આવ્યા, શાસ્ત્રની રચના કરી. તેમ અમે પણ ત્યાંથી આવ્યા છીએ. આ માલ સીમંધર પ્રભુનો જ છે. જ્ઞાનનું જ જ્ઞાન થાય છે. (શ્રોતા-જી, સાહેબ! આપનો અનંતો ઉપકાર છે.) (શ્રોતા-આમાં તો સાધક કેમ થાય ઈ આવી ગયું ને? સાધક થયા પછી સાધ્ય કેમ થાય એ પણ આવી ગયું.) સાધ્ય મોક્ષ કેમ થાય ઠેઠ સુધીની વાત છે. (સમ્યક્દર્શનથી માંડીને મોક્ષ સુધીની કેવળજ્ઞાન સુધીની વાત છે. આમાં તો...) શ્રેણીનો વિચાર આવ્યો ને? આમાં શ્રેણી આવે. મોક્ષ થવા પહેલાં શ્રેણી આવે ને? (શ્રોતા-ઉપચારને ઓળંગે એટલે શ્રેણી આવે ને?) <u>સાધકની ૪૭ નયની વાત કરી પણ આ તો ૪૭ નયનો વિકલ્પ છૂટી જાય અને શુદ્ધોપયોગ થઈ જાય એવી વાત છે.</u> (અને આમ જુઓ તો નયજ્ઞાન દોષરૂપ જ છે ને?) દોષરૂપ જ છે. (ભલે સાધકને હોય છે પણ સાધ્યને તો નથી હોતું ને? પરમાત્માને તો નથી હોતું ને? એટલે ખરેખર ઈ... જ્ઞાનનું સ્વરૂપ નથી.) નિર્વિકલ્પ ધ્યાનમાં પણ સાધકને નથી હોતું.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(એટલે આ કર્તાનયનો વિકલ્પ છૂટી જાય અને અકર્તાનયનો વિકલ્પ છૂટી જાય. એકલો સ્વભાવ-સ્વભાવ. આ તો કહેવાય નહીં એવી વાતો છે. સકલનયો છૂટી જવાની વાત છે આ.) ઓળંગી જવાની વાત છે. (શ્રોતા-આ તો મહાન વાતો છે.)

(શ્રોતા-પંચ રત્નની ગાથામાં જેમ હું કરતો નથી હું કરાવતો નથી એવી રીતે આ કર્તાનયનો ઉપચાર આવે છે એનો હું કર્તા નથી, કરાવતો નથી, અનુમોદક નથી. પર્યાયને સ્વભાવથી જો. થવા યોગ્ય થાય છે અને હું તો જાણનારને જાણું છું.) આ નયે (કર્તાનયે) કરું છું અને આ નયે (અકર્તાનયે) નથી કરતો એમ નથી. (કરે છે ઈ પણ એના સ્વભાવથી જ કરે છે. નથી કરતો ઈ પણ એના સ્વભાવથી જ નથી કરતો એટલે એમાં કોઈ વિકલ્પ જ નથી.) નયો તો સમજવા માટે છે. નયોને વળગવા જેવું નથી. તેથી નયોની લક્ષ્મી ઉદય પામતી નથી. અનુભવમાં નયો ન હોય. (એટલે તેનો અભાવ થાય છે. નયોની લક્ષ્મી ઉદય પામતી નથી.) આજની ચર્ચા બહુ સારી છે.

સીમંધર પ્રભુ બહુ યાદ આવ્યા અત્યારે. ''થવા યોગ્ય થાય છે ને જાણનારો જણાય છે.'' હવે જેણે બોધ આપ્યો હેં ! અને બોધ ઊગી નીકળ્યો. આ ''જ્ઞાનનું જ જ્ઞાન'' થાય છે. અતિ અપૂર્વ છે. કહેવાય નહીં પણ અપૂર્વ છે. આવી ચર્ચાઓ (છેલ્લા) ૫૦૦ વર્ષમાં ક્યાંય દેખાતી નથી. આ ત્યાંનું છે. અમારું આમાં કાંઈ નથી. બધું પ્રભુનું છે. આ બે વાત પણ ત્યાંથી આવી છે તે બરોબર છે. અનંત દુઃખનું મૂળ કારણ કર્તાબુદ્ધિ અને જ્ઞાતાબુદ્ધિ છે. ઉપચારથી પણ કર્તાને આગળ કરે છે. શું કીધું ? ઉપચારથી પણ કર્તાને આગળ કરે છે. ઉપચારથી તો કર્તા છે ને? નિશ્ચયનયથી કર્તા ન હોય તો કાંઈ નહીં પણ કર્તાનયે તો કર્તા છે ને ?

(કર્તાનયે કર્તા છે ને ? કર્તાબુદ્ધિ (પ્રથમ) જાય છે. પછી કર્તાનયે તો કર્તા છે ને ? એમ આવે. પછી અકર્તાનયે એનો જ્ઞાતા છે. એટલે એનો સાક્ષી છે. એટલે એને કરતો નથી, આ જ્ઞાતાનો ઉપચાર આવ્યો. કર્તાબુદ્ધિ પણ જાય છે ને જ્ઞાતાબુદ્ધિ પણ જાય છે. પછી કર્તાનયે કરે છે અને અકર્તાનયે એનો સાક્ષી છે. એટલે કે એને જાણે છે. તો આ બન્ને તો ઉપચાર થયા.) સારી વાત છે. (શ્રોતા-કર્તાબુદ્ધિની જગ્યાએ હવે કર્તાનય આવી ગઈ અને જ્ઞાતાબુદ્ધિતો ગઈ. હવે જ્ઞાતાબુદ્ધિની જગ્યાએ અકર્તાનય આવી છે, અકર્તાનયે સાક્ષી છે એટલે કે એનો જ્ઞાતા છે. એનો જ્ઞાતા છે એ ઉપચાર છે. આમાં તો ભંડાર ભરેલો છે.)

કર્તાનયે રાગને કરે છે અને અકર્તાનયે એનો સાક્ષી છે. એટલે એનો જ્ઞાતા થયો. એટલે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિકલ્પ જ રહ્યો. કર્તાબુદ્ધિ ગઈ, જ્ઞાતાબુદ્ધિ ગઈ; પછી કર્તાનો ઉપચાર જ્ઞાતાનો ઉપચાર બન્ને ઉપચાર આવ્યા રાઈટ. આ સારું છે. (શ્રોતા-કર્તાનય પણ વિકલ્પ છે, અકર્તાનય પણ વિકલ્પ છે. વિકલ્પ છે અર્થાત્ ભેદનો સાક્ષી થયો ને ?) સાચી વાત છે. (શ્રોતા-એટલે થવા યોગ્ય થાય છે એમ પર્યાય સ્વભાવને જાણતાં એમાં કર્તાનો ઉપચાર નીકળી ગયો. અને જાણનારો જણાય છે એમાં અકર્તા જ્ઞાતાનો ઉપચાર નીકળી ગયો ભાઈ ! આમાં તો (સુત્રમાં) ઘણું ભર્યું છે હોં !) જાણનારો જણાય છે ને એટલે જે એનો સાક્ષી છે એવો જે ઉપચાર હતો તે નીકળી ગયો. અકર્તાનયે સાક્ષી છે અને જાણનાર જણાય છે એમાં અકર્તાનયનો જ્ઞાતા છે સાક્ષી છે એ નીકળી ગયું. ઈ નયાતિક્રાંત થઈ ગયો. સાક્ષીપણામાં જે નય હતો ઈ નયાતિક્રાંત થઈ ગયો.

(શ્રોતા-''થવા યોગ્ય થાય છે'' તેમાં કર્તાનયનો ઉપચાર નીકળી ગયો.'' જાણનારો જણાય છે'' તેમાં જ્ઞાતાનો ઉપચાર આવતો હતો તે નીકળી ગયો. તેથી ''થવા યોગ્ય થાય છે'' તેને જાણતો નથી. એ તો ''જાણનારને જાણે છે.'') આહાહા ! જાણવાના બહાના નીચે પણ નયના વિકલ્પો ઊભા થાય છે હોં ! કરવાના બહાના નીચે તો ઠીક પણ જાણવાના બહાના નીચે હોં ! અહાહા ! **આ તો નિધિ છે હોં નિધિ.**

કર્તાનય છોડાવવા માટે જ્ઞાતા નયથી-અકર્તાનયથી કહે છે એને છોડી દે ત્યારે જ્ઞાન જણાય છે. ઈ.. વાત સાચી છે. થવા યોગ્ય થાય છે અને જાણનારો જણાય છે. થવા યોગ્ય થાય છે એમાં કર્તાબુદ્ધિ જાય, અને જ્ઞાતા બુદ્ધિ જાય, પછી કર્તાનો ઉપચાર જાય ને જ્ઞાતાનો ઉપચાર જાય બધું જ જાય. બધું જ જાય ને શુદ્ધોપયોગ થાય. (શ્રોતા-શુદ્ધ ઉપયોગ થાય અને શુદ્ધ ઉપયોગ રહે તેવી ટંકોત્કીર્ણ વાત છે.)

બે લીટીમાં દિવ્ય ધ્વનિનો આખો સાર છે. બીન અનુભવી આ ઊંડાણની વાત સમજે પણ નહીં. છતાં પણ આ (દ્રવ્ય સ્વભાવ-પર્યાય સ્વભાવ) નીકળ્યું છે એટલે સમજનારા નીકળશે. આમ તો પ્રચલિત વાત છે. નયાતિક્રાંત થાય ત્યારે અનુભૂતિ થાય તે વાત તો શ્રીગુરુથી નીકળેલી છે.

(ભાઈ ! આપ કર્તાબુદ્ધિ અને કર્તાનો ઉપચાર બન્ને સાથે જ લ્યો છો. આપે શરૂઆતમાં ટ્રેનમાં આવતા હતા ત્યારે આ વાત કરી હતી. કર્તાબુદ્ધિ અને જ્ઞાતાબુદ્ધિ જાય પછી સમ્યક્ દર્શન થાય. પછી એને કર્તાનો ઉપચાર લાગે અને જ્ઞાતાનો ઉપચાર લાગે. ઈ... કર્તાનો ઉપચાર અને જ્ઞાતાનો ઉપચાર બન્ને જાય ત્યારે એને શ્રેણી આવીને કેવળજ્ઞાન થાય. ભાઈ આપનું જીવન જ આ છે. આખું જીવન આપે સ્વભાવ ઘૂંટ્યો છે.

(શ્રોતા-આપની વાત પૂરી (પૂર્ણ) આવે છે. અધૂરી વાત આવતી નથી. પરમાત્મા થઈ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાય તેવી પૂરી વાત આવે છે. આમ તો જ્ઞાનનું જ્ઞાન થાય છે.) જ્ઞાનનું જ્ઞાન થાય છે તેમાં ઠેઠ સુધી આપણે જ સમજી શકીએ. (શ્રોતા-ભાઈ ! આપને પર્યાયે સ્વભાવનું જે સ્પષ્ટીકરણ આવ્યું છે ને તે આપને ઉપચારનો નિષેધ ભજી ગયું છે તેનું જ્ઞાન થાય છે.) ભજી ગયું છે. જ્ઞાનનું જ્ઞાન થાય છે. થયેલું ભજી ગયેલું, અનુભવેલું જ્ઞાન ક્યાં જાય ! આવિર્ભાવ થાય. (શ્રોતા-આ વાત ક્યાંય નથી.)

આ સ્પષ્ટીકરણ ઢગલાબંધ છે. ન્યાયથી બેસી જાય. લાયક પ્રાણીને તો, 'હા' આવે તો પોતાનું હિત થઈ જાય. જ્યારે પાંચ રતનની વાત કરીને ત્યારે આ વાત કરી હતી કે આ જે શ્રેણીની સન્મુખની દશા છે તેમ કહ્યું હતું. શ્રેણી આ કાળે નથી તેમ કહ્યું હતું. (શ્રોતા-લેકિન ઉસકા સ્વરૂપ તો ખ્યાલમેં આ સકતા હૈ ને ?) શ્રેણીની સન્મુખ કુંદકુંદ ભગવાનનું જ્ઞાન ચાલુ હતું. જેમ સમ્યક્‌દર્શન પહેલાં સમ્યક્‌ની સન્મુખ થઈ જાય છે તેવી રીતે શ્રેણીની સન્મુખ થાય પછી શ્રેણી થાય.)

***આનું નામ ધગશ !***

***આત્માર્થીને સમ્યક્‌દર્શન પહેલાં સ્વભાવ સમજવા માટે એટલો તીવ્ર રસ હોય છે કે...શ્રી ગુરુ પાસેથી સ્વભાવ સાંભળતાં જ તે ગ્રહણ થઈને આત્મામાં ગરી જાય છે. આત્મામાં પરિણમી જાય...'અહો ! મારો આવો સ્વભાવ ગુરુએ બતાવ્યો એમ ગુરુનો ઉપદેશ ઠેઠ આત્મામાં સ્પર્શી જાય.***

***(આત્મધર્મ અંક ૧૧૫ મુખપૃષ્ઠ)***

***'વસ્તુ સ્વભાવ' એટલે, જ્ઞાનનો-વસ્તુનો-પોતાનો સ્વ...ભાવ નિજ ભાવ, નિરપેક્ષ ભાવ. જુઓ આમાં (દશગાથામાં) નિશ્ચયનય કે વ્યવહારનયનો ક્યાંય ઉલ્લેખ કર્યો નથી. આચાર્ય દેવ સ્વભાવથી વાત કરે છે. આત્માના જ્ઞાનની પર્યાય, વસ્તુ છે, એનો જે મૂળ સ્વભાવ વસ્તુ સ્વભાવ 'પરવડે' એટલે જ્ઞેય વડે આત્માનું જ્ઞાન થઈ શકતું નથી અશક્ય છે...અસંભવિત છે.***

***(જ્ઞાનથી...જ્ઞાનનું ભેદજ્ઞાન પેજ નં. ૨૭૬)***



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ચર્ચાનં-૮ રાજકોટ

**ધ્યેય પૂર્વક જ્ઞેયની વાત વર્ષોથી કરું છું**

પણ..એમાં શું મર્મ છે કે તમે વખતો વખત આ વાત કરો છો ? (પરિણામનો કર્તા પરિણામ છે એ સ્વભાવ સિદ્ધ વાત છે.) કઈ નયથી છે પરિણામનો કર્તા પરિણામ ? (શ્રોતા- સ્વભાવથી જ છે.) વ્યવહાર નયથી ન કહો તો કાંઈ નહીં પણ નિશ્ચયનયથી એક ભાવ આશ્રિત છે. એ તો નિશ્ચય છે. નિશ્ચયથી કર્તા છે એમ કહેવામાં કોઈ દોષ આવે ? (શ્રોતા-દોષ આવે ને ! આત્મા વ્યવહારથી કર્તા છે એમ આવે.) એમ આવે ? ઠીક ! સ્વભાવ ક્યાં આવ્યો એમાં ?

(શ્રોતા-નયમાંથી નય આવે) અને સ્વભાવમાંથી સ્વભાવ આવે. (શ્રોતા-સ્વભાવમાંથી સ્વભાવ આવે.) નય ન આવે? ઠીક. એમ કાંઈ બોલો તો ખબર પડે. (શ્રોતા-નિશ્ચયનય કહેશો તો વ્યવહારનય આવશે, નયમાંથી તો નય જ આવેને ! સ્વભાવ ન આવે.) નયમાંથી નય આવતાં 'ના' જ આવે અનુભવ ન આવે. આહાહા ! પરિણામનો કર્તા પરિણામ છે એ સ્વભાવસિદ્ધ છે. **નિશ્ચયનયે પર્યાય પર્યાયને કરે છે એમ પણ ન લેવું. જો નિશ્ચયનયે પર્યાય પર્યાયનો કર્તા છે એમ લેશો તો વ્યવહારનયે આત્મા પર્યાયનો કર્તા છે એવો ઉપચારનો દોષ આવી જશે.** દોષ છે ! ગુણ નથી આ ! બેન ! ગજબ છે હો !! કોઈ પળ હતી આ બસ. હેં ?

જે અમૃતચંદ્ર આચાર્ય કહે છે એ સાચું છે હો આ પુદ્‌ગલની રચના છે એમ જાણો. 'હે ! મોહી જીવ એમ ન નાચો......કે આ અમૃતચંદ્રસૂરિનું કથન છે' **માટે પર્યાયનો કર્તા પર્યાય સ્વભાવથી જ છે. નિશ્ચયનયે પર્યાય પર્યાયને કરે છે એમ પણ ન લેવું. કોઈ નયથી સ્વરૂપની પ્રાપ્તિ નથી. જ્ઞાનથી સ્વરૂપની પ્રાપ્તિ છે. સ્વભાવથી સ્વભાવની પ્રાપ્તિ છે.**

**પર્યાયને એના સ્વભાવથી જોતાં, એની કરવાની બુદ્ધિ છૂટી જાય છે અને કરવાનો ઉપચાર પણ છૂટી જાય છે.** 'થવા યોગ્ય થાય છે,' બસ એક જ મંત્ર. 'થવા યોગ્ય થાય છે,' એને કોઈ બીજો કોઈ નયથી કરે છે, એ સત્‌ને બીજો કોઈ કોઈ નયથી કરે છે એ લાગુ પડતુ નથી. 'થવા યોગ્ય થાય છે,' એને કર્મથી થાય છે એમ લાગુ ન પડે, અને જીવથી થાય છે એ પણ લાગુ ન પડે. 'થવા યોગ્ય થાય છે,' એના સ્વભાવથી પર્યાય થાય છે. એને જીવ કરે છે એમ પણ લાગુ પડતું નથી. અને કર્મ કરે છે એમ પણ લાગુ પડતું નથી. તમે કહો છો નિર્મળ પર્યાયમાં ત્રિકાળી ઉપાદાન કર્તાપણે કરે છે, અને મલિન પર્યાયમાં વિકારને જડ કર્મ નિમિત્તપણે કરે છે, ભલે તમે વ્યાપ્ય વ્યાપક ન લ્યો ! પણ નિમિત્તપણે તો નિર્મળ પર્યાયને આત્મા કરે છે, અને વિકારી પર્યાયને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કર્મ કરે છે. વિકારમાં કર્મ નિમિત્ત છે; રાગમાં કર્મ નિમિત્ત છે અને વીતરાગ ભાવમાં આત્મા નિમિત્ત છે, તો એને કોઈ કર્તાપણાનો કે જ્ઞાતાપણાનો ઉપચાર આવે કે ન આવે ? ન આવે, કેમ કે 'થવા યોગ્ય થાય છે.'

(શ્રોતા-સ્વભાવથી જ થાય છે.) સ્વભાવથી જ થાય છે. ('થવા યોગ્ય થાય છે,') 'થવા યોગ્ય' કહ્યું એટલે પર્યાયનો સ્વભાવ આવી ગયો. કોઈ નય ન આવી. **પર્યાયને એના સ્વભાવથી જોતાં, એની કરવાની બુદ્ધિ છૂટી જાય છે. ને કરવાનો ઉપચાર પણ છૂટી જાય છે.** બેય દોષ નીકળી જાય છે. ગહન છે.

(શ્રોતા- 'થવા યોગ્ય થાય છે,' ને જાણનારો જણાય છે.;') સાચી વાત છે, આ આખા પાનાનો સાર એ છે કે 'થવા યોગ્ય થાય છે,' કેમ કે આ પ્રકરણ પર્યાય સ્વભાવનું ચાલે છે. 'થવા યોગ્ય થાય છે,' આહાહા ! કોઈ ઉપાદાન કર્તાએ નથી અને કોઈ નિમિત્ત કર્તાએ નથી. ('થવા યોગ્ય થાય છે.') જ્યાં 'થવા યોગ્ય થાય છે' એમ જ્ઞાનમાં આવવા લાગ્યું, ત્યાં કર્તાબુદ્ધિ અને કર્તાનો ઉપચાર છૂટવા લાગ્યો, અને જાણનારો જણાઈ જાય છે.' (શ્રોતા- શાંતિથી જણાઈ જાય છે.) શાંતિથી ! (શ્રોતા- 'થવા યોગ્ય થાય છે,' એમ પર્યાયના સ્વભાવને દેખે તો પર્યાય સ્વભાવ પણ એને પક્ષાતિક્રાંત ભાસે હેં !! (શ્રોતા-પર્યાય સ્વભાવ પણ પક્ષાતિક્રાંત ભાસે ને ?) પર્યાયનો સ્વભાવ જ ભાસવા લાગ્યો ને ? પર્યાયને પર્યાયના સ્વભાવથી જુઓ તો દૃષ્ટિ દ્રવ્ય ઉપર આવી જાય.

(પર્યાયને પર્યાયના સ્વભાવથી જોતાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર આવી જાય.) હં.... પરિણામ સત્ અહેતુક છે, એને કોઈની અપેક્ષા નથી. એ તો નિરપેક્ષ સત્ છે ને ? (એને કોઈની અપેક્ષા નથી.) સત્ નિરપેક્ષ જ હોય, સત્ કોઈ દિ સાપેક્ષ ન હોય. (બરાબર છે.) સાપેક્ષ કર્યું તો એ વ્યવહાર થઈ ગયો. પર્યાય પણ સત્ છે ને ? આહાહા ! 'થવા યોગ્ય થાય છે,' એ નિરપેક્ષ જોયું એણે.

(શ્રોતા-(સત્) સાપેક્ષ હોતા નહીં, સાપેક્ષતાસે તો ઉસકા કથન હોતા હૈ નિરપેક્ષ હી હોતા હૈ) સમજાનેકે લિયે સાપેક્ષ આતા હૈ. (શ્રોતા-સમજાને કે લિયે સાપેક્ષ કથન કિયા તો સાપેક્ષ હી માનને લગા.) માનને લગા તો દૃષ્ટિ વિપરીત હુઈ.

વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક કહ્યો તો વ્યવહારને અનુસરવા લાગ્યો. (બરાબર છે.) (શ્રોતા-સમજાને કે લિયે સાપેક્ષ કહા 'થવા યોગ્ય થાય છે,' 'થવા યોગ્ય થાય છે,' એમ કહે તો એ કંઈ સમજે નહીં.) ન સમજે. (શ્રોતા-સમજવાનો પાઠ પણ ઈ જ છે.) હા ! સમજવાનો વિષય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઈ જ છે, અને ત્યાં જ આવવું પડશે. (શ્રોતા-ઐસે કહનેસે વો તો સમજતા નહીં હૈ.)

જ્યારે રાગની સાથે એકતા બુદ્ધિ હતી ત્યારે, જ્ઞાનીઓ સમજાવે છે કે જ્યાં સુધી ભેદજ્ઞાનનો અભાવ છે ત્યાં સુધી અજ્ઞાની આત્મા રાગને કરે છે અને દુઃખને ભોગવે છે. (શ્રોતા-આમ સાપેક્ષતાથી સમજાવે છે.) સમજાવે છે બરાબરને ? (શ્રોતા-પરકા લક્ષ કરે તો રાગ હોતા હૈ ઐસા સમજાતે હૈ.) સમજાતે હૈં બરાબરને ?

હવે જ્યારે એમ સમજાવ્યું ત્યારે આત્મા રાગને કરે છે એમ એણે પકડી લીધું. હવે શ્રીગુરુને ખ્યાલ આવ્યો કે આણે તો ઊંધુ પકડયું, હવે એને કેમ સમજાવવું !! ભાઈ ! આત્મા રાગને કરે છે એમ મેં તને કાલે કહ્યું હતું ને, ઈ..વ્યવહાર નયનું કથન છે. એમ સાહેબ ! મેં કાલ વ્યવહારનયનું કથન કહ્યું હતું, પણ મેં નિશ્ચયનય અધ્યાર રાખી હતી. હવે નિશ્ચયનયથી સમજાવો. કે નિશ્ચયનયથી કર્મથી રાગ થાય છે; આત્માથી થતો નથી; વ્યાપ્ય-વ્યાપક એની સાથે છે, એના સંગે (લક્ષે) થાય છે ને ? તેથી કર્તાનું કર્મ એનું છે. તો (શિષ્યે) પકડી લીધું. ત્રીજો દિ' થયો અનુભવ થયો નહીં. સાહેબ હજુ કાંઈ બાકી છે ? હા ! છે. હવે શું બાકી છે ? કે; એના ક્ષણિક ઉપાદાનથી થાય છે, આત્મા એનો કર્તા નથી અને કર્મથી પણ થતું નથી. આહાહા ! (શ્રોતા-બિલકુલ ઐસા હી હૈ.)

કેમ કે નિશ્ચયનયથી પર્યાયનો કર્તા પર્યાય છે. એમ ત્રીજે દિવસે કહ્યું ને તો ય અનુભવ ન થયો. (બરાબર છે.) હવે શું કરવું ? કે નયથી જોવાનું કાઢી નાખ. ''થવા યોગ્ય થાય છે.'' તો ચોથે દિવસે ચોથું ગુણસ્થાન આવી ગયું. (શ્રોતા-એ બરાબર છે.) તમે હમણાં કહ્યું ને કે સાપેક્ષથી સમજાવવામાં આવે છે, ઈ..શબ્દ બોલ્યાને ! એનું આ સ્પષ્ટીકરણ કર્યું. (બહુ સરસ, ક્રમ પણ ઐસા હી હૈ ના ! સમજાને કા. હમ લોગ ભી ઐસે હી સમજતે હૈ,) હા. બરાબર છે.

(શ્રોતા-આત્મા હી રાગ દ્વેષ કો કરતા હૈ, ઔર કોઈ નહીં કરતા હૈ. તો ઐસા હી માન લેતા હૈ. હમ હી કરતે હૈ. હમ ઐસે કયું કરતે હૈ ! નહીં કરના ચાહિયે. તો કહા કિ તુમ નહીં કરતે હો, તુમ તો અકર્તા હો, યે તો કર્મકા ઉદય આતા હૈ ને ઉસમેં જુડને સે વો હોતા હૈ.) જુડને સે હોતા હૈ, તેરે સે નહીં હોતા હૈ. (શ્રોતા-તેરેસે નહીં હોતા હૈ. તો ઉસમેં થોડી શાંતિ આતી હૈ.) કારણ કે એના ઉપર નાખ્યું ને ? પછી ''કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ'' ત્યાંથી હઠાવી ને કે : નિશ્ચયનયથી પર્યાયનો કર્તા પર્યાય છે. (શ્રોતા-અચ્છા. નિશ્ચયથી છે તો વ્યવહારથી કાંઈ બીજું છે.) બીજું છે. (ઈ રહે જ છે એને.) શલ્ય રહી જાય છે.

શલ્ય રહી જાય છે, કેમ કે નય સાપેક્ષ છે ને ? (શ્રોતા-નયથી ખરું સ્વરૂપ નથી સમજાતું.)



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલે ઈ..તર્ક પણ કરે સમજી ગયા ! એટલે (શ્રીગુરુ) કહે આટલું સમજ નિશ્ચયનયથી કાલ બીજો પાઠ આવશે. નિશ્ચયનય કાઢી નાખ 'થવા યોગ્ય થાય છે,' (વો તો સ્વરૂપ હી ઐસા હૈ.) પર્યાયનું સ્વરૂપ જેવું છે એવું પુરૂ આવ્યું. તો કર્તાબુદ્ધિએ ગઈ, કર્તાનો ઉપચાર પણ ગયો અને ભગવાન આત્માની દૃષ્ટિ થઈ જાય છે. બીજો કોઈ ઉપાય નથી. જે નથી સમજતો..(શ્રોતા-એને સાપેક્ષથી સમજાવે છે. સહી બાત હૈ.)

છે તો ખરેખર નિરપેક્ષ જ, (શ્રોતા-ભાઈ ! આટલી બાતથી ઉસકા ભવ પૂરા હોના ચાહિયે.) નિરપેક્ષ જે 'થવા યોગ્ય થાય છે,' એમાં સમજી જ ન શકે ને ? બેન ! તેરમી ગાથા અપૂર્વ છે. (અપૂર્વ છે.) સમ્યક્ દર્શનની ગાથા છે. નિયમથી થાય. (શ્રોતા-પર્યાય સ્વભાવ બતાવ્યો ને !) પર્યાય સ્વભાવ (૧૩માં) ઓલામાં (૧૧ ગાથામાં) દ્રવ્ય સ્વભાવને બતાવ્યો, પછી પર્યાય સ્વભાવ પણ બતાવવો પડે ને ? કેમ કે ત્યાં પર્યાયનો દ્રવ્યમાં અભાવ છે એવા સ્વભાવનું અવલંબન લે, એમ કહ્યું ને ? કેમ કે પર્યાયનો પર્યાયથી તો સદ્ભાવ છે, નહીંતર તો સાંખ્યમત થઈ ગયો. (શ્રોતા-સાંખ્યમત થઈ ગયો. બરાબર !)

હવે નવ તત્ત્વો તો છે. ત્યારે નવ તત્ત્વને કોણ કરે છે ? ઈ પ્રશ્ન આવ્યો ! જો અભૂતાર્થ નયથી જોશો તો આત્મા કર્તા લાગશે, પણ ભૂતાર્થથી જોશો તો પર્યાયનો કર્તા પર્યાય છે. (શ્રોતા-'થવા યોગ્ય થાય છે.')એટલે પરિણામની કર્તાબુદ્ધિ અને કર્તાનો ઉપચાર કાઢ્યો. એમાંથી બેપણાની કર્તાબુદ્ધિ કાઢી અને કર્તાનો ઉપચાર કાઢયો એમાંથી એટલે એટલો ઉપચાર રાખ્યો. નિમિત્ત કોણ? કર્મનો સદ્ભાવ કે અભાવ એટલો જ બસ. એટલે જૂનાં કર્મ ગયાંને, અને નવાં કર્મ બંધમાં કોઈ કારણ નથી. આવી ગયું, એટલે નવાં કર્મનો બંધ અટકી ગયો, અને સંવર થઈ ગયો.

(શ્રોતા-નવાની તો વાત જ નથી.) એમાં હેતુ છે કેમ કે આ સમજે તો એમાં એને સમ્યક્ દર્શન થાય તો પછી એને નવા કર્મનો બંધ ક્યાંથી થાય ? સમ્યગ્દર્શન થાય એના ભેગી નિર્જરા થાય; બંધ ન થાય. આહાહા ! આ તો અદ્ભુત વાતો છે.

(શ્રોતા-એકલા નૈમિત્તિક છે, પણ ઈ ભાવો નિમિત્ત નથી.) નૈમિત્તિક છે બસ. નિમિત્તપણું એમાં નથી. અહાહા ! (જૂનામાં નૈમિત્તિક છે.) જૂનાની સાથે જોડાય છે. સદ્ભાવ ને અભાવ એટલો વ્યવહાર એને સમજાવ્યો. એનું ય એક કારણ છે. એકલા એકલા પરિણામ ન થાય. (એની પાછળ વિભાવ છે ને?) વિભાવ છે. નવે વિભાવ છે. (નવે નૈમિત્તિક છે, નૈમિત્તિક કહી ને નિમિત્ત બનાવ્યું.) 'થવા યોગ્ય થાય છે' એમ કહ્યું ઈ ઉપાદાન બતાવ્યું એનું. (પહેલાં ઉપાદાનથી વાત કરી.) ઉપાદાનથી વાત કરી. (પછી જુઓ તો નૈમિત્તિક ઈ પરિણામ ઉપાદાન જ છે)



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપાદાન છે. પણ વિભાવ છે એટલે આત્મા નિમિત્ત નથી. આત્મા નિમિત્ત નથી ઈ કહેવું છે. એ કહેવું એટલે બીજું નિમિત્ત બતાવ્યું.

'થવા યોગ્ય થાય છે.' વાણી કાંઈ છૂટી આહાહા !( શ્રોતા-સમયસારમાં આવે છે કે વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે. દેવસેન આચાર્ય કહે છે કે નિશ્ચય પરમાર્થનો પ્રતિપાદક છે. જ્યારે અહીંઆ કહે છે કે સ્વભાવ સ્વભાવનો પ્રતિપાદક છે.) (શ્રોતા-સબસે ઉપરકી બાત હૈ.) (શ્રોતા-બરાબર. સબસે અતિક્રાંત હોનેકી બાત હૈ.) ઉપરની જ વાત છે. (શ્રોતા- બસ બધાની ઉપર બેસી જાવ, હૈ ના ?) બસ, એવી જ વાત છે. આ સોનગઢમાં બહુ ચાલુ થઈ ગયું છે દ્રવ્યસ્વભાવ અને પર્યાયસ્વભાવ. આત્મા શુદ્ધ છે કઈ નયથી શુદ્ધ છે ? સ્વભાવથી શુદ્ધ છે.

બહુ ચાલવાનું છે આ..., બહુ ચાલશે. પાંચ ટકા નીકળે તો પણ બસ છે ને ? પછી બધે સમ્યક્ દૃષ્ટિ, સમ્યક્ દૃષ્ટિ, સમ્યક્ દૃષ્ટિ થઈ જશે. બધાની સ્વભાવદૃષ્ટિ થાય બસ આપણી એજ ભાવના છે. આપણે પણ એમ જ કહીએ છીએ ને બધા નયપક્ષથી અતિક્રાંત થઈ આત્માને અનુભવો ! ચર્ચા છાપવાનો બીજો શો હેતુ છે ? ઈ...તો એમ છે કે જો સત્ બહાર આવે તો પકડનાર હોય જ. હજુ એકે પકડ્યું, એકે પકડ્યું તો બીજાને કહેશે ને ! (શ્રોતા-એક પકડશે તો દસને પકડાવશે.)

ગુરુદેવ ઘણી વખત કહે છે, જો આમ કહીએ તો આમ પકડી લ્યે છે જો તેમ કહીએ તો આને છોડીને તેમ પકડી લ્યે છે. હવે મારે કરવું શું ? અપેક્ષા સમજો. અપેક્ષા સમજો. કેમ કે નિશ્ચયનયે પર્યાયનો કર્તા પર્યાય તો પ્રશ્ન ઊઠે ને ? તો વ્યવહારે કોણ કરે છે ? તમે કહ્યું ને સાપેક્ષતા તો સમજાવવા માટે છે. નિરપેક્ષતા અનુભવવા માટે છે. અને સમજી જવાય હોં ! (શ્રોતા-સમજી જવાય છે.) સમજી જવાય. મહનીય ગુરુ સમજાવે તો શિષ્ય સમજી જાય કે શ્રીગરુ આ વાત કહેવા માગે છે.

પર્યાયને સ્વભાવથી જો, નયથી શું કામ છે ? નયથી ન જો. (શ્રોતા-અપેક્ષાથી તો જોઈ જોઈને ઘણીવાર જોયું, અપેક્ષાથી જોતાં જોતાં દ્રવ્યલિંગી મુનિ થયો, અપેક્ષાથી જોતાં જોતાં સંસાર રહી ગયો. કોઈ દિ નિરપેક્ષથી દ્રવ્યને-ગુણને પર્યાયને ત્રણે માંથી કોઈ એકને નિરપેક્ષથી જો તો બધું નિરપેક્ષ દેખાય. (નિરપેક્ષ દૃષ્ટિ જ ન થઈ એની.) ન થઈ (નિરપેક્ષથી જોતાં આવડ્યું જ નહીં એને) આવડ્યું જ નહીં. (નિરપેક્ષ દૃષ્ટિ સો સમ્યક્ દૃષ્ટિ. આમાં આવે છે ને 'દ્રવ્ય દૃષ્ટિ તે સમ્યક્દૃષ્ટિ' એ તો છે જ પણ (શ્રોતા -નિરપેક્ષ દૃષ્ટિ તે સમ્યક્દૃષ્ટિ. કેમ કે એમાં બે વાત આવી ગઈ. પર્યાય સ્વભાવને જુએ, પર્યાયને નિરપેક્ષ જુએ તો તો સમ્યક્દર્શન થાય.) હા ! થાયને!



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અને દ્રવ્યને જુએ તો તો થાય જ.) એટલે એને એક વાત રહી જતી હતી.

૧૧મી ગાથા પછી ૧૩મી ગાથા મૂકી. નવ તત્ત્વનું શ્રદ્ધાન તે સમ્યક્દર્શન. અભૂતાર્થનયે કે ભૂતાર્થનયે ? એ પછી પણ જૈન દર્શન સિવાય નવ તત્ત્વ બીજે ક્યાંય છે જ નહીં. એટલે એણે તો પરંપરા જોઈ કે અભૂતાર્થનયથી જુએ છે બધા એટલે સમ્યક્દર્શન ન થાય. હવે 'ભૂતાર્થનયથી' જો. એ એક શબ્દ મૂક્યો-વિશેષણ. (શ્રોતા-એટલે એને એમાં એમ જ કહેવું છે કે પર્યાયના સ્વભાવથી જો.) પર્યાયને પર્યાયના સ્વભાવથી જો. એટલે ઈ...આ (પર્યાયસ્વભાવ) છે ઈ જ. (પર્યાયને સ્વભાવથી જો બસ.) પર્યાય સ્વભાવ બતાવ્યો. સમયસાર ૧૧મી ગાથામાં દ્રવ્યસ્વભાવ અને ૧૩મી ગાથામાં પર્યાયસ્વભાવ બતાવ્યો. 'પર્યાય સ્વભાવ' બસ એ બરોબર છે. ઓમાં (૧૧ ગાથામાં ) દ્રવ્ય સ્વભાવ એ પર્યાયથી નિરપેક્ષ અને પયાર્ય દ્રવ્યથી નિરપેક્ષ ઈ ૧૩ મી ગાથામાં. ૧૧ મી ગાથામાં દ્રવ્યને પર્યાયથી નિરપેક્ષ જો. અને ૧૩ મી ગાથામાં આ પર્યાયને દ્રવ્યથી નિરપેક્ષ જો, એમ છે.

સાપેક્ષમાં વિકલ્પ ઊઠે છે, નિરપેક્ષમાં વિકલ્પ શાંત થાય છે. નિરપેક્ષમાં જ્ઞાન પ્રગટ થાય છે. (પાઠશાળામાં અભ્યાસ શરૂ કર્યો ત્યારે પૂછ્યું'તું) (ચાલીસ) ૪૦ વર્ષ પહેલાં પુછ્યું હતું કે 'આત્મા સાપેક્ષ છે કે નિરપેક્ષ !' જ્ઞાનનું જ્ઞાન થતું હતું, ત્યાંનું હતું ને ? (શ્રોતા-થોડું રહી ગયું હતું ને તે આવતું હતું,) રહી ગયું હતું. (ચાલીસ) ૪૦ વરસ પહેલાંની વાત છે હોં આહાહા ! રહી ગયું હતું, સંસ્કાર રહી જાય. 'થવા યોગ્ય થાય છે.' પછી નિરપેક્ષ તો થોડું થોડું આવ્યું ને ! (શ્રોતા-અંદર હતું ને ?) હતું ને ! (શ્રોતા-નિરપેક્ષ સ્વભાવના મૂળમાં સંસ્કાર એટલે કોઈ ગૂંચવણ ન થાય.)

બધા સ્તબ્ધ થઈ ગયા. કોઈએ ચર્ચા ન કરી. નહીંતર ચર્ચા તો કરે જ ને ? પંડિતજી આ પૂછે છે ઈ શું અમે નથી સમજતા ! એમનો પૂછવાનો હેતુ શું છે ? ચર્ચા કરત ને તો કદાચ. (શ્રોતા-સ્મરણમાં આવી જાય, કેમકે જુદું તો અહીંઆ બેસે નહીં :) (શ્રોતા-જુદું કોઈ કહે સાપેક્ષ કહે ઈ આપને બેસે નહીં.) એટલે તો મેં પ્રશ્ન કર્યો સાપેક્ષ છે કે નિરપેક્ષ ? કેમ કે દુનિયામાં સાપેક્ષની જ વાત ચાલતી હતી. (શ્રોતા-હા. આત્મા નિરપેક્ષ છે, આત્મા એટલે આત્માના બન્ને સ્વભાવ. દ્રવ્ય સ્વભાવ અને પર્યાય સ્વભાવ.) હા. બન્ને સ્વભાવ. બેય નિરપેક્ષ આહાહા ! નિરપેક્ષ અહાહાહા ! નિરપેક્ષ જ છે હોં ! અહાહાહા ! સ્વાધીન સત્ છે હોં !! (શ્રોતા-વાતની સંધિ કેવી આવી છે.) એમ જ છે ત્યારે પક્ષાતિક્રાંત થાય છે. અહાહા !

**કાર્ય સ્વયં થતું હોય એમાં બીજો કરે એવા ઉપચારનો અવકાશ જ ક્યાં છે ?** અહાહાહા !



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**બસ સ્વયંથી થાય છે.** જો આવ્યું 'થવા યોગ્ય થાય છે' સ્વયં થી થાય છે. (શ્રોતા-થવા યોગ્ય થાય છે.) **બસ સ્વયં થી થાય છે આત્મા જ્ઞાતા થઈ જાય છે.** એટલે જાણનારો જણાય છે.

આમ સ્વયંથી થાય છે ને ? ઓલું આવી ગયું બેન ! બેય સ્વભાવ હતા જ્ઞાતા થઈ જાય હોં. થશે એમ નહીં (શ્રોતા- ઈ જ વખતે થઈ જાય છે.) ઈ જ વખતે બસ. ('થવા યોગ્ય થાય છે જાણનાર જણાય છે.' બસ સ્વયં થી થાય છે એમાં આત્મા જ્ઞાતા થઈ જાય છે.) થઈ જાય છે બસ. જ્ઞાતા ક્યારે થાય કે જ્ઞાયકને જાણે ત્યારે બસ ! (જ્ઞાયક ક્યારે જણાય ? કે થવા યોગ્ય થાય છે ત્યારે.) થવા યોગ્ય થાય છે ત્યારે.

જુઓ આ એક વાત પાછી બહુ સરસ આવે છે. **નયના વિકલ્પોમાં એ વિકલ્પનો કર્તા બની જાય છે.** નયોના જે વિકલ્પ ઊઠે છે એમાં નયનો જ્ઞાતા નથી બનતો પણ કર્તા બને છે. **નયના વિકલ્પોમાં એ વિકલ્પનો કર્તા બની જાય છે,** પછી નયાતિક્રાંત થાય પછી વિકલ્પનો જ્ઞાતા કહેવાય એ જુદી વાત છે. આ તો કર્તા બની જાય છે. (શ્રોતા-બની જાય છે નય વિકલ્પમાં વિકલ્પનો કર્તા બને છે.) કર્તા બને છે એવો પાઠ પણ છે ને / ૯૫ નંબર નો કળશ છે. (શ્રોતા-હવે એજ આવશે હમણાં)

નયના વિકલ્પમાં એ વિકલ્પનો કર્તા બની જાય છે, રાગનો કર્તા બની જાય છે. નય કહો કે રાગ કહો બેય લઈ લીધું. ઈન્દ્રિયજ્ઞાન -ખંડજ્ઞાન અને રાગ. આહાહા ! **એને ખબર જ નથી પડતી. જો વિકલ્પ છૂટે તો જ્ઞાન પ્રગટ થાય.** તો વિકલ્પની હારે કર્તાકર્મ છૂટી જાય તો જ્ઞાનનો કર્તા બને. બને ! અહાહા ! જ્ઞાતા થઈ જાય છે. આ રહસ્ય છે. આહાહા ! ગજબ છે હોં ! આબેહૂબ આવ્યું છે. (શ્રોતા-બધી સૂક્ષ્મ વાત છે.)

**નયોના વિકલ્પમાં એ વિકલ્પનો કર્તા બની જાય છે, રાગનો કર્તા બની જાય છે, એને ખબર જ નથી પડતી. જો વિકલ્પ છૂટે તો જ્ઞાન પ્રગટ થાય. તો જ્ઞાનનો કર્તા બને, જ્ઞાતા થઈ જાય છે, આ રહસ્ય છે.** (શ્રોતા- આ રહસ્ય બતાવીને આપે અનંતો ઉપકાર કર્યા છે.) મને કાલથી વારંવાર વિચાર આવે છે, આપણે જે ચર્ચા કરીએ છીએ; નવમા કળશ ઉપરની કે 'દ્રવ્ય અને પર્યાય બેને નહીં આલિંગિત' એવું શુદ્ધાત્માનું સ્વરૂપ દૃષ્ટિમાં આવી ગયું. બહુ સરસ વાત છે, એટલે બે પ્રકારના નયોના વિકલ્પ ઊઠતા'તા પર્યાયમાં; પર્યાયને પણ સાપેક્ષથી જુઓ તો વિકલ્પ, અને દ્રવ્યને પણ સાપેક્ષથી જુઓ તો વિકલ્પ. આહાહા !!

(શ્રોતા-'દ્રવ્ય-પર્યાય બન્નેને નહીં આલિંગિત' નહીં આલિંગિત આહાહા ! એજ વાત આ છે, સ્વભાવને આલિંગન કર્યું, નયના વિકલ્પ છૂટ્યા, જ્ઞાન પ્રગટ થઈ ગયું, તો જ્ઞાનનો કર્તા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહેવાય-આત્મા. બસ જ્ઞાતા થઈ ગયો. કર્તા થયો હતો નિમિત્ત સાપેક્ષથી, તો કર્તાકર્મ વિકલ્પની હારે ઈ.. હવે (જ્ઞાની થયો તો) જ્ઞાનની હારે કર્તાકર્મનો વ્યવહાર ઊભો થયો. બસ જ્ઞાન પ્રગટ થયું. (શ્રોતા-નયોની લક્ષ્મી ઉદિત થતી નથી.) ઉદિત થતી નથી. (શ્રોતા-નયોની લક્ષ્મી વ્યય થઈ જાય છે. જ્ઞાન પ્રગટ થયું જ્ઞાતા હો ગયા.)

જ્ઞાતા થાય છે એનું નામ નિર્વિકલ્પ ધ્યાન છે. બસ, નિર્વિકલ્પ ધ્યાનમાં જ જ્ઞાતા થાય છે. કોઈ પણ પ્રમાણ નય-નિક્ષેપનો વિકલ્પ ઊઠે આહાહા ! તો જ્ઞાતા ન થાય. પણ વિકલ્પનો કર્તા બને છે. ખરેખર સમયસાર ભારતનો ભગવાન છે હોં ! (શ્રોતા -બરાબર.)

<u>શ્રી સમયસાર શ્લોક-૯૫</u>

ઉપર આપે કહ્યું નયના વિકલ્પમાં નય વિકલ્પનો કર્તા બની જાય છે, એટલે આ આધાર આપ્યો.

**શ્લોકાર્થ : विकल्पक: परं कर्ता** વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે અને **विकल्पक: परं, 'परं'** નો અર્થ શું છે ? (શ્રોતા-કેવળ-કેવલ) કેવલ ઠીક. (**क:** અર્થાત્ કરનાર) **विकल्पक:** એટલે કરનાર, બરાબર ! **परं** એટલે કેવલ, કર્તા એટલે કર્તા. ઠીક **परं** નો ખ્યાલ નહોતો આવતો. **વિકલ્પ કરનારજ કેવલ કર્તા છે અને विकल्प: केवलम् कर्म** (શ્રોતા-વિકલ્પ જ કેવલ કર્મ છે.) ઓમાં **परं** કહ્યું, આમાં 'કેવલ' કહ્યું એકાર્થ છે. **બીજા કોઈ કર્તા કર્મ નથી.**

(શરૂઆતમાં સમયસાર કળશ ૯૫ નો છ મહિના પછી ખ્યાલ આવ્યો કે તેમાં આચાર્ય ભગવાનને શું કહેવું છે.)

ઈ...ખ્યાલ નહોતો આવ્યો, પછી થયું ઓહો આ તો જે કન્ટીન્યુ (continue) વિકલ્પ છે નયોના આહાહા ! નયાતિક્રાંત થયો જ નથી; એની આ વાત છે. ઈ...ખ્યાલ પછી આવ્યો. (શ્રોતા-પહેલેથી જ આપ ખોજી રહ્યા છો.) બહુ સ્વતંત્રતા ગમે છે. એટલે પહેલાં થોડા વર્ષો સાંભળતો હતો; હવે તો મારે (જૈનધર્મનો) અભ્યાસ કરવો છે. એટલે મેં અભ્યાસ શરૂ કર્યો. ૪૦ વર્ષે ભણવા બેઠો. અંદર સંતોષ ન થાયને ? આપ મેળે આવવું જોઈને ને ? (શ્રોતા-પોતાના પગ ઉપર ઊભા છો.) હા. પહેલેથી જ સ્વાધીનતા બહુ.

આહાહા ! **જે જીવ વિકલ્પ સહિત છે એનું કર્તાકર્મપણું કદી નાશ પામતું નથી.** દ્રવ્યલિંગી મુનિને વિકલ્પ છૂટતો નથી. (શ્રોતા-કેમ કે નયાતિક્રાંત થયો નથી, એકવાર નયાતિક્રાંત થાય) તો પછી ખલાસ, કન્વર્ટ થઈ ગયો. વિકલ્પની સાથે એકતા છૂટી જય, અને વિકલ્પ વ્યવહારે જ્ઞેય થઈ જાય. નિશ્ચયે જ્ઞાયક જ્ઞેય થાય ને ત્યારે ઓલું વ્યવહારે જ્ઞેય થાય. એ પણ સવિકલ્પ દશામાં.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(શ્રોતા-બરાબર).

ભાવાર્થ :- **જ્યાં સુધી વિકલ્પ ભાવ છે ત્યાં સુધી કર્તાકર્મ ભાવ છે.** આ છેલ્લા કળશો છે. આબેહૂબ કહ્યું છે. કર્તાકર્મ અધિકાર પૂરો થયા પછી ૧૪૪ ગાથા

**જ્યાં સુધી વિકલ્પભાવ છે ત્યાં સુધી કર્તા કર્મભાવ છે. જ્યારે વિકલ્પનો અભાવ થાય ત્યારે કર્તાકર્મભાવનો પણ અભાવ થાય છે.** બસ, અતિક્રાંત થાય એટલે નયના વિકલ્પ છૂટે અને અનુભવ થાય બસ. અનાદિની કર્તાકર્મની (અજ્ઞાનમય) સ્થિતિ હતી ને તે ગઈ. **નયથી વસ્તુ સિદ્ધ કરે છે તો વિકલ્પનો કર્તા બને છે.** અહાહા ! કેવી સરસ વાત કરી બેન ! હેં ! કોઈ એવી પળ જ છે હોં !!

**નયથી વસ્તુની સિદ્ધિ કરે છે તો વિકલ્પનો કર્તા બને છે.** (શ્રોતા- કેવી માર્મિક વાત છે.) માર્મિક વાત છે. કારણકે (એને) ખ્યાલ નથી આવતો કે વિકલ્પનો કર્તા બની ગયો. ઈ...ખ્યાલ નથી આવતો. એને તો એમ જ થાય છે કે મને જ્ઞાન થયું. (શ્રોતા-જેવી વસ્તુ છે તેવી મેં જાણી લીધી.) એવી મેં જાણી લીધી એમ. (શ્રોતા-વિકલ્પનો કર્તા બની ગયો તો કર્તાકર્મની પ્રવૃત્તિ છે તે અજ્ઞાન છે, નયજ્ઞાન હૈ વો તો અજ્ઞાન હૈ.) અજ્ઞાન છે (શ્રોતા-કેમકે કર્તાકર્મભાવ છે ને ત્યાં !) હા, કર્તાકર્મ ચાલુ છે ને ? વિકલ્પનો અભાવ ક્યાં થયો છે. (શ્રોતા- ઓહો ! એક એક વાક્ય સિદ્ધાંત છે.)

**નયોથી વસ્તુની સિદ્ધિ કરે છે તો વિકલ્પનો કર્તા બને છે. નયોથી ભિન્ન સ્વભાવથી વસ્તુને સિદ્ધ કરો તો નયના વિકલ્પ રહિત જ્ઞાન પ્રગટ થાય છે, જે દ્રવ્યસ્વભાવ ને તો જાણે છે, પણ પર્યાય સ્વભાવ પણ જેમ છે તેમ એમાં જણાઈ જાય છે.**

***એ નિરપેક્ષ છે, વસ્તુ સ્વભાવ નિરપેક્ષ હોય. પરની અપેક્ષા ન હોય. એમાં નયથી સિદ્ધિ ન હોય. નયથી સિદ્ધ કરવા જાશે..તો સ્વભાવનું ખૂન થઈ જશે ! આહા..હા ! ઈ..સત્ય લાગશે તો ! એને જાણીને પછી, નિરપેક્ષમાં આવી જાય તો કાંઈ વાંધો નહીં. નયથી જાણીને પછી નયથી જાણીને પછી નય છોડવા જેવી છે. નયથી અનુમાન કરી, જાણીને પછી નયથી અતિક્રાંત ભાખ્યો તે...સમયનો સાર છે.***

***(જ્ઞાનથી જ્ઞાનનું ભેદજ્ઞાન પેજ નં. ૨૭૦)***



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ચર્ચા નં-૧ જામનગર

તા.૧૩-૯-૯૧

શ્રી સદ્‌ગુરુ દેવાય નમઃ

**વિશ્વના દરેક પદાર્થની જેમ આત્મ-વસ્તુ દ્રવ્યપર્યાયાત્મક હોવાથી અનેકાંતિક છે. તેને સમજાવવા માટે ભગવાનની તથા તદ્‌અનુસારિણી સંતોની વાણી દ્વિનયાશ્રિત હોય છે. આમ સમજાવવા તથા સમજવા માટે નયોનો પ્રયોગ હોય છે. પરંતુ આત્માનુભવ નયાતિક્રાંત હોવાથી, નયો દ્વારા જ વસ્તુને જાણવામાં અટકતાં સ્વભાવની પ્રાપ્તિ થતી નથી.** નયો દ્વારા નિર્ણય થાય છે. નય છે એ મનનો ધર્મ છે. જ્ઞાનનો ધર્મ નથી. વિકલ્પાત્મક નય અને વિકલ્પાત્મક પ્રમાણ એમ આ જે નયો છે-સમજવા માટે, સમજાવવા માટે છે એ વિકલ્પાત્મક મનના ધર્મથી મનમાં તે નય ઊભી થાય છે. જ્ઞાનમાં નય નથી, અનુભવ છે.

**રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં નયચક્રના આધારથી પંડિતશ્રી ટોડરમલજીએ ફરમાવ્યું છે કે તત્ત્વના અવલોકન સમયે શુદ્ધાત્માને યુક્તિથી,** હવે યુક્તિથી એટલે શું એનો અર્થ કરે છે. **નય પ્રમાણ વડે પહેલાં જાણ** આ યુક્તિ છે. સમજવા માટે નયદ્વારા. નયનો પ્રયોગ ન કરે તો ગમે તેમ સમજી જાય. નયના પ્રયોગથી જેવી વસ્તુ છે એમ એને સમજમાં ખ્યાલમાં આવે, તેથી પહેલાં નયથી જાણ.

**આરાધના સમયે** એટલે પ્રત્યક્ષ અનુભવનો કાળ આવે-સમ્યક્‌દર્શનનો એ સમયે ! એ **સમયે નહીં,** નયનું કામ નથી. **કારણ કે અનુભવ પ્રત્યક્ષ છે.** નય પરોક્ષ છે. નયજ્ઞાન છે એ પરોક્ષજ્ઞાન છે. અને અનુભવ જ્ઞાન છે એ પ્રત્યક્ષ છે. નયો એ મનનો ધર્મ છે. અને અનુભવના કાળમાં અતીન્દ્રિયજ્ઞાન છે એ પ્રત્યક્ષ છે. અતીન્દ્રિયજ્ઞાનમાં નય નથી. અને નયમાં અતીન્દ્રિય જ્ઞાન નથી. અતીન્દ્રિયજ્ઞાન દ્વારા આત્માનો પ્રત્યક્ષ અનુભવ થાય છે. ત્યારે નયોના વિકલ્પ બધા અસ્ત થઈ જાય છે. નયોનો કોઈ વિકલ્પ ઉત્પન્ન થતો નથી.

**જેવી રીતે અભિમન્યુને ચક્રવ્યૂહમાં પ્રવેશ કરતાં આવડતું હતું પરંતુ તેમાંથી બહાર નીકળતાં ન આવડ્યું તેમ અજ્ઞાની શાસ્ત્રના અવલંબને શાસ્ત્રનો આધાર લઈને નયચક્રમાં પ્રવેશે છે.** જો આત્માનો આધાર લઈ લ્યે તો નયચક્ર ઉત્પન્ન જ થતા નથી. પણ જેને આત્માનો સાક્ષાત્ અનુભવ નથી એવા પ્રાથમિક જીવોએ, શાસ્ત્રના અવલંબને નયચક્રમાં અવલોકન લઈને -તેમાં પ્રવેશ કરવો. **પરંતુ તેમાંથી પાર થઈ પક્ષાતિક્રાંત થવાની વિધિથી તે જીવ અજાણ છે.** નયની ઈન્દ્રજાળમાં-નયને ભગવાને અને સંતોએ ઈન્દ્રજાળ કહી છે. નિયમસારમાં અને સમયસારમાં પણ કહ્યું છે 'ઈન્દ્રજાળ'.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિષય જરાક સૂક્ષ્મ છે. થોડાક જેને નયનો અભ્યાસ છે એને આ અમૃત તુલ્ય છે. પણ બિલકુલ જેને નયનો અભ્યાસજ નથી-નિશ્ચયનય શું ? અને વ્યવહારનય શું? તેને સમજવામાં કઠણ પડે. પણ ન સમજાય એમ તો છે જ નહીં.

કઠણ પડે જરા... પણ સમજાય એવું છે.

**પ્રસ્તુત ચર્ચામાં પક્ષાતિક્રાંત થવાની ગૂઢ વિધિ સમજાવવામાં આવી છે કે દ્રવ્ય સ્વભાવને સ્વભાવથી જુઓ** દ્રવ્ય સ્વભાવને તેના મૂળ સ્વભાવથી જુઓ-દ્રવ્યના સ્વભાવથી જ્યારે દ્રવ્યના સ્વભાવને જો ત્યારે પર્યાય સ્વભાવને જોઈશ મા, **દ્રવ્ય સ્વભાવને જ જો, અને એમાં લાગી જા. દ્રવ્યસ્વભાવને સ્વભાવથી જ જો. અને પર્યાય સ્વભાવને પણ સ્વભાવથી જો, કોઈ નયથી ન જો.**

દ્રવ્યને પણ નયથી ન જો, નિશ્ચયનયે દ્રવ્ય આવું છે, અને વ્યવહારનયે પર્યાય આવી છે (તે) નયનો પ્રયોગ હવે છોડી દે. નયોના પ્રયોગથી નિર્ણય તેં કર્યો, જિનાગમનો આધાર-શાસ્ત્રનો આધાર લઈને નિર્ણય તો કર્યો, ત્યાં સુધી તો ઠીક છે, અને એ સ્થિતિ પણ આવે છે. મુંબઈ જતાં સ્ટેશનો વચ્ચે ન આવે ? ઘણાં આવે, એમ આ નયો છે ને એ સ્ટેશન છે પણ ત્યાં ઊતરવાનું નથી. અટકવાનું નથી.

નયોના જ્ઞાનથી વિદ્વાન થઈ જાય, પંડિત થાય, પણ જ્ઞાની ન થાય. એકાંતે નયને વળગી રહે કે આ નયે આવો ને આ નયે આવો ! બીજાને લાગે કે આહાહા ! આ વિદ્વત્તા કેવી છે ? પણ નયમાં અટકેલો આત્મા કાંઠા સુધી આવ્યો પણ પાર ન થયો. પૂ. ગુરુદેવશ્રી દૃષ્ટાંત આપતાં- કહેતા કે પોરબંદરમાં બહારગામથી, અરબસ્તાન માંથી ખજૂરનાં વાડીઆ આવે- ખજૂરનાં વાડીઆ ! ખજૂરનાં વાડીઆ ભરેલું વહાણ આવતું'તુ એમાં, કિનારા સુધી આવતાં પહેલાં થોડેક દૂર હતુ, તેમાં વાવાઝોડું ઊપડ્યું અને વહાણના કટકા થઈ ગયા અને ખજૂરનાં વાડિઆ કોઈના હાથમાં આવ્યાં નહીં અને મીઠું મોઢું થયું નહીં. આવું ગુરુદેવ દૃષ્ટાંત આપતા.

એમ આ નયજ્ઞાન સુધી જીવ અનંતવાર આવ્યો છે. આ નવું નથી. દ્રવ્યલિંગી મુનિ પણ નયમાં અટકી જાય છે. એને પક્ષાતિક્રાંત થવાની વિધિ-જેમ અભિમન્યુને બહાર નીકળવાનો ખ્યાલ ન આવ્યો એમ નયના ચકરાવામાં ચઢી જાય તો એ ભવ હારી જાય. નયસુધી આવ્યા પછી પક્ષાતિક્રાંત કેમ થવાય એની વિધિ, આમાં એક સ્ટેજ આગળની છે.

(શ્રોતા-એમાં તો પક્ષાતિક્રાંત કેવી રીતે થવું એમ છે. આમાં શું છે ?)

બરાબર છે. આમાં થોડો વધારે ખુલાસો છે.

આત્મામાં સ્યાદ્વાદનો અભાવ છે, અને સ્વાનુભવ જ્ઞાનમાં સ્યાદ્વાદનો સદ્ભાવ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે; સમય એક છે. સમય કેટલા ? સમય એક જ છે. એ ભાઈ બોલ્યા હતા, તેનું નામ ભૂલી ગયો. એટલે કોઈને કોઈ ઝીલનારા તો હોય જ. ભલે કેટલાક બોલી શકે અને કેટલાક ન બોલી શકે. પણ ન બોલી શકે તો કાંઈ વાંધો નહીં, અંદરમાં ઉતારી દેવું.

**નયથી જોતાં સ્વભાવની પ્રાપ્તિ થતી નથી.** આ નયે આત્મા આવો અને આ નયે આત્મા આવો- **અજ્ઞાની જીવો શાસ્ત્રનો ઘણો અભ્યાસ કરવા છતાં સ્વભાવની પ્રાપ્તિ રૂપ સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાનથી વંચિત છે.** રહિત રહી જાય છે. અનુભવ થતો નથી. ***તેઓ કેવળ*** -'કેવળ' શબ્દ છે! **નયોના વિકલ્પોમાં રોકાયેલા છે, અને નયાતિક્રાંત થવાની-કળાથી અજાણ છે.** નયોમાં અટકી ગયો, પોતાને ભ્રાંતિ થાય કે મને દ્રવ્ય-પર્યાય સ્વરૂપ વસ્તુનું યથાર્થ જ્ઞાન થઈ ગયું છે , તે ભ્રાંતિ છે.

**નય -વિકલ્પમાં અટકેલા જીવો નયાતિક્રાંત થઈ આત્માને સાક્ષાત્ અનુભવી શકે એટલા માટે પરમ કૃપાળુ ભાઈશ્રીએ આ વિકલ્પાંતકારી નિર્વિકલ્પ થવાની એટલે કે નયાતીત થઈ પક્ષાતિક્રાંત થવાની રહસ્યાત્મક કળા (વિધિ) દર્શાવેલ છે.**

**આ ઉત્કૃષ્ટ ભાવ સંતોના આગમમાંથી મળી જાય છે.** આ નયાતિક્રાંત થવાની વિધિ તો સંતોના આગમમાં તો છે. આ પહેલું પુસ્તક બહાર પડ્યું છે તે તો સમુદ્રમાં બિંદુ છે. બાકી શાસ્ત્રોમાં તો નયાતિક્રાંત થવાની વિધિ છે, સમયસારમાં ૨૦ કળશ લખ્યા છે. પક્ષાતિક્રાંત થવાની વિધિ છે થોડો વધારે ખુલાસો છે. (શ્રોતા-એમાં તો પક્ષાતિક્રાંત કેવી રીતે થવું એમ છે. આમાં શું છે ?) ઉત્તર : બરાબર છે. આમાં થોડો વધારે ખુલાસો છે.

**કેમ કે વસ્તુના સ્વરૂપ માટે અને સ્વરૂપના અનુભવ માટે અનંત જ્ઞાનીઓનો એક જ મત હોય છે.** નયના વિકલ્પથી કોઈને અનુભવ ન થાય.

આ ચર્ચા નયથી પક્ષાતિક્રાંત થઈને પ્રત્યક્ષ અનુભવ કરવાના હેતુએ થઈ છે. નય છે તે પરોક્ષ છે, અને જ્ઞાન છે તે પ્રત્યક્ષ છે. અનુભવજ્ઞાન છે તે પ્રત્યક્ષ જ્ઞાન છે, પક્ષાતિક્રાંત થયેલો આત્મા શુદ્ધ આત્માની દૃષ્ટિ પૂર્વક શ્રદ્ધા પૂર્વક બે નયોના વિષયને જાણે છે. કોઈ નય દુભાય નહીં અને પક્ષ રહે નહીં. બે નયોના જ્ઞાતા થઈ જાય છે. ત્યારે આત્મા અનુભવના કાળમાં નિર્વિકલ્પ ધ્યાનમાં જ બે નયોનો જ્ઞાતા થાય છે. 'ધ્યેય પૂર્વક જ્ઞેય થાય છે.' સર્વજ્ઞ ભગવાને કહેલી કોઈ નય દુભાય નહીં, અને પક્ષ રહે નહીં, અને બે નયોનો જ્ઞાતા થઈ જાય, નિર્વિકલ્પ ધ્યાનના કાળમાં બે નયોનો જ્ઞાતા થઈ જાય છે. સમયથી પ્રતિબદ્ધ થાય ત્યારે સાધક આત્મા બે નયોનો જ્ઞાતા થાય છે. એ બધું સમયસારમાં છે.

**નયથી જોતાં ઘણું કરીને ત્રણ દોષ આવે છે.** પહેલો, બીજો અને ત્રીજો એમ બતાવે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નયજ્ઞાન સાપેક્ષ છે. અમુક આ સિદ્ધાંતિક શબ્દો છે.

**નયજ્ઞાન સાપેક્ષ છે.** એ કયા કાળે સાપેક્ષ હશે ? કે સર્વકાળે સાપેક્ષ જ હોય નય. 'નિરપેક્ષ નયા મિથ્યાનયા' નય સાપેક્ષ હોય અને વસ્તુનો સ્વભાવ નિરપેક્ષ હોય. અભ્યાસી જીવ તો ઊંચા'થઈ જાય, હર્ષ આવે એવી વાત છે.

નયજ્ઞાન સાપેક્ષ છે. પરસ્પર સાપેક્ષ એને નય કહેવાય. અને નયમાં તમે નિરપેક્ષ લ્યો તો મિથ્યા નય થઈ ગઈ. તો એ જૈન નથી, પણ અજૈન છે. અને સાપેક્ષમાં અટકે તો અનુભવ ન થાય. એ અપેક્ષાએ એ પણ જૈન નથી. નયજ્ઞાન સાપેક્ષ છે. **સાપેક્ષમાં પ્રતિપક્ષ વ્યવહારના પક્ષનો વિકલ્પ ઉત્પન્ન થતાં મિથ્યાત્વનું શલ્ય રહી જાય છે.** આહાહા !

એને બહુ મજા આવે છે. હવે સાપેક્ષ નયમાં આવ્યો, નિશ્ચયનયે આમ અને વ્યવહારનયે આમ. અમે બન્ને નયને જાણીએ છીએ. પણ તું નયોનો જ્ઞાતા થયો ? બે નયોનો ? તું આત્માનો જ્ઞાતા ન થયો. પણ બે નયોના વિકલ્પનો જ્ઞાતા થયો. વિકલ્પ જ્ઞાનનું જ્ઞેય થયું. એટલે વિકલ્પ એ કર્તાનુ કર્મ થયું. કર્તાકર્મની પ્રવૃત્તિ અહીંયા સુધી છે. (શ્રોતાઃ- સાચો જ્ઞાતા ન થયો ?) હા. સાચો જ્ઞાતા ન થયો.

**જ્યારે નિરપેક્ષમાં આવતાં દૃષ્ટિ તથા જ્ઞાન સમ્યક્ થાય છે. વિકલ્પ છૂટી જાય છે. અને બે નયોનો જ્ઞાતા થઈ વીતરાગતા પ્રગટ થઈ જાય છે.**

**નય વિકલ્પરૂપ છે. વિકલ્પથી સ્વભાવની પ્રાપ્તિ થતી નથી. નયપક્ષ આકુળતારૂપ છે,** દુઃખરૂપ છે. સમયસારમાં નયો બધી આકુળતારૂપ દુઃખરૂપ છે. **નયજ્ઞાન ઈન્દ્રિયજ્ઞાન હોવાથી શુદ્ધ જ્ઞાન તો નથી પરંતુ સ્વજ્ઞેય પણ નથી, પરજ્ઞેય છે.** નયજ્ઞાન છે ને એ શુદ્ધજ્ઞાન તો નથી પણ એ શુદ્ધજ્ઞેય પણ નથી, **પર જ્ઞેય છે.** નયો છે ને એ **પર જ્ઞેય છે.** અતીન્દ્રિય જ્ઞાનની પર્યાય પ્રગટ થાય એ સ્વજ્ઞેય છે. અતીન્દ્રિય જ્ઞાનમયી આત્મા તો ઉપાદેયપણે સ્વજ્ઞેય છે.

**નય અંશગ્રાહી છે. નય વડે જાણતાં નય અંશગ્રાહી હોવાથી, એક ધર્મને જાણે છે.** એક-એક નય એક -એક ધર્મને જાણે છે. આત્મામાં અનંત ધર્મ છે-એક-એક ધર્મને જાણે છે એટલે એને એક એક નય કહેવામાં આવે છે. નય અંશગ્રાહી છે. **નય વડે જાણતાં તે અંશગ્રાહી હોવાથી એક એક ધર્મને જાણે છે. બાકીના ધર્મોને જાણવાનું બાકી રહી જાય છે.** નયજ્ઞાનથી એક એક ધર્મનું જ્ઞાન થાય પણ અનંત ધર્મનું જ્ઞાન એક સમયમાં નયજ્ઞાનથી ન થાય. અને અનંત ધર્મને એક સમયમાં અતીન્દ્રિયજ્ઞાન જાણે. નયજ્ઞાન એકેક ધર્મને એક સમયમાં જાણે અને આત્મ જ્ઞાન અનંતધર્મને એક સમયમાં જાણે જેટલું કેવળી જાણે એટલું હરણીયું જાણે. હરણ હોયને એને સમ્યક્દર્શન થાય.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંજ્ઞિ પંચેન્દ્રિય હોય એને પણ થાય. સિંહ મહારાજાને થયું હતું ને મહાવીર ભગવાનના જીવને.

**નય અંશગ્રાહી છે. નય વડે જાણવાથી એક અંશને-ધર્મને જાણે છે, બાકીના ધર્મોને જાણવાનું બાકી રહી જાય છે. એટલે જ્ઞાનને વિષયનો પ્રતિબંધ થઈ ગયો.** એક ધર્મને જાણ્યો અને બાકીના ધર્મો જાણવાના રહી ગયા એટલે જાણવાની ઈચ્છા થયા વિના રહેતી નથી. ઈચ્છાનો નિરોધ ક્યારે થાય ? કે આત્માને અતીન્દ્રિય જ્ઞાન વડે જાણતાં, આત્મામા અનંત ધર્મો છે તે બધા એક સમયમાં યુગપદ્ અક્રમે જણાઈ જાય છે. **એટલે જ્ઞાનને વિષયનો પ્રતિબંધ થાય છે.** એક ધર્મને જાણે તો બીજા ધર્મો રહી જાય છે જાણવાના. અહાહા ! **વિષયનો પ્રતિબંધ થતાં તેને જાણવાની ઈચ્છા ઉત્પન્ન થતાં આકુળતા થાય છે.** એક ધર્મને જાણે અને બીજા ધર્મને જાણી ન શકે તો આનું શું છે ? આનું શું છે ? એમ અંદર આવ્યા જ કરે.

**નિર્વિકલ્પ અતીન્દ્રિયજ્ઞાન દ્વારા આત્માનો અનુભવ કરતાં એ જ્ઞાન સવિકલ્પ હોવાથી** આહા ! સવિકલ્પ એટલે ભેદાભેદને બરોબર જાણે, જેમ છે એમ જાણે. સવિકલ્પ એટલે રાગ નહીં. ઈન્દ્રિયજ્ઞાન નહીં, સ્વભાવથી જ કેવળજ્ઞાનની પર્યાય પણ સવિકલ્પ છે. એમ શ્રુતજ્ઞાન - અતીન્દ્રિયજ્ઞાન પણ સવિકલ્પ છે. તે જ્ઞાન સવિકલ્પ હોવાથી **અને તેનું સામર્થ્ય સર્વગ્રાહી હોવાથી અતીન્દ્રિય જ્ઞાનનું સામર્થ્ય સર્વ ધર્મોને અક્રમે-યુગપદ્ એક સમયમાં જાણે છે. સર્વગ્રાહી હોવાથી અક્રમે યુગપદ્ બધા ધર્મો એક સમયમાં જાણવામાં આવે છે.**

આ તો બે પાંચ દસ વખત વાંચે ને ત્યારે તો હજી કાંઈક મગજમાં આવે કે આ શું છે !!

**કાંઈ પણ જાણવાનું બાકી રહેતું નથી. એટલે ઈચ્છા ઉત્પન્ન થતી નથી. એટલે નિરાકુળ આનંદનો અનુભવ થાય છે. આ રીતે સ્વભાવની પ્રાપ્તિની રીત નયોથી જુદી છે.** સ્વભાવ પ્રાપ્ત કરવો હોય તો નયથી થતો નથી.

**આ ચર્ચામાં ખાસ વાત એ છે કે નયથી સ્વભાવની પ્રાપ્તિ થતી નથી. કેમકે નય સાપેક્ષ હોય છે. એના આધાર રૂપે પંચાધ્યાયી પૂર્વાર્ધ ગાથા ૫૧૫માં સ્પષ્ટ કહ્યું છે કે જેમ છેદન ક્રિયાનું કારણ એવી ફરસી છેદન ક્રિયા કરવામાં સ્વતંત્ર રીતે ચલાવવામાં આવે છે એવી રીતે નય સ્વતંત્ર રીતે વસ્તુને કોઈ ધર્મથી વિશિષ્ટ સમજતો ય નથી અને કહેતો ય નથી.**

**ભાવાર્થ :- ફરસી ચલાવવામાં એ જરૂરનું નથી કે તે કોઈ બીજા હથિયારની અપેક્ષા રાખીને** કોઈ બીજા હથિયારની એને જરૂર નથી. એ એનાથી જ કાપી શકે છે. **કોઈ બીજા હથિયારની અપેક્ષા ન રાખીને એ છેદન પ્રક્રિયા કરે. પરંતુ નયનો પ્રયોગ સ્વતંત્ર થઈ શકતો નથી.** એક નયથી આવો તો બીજા નયથી એને અપેક્ષા આવી જ જાય, કહ્યા વગર અપેક્ષા આવી જ જાય. **કોઈ**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વિશેષ અપેક્ષા વિના કોઈ નય પ્રયોગ થઈ શકતો જ નથી.** સાપેક્ષ વિના નયનો પ્રયોગ થઈ શકતો નથી.

નય પ્રયોગમાં વિશેષ અપેક્ષા અને પ્રતિપક્ષ નયની સાપેક્ષતા આવશ્યક છે. તેથી છેદનક્રિયામાં ફરસીની જેમ નય સ્વતંત્ર નથી. પરંતુ વિવિક્ષા અને પ્રતિપક્ષ નયથી તે પરતંત્ર છે. આ જૈન દર્શન છે. આત્મા સુક્ષ્મ છે, નયજ્ઞાન સ્થુળ છે. અતીન્દ્રિજ્ઞાન સુક્ષ્મ છે તે અતીન્દ્રિયજ્ઞાનથી આત્મા ગ્રાહ્ય થાય છે. નયજ્ઞાન તો સ્થૂળ છે. નયજ્ઞાનથી આત્માનો અનુભવ ન થઈ શકે. **પરંતુ વિવિક્ષા અને પ્રતિપક્ષ નયથી તે પરતંત્ર છે. જે નય અપેક્ષા વિના અને પ્રતિપક્ષ નયની સાપેક્ષતા વિના પ્રયુક્ત થાય છે - કહેવામાં આવે છે તેને નય જ ન કહેવો જોઈએ.** એ તો મિથ્યાનય થઈ ગયો.

હવે એ મિથ્યાનય થવાના ભયથી સાપેક્ષમાં અટકી જાય છે. નય સાપેક્ષ હોય છે તો એ જૈન મત બરોબર સાચો છે. અને એક નયને આમ કહેવા જાય તો નિરપેક્ષ નય. તો તો તે મિથ્યાનય થઈ જાય છે. પણ એ એમાં ને એમાં ચકરાવામાં રહ્યો, **પરંતુ વિવિક્ષા અને પ્રતિપક્ષ નયથી જે પરતંત્ર છે જે નય અપેક્ષા વિના અને પ્રતિપક્ષ નયની સાપેક્ષતા વિના પ્રયુક્ત થાય છે,** કહેવામાં આવે છે, રજૂઆત થાય છે **તેને નય જ કહેવો ન જોઈએ. અથવા મિથ્યાનય કહેવો જોઈએ.** 'નિરપેક્ષ નય મિથ્યાનય.' **નય સાપેક્ષ જ હોય. નય નિરપેક્ષ ન હોય** અર્થાત્ નય સાપેક્ષ જ હોય. નય નિરપેક્ષ ન હોય.

અને અનુભવ નિરપેક્ષ જ હોય એ સાપેક્ષ હોય જ નહીં. **અને સ્વભાવ નિરપેક્ષ જ હોય.** જો આવ્યું ! **સાપેક્ષ હોય નહીં. એટલે સાપેક્ષ નયથી નિરપેક્ષ સ્વભાવની પ્રાપ્તિ થતી નથી.** સાપેક્ષ નયથી આ આત્માનો **સ્વભાવ** જે નિરપેક્ષ છે એ નયથી એની પ્રાપ્તિ થતી નથી. નયજ્ઞાન અમુક હદ સુધી એને પહોંચાડે છે. પણ અનુભવનો કાળ આવે છે ત્યારે નયો ચાલી જાય છે. નયો રહેતી નથી. **આ રીતે નય સાપેક્ષ જ હોય કેમ કે "નિરપેક્ષ નયા મિથ્યા" એવું શાસ્ત્રનું વચન છે.**

**માટે નિશ્ચયનયથી હું અકર્તા છું-એમ,** જો નય લગાડી પણ સ્વભાવથી અકર્તા છું તેમ ન આવ્યું. પણ નિશ્ચયનયે અકર્તા છું એ તો શાસ્ત્રમાં આવે છે ! પણ આવે છે એની ક્યાં ના પાડીએ છીએ અમે અહાહા ! **નિશ્ચયનયથી હું અકર્તા છું એમ એક નયનો જ પક્ષ કરે તો એ મિથ્યા એકાંત થઈ ગયું, માટે "સાપેક્ષ નયા સમ્યક્" હોવાથી નિશ્ચયનયથી હું અકર્તા છું તો વ્યવહારે કર્તા છું** - એમાં સાપેક્ષમાં એ આવ્યો. ઓલામાં નિરપેક્ષનો દોષ આવતો હતો, અન્યમતી થઈ જતો હતો, હવે જૈન મતમાં આવ્યો. નય તો સાપેક્ષ જ હોય. બધાય 'હા' પાડે, શાસ્ત્રનું વચન છે; નય સાપેક્ષ જ હોય.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશ્ન :-** અનુભવ સાપેક્ષ છે કે નિરપેક્ષ ?

**ઉત્તર :-** એ...એ ખબર નથી **"સાપેક્ષ નયા સમ્યક્" હોવાથી નિશ્ચયનયે અકર્તા છું તો વ્યવહારનયે કર્તા છું એમ લેવાથી નયજ્ઞાન તો સમ્યક્ થઈ ગયું.** સમ્યક્ એટલે સાચું સમ્યક્દર્શન નહીં. સમ્યક્ એટલે જેવું સ્વરૂપ છે. નિશ્ચયનયે અકર્તા અને વ્યવહારે કર્તા એમ જે આગમનું વચન છે એ વાત સાચી છે. તે વાત-કથન સાચું છે. એમ લેવામાં નયજ્ઞાન તો સમ્યક્ થઈ ગયું એટલે સાચું છે એમ. **પરંતુ સાપેક્ષતામાં આવવાના કારણે અર્થાત્ નયજ્ઞાનમાં આવવાના કારણે, નિરપેક્ષ સ્વભાવથી દૂર થઈ ગયો.** સ્વભાવ તો નિરપેક્ષ છે. સાપેક્ષતાના લોભમાં 'નિરપેક્ષ નયા તો મિથ્યાનય' એ તો ખોટું છે તદ્દન, અમે તો જૈન છીએ બે નયને માનનારા પરસ્પર-સાપેક્ષ બે નય છે. નિશ્ચયે અકર્તા અને વ્યવહારે કર્તા બે નય લગાડી, અકર્તામાં એક નિશ્ચયનય લગાડી અને કર્તામાં બીજી વ્યવહારનય લગાડી, **પરંતુ સાપેક્ષતામાં આવવાને કારણે અર્થાત્ નયજ્ઞાનમાં આવવાના કારણે નિરપેક્ષ સ્વભાવથી દૂર થઈ ગયો** અને નયના વિકલ્પમાં રહી ગયો. નયજ્ઞાન છૂટ્યું નહીં. વિકલ્પ છૂટ્યો નહીં. **નયજ્ઞાનથી સ્વભાવની પ્રાપ્તિ થતી નથી,** અનુમાન થાય પણ એમાં અનુભવ ન થાય.

અનુભવથી ધર્મની શરૂઆત થાય છે. ધર્મની શરૂઆત અનુભવથી છે. <u>આમાં આ નયોનું સ્વરૂપ ખ્યાલમાં ન આવે તો ગભરાવું નહીં.</u> બહેનો-ભાઈઓ એ સમજી ગયા. નયનું જ્ઞાન ન હોય તો **હું તો જાણનાર છું. જાણનાર જ જણાય છે એમાં અનુભવ થઈ જાય છે.** અનુભવ થાય, મોટી વાત નથી. નયોના-જ્ઞાનના ચકરાવામાં જે અટકી ગયા છે એને માટે આ છે.

**નયજ્ઞાનથી સ્વભાવની પ્રાપ્તિ થતી નથી કેમ કે સ્વભાવ, સ્વભાવથી જ નિરપેક્ષ છે.** સ્વભાવ સ્વભાવથી જ નિરપેક્ષ છે. સાપેક્ષ છે જ નહીં. **નયને સમ્યક્-સાચી કરવા ગયો તો સ્વભાવથી દૂર થઈ ગયો અને સ્વભાવમાં આવ્યો તો નયપક્ષ સ્વયં સહજ અસ્ત પામી જાય છે.**

**નયનું પ્રતિપાદન સરખું કરવા સાપેક્ષથી વાત કરવી જોઈએ. નહીં તો એકાંત થઈ જાય અને સાપેક્ષ કરવા જતાં આત્માનો અનુભવ ન થાય. કારણ કે નિશ્ચયનયથી આત્મા અકર્તા છે એમ કહેતા, કહ્યા વગર પણ** નય લગાડી ને ? નિશ્ચયનયથી અકર્તા કહેવાની જરૂર નથી, વ્યવહારનયે કર્તા એમ આવી જાય. કર્તાનો જ્ઞાતા ન થાય **એમ કહેતા કહ્યા વગર પણ વ્યવહારનયે કર્તા છે. એમાં આવી જાય; આમ સાપેક્ષ સિદ્ધ કરવામાં પણ જીવ નયાતિક્રાંત થતો નથી કારણ કે ત્રિકાળી વસ્તુ કે જે શ્રદ્ધાનો વિષય છે, એ સાપેક્ષ નથી એ તો નિરપેક્ષ જ છે.**

**બે નયોનો વિષય તો જ્ઞાનનું જ્ઞેય છે.** બે નયોનો વિષય છે જે પ્રમાણજ્ઞાનનો એ તો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનનું જ્ઞેય છે, **શ્રદ્ધાનું શ્રદ્ધેય નથી. એટલે બે નયોના આશ્રયે શ્રદ્ધા પ્રગટ થતી નથી.**

**એટલે બે નયોનો પક્ષ છોડી ત્રિકાળી નિરપેક્ષ સ્વભાવનું અવલંબન લેતા શ્રદ્ધા સમ્યક્ થાય છે. કારણ કે શ્રદ્ધા એકાંતિક જ હોય છે.** એમાં અનેકાંત નથી. કેમ કે શ્રદ્ધાનો પર્યાય નિર્વિકલ્પ છે. જ્યારે જ્ઞાનનો પર્યાય સવિકલ્પ છે. સવિકલ્પ હોવાથી એમાં નય પરસ્પર સાપેક્ષ હોય, પણ **શ્રદ્ધાનો પર્યાય તો સ્વભાવથી જ નિર્વિકલ્પ છે. ભેદાભેદને વિષય કરતી નથી.**

**એટલે બે નયોના પક્ષ છોડી ત્રિકાળ નિરપેક્ષ સ્વભાવનું અવલંબન લેતાં શ્રદ્ધા સમ્યક્ થાય છે.** કારણ કે શ્રદ્ધા એકાંતિક જ હોય છે. **અને શ્રદ્ધા સમ્યક્ થતાં જ્ઞાન સમ્યક્ થાય છે અને સમ્યક્જ્ઞાન સ્વભાવથી અનેકાંતિક હોવાથી બે નયોના વિષયને, જેમ છે તેમ પક્ષપાત રહિત જાણે છે.**

અનુભવ થયો તો......સમ્યક્ જ્ઞાન તો જેમ છે તેમ સમ્યક્ એકાંત પૂર્વક સમ્યક્ અનેકાંતને જાણે છે તેમાં એને નયોના વિકલ્પની કાંઈ જરૂર નથી. **આ રીતે જ્ઞાની બે નયોનો જ્ઞાતા છે. પણ અજ્ઞાની બે નયોના વિકલ્પનો કર્તા છે.** એક જ્ઞાતા છે અને બીજો કર્તા છે. આ અહીંયા પાંચ મહાવ્રત અને શુભરાગની વાત નથી. ઈન્દ્રિયજ્ઞાન-માનસિકજ્ઞાન જે ઊભું થાય છે એનો આ કર્તા થઈ ગયો. એક બે નયનો જ્ઞાતા છે અને એક બે નયના વિકલ્પનો કર્તા બની ગયો અનંતકાળથી. આ રીતે બે નયો નો કર્તા બની ગયો છે, જ્ઞાતા છે નહીં. બે નયોના વિકલ્પનો કર્તા છે પણ જ્ઞાતા છે નહીં.

<u>જ્ઞાયકનો જ્ઞાતા થયા સિવાય બે નયનો જ્ઞાતા થાય ક્યાંથી ?</u> **માટે** અજ્ઞાનીએ પ્રાથમિક શરૂઆતમાં પ્રમાણનયથી અભ્યાસ કર્યા પછી, પહેલાં અભ્યાસના કાળક્રમમાં નયનું અવલંબન હોય, પ્રમાણનું અવલંબન પણ લ્યે. પ્રમાણથી વસ્તુ દ્રવ્યપર્યાય સ્વરૂપ છે. નયથી દ્રવ્ય (સ્વરૂપ કેવું છે ?) આવું છે...પર્યાયે આવું છે, એમ જાણવાનો પ્રયોગ કરે. નય જાણવાનું સાધન છે. (હવે) અભ્યાસ કર્યા પછી...**દ્રવ્ય સ્વભાવને સ્વભાવથી જ અને પર્યાય સ્વભાવને સ્વભાવથી જ જોવાનો અભ્યાસ કરવો જોઈએ. નયોનો સહારો છોડી દેવો જોઈએ.** અનુભવનો કાળ જ્યારે આવે છે ત્યારે નયોના વિકલ્પ પણ શાંત થતા જાય છે.

<u>હું તો જાણનાર છું ને, એ વખતે નયનો પ્રયોગ કરતો નથી, કે કઈ નયથી જાણનારો છું? નય યાદ જ ન આવે. હું તો સ્વભાવથી જ જ્ઞાતા છું ને ? એમાં નયની જરૂર નથી. 'જાણનારો જ જણાય છે,' કઈ નયથી ? સ્વભાવથી જ. સ્વભાવથી જ જાણનારો જણાય છે. ૧૭-૧૮ મી ગાથામાં આચાર્ય ભગવાને એમ કહ્યું છે કે આબાળ-ગોપાળ સૌને સદાકાળ અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવે છે. એમાં નયનો પ્રયોગ કર્યો નથી. એ સ્વભાવની</u>



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાત કરી છે. કાલ આવ્યું હતું ને ! બાળ-ગોપાળ સૌને ભગવાન આત્મા અનુભવમાં આવે છે. એ તો નિશ્ચયનયથી અનુભવમાં આવે છે તેમ લખ્યું છે ? મેં તો ક્યાંય વાંચ્યું નથી. સ્વભાવ છે એવો.

એ જ્ઞાનનો સ્વભાવ જ એવો છે કે આત્માને જાણ્યા જ કરે. ત્રિકાળ સ્વભાવ છે. (શ્રોતા-સદાકાળનો અર્થ શું ?) સદાકાળ, ત્રિકાળ, અને સૌને બધાને એકેન્દ્રિય-બેઈન્દ્રિય બધાને. સદાકાળ અને સૌને, એક સમયનો આંતરો નથી, અને કોઈ જીવને બાદ રાખ્યો નહીં. ભવ્ય કે અભવ્ય બધાને ભગવાન આત્મા જણાયા જ કરે છે. જ્ઞાનમાં જણાય એ જ્ઞાનની પર્યાયનો ત્રિકાળ સ્વભાવ અને જ્ઞાયક એ જ્ઞાનમાં એના પોતાના જ્ઞાનમાં જણાયા જ કરે એ એનો ત્રિકાળ સ્વભાવ છે. કેમ કે જ્ઞાનમાં જ્ઞાનત્વ છે, અને જ્ઞાયકમાં જ્ઞેયત્વ છે-પ્રમેયત્વ છે, જાણે ને જણાય, જાણે ને જણાય એ ફંકશન ચાલુ છે. અનાદિ અનંત સ્વીકાર કરે તો સમ્યક્ દર્શન થઈ જાય.

ગુરુદેવ આ ગાથા બહુ લેતા હતા છેલ્લા છેલ્લા દસ વર્ષમાં; સહેલામાં સહેલો ઉપાય છે કે 'જાણનાર જણાય છે.' એનો અર્થ એ છે કે ટૂંકમાં જાણનારો બધાને જણાય છે હોં ? અહાહા ! અને એના સ્ટીકર બહાર પાડ્યા પછી છપાવીને અહીં જામનગર મોકલ્યા હતા.

અહીં કોઈએ પૂછ્યું કે આ સ્ટીકર ક્યાંનું છે ? તે ભાઈ કહે કે એ તો સર્વજ્ઞની પરંપરામાં આવેલું વાકય છે, કોઈ વ્યક્તિનું વાકય નથી, વસ્તુનો સ્વભાવ જ એવો છે કે : હું જાણનાર છું, કરનાર નથી. સ્વભાવથી છે. અને 'જાણનાર જણાય છે ખરેખર પર જણાતું નથી.' એ વસ્તુનો સ્વભાવ છે. એમાં નયના પ્રયોગની જરૂર નથી. આહાહા ! **માટે અજ્ઞાનીએ પ્રાથમિક (ભૂમિકામાં) પ્રમાણ નયથી અભ્યાસ કર્યા પછી, દ્રવ્ય સ્વભાવને તેના સ્વભાવથી જ અને પર્યાય સ્વભાવને તેના સ્વભાવથી જ જોવાનો અભ્યાસ કરવો જોઈએ.**

હવે નયના પ્રયોગને ગૌણ કરીને એના સ્વભાવથી જો એમ. **નયોનો સહારો છોડી દેવો જોઈએ.** નયોનો સહારો છોડીને એ આત્માના સહારામાં આવ્યો. આત્માની અધિકતામાં નયોના વિકલ્પ સમાવવા મંડી જાય છે. **એટલે સ્વભાવગ્રાહી જ્ઞાનથી જ સ્વભાવનો અનુભવ થાય. નય સાપેક્ષથી અનુભવ ન થાય. પરંતુ અનુભવ થયા પછી પરસ્પર બે નયો સાપેક્ષ છે એવું જ્ઞાન જરૂર થાય.** જ્ઞાની થઈ ગયો પછી બે નયનું જ્ઞાન બરોબર થાય. **આ રીતે નયાતિક્રાંત થતાં નયોનો જ્ઞાતા થાય છે.** નયનો નહીં પણ નયોનો બહુવચન છે, જ્ઞાતા થઈ જાય છે.

(જ્ઞાનીને) પક્ષ નથી, અને એનો કર્તા એ નથી. શું કહ્યું ? અનુભવ થયો પછી બીજાને સમજાવવા માટે અથવા પોતાને સમજવાનો કાળ વિશેષ હોય તો નયોના વિકલ્પ ઉત્પન્ન થાય છે. નયો ઉત્પન્ન થાય ત્યાં સુધી શ્રુતજ્ઞાન છે, કેવળજ્ઞાન થયું નથી. સાધક છે તો એવા નયોના



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિકલ્પો ઉત્પન્ન થાય, પણ તે નયના વિકલ્પનો કર્તા બનતો નથી, પણ એ જ્ઞાતા થાય છે. (એનો) જ્ઞાતા રહે છે એ પણ વ્યવહાર છે, પણ કર્તા નથી માટે એને જ્ઞાતા કહ્યો. -(શ્રોતા વ્યવહાર છે?) શું કહ્યું? ભેદનો જ્ઞાતા તો વ્યવહારે જ હોય ને? બાકી આત્મા એ ભેદને જાણે છે એ વ્યવહારનયથી જાણે છે. નિશ્ચયનયથી નહીં.

હવે એ વ્યવહારનયથી જાણે છે એટલે શું? સાધક થયા પછી પર્યાયના ભેદોને જે બારમી ગાથામાં આવે છે કે ''વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે'' થોડી વીતરાગ દશા પ્રગટ થઈ, થોડો રાગ પણ અસ્થિરતાનો છે, થોડું દુઃખ પણ છે, થોડું અતીન્દ્રિય સુખ પણ (પ્રગટ) થયું છે એવા પર્યાયના ભેદોને જાણે છે. 'વ્યવહારનયે જાણેલો પ્રયોજનવાન'' બરાબર! પણ હવે સાધક વ્યવહારનયે ભેદને જાણે છે, એટલે શું? કોણ જાણે છે? એ પ્રશ્ન **(Most Important)** છે. વ્યવહારનયે ભેદને જાણે છે. નિશ્ચયનયે અભેદને જાણે છે.

નિશ્ચયનય સ્વાશ્રિત છે અને વ્યવહારનય પરાશ્રિત છે એવું આગમનું વચન છે. પણ વ્યવહારે જાણે છે કોણ? (કે સમ્યક્ ઈન્દ્રિયજ્ઞાન જાણે છે.) આત્મા એ જાણતો નથી અને આત્મા આશ્રિત પ્રગટેલું અતીન્દ્રિયજ્ઞાન એ પણ એને જાણતું નથી. 'સવિકલ્પ દશામાં કોઈ કોઈને કોઈ વખતે જાણેલો પ્રયોજનવાન છે.' એ એને ઈન્દ્રિયજ્ઞાન જાણે છે. મારું જ્ઞાન એને જાણતું નથી. **મારું જ્ઞાન મને જાણે છે. અને ઈન્દ્રિયજ્ઞાન પરને જાણે છે.** આહાહા! એ પર્યાયો પ્રગટ થાય છે એ મને પરદ્રવ્ય છે. અને આહાહા! એ પર્યાયો પ્રગટ થાય છે એ મને પરદ્રવ્ય છે. અને પરદ્રવ્યને જાણવું મારો સ્વભાવ નથી. ભેદ એટલે પરદ્રવ્ય.

રમેશબાબુ જરા સૂક્ષ્મ વાત છે. એ હિંમતનગર આવ્યા હતા ત્યારે તો નહોતું બેઠું શરૂઆતમાં પછી એકદમ ખીલી ઉઠ્યા. સમજી ગયા આત્મા છે ને? સામે શાસ્ત્ર છે. નય, નિક્ષેપ અને પ્રમાણથી વાત આવે પછી અનુભવથી વાત આવે એટલે એને ખ્યાલ તો આવી જાય ને!!

જુઓને એક પ્રશ્ન આવ્યો, 'સ્વપર પ્રકાશક' અત્યારે એ મોટો પશ્ન છે. નાનો નથી.- <u>સ્વપર પ્રકાશક જ્ઞાનની પર્યાયનો સ્વભાવ છે.</u> બરોબર? એ વાત સાચી છે. જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વપર પ્રકાશક છે એ વાત સાચી છે. હવે એ સ્વપરપ્રકાશક એટલે શું? સ્વપર બન્નેને લક્ષપૂર્વક જાણે છે કે એનો પ્રતિભાસ થાય છે એને સ્વપર પ્રકાશક કહ્યું? પણ એ જ્ઞાનની પર્યાયમાં સ્વપરનો પ્રતિભાસ થાય છે એ અપેક્ષા એ એને સ્વપરપ્રકાશક જ્ઞાન કહ્યું પણ એ જ્ઞાનનો પર્યાય સ્વને પણ લક્ષપૂર્વક જાણે અને પરને પણ લક્ષપૂર્વક જાણે એવું સ્વપર પ્રકાશક જ્ઞાન છે નહીં.

સ્વપરપ્રકાશક, સ્વપરપ્રકાશક (માં) પરને જાણતો નથી! જ્ઞાન પરને જાણતું નથી!



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમાં એકદમ હલ્લો આવ્યો. કહે કે જ્ઞાન સ્વપર પ્રકાશક છે એમાં તમે પર પ્રકાશકને ઉડાડો છો સમજી ગયા ભાઈ ! કોઈ ઉડાડતું નથી, અને કોઈ સ્થાપતું એ નથી. સ્વપર પ્રકાશક માં (તેનું સ્વરૂપ) જેમ છે તેમ જાણ.

સ્વપરપ્રકાશકમાં જેમ દર્પણ છે એમાં સ્વપરનો પ્રતિભાસ થાય છે. એનું દળ પણ એની સ્વચ્છ પર્યાયમાં જણાય છે. અને એ અગ્નિ, કોલસા આદિ જે કંઈ હોય એ પણ એમાં પ્રતિભાસ થાય છે. અગ્નિ અગ્નિમાં છે. દર્પણ દર્પણમાં છે. પણ એનો પ્રતિભાસ થાય છે. સ્વચ્છતામાં તે (પદાર્થો) ઝલકે છે-પ્રતિબિંબિત થાય છે. સમજી ગયા. એમ જ્ઞાનની પર્યાયનો સ્વભાવ ભવી હો કે અભવી હો ! સમ્યક્દૃષ્ટિ હો કે મિથ્યાદૃષ્ટિ હો કે પરમાત્મા હો ! <u>બધાની પર્યાયનો સ્વભાવ સ્વપરનો પ્રતિભાસ થવાની વિવિક્ષાથી સ્વપર પ્રકાશક છે.</u> પણ સ્વપર બંનેનું લક્ષ કરીને જાણે એવો કોઈ જ્ઞાનનો સ્વભાવ નથી. આપણે કેવળીને નીચે ઉત્તારીએ.

**પ્રશ્ન :-** કે : પ્રભુ ! આપ આત્માને તો જાણો છો લક્ષપૂર્વક, આશ્ચર્યપૂર્વક, અને લોકાલોકને પણ આપ જાણો છો ને ?

**ઉત્તર :-** જાણો છો એ વાત કાઢી નાખ, જણાય છે એમ રાખ.

અમે બન્નેને લક્ષ કરીને જાણતા નથી. આહાહા ! **અમે લોકાલોકને જાણતા નથી. કેમ કે અમારું લક્ષ બહિર્મુખ નથી.** બહિર્મુખ (જ્ઞાન) તો વયું ગયું (અભાવ થયો) છે. તારા બહિર્મુખ ઈન્દ્રિયજ્ઞાનથી અમારા પર આરોપ કરી રહ્યો છો. તારો અનુભવ એવો છે કે આમ...આમ કરે.. (પર સન્મુખ) ત્યારે જણાય, અમારે આમ...આમ કરવું પડે નહિ. માટે <u>અમે એને લક્ષપૂર્વક જાણતા નથી.</u> **પણ લક્ષ વગર એ જણાઈ છે.** આવું સ્વપરપ્રકાશક જ્ઞાનનું સ્વરૂપ અંદરનું રહેલું છે. (''સકળ જ્ઞેય-જ્ઞાયક તદપિ નિજાનંદ રસ લીન.'') લોકાલોકનો પ્રતિભાસ થાય છે પણ લોકાલોકનું લક્ષ એને નથી. પરંતુ પ્રતિભાસની અપેક્ષાએ એને જાણે છે એમ ઉપચારથી કહેવામાં આવે છે. એને અસદ્ભૂત વ્યવહારમાં નાખ્યું છે.

આત્માથી બાહ્ય પદાર્થો છે જે લોકાલોક એને જાણે છે એ અસદ્ભૂત વ્યવહાર કહ્યો. અનેક વખત ગુરુદેવે કહ્યું, અનેકવખત હોં ! કેવળી ભગવાન લોકાલોકને જાણે છે એ અસદ્ભૂત વ્યવહાર નયે. એ ખોટો વ્યવહાર છે. એને જાણતા નથી. છતાં પણ જણાઈ જાય છે એ વિવિક્ષાથી, એનો પ્રતિભાસ દેખીને એને જાણે છે એમ કહેવાય , કહેવાય જુદું અને માનવાનું જુદું છે. <u>અંદર આ સ્વપરપ્રકાશકના નામે પણ પ્રમાણનો પક્ષ છે.</u>

સ્વપર બન્ને પ્રતિભાસે છે તેને સ્વપર પ્રકાશક કહેવાય પણ બન્નેને (લક્ષપૂર્વક) એક



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમયમાં કોઈ જાણી ન શકે. અજ્ઞાની પરલક્ષ કરીને પરને જાણે છે, છતાં એમાં સ્વનો પ્રતિભાસ તો છે જ્ઞાયકનો. બાળગોપાળ સહુને જણાય છે કે નહીં ? એમાં પ્રતિભાસની મુખ્યતા છે. લક્ષની મુખ્યતા એમાં નથી. શું કહ્યું ? વિષય સૂક્ષ્મ છે. ૧૭-૧૮ ગાથામાં કહ્યું-આબાલ-ગોપાલ સૌને અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવે છે. અનુભવમાં આવે છે એમાં લક્ષની અપેક્ષાએ નથી પણ એમાં પ્રતિભાસની અપેક્ષા છે.

જો (જ્ઞાયકનું) એનું લક્ષ બધાને હોય તો બધા સમ્યક્દૃષ્ટિ થઈ ગયા હોત, પણ એમ છે નહીં. પણ પ્રતિભાસ જરૂર થાય છે. હવે પ્રતિભાસ જરૂર થાય છે એટલે આવિર્ભાવ થઈને અનુભવ થઈ શકે છે. પ્રતિભાસ ન હોય તો આવિર્ભાવ થઈ ને અનુભવ થઈ શકે છે. પ્રતિભાસ ન હોય તો આવિર્ભાવ થઈ ને અનુભવ કોઈને ન થાય. માર્મિક ચીજ છે ઈ... ઊંચી ચીજ છે.૧૭-૧૮ ગાથામાં

પ્રતિભાસ હોય એનો આવિર્ભાવ હોય, પ્રતિભાસ હોય એનો તિરોભાવ પણ હોય. પ્રતિભાસ તો છે જ્ઞાયકનો જ્ઞાનની પર્યાયમાં, અભવીની પર્યાયમાં પણ; આહા ! પણ એને દ્રવ્યસ્વભાવ દૃષ્ટિમાં આવતો નથી. માટે જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે. ૧૧ મી ગાથામાં દ્રવ્યને તિરોભૂત લખ્યું અને પંદરમી ગાથામાં જ્ઞાન તિરોભૂત થઈ ગયું છે એમ લખ્યું છે. શું કહ્યું ? ૧૧ મી ગાથામાં એમ કહ્યું છે કે : એને દૃષ્ટિમાં દ્રવ્ય આવતું નથી. એટલે એને દૃષ્ટિમાં દ્રવ્ય નથી આવતું- સામાન્ય તત્ત્વ તેથી તેને તિરોભૂત થઈ ગયું પણ અભાવ નથી થયો. અભાવ થયો હોત તો આવિર્ભાવ ન થાત. તિરોભાવ થયો છે માટે આર્વિભાવ થઈ શકે છે સમ્યક્દર્શનના કાળમાં.

દેખાતો નથી ને ? છે ખરો આત્મા બધાને આત્મા દેખાય છે પણ દેખતો નથી. દેખાઈ તો રહ્યો છે પણ એને દેખતો નથી. આમ, (ના..ના) આમ (પર સન્મુખ) કરે છે. આમ (અંતરંગ) કરતો નથી માટે ૧૧ મી ગાથામાં દ્રવ્ય સ્વભાવ તિરોભુત કહ્યો, અને ૧૫ મી ગાથામાં જ્ઞાન તિરોભુત થાય છે. જ્ઞેયાકાર જ્ઞાનનો આવિર્ભાવ થાય ત્યારે સામાન્ય જ્ઞાનનો (પર્યાયનો) તિરોભાવ થાય પણ અભાવ થતો નથી. કેમ કે એ જ્ઞાનમાં પ્રતિભાસ ચાલુ છે. અભાવ થાય તો અનુભવ ન થાય. તિરોભાવ થાય છે માટે આવિર્ભાવ થઈને અનુભવ થઈ જાય છે. આ તો મોટા દિવસો છે ને ? આરાધનાના દિવસો છે. જુઓને (મુમુક્ષુ) ક્યાંથી અગવડ સગવડ વેઠીને આવ્યા છે.

**નયાતિક્રાંત થયા પહેલાં નયોનો જ્ઞાતા થઈ શકતો નથી. પણ નય વિકલ્પોની કર્તાબુદ્ધિ રહી જાય છે.** જીવો પ્રમાણની અધિક્તામાં અટકી જાય છે. પ્રમાણનો પક્ષ છે ને એટલે નયનો પક્ષ રહી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાય છે. નય સાપેક્ષ છે એ પ્રમાણને સિદ્ધ કરે છે. એમ છે ને કે.. ગુરુદેવના પ્રતાપે આટલો અભ્યાસ જીવો કરવા માંડ્યા. આટલું સાંભળે તો છે, બાકી આ ક્યાં હતું ? અંધારું હતું, કાંઈ હતું નહીં. બધા ક્રિયાકાંડમાં મગ્ન હતા.

આત્મા શું ? આત્મા ફેકટરી ચલાવે છે કે નથી ચલાવતો એ ક્યાં કોઈને ખબર હતી. અમે ફેકટરી ચલાવીએ છીએ એમ હતું પહેલાં. ફેકટરી ચાલે છે. કોઈ ચલાવતું નથી. ફેકટરી હું ચલાવતો નથી, પણ ફેકટરીને હું જાણું છું. આશિષ ! તું ફેકટરીને જાણે છે કે નથી જાણતો ? (શ્રોતા-નથી જાણતો ) આત્માનું જ્ઞાન આત્માને જાણે અને ઈન્દ્રિયજ્ઞાન ફેકટરીને જાણે. ફેકટરીને હું જાણતો એ નથી તો પછી ફેકટરી મારી તે વાત ક્યાંથી આવી ? આવી ક્યાંથી વાત આ ? આ બીજો બોલ જરા કઠણ પડે છે. ફેકટરી મારી નથી ઈતો હા પાડે , પણ ફેકટરીને હું જાણતો નથી ? આ શું વાત કરો છો ? ફકટરીને ફેકટરી રૂપે જાણું. ચાલે છે એમ નથી જાણતો. ફેકટરી છે એમ જાણું છું બોલો ! હું જાણું છું એમ ! હુંપણું ક્યાંથી સ્થાપ્યું ? ઈન્દ્રિયજ્ઞાનમાં સ્થાપ્યું હુંપણું જ્ઞાયકમાં તો આવ્યું નહીં, પછી અનુભવ ક્યાંથી થાય. ઈન્દ્રિયજ્ઞાન સાથે એકતા થઈ ગઈ જ્ઞેય જ્ઞાયક સંકરદોષ થઈ ગયો.

**પ્રશ્ન :-** કેવળજ્ઞાન સવિકલ્પ છે ?

**ઉત્તર :-** સવિકલ્પ છે. સવિકલ્પનો અર્થ રાગ વિષે વાત નથી. સવિકલ્પનો અર્થ ભેદાભેદને જ્ઞાન જાણે છે. પોતાના અભેદને જાણે અને અનંતગુણ છે જે ભેદરૂપ, અતદ્ભાવરૂપ એમાં પણ એક ગુણમાં બીજા ગુણની નાસ્તિ છે એ રીતે જાણે, તેમાં અંદરમાં ખીચડો થતો નથી. એ જ્ઞાનની તાકાત છે. જ્ઞાનને જ્ઞાનરૂપ જાણે, દર્શનને દર્શનરૂપ જાણે, ચારિત્રને ચારિત્રરૂપ જાણે છે. એ અપેક્ષાએ તેને સવિકલ્પ કહેવામાં આવે છે. રાગ તેમાં નથી.

શ્રુતજ્ઞાનીને પણ રાગ નથી. સવિકલ્પ જાણે છે. જેવું છે તેવું જાણે છે. અનંતગુણને અનંતગુણરૂપ, અનંત પર્યાયને અનંત પર્યાયરૂપ, અનંતધર્મને, સાપેક્ષધર્મને, અનંતને અનંત રૂપ જાણે છે જ્ઞાન તેનો અર્થ સવિકલ્પ છે.

**પ્રશ્ન :-** જાણવામાં આવ્યું માટે ઈન્દ્રિયજ્ઞાન અશુદ્ધ છે ?

અતીન્દ્રિય જ્ઞાન કથંચિત્ ભિન્ન છે અને કથંચિત્ અભિન્ન છે. ઈન્દ્રિયજ્ઞાન સર્વથા ભિન્ન છે. અને અતીન્દ્રિયજ્ઞાન કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન છે. આનો શું અર્થ છે ?

**ઉત્તર :-** ઈંદ્રિયજ્ઞાન સર્વથા ભિન્ન છે એ વાત બેસે છે ? (શ્રોતા-હા) કેમ કે ઈન્દ્રિયજ્ઞાન પરાશ્રિત છે. તે આત્માનો સ્વભાવ નથી અને સામાન્યનું વિશેષ પણ નથી. માટે સર્વથા ભિન્ન



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. આ વાત સમયસાર ગાથા ૩૧ માં લીધી છે. ઘણી જગ્યાએ લીધું છે.

અતીન્દ્રિયજ્ઞાન જે નવું પ્રકટ થાય છે અનુભવના કાળમાં તે સર્વથા ભિન્ન પણ નથી અને સર્વથા અભિન્ન પણ નથી. સર્વથા ભિન્ન કહો તો અનુભવ નહીં થાય. અને સર્વથા અભિન્ન કહો તો પર્યાયના નાશે દ્રવ્યનો નાશ થાય, માટે કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન- **આમ અનુભવ જ્ઞાનમાં સ્વયાદ્વાદ છે.** અનુભવ જ્ઞાનમાં કથંચિત્ આવ્યું કે નહીં ? કથંચિત્ કહ્યું એટલે સ્યાદ્વાદ થઈ ગયું. કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન. એને જો તમે સર્વથા ભિન્ન કહો અતીન્દ્રિયજ્ઞાનને તો કોઈને અનુભવ ન થાય અને સર્વથા અભિન્ન કહો તો પર્યાયના નાશે દ્રવ્યનો નાશ થઈ જાય. કથંચિત્ અભિન્ન છે માટે નિશ્ચય રત્નત્રયનાં પરિણામ મોક્ષમાર્ગ મોક્ષનું કારણ થાય છે.

***જીભ ભલે ગમે તેટલાં શાસ્ત્રો ભણે, વાદવિવાદ કરી જાણે, પ્રમાણ-નય-નિક્ષેપાદિથી વસ્તુની તર્કણા કરે, ધારણારૂપ જ્ઞાન ને વિચારોમાં વિશેષ-વિશેષ ફેરવે, પણ જો જ્ઞાન સ્વરૂપ આત્માના અસ્તિત્વને પકડે નહીં અને તદ્રુપ પરિણમે નહીં, તો તે જ્ઞેયનિમગ્ન રહે છે. જે જે બહારનું જાણે તેમાં તલ્લીન થઈ જાય છે. જાણે કે જ્ઞાન બહારથી આવતું હોય એવો ભાવ વેદ્યા કરે છે. બધું ભણી ગયો. ઘણી યુક્તિ-ન્યાય જાણ્યાં, ઘણા વિચારો કર્યા, પણ જાણનારને જાણ્યો નહીં, જ્ઞાનની મૂળ ભૂમિ નજરમાં આવી નહીં, તો તે બધું જાણ્યાનું શું ફળ ? શાસ્ત્રાભ્યાસાદિનું પ્રયોજન તો જ્ઞાન સ્વરૂપને જાણવો તે છે***

***(બેહનશ્રીના વચનામૃત બોલ નં. ૩૮૧)***



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ચર્ચા નં-૨ જામનગર

તા.૧૪-૯-૯૧

### શ્રી જ્ઞાયકભાવાય નમઃ

અત્યારે આપણો વિષય ચાલે છે-દ્રવ્ય સ્વભાવ અને પર્યાય સ્વભાવ. દ્રવ્યને જાણનારી એક નય છે, અને પર્યાયને જાણનારી એક નય છે. નયનો અર્થ એવો છે; શ્રુતજ્ઞાનનાં અંશને, ભેદને, વિકલ્પને નય કહેવામાં આવે છે. નય એટલે જ્ઞાનનો અંશ. જે જ્ઞાન પોતાના ત્રિકાળી દ્રવ્યને વિષય કરીને જાણે કે : આ શુદ્ધાત્મા છે તે (જ્ઞાન) નું નામ નિશ્ચયનય છે. નિશ્ચયનય એટલે જ્ઞાનનો અંશ કે જેનો વિષય શુદ્ધાત્મા છે.

'હું શુદ્ધાત્મા છું', 'હું શુદ્ધ આત્મા છું', તેમાં અનુભવ ન થાય. હું શુદ્ધ આત્મા છું તેવો એક વિકલ્પ છે. વિકલ્પ એટલે જ્ઞાનનો અંશ એને નય કહેવામાં આવે છે. આ નય દ્વારા વસ્તુનો નિર્ણય થઈ શકે છે. પરંતુ નય દ્વારા-વિકલ્પ દ્વારા અનુભવ થતો નથી.

એવી એક નય જે દ્રવ્યને જાણનાર જ્ઞાનનો અંશ એનું નામ નિશ્ચયનય છે. નિશ્ચયનય સ્વઆશ્રિત છે. અને જે પરિણામ થાય છે સમયે-સમયે એને જાણનારી જ્ઞાનની એક પર્યાય એને વ્યવહાર નય કહેવામાં આવે છે. કેમ કે એ ભેદ છે. પર્યાયને, ભેદને જાણે જે જ્ઞાન એનું નામ વ્યવહારનય છે. અભેદને જાણે તેનું નામ નિશ્ચયનય છે. આવા એક આત્મા વિષે બે નયોના બે વિકલ્પો ઉત્પન્ન થાય છે.

પ્રથમ ભૂમિકામાં સમજવા માટે, એ જેમ તેમ સમજતો હોય, ગરબડ કરતો હોય; એને યથાર્થ જેવું સ્વરૂપ છે તેવું એને પહેલાં એના માનસિક જ્ઞાનમાં આવે છે. અનુભવ પહેલાં; એને નયદ્વારા નિર્ણય થાય છે. હવે એ નયદ્વારા નિર્ણય કર્યા પછી પણ એને આત્માનો અનુભવ કેમ થતો નથી ! અહીંયાં સુધી આવ્યા છતાં પણ અનુભવ કેમ થતો નથી !! અને એ અનુભવ કેમ થાય, અને નયોના વિકલ્પ કેમ છૂટી જાય એ વાત ચાલે છે.

**નયોના વિકલ્પ પણ દુઃખદાયક પરિણામ છે. એ નયજ્ઞાન પણ આસ્ત્રવ તત્ત્વ છે, સંવર તત્ત્વ નથી.** નયજ્ઞાન તે સંવર નથી, વિકલ્પ છે ને ? ખંડજ્ઞાન છે ને?

શું કહ્યું ? વસ્તુ પોતે બે પડખાંવાળી છે. દ્રવ્ય ને પર્યાય (રૂપ) વસ્તુ છે. એક ટકતો ભાવ અને એક ટળતો ભાવ. એક ધ્રુવભાવ અને એક ઉત્પાદ વ્યય ભાવ (તેવા) બે ભાવ છે. એક સામાન્ય અને એક વિશેષ.

(આત્માને) આને સામાન્ય કહેવાય. સામાન્ય એટલે અનંતગુણથી અભેદ જેમાં પર્યાયનો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અભાવ અર્થાત્ દ્રવ્ય સામાન્ય એ હું છું; એવો વિચાર આવે એવા વિકલ્પનું નામ નિશ્ચયનય છે. અને આ પર્યાય છે (તેમાં) ઉત્પાદ-વ્યય થાય છે. પરિણામ છે જે-દશા છે-હાલત છે, એને જાણવાનો જ્ઞાનનો અંશ જે પ્રકટ થાય છે એ વ્યવહાર નય કહેવામાં આવે છે. આમ વસ્તુ પણ સામાન્ય વિશેષાત્મક છે. અને વસ્તુને જાણવાના સાધન પણ બે નય છે. બે નય દ્વારા વસ્તુનો નિર્ણય થઈ શકે છે. એને નયજ્ઞાન વિકલ્પ કહેવામાં આવે છે. પરંતુ નયજ્ઞાન તત્ત્વ પણ આસ્રવ તત્ત્વ છે, એમાં આકુળતા ઉત્પન્ન થાય છે. એમાં સમ્યક્દર્શન થતું નથી. એમાં આનંદ આવતો નથી, પણ એ સમ્યક્દર્શન જેને થવાનું હોય તેને એની પૂર્વભૂમિકામાં અભ્યાસક્રમમાં આ બે નયદ્વારા વિચાર કરવાનો પ્રયોગ આવે  એને માનસિક જ્ઞાનમાં અને તેમાં આકુળતા થાય છે, પરંતુ અનુભવ થતો નથી એટલે આનંદ આવતો નથી. આ બે નયોના પક્ષ સુધી જીવ અનંતવાર આવ્યો છે. આ કોઈ નવી ચીજ નથી.

કોઈને એમ લાગે કે બે નયનું મને જ્ઞાન થઈ ગયું છે. એવું અભિમાન કોઈને થાય તો એ જ્ઞાન આત્માનું નથી. એ તો રાગનું જ્ઞાન થયું. એને નયોના-વિકલ્પને રાગ કહેવામાં આવે છે. એ રાગને જાણતાં, આત્માનો અનુભવ આવતો નથી. પણ અનુભવનો કાળ આવે ત્યારે બે નયોના વિકલ્પ છૂટી જાય છે. બે નયોના વિકલ્પ છૂટીને પ્રત્યક્ષ અનુભવ થાય છે. નયજ્ઞાન છે તે પરોક્ષ જ્ઞાન છે. અનુભવજ્ઞાન-અતીન્દ્રિયજ્ઞાન છે તે પ્રત્યક્ષ છે. નયજ્ઞાન છે તે ઈન્દ્રિયજ્ઞાન છે. એનાથી જુદું  અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય છે.  એમાં આત્માનો અનુભવ કેમ થાય ? નયોના વિકલ્પ કેમ છૂટે ? એનો પ્રકાર આ  પુસ્તિકામાં લેવામાં આવ્યો છે.

ઓછામાં ઓછું એટલું તો ખ્યાલમાં હોવું જરૂરી છે કે નય કોને કહેવાય ? નયનો વિષય શું? નિશ્ચયનયનો વિષય શું? એટલું તો ઓછામાં ઓછું જ્ઞાન એને હોવું જોઈએ. અને ન હોય તો સમજી લેવું. આ એનાથી આગળની વાત ચાલે છે.

જ્યારે પહેલી ચોપડીમાં બેઠા હોઈએ ત્યારે બધું આવે. હવે બીજા કલાસમાં જાય અને પછી પહેલી ચોપડીનો અર્થ પૂછે કે : સાહેબ : આનો અર્થ શું ? તો સાહેબ કહે આને પહેલા કલાસમાં મોકલી (દ્યો) દો. અહીં તો બીજા કલાસની વાત ચાલે છે. અને પહેલા કલાસની જો વાત કરે તો પછી બીજા કલાસની વાત કયારે કરશે ? એવી આ એક વાત છે.

**નયજ્ઞાન સુધી આવી ગયો, અગિયાર અંગ ભણ્યો તો નય તો બધી સમજી ગયો છે. એને નયજ્ઞાન છે પણ એને આત્મજ્ઞાન નથી. નયજ્ઞાન સંસાર છે. આત્મજ્ઞાન મોક્ષનું કારણ છે.** ભણવામાં નય જ્ઞાન આવડી જાય કે ધારણામાં આવી જાય એમાં કાંઈ આત્માનો અનુભવ ન થાય. અને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માના અનુભવ વિના ધર્મની શરૂઆત ત્રણ કાળમાં કદી થતી નથી, આ એક નિયમ છે.

ધર્મ જેણે કરવો હોય એણે ધર્મીનું અવલંબન લેતાં વિકલ્પ માત્રનો સર્વથા અભાવ થઈ જાય છે. વિકલ્પની સાથે એકત્વબુદ્ધિ તૂટી જાય છે, અને નવું જ્ઞાન પ્રકટ થાય પછી **સવિકલ્પદશામાં બે નયોનો જ્ઞાતા થાય, પણ નયોના વિકલ્પનો કર્તા ન થાય.** નયો ઉત્પન્ન થશે પછી પણ એ જ્ઞાનના જ્ઞેયમાં રહેશે. પણ હવે કર્તાના કર્મ તરીકે નહીં બને. જ્યાં સુધી અનુભવ નથી ત્યાં સુધી આત્મા એનો કર્તા થાય છે. અને નયના વિકલ્પો એનું કર્મ બને છે., **એવી કર્તાકર્મની પ્રવૃત્તિ જીવને અનાદિકાળથી છે.**

**શ્રોતા :-** અનુભવ થયાં પહેલાં નયજ્ઞાન હોય તે સાચું હોય ને ?

**ઉત્તર :-** નય જ્ઞાન ખોટું હોય. સાચું ન હોય કેમ કે નયના વિકલ્પને પોતે કર્મ બનાવ્યું છે. અને જ્ઞાન તો ઉદય થયું નથી. પણ જે નયજ્ઞાન છે ને ! નયજ્ઞાન પહેલાં હોય, પરંતુ અનુભવ પહેલાં એ નયોનો જ્ઞાતા નથી પણ નયના વિકલ્પનો કર્તા રહી જાય છે. ઈ... કર્તાબુદ્ધિ છૂટે અને વિકલ્પ કર્મ ન બને, આત્મજ્ઞાન કર્મ થાય ત્યારે આત્માનું જ્ઞાન કર્તાનું કર્મ થાય એટલે સવિકલ્પ દશામાં બે નયોના વિકલ્પ છે, એ વ્યવહારે જ્ઞાનનું જ્ઞેય બની જાય છે. જ્ઞાનીને વિકલ્પ ઊઠે, બે નયથી શાસ્ત્ર લખે પણ એની કર્તાબુદ્ધિ એમાં નથી. ઈ...એનો જ્ઞાતા છે. આટલી ભૂમિકા બાંધી.

એક બહેને એમ કહ્યું કે આ નયજ્ઞાન છે તે સમજાતું નથી. નય એટલે શું ? આખું ને આખું ચાલ્યું જાય અને ખબર ન પડે. આટલી ભૂમિકા સુધી આવ્યો અને બધાને નયનું જ્ઞાન તો હોય ! એટલે નયની વાત શું કરવી ? એમ કરીને આપણે આગળ વધતા હતા એટલે ચોખવટ કરી કે નય કોને કહેવાય.

બીજો પ્રશ્ન એ છે કે **નયના વિકલ્પની કર્તાબુદ્ધિ કેમ છૂટે ?** નયો (તો) ઉત્પન્ન થાય છે. નય છે એ રાગ છે. વિકલ્પ છે, એ ખંડજ્ઞાન છે, એની **કર્તાબુદ્ધિ કેમ છૂટે અને પછી નયોનો જ્ઞાતા કેમ થાય ?** એની કર્તાબુદ્ધિ છૂટે તો જ્ઞાતા થાય ને ? કર્તા રહે અને એનો જ્ઞાતા પણ રહે; એમ બને જ નહીં. રાગનો હું કર્તા છું ને રાગનો હું જ્ઞાતા છું એમ ન બને, એક મ્યાનમાં બે તલવાર ન રહે. રાગ રહી જાય, નય રહી જાય; પણ નયના જે વિકલ્પો ઊઠતા હતા એની કર્તાબુદ્ધિ છૂટી જાય, હું કર્તા છું એવો પક્ષ છૂટી જાય અને આત્મજ્ઞાન પ્રગટ થાય. પછી જે નયો ઊભી થાય તો તેને હવે આ મારું કર્મ છે અને કરવા જેવું છે એમ ન થાય, પણ એનો જ્ઞાતા થઈ જાય છે. જ્ઞાયકનો જ્ઞાતા થાય ને ત્યારે બે નયનો જ્ઞાતા કહેવામાં આવે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**એટલે નય-વિકલ્પની કર્તાબુદ્ધિ કેમ છૂટે અને પછી નયોનો જ્ઞાતા કેમ થાય ?** આ એક પ્રશ્ન છે, એનો ખુલાસો કે **દ્રવ્ય સ્વભાવને તું સ્વભાવથી જો. દ્રવ્યને નિશ્ચયનયથી ન જો.**

દ્રવ્યસ્વભાવમાં આવતાં 'હું નિશ્ચયનયે શુદ્ધ જ છું;'-નિશ્ચયનયે શુદ્ધ છું એમ હવે ન જો, સ્વભાવથી જ શુદ્ધ છું એમ જો, તારી વિચારધારા બદલી નાખ, નિશ્ચયથી શુદ્ધ છું એમ પ્રથમ ભૂમિકામાં તેં લીધું પણ હવે જો નિશ્ચયનયથી હું શુદ્ધ છું તો વ્યવહારનયે હું અશુદ્ધ છું એમ આવી જશે. નિશ્ચયનયે જીવ અકર્તા છે, પરંતુ નય છે એ સાપેક્ષ છે. નિશ્ચયનયથી જુઓ તો કહ્યા વગર વ્યવહારનય ઊભી થયા વગર રહે નહીં. નિશ્ચયનયે જો અકર્તા છું તો વ્યવહારનયે કર્તા છું એમ આવી ગયું એટલે જીવ કર્તામાં આવી ગયો.

સાહેબ ! હું આત્માને કર્તા ક્યાં માનું છું ! કે : તું કર્તા માની રહ્યો છો. કેમ ? અમને તમે કેવી રીતે પકડ્યા ! અમે વ્યવહારે કર્તા એમ બોલતાએ નથી,મૌન રહીએ છીએ. નિશ્ચયનયે અકર્તા છું, નિશ્ચયનયે અકર્તા છું, એમ હું કહું છું અને તમે એમ કહો છો કે તમારી કર્તાબુદ્ધિ છે. હું નિશ્ચયનયે કર્તા છું તેમ બોલ્યો નથી, વ્યવહારનયે કર્તા છું તેમ બોલ્યો નથી, નિશ્ચયનયે અકર્તા એમાં શું આટલો મોટો ગુનો કર્યો ? હા ! તેં ઈ ગુનો કર્યો (શ્રોતા : તને સાપેક્ષનો અર્થ ન સમજાણો.) નિશ્ચયનયે અકર્તા છું એમાં કહ્યા વગર વ્યવહારનયે કર્તા છું એવી તારી બુદ્ધિ રહી ગઈ. વ્યવહારનયે જ્ઞાતા છું તેમ ન આવ્યું. ભાષામાં પણ ન આવ્યું. ભાવ તો હજુ પછી પ્રથમ ભાષા બદલવી જોઈએ.

આત્મા એના દ્રવ્યના સ્વભાવથી અનાદિ અનંત અકારક અવેદક છે. કોઈ પણ કાળે કોઈનો આત્મા કદી પણ કોઈ પરિણામનો કર્તા બની શકતો નથી, અશક્ય છે. અજ્ઞાન અવસ્થામાં આસ્રવ બંધનો કર્તા થતો નથી, સાધક અવસ્થામાં સંવર-નિર્જરાનો કર્તા થતો નથી. મોક્ષ અવસ્થામાં મોક્ષની પર્યાય નો કર્તા થતો નથી. ત્રણેય કાળે અકર્તા જ છે. કઈ નયે અકર્તા છે ? કહે ! સ્વભાવથી જ અકર્તા છે. બોલો કઈ નયથી અકર્તા છે ?

**ઉત્તર :-** 'સ્વભાવથી જ અકર્તા છું' આહાહા ! સ્વભાવથી જ અકર્તા છે. 'નિશ્ચયનયે હું શુદ્ધ છું' તો વ્યવહારનયે હું અશુદ્ધ છું એમ આવી ગયું. એમાં અનુભવ ન થાય, તો હવે શું કરવું? કે તું સ્વભાવથી જ જો. હું તો સ્વભાવથી જ શુદ્ધ છું અનાદિ અનંત હોં ! નયથી શુદ્ધ છું એમ નથી. મારા સ્વભાવથી જ અનાદિ અનંત આત્મા શુદ્ધ રહેલો છે. અનાદિ અનંત હોં ! સમ્યક્દર્શન થાય પછી આત્મા શુદ્ધ થાય એમ નહીં. મિથ્યાદર્શન અવસ્થામાં પણ આત્મા શુદ્ધ રહેલો છે અને શુદ્ધ રહેવાનો છે. સ્વભાવથી જ શુદ્ધ છે એમ કહે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિશ્ચયનયે મારો આત્મા મને જણાય છે, નિશ્ચયનયે મારો આત્મા મને જણાય છે તો વ્યવહારનયે મને પર જણાય છે એ આવી ગયું. કીધા વગર આવી ગયું. તો હવે શું કરવું ? કે મારા જ્ઞાનનો સ્વભાવ જ એવો છે કે સ્વભાવથી જ જ્ઞાન આત્માને જાણે છે. નિશ્ચયનયથી જ્ઞાન આત્માને જાણતું નથી. કેમ કે નિશ્ચયનય તો વિકલ્પ છે, એમાં આત્મા ક્યાંથી જણાય ? નયજ્ઞાન નીકળી જાય, વિકલ્પ છૂટી જાય. અને આત્માનો અનુભવ થાય એ જ્ઞાનની પર્યાયનો જ સ્વભાવ છે. સ્વભાવથી જ જ્ઞાન આત્માને જાણે છે. નિશ્ચયનયથી જાણે છે એમ નથી. તો વ્યવહારનયે પરને જાણે છે તેમ આવી જશે.

પ્રમાણમાંથી નયમાં આવે અને નયમાં આવ્યા પછી નયાતિક્રાંત થવાય. નિશ્ચયનયે આવો અને વ્યવહારનયે આવો એ તો પ્રમાણમાં રહ્યો, પછી એમાંથી વિધિ-નિષેધ કરવું પડે. જ્ઞાન આત્માને જાણે છે અને પરને જાણતું નથી. નિશ્ચયનયે અકર્તા છું અને કર્તા છું નહીં એમ વિધિ-નિષેધમાં આવે પ્રમાણમાંથી ત્યારે તો હજુ એને નિશ્ચયનયનો પક્ષ આવ્યો કહેવામાં આવે છે. પણ નિશ્ચયનયથી હું આવો છું ઈ ભૂલ છે. એમાં અનુભવ થતો નથી, 'હું સ્વભાવથી જ અકર્તા છું' મારા જ્ઞાનનો સ્વભાવ જ એવો છે કે સ્વભાવથી જ આત્માને જાણે. એક સમય પણ આત્માને જાણવાનું છોડે નહીં. મારા જ્ઞાનની પર્યાયનો સ્વભાવ જ એવો છે.

બધાની જ્ઞાનની પર્યાયનો સ્વભાવ જ એવો છે, બાળ ગોપાળ બધાની પર્યાયનો સ્વભાવ જ એવો છે, બાળ ગોપાળ બધાનું જ્ઞાન સ્વભાવથી જ જ્ઞાયકને જાણે છે., કોઈ ઉપદેશ આપે ત્યારે જાણે અને કોઈ ઉપદેશ ન આપે ત્યારે જ્ઞાન આત્માને ન જાણે તેમ છે નહીં. સ્વભાવને ઉપદેશની જરૂરત નથી. સ્વભાવ તો નિરપેક્ષ છે ત્યારે શું સાંભળવું નહીં અમારે ? ભાઈ ! સાંભળવું ન સાંભળવું એ અહીંઆ અત્યારે વાત નથી, તું ઊંડી વાત જરાક લે ! સાંભળવાથી કોઈને આત્મજ્ઞાન થાય જ નહીં. સાંભળવું એ તો પરલક્ષવાળું જ્ઞાન છે. એ તો કર્ણેન્દ્રિયનો વિષય છે. મારો વિષય નથી. મારું જ્ઞાન તો સ્વભાવથી જ મને પ્રસિદ્ધ કરે છે. અહાહા ! એવું જ જ્ઞાન ઉદય થાય છે કે જેમાં સ્વભાવ જણાયા જ કરે છે. એવો જ્ઞાનનો સ્વભાવ છે કે જેમાં જ્ઞાયક આત્મા જણાયા જ કરે.

સૂર્યનો પ્રકાશ છે, એ સૂર્યને નિશ્ચયનયે પ્રસિદ્ધ કરે છે અને વ્યવહારનયે ઘટપટને પ્રસિદ્ધ કરે છે,એમ છે નહીં. સૂર્યના પ્રકાશનો સ્વભાવ જ એવો છે કે એ સૂર્યને પ્રસિદ્ધ કર્યા જ કરે, એને નયની અપેક્ષા નથી. એવી અપૂર્વ વાત આમાં રહેલી છે. નયના વિકલ્પને તોડીને અનુભવ કેમ થાય તેની મુખ્યતા છે. આવશે આ પુસ્તિકામાં બધું આવશે.

**કહે દ્રવ્ય સ્વભાવને સ્વભાવથી જ જો, તેને નિશ્ચયનયથી નહીં. અને પર્યાયસ્વભાવને**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સ્વભાવથી જો, તેને પણ નિશ્ચયનયથી નહીં. સ્વભાવથી જોતાં નયના વિકલ્પ છૂટી જાય છે,** છોડતો નથી, છોડે તો કર્તા થઈ જાય, સહજ છૂટી જાય છે. આત્માની સન્મુખ જ્ઞાન થાય છે તો કોઈ વિકલ્પ રહેતો નથી સહજ છૂટી જાય છે.

**નિશ્ચયના પક્ષથી નિર્ણય થાય છે,** પરંતુ પ્રમાણના પક્ષથી તો નિર્ણય પણ થતો નથી, પ્રમાણના પક્ષમાં જે ઊભો છે એને તો સ્વભાવનો નિર્ણય થતો નથી. પ્રમાણ કહો કે-વ્યવહાર કહો, પ્રમાણ પૂજ્ય નથી પણ પ્રમાણજ્ઞાનમાંથી એને વ્યવહારનો નિષેધ કરીને એ એ નિશ્ચયનયના પક્ષમાં આવે છે. વિધિ-નિષેધ કરીને તે નિશ્ચયનયના પક્ષમાં આવવાથી નિર્ણય થાય છે નિશ્ચયના પક્ષથી અનુભવ ન થાય, પણ નિર્ણય સાચો થાય.

આત્મા અકર્તા છે, કેવળ જ્ઞાતા છે, કથંચિત્ કર્તા ને કથંચિત્ જ્ઞાતા એવું આત્માનું સ્વરૂપ નથી. નિશ્ચયનયથી નિર્ણય થાય, જેવો આત્માનો સ્વભાવ છે એવો નિશ્ચયનયથી નિર્ણય થાય છે. **પણ અનુભવ થતો નથી.** અહીંઆ તો અનુભવથી ધરમની શરૂઆત થાય છે. કોઈ ક્રિયાકાંડથી શુભભાવ ઝાઝો કરે, મંદિરો બંધાવે, પ્રતિષ્ઠા કરે, તેમાં પાંચ દશલાખ ખર્ચે તો ધરમ થાય ? અનુભવ તો અતીન્દ્રિય જ્ઞાનની પર્યાયમાં થાય. પર દ્રવ્યના આશ્રયે એને શુભભાવ આવે છે, અને શુભભાવ વખતે પાંચ લાખ, દસ લાખ ખર્ચે તો ધરમ થાય એવું છે નહીં. એવું હોય ? હોતો હો ! દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો શુભરાગ આવે છે, પણ એનો કર્તા આત્મા નથી. એ તો સહજ થાય છે. એને કોણ કરે ? <u>બધું થવા યોગ્ય થાય છે, અને જાણનારો જણાય છે' એમાં અનુભવ થઈ જાય છે. બધું થવા યોગ્ય થયા કરે છે, અને જાણનારો જણાય છે એમાં અનુભવ થાય છે. હું આમ કરૂં છું તો થાય છે એમ છે નહીં.</u>

**નિશ્ચયના પક્ષથી નિર્ણય થાય છે પણ અનુભવ થતો નથી. તેથી નિશ્ચયનો પક્ષ છોડી સ્વભાવથી જોતાં, અનુભવ થાય છે.** તારા સ્વભાવથી જો ને ! તારે નયનું શું કામ છે હવે ? **શ્રી સમયસાર નાટકમાં કહ્યું છે કે,** સમયસાર નાટક બનારસી દાસે બનાવ્યું છે. **"જેઉ જહઁ સાધક હૈ તેઉ તહઁ બાધક હૈં."** નિશ્ચયનયથી જ્ઞાતા છું, નિશ્ચયનયથી અકર્તા-અભોક્તા છું, એવા જે નયોના વિકલ્પ છે એ બધા બાધક છે. જેને સાધન કહેવાય એ તો બાધક છે. એને પ્રાથમિક ભૂમિકામાં સાધન કહેવાય પણ એનાથી અનુભવ થતો નથી. આ બનારસીદાસનું વાકય છે. **'જેઉ જહઁ સાધક હોય તેઉ તહઁ બાધક હૈં.'**

જયસેન આચાર્ય ભગવાનની ટીકામાં એવું બહુ આવે. વ્યવહાર સાધક છે-વ્યવહાર સાધન છે, વ્યવહાર સાધન છે, વ્યવહાર સાધન છે. જેને સાધન અથવા સાધક કહ્યું એ તો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખરેખર એને બાધક છે. **આવી વાત પંચાધ્યાયી ગાથા ૬૪૫ થી ૬૪૮ માં ટીકાકારે ટીકા કરી છે.** શંકા પણ ઊંચા પ્રકારની છે. શંકાકાર શંકા કરે છે. અનુભવનો કાળ પાકે છે-લક્ષ થવાનો કાળ પાકે, અનુભવનો કાળ નજીક આવે ને ત્યારે ઘણા ભવ તો એને હોય નહીં. નિકટભવી જીવો હોય એને સ્વભાવના વિચારો આવ્યા જ કરે..આવ્યા જ કરે. સ્વભાવના વિચારો આવે.

**પંચાધ્યાયીમાં શંકાકાર કહે છે જે વ્યવહારનયનું અવલંબન કરે છે એ જીવ સામાન્ય રીતે મિથ્યાદષ્ટિ છે.** વ્યવહારના પક્ષવાળો તો મિથ્યાદષ્ટિ છે જ, પણ **જે *નિશ્ચયનયનું અવલંબન કરે છે*-** એટલે નિશ્ચયનયના વિકલ્પનું અવલંબન કરે છે એ શુદ્ધ આત્માનું અવલંબન નથી કરતો હજુ. **નિશ્ચયનયનું અવલંબન કરે છે** એટલે કે નિશ્ચયનયના વિકલ્પનું અવલંબન કરે છે એટલે કે વિકલ્પને હજુ છોડતો નથી. એ નય વિકલ્પાત્મક છે હજુ. નિશ્ચયનય પણ વિકલ્પાત્મકનય છે. વ્યવહારનય પણ વિકલ્પાત્મકનય છે.

**એવી જ રીતે નિશ્ચયનયનું અવલંબન કરે છે તે મિથ્યાદષ્ટિ કેમ હોય ?** વ્યવહારનયના વિકલ્પનું અવલંબન કરે છે એ તો મિથ્યા દષ્ટિ બરોબર છે. એવી જ રીતે નિશ્ચયનયનું અવલંબન કરે છે તે મિથ્યાદષ્ટિ કેમ હોય ? શિષ્યનો પ્રશ્ન છે હું શુદ્ધ છું, એક છું, અભેદ છું, સામાન્ય છું, ટંકોત્કીર્ણ છું એવો વિકલ્પ જે આવે છે, એને તમે મિથ્યાદષ્ટિ કેમ કહો છો ?

હું મનુષ્ય છું, કર્મથી બંધાયેલો છું, પુણ્ય-પાપવાળો છું, પુણ્ય-પાપનો હું કર્તા છું એવા વ્યવહારનયના પક્ષવાળાને તમે મિથ્યાદષ્ટિ કહો એ તો મને મંજુર છે. પણ એ ઉપરાંત તમે આગળ જઈને વાત કરો છો કે નિશ્ચયનયના પક્ષવાળો એટલે કે નિશ્ચયનયનો વિકલ્પ આવે છે 'હું શુદ્ધ છું, એક છું, અભેદ છું, સામાન્ય છું, અકર્તા છું, એવો જે નિશ્ચયનય એનો વિકલ્પ એનું અવલંબન કરાવવા વાળો, આત્માનું અવલંબન તો લેતો નથી હજુ, નિશ્ચયનયના વિષય સુધી પહોંચ્યો નથી, પણ નિશ્ચયનયનો વિકલ્પ ઉત્પન્ન કરે છે, તેનો વિકલ્પ તો સાચો છે ! હું શુદ્ધ છું એ વિકલ્પ તો સાચો છે ? પણ ઈ...વિકલ્પ સાચો છે ને ? એમાં જ્ઞાન સાચું ક્યાં થયું? (શ્રોતા-બરોબર)

ભાઈ ! આ કજિયો કરવાની વાત નથી. કજિયો કરમા. પણ હું તને પૂછું છું કેઃ હું શુદ્ધ છું, અભેદ છું, એક છું. તું શું કરે છે ? તો કહે વિકલ્પ કરું છું ટંકોત્કીર્ણ છું એનું જ્ઞાન કરું છું !! તેં જ્ઞાનથી જ્ઞાન કર્યું છે કે પછી માનસિક જ્ઞાનથી જ જાણે છે ? કેઃ માનસિક જ્ઞાનથી જ જાણું છું ને ઈ.. વિકલ્પ તો મારો સાચો છે ! તો પછી મિથ્યાદષ્ટિ કેવી રીતે ? જેવું સ્વરૂપ છે એવા વિકલ્પ દ્વારા વિચાર કરે છે. જેવું સ્વરૂપ નથી એવો વિકલ્પ કરે એ તો મિથ્યાદષ્ટિ પ્યોર છે એમાં કાંઈ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એની પરીક્ષા કરવાની જરૂર નથી. શુભભાવ કરતાં કરતાં ધર્મ થાય. દેશના લબ્ધિ સાંભળીએ તો સમ્યક્ દર્શન થાય. દિવ્ય ધ્વનિ સાંભળવાથી ધર્મ થાય. શાસ્ત્ર વાંચીએ, અધ્યયન કરીએ તો જ્ઞાન થાય. એ તો તે બધી વ્યવહારનયની વાતો કરી, એને અવલંબનારો તો મિથ્યાદૃષ્ટિ છે જ. અમારે તો એની વાત અહીંયા કરવી જ નથી.

જે વ્યવહારનો પક્ષ છોડીને નિશ્ચયનયના પક્ષમાં આવ્યો છે તેને પણ અનુભવ થતો નથી હજી. નિશ્ચયનયનું અવલંબન કરે છે તેમાં પણ નિશ્ચયનયનો વિકલ્પ ઉત્પન્ન થાય છે. એમાં જ્ઞાનની સિદ્ધિ થતી નથી. એ વિકલ્પમાં તો અજ્ઞાનની સિદ્ધિ થઈ. કારણ કે એ માનસિક જ્ઞાન છે.

**પ્રશ્ન :-** હું શુદ્ધ છું બુદ્ધ છું તો તેનું લક્ષ ત્યાં રહે છે. તો દૃષ્ટિ તેની ત્યાં રહે છે? જ્ઞાન તો એનું કામ કરે છે ને અંદર જવાનું!

**જવાબ :-** જ્ઞાન હજુ અંદર જવાનું કામ કરતું નથી. તેના પક્ષમાં ઊભો છે.

**પ્રશ્ન :-** મારે આમ કરવાનું છે, તે ખ્યાલ છે, તે લક્ષ ન થયું અંદર?

**ઉત્તર :-** એ પણ વિકલ્પ છે. વિકલ્પ છે ત્યાં સુધી અનુભવ થતો નથી. અહીંયા વિકલ્પની વાત છે. નિશ્ચયનય દ્વારા અપૂર્વ નિર્ણય કરેલ છે તેની અત્યારે વાત નથી. 'હું આવો છું' 'હું આવો છું' એમ વિકલ્પ જ કર્યા કરે એ વિકલ્પમાં સાધ્યની સિદ્ધિ થતી નથી. વિકલ્પ છોડે તો અનુભવ થાય. એ નિર્ણયને આગળ કરે તો મિથ્યાદૃષ્ટિ છે. નિર્ણયના વિકલ્પને આગળ કરે એ પણ વ્યવહારનો પક્ષ છે. નિર્ણયવાળો નિર્ણયને આગળ કરતો નથી. મને નિર્ણય થઈ ગયો એવો અહમ્ નિર્ણયમાં આવતો નથી. એ ક્યાંય રોકાતો નથી. એને ક્યાંય સંતોષ થતો નથી. નિર્ણય આવે છે એ વાત સાચી છે. આહા! પણ એને આગળ કરવા જેવો નથી. એને આગળ કરતાં, જ્ઞાયક પાછળ રહી જાય છે. મને હવે નિર્ણય થઈ ગયો છે, નિર્ણય થયો હોય એ નિર્ણયને આગળ ન કરે. પોતે ગુપ્તરીતે જાણે, એને ખ્યાલ આવે કે અલ્પકાળમાં સમ્યક્દર્શન પણ થશે થોડા દિવસોમાં કે થોડા મહિનાઓમાં સમ્યગ્દર્શન થશે એમ જાણી લે છે. યથાર્થ નિર્ણયવાળો હોં! એકલો નિર્ણય (એમ) નહીં. યથાર્થ નિર્ણય અને પાક્કો નિર્ણય એમ પાછો આહાહા! એ નિર્ણયની જાત જુદી છે. એ તો અંશે રાગથી જુદું પડેલું જ્ઞાન છે.

અહીં તો કહે છે, કે ઉપર ઉપરનો નિર્ણય કર્યો છે. વિકલ્પ દ્વારા એ નિશ્ચયનયના વિકલ્પવાળો, એના અવલંબનવાળો પણ મિથ્યાદૃષ્ટિ કેમ છે? એમ પ્રશ્ન આવ્યો!

વ્યવહારનું અવલંબન કરે એ તો મિથ્યાદૃષ્ટિ છે જ પણ નિશ્ચયનયનો વિકલ્પ ઊઠે છે 'હું શુદ્ધ છું' 'અભેદ છું' 'એક છું' એમાં કાંઈ અનુભવ થતો નથી. માટે એ વિકલ્પને આગળ કરે છે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ મિથ્યાદૃષ્ટિ છે. વિકલ્પ એનું કર્તાનું કર્મ થઈ ગયું, જ્ઞાન કર્મ ન થયું. એ રીતે જે નિશ્ચયનયનું આલંબન કરે છે તેને આત્માનું આલંબન નથી, તે મિથ્યાદૃષ્ટિ કેમ હોય ? **અર્થાત્ વ્યવહારનયનું આલંબન કરનારને મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે એ તો બરાબર છે.** એ તો વ્યાજબી છે.

પરંતુ નિશ્ચયનયનું અવલંબન એટલે કે નિશ્ચયનયના વિકલ્પનું અવલંબન, એટલે કે નિશ્ચયનયના વિકલ્પનું અવલંબન એની દૃષ્ટિ વિકલ્પ ઉપર છે એણે નિર્ણય કરી લીધો છે ! એ નિર્ણય એ એક સમયની જ્ઞાનની પર્યાય છે. માનસિક જ્ઞાન છે એને આગળ ન કરાય, એ આવી જાય રસ્તામાં એ વાત જુદી છે. પણ એના ઉપર રાગ કરવા જેવો નથી. **અર્થાત્ વ્યવહારનયનું અવલંબન કરનારને પણ મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે, એ તો બરોબર છે, પરંતુ નિશ્ચયનયનું અવલંબન કરનારને પણ મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે. એ કેવી રીતે છે ?** એ પ્રશ્ન (ચાલે છે) છે. આખો પાંચ લીટીનો પ્રશ્ન છે. હવે એનો ઉત્તર આપે છે પંચાધ્યાયી કર્તા.

**ઉત્તર :- બરોબર છે.** અમે જે મિથ્યાદૃષ્ટિ કહ્યું છે. નિશ્ચયનયના વિકલ્પનું અવલંબન લેવાવાળો જીવ મિથ્યાદૃષ્ટિ છે, જે આપે કહ્યું છે ઈ..**બરાબર છે.** કેમ કે વિકલ્પ તોડીને અનુભવમાં આવતો નથી. હજી એ ત્યાં ને ત્યાં જ ઉભો છે, ઈ.. **બરાબર છે.**

**પરંતુ નિશ્ચયનયથી પણ વિશેષ કાંઈક છે.** આહાહા એ જે ખરેખર તો વચનાતીત અનુભવગમ્ય છે. વાણીમાં ના આવે એવું છે. **નિશ્ચયનયથી પણ વિશેષ કાંઈક છે. એ સૂક્ષ્મ છે.** અતીન્દ્રિય જ્ઞાનથી આત્માનો અનુભવ થાય છે. પણ અતીન્દ્રિયજ્ઞાન કેવું હોય ? એ કહી શકાતું નથી. **તેથી તે ગુરુના જ ઉપદેશને યોગ્ય છે.** એ કોઈ વખતે કોઈ જીવ પાકેલો હોય અને એનો કાળ પાકી ગયો હોય પર્યાયનો, ત્યારે કોઈ જ્ઞાની એને ઈશારો કરે તો ત્યાં ને ત્યાં અનુભવ કરી લ્યે એવો બનાવ બની ગયો છે.

ધર્મદાસ ક્ષુલ્લક થઈ ગયા. એ પોતાના આત્માના અનુભવ માટે, મોક્ષમાર્ગ ગ્રહણ કરવા માટે એમણે ખૂબ ક્રિયાકાંડ કર્યા. પછી જે કોઈ કહે તે કરવા માંડે. કોઈ કહે ગિરનારની ત્રણવખત જાત્રા કરો તો સમ્યક્દર્શન-અનુભવ થાય. કોઈ કહે સમ્મેદશિખર સો વખત જાવ તો તમને ધર્મ થાય. સો વખત ચઢે ને ઊતરે એમ જે કોઈ મળે વિદ્વાનો-પંડિતો, એ જે પ્રમાણે કહે એ પ્રમાણે કરતા રહે. કરતા-કરતા થાકયા ત્યારે એમાં અનુભવ થયો નહીં, દર્શન ન થયા. મારે તો આત્માના ભગવાનના દર્શન કરવા છે. ભગવાનના દર્શન કરવા છે. એમ કહે. તમે અહીંઆ જશો તો ભગવાનના દર્શન થશે. કોઈ કહે ત્રીસ ત્રીસ ઉપવાસ કરો તો ભગવાનનાં દર્શન થશે. ત્રીસ ઉપવાસ કર્યા...સમજી ગયા. કોઈ કહે ઊભા-ઊભા આહાર કરો તો દર્શન થશે. ઊભા-



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઊભા નમોકારમંત્રની આટલી માળા કરો તો દર્શન થશે ! એમ તેમણે ઘણું-ઘણું કર્યું; સમજી ગયા.

એમ કરતાં કરતાં નાગપુર પાસે ગયા. ત્યાં તેમને કોઈએ કહ્યું કે નાગપુર પાસે કારંજા ગામ છે ત્યાં દેવેન્દ્રકીર્તિ નામના ભટ્ટારક છે-તેઓ સમયસારના પાઠી છે ત્યાં જાઓ. ભગવાનનાં દર્શન કેમ થાય એ તમને બતાવશે. એ તો કારંજા ગયા.

કારંજા જઈને વિનયપૂર્વક નમસ્કાર કરીને પોતે બેઠા. કહે-બાપજી ! મારે ભગવાનનાં દર્શન કરવાં છે. પોતે જે-જે કર્યું હતું તે બધું કહ્યું. આટલા વ્રત કર્યાં, જાત્રા કરી, આમ કર્યું, આમ કર્યું, એમણે જે જે કર્યું હતું તે કથા એમણે સંભળાવી દીધી. આટલું કરવા છતાં પણ મને ભગવાનમાં દર્શન થયા નથી. આહાહા ! આ ભાઈ ! બરોબર ભગવાનનાં દર્શન કેમ થાય એ ટાઈમે આવ્યા બરાબર. ભગવાન એટલે આ ભગવાનના દર્શન હોં ! એણે કહ્યું ! બાપજી ! મારે ભગવાનના દર્શન કરવા છે. બીજું કાંઈ મારે જોઈતું નથી. બીજી કોઈ આશા તૃષ્ણા મને છે નહીં. કાંઈ ઇચ્છા નથી. એક ઇચ્છા હોય તો આટલી ઇચ્છા કે મારે ભગવાનના દર્શન કરવા છે.

ત્યારે ભટ્ટારકે કહ્યું ''ક્યા અંધા હૈ ! દેખનેવાલે કો દેખતા નહીં હૈ ? બસ આટલું કહીને મૌન રહી ગયા. અને આ વિચારમાં ચઢી ગયા. એણે આંગળી ફેરવી કે હું આંધળો છું નહીં, હું તો દેખતો છું, મને તો બધું દેખાય છે. મર્મ સમજ્યો નહીં. મહનીય ગુરુના ઉપદેશથી-ઈશારાથી કોઈ પામે છે તેની આ વાત છે. ત્યારે થોડી વાર તો વિચારમાં પડી ગયા. બે-ચાર મિનિટ વિચાર કર્યો કે આ વાકય કાંઈક માર્મિક લાગે છે. મને એનો મર્મ કાંઈ સમજાતો નથી. લાવ બીજી વાર પૂછું કે : બાપજી ! આપે કહ્યું એનો મર્મ હું સમજી શકયો નથી. કૃપા કરીને મને ફરીને વાત કરો. બીજી વખત એણે શું કહ્યું ? ''ક્યા અંધા હૈ દેખનેવાલે કો દેખતા નહીં હૈ !'' આહાહા ! દેખનાર તો હું પોતે જ છું. હું ક્યાં રખડ્યો ? ભગવાન તો અહીંઆ જ બિરાજમાન છે, અને દેખ્યો નહીં.

ઈન્દ્રિયજ્ઞાન વડે બહારના પદાર્થો ને દેખતાં-દેખતાં શાસ્ત્ર વાંચતાં-વાંચતાં, કાને સાંભળતાં-સાંભળતાં ઘણો કાળ ગયો. ''દેખનેવાલે કો દેખતા નહીં હૈ, અંધા હૈ ?'' બસ. ઈશારો કર્યો મહનીય ગુરુએ ઈશારો કર્યો અને પોતે સમજી ગયા. <u>અરે ! હું જ દેખનાર છું અને દેખનારો બીજાને ક્યાં દેખવા ગયો ? 'દેખનારને દેખ' એમ કહે છે. 'જાણનારને જાણ' એમ ઈશારો કર્યો. સમજી ગયા. ત્યાં ને ત્યાં પાકી ગયો હતો જીવ. પર્યાયનો કાળ પાકી ગયો હતો. ત્યાં ને ત્યાં ઉપયોગ અંદરમાં ગયો. અને અનુભવ થઈ ગયો.</u> જેમ લાકડી પડે એમ લાંબો પડી ગયો. વંદન કર્યું. આહાહા ! સમજ ગયા ગુરુ. કયા ભગવાન કા દર્શન હો ગયા ને ! જી !



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બાપજી ! આપકી કૃપાસે હો ગયા. મારા ઉપાદાનથી એમ ન કહે લાયક જીવ. એમ કહે ? ના. કેઃ નિમિત્ત અકિંચિત્કર છે, નિમિત્તથી કંઈ થતું નથી એમ કાંઈ કહે ! કહે જ નહીં. એમ કહે એ લાયક શિષ્ય જ નથી.

આહા ! એટલે કે આ જે નિશ્ચયનયના વિકલ્પના અવલંબનવાળો, પણ અનુભવ કરતો નથી ને મિથ્યાદષ્ટિ રહી ગયો, એવો એક પ્રશ્ન શિષ્યનો હતો તેના ઉત્તરમાં આ ગાથા કહે છે.

મેં કહ્યું છે એ **બરાબર છે. પરંતુ નિશ્ચયનયથી પણ વિશેષ કાંઈક છે.** નિશ્ચયનયના વિકલ્પથી પણ કાંઈક વિશેષ અંદર સૂક્ષ્મ રહેલું છે. **એ સૂક્ષ્મ છે.** નિશ્ચયનયનો વિકલ્પ એ તો સ્થૂળ છે, એ તો સ્થૂળ છે. એક બહેને ટ્રેનમાં પ્રશ્ન પૂછ્યો'તો કે જ્યારે સૂક્ષ્મ વિકલ્પ થાય છે ત્યારે શું થાય છે ?

કે જ્યારે સૂક્ષ્મ વિકલ્પ થાય છે ત્યારે શું હોય છે ? સૂક્ષ્મ ! સૂક્ષ્મ વિચાર આવે છે, વિચાર ઉપયોગ સૂક્ષ્મ થાય છે,

ઉપયોગ જ્યારે સૂક્ષ્મ થાય છે ત્યારે શું થાય છે ? એકલો આત્મા જ જણાય છે; બીજું કાંઈ જણાતું જ નથી. આત્મા આત્મા ને આત્મા. જ્ઞાયક-જ્ઞાયક ને જ્ઞાયક, 'જાણનાર જણાય છે,' બીજું કાંઈ જણાતું નથી. એ ઉપયોગ સૂક્ષ્મ થાય ત્યારે તો એનો વિષય બદલી જાય છે. એનો વિષય આત્મા થઈ જાય છે. અને એમાં એને અનુભવ થઈ જાય છે.એમ આ શિષ્યનો પ્રશ્ન છે. એનો ઉત્તર આપે છે. એ વાત સૂક્ષ્મ છે. તેથી તે ગુરુના ઉપદેશને જ યોગ્ય છે. અનુભવી ઈશારો કરે તો તારું કામ થઈ જશે.

મહાન ગુરુ સિવાય એટલે અનુભવી, જેને આત્મા નો અનુભવ હોય એને ગુરુ કહેવામાં આવે છે. **મહાન ગુરુ સિવાય તેનું સ્વરૂપ કોઈ બતાવી શકતું નથી.** આ બધું પંચાધ્યાયમાં લખેલું છે તેનો આમાં ઉતારો કર્યો છે. **તે વિશેષ સ્વાનુભૂતિનો મહિમા છે. કે જે નિશ્ચયનયથી પણ બહુ સૂક્ષ્મ અને ભિન્ન છે.**

उभयं णयं विभणिमं जाणइ णवरं तु समयपडिबद्धो ।
णदु णयपकखं गिण्हदि किंचिव णयपक्ख परिहीणो ॥

જે નિર્ણય થયો ને એનાથી પણ સૂક્ષ્મ અને ભિન્ન છે. જે જ્ઞાનના અંશમાં નિર્ણય થાય છે એનાથી પણ અનુભવ સૂક્ષ્મ અને ભિન્ન છે. અને નિર્ણયનો ભાવ છે, એ આત્માથી ભિન્ન છે. બધું કહી દીધું આમાં.

**નિશ્ચયનયનું અવલંબન કરનારને પણ મિથ્યાદષ્ટિ કહેવામાં આવ્યો છે. એ વિષયમાં**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ઉપરોક્ત ગાથાનું પ્રમાણ છે.** સમયસાર ગાથા ૧૪૩ એનો આધાર પંચાધ્યાયીકર્તા પોતે આપે છે.

**એનો અર્થ એ છે કે જે બે પ્રકારના નય કહેવામાં આવ્યા છે...**નિશ્ચયનય અને વ્યવહારનય **તેને સમ્યક્દષ્ટિ જાણે તો છે. પરંતુ કોઈ પણ નયના પક્ષને ગ્રહણ કરતો નથી. તે નયપક્ષથી રહિત છે. આ ગાથા સૂત્રથી આ વાત સિદ્ધ થઈ કે સમ્યક્દષ્ટિ નિશ્ચયનયનું પણ અવલંબન નથી કરતો.** વિકલ્પનું અવલંબન કરતો નથી. વિકલ્પનું અવલંબન ન હોય.

શુદ્ધાત્માનું અવલંબન હોય, અનુભવ થાય ત્યારે એને અતીન્દ્રિયજ્ઞાન થાય. નયજ્ઞાનનો અભાવ થઈ જાય ઈ વખતે. કોઈ પણ વિકલ્પ હોતો નથી. કોઈ પણ વિકલ્પ... મને આત્માનો અનુભવ થયો, અનુભૂતિ તે આત્મા એવો કોઈ પણ વિકલ્પ દ્વૈત ભાસતું નથી. અદ્વૈત ભાસે છે ઈ.. વખતે. એકલો અનાકુળ આનંદમાં લીન છે ઈ..તો આ આત્માને આ આત્માનો મેં આશ્રય કર્યો એવો કોઈ વિકલ્પ રહેતો નથી. લીન થઈ ને સ્વાદ ચાખે છે. તેને અનુભવ અથવા સમ્યક્દર્શન કહેવામાં આવે છે. આશ્રય ભેદરૂપ રહેતો નથી. એનું નામ અનુભવ છે.

***પરને જાણવાના સ્વભાવનો જ અભાવ છે. આ મૂળ પાયાની વાત છે. કઈ નયથી નથી જાણતોને કઈ નયથી જાણે છે ? એ વાત આમાં લીધી નથી. આમાં તો મૂળ એના સ્વભાવની વાત કરે છે. સ્વભાવની વાત હોય ત્યારે એમાં નયનો પ્રયોગ કરવામાં આવતો નથી. નયના પ્રયોગમાં, જીવ પ્રમાણજ્ઞાનના વિષયમાં ચાલ્યો જાય છે. નિશ્ચયનયથી છૂટી જાય છે. અથવા એનો સ્વભાવ છૂટી જાય, લક્ષમાં આવતો નથી.***

***(જ્ઞાનથી જ્ઞાનનું ભેદજ્ઞાન પેજ નં. ૨૬૩)***



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ચર્ચા નં-૩ જામનગર** **તા. ૧૬-૯-૯૧**

## શ્રી દ્રવ્યસ્વભાવાય નમઃ

ત્રણેકાળ પ્રમાણનાં બે પડખાં હોય છે, બે પડખાં હોવાથી બે પડખાંને યુગપદ્ જાણે એને પ્રમાણજ્ઞાન કહેવાય છે. પ્રમાણપૂર્વક નય હોય. એક નય એક પડખાને જાણે, નિશ્ચય નય દ્રવ્ય સ્વભાવને જાણે, ત્રિકાળી નિષ્ક્રિય આત્માને જાણે તેને નિશ્ચયનય કહેવાય, ને પર્યાયને જાણે તેને વ્યવહારનય કહેવાય. એમ નિશ્ચયનય અને વ્યવહારનય દ્વારા વસ્તુને સમજાવવાનું સાધન છે. અનુભવવા માટે નય સાધન નથી. પણ અનુભવ પહેલાં આત્માને ગમે તે રીતે વિપરીત કલ્પના કરતો હોય તો વિપરીત કલ્પનાનો પરિહાર કરવા માટે, પ્રાથમિક શિષ્યને નય દ્વારા જેવું સ્વરૂપ છે એવું એના માનસિક જ્ઞાનમાં ઉતાર્યું. આવો પણ એક પ્રકાર છે.

પ્રથમ એને સાધન પણ કહેવાય, અનુભવ પહેલાં બે નયોને સાધન પણ કહેવાય. વ્યવહારનયે એને સાધન કહેવાય. કેમ કે આડી અવળી ગમે તે ગરબડ કરતો હોય તો એની એ પ્રકારની ગરબડ નીકળી જાય, અને જેવું વસ્તુનું સ્વરૂપ છે, દ્રવ્યનું ને પર્યાયનું એ દ્રવ્યપર્યાય સ્વરૂપ આખી વસ્તુ એને સમજમાં આવી જાય. એને સમજાવવા માટે નયનો પ્રયોગ કર્યો છે.

નય એટલે સવિકલ્પજ્ઞાન એની પર્યાય; એક અંશ. નિશ્ચયનય દ્રવ્યસ્વભાવને જેમ છે તેમ પ્રગટ કરે અને વ્યવહારનય પર્યાયનો જેવો સ્વભાવ છે તે પ્રકારે જણાવે છે એવી બે નયો દ્વારા એક વસ્તુને ક્રમે-ક્રમે સંતો સમજાવે, અને શ્રોતા પણ ક્રમે-ક્રમે સમજે. નય અક્રમે ન જણાય, કારણ કે એક-એક નય એક-એક ધર્મને જાણે, તો બીજા ધર્મને એ વખતે ન જાણે. એક નય મુખ્ય થાય તો બીજી નય ગૌણ થઈ જાય. બીજી નયના ધર્મનો અભાવ નથી કરતો પણ ગૌણ કરે છે. જ્યારે દ્રવ્યની વાત કરે ત્યારે પર્યાય ગૌણ થઈ જાય. અને પર્યાયને સમજાવે ત્યારે દ્રવ્ય એ વખતે સમજવા માટે ગૌણ થઈ જાય. એમ ક્રમે ક્રમે મુખ્ય ગૌણ કરીને નયો દ્વારા વસ્તુને સમજાવે છે.

હવે નયો દ્વારા સમજતાં સમજતાં ઘણો કાળ વીતી ગયો. ત્યારે એને એક વિચાર ઊગે છે. જેમ આગમમાં કહ્યું છે એ રીતે 'નિશ્ચયનયે હું અકર્તા છું,' અને 'વ્યવહારનયે હું કર્તા છું,' એમ અનેક રીતે નિશ્ચય અને વ્યવહાર લગાવી લગાવીને વસ્તુના સ્વરૂપને સમજવા લાગ્યો. પણ એમાં અનુભવ થયો નહીં. ત્યારે શ્રી ગુરુને પૂછે છે, પ્રભુ ! હું આ નિશ્ચયનય અને વ્યવહારનયમાં આવી ગયો. મારી પરીક્ષા લેવી હોય તો ખુશીથી લો. એમાં હું પાસ જ થઈશ. તેમ છતાં અનુભવ થતો નથી તો કાંઈક મર્મ આપે આપની રાખ્યો છે ? કે બધું કહી દીધું અમને ? કે : થોડું અમારી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાસે રાખ્યું'તું. એ શું કામ રાખ્યું હતું ? કે જે રીતે નયથી વસ્તુનું સ્વરૂપ છે એ નયથી તને ખ્યાલમાં આવ્યું છે કે ગરબડ છે એમાં ? તે જાણવા માટે. હવે ગુરુને ખ્યાલ આવ્યો કે આ શિષ્ય તો જેવી રીતે આગમમાં , દ્રવ્યાનુયોગમાં, સમયસાર આદિમા શાસ્ત્રોમાં જે નયથી વાત કરે છે એ રીતે સમજી ચૂક્યો છે.

હવે શ્રીગુરુ શિષ્યને કહે છે કે હવે નયને છોડી દે, ત્યારે શિષ્ય પાછો ભડકે છે, કે : નયને છોડી દે એનો અર્થ જ્ઞાનને છોડી દેવા જેવું છે એમ ! કે સાહેબ નયને છોડું તો-તો જ્ઞાન છૂટી જાય. કેમ કે શિષ્ય નયજ્ઞાનને જ્ઞાન માની બેઠો છે. તો ગુરુ કહે - નયજ્ઞાન તે જ્ઞાન નથી. અત્યાર સુધી તે નયથી નિર્ણય કર્યો હતો પણ નયથી નિર્ણય થાય, પણ અનુભવ થાય નહીં. માટે નયોના વિકલ્પને છોડી દે.

નયોના વિકલ્પ કઈ રીતે છૂટે ?

ત્યારે શ્રીગુરુ એને સમજાવે છે કે : દ્રવ્યને એના સ્વભાવથી જો. હવે નિશ્ચયનયથી દ્રવ્ય આવું છે એવા નયના વિકલ્પ છોડી દે. દ્રવ્યને સ્વભાવથી જો અને પર્યાયને પણ એના પર્યાય સ્વભાવથી જો. બન્નેને સ્વભાવથી જોઈશ તો વિકલ્પ છૂટી જશે અને તને અનુભવ થઈ જશે. એટલે નિશ્ચયનય અને વ્યવહારનય દ્વારા જે સર્વજ્ઞ ભગવાને કહ્યું, સંતોએ કહ્યું, એવી રીતે જાણ્યા પછી હવે આ નયાતિક્રાંત થવાનો આ પ્રયોગ આમાં છે. નયથી જે ગરબડ કરતું હોય તેને આ વસ્તુ ખ્યાલમાં આવશે નહીં.

**''દ્રવ્યસ્વભાવ-પર્યાયસ્વભાવ''**

**એક દ્રવ્ય સ્વભાવ અને એક પર્યાય સ્વભાવ,** એક દ્રવ્યનો સ્વભાવ અને પર્યાયનો સ્વ..ભાવ, પોતાનો ભાવ. **બન્ને સ્વભાવથી જ જેવા છે તેવા છે.** દ્રવ્ય સ્વભાવ પણ જેવો છે તેવો છે. અને પર્યાયસ્વભાવ પણ જેવો છે તેવો છે. **દ્રવ્ય સ્વભાવ તેના પોતાના સ્વભાવથી જ અનાદિ અનંત જેવો છે તેવો છે.** અફર છે, ફરે નહીં, કોઈ કાળે પણ ફરે નહીં; નિગોદમાં હોય, દ્રવ્ય સ્વભાવ તો પણ તેવો ને તેવો, અને સિદ્ધ દશામાં હોય તો પણ દ્રવ્ય સ્વભાવ તેવો ને તેવો અનાદિ અનંત રહે છે.

**જ્ઞાનની પર્યાયનો સ્વભાવ અનાદિ અનંત જેવો છે તેવો છે.** જ્ઞાનની પર્યાયનો સ્વભાવ પણ ફરતો નથી કે : જ્ઞાનની પર્યાયનો સ્વભાવ તો ફરે છે ને ! ઘડીકમાં મતિ, ઘડીકમાં શ્રુત, ઘડીકમાં અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન, કેવળજ્ઞાન, કુમતિ, કુશ્રુત, કુઅવધિ વગેરે દ્રવ્યસંગ્રહમાં આઠ પર્યાય કહી છે. તો પર્યાયનો સ્વભાવ અનાદિ અનંત જેવો છે તેવો લાગુ પડતો નથી ? 'ના'



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયનો સ્વભાવ અનાદિ અનંત જેવો છે તેવો જ છે. એ ઉપયોગ લક્ષણ જેવું છે તેવું જ છે. તું પર્યાયને વિભાવથી જોવા માંડ્યો. હું કહું છું કે જ્ઞાનની પર્યાયને સ્વભાવથી જો. શું કહ્યું ? કે જ્ઞાનની પર્યાયને એના ત્રિકાળી સ્વભાવથી જો. એ ત્રણેકાળ જ્ઞાનની પર્યાયનો સ્વભાવ પોતાના ત્રિકાળી સામાન્ય સ્વભાવને જાણવાનો-અનુભવવાનો છે.

બાળ-ગોપાળ સૌને સદાકાળ જ્ઞાનમાં અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવે છે. એ જ્ઞાનની પર્યાયનો સ્વભાવ ફરતો નથી. નિગોદમાં હોય કે સાધક અવસ્થામાં હોય, કે પરમાત્માની અવસ્થામાં હોય, જ્ઞાનની પર્યાયનો સ્વભાવ ફરતો જ નથી. એમ જ્ઞાનની પર્યાયને સ્વભાવથી જો. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન, કેવળજ્ઞાનથી ન જો પણ એ બધા ભાવો છે એ પર્યાયના  વિભાવભાવો છે. વિશેષભાવો છે. અને ઉપયોગ લક્ષણ છે એ સામાન્ય ભાવ છે. એ પર્યાયનો સામાન્ય સ્વભાવ છે.

એ પર્યાય સ્વભાવ પણ અનાદિ અનંત આત્માને જાણે જાણેને જાણે જ. એક સમય એવો ન હોય કે જે તેના ઉપયોગમાં, એના જ્ઞાનમાં, પર્યાય સ્વભાવમાં, આત્મા જણાય નહીં એવો એક સમય પણ ગયો નથી. વર્તમાનમાં છે નહીં, અને ભવિષ્યકાળમાં એક સમય એવો નહીં આવે કે જ્ઞાનની પર્યાયમાં આત્મા ન જણાય. સામાન્યના વિશેષોને ગૌણ કરી નાખ. જ્ઞાનની પર્યાય સામાન્ય છે, એના વિશેષો આઠ છે. અભ્યાસી તો બધા છે જ ને ? એને ખ્યાલ તો આવે ને ? બધા અભ્યાસી છે.

આહાહા ! અનાદિથી અનંત કાળ સુધી આ આત્મા જ્ઞાનરૂપે પરિણમે છે. અને એ જ્ઞાનમાં આત્મા જણાયા જ કરે છે. એને એ માનતો નથી એ તો એનું અજ્ઞાન છે. એ તો સંસાર છે. જ્ઞાન લક્ષણ પ્રગટ છે. શ્રદ્ધા પ્રગટ નથી,  ચારિત્ર પ્રગટ નથી, સુખ પ્રગટ નથી અને આ જે જ્ઞાનની પર્યાય છે તે ક્ષયોપશમભાવે પણ નથી.  એ પર્યાય તો પારિણામિક ભાવે રહેલી છે. એ પર્યાયને કર્મનો ઉદય, ઉપશમ, ક્ષયોપશમ કાંઈ લાગુ પડતું નથી. સમજાણું કાંઈ ? મતિજ્ઞાનને મતિજ્ઞાનાવરણી કર્મ લાગે, શ્રુતજ્ઞાનને શ્રુતજ્ઞાનાવરણી કર્મ લાગે, તેમ અવધિજ્ઞાનાવરણી, મનઃ પર્યયજ્ઞાનાવરણી, અને કેવળજ્ઞાનાવરણી નામનું એક કર્મ છે, તેનો અભાવ થાય ત્યારે કેવળજ્ઞાન થાય.

તેમ આ ઉપયોગને કર્મના કોઈ ઉદય, ઉપશમ કે ક્ષયોપશમની અપેક્ષા નથી. અહાહા ! કર્મનો સંબંધ થાય અને કર્મનો સંબંધ છૂટે, એને અમે સ્વભાવજ્ઞાન કહેતા નથી. (શ્રોતા-તો આ કારણ શુદ્ધ પર્યાય છે ?) નહીં.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ઉત્તર :-** કારણશુદ્ધપર્યાય નથી. કારણશુદ્ધપર્યાય તો ધ્રુવ છે. આ તો ઉત્પાદવ્યયરૂપ છે. આમાં તો જાણવાની ક્રિયા થાય છે. આત્માને નિરંતર જાણે છે તેવી ક્રિયા થઈ રહી છે બધામાં. કારણશુદ્ધપર્યાય છે એ તો દૃષ્ટિના વિષયમાં જાય છે. ગુણ છે. તેમાં ઉત્પાદ-વ્યય નથી. આતો ''ઉત્પાદ-વ્યય ઉપયોગો લક્ષણમ્'' તત્ત્વાર્થસૂત્રમાં પાંચભાવ કહ્યા ને ? એના પછી ''ઉપયોગ લક્ષણમ્'' કહ્યું કે પાંચ ભાવમાં ઉપયોગ તો આવી ગયો છે ને ? 'ના' ઉપયોગ આવ્યો નથી તેમાં (પર્યાયનો) વિભાવ આવ્યો છે પણ સ્વભાવ આવ્યો નથી.

(શ્રોતા :- બહુ સરસ) (હાસ્ય) બધા કહે છે બહુ સરસ. બેન પણ કહે છે બહુ સરસ. રમેશ શાસ્ત્રી છે કે આચાર્ય છે ? શાસ્ત્રી. બધાએ તત્ત્વાર્થ સૂત્ર જોએલા છે. તત્ત્વાર્થ સૂત્ર તો દસ દિવસમાં રોજ વંચાય એવી પ્રથા પણ ત્યાં છે. પણ આ સામાન્ય એક એવો સ્વભાવ છે કે જેને કર્મની અપેક્ષા નથી. અરે ! કર્મની અપેક્ષા તો નથી પણ એને ભગવાન આત્માની પણ અપેક્ષા નથી. સમયે સમયે સત્-અહેતુક સ્વયં જાણનક્રિયા પ્રગટ થાય છે. અને એ ક્રિયામાં આત્મા અનન્યપણે જણાય છે, કથંચિત્ અભેદ છે ઈ.. કથંચિત અભેદ છે અને આ જે સાપેક્ષ વિભાવ પર્યાયો તો આત્માથી ભિન્ન છે. તે પરદ્રવ્ય છે. પરભાવ છે. હેય છે, શાસ્ત્રમાં બધું આવે છે.

આ ઉપયોગમાં તો ઉપયોગ છે. શું કહ્યું ? આ 'ઉપયોગમાં ઉપયોગ છે' એ વચન ઋષભદેવ ભગવાનની વાણીમાં આવ્યું. 'ઉપયોગમાં ઉપયોગ છે' તે ગિરનાર પર્વત પર નેમીનાથ ભગવાનની દિવ્ય ધ્વનિમાં આવ્યું'' 'ઉપયોગમાં ઉપયોગ છે' તે ભગવાન મહાવીરની દિવ્ય ધ્વનિમાં આવ્યું કે ઉપયોગમાં ઉપયોગ છે, મતિજ્ઞાનમાં ઉપયોગ છે અને કેવળજ્ઞાનમાં ઉપયોગ છે, એમ ક્યાંય છે નહીં.

વાત જરા સારી, (ઊંચી) સૂક્ષ્મ સમજવા જેવી છે. આ પર્યાયના સ્વભાવની વાત ચાલે છે. મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય અને કેવળજ્ઞાન એ વિભાવ છે (બરાબર) કેવળજ્ઞાન વિભાવ ? કે હા. કર્મના ક્ષયની અપેક્ષા આવે છે.

જ્યારે આને તો (ઉપયોગને) કોઈ કર્મના સદ્ભાવ કે અભાવની અપેક્ષા નથી. જ્ઞાન પર્યાયનો સ્વભાવ જ એવો છે કે તે આત્માને જાણે તેવો જ્ઞાનનો સ્વભાવ જ છે.

વળી **જ્ઞાનની પર્યાયનો સ્વભાવ અનાદિ અનંત જેવો છે તેવો છે.** લ્યો ! એને આદિ-અંત કેમ લાગુ પડે ? એમાં ફેરફાર ન થાય. નિરપેક્ષ વસ્તુ છે એ, સાપેક્ષ નથી. બધી પર્યાયો સાપેક્ષ છે, આઠે પર્યાય. **શાસ્ત્રમાં અનેક પ્રકારનાં કથનો આવશે,** વ્યવહારનાં કથનો આવે.

જેમ કે અશુદ્ધ નિશ્ચયે આત્મા રાગનો કર્તા છે એમ શાસ્ત્રમાં આવે છે. અશુદ્ધ નિશ્ચયનય



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહો કે પર્યાયાર્થિક નય કહો, કે વ્યવહારનય કહો આત્મા અશુદ્ધ નિશ્ચયનયે એટલે વ્યવહારનયે રાગનો કર્તા છે. **એમ આવશે. અને નિશ્ચયનયે વીતરાગભાવનો કર્તા છે. ભાઈ, આ બધા વ્યવહારનાં કથનો છે. એને ઓળંગી જા.** આત્મા રાગને કરતો નથી, અને વીતરાગ ભાવને પણ કરતો નથી. આ દ્રવ્યનો સ્વભાવ ચાલે છે.

ત્રિકાળી જે દ્રવ્ય છે એ અકારક-અવેદક અકર્તા અને અભોક્તા છે. રાગને કરે અને વીતરાગ ભાવને કર, મિથ્યાત્વને કરે અને સમ્યગ્દર્શનને કરે ? તે મિથ્યાત્વને ય કરતો નથી, અને સમ્યક્દર્શનને ય કરતો નથી. નયથી જોઈશ તો કર્તા લાગશે, અને બીજી નયથી જોઈશ તો એનો એ અકર્તા લાગશે. એતો કર્તા એ નથી અને અકર્તાએ નથી. એ તો એના સ્વભાવથી જ અકર્તા છે. નયથી કર્તા-અકર્તા નથી. એના સ્વભાવથી જ અકર્તા છે. સ્વભાવથી જ અકારક, અવેદક છે; અકર્તા અને અભોક્તા છે.

જરાક નિશ્ચયનય અને વ્યવહાર નયનો પક્ષ છૂટે તો ખ્યાલમાં થોડું આવે. પહેલાં થોડો ખ્યાલ આવશે. થોડો એનો પક્ષ છોડવા મંડેને એટલે હમણાં સમજાય એવું છે.

(શ્રોતા-હમણાં આપને કહા કે સમ્યક્દર્શન મેં આત્મા જાનને મેં નહીં આતા હૈ, ઉપયોગ મેં જાનને મેં આતા હૈ.)

**ઉત્તર :-** અનાદિ અનંત ઉપયોગમાં જ જાણવામાં આવે છે . જો કેવળજ્ઞાન થાય ત્યારે આત્મા જાણવામાં આવે તો એમાં દોષ કાંઈ આવે કે નહીં ? શું દોષ આવે ? કે કેવળજ્ઞાન થાય ત્યારે જ જણાય, અને કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ન જણાય તો કેટલો મોટો દોષ આવે ભાઈ !

આ વાત જુદા પ્રકારની છે. કેવળ ધારણાવાળાને ખ્યાલમાં નહીં આવે. ધારી રાખ્યું છે ને, એનાં કરતાં કાંઈ જુદું-ઊંચું-ઊંડું છે. પણ સમજાય એવું છે હોં ! કેવળજ્ઞાન થાય ત્યારે જ આત્મા જણાય ? કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી આત્મા ન જણાય ? અરે ! અતીન્દ્રિય જ્ઞાન થાય ત્યારે આત્મા જણાય એમ પણ નથી. આત્મા જણાયા જ કરે છે. એવો જ્ઞાનની પર્યાયનો અનાદિ અનંત સ્વભાવ છે. અનાદિ અનંતની વાત કરે છે લે ! પર્યાયનો સ્વભાવ જ એવો છે આત્મા ને જ જાણે એનો અર્થ એવો નથી કે અતીન્દ્રિય જ્ઞાનમાં ન જણાય એમ મારું કહેવાનું નથી, કે કેવળજ્ઞાનમાં ન જણાય એમ હું કહેતો નથી, ખ્યાલ રાખજો.

આ તો એક અનાદિ અનંત ઉપયોગ લક્ષણ આત્માનું છે. એમાં આત્મા જણાયા જ કરે છે. બાળગોપાળ સૌને જણાય છે કે નહિ ? કેવળજ્ઞાન ન થાય તો જણાય છે કે નહીં ? અને પ્રત્યક્ષ અનુભવ ન થાય તો જણાય કે ન જણાય ? કે જણાય, જણાય. ને જણાય, આહાહા ! અરે ! મને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મારા જ્ઞાનમાં 'જાણનાર જણાય છે. બીજું કાંઈ જણાતું નથી.' ત્યાંનો અનુભવ થઈને અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થઈને **આનંદ આવશે તને આહાહા !**

આ બધાં વ્યવહારનાં કથનો એને ઓળંગી જા. આત્મા રાગને કરતો નથી અને વીતરાગ ભાવને પણ કરતો નથી. **આત્મા તો સ્વભાવથી જ અનાદિ અનંત અકારક અને અવેદક છે.** અકર્તા અને અભોક્તા છે. એ રાગને કરતોય નથી અને દુઃખને ભોગવતો ય નથી. વીતરાગ ભાવને કરતો નથી અને અતીન્દ્રિય આનંદને પણ ભોગવતો નથી. આનંદને ઉડાડી દીધો ? કે આનંદને નથી ઉડાડયો-આનંદ કેમ પ્રગટ થાય એની વિધિ ચાલે છે.

**આત્મા અકારક અને અવેદક છે.** અકર્તાને અભોક્તા ૩૨૦ ગાથામાં આવી ગયું છે. ૩૨૦ ગાથાના વ્યાખ્યાન પણ છપાઈ ગયા છે. તેર વ્યાખ્યાન તેરા પંથ છેને આપણો ? તેર વ્યાખ્યાન છપાઈ ગયા છે. અધ્યાત્મપ્રવચનરત્નત્રય એ નામનું પુસ્તક એમાં ગુરુદેવનાં તેર વ્યાખ્યાન છપાણાં છે. લાઈફ ટાઈમ વાંચવા જેવું પુસ્તક છે.

અરે ! સ્વભાવને અનુભવવા માટે નયની અપેક્ષા લગાડો નહીં સ્વભાવને અનુભવવા માટે હોં ! પંડિત થવા માટે નય લગાડો પણ જ્ઞાની થવા માટે હવે નયને છોડો. **આત્મા અકારક અને અવેદક છે** એ કઈ નયથી છે ? **અરે, સ્વભાવને અનુભવવા માટે નયની અપેક્ષા લગાડો નહીં.** નિશ્ચયનયથી અકારક અને અવેદક છે એવી અપેક્ષા લગાડો નહીં. એને નિરપેક્ષ સ્વભાવથી જુઓ. એને મૂળ સ્વભાવથી જુઓ. સ્વભાવની સમીપે જઈને જુઓ. આવે છે ને શાસ્ત્રમાં 'સ્વભાવની સમીપે જઈને જુઓ.' (સ. સાર ગાથા ૧૩ ની ટીકામાં )

**અપેક્ષા બંધ કરી દો. વ્યવહારનયે આત્મા પરિણામનો કર્તા છે, નિશ્ચયનયે આત્મા પરિણામનો અકર્તા છે.** આ તો સીધી વાત છે. કે 'ના' એ સીધી વાત નથી. સમજવા માટે સીધી છે, અનુભવવા માટે સીધી નથી.

**અરે ! આત્મા નિશ્ચયનયે અકર્તા છે કે સ્વભાવથી જ અકર્તા છે ?** આમાં આવ્યું'તું ને, **આત્મા અકારક અને અવેદક છે, એટલે એ કઈ નયથી છે ?** એનો છેલ્લો જવાબ આપ્યો કે આત્મા નિશ્ચયનયે અકર્તા છે કે સ્વભાવથી જ અકર્તા છે ? ત્રણેકાળ સ્વભાવથી જ અકર્તા છે.

નિગોદમાં રહેલા જીવો એનો જે આત્મા છે એ અત્યારે રાગના અકર્તાપણે રહેલો છે. અને અત્યારે દુઃખના અભોક્તાપણે રહેલો છે. ત્રિકાળી દ્રવ્ય દુઃખને ભોગવતો નથી. નિગોદમાં (સંયોગમાં) અત્યારે આપણા ભાવિ તીર્થંકર શ્રેણિક રાજા પહેલી નરકના દુઃખને ભોગવતા નથી; અને સુખને ભોગવતા નથી. અરે ! એ (શ્રેણિકરાજા) દુઃખને ભોગવતા નથી અને અમારા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મહાવીર પ્રભુ આનંદને ભોગવતા નથી. આ શું વાત કરો છો ? આ અદ્ધરની વાત ચાલે છે. આમ અદ્ધર આકાશમાં ઊડતા લાગો છો !

આ ત્રિકાળી દ્રવ્ય જે છે એ નિષ્ક્રિય છે. જેમાં બંધ મોક્ષની ક્રિયાનો અભાવ છે. તેથી ત્રિકાળી દ્રવ્યમાં ફળનું ભોક્તાપણું નથી. પર્યાય પર્યાયને કરે છે અને પર્યાય પર્યાયને ભોગવે છે. ત્રિકાળી દ્રવ્ય ભોગવતું નથી. આ દ્રવ્ય સ્વભાવની વાત તો બહુ બહાર આવી ગઈ છે. ચારે બાજુ ગુરુદેવશ્રીના વ્યાખ્યાનો બહુ બહાર આવી ગયા છે. એના અગિયાર ભાગ પણ બહાર પડયા છે.

ન્યાય :- **જો નિશ્ચયનયે આત્મા અકર્તા છે તેમ તમે લક્ષમાં લેશો તો વ્યવહારનયે આત્મા કર્તા છે, એ શલ્ય આવ્યા વિના રહેશે જ નહીં.** નિશ્ચયનયે અકર્તા છે તો પ્રતિપક્ષ વ્યવહારનય પણ છે. તો વ્યવહારનયે કર્તા છે તેમ થઈ જશે, તો આત્માનો મૂળ સ્વભાવ ખ્યાલમાં નહીં આવે.

નયથી અનુમાન થાય છે પણ અનુભવ થતો નથી. આ (સ્વભાવની) વાત નયથી આગળની છે. નયની વાત સાચી છે, પરંતુ કથંચિત્ સાચી છે. પ્રાથમિક ભૂમિકામાં સમજવા માટે એ બરાબર છે. એનું સ્થાન જ્યાં છે ત્યાં રાખીએ છીએ. એને કાંઈ ઉડાડતા નથી. એને ઉડાડે કોણ? આગમમાં વાકયો આવે એ તો બરોબર છે. સંતોએ લખ્યું છે તે બરોબર છે.

નિશ્ચયનયે અકર્તા છે, નિશ્ચયનયે અભોક્તા છે એ નયથી બરાબર છે. એ વાકય કાંઈ ખોટું નથી. પણ નયથી વિચારશો તો વિકલ્પની ઉત્પત્તિ થશે. આત્મા અકર્તા ને અભોક્તા છે એમ સ્વભાવ દૃષ્ટિમાં આવશે નહીં. વિકલ્પ એને કર્મ થશે. નિશ્ચયનયનો જે વિકલ્પ એનો આત્મા કર્તા બનશે અને વિકલ્પ એનું કર્મ બની જશે. તેથી જ્ઞાન પ્રગટ જ નહીં થાય માટે જ્ઞાન એનું કર્મ નહીં થાય.

કર્તાબુદ્ધિ ની ભૂલ મોટી રહી છે. નિગોદમાં પણ આત્મા દુઃખને ભોગવતો નથી. અત્યારે હોં ! અત્યારની વાત છે આ. ભગવાન મહાવીર સુખને ભોગવતા નથી હોં. સુખને ભોગવતા નથી તો શું દુઃખને ભોગવે છે ? અરે ! રહેવા દે ભાઈ, આ તું આડોડાઈની વાત કર મા, બાપુ ! આ તો કોઈ ઊંચા પ્રકારની વાત ચાલે છે. શાંતિથી, કઈ અપેક્ષાએ કથન ચાલે છે તે સમજ.

આ સ્વભાવની અપેક્ષાએ કથન ચાલે છે. અત્યારે અહીંઆ નય વિવિક્ષા ગૌણ છે. અને અનુભવના કાળે એનો અભાવ છે. સમજવાના કાળે જ્યારે દ્રવ્ય સ્વભાવ સમજાવવામાં આવે ત્યારે નયના કથન ગૌણ થઈ જાય છે અને સાક્ષાત્ અનુભવ કરે છે ત્યારે કોઈ નય રહેતી નથી. એ આવશે પછી, ''નયોની લક્ષ્મી ઉદય પામતી નથી'' આવશે બધું આવશે. આમાં બધું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(પુસ્તકમાં) છે.

(શ્રોતા-અજમેરાભાઈ-પરથી સ્વ સુધી આપે અકર્તા સમજાવ્યો છે.) બરાબર છે. (ત્યાર પછી ઘણાં ઊંડા મંથનમાંથી આ વાત આવી છે. નય પછીનું આ સ્ટેપ છે.) એ આવ્યું'તું તો વહેલું પણ ભાઈ ! એવું છે ને કે કાળ પાકે ત્યારે આવે. અને આ (પુસ્તક) પણ બહાર આવવાનું નહોતું. સંધ્યાબેનને મેં કહ્યું હતું કે; ''આ વાત એવી છે -અને આ વાત એટલી પ્રચલિત બહાર આવી નથી. અને આપણે આ વાત બહાર મૂકવી ?'' બહેન કહે કે : હા , આ વાત તો મૂકવા જેવી છે, અને આ શાસ્ત્રમાં છે, આ વાત ૨૦ કળશોમાં લીધી છે, શાસ્ત્રના આધારપૂર્વક આવે છે. 'નયાતિક્રાંત ભાખ્યો તે સમયનો સાર છે.'

શાસ્ત્રમાં છે. નયથી આત્માનો અનુભવ થતો નથી. અનુભવના કાળે નય રહેતી નથી. નયોની લક્ષ્મી ઉદય પામતી નથી. નિશ્ચયનય અને વ્યવહારનય એવા જે બે પ્રકારના નયના વિકલ્પ રહેતા હતા એ ઉદય પામતા નથી. પ્રમાણ અસ્ત થઈ જાય છે, એટલે પ્રમાણનો વિકલ્પ, અને નિક્ષેપોનો સમૂહ ક્યાં ચાલ્યો જાય છે તે અમે જાણતા નથી. આ તો કાંઠે આવ્યો છે અને રહી ન જાય, અને અનુભવ થઈ જાય (તેના માટેની વાત છે.) દૂધ તો કઢેલું છે, ખાલી મેળવણ નાખો તો દહીં જામી જાય પછી એમાં માખણ થાય, છાશ નીકળી જાય અને માખણમાંથી કચરો મેલ નીકળી જાય અને ઘી થઈ જાય. છાશ નીકળી જાય પછી માખણમાંથી મેલ (કીટું) નીકળી જાય, અને એકલું 'ઘી' ચોખ્ખું આહા ! સો ટચનું શુદ્ધ રહે એમાં; તેમ આ એવી વાત છે.

**જો નિશ્ચયનયે આત્મા અકર્તા છે એમ તમે લક્ષમાં લેશો તો આત્મા વ્યવહારનયે કર્તા છે, એ શલ્ય આવ્યા વિના રહેશે જ નહીં.** <u>તેથી નયથી વિચારો જ નહીં હવે.</u> **કારણ કે વસ્તુ નયાતીત છે.** વસ્તુ જે છે દ્રવ્યનો સ્વભાવ એ નયાતીત છે. એમાં નય નથી. એને પ્રસિદ્ધ કરનાર જ્ઞાન એમાં પણ નય નથી. નય તો માનસિક જ્ઞાનનો ધર્મ છે. એ ઈન્દ્રિયજ્ઞાનનો ધર્મ છે. વિકલ્પ વાળી નય છે ત્યાં.

**દ્રવ્ય સ્વભાવ નયથી ખ્યાલમાં નથી આવતો. નયથી અનુભવમાં નથી આવતો. કેમ કે કોઈ નયથી અકર્તા છે એમ નથી. અનાદિ અનંત એના સ્વભાવથી જ અકર્તા છે.** આહાહા! કોઈને નયનું જ્ઞાન ન હોય તો પણ અનુભવ થઈ જાય. નિશ્ચયનયે અકર્તા છે એમ સાંભળ્યું ય ન હોય અને અનુભવ થઈ જાય છે. નિશ્ચયનયે અકર્તા છે એમ સાંભળ્યા પછી અનુભવ અટકે છે. અનુભવ નથી થતો એમ નથી કહ્યું, નય છૂટી જાય તો અનુભવ થઈ જાય.

નય છૂટી જાય અને અનુભવ થઈ જાય. એક એક વાકય રહસ્યમય છે. **આ તો જે**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**બિલકુલ અજાણ શિષ્ય છે, જેને આત્મા ત્રિકાળ અકર્તા હોવા છતાં કર્તાબુદ્ધિ થઈ ગઈ છે એને વ્યવહારનય અને નિશ્ચયનયથી સમજાવે છે. પણ હવે અત્યારે એવો કાળ આવ્યો છે કે આત્મા નિશ્ચયનયે અકર્તા છે એમ છોડી દો.** નયના વિકલ્પ હવે છોડો.

નિશ્ચયનયે અકર્તા; નિશ્ચયનયે અકર્તા; પણ તેથી શું ? નિશ્ચયનયે અકર્તા છું એ વિકલ્પ તારો સાચો છે. વિકલ્પ ખોટો નથી. પણ તેથી શું ? એમાં આત્માનો આનંદ આવતો નથી. માટે નયને છોડી દે અને સ્વભાવને પડખે જા.

મથાળું :- **કેમ કે જો નિશ્ચયનયથી આત્મા અકર્તા છે એમ તમે જો લેશો તો બીજી પ્રતિપક્ષ નય તમારા જ્ઞાનમાં ઉભી થશે** કેમકે નય સાપેક્ષ છે. ''નિરપેક્ષ નયા મિથ્યા નયા'' અને સાપેક્ષ નય સમ્યક્ કહેવાય. પરસ્પર સાપેક્ષ એટલે નિશ્ચયનયે આમ અને વ્યવહારનયે આમ, માટે **પ્રતિપક્ષ નય તમારા જ્ઞાનમાં ઉભી થશે અને મિથ્યાત્વ રહેશે. પણ સ્વભાવથી જુઓ તો કોઈ નયની અપેક્ષા જ નથી.** <u>થોડું સૂક્ષ્મ તો છે.</u>

આશિષે કહ્યું કે; આમાં કાંઈ મગજમાં જ ઊતરતું નથી. નયનું સ્વરૂપ જ ખ્યાલમાં આવતું નથી કે નિશ્ચયનય શું અને વ્યવહારનય શું ? લીધું હતું આ કાલે એના માટે.

જેમ કે હવે દૃષ્ટાંત આપવામાં આવે છે. દૃષ્ટાંતથી વધારે ખ્યાલમાં આવે. **જેમ કે અગ્નિ ઉષ્ણ છે. કઈ નયથી ?** આહા ! કોઈ કહે અગ્નિ ઉષ્ણ છે, શ્રીગુરુએ કહ્યું અગ્નિ ઉષ્ણ છે. તો શિષ્ય કહે-સાહેબ ! કઈ નયથી ઉષ્ણ છે ? શ્રી ગુરુએ ફરી કહ્યું અગ્નિ ઉષ્ણ છે. કે સાહેબ ! કંઈ નયથી ઉષ્ણ છે ?

એવો એક બનાવ બન્યો. થોડા શિષ્યો હતા. ગુરુએ કહ્યું કે લાકડાંને બાળે તેને અગ્નિ કહેવામાં આવે છે. પહેલા દિવસનો પાઠ. પછી બીજે દિવસે બીજો પાઠ આપ્યો. 'અગ્નિ ઉષ્ણ છે' પહેલા દિવસનો પાઠ શિષ્યો પાસેથી લઈ લીધો. પછી ત્રીજા દિવસે 'અગ્નિ તો અગ્નિ જ છે'એમ ત્રણ પાઠ આપ્યા. ચોથા દિવસે પરીક્ષા રાખી. એક શિષ્યને ઉભો કર્યો, બાજુના રૂમમાં સગડી છે લાલઘુમ અંગારા લાલ દેખાય એકદમ, પછી શિષ્ય અંદર ગયો; 'લાકડાંને બાળે તે અગ્નિ' 'લાકડાંને બાળે તે અગ્નિ' 'લાકડાંને બાળે તે અગ્નિ' 'લાકડાંને બાળે તે અગ્નિ' સમજયા. એમ કરતો કરતો ગયો. જ્ઞેયને જાણે તે જ્ઞાન, જ્ઞેયને જાણે તે જ્ઞાન, જ્ઞેયને જાણે તે જ્ઞાન શિષ્યને લાકડું ગરી ગયું છે એવું.

શિષ્ય રૂમમાંથી આવીને કહે; ગુરુજી ત્યાં અગ્નિ નથી. કેમ નથી ? કારણ કહે ? લાકડાંને બાળતી નથી, તેવું આપે જ સમજાવ્યું છે. ગુરુજી કહે- સીટ ડાઉન, બીજા શિષ્યને કહ્યું :



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાવ; બાજુમાં અગ્નિ છે કે નહીં જોઈ આવો. ઓલો પરાશ્રિત વ્યવહાર અને આ ભેદાશ્રિત વ્યવહાર. ભણેલો તો તરતજ સમજી જાય કે સાહેબ ત્યાં અગ્નિ નથી. કેમ નથી ? સાહેબ ઉષ્ણ તે અગ્નિ-ઉષ્ણ તે અગ્નિ. જુઓ ધારણામાં ગોખેલું હતું. ગોખણ પટ્ટી હતી. પછી ત્રીજો ગયો, એણે અગ્નિના અંગારા ઉપર સહેજ આંગળી અડાડી. આખો હાથ મૂક્યો નહીં હોં ! આખો હાથ મૂકવાની જરૂરે ય નથી આમ આંગળીનું ટેરવું મૂક્યું; અને આવ્યો ગુરુજી પાસે, ગુરુજી ! અગ્નિ છે.'' તમે કઈ રીતે જાણ્યું કે ?: અનુભવથી જાણ્યું. લાકડાંને બાળે તે અગ્નિ તે લાકડું નીકળી ગયું અને ઉષ્ણ તે અગ્નિ એ ભેદ પણ ગયો. પરાશ્રિત વ્યવહાર અને ભેદાશ્રિત વ્યવહાર પણ ગયો અને અભેદ વસ્તુ અનુભવમાં આવી ગઈ.

જેવી રીતે અગ્નિ તો અગ્નિ જ છે, અગ્નિ જ છે તેમ કથંચિત્ લાકડાંને બાળે તે અગ્નિ અને કથંચિત્ ઉષ્ણ તે અગ્નિ એ બન્ને વ્યવહારના લાકડાં નીકળી ગયા. તેમ આ એવી જાતનું લાકડું ઘૂસી ગયું છે કે : પરને જાણે છે તેને જ્ઞાયક કહેવામાં આવે છે. લોકાલોકને જાણે તેને જ્ઞાન કહેવામાં આવે છે. દેવ-ગુરુ શાસ્ત્રને જાણે તેને જ્ઞાન કહેવામાં આવે છે. છ દ્રવ્યને જાણે તેને જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા ! આ અસદ્ભૂતવ્યવહારનાં લાકડાં એવા ઘૂસી ગયાં કે ઘડીકમાં નીકળે નહીં. તેમ ''જ્ઞાન તે આત્મા'', ''જ્ઞાન તે આત્મા;'' એ ભેદનું લાકડું ગરી ગયું, પણ જ્ઞાયક તો જ્ઞાયક છે. બંને ભેદના લાકડાં નીકળી જાય અને અનુભવ થઈ જાય એવું આ છે.

આ વ્યવહારનાં લાકડાં અનાદિનાં છે, આજના નથી. લાકડાં બહુ નડે છે, એટલે આ વસ્તુ ઘડીકમાં સમજાય પણ નહીં. **જેમ કે અગ્નિ ઉષ્ણ છે કઈ નયથી ? અરે ! એના સ્વભાવથી જ ઉષ્ણ છે. પાણી શીતળ છે. કઈ નયથી ? અરે ! સ્વભાવથી જ શીતળ છે. જો નિશ્ચયનયે પાણી શીતળ છે એમ લેવા જશો તો વ્યવહારનયે ઉષ્ણ છે એમ આવી જશે.** અરે ! પાણીને પાણીના સ્વભાવથી જો ને ! નયનું શું કામ છે !!

નય સાપેક્ષ છે એટલે પ્રતિપક્ષ અપેક્ષા આવે છે. આમ પાણીને નિશ્ચયથી શીતળ જુઓ તો પ્રતિપક્ષ વ્યવહાર નય તો ઉભી થાય જ. એટલે નય સાપેક્ષ જ હોય અને સ્વભાવ નિરપેક્ષ જ હોય. શું કહ્યું શેઠજી ! નય છે તે સાપેક્ષ છે. પાણી નિશ્ચયનયે શીતળ છે તો વ્યવહારનયે ઉષ્ણ આવી જશે. વળી સાપેક્ષ નયને છોડીને પાણીને એના મૂળ સ્વભાવથી જો તો એ શીતળ અને શીતળ. તેને નયની અપેક્ષા લાગુ પડતી નથી. એમ એ સ્વભાવથી શીતળ છે. જો નિશ્ચયનયે શીતળ કહેવા જશો તો વ્યવહારે ઉષ્ણ છે તેમ આવી જશે.

**નિશ્ચયનય તો માત્ર સ્વભાવનો ઈશારો કરે છે.** જ્યારે વ્યવહારનયમાં તો સ્વભાવનો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઈશારો કરવાની શક્તિ નથી. વ્યવહાર નય તો અસત્યાર્થ-અભૂતાર્થ-જૂઠું કથન કરે છે. **નિશ્ચયનય સ્વભાવનો માત્ર ઈશારો કરે છે. નિશ્ચયનયને વળગશો તો પણ સ્વભાવ દૃષ્ટિમાં નહીં આવે. નિશ્ચયનયથી જુઓ તો આવો તારો સ્વભાવ છે એમ નિશ્ચયનય માત્ર સ્વભાવનો ઈશારો કરે છે. પણ નિશ્ચયનયની પહોંચ સ્વભાવ સુધી નથી કેમ કે વસ્તુ નયાતીત છે.** નયથી અનુભવ થતો નથી. **અકારક-અવેદક વસ્તુનો સ્વભાવ છે.** સ્વભાવ નયથી સિદ્ધ ન થાય, સ્વભાવ સ્વભાવથી જ સિદ્ધ થાય.

**આત્મદ્રવ્ય** અનાદિ અનંત **પર્યાય માત્રથી ભિન્ન છે. માટે તેને કર્તાપણું** લાગુ પડતું જ **નથી.** દ્રવ્ય પર્યાયને કરે ? (ના,) કેમ કે પર્યાય ભિન્ન છે. ભિન્ન ભિન્નને કેમ કરે ? એકમાં બીજાની નાસ્તિ છે. એ પર્યાયને કેમ કરે ? વ્યવહારનયે પર્યાયને કરે.

***"આ સ્વભાવ છે, આ સ્વભાવ છે;" એમ જો સ્વભાવની રુચિ વલણ કરે તો વર્તમાન ઉપરનું જોર તરત જ છૂટી જાય છે. પણ ત્રિકાળી સ્વભાવને 'આ છે' એમ રુચિમાં લેવાને બદલે વર્તમાન શુભ રાગમાં 'આ રાગ છે' એમ વર્તમાન ઉપર વલણ રહે છે. તેથી એકલા ત્રિકાળી જ્ઞાયક સ્વભાવમાં વીર્યનું વલણ અંતર પરિણમતું નથી, એટલે નિશ્ચયનો આશ્રય થતો નથી, અને વ્યવહારનો પક્ષ છૂટતો નથી. વ્યવહારનો પક્ષ તે વ્યવહાર છે.***

*(પૂ. ગુરુદેવશ્રી વસ્તુ વિજ્ઞાનસારમાંથી)*

***આત્માનો આશ્ચર્યકારી ચૈતન્યમૂર્તિ! પહેલાં ચારે બાજુથી તેને ઓળખી, પછી નય-પ્રમાણ વગેરેના પક્ષ છોડી અંદરમાં ઠરી જવું, તો અંદરથી જ મુક્ત સ્વરૂપ પ્રગટ થશે. અંદર સ્વરૂપમાં ઠરી ગયેલા જ્ઞાનીઓ જ સાક્ષાત અતીન્દ્રિય આનંદામૃતને અનુભવે છે.*** *'त एव साक्षात् अमृतं पिबन्ति.'*

*(બેહનશ્રીના વચનામૃત બોલ નં. ૨૩૦)*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ચર્ચા નં-૪ જામનગર** **તા. ૧૭-૯-૯૧**

## નિરપેક્ષ સ્વભાવ દર્શાવનાર શ્રી ગુરુદેવાય નમઃ

દ્રવ્યલિંગી મુનિ થયો. ત્યારે તે પર્યાયનો સ્વભાવ શું ? અને દ્રવ્યનો સ્વભાવ શું ? એને અપેક્ષા દ્વારા વિચાર્યું અને તે નય છે. નય છે તે મનનો ધર્મ છે પરંતુ જ્ઞાનનો ધર્મ નથી. અતીન્દ્રિય જ્ઞાન જે છે તેમાં નયોના વિકલ્પ ન હોય. પણ નયોના વિકલ્પ ઊઠે છે એ મનના સંગે ઉઠે છે. નયજ્ઞાન છે તે પોતે જ ખંડજ્ઞાન છે, વિકલ્પ છે, બંધનું કારણ છે. વ્યવહારનયનો વિકલ્પ પણ બંધનું કારણ છે. નિશ્ચયનયનો વિકલ્પ તે પણ બંધનું કારણ છે. પછી વિકલ્પમાં બે ભેદ પાડો નહીં. આ અશુભ વિકલ્પ છે કે આ શુભ વિકલ્પ છે, વિકલ્પ માત્ર બંધનું કારણ છે.

જેમ કે શુભાશુભ ભાવો બંધનું કારણ છે; એમ નયોના વિકલ્પો પણ વ્યવહારનયે આવો છે અને નિશ્ચયનયે જીવ આવો છે એવા જે વિકલ્પ ઊઠે છે તે તો બંધનું કારણ છે. બંધનું કારણ હોવા છતાં પણ, આત્માના દ્રવ્ય અને પર્યાયનો નિર્ણય કરવાને પ્રાથમિક ભૂમિકામાં એને વ્યવહારનયે સાધન પણ કહેવામાં આવે છે. જેથી આડો અવળો નિર્ણય ન કરે. દ્રવ્યનો-પર્યાયનો જેવો વસ્તુનો સ્વભાવ છે, તે રીતે નિર્ણય કરવામાં; એનો કાળ હોય ત્યારે એને વિકલ્પ તથા પ્રકારનો ઊઠે છે.

હવે નયોના વિકલ્પ દ્વારા એ અગૃહીત મિથ્યાત્વનો ત્યાગ કરે છે. કેમ કે અન્યમતમાં કોઈ જ નય વિવિક્ષા નથી. જૈનધર્મમાં જ નયવિવિક્ષા છે. એટલે ગૃહીત મિથ્યાત્વ ગયું અને અગૃહીત મિથ્યાત્વ રહ્યું. અને અગૃહીત મિથ્યાત્વમાં પણ તે સ્વભાવનો વિચાર કરે છે. નય દ્વારા એ જ્યારે સ્વભાવનો નિર્ણય કરે છે ત્યરે અગૃહીત મિથ્યાત્વ પણ ગળવા લાગે છે. ટળતું નથી પણ ગળે છે. કેમ કે હું કર્મના સંબંધવાળો-બંધવાળો છું, કર્મને કરું છું ને ભોગવું છું . એવો જે વ્યવહાર નયનો પક્ષ તેમાં તો મિથ્યાત્વ દઢ થતું હતું.

આહા ! હવે એ વ્યવહારનયને ગૌણ કરીને નિશ્ચયના વિકલ્પમાં આવે છે કે મારો આત્મા તો ત્રિકાળ અબંધ છે. પૂર્વે કર્મનો સંબંધ મને થયો નથી. અને કર્મના બંધમાં પણ મારો આત્મા પૂર્વે નિમિત્ત કારણે થયો નથી, કર્મના બંધમાં નિમિત્ત થાય એવો મારો સ્વભાવ નથી. એવી રીતે નિશ્ચયનયના વિકલ્પ દ્વારા અબદ્ધ સ્વભાવને નિર્ણયમાં લ્યે છે.

હું તો ત્રિકાળ મુક્ત છું, હું ત્રિકાળ અકારક અને અવેદક છું, એમ જે પોતાના આત્માને, જેવો છે તેવા આત્માને વિકલ્પ દ્વારા મનના તરંગ દ્વારા, રાગના સંબંધવાળા જ્ઞાન દ્વારા, જે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનનું લક્ષ હજુ રાગ ઉપર છે તેવા જ્ઞાન દ્વારા એ વિચાર કરે છે વસ્તુ-સ્વભાવનો, તો એને મિથ્યાત્વ ગળે છે. પણ એને મિથ્યાત્વ ટળીને સમ્યક્ દર્શન થતું નથી.

અહીંઆ સુધી આવ્યા પછી એને નયોના વિકલ્પ કેમ છૂટે, અને સાક્ષાત્ અનુભવ કેમ થાય ? એ હેતુથી આ ચર્ચા આવી છે. એમાં દ્રવ્યસ્વભાવની વાત આવે છે, અને પર્યાય સ્વભાવની વાત આવે છે.

## જ્ઞાનની પર્યાયનો સ્વભાવ.

**આત્મા જ્ઞાતા છે. કઈ નયથી જ્ઞાતા છે ?** એવો એક પ્રશ્ન ઊઠે, જ્ઞાતા તો છે આત્મા, પણ કઈ નયથી જ્ઞાતા છે ? એમ. **અરે ! સ્વભાવથી જ જ્ઞાતા છે.** જ્ઞાતા થાય છે કે જ્ઞાતા છે ? <u>એ જ્ઞાતા જ છે.</u> કઈ નયથી જ્ઞાતા છે ? કે : સ્વભાવથી જ જ્ઞાતા છે.

**વ્યવહારનયે જ્ઞાન પરને જાણે છે અને નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે છે.** કેમ કે ભગવાને બે નયો કહી છે. અને કોઈ નય છોડી જાતી નથી. બે નયો છે. **વ્યવહારનયે પરને જાણે અને નિશ્ચયનયે સ્વને જાણે, એમ નથી.** વ્યવહાર નયે પરને જાણે એમ પણ નથી અને નિશ્ચયનયે સ્વને જાણે એમ પણ નથી. માંડ-માંડ નિશ્ચયનય સુધી આવ્યા. વ્યવહારનો નિષેધ કરતાં-કરતાં કેઃ નિશ્ચયનયે મારું જ્ઞાન મારા આત્માને જાણે છે. તું કહે છે તેમાં અનુભવ થતો નથી. ત્યારે શું છે ? **અનાદિ અનંત લ્યો.** સમ્યક્જ્ઞાન પ્રગટ થાય ત્યારે આત્માને જાણે અને એ પહેલાં આત્માને ન જાણે એમ છે નહીં. અનાદિ અનંત શબ્દ વાપર્યો છે.

અનાદિ અનંત જ્ઞાનની પર્યાય આત્માને જાણવારૂપે પરિણમે છે. જેમ અનાદિ અનંત આત્મા દ્રવ્યરૂપે છે તેમ એની એક સ્વભાવ રૂપ પર્યાય જેને ઉપયોગ લક્ષણ કહેવાય. જેને ચૈતન્ય અનુવિધાયી પરિણામ કહેવામાં આવે છે. એવી જ્ઞાનની પર્યાય-હાલત-પરિણામ, અનાદિ અનંત પ્રગટ થાય છે. અને એ પર્યાય પ્રગટ થાય છે તે આત્માને જ જાણવારૂપ પરિણમે છે. પરને જાણવારૂપે પરિણમતી જ નથી. એ જ્ઞાન આત્માને 'જ' પ્રસિદ્ધ કરે છે. જ લગાડ્યો છે. <u>જે જ્ઞાન ઉત્પાદરૂપ થાય છે એ ઉત્પાદરૂપ પર્યાય ધ્રુવને જ પ્રસિદ્ધ કરે છે; પરને નહીં.</u>

જે પર્યાય ઉત્પાદ-વ્યયને પણ પ્રસિદ્ધ ન કરે, પણ એ પર્યાય ધ્રુવને જ પ્રસિદ્ધ કરે છે. જ્ઞાયકને જ પ્રસિદ્ધ કરે છે. જાણનાર ત્રિકાળી ભગવાન આત્મા એને જ જાણતી ઉદય થાય અને (જ્ઞાયકને) જાણતી જ અસ્ત થાય છે. જ્યાં એક પર્યાય અસ્ત થઈ ત્યાં બીજી પર્યાયનો ઉત્પાદ થાય, એ એને ને એને જ જાણે, એને ને એને જ જાણે. પહેલી પર્યાયે દ્રવ્યને જાણ્યું એ તો વ્યય થઈ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગઈ. પછી બીજી પર્યાય બીજીને જાણે, વળી ત્રીજી પર્યાય પોતાને જાણે એમ વારા ફરતી (વિષય બદલતી) હશે કે નહીં કાંઈ પર્યાયમાં ? પર્યાય એનો વિષય બદલાવતી હશે કે નહીં ? જ્ઞાનની પર્યાય એનો વિષય બદલાવતી જ નથી.

આ જ્ઞાનની પર્યાયના સ્વભાવની વાત ચાલે છે. આ સમ્યક્જ્ઞાન કે મિથ્યાજ્ઞાનની વાત નથી. જ્ઞાનની પર્યાયનો અનાદિ અનંત આવો સ્વભાવ જ છે.

એ...જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે પોતાના આત્માને જ જાણતું, ઉત્પન્ન થાય છે. કેમ કે ઉપયોગથી આત્મા અનન્ય છે. વળી એ ઉપયોગમાં ઉપયોગ જ છે, અને એ ઉપયોગમાં ક્રોધાદિ નથી. એટલે ક્રોધને તો પ્રસિદ્ધ કરતી જ નથી. કેમ કે એ ઉપયોગમાં ક્રોધાદિ નથી.

ઉપયોગમાં છ દ્રવ્ય નથી, તો છ દ્રવ્યને ક્યાંથી પ્રસિદ્ધ કરે ? ઉપયોગમાં તાદાત્મ્યપણે અને અનન્યપણે એ આત્મા જ બિરાજમાન છે. એને પ્રસિદ્ધ કરતી જ પ્રગટ થાય છે. બીજા સમયે બીજી પર્યાય ત્રીજા સમયે ત્રીજી પર્યાય, પણ... પ્રગટ તો એ સામાન્યને જ કરે છે. જેનું વિશેષ હોય, જે સામાન્યનું વિશેષ હોય તે વિશેષ તેના સામાન્યને જ પ્રસિદ્ધ કરે , બીજાને ન કરે, સિદ્ધાંત.

**પ્રશ્ન :-** (સભામાંથી-ક્યા સમ્યક્જ્ઞાન ?)

જ્ઞાનકી પર્યાય આત્માકો પ્રસિદ્ધ કરતી હૈ, ઐસા ખ્યાલમેં આવે તો સભી પર્યાય અંતર્મુખ હો જાતી હૈ,જ્ઞાનકી પર્યાય પરકો જાનતી હૈ તો સભી પર્યાય અંતર્મુખ હોતી નહીં. જ્ઞાન-પર્યાય સરદાર હૈ સરદાર. એક લશ્કરનો કાયદો છે; લશ્કરમાં એવો કાયદો છે કે લશ્કર આમ જાતું હોય પૂર્વ દિશામાં અને એનો જે કમાન્ડર હોય ચીફ એ પૂર્વ દિશા તરફ જ એનું મોઢું હોય પછી એને ઉત્તર દિશા તરફ જવાનો વિચાર હોય એની યોજના પ્રમાણે ત્યારે તે લશ્કરને કાંઈ કહે નહીં. પોતે મોઢું ફેરવે, જ્યાં પોતે (ચીફ) મોઢું ફેરવે, ત્યાં તો બધાય મોઢું ફેરવી નાખે. મોઢુ ફેરવે. હવે ઓલો ચાલે નહીં ત્યાં સુધી ચાલે નહીં. જ્યાં ઓલો ચાલવા માંડે ત્યાં પૂછ્યા વિના આખુ લશ્કર ચાલવા માંડે સમજ્યા! એમ જ્ઞાન છે એ ચીફ કમાન્ડર છે. એટલે જાગતો, જીવતો દેવ એ પ્રગટ લક્ષણ છે.

જ્ઞાનની પર્યાયનું લક્ષણ પ્રગટ છે. શ્રદ્ધાની પર્યાય પ્રગટ નથી. ચારિત્રની વીતરાગી પર્યાય પ્રગટ નથી. સુખગુણની અતીન્દ્રિય સુખની પર્યાય પ્રગટ નથી. પણ આ જ્ઞાનની પર્યાય તો-સ્વભાવનો અંશ પ્રગટ છે.

મોક્ષમાર્ગ પ્રકાશમાં આવે છે કે: જેવી રીતે સૂર્યનો પ્રકાશ છે એ વાદળના વિઘટનથી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેટલો પ્રકાશ ઉદય થાય છે તે સ્વભાવનો અંશ છે. અને એ સૂર્યને જ પ્રસિદ્ધ કરે છે. એમ આત્માનું જ્ઞાન જે છે, સ્વભાવનો અંશ; જે પ્રગટ થાય છે એ આત્માને જ પ્રસિદ્ધ કરે છે. એ બંધનું કારણ નથી. રાગ-દ્વેષ-મોહ બંધનું કારણ છે. નવીન બંધનું કારણ શું ? એ અઢાર-ઓગણીસ પાના પર લખ્યું છે. અઢારમા પાને મથાળું છે અને ઓગણીસમા પાને એનો જવાબ છે.

તેવી રીતે આ ભગવાન આત્મા છે એ સમય નામનો પદાર્થ છે. એ સમય નામનો પદાર્થ કયારે કહેવાય ! કે દ્રવ્યે-ગુણે તો સમાનતા છે. પણ એની પર્યાયમાં જાણવાની જે દશા પ્રગટ થાય છે સમયનો અર્થ કરતાં સમયસારની બીજી ગાથામાં કહ્યું કે ''યુગપદ્ જે એકસાથે જાણે પણ છે અને જાણવારૂપે જે પરિણમે પણ છે એવું પદાર્થનું સ્વરૂપ છે. સ્વયં સિદ્ધ સ્વરૂપ છે. ત્યાં કોઈ નયથી જ્ઞાન આત્માને જાણે છે અને નયથી જ્ઞાન પ્રગટ થાય છે એમ છે નહીં. કોઈ કર્મ માર્ગ આવે તો પ્રગટ થાય એમ છે નહીં. સ્વભાવ નિરપેક્ષ હોય છે. સ્વભાવને કોઈની અપેક્ષા ન હોય. એમ જ્ઞાન સત્ અહેતુક છે. એને કોઈ હેતુ નથી. સ્વયં પ્રગટ થાય છે. અને સ્વયં પ્રકાશતી જ એ જેનું વિશેષ છે, એને જ પ્રગટ કરે છે. સામાન્ય આત્મા છે અને એનું વિશેષ ઉપયોગ છે. રાગ એનું વિશેષ નથી. જે આ ઉપયોગ છે તે ઉપયોગથી અનન્ય છે આત્મા. ઉપયોગ અને આત્મા ભિન્ન નથી. તેથી તે ઉપયોગ આત્માને પ્રસિદ્ધ કરે છે. એ પર્યાયનો પોતાનો સ્વભાવ છે એમ જ્ઞાનની પર્યાયનો સ્વભાવ જ એવો છે કે અનાદિ અનંત આત્માને પ્રસિદ્ધ કરે.

**અનાદિ અનંત જ્ઞાનની પર્યાય આત્માને જ જાણવા રૂપે જ પરિણમે છે.** અહીંઆ અતીન્દ્રિયજ્ઞાન કે ઈંદ્રિયજ્ઞાન, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન કાંઈ ન લેવું. આ સામાન્ય ઉપયોગ સ્વભાવનો અંશ છે. આ હરિશ્ચંદ્રભાઈ આવતા થયા એ સારું થયું. મને વિચાર આવ્યો એટલે મેં કહ્યું કે પર્યાય ઉપર લઈશ. અત્યારે જ્યાં ત્યાં જાવ છો ને એમાં કાંઈ માલ નથી. કુંદકુંદભગવાન પાસે જાઓ., ત્યાં બધો માલ મળશે, બાકી કાંઈ છે નહીં, કુંદકુંદ ભગવાનને જેણે જાણ્યા એવા ગુરુદેવ પાસે જાવ. બાકી તમારો થાક જશે નહીં. (શ્રોતાઃ- ગુરુદેવકે પાससે આપકી પાસ આયા,) મેં તો ટપાલી હું. ઉનકી જો ટપાલ હૈ વહ વેંચતા હું. ગુરુદેવને જૈસા કહા વો બૈઠા મુઝે, યે સબ ઈનકી દેન હૈ.

મેં કહ્યું આ તત્ત્વાર્થસૂત્રમાં ઉપયોગ લક્ષણ એ દિગમ્બરનું મૂળ શાસ્ત્ર, એનેય ખબર નથી કે આ ઉપયોગ શું છે? ઉપયોગ કોને જાણે છે અને શું કરે છે ? ઉપયોગની ક્રિયા શું અને એનો વિષય શું ? ઉપયોગમાં જાણવાની ક્રિયા થાય અને એ આત્માને જાણે ને પરને જાણે નહીં. લક્ષને પ્રસિદ્ધ કરે અને અલક્ષ્યને પ્રસિદ્ધ ન કરે એને લક્ષણ કહેવામાં આવે છે. આ પરિભાષા છે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લક્ષણની.

લક્ષને પ્રસિદ્ધ કરે અને અલક્ષ્યને પ્રસિદ્ધ ન કરે એ તો બરાબર ને ? રાગને પ્રસિદ્ધ ન કરે એનું નામ લક્ષણ કહેવાય. નિશ્ચયે રાગને ન જાણે તો કંઈ નહીં પરંતુ વ્યવહારે તો રાગને જાણેને ? આહાહા ! ભીંત ભૂલ્યો પ્રભુ ! અનાદિ અનંત જ્ઞાનની પર્યાય આત્માને જાણવારૂપે પરિણમે છે. એ જ્ઞાન સમ્યક્ એકાન્તે આત્માને જ પ્રસિદ્ધ કરે છે. અને પરને પ્રસિદ્ધ ન કરે. તો સ્વપર પ્રકાશક એનો સ્વભાવ ક્યાં ગયો ? કે એ એમાં રહી ગયો. જ્ઞાનની પર્યાયમાં રહી ગયો, ઊડે નહીં. તમે તો એમ કહ્યું એકલા આત્માને જાણે અને પરને ન જાણે; તો સ્વપર પ્રકાશકમાં તમે પરને તો ઉડાડ્યું ! કે અમે ઉડાડ્યું નથી. તને એમ છે કે જ્ઞાનની પર્યાય આમ...આમ..(પર સન્મુખ) જાણે ને ત્યારે એને પર પ્રકાશક કહેવાય પણ એમ છે નહીં. તારી માન્યતા ઊંધી છે. જ્ઞાનની પર્યાયને આમ આમ-આમ (પરનું લક્ષ) ન કરવું પડે. જ્ઞાનની પર્યાય આત્માને જાણતાં જાણતાં એમાં લોકાલોકનો પ્રતિભાસ થાય છે. એ પ્રતિભાસને પર પ્રકાશક કહેવાય. પરનું લક્ષ કરે તો ઉપયોગ રહેતો નથી.

(શ્રોતા-સત્ય છે.) સત્ય છે ને ? એ આત્મા અંદરથી અપીલ કરે છે. અંદરથી હકાર આવે છે. જ્ઞાનને પર દ્રવ્યથી હઠાવ, **જ્ઞાન આત્માને જ પ્રસિદ્ધ કરે છે** અને પરને નહીં એમ. એ અસ્તિ-નાસ્તિ અનેકાંત છે. **કઈ નયથી જ્ઞાનમાં આત્મા જણાય ? અને કઈ નયથી ન જણાય ?** કઈ નયથી જણાય અને કઈ નયથી આત્મા એને ન જણાય ? **વ્યવહાર નયથી ન જણાય અને નિશ્ચયનયથી જણાય એમ નથી.**

આ તો જ્ઞાનની પર્યાયના સ્વભાવની વાત છે. કે નયથી તો આમ સાંભળ્યું છે. આ નયથી આગળની વાત ચાલે છે. તારી ધારણાને અંદર હમણાં ડિપોઝીટ રાખી મૂક. અને અનુભવ થાય ત્યારે એમ લાગે કે આ નયનું જ્ઞાન તો બધું ખોટું હતું. અનુભવથી પ્રમાણ કરજો.

વ્યવહારનયથી જ્ઞાનમાં આત્મા ન જણાય અને નિશ્ચયનયથી જણાય. સર્વજ્ઞ ભગવાને બે નય કહી છે. ચોખ્ખી વાત છે (પણ) એમ નથી. નિશ્ચયનયથી જ્ઞાન આત્માને જાણે અને વ્યવહારનયથી ન જાણે એમ નથી. તું નય લગાડીશ તો એ જ્ઞાન જ પ્રગટ નહીં થાય. જાણવાની વાત તો પછી, જાણવાની વાત તો પછી. એ તો વિકલ્પ ઉત્પન્ન થયો. એમ નથી.

જ્ઞાન આત્માને-જુએ એનો જવાબ આવ્યો ઉપરની બે લીટીમાં. **જ્ઞાન આત્માને સ્વભાવથી જ અનાદિ અનંત પ્રસિદ્ધ કરે છે.** અનાદિ અનંત, માને તોય ઠીક ન માને તો ય ઠીક. સૂર્યનો પ્રકાશ મકાનને પ્રસિદ્ધ કરે છે અને સૂર્યને પ્રસિદ્ધ કરતો નથી એમ કોઈ ગાંડો કહે તો ? એ સૂર્યને પ્રસિદ્ધ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નહીં કરે એનો પ્રકાશ ? અંધારૂં થઈ જશે પ્રકાશમાં ? નહીં થાય.

એ,...જ્ઞાન આત્માને સમય-સમયે પ્રસિદ્ધ કર્યા જ કરે છે, આ અનુભવનો સહેલો ઉપાય છે. આ અનુભવનો સહેલામાં સહેલો ઉપાય છે. (શ્રોતા-સબસે સરલ ઉપાય હૈ.) સબસે સરલ ઉપાય હૈ. કેટલી યાત્રા કરવી, કેટલા ઉપવાસ કરવા, કેટલા વ્રત કરવાં, કેટલાં મંદિર બંધાવવાં આહાહા ! કેટલા શાસ્ત્ર ભણવા, કેટલા નય, નિક્ષેપ, પ્રમાણ કેટલી ડિગ્રી મેળવવી ! આહાહા ! જ્ઞાન આત્માને જાણતું જ પ્રગટ થાય છે. પ્રસિદ્ધ કરતું જ પ્રગટ થાય છે અનાદિ અનંત પ્રસિદ્ધ કરે છે. એને નયની અપેક્ષા જ નથી. નયને વચમાં નાખીશ ને તો જ્ઞાન આત્માને જાણે છે એ તને ખ્યાલમાં આવશે જ નહીં. નયને વચમાં નાખમાં ભાઈ ! નય તો અનુભવમાં બાધક છે. એ આવ્યું તું (આગળ) ''જેઉ જહાઁ સાધક હૈ, તઉં તહાં બાધક હૈ.''

**સ્વભાવને નયની અપેક્ષા જ નથી, સ્વભાવમાં નય ન હોય.** જ્ઞાનની પર્યાય આત્માને જાણે છે કઈ નયથી ? એનો સ્વભાવ જ છે જ્ઞાનની પર્યાયનો . સામાન્યનું જે વિશેષ છે, એ વિશેષ સામાન્યને પ્રસિદ્ધ કરે, કરે ને કરે જ. સામાન્ય વિશેષ ખ્યાલમાં આવ્યું ને ? એને નયની અપેક્ષા ન હોય. સ્વભાવમાં નય ન હોય **અને સ્વભાવની સિદ્ધિ માટે નય માત્ર અંગુલી નિર્દેશ કરે છે.** એ અનુમાન કરીને કહે છે, નિશ્ચયનયથી જ્ઞાન આત્માને જાણે છે, પરને જાણતું નથી એટલે વ્યવહારનો નિષેધ કરવા માટે નિશ્ચયનયથી એને ઈશારો કર્યો. **તે અનુમાન સુધી લઈ જાય છે.** બસ એની મર્યાદા એટલી. અનુમાન જ્ઞાનમાં આવ્યું કે મારું જ્ઞાન તો મારા આત્માને જ જાણે છે, પરને જાણતું નથી. એમ નય દ્વારા પહેલાં ખ્યાલમાં લ્યે છે.

**તું નિશ્ચયનયે અકર્તા છો કે સ્વભાવથી જ અકર્તા છો કે :** સાહેબ ! નિશ્ચયનયથી અકર્તા છું. શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જોવામાં આવે તો અકારક અને અવેદક છે એમ શાસ્ત્રમાં લખ્યું છે. આ વાત એનાથી આગળની છે. આ એ દૃષ્ટિ એ સાચું છે. એ નય પણ છે. પણ એમાં અનુભવ ન થાય.

**હું તો સ્વભાવથી જ અકર્તા છું પ્રભુ !** હવે તારા કહેલા દ્રવ્યાર્થિકનયને ઓળંગી મારા સ્વભાવની સમીપે જઈને જોઉં છું તો મને નયની અપેક્ષા નથી, **બસ તો નયોના વિકલ્પ છૂટી જશે અને તને અનુભવ થઈ જશે. અનુભવની આ વિધિ છે.** જેને અનુભવ કરવો હોય એને આ વિધિ બતાવવામાં આવે છે. **જ્ઞાનની પર્યાય નિશ્ચયનયે આત્માને જાણે છે કે સ્વભાવથી જાણે છે ?** નિશ્ચયનયથી જ્ઞાન આત્માકો જાનતા હૈ કે સ્વભાવથી આત્મા કો જાનતા હૈ ? સ્વભાવથીજ આત્માને જાણે છે. તો નિશ્ચયનય તો જુદી હો જાયેગી ! જુદી હૈ. હો જાએગી કયા ? વિકલ્પ હૈ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને? વહ જુદ્દા હૈ. નિશ્ચયનયનો વિકલ્પ પણ દ્રવ્યનો સ્વભાવ નથી. એ તો સમજાવવા માટે પ્રાથમિક શિષ્યને હોય છે. આ તો એકદમ અંદર જવાની વાત છે. સમજ્યો ? આઠ વર્ષનો બાળક પણ અનુભવ કરી શકે. તું તો દશબાર વર્ષનો થઈ ગયો હોઈશ નહીં ? (તું સ્વભાવથી ક્યાં જોશ ?)

કોણ બાળક ને કોણ જુવાન ને કોણ સ્ત્રી એવું આત્મામાં છે નહીં. બસ તો નયના વિકલ્પ છૂટી જશે અને તને અનુભવ થઈ જશે એમ કહે છે. જો તું નયને છોડી દઈશ તો તને અનુભવ થઈ જશે. નયને પકડીશ તો તને અનુભવ નહીં થાય.

સોગાનીજીએ એક દૃષ્ટાંત આપ્યો છે, એક પોપટ હતો. ઊડતાં-ઊડતાં એક ભૂંગળીને પકડી લીધી. ભૂંગળી ફરતી હતી. ભૂંગળી આમ ફરે એટલે ઊંધો થઈ જાય. તેનું માથું ઊંધું થઈ જાય. બીજા પોપટ એને એની ભાષામાં સમજાવે છે કે છોડી દે. આ ભૂંગળીને તું છોડી દે, તો તું ઊડી જઈશ, તો પોપટ કહે-તો હું મરી જઈશ. એ તું મરીશ નહીં પણ તું ઊડી જઈશ. એની જાતના (પોપટ) કહેવા લાગ્યા એને ખ્યાલ આવ્યો. જો કાગડાએ, મીંદડીએ આવીને કહ્યું હોત તો ન છોડત. આ તો એની જાતના એ કહ્યું, છોડી દે તું ઊડી જઈશ.

એક પોપટે, બીજાએ, ત્રીજા પોપટે વારા ફરતી કહ્યું કે આ આપણી જાતના છે એટલે આપણને સાચી સલાહ આપે છે. સમજી ગયા. તો એણે આમ છોડી દીધી, છોડ્યા ભેગું આમ ઉડી ગયો. એમ નયને પકડી રાખી છે. તો તેને છોડી દે અનુભવ થઈ જશે તને. નય છે ભૂંગળી છે ભૂંગળી. એ ઊંધે માથે થઈ ગયો તું. સોગાનીજી આ દૃષ્ટાંત દેતા.

બસ તો નયોના વિકલ્પ છૂટી જશે અને અનુભવ થઈ જશે. અનુભવની આ વિધિ છે. જ્ઞાનની પર્યાય નિશ્ચયનયે આત્માને જાણે છે કે સ્વભાવથી જાણે છે ? **સ્વભાવથી જ જાણે છે. પ્રભુ !** એને નયની જરૂર નથી.

**અનાદિ અનંત જ્ઞાન સ્વભાવથી જ આત્માને જાણતું પ્રગટ થાય છે.** અહાહા ! સૂર્યનો પ્રકાશ સૂર્યને પ્રસિદ્ધ કરતો જ ઉદય થાય છે. **સ્વભાવથી જાણતો હોય એમાં નયની અપેક્ષા ન હોય. નય તો માત્ર સ્વભાવનો અંગૂલી નિર્દેશ કરે છે** જે નથી સમજતો-જાણતો એને ઈશારાથી પહેલાં સમજાવે છે.

જેવું છે તેવું કહે છે એટલે નિશ્ચયનય સત્યાર્થ છે. એમ વ્યવહારનય અસત્યાર્થ છે. **એટલે વ્યવહારનય છોડાવવા એને નિશ્ચયનું આલંબન લીધું તો વ્યવહારનો પક્ષ છૂટી જાય છે. અને નિશ્ચયના પક્ષમાં આવે છે.** નિશ્ચયના પક્ષમાં આવે છે એને વ્યવહારનો પક્ષ છૂટ્યો અને નિશ્ચયના



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પક્ષમાં આવ્યો, **હવે કોઈ તો સ્વભાવ સુધી પહોંચી, 'કોઈ' પોતે પક્ષાતિક્રાંત થઈ અનુભવ કરી લે છે. અને કોઈ નિશ્ચયનયના પક્ષમાં એટલે વિકલ્પમાં અટકી જાય છે. અનુભવ કરી શક્તો નથી.**

નિશ્ચયનયથી સ્વભાવનું અનુમાન કરી, જો નિશ્ચયનય સુધી તો આવ્યો છે એ **નિશ્ચયનય દ્વારા સ્વભાવનું અનુમાન કરી અનુભવમાં ચાલ્યો જાય છે.** અનુમાનમાં આવી અનુમાનમાં અટકતો નથી હવે, અહાહા ! નિશ્ચયનય દ્વારા સ્વભાવનો નિર્ણય કરે છે. 'અનુમાન' અનુમાન થાય છે કે 'હું તો જાણનાર છું' અભેદ ટંકોત્કીર્ણ છું' ચૈતન્યમૂર્તિ છું એમ વ્યવહારનો પક્ષ છોડીને નિશ્ચયનય જેવું સ્વરૂપ કહે છે એવા સ્વરૂપને પહેલાં એ મન દ્વારા ખ્યાલમાં લ્યે છે. એને ખ્યાલમાં આવે છે. આવી શકવા યોગ્ય છે. પણ મન દ્વારા અનુભવ થઈ શકતો નથી.

(શ્રોતા :- અનુમાન દ્વારા ભી નહીં ?)

**જવાબ :-** અનુભવ ન થાય. (અનુમાન દ્વારા સ્વભાવ તક પહોંચતા હૈ ?) અનુમાન દ્વારા મનકા વિકલ્પ દ્વારા-પરોક્ષજ્ઞાન દ્વારા-આત્મા ઐસા હૈ, ઐસા ખ્યાલમેં આતા હૈ તહાઁ તક વો દુ:ખી હૈ, બાદ મેં અનુમાન છૂટ જાતા હૈ અને પ્રત્યક્ષ અનુભવ થઈ જાય છે.

અનુમાન મેં કુછ હાથમેં આયા નહીં. (અનુમાન દ્વારા વિષય કા નિર્ણય કર લેતે હૈ ) નિર્ણય કર લેતે હૈ. મગર. યહ નિર્ણય હે ને, વહ દુ:ખદાયક દશા હૈ, વહ વિકલ્પાત્મક હૈ, વહ અનંતાનુંબંધીકા કષાય હૈ અભી. તને એમ થાય છે કે હવે હું નિર્ણયમાં આવી ગયો. એ નિર્ણયમાં આવી ગયો એમ જે માને નિર્ણયમાં ય નથી હજુ, નિર્ણયને આગળ કરે એને નિર્ણય ન હોય. નિર્ણયમાં જ્ઞાયક તરફ આગળ હોય એને જ નિર્ણય હોય. નિર્ણય પાછળ રહી જાય અને જ્ઞાયક આગળ આવી જાય. નિર્ણયની વાત સાધારણ વાત નથી. (શ્રોતા-અપૂર્વ વાત છે ) લ્યો શાંતિસાગરજી કહે છે અપૂર્વ વાત છે. નિર્ણયવાળો નિર્ણયને આગળ કરતો નથી. એને ખ્યાલ આવી જાય છે કે હવે સમ્યક્દર્શન જરૂર થશે જ. એ વ્યવહારનયે નિશંક થઈ ગયો છે. નિશ્ચયનયે હજુ નિશંક થયો નથી.

શું કહે છે શોભના બેન ? (પ્રશ્ન-વ્યવહારનયે નિશંક થયો છે એટલે શું ?)

**વ્યવહારનયે નિશંક થયો છે એટલે કે નિશંક થયો નથી. વ્યવહારનય લગાડીને નિશંકનું ફળ ન આવે તો નિશંક થયો નથી.** નિશંકતા કા ફળ તો...(આગે બઢકર) આગે બઢે તબને ? વહાઁ રુક જાય તો ? નિર્ણય હો ગયા, નિર્ણય હો ગયા, ઐસા વો તો અટક જાતા હૈ. મૈંને-કહાને 'નિર્ણયવાલા તો નિર્ણયકો આગે નહીં કરતા હૈ.' નિર્ણયકા વિષય ઉસકે આગે હો ગયા હૈ. વો મુખ્ય હો ગયા હૈ, નિર્ણય ગૌણ હો ગયા હૈ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બોલો રાત દિન ઉસકો એક જ્ઞાયક હી સ્મરણમેં આતા હૈ. યે બાત ઐસી હૈ-યે વચનાતીત હૈ, કહી શકાય એવી નથી. પંચાધ્યાયી કર્તાએ ત્રણ પ્રકાર પાડ્યા છે. વચનાતીત છે, નિર્વિકલ્પવત્ છે, કેવળ અનુભવગમ્ય છે. એ કહી શકાતું નથી. સમ્યક્દર્શન કહી શકાય પણ નિર્ણય કહી શકાય નહીં. કેમ કે સમ્યક્દર્શનનું લક્ષણ તો આનંદ આવ્યો, એ તો પ્રગટ થઈ ગયો છે, કહેવા ધારે તો એના દ્વારા કહી શકાય છે. કોઈને કહેવું હોય તો ? ન કહેવું હોય તો પૂછે તો જવાબ ન આપે. ઈ તમારો વિષય છે. ઈ...મારો વિષય નથી. તમે જ નક્કી કરો બસ.

પણ આ જે નિર્ણય છે એ તો.. એ તો કહી પણ શકાતો નથી પણ એક અપેક્ષાએ એને નૈગમન લાગુ પડી ગઈ. ''ચિરં અચિરમ્'' થોડા કે વધારે કાળમાં એને પ્રત્યક્ષ અનુભવ થશે, થશે ને થશે જ. પોતે નિશંક થઈ ગયો, પણ તે હજુ વ્યવહારે નિશંક છે. નિશ્ચયે નિશંક થયો નથી. કેમ કે આનંદ આવ્યો નથી. શોભના બેન ! અનુભવથી નિશંક બીજી વાત અને નિર્ણય આવ્યો અને નિશંક કહેવાય તે જુદી વાત છે.

નિર્ણયવાળાને તો એક જ્ઞાયકની અંદરમાં ધારા ઉપડે છે. જેમ સમ્યક્દૃષ્ટિને પરિણતિ પ્રગટ થાય છે ને ! અનુભવ પછી પરિણતિ ચાલુ રહે, એમ આ નિર્ણયવાળાને એક પરિણતિ અંદરમાં પ્રગટ થાય છે. એ પરિણતિ ધારાવાહી, ઊંઘમાં પણ એનો વ્યય કયારે થાય ! કે પ્રત્યક્ષ થાય ત્યારે. એનો વ્યય થઈ જાય છે. તે પોતાને જ ખબર પડે અંદરમાં, બીજાને કોઈને નહીં. તે બીજાનો વિષય નથી. આ કાંઈ ખાનગી રાખવાની વાત નથી. ખુલ્લે ખુલ્લી કહેવામાં આવે છે.

એ (પરિણતિ) તે બીજો કોઈ જાણી શકે નહીં અને જેને થયું હોય એ વાણી દ્વારા કહી શકે નહીં. એથી આ વચનાતીત નિર્વિકલ્પવત્' કેવળ સ્વાનુભવગમ્ય, એ પોતે જ જાણે બીજો કોઈ જાણી ન શકે, અને લગભગ એનો કાળ દેખાય છે કે છ મહિનાથી વધુ ન રોકાય. બાકી કેવળીગમ્ય છે. પણ છ મહિનાથી વધુ ન રોકાય. છ મહિનાની અંદર એને અનુભવ થઈ જાય. કાં દિવસો, કાં કલાકો, કાં થોડા મહિનાઓ એમાં અનુભવ આવે.

એ પણ થવા યોગ્ય થાય છે. એને આત્મા કરતો નથી. અહાહા ! એ તો જાણનારને જાણે છે બસ, એને તો એવું લાગે છે કે હું તો જ્ઞાયક છું 'ત્રિકાળી આત્મા છું' આહા ! નિર્ણયનો મારામાં અભાવ છે. શું કહ્યું ? નિર્ણયવાળો એમ જાણે છે કે પ્રફુલ્લભાઈ ! આ અપૂર્વ નિર્ણયનો મારામાં અભાવ છે. કેમ કે પર્યાય છે. (એને છ મહિના ય ન લાગે.) અંતર્મુહૂર્તમાં થાય, કો'ક કો'કને તો આહા ! સોગાનીજીને એક રાતમાં થઈ ગયું હતું. 'જ્ઞાન ભિન્ન અને રાગ ભિન્ન' ધૂન ચડી ગઈ; રાત્રે બેસી ગયા સમિતિની રૂમમાં; સવારે તો રત્નત્રય લઈને ઉઠયા. ત્રણ રત્ન



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર એક રાતમાં.

**નિશ્ચયનય દ્વારા સ્વભાવનું અવલંબન કરી અનુભવમાં ચાલ્યો જાય, ત્યારે પક્ષાતિક્રાંત થાય. એણે નિશ્ચયનયનો પક્ષ છોડ્યો ત્યારે અનુભવ થયો.** પક્ષ છોડે ત્યારે અનુભવ થાય. **નયથી આવો છું એવો વિકલ્પ છૂટી જાય છે. અનુભવ માટે નય સાધન જ નથી.** નિર્ણય માટે નય હોય, અનુભવ માટે નહીં. **નય માત્ર અનુમાન સુધી લઈ જાય છે. એ અનુભવ ન કરાવી શકે.** નયના વિકલ્પો છે એ અનુભવ કરાવી શકતા નથી. કેમ કે પરોક્ષ છે. અને જ્ઞાન છે તે પ્રત્યક્ષ છે. બેમાં ફેર છે.

ચોથા પાનાનો છેલ્લો પારો છે. અને વખત થઈ ગયો છે. **જ્ઞાનની પર્યાય નિશ્ચયનયે આત્માને જાણે છે એમ વિચારતાં વ્યવહારનયથી એ પરને જાણે છે એમ આવી ગયું.** તે પ્રમાણમાં આવી ગયો. નયમાં ક્યાં આવ્યો છે ? નયમાં આવ્યો કયારે કહેવાય કે વ્યવહારનયનો નિષેધ કરે તો નિશ્ચયનયમાં આવ્યો. નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે અને વ્યવહારનયે પરણે જાણે એ તો પ્રમાણના પક્ષમાં ઊભો છે. એ નિશ્ચયનયના પક્ષમાં એ નથી આવ્યો હજી. નિશ્ચયનયના પક્ષમાં તો વ્યવહારનયનો નિષેધ કરે ત્યારે એને નિશ્ચયનયના પક્ષમાં આવ્યો કહેવાય હજી કે : ''જાણનાર જણાય છે ખરેખર પર જણાતું નથી.''

નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે, અને વ્યવહાર નયે પરને જાણે એ તો પ્રમાણનો વિકલ્પ છે. નયનો વિકલ્પ પણ નથી. એ તો બહૂ દૂર દેખાય છે. અહાહા ! પણ એ જીવ એમાંથી કાઢે છે કે નિશ્ચયનયે આત્મા જણાય છે; અને ખરેખર પર જણાતું નથી. વ્યવહારનો નિષેધ કરે એનું નામ નિશ્ચયનય કહેવાય.

નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે છે અને વ્યવહાર નયે પરને જાણે છે એ નિશ્ચયનયના પક્ષમાં નથી આવ્યો. એ પ્રમાણના પક્ષમાં ઉભો છે. અહાહા ! એ હજુ વિધિ-નિષેધ માં એ આવ્યો નથી, તો નિશ્ચયના પક્ષમાં પણ આવી શકતો નથી. એને નિશ્ચયના પક્ષમાં આવ્યો એમ ન કહેવાય. આ એક ભૂલનો પ્રકાર છે.

અમે બે નયથી વિચારીએ છીએ. નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે અને વ્યવહારનયે જ્ઞાન પરને જાણે. એ પ્રમાણમાં અટકયો છે. પ્રમાણના બે અંશ છે. એક નિશ્ચયનય અને એક વ્યવહારનય. એ પ્રમાણમાંથી નિશ્ચયનયના પક્ષમાં આવે કે ''જાણનાર જણાય છે અને ખરેખર પર જણાતું નથી'' એ વિધિ-નિષેધમાં આવે છે પછી વિધિના વિકલ્પો છૂટવા મંડે છે, નિષેધના



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિકલ્પો છૂટવા મંડે છે, અને વિધિના વિકલ્પનું બળ આવે છે. આહા ! નિષેધનો પક્ષ છૂટતો જાય છે, ત્યારે એને દ્વેષ ઘટતો જાય છે, અને 'જાણનાર જણાય છે' નિશ્ચયના પક્ષમાં આવે ત્યારે અહીં શુભરાગ-રાગના પક્ષમાં આવ્યો. દ્વેષનો પક્ષ છૂટયો, પછી અનુભવ થાય ત્યારે રાગ-દ્વેષ બન્ને છૂટીને અનુભવ થાય છે.

હજી પ્રમાણના પક્ષમાં ઉભો છે કે ભગવાને બે નય કહ્યા છે. એ સ્વાશ્રિત નિશ્ચયનયવડે તું વ્યવહારનો નિષેધ કરજે. દયા રાખીશ માં, 'અદયં' પાઠ છે.

**જ્ઞાનની પર્યાય નિશ્ચયનયે આત્માને જાણે છે તેમાં વગર કહ્યે વ્યવહારનયે પરને જાણે છે એમાં આવી ગયું. અરે ! નિશ્ચયનયથી જ્ઞાન આત્માને નથી જાણતું** બોલો, પરને જાણતું નથી એમાં તો વ્યવહારનયનો નિષેધ થયો. પણ નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણતું નથી એમાં નિશ્ચયનયનો નિષેધ આવ્યો. હાય ! હાય ! નિશ્ચયનયનો નિષેધ ? વ્યવહારનયનો નિષેધ તો બરોબર છે પણ નિશ્ચયનયનો નિષેધ એટલે નિશ્ચયનયના વિકલ્પનો નિષેધ છે. એના વિષયનો નિષેધ નથી.
''જ્યાં જ્યાં જે જે યોગ્ય છે. તહાં સમજવું તેહ; ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન એહ''

કઈ અપેક્ષાએ કહેવામાં આવે છે ? શું પ્રયોજન અહીંયા સિદ્ધ કરવું છે, એ સમજવું જોઈએ. અહીંયા નયાતિક્રાંતનો વિષય ચાલે છે. અરે ! નિશ્ચયથી જ્ઞાન આત્માને નથી જાણતું. નિશ્ચયે જ્ઞાન આત્માને ન જાણે ? તો શું વ્યવહારનયે જાણે ? એમ આપ કહેવા માગો છો ?

***તું સ્વભાવનું લક્ષ કરીને અને અનુભવ પહેલા તું સ્વભાવની અધિકતા કરીને સ્વભાવ ઉપર (દૃષ્ટિ દેતા) સ્વભાવને જોતા, સ્વભાવને જોતા જોતા પર્યાયને જોઈશને, તો પર્યાયમાં રાગ લંબાતો નહીં દેખાય ! ઈન્દ્રિયજ્ઞાન લંબાતુ...નહીં દેખાય, કેવળજ્ઞાન દેખાશે તને ને યથાખ્યાત ચારિત્ર દેખાશે, પર્યાયમાં અત્યારે હોં ? આહાહાહા...એ પર્યાયનો સ્વભાવ છે.***

***(જ્ઞાનથી જ્ઞાનનું ભેદજ્ઞાન પેઈજ નં.૯)***



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ચર્ચા નં-૫ જામનગર તા. ૧૯-૯-૯૧

પ્રકાશ કઈ નયથી સૂર્યને પ્રકાશે છે ? સ્વભાવથી જ સૂર્યને પ્રકાશે છે, એમાં નયની જરૂર પડતી નથી. એમ કહ્યું. **એ પ્રકાશ સૂર્યને પ્રસિદ્ધ કરે છે કઈ નયથી ? અરે ! સ્વભાવથી જ પ્રકાશ સૂર્યને પ્રસિદ્ધ કરે છે. હવે જ્યાં સ્વભાવથી જ છે ત્યાં નય લાગુ પડતી નથી.** વ્યવહારનય કે નિશ્ચયનય તેની કાંઈ જરૂર પડતી નથી. સ્વભાવથી જ વિચારે એને જરૂર પડતી નથી.

**નયો તો માત્ર શિષ્યને સમજાવવા માટે છે. બહુનયોના પ્રયોગમાં જવા જેવું નથી.** નયોના પ્રયોગ શરૂઆતમાં હોય, પણ તેમાં રોકાવા જેવું નથી. નય છે ને એ માનસિક વિકલ્પ છે. એટલે એને ત્યાં સુધી અનુભવ ન થયો. એને નય દ્વારા સમજાવે છે પણ નયથી અનુભવ થતો નથી. જો જ્ઞાન નયોના પ્રયોગમાં અટકશે એમ. **જો જ્ઞાન નયોના પ્રયોગમાં અટકશે તો બીજી પ્રતિપક્ષ નય કહ્યા વગર ઊભી થશે.**

**આત્મા નિશ્ચયનયે અકર્તા છે, એમાં વિકલ્પ ઊભો થશે.** નિશ્ચયનયે અકર્તા છે, તો વિકલ્પ થશે કે; જ્ઞાનની પર્યાય નિશ્ચયનયે આત્માને જાણે છે. આ બીજો પ્રકાર. પહેલાં દ્રવ્યમાં નિશ્ચયનય ઉતાર્યું, પછી જ્ઞાનની પર્યાયમાં નિશ્ચયનય ઉતારે છે. **જ્ઞાનની પર્યાય નિશ્ચયનયે આત્માને જાણે છે; એમાં પણ વિકલ્પ ઉત્પન્ન થયો.**

**નિશ્ચયનયે આત્મા અકર્તા નથી, નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણતું નથી. અરે ! આ શું !!** નિશ્ચયનયે આત્મા અકર્તા નથી ? કે: 'ના.' નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણતું નથી ? કે: 'ના'. આ શું વાત કરો છો ? અમે તો આજ દિવસ સુધી નિશ્ચયનયે અકર્તા-અભોક્તા સાંભળ્યું હતું !

આત્મા નિશ્ચયનયે અકર્તા છે એમ નથી. જ્ઞાન આત્માને નિશ્ચયનયે જાણે છે એમ પણ નથી. નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણતું નથી. આ શું ? આ શું વાત કરો છો ? **'હા' સાંભળ** સાંભળ ભાઈ ! **નિશ્ચયનયે આત્મા અકારક-અવેદક નથી. એ તો સ્વભાવથી જ અકારક ને અવેદક છે.** અકર્તા ને અભોક્તા છે. <u>અકર્તા ને અભોક્તાપણું એ આત્માનો મૂળ સ્વભાવ છે.</u>

ફક્ત શિષ્યોને સમજાવવા માટે નયોનો પ્રયોગ કરવામાં આવે છે. અને નયના પ્રયોગથી પ્રમાણમાં આવી જાય છે. નય છે ને એ સાપેક્ષ છે. તે નિશ્ચયનયથી અકર્તા એમ કહે, એટલે વ્યવહારનયે કર્તા છે એમ એને કહેવું જ પડે. કેમકે અજ્ઞાન દશાએ રાગનો કર્તા અને ભેદજ્ઞાન



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થતાં જ્ઞાનનો કર્તા એમ આખા પ્રમાણની સિદ્ધિ કરવા માટે બે નયોના પ્રયોગથી એ સમજાવે છે.

બાકી તો ઘણાય પ્રકારો એવા આવે કે તે મતાર્થીને સમજાવવા માટે હોય. હવે તેનું ખંડન કરવા માટે પણ નયના પ્રયોગની જરૂર પડે. જેમકે સાંખ્યમત કહે છે કે આત્મા પરિણામનો કર્તા નથી. તે સર્વથા અપરિણામી તથા અકારક અને અવેદક છે. સાંખ્યમતીને તો મિથ્યાત્વની અવસ્થા થઈ ગઈ. કેમકે બંધ-મોક્ષની સિદ્ધિ જ ન થાય. નવ તત્ત્વની સિદ્ધિ જ ન થાય. તો જ્ઞાન જ ખોટું પડી ગયું. માટે મતાર્થી માટે એમ કહેવાય કે નિશ્ચયનયે આત્મા અકર્તા છે, પણ વ્યવહારનયે કર્તા છે. વ્યવહારનયે ભેદજ્ઞાનનો અભાવ હોઈ, અજ્ઞાન દશા હોય, ત્યાં સુધી એ રાગનો કર્તા છે એમ સંમત કરવું.

રાગનો કર્તા છે એ આત્મા છે એમ કહેવું નથી. પણ પર્યાયમાં રાગ થાય છે, માટે પર્યાય રાગને કરે છે એમ સંમત કરવું. પણ ટૂંકાણમાં તો એમ કહે કેઃ આત્મા વ્યવહારનયે કર્તા છે. કેમકે એ તો સર્વથા અકર્તામાં ચાલ્યા ગયા હતા, સર્વથા અપરિણામીમાં ચાલ્યા જાય છે. અને કાં એને કર્તા સિદ્ધ કરવું હોય તો પોતાના દોષથી રાગ થાય છે, કર્મ કરાવે છે, આત્મા કરતો નથી. આમ ઘણા પ્રકારની ગરબડ થતી હોય તો મતાર્થીનું ખંડન કરવા માટે નયના પ્રયોગથી ખંડન કરી નાખે છે. આ તો જૈનમતમાં આવી ગયો અને જૈનમતમાં આવ્યા પછી બે નયથી જેમ છે એમ વિચારે છે એટલે અજૈનપણુ ન આવ્યું.

-જૈનમાં આવી ગયો અને જૈનમાં જ બે નય છે. અન્ય મતમાં નય નથી, તેથી જૈનમાં નયના પ્રયોગથી સમજાવ્યો. જૈનમાં જ નય છે, અન્ય મતમાં તો નય નથી. હવે જ્યાં નયના પ્રયોગથી સમજાવ્યો, તો નયને જ વળગી ગયો એ પણ ખોટું છે. જો પ્રથમથી જ છોડી દે તો પણ ખોટું અને અભ્યાસ કર્યા પછી નયને પકડી રાખે તોય અનુભવ ન થાય.

શાસ્ત્રના અર્થ કરવાની પાંચ પ્રકારે પદ્ધતિ છે. શબ્દાર્થ, નયાર્થ, મતાર્થ, આગમાર્થ અને ભાવાર્થ, એમ પાંચ પ્રકારે શબ્દનો અર્થ કરવો. નયાર્થથી સમજવું એ મતાર્થી માટે છે. હવે કોઈની દવા કોઈ પી જાય તો શું થાય ? મરી જાય. દવા તો સાંખ્યમત માટે આપી છે.

આ વખતે ગુરુ પ્રસાદમાં આવ્યું, મતાર્થી એમ કહે છે કે આત્મા રાગનો કર્તા નથી. જોઈ લ્યો આ કળશ એમ કરીને આધાર આપ્યો. તો તે કળશ તો સાંખ્યમતની સામે છે. સાંખ્યમત સર્વથા અકર્તામાં ચાલ્યો ગયો છે. અજ્ઞાની વિશેષ અપેક્ષાએ રાગનો કર્તા હોવા છતાં એને ઉડાડે છે. કેઃ કોઈ જીવ રાગનો કર્તા નથી. કોઈ જીવ અબ્રહ્મચારી નથી, બધા જીવ બ્રહ્મચારી છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વેદકષાયોના ઉદયથી એ અબ્રહ્મચારી થાય છે. આત્મા એ દોષનો કર્તા નથી. પણ એમ નથી. વિશેષ અપેક્ષાએ સ્વભાવને ભૂલીને અજ્ઞાનીજીવ પર્યાયનો વ્યવહારનયે કર્તા છે એમ સંમત કરવું જોઈએ. એમને એમ અદ્ધરથી ચાલે નહીં ભાઈ ! એકલા એકનયના પક્ષમાં તો ભાઈ એકાંત થઈ જશે.

એટલે નયોનો પ્રયોગ પણ એવી રીતે કરવો જોઈએ કે સ્વભાવનું ગળું કપાય નહીં, નહીં તો ગળું કપાઈ જાય. ચક્ર છે ને ? આ તો પોતે સમજે તો સમજાય એવું છે. સમજાવવાથી સમજે એવું પણ નથી આ. એણે બે નયનો સ્વીકાર કરી લીધો છે. બે નયના વિચારમાં, વિકલ્પમાં, અટક્યો છે, એ વિકલ્પ છોડી દે તો તને પ્રત્યક્ષ અનુભવ થાય તેની આ એક વિશેષ વાત છે.

નયોને સ્થાપીને પછી નયોના વિકલ્પને ઉથાપવાની વાત છે. નયોને સ્થાપીને પછી નયોના વિકલ્પને છોડવાની આ વાત ચાલે છે. પહેલેથી નયને ઉડાડી દે તો તો એ અજૈન છે. અને...નયોમાં અટકે તોપણ ખરેખર તો અજૈન છે. નયના વિકલ્પ એનું કર્મ થઈ ગયું; ને આત્મા એનો કર્તા થઈ ગયો. એટલે આ છે ને કાચો પારો છે. એને કેળવીને ખાય તો અમૃત છે. શાસ્ત્રમાં એમ આવે છે કે વૈદ છે ને એ વિષને ખાય તો પણ મરતો નથી. પણ એ તો એનું મારણ કરીને ખાય છે, પ્રયોગથી તેને જોઈને બીજા વિષ ગળવા માંડે તો મરી જાય. આ વૈદ તો ખાય છે તો હું પણ ખાઈ જાઉં; તો મરી જઈશ. ''ધાર તલવારની દોહ્યલી સોહ્યલી જિનવરતણી''. એમ સંભાળી સંભાળીને કામ કરવા જેવું છે.

સાંભળ ! **નિશ્ચયનયે આત્મા અકારક, અવેદક નથી. સ્વભાવથી જ અકારક, અવેદક છે.** અકર્તાપણું અને અભોક્તાપણું તેનો ત્રિકાળ સ્વભાવ જ છે. બંધનોય કર્તા નથી અને મોક્ષનોય કર્તા નથી. દુઃખનો ભોક્તા નથી અને આનંદનોય ભોક્તા નથી. અતીન્દ્રિય આનંદનો હોં ! એનો ભોક્તા નથી. આનંદનોય ભોક્તા નથી. આત્માના આનંદ માટે તો અમે આ પ્રયત્ન કરીએ છીએ. જો આત્મા આનંદનો ભોક્તા ન હોય તો પછી આ માથાકુટ કરવી શું કામ ? દુઃખનો ભોક્તા નથી ત્યાં સુધી તો બરોબર છે. કેમ કે દુઃખ અમારે જોતું નથી. એનો તો સ્વીકાર કરે પણ દુઃખના અભાવપૂર્વક આનંદ આવે, અતીન્દ્રિય આનંદ હોં ! એનો આત્મા ભોક્તા નથી ? 'ના'.

એવો પ્રશ્ન થાય, ત્યારે કોણ કરે છે ને કોણ ભોગવે છે ? પર્યાય કરે છે ને પર્યાય ભોગવે છે. અજ્ઞાન દશામાં પર્યાય રાગને કરે છે, આત્મા નહીં હોં; પર્યાય રાગને કરે છે અને પર્યાય દુઃખને ભોગવે છે. કોણ ભોગવે છે ? 'આત્મા ! કરે તે ભોગવે ? ના.' પર્યાય કરે ને પર્યાય



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દુઃખને ભોગવે છે. ભગવાન આત્મા રાગને કરતો નથી અને દુઃખને ભોગવતો નથી. ત્યાં સુધી તો ઠીક, એ તો બરોબર છે. રાગને કરે તો દુઃખને ભોગવે એ તો વ્યાજબી છે પણ હવે અતીન્દ્રિય આનંદને ભોગવતો નથી આત્મા. ઈ...શું ?

આહા ! ભાઈ ! અતીન્દ્રિય આનંદને કોણ ઉત્પન્ન કરે છે ? પર્યાય એનો ઉત્પાદક છે, દ્રવ્ય એનો ઉત્પાદક નથી. કરે તે ભોગવે; માટે પર્યાય વીતરાગ ભાવને કરે છે અને એનું ફળ આનંદ એ પર્યાય જ ભોગવે છે. ત્રિકાળી સામાન્ય દ્રવ્ય નિષ્ક્રિય પરમાત્મા જે દૃષ્ટિનો વિષય છે; એ આનંદને ભોગવતો નથી. આહાહા ! ''આનંદ લહેગેં મગર જ્ઞાતા રહેગેં.'' ભોક્તા નહીં થાઉં એમ. આ અંદરનું આવું છે.

દ્રવ્ય-પર્યાયને એક વસ્તુ જ માને છે. અનંતકાળથી ઈ ભૂલ થઈ ગઈ. એનું સ્પષ્ટીકરણ ગુરુદેવે કર્યું છે. એનું સ્પષ્ટીકરણ વિસ્તાર પણ ઘણો કર્યો છે. સાધકો ઘણા થયા... એ સાધકો એ વાત કરી છે. મુનિરાજની વાત તો ક્યાં કરવી ! આહાહા !

એટલે ક્રિયાના કારકો પર્યાયમાં છે. (દ્રવ્યને) ભૂલે તો રાગને કરે, અને ભૂલ ભાંગે તો વીતરાગભાવને કરે. રાગને કરે તો દુઃખને ભોગવે, વીતરાગભાવને કરે તો આનંદને ભોગવે. એ કર્તાપણા અને ભોક્તાપણાનો ધર્મ પર્યાયમાં છે. દ્રવ્યમાં પર્યાયના કારક નથી. એટલે પર્યાય કરે ને ભોગવે એ ત્રિકાળી દ્રવ્યનો સ્વભાવ નથી.

જો આનંદને ભોગવે એમ કદાચિત્ માની લ્યો કે મોક્ષમાં તો આનંદને ભોગવે ને ! સમજી ગયા. એમાં (એવું) લોજીક છે કે જ્યારે સમ્યક્દર્શન પ્રગટ થાય ત્યારે તો આનંદને ભોગવે આત્મા, તો સમ્યક્દર્શન પહેલાં એને શું હતું ? 'દુઃખ'. તો આત્મા દુઃખને ભોગવે છે એમ આવી જશે, ખ્યાલ આવ્યો ? જો વર્તમાન પર્યાયમાં આનંદને આત્મા ભોગવે છે તો સર્વ પર્યાયમાં ભોગવે છે એ આવી ગયું કહ્યા વગર. કેમકે વ્યયપૂર્વક ઉત્પાદ થાય છે. દુઃખનો વ્યય થયો અને અતીન્દ્રિય સુખનો ઉત્પાદ થયો.

સાહેબ ! આત્મા સુખને નથી ભોગવતો એ રહેવા દ્યો. કાંઈક તો રહેવા દ્યો ! દુઃખને ભોગવતો નથી એ બરોબર પણ સુખને ભોગવતો નથી એ બરોબર નથી. આત્મા આનંદને નથી ભોગવતો ? આનંદ (પ્રગટ) કરવા માટે તો આ કરીએ છીએ. આહાહા ! <u>એ આનંદને નથી ભોગવતો એમ જ્યારે વિશ્વાસ આવશે ત્યારે જ આનંદ પ્રગટ થશે, અને પર્યાય આનંદને ભોગવશે, ભોગવશે ને ભોગવશે.</u> એમ જ્ઞાન જાણશે કે પર્યાય ભોગવે છે, હું ભોગવતો નથી. આહાહા !



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મજ્ઞાન એમ જાણે છે. દૃષ્ટિ દ્રવ્ય ઉપર, અકારક ને અવેદક ઉપર પડી છે. હું અકારક અને અવેદક છું. હું પરિણામનો કરનાર અને પરિણામનો વેદનાર નથી. ઐસી બાત હૈ.

સંસ્કૃતનું ને એ જુદું છે. એ જાણીને પણ આ જાણવું પડશે તારે. ઓલા ભણતરમાં ઉપાધ્યાય થઈશ, શાસ્ત્રી થઈશ અને આચાર્ય થઈશ. 'શાસ્ત્રનો આચાર્ય' હોં ! આ આચાર્યની વાત નથી. ઓલી તો ડીગ્રી છે આચાર્યની તો.

ઓહોહો ! એટલે કહ્યું છે કે દ્રવ્યાનુયોગ સૂક્ષ્મ અને ગંભીર છે. પોતાની યોગ્યતા અને ગુરુગમે સમજાય એમ છે. નહીંતર એને ઊંધું જાણી લ્યે તો ઈ એનો દોષ છે એમાં શ્રીગુરુ શું કરે ? ગુરુ તો ચારે પડખેથી સમજાવે છે, વિવિક્ષાથી સમજાવે છે. લાલબત્તી પણ ધરે છે. કોઈ સ્વચ્છંદી ન થાય અને બધા સ્વતંત્ર થઈ પરમાત્મા થઈ જાય એવી ગુરુદેવની શૈલી છે.

હું એમ સમજું છું કે બધા બે નયોને સમજીને આવ્યા છે એટલે હું બે નયોમાંથી વ્યવહારનયની વાત નથી કરતો-સમજી ગયા. નયોનું જ્ઞાન તો બધાને થઈ ગયું છે. હવે નયાતિક્રાંત કેમ થવાય એની વાત હું કરું છું; સમજી ગયા પણ જ્યારે મેં કહ્યું કે આનંદનો ભોક્તા નથી. કે આનંદનો ભોક્તા નથી ? આનંદનો ભોક્તા નથી. આ કોઈ સમજ્યા નથી. તું પૂર્ણ આનંદ સ્વરૂપ છે એમાં તને આનંદની (પર્યાયની) શી જરૂર છે ? આહાહા ! (શ્રોતા-હું પૂર્ણ પરમાત્મા છું પૂર્ણ પરમાત્મા આનંદમય-આનંદમય છે.)

એક અન્યમતિમાં વાત આવે છે બહુ યાદ નથી. પણ છૂટક છૂટક કહું. કોઈ એક શિષ્ય હતો. એ ગુરુ પાસે ગયો. સાહેબ ! અમે તો જ્ઞાનના પિપાસુ છીએ. મારે તો જ્ઞાન પીવું છે. જો ભાઈ ! તું મારી પાસે આવ્યો છે; પણ તું ફલાણા ઋષિ પાસે જા. એ તને જ્ઞાન પાઈ દેશે. એટલે તે એની પાસે ગયો. એ ઋષિએ એમ કહ્યું કે તું સમુદ્ર પાસે જા. તને જ્ઞાન થશે. તો શિષ્ય તો સમુદ્રની પાસે ગયો. છ મહિના વચ્ચે ખાડો નહીં. સમુદ્ર કહે-એલા તું જ્ઞાનમય છો ને મારી પાસે જ્ઞાન લેવા ક્યાં આવ્યો ? હેં ! આહા !

એમ હું જ્ઞાનમય અને આનંદમય છું. બહારથી કાંઈ જ્ઞાન અને આનંદ આવવાનો છે જ નહીં અંદર ભર્યું છે બધુંય અંદર જો. લક્ષ અંદર કર અને લીન થા. પહેલાં લક્ષ અને પછી લીનતા.

ગૃહસ્થ અવસ્થામાં લક્ષ થાય, મોક્ષ થયે પૂર્ણ લીનતા થાય, અને વિશેષ લીનતા તો મુનિ અવસ્થામાં થાય. આહાહા ! આ બાવીશ પરિષહ, અઠ્ઠાવીસ મૂળગુણ વગેરેનું નિરતિચારપણે પાલન હોય, જંગલમાં રહેતા હોય, ગામમાં રહે નહીં, અને બે-ચાર દિવસે ભોજનની ઈચ્છા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય ત્યારે આહાર લેવા આવે. રોજ આહાર લેવો એવો નિયમ ન હોય. આનંદનું ભોજન કરતાં-કરતાં કોઈ વખત ઈચ્છા થાય તો ગામમાં પધારે, અને આહાર લઈને પાછા ચાલ્યા જાય. એ તો ધ્યાનમાં મગ્ન છે, મસ્ત છે. ''સાધુ હુઆ સો સિદ્ધ હો ગયા.'' એમ આવે છે ને ?

એ સાધુ એટલે શું ? આહા ! વળી કેટલાક કહે આ સોનગઢવાળા સાધુને માનતા નથી. અરે ભાઈ ! અમે તો ''નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં'' કહીએ છીએ. ભૂતકાળના સાધુ, વર્તમાનના સાધુ, અને ભવિષ્યકાળમાં સાધુ થશે, એને અમે અત્યારે નમસ્કાર કરીએ છીએ. ગુરુદેવ કહેતા હતા અરે અમે તો સાધુના ચરણની રજ છીએ. ક્યાં ભાવલિંગી સંત અને ક્યાં અમે એમને એમ પોતાની રીતે ચલાવે છે બધા. શું થાય !

માત્ર **નિશ્ચયનયે જ્ઞાન જ્ઞાયકને જાણતું નથી.** નિશ્ચયનયે જ્ઞાન જ્ઞાયકને, પોતાના આત્માને ન જાણે ? આત્માનું જ્ઞાન આત્માને જાણે છે, એમાંય અનુભવ થતો નથી. કેમકે એટલો ભેદ પડ્યો. નિશ્ચયનયે જ્ઞાન જ્ઞાયકને જાણતું નથી. **સ્વભાવથી જ જ્ઞાન જ્ઞાયકને જ જાણે છે. એમાં નયની જરૂર નથી. આમ સ્વભાવની સમીપે જતાં નયોના વિકલ્પો શાંત થાય છે. અને આત્માને આત્માનો અનુભવ થઈ જાય છે.** આમ સ્વભાવની સન્મુખ થતાં નયોના વિકલ્પ અસ્ત થઈ જાય છે-શાંત થઈ જાય છે. ત્યારે કોઈ નયોના વિકલ્પ હોતા નથી. વિકલ્પ શાંત થઈ જાય છે. **અને અભેદપણે આત્માનો અનુભવ થાય છે.**

**આ તો સ્વભાવનું જેને ભાન નહોતું; અને જે વ્યવહાર નયના પક્ષમાં પડ્યો હતો એને નિશ્ચયનય દ્વારા સમજાવે છે.** જેથી વ્યવહારનો પક્ષ છૂટે અને નિશ્ચયના પક્ષમાં આવી જાય. **તો એ નિશ્ચયનયને વળગી પડ્યો માટે એને હવે કહે છે.** વ્યવહારનયને છોડીને નિશ્ચયનયના વિકલ્પમાં આવ્યો પણ અનુભવ નથી થયો એવા જીવને **હવે કહે છે કે : જ્ઞાન નિશ્ચયનયે આત્માને જાણતું નથી. તો શું એ વ્યવહારનયે જાણે છે ?** અરે ભાઈ ! તું ક્યાં વયો ગયો !

આ વિષય એવો છે, અને શાસ્ત્રમાં આવે છે કે સ્વમત કે પરમત સાથે તું વાદવિવાદ કરીશમાં. આ વાદવિવાદનો વિષય નથી. ગુરુદેવની સામે ઘણાએ ચેલેન્જ કરી કે : ચર્ચા કરો અમારી સાથે, અમારે ચર્ચા કરવા આવવું છે. અમને ટાઈમ આપો વગેરે.. પણ ગુરુદેવે કોઈ દિવસ કોઈને ટાઈમ આપ્યો નથી અને કહ્યું નથી કે અમારી સાથે ચર્ચા કરો. અમે તો કહીએ છીએ, જેને સાંભળવા આવવું હોય તે આવે. અમે કોઈની સાથે ચર્ચા કરતા નથી. આ ચર્ચાનો વિષય નથી. ભાઈ ! આ ચર્ચાથી પાર આવે એવું નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જ્ઞાન નિશ્ચયનયે આત્માને જાણતું નથી. અરે ! આ શું કહો છો ?** બોલો, કુંભારથી ઘડો થાય ? કે ન થાય. (તેમ) જ્ઞાન આત્માને નિશ્ચયનયથી નથી જાણતું ? 'ના', નથી જાણતું. આ શું ? **શું નિશ્ચયનયે નથી જાણતું તો શું વ્યવહારનયે જાણે છે ? અરે ભાઈ ! તું સાંભળ ! હું ત્રીજી વાત કરૂં છું.** વ્યવહારનયે પણ જ્ઞાન આત્માને જાણે નહીં. અને નિશ્ચયનયે પણ જ્ઞાન આત્માને જાણતું નથી.

હું આ બેય ઉપરાંત એક ત્રીજી વાત કરું છું. પ્રતિક્રમણ અને અપ્રતિક્રમણ એ સિવાય એક બીજી ભૂમિકા છે એમાં અનુભવ થાય. અપ્રતિક્રમણ એ તો ઝેર છે, પણ પ્રતિક્રમણનો વિકલ્પ પણ ઝેર છે. શુભરાગ છે ને ? એ લીધું છે. આ તો બેય પ્રકારના પ્રતિક્રમણ કરતાં ત્રીજા પ્રકારના પ્રતિક્રમણની વાત છે. અરે ! આ સમયસાર એટલે શું ? અપ્રતિક્રમણ તો નિષેધ કરવા યોગ્ય છે- પાપના પરિણામ, એ તો કોઈ સવાલ જ નથી, પણ પ્રતિક્રમણનો જે શુભરાગ આવે છે એમાં પણ આકુળતા થાય છે. ભાઈ ! એ ખરેખર પ્રતિક્રમણ નથી. વ્યવહાર પ્રતિક્રમણ એ પ્રતિક્રમણ નથી. એનાથી જુદી એક ત્રીજી ભૂમિકા છે કે જ્યાં પ્રતિક્રમણનો વિકલ્પ પણ ઉત્પન્ન થાય નહીં. પૂર્વે લાગેલા દોષો એ એનો ત્યાગ કરીને, એને ટાળવા એવો વિકલ્પ પણ જ્યાં છે નહીં, એ તો સ્વરૂપમાં લીન થઈ ગયો છે. સ્વરૂપમાં લીન થયો તો પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, અને આલોચના બધું એક સમયમાં થઈ ગયું.

એક વીતરાગ ભાવમાં દશ લક્ષણ આવ્યા છે ને ? એક વીતરાગી પર્યાયમાં દશે ધર્મો સમાઈ જાય છે.

પ્રતિક્રમણમાં એ આવે છે. તું સાંભળ ! હું ત્રીજી વાત કરું છું. પ્રતિક્રમણમાં આવે છે. શાસ્ત્રમાં પણ છે, 'જ્ઞાન' જો-જો જ્ઞાન. જ્ઞાન એટલે શું ? આ સમયસારમાં આમ લખ્યું છે, એવું જે જ્ઞાન. એ જ્ઞાન છે ? (ના.) તારું જ્ઞાન સમયસારમાં છે ? (નહીં.) જ્ઞાન સમયસારમાં ન હોય. પણ (નિજ) સમયસારમાં હોય. એક નિમિત્તરૂપ સમયસાર અને એક ઉપાદાનરૂપ સમયસાર.

**જ્ઞાન સ્વભાવથી જ આત્માને જાણે છે,** બોલો. એ ક્યારે ? ચોથા કાળમાં ? નિરંતર જ્ઞાન આત્માને જ જાણે છે. **એને નય લાગુ પડતી નથી.** સ્વભાવથી જ છે પછી ક્યાં પ્રશ્ન છે નયનો ? **એક દ્રવ્ય સ્વભાવ અને એક પર્યાય સ્વભાવ, બન્નેના સ્વભાવને લક્ષમાં લે. સ્વભાવને લક્ષમાં લે તો એક અનુભવ થાય.** દ્રવ્ય સ્વભાવ અને પર્યાય સ્વભાવ, એને સ્વભાવથી જુઓ તો અનુભવ થઈ જાય. દ્રવ્યને દ્રવ્યના સ્વભાવથી જુઓ અને પર્યાયને પર્યાયના સ્વભાવથી જુઓ તો તને અનુભવ થઈ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જશે. બન્નેના સ્વભાવથી જોતાં એક અનુભવ થાય. **નયાતીત થવાની આ વિધિ છે,** નયોના વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ આત્માનો અનુભવ થવાની આમાં વિધિનો પ્રકાર છે.

'જાણનારો જણાય છે.' આહાહા ! કોલાહલ બંધ કરો હવે. નયોના વિકલ્પના કોલાહાલ બંધ કરો, જો આનંદનો સ્વાદ લેવો હોય તો ? આહા ! 'જાણનારો જ જણાય છે' વર્તમાનમાં; અને 'જાણનારો જણાયા જ કરે છે.' કોઈ કાળે જ્ઞાન જાણવાનું છોડતું જ નથી.

સ્વ પ્રશ્ન :- તો પછી કેમ અનુભવ થતો નથી ? કે તને એવો ક્યાં વિશ્વાસ આવે છે કે જાણનારો જણાય છે. હું તો આને જાણું છું, તારી દૃષ્ટિ વિપરીત છે. નિમિત્તાધીન દૃષ્ટિ છે. નિમિત્તના લક્ષે જાણનારો ન જણાય. ત્રિકાળી ઉપાદાનના લક્ષે જાણનાર જણાય, જણાય ને જણાય. આહા ! લક્ષ ફેરવી નાખને તું. આ જણાય છે, આ જણાય છે; રહેવા દે ને !

**"જાણનારો જણાય છે." અર્થાત્ જણાયા જ કરે છે. જાણે છે ને જણાય છે, જાણે છે ને જણાય છે; એ ફંકશન ચાલુ છે, અનાદિનું. આબાળ-ગોપાળ સૌને ભગવાન આત્મા જણાયા જ કરે છે** બોલો. આ શાસ્ત્રનો આધાર, જણાયા જ કરે છે "જાણે છે" ને એ જ્ઞાનપ્રધાન કથન છે. અને "આત્મા જણાયા જ કરે છે" એ જ્ઞેય પ્રધાન કથન છે. જાણે છે તે જ્ઞાન અને જણાય છે તે જ્ઞેય. જાણે એ આત્મા અને જણાય પણ આત્મા. જાણે જ્ઞાન અને જણાય દુકાન ! કેમકે એ જ્ઞેય તો છે ને !

એ જ્ઞાન પણ પોતે, જ્ઞેય પણ પોતે ને જ્ઞાતાપણ પોતે એવા ત્રણ ભેદ કરો તો છે, અને ભેદ ન કરો તો અભેદ એક વસ્તુ છે. આબાળ-ગોપાળ સૌને ભગવાન આત્મા જણાયા જ કરે છે. પ્રયત્ન વિના હોં ! કંઈ પુરુષાર્થ ન કરવો પડે અને જણાયા જ કરે છે. "જાણે છે ને જણાય છે" એવા સ્વભાવનો સ્વીકાર કરવો એનું નામ પુરુષાર્થ છે. કાંઈ નવું કરવાનું નથી. એ..જ્ઞાનેય ઉત્પન્ન કરવું નથી. જ્ઞાન તો ઉત્પન્ન થઈ જ રહ્યું છે. અને આત્માને જાણવાનોય નથી જણાયા જ કરે છે. સ્વીકાર કરે એટલી વાર છે.

સ્વભાવનો સ્વીકાર એનું નામ અનંતો પુરુષાર્થ છે. પુરુષાર્થ તો છે પણ અનંતો પુરુષાર્થ છે. **કઈ નયથી જણાયા કરે છે ?** આત્મા નયથી જણાય ને ! નય વિના કેવી રીતે જણાય ? **અરે ! એ તો સ્વભાવથી જ જણાયા કરે છે** સાંભળ તો ખરો. આ ૧૭મી ૧૮મી ગાથા છે ને તે બહુ ઊંચા પ્રકારની છે. **એમાં આવે છે કે જ્યારે સ્વભાવની સન્મુખ થાય છે, અને અનુભવ થાય છે ત્યારે નયોની લક્ષ્મી ઉદય પામતી નથી. પ્રમાણ અસ્તને પામે છે. નયોની લક્ષ્મી અર્થાત્ સ્વભાવને જાણનારી**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સવિકલ્પાત્મક જ્ઞાનની પર્યાય ઉદય પામતી નથી.** રાગના સંબંધવાળું જ્ઞાન ઉત્પન્ન થતું નથી. રાગના સંબંધને છોડીને એ જ્ઞાન પ્રગટ થાય છે. **નય અસ્ત થાય છે. ત્યારે સ્વાભાવિક જ્ઞાન ઉદય થાય છે. જ્યારે આત્માને સ્વભાવથી જુએ છે ત્યારે નયોના વિકલ્પ છૂટી જાય છે.**

**સમયસાર કળશ નવમાં આવે છે કે...**

**उदयति न नयश्रीरस्तमेति प्रमाणं**
**क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रम् ।**
**किमपरमभिदध्मो धाम्नि सर्वङ्कषेऽस्मि-**
**न्ननुभवमुपयाते भाति न द्वैतमेव ॥ ९ ॥**

આ પુસ્તિકા લખાણી તો કોઈ કહે આ ઘરનું લખાણ છે. ભાઈ ! આમાં ઘરનું કાંઈ નથી. જે સંતોએ વર્ણવ્યું છે તેનું સ્પષ્ટીકરણ કરીએ છીએ. આ બધી વાત છે, સ્વભાવની વાત છે ઘરની, આત્માની છે. પણ અહીંયા આચાર્ય ભગવાન કહે છે કે આ બધા આત્માનો સ્વભાવ જ એવો છે કે નયથી જણાય એવો નથી. શાસ્ત્રજ્ઞાનથી જણાય એવો નથી. આત્મજ્ઞાનથી આત્મા જણાય છે.

**શ્લોકાર્થ :- આચાર્ય શુદ્ધનયનો અનુભવ કરીને** કહે છે કે શુદ્ધનયનો એટલે કે શુદ્ધાત્માનો અનુભવ કરીને કહે છે અથવા શ્રુતજ્ઞાનનો અનુભવ કરીને કહે છે. શ્રુતજ્ઞાન કહો કે આત્મા કહો એક જ છે. **આ સર્વ ભેદોને ગૌણ કરનાર જે શુદ્ધનયનો વિષયભૂત ચૈતન્ય ચમત્કાર માત્ર તેજઃ પૂંજ આત્મા;** સામાન્ય-સામાન્ય-અનાદિ અનંત જ્ઞાયક ટંકોત્કીર્ણ એક આત્મા અંદર બિરાજમાન છે. **તેનો અનુભવ થતાં નયોની લક્ષ્મી ઉદય પામતી નથી.** એટલે નયોના વિકલ્પ ઉત્પન્ન થતા નથી. અર્થાત્ વિકલ્પ શાંત થઈ જાય છે. **પ્રમાણ અસ્તને પ્રાપ્ત થાય છે** પ્રમાણના વિકલ્પો અસ્ત થાય છે.

દ્રવ્ય-પર્યાયને એક સાથે જાણનારું જ્ઞાન છે તેને પ્રમાણ કહેવામાં આવે છે. એ વિકલ્પાત્મક પ્રમાણ કહેવાય. પ્રમાણ અને નયના પ્રકાર બબ્બે છે. નય અને પ્રમાણ વિકલ્પાત્મક હોય અને નય અને પ્રમાણ નિર્વિકલ્પ પણ હોય છે. પણ અહીંયા નય અને પ્રમાણ તે વિકલ્પાત્મક સાધકની ભૂમિકા બતાવી. સાધક એટલે જેને સમ્યક્દર્શન સાધ્ય છે એને પણ સાધક કહેવાય અને સાધક થયા પછી એને સાધ્ય મોક્ષ છે એને પણ સાધક કહેવાય.

અહીંઆ તો જેને સમ્યક્દર્શન પ્રગટ નથી થયું એવો જીવ નય દ્વારા વિચારે છે. અનુભવના કાળમાં નયોના વિકલ્પ ઉત્પન્ન થતા નથી **અને નિક્ષેપોનો સમૂહ ક્યાં જતો રહે છે તે અમે જાણતા**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી દ્રવ્યનિક્ષેપ, ભાવનિક્ષેપ, સ્થાપના નિક્ષેપ, નય નિક્ષેપ, એ ચાર નિક્ષેપ કહેવાય છે.

અમૃતચંદ્ર આચાર્ય ભગવાન કહે છે કે અમે અમારા સ્વરૂપમાં લીન થઈએ છીએ ત્યારે આને વ્યવહાર નય કહેવાય, અને આને નિશ્ચયનય કહેવાય, આને પ્રમાણ કહેવાય, અને આને નિક્ષેપ કહેવાય તે જાણતા નથી. આહાહા ! કારણ કે છે જ નહીં. હોય તો જ્ઞાનનું જ્ઞેય વ્યવહારે કહેવાય; પણ એ છે જ નહીં. અનુભવના કાળમાં ત્યારે કોઈ વિકલ્પ હોતો નથી. નિક્ષેપ છે કે નથી તે અમે જાણતા નથી.

**આથી અધિક શું કહીએ ! દ્વૈત જ પ્રતિભાસિત થતું નથી** આ અનુભૂતિ અને આ આનંદની પર્યાય; ને આ આનંદની પર્યાય ને આ અનુભૂતિ એવું બેપણું આત્મામાં ભાસતું નથી. અભેદ જ્ઞેયમાં બેપણું નથી. અભેદ ધ્યેયમાં પણ બેપણું નથી.

અભેદધ્યેયમાં બેપણું નથી; અને અભેદ જ્ઞેય થાય એમાં પણ બેપણું નથી. ઈ શું ભલા ? કે અભેદ ધ્યેય છે એમાં જ્ઞાન, દર્શન, ચારિત્રના ગુણભેદ એમાં નથી. દૃષ્ટિના વિષયમાં-ધ્યેયમાં ગુણભેદ નથી. પર્યાયનો તો એમાં અભાવ છે. પણ ગુણોનો તો એમાં સદ્ભાવ છે. પણ ગુણભેદનો અભાવ છે.

એ જ કહે છે કે જેનું અવલંબન લેતાં નિર્વિકલ્પ ધ્યાન જે આવે છે એ ધ્યેય અભેદ છે. એ અભેદમાં ગુણભેદ દેખાતા નથી. અને અભેદ ઉપર દૃષ્ટિ કરતાં નિર્વિકલ્પ ધ્યાનમાં નિશ્ચય રત્નત્રયનાં પરિણામ પ્રગટ થાય છે, વીતરાગી પરિણામ એ પણ અભેદ થઈને જ્ઞેય થાય છે. એ જ્ઞેયમાં દ્વૈત ભાસતું નથી. બેપણું ભાસતું નથી. ધ્યેયમાં ગુણભેદ દેખાતો નથી. અને સ્વજ્ઞેય થયું; એમાં પર્યાયનો ભેદ દેખાતો નથી. અને છતાં ગુણો પણ છે, અને પર્યાયો પણ છે. શું કહ્યું ? એ ગુણોને ઉડાડી દીધા ? 'ના'. પર્યાયને ઉડાડી ? 'ના'. શું વાત કરો છો ? આ અમારા મગજમાં કાંઈ આવતું નથી. કેમકે મગજમાં કચરો ભર્યો હોય તો ક્યાંથી આવે ??

તને તો આ કુટુંબ મારું, આ લક્ષ્મી મારી, મોટર મારી, આહાહા ! બેંક બેલેન્સ મારું; કારખાનું મારું, મારું મારું, મારું, તે મરે છે. હવે મરવા જેવું નથી. કારખાનાના માલિક કોણ છે ? પુદ્ગલ છે, તું નથી ભાઈ ! એ ધીરૂભાઈ નથી અને અરવિંદભાઈ પણ નથી.

ઘણાં વર્ષ પહેલાંની વાત કરું છું હોં ! ઘણાં વર્ષ પહેલાંની. ઘણાં વર્ષો થઈ ગયા. સીત્તેર (૭૦) વર્ષ થઈ ગયા. સ્થાનકવાસી, શ્વેતામ્બર, એના પર્યુષણમાં આઠ દિવસ દુકાન બંધ કરી દે. દુકાનને તાળું. બીજા ઘરાક પણ કહે કે વાણિયાના પરબ (પર્વ) ચાલે છે. હવે આઠ દિવસ કંઈ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મલશે નહીં એવી તો છાપ. ભલે તેઓને ઓઘે ઓઘે એ સમજે કાંઈ નહીં; પણ એને ય એટલો ધર્મનો પક્ષ છે ને ! એ અપેક્ષાએ વાત કરું છું. તે સાચા હતા કે નહીં એ મારો કહેવાનો આશય નથી.

એટલે કહેવાનો મારો આશય એ છે કે દશ દિવસ પણ નિવૃત્તિ ન મળે ! અહાહા ! અરે ! ચોવીસ કલાક ન મળે તો કલાક તો નિવૃત્તિ કાઢવી જોઈએ કે નહીં ? એવા ઘણાંય જામનગરમાં પ્રવૃત્તિવાળા છે છતાંય આવે છે; એમાં શું ? આત્માની વાત છે ને ? બાર મહિને દશ દિવસ પણ આવે નહીં. મહિને મહિને દશ દિવસ આવે તો તો કહે કે આ તો મહિને-મહિને આવે છે. આ મહિને નહીં જઈએ તો આવતા મહિને જઈશું. મહિને-મહિને નથી આવતા દશ દિવસ. અત્યારે મીઠાશથી કહી દેવાય બધુંય, હિતને માટે છે ને ?

**"જાણનારો જણાય છે..."** પાછું આવી ગયું. એ જ આવે ને ! ઈ...જ આવે છે. બીજું કાંઈ આવવાનું નથી. બીજું બધું ગયું હવે. જાણનારો જણાય છે એમાં અનુભવ થાય છે. ભાઈ ! સાધારણ વાક્ય નથી. "જાણનારો જણાય છે એમાં તો સમ્યક્દર્શન જ્ઞાન થઈ જાય છે. એટલું બધું સહેલું છે ? કે : ભાઈ ! સ્વભાવ સહેલો હોય, વિભાવ અઘરો હોય. પાણી ઉપર ચડાવવું હોય તો મશીન જોઈએ, ને પાણીને આમ નીચે ઢાળવાળા માર્ગે નાખવું હોય તો, એની મેળે ઢળી જાય. સ્વભાવ સહેલો હોય, વિભાવ અઘરો છે.

"જાણનારો જણાય છે." સાધુ પોકાર કરે છે, સંતો પોકાર કરે છે, ગુરુદેવ કહી ગયા છે કે: તને સમયે સમયે જાણનારો જણાય છે. ૧૭મી ને ૧૮મી ગાથામાં એમ કહે છે કે બાળ-ગોપાળ સહુને જાણનારો જણાય છે. અનુભવમાં આવે છે એટલે કે જાણનારો જણાય છે. આ તો સમયસારનું કથન છે. જણાશે એમ નથી, જણાઈ રહ્યો છે, તો બીજું નહીં જણાય.

જુઓ આ સમયસાર છઠ્ઠી ગાથાનો ચમત્કાર આવ્યો હોં ! મારું કામ એને જાણવાનું નથી. ઈન્દ્રિયજ્ઞાન એને જાણશે પણ હું તો જાણનારને જાણું છું બસ. એ કુંદકુંદની વાણી વાંઝણી ન જાય. બે હજાર વર્ષ પહેલાં લખ્યું છે. કુંદકુંદની વાણી છૂટે અને કોઈ ન સમજે એમ બને નહીં. ઓછા વધતું બધા સમજે સમજે ને સમજે.

આ ખીમચંદભાઈ; આ...રસીકભાઈના આ દીકરા છે, એમ એને ઈન્દ્રિયજ્ઞાન જાણે; હું એને જાણતો નથી. કેમકે ઈન્દ્રિયજ્ઞાન મારું નથી. આ નવ તત્ત્વ જણાય કે નહીં ? 'ના'. તો કોણ એને જાણશે ? ઈન્દ્રિયજ્ઞાન. તો પછી ઈન્દ્રિયજ્ઞાન એને જાણશે, તો હું એને જાણતો નથી. મને તો જાણનારો જણાય છે. તો આ પુત્ર મારો એવી મમતા છૂટી જશે. મમતાનો અભાવ થઈ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જશે. અશોકભાઈ-અશોકભાઈમાં રહેશે, અને મારો આત્મા મારા આત્મામાં રહેશે. અને મારું કામ થઈ જશે. મમતા ગઈ તો સમતા આવેલી જ છે. વીતરાગી સમતા હોં ! ''જાણનારો જણાય છે.'' આવી વાત જ આવે ને ? પર જણાય છે એ આવશે ? હવે પર જણાય છે એ વાત આવશે ? નહીં આવે. તો પછી પર તો રહેશે, તો પરનો જાણનારો કોણ રહેશે ? ઈન્દ્રિયજ્ઞાન. એને એના ખાતામાં નાખી દ્યો.

વારંવાર વારંવાર હેમરીંગ; માથામાં હથોડા માર્યા કરે છે. હથોડા મારે બરોબર. હથોડા મારે ને ત્યારે તો હજુ કાંઈ નરમ પડે. આ કાંઈ ઓછો નથી. એની આડોડાઈ ને વાઈડાઈ કાંઈ ઓછી નથી. એ પણ મર્દનો દિકરો છે. શું હું નથી જાણતો ? એની સામે બહુ હથોડા મારેને ત્યારે જરાક પોચો પડે. હું તો બહુ ન મારું; પણ...બેન પૂછે કે શાસ્ત્રમાં આવે છે. તમે શું સમજ્યા એમ. મારી તો પૂછવાની ટેવ છે નહીં. કોઈ દિ', કોઈને નહીં. આહા ! કોઈ સમજે કે કોઈ ન સમજે.

સંતોને ખબર છે કે અહીં પાકું નહીં કરે તો બહાર જઈને બીજા ઊંધા રવાડે ચડી જશે. ''જાણનારો જણાય છે.'' **અને જ્યારે મને જાણનારો જણાય છે એમ આવે છે ત્યારે નિશ્ચયનયથી જાણનારો જણાય છે એવો વિચાર પણ આવતો નથી.** એવો વિકલ્પ પણ આવતો નથી. જાણનારો જણાય છે એમ વિચારે છે;ત્યારે નિશ્ચયનયથી જાણનારો જણાય છે એવો નિશ્ચયનયનો વિચાર છૂટી જશે; આવશે જ નહીં. આ પ્રયોગની વાત ચાલે છે. આહાહા !

આ જાણનારો જ જણાય છે એ સાધારણ વાત નથી. હરકિશન ભાઈ ! આ કાપડ જણાતું નથી; પણ જાણનારો જણાય છે. તો પછી કાપડને કોણ જાણશે ? (ઈન્દ્રિયજ્ઞાન) કાપડને કોણ જાણશે ? દર્શનાને કોણ જાણશે ? ઈન્દ્રિયજ્ઞાન. આ તમારી દીકરી તો છે કે નહીં ? 'ના'. નહીં ? તમારી દીકરી નહીં ? શું આ વાત કરો છો ! આ શું માંડી છે ! આ તો પરમાત્મા થવાનો માર્ગ ચાલે છે ભાઈ ! કોની દીકરીને કોના પિતા...દેહનો ધણી પણ આત્મા નથી તો પછી કુટુંબ કબીલાની તો ક્યાં વાત જ રહી !

(પરમાંથી) મારાપણું તો ગયું, પણ જાણવાનું પણ ગયું. રહેવાનું ગયું અને જાણવાનું ગયું. જાણનારો રહી ગયો. અને જાણનાર જણાઈ ગયો. અનુભવ થયો પછી જાણનાર છું એમ આવે. 'જાણનાર જ જણાય છે.' 'હું જાણનાર છું અને જાણનાર જણાય છે.' બીજું કાંઈ જણાતું નથી. આ શું માંડ્યું છે ? (શ્રોતા :- કચરો નીકળી ગયો અને મગજ સાફ થઈ ગયું.) બસ કચરો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નીકળી ગયો ને મગજ સાફ થઈ ગયું.

નયનો; એવો વિચાર પણ આવતો નથી. જાણનાર જણાય છે. સ્વભાવથી જ જાણનાર જણાયા કરે છે. એવું જ મારું સ્વરૂપ છે બસ. **સ્વભાવથી જ જાણનારો જાણવામાં આવી રહ્યો છે.** સ્વભાવથી 'જ', જાણનારો એટલે જ્ઞાયક; જાણવામાં એટલે જ્ઞાનમાં આવી રહ્યો છે. **તો સ્વભાવ જ લક્ષમાં આવે છે.** આહાહા ! વિભાવ લક્ષમાં આવતો નથી. **અને જ્યારે સ્વભાવ લક્ષમાં આવે છે ત્યારે નયના વિકલ્પો છૂટી જાય છે.** એટલે વિકલ્પ ઉત્પન્ન થતા નથી. **સ્વભાવ સ્વભાવપણે અભેદ અનુભવમાં આવે છે.** બે પ્રકારના અભેદ એક અભેદ થઈને જણાય છે.

બે પ્રકારના અભેદ, 'એક અભેદ જાનનહાર,' ગિરનાર ઉપર આકાશવાણી થઈ હતી ને ? આણે ટેપ રાખેલ ખિસ્સામાં. અમે ગિરનાર ઉપર જતા'તા, એ લોકો ચાલીને આવે અને હું ડોળીમાં, બધા સાથે સાથે જઈએ. એમાં બહેનની ભજનની ટેપ કિશોરભાઈએ વગાડી. ''પ્રભુ મેં જ્ઞાયકરૂપ કેવલ જાનનહારા રે.'' ભાઈ ! આ તો આકાશવાણી થઈ એમ કહ્યું હોં ! એટલે કહ્યું કે આ આકાશવાણી આવી. આકાશવાણી છે. નાનું ટેપ ખિસ્સામાં એટલે દેખાય નહીં. આકાશવાણી એટલે દિવ્ય ધ્વનિનો સાર છે. ''જાણનારો જણાય છે'' આ સાધારણ વાત નથી. એની કિંમત કરજો બધા. ''જાણનારો જણાય છે.'' તમે બધા અહીંથી જાવ ને તમારા ગામ તો ભૂલશો નહીં. ''જાણનારો જણાય છે.'' દશ વખત તો યાદ કરજો. ભૂલશો, નહીં. ક્યાં ગયો આશિષ ? નથી આવ્યો ? ફેક્ટરીમાં પડ્યો છે. આ આવ્યો ! આ વ્યો. પરમ દિવસે એનો જન્મ દિવસ હતો. એ આવ્યો સવારનાં, ભાઈ ! દશ વખત બોલું છું. દશ વખત બોલવાનું, અને પાછું રોજ બોલવાનું એમ ! આજે બોલવાનું એમ નહીં; દરોજ. તે કહે ભાઈ ! રોજ બોલું છું. એઈ.. અહીં આવ; શું તને લેશન આપ્યું મને તો કહે ! હું તો કોઈની પરીક્ષા લેતો નથી. આજ વળી પૂછું છું. સવારે બોલીએ છીએ. (શ્રોતા-થવા યોગ્ય થાય છે ને જાણનારો જણાય છે. અને ખરેખર પર જણાતું નથી. આ એક વાક્ય દશ વખત બોલવાનું દરરોજ હોં !!! રોજ બોલે છે ? (હા. ભાઈ !)

બધું થવા યોગ્ય થાય છે ને જાણનાર જણાય છે. કોઈ કોઈનો કર્તા નથી. બધું થવા યોગ્ય થાય છે. જડ-ચેતનનાં પરિણામ; અંદરના અને બહારના બધુંજ થવા યોગ્ય થાય છે. કોઈ કોઈનું કર્તા હર્તા નથી. એના સમયે એના કાળે પરિણામ થવા યોગ્ય થયા જ કરે છે. આત્મા એનો કર્તા નથી. આત્મા એનો વ્યવહારે જ્ઞાતા છે કે નહીં ?વ્યવહારે જ્ઞાતા એટલે શું ? કેઃ મન એને જાણે છે, અને કહેવાય કે આત્મા એને જાણે છે. એનું નામ વ્યવહાર કહેવાય.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિર્મળ પર્યાયનો આત્મા વ્યવહારે કર્તા છે ? વ્યવહારે કર્તા છે એટલે શું ? કર્તા નથી. પર્યાયનો કર્તા પર્યાય છે. ને ઉપચાર આવ્યો આત્મા ઉપર કે નિર્મળ પર્યાય ને કે સમ્યક્ દર્શનને આત્મા કરે છે. એ ઉપચારનું કથન છે. જ્યારે ગોદીકાજીએ સોળલાખ ખર્ચ્યા એ વખતનાં; તેને ઘણાં વર્ષ થઈ ગયાં ત્રીસેક વર્ષ થયાં હશે; એ વખતે જયપુર ગુરુદેવ પધાર્યા હતા. બધા મુમુક્ષુઓ ઘણા ગયા હતા. હું પણ ગયો'તો, એમાં ગુરુદેવે એક વાર વાત કરી કે ''નિર્મળ પર્યાય-શુદ્ધપર્યાય-સમ્યક્દર્શનની પર્યાયનો આત્મા ઉપચારથી પણ કર્તા નથી. વ્યવહારે પણ કર્તા નથી. આહાહા ! બરોબર છે. ઉપચારે કર્તા છે એ સવિકલ્પ દશા છે. પછી નિર્વિકલ્પ ધ્યાનમાં જવા માટે ઉપચારથી પણ નિર્મળ પર્યાયનો કર્તા નથી, એમાં શુદ્ધ ઉપયોગની દશા આવી જાય.

નિયમસારમાં પરમાર્થ પ્રતિક્રમણની ગાથામાં છે કે નિર્મળ પર્યાયનો પણ આત્મા ઉપચારથી પણ કર્તા નથી. આહાહા ! કોઈ અપૂર્વ વાતો બહાર આવી ગઈ છે. ત્રીસ વર્ષ પહેલાંની આ વાત છે. બહુ પ્રમોદ આવી ગયો; ત્યાં ઉતારે ગયો ગુરુદેવનાં, પ્રમોદ જાહેર કરવા; શું ગુરુદેવ આજે આપે આ વાક્ય અમૃત કહી દીધું-બધા બેઠા હતા, વ્યવહારની વાત ચાલતી હતી. પછી હું કાંઈ બોલ્યો નહીં.

''નિર્મળ પર્યાયનો વ્યવહારે કર્તા નથી.'' કર્તાપણું જ નથી પછી વ્યવહાર કે નિશ્ચયનો પ્રશ્ન જ નથી. સ્વયં થાય છે એને વ્યવહાર કે નિશ્ચયની શું જરૂર છે ? સમ્યક્ દર્શન-જ્ઞાન ચારિત્રનાં નિર્વિકાર વીતરાગી રત્નત્રયનાં પરિણામ થવા યોગ્ય થાય છે.

અરે ! થવા યોગ્ય થાય છે એને જાણતો નથી. થવા યોગ્ય થાય છે એમ જાણીને ''જાણનારને જાણું છું.'' કર્તા બુદ્ધિ ગઈ અને થવા યોગ્ય થાય છે એની જ્ઞાતાબુદ્ધિ પણ ગઈ. સાક્ષાત્ જ્ઞાયકનો જ્ઞાતા થઈ ગયો. એવી વાતો ઘણી બધી બહાર આવી છે. ''જાણનારો જણાય છે'' એમાં કામ થાય છે. એમાં કામ થઈને કેવળજ્ઞાન થશે. શું કહ્યું ? ઉપચારથી કર્તા છે એમ જ્ઞાની કહે ત્યારે એને સવિકલ્પ દશા હોય. ઉપચારથી કર્તા નથી ત્યાં નિર્વિકલ્પ ધ્યાનમાં ચાલ્યો જાય છે. અને શ્રેણી હોય તો કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય છે. ઉપચારથી કર્તા નથી કેવળજ્ઞાનનો કક્કો છે. આ તમારાં પુત્ર બોલે છે ખીમચંદભાઈ ! કે ! કેવળજ્ઞાનનો કક્કો છે. આહાહા ! આત્મા છે ને ! એમાં શું ? દેહ ક્યાં છે ? આત્મા છે ને ?

''થવા યોગ્ય થાય છે ને જાણનારો જણાય છે.'' સંતોની વાણી છે ને ! બસ.

આગળ હવે- **સમયની વ્યાખ્યા કરી કે જાણવું અને આત્માને જાણવારૂપે પરિણમવું એ**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સ્વભાવથી જ છે.** આ સમયસારની બીજી ગાથા છે. એમાં સમયની વ્યાખ્યા છે. આચાર્ય ભગવાને કહ્યું કે : ''યુગપદ્ એક સાથે જાણવું અને પરિણમવું એ આત્માનો મૂળ સ્વભાવ છે.'' એમાં પરની કે કર્મની અપેક્ષા નથી. જાણવું અને જાણવારૂપે પરિણમવું એ સમયની વ્યાખ્યા કરી. એમાં સ્વ સમય અને પર સમય થઈ જાય કોઈ જીવ, એ જુદી વાત છે. અને આત્માને જાણવા રૂપે પરિણમવું સ્વભાવથી જ છે; અનાદિ અનંત કોઈ નય લાગુ એમાં ન પડે. આહાહા ! જો નય લગાડીશ તો સ્વભાવથી દૂર થઈ જઈશ. નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે છે તો સ્વભાવથી દૂર થઈ ગયો. એને એમ લાગે કે હું આગળ વધ્યો, પણ એ આગળ વધ્યો નથી. ઈ...વિકલ્પની જાળમાં અટક્યો છે. નય લાગુ ન પડે. જો નય લગાડીશ તો સ્વભાવથી દૂર થઈ જઈશ. વિકલ્પ ઊઠશે તો નિર્વિકલ્પ ધ્યાન આવશે નહીં. અને જો સ્વભાવથી જોઈશ તો નય દૂર થઈ જશે.

ફરીને-જો નય લગાડીશ તો સ્વભાવથી દૂર થઈ જઈશ. અને જો સ્વભાવથી જોઈશ તો નય દૂર થઈ જશે. આ નયથી દૂર થવાની વાત ચાલી રહી છે. નયાતિક્રાંત થવાની વાત ચાલી રહી છે. નયથી સમજવાની ટેવ પડી ગઈ છે, તેથી વિકલ્પ ઉત્પન્ન થયા વગર રહેતો નથી. આ નયથી આવો, ને આ નયથી આવો, ને આ નયથી આવો...; સદ્ભૂત, ઉપચરિત, અનુપચરિત, આહાહા !

નયોના ચક્કરાવામાં ચડી જાય ને આયુષ્ય પૂરું થઈ જાય, અને અનુભવ થાય નહીં. તો શું નયોનું ફળ તો આવ્યું નહીં. શાસ્ત્રને ભણવાનું ફળ તો વીતરાગતા થવી જોઈએ. નય તો રાગ છે. નયનો રાગ તો દુઃખદાયક છે. આકુળતા ઊભી થાય છે.

(ટાઈમ બહુ થઈ ગયો... કોઈ બોલ્યું એ નહીં.)

***મૂળ વાતમાં અપેક્ષા લગાવે છે, તો મને ખટકે છે. (મૂળ વાત પર જોર દેતી વખતે કોઈ તેની અપેક્ષા લગાવીને બીજી અપેક્ષાએ આમ પણ છે, એ રીતે મૂળ વાતની ગૌણતા થઈ જવાથી પ્રયોજનની અસિદ્ધિ થાય છે. તેથી ખટકે છે.) (કેમ કે) તેમાં જે તીખાશ હોય છે તે તૂટી જાય છે. અપેક્ષા લગાવવાથી ઢીલાપણું થઈ જાય છે.***

***(દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ. બોલ નં. ૩૫૧)***



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ચર્ચા નં-૬ જામનગર** **તા. ૨૦-૯-૯૧**

યથાર્થ નિર્ણય થયા પછી પક્ષાતિક્રાંત કેમ થાય એનુ સ્પષ્ટીકરણનું આ પુસ્તક છે.

બીજો પારો- **નિશ્ચયનયે હું અકર્તા છું તો વ્યવહારનયે કર્તા છું એમ આવી જ જાય,** પણ સ્વભાવથી અકર્તા એમ ન આવે. નિશ્ચયનયે હું અકર્તા છું એમ નહીં સ્વભાવથી જ અકર્તા છું, અનાદિ-અનંત વસ્તુનો આખો સ્વભાવ જ નિષ્ક્રિય છે અનાદિ અનંત, એમાં બંધ-મોક્ષની પર્યાયથી રહિત આત્મા, આત્મા એટલે આત્માનો ત્રિકાળ સ્વભાવ, પર્યાયમાં ભલે બંધ મોક્ષની ક્રિયા થાય, નવ તત્ત્વના પરિણામ થાય પણ એનાથી આત્મા ભિન્ન છે.

દૃષ્ટિનો વિષય અકર્તા જ છે. સ્વભાવથી જ અકર્તા છું. **હું વ્યવહારનયે તો અકર્તા નથી જ પણ નિશ્ચયનયે પણ અકર્તા નથી. હું તો સ્વભાવથી જ અકર્તા** અને સ્વભાવથી જ જ્ઞાયક ને સ્વભાવથી જ જ્ઞાતા છું. મારો ત્રિકાળી સ્વભાવ જ એવો છે જ્ઞાનમય. એ જ્ઞાતાપણે જ રહેલો છે. જ્ઞાયકપણે રહ્યો છે. એ ત્રિકાળી સ્વભાવ છોડીને કર્તા થતો નથી.

કર્તાપણાનો ધર્મ ક્રિયાના કારક પર્યાયમાં છે. આ તો દ્રવ્ય સ્વભાવની વાત ચાલે છે. **નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે છે ?** એમ પ્રશ્ન થયો. **નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણતું નથી. અરે ! આ શું કહો છો ?** ખળભળાટ થઈ જાય. **હા ! સ્વભાવથી જ જ્ઞાન આત્માને જાણતું જ પરિણમી રહ્યું છે.** એમાં નયની જરૂર નથી. ઉપયોગ લક્ષણ છે. સમય નામનો પદાર્થ છે. અનાદિ અનંત જ્ઞાન આત્માને જાણવારૂપે પરિણમી રહ્યું છે. એ એનો સ્વભાવ જ છે. સૂર્યના પ્રકાશનો સ્વભાવ જ છે કે સૂર્યને પ્રસિદ્ધ કરીને પ્રગટ થાય છે.

**હિંમતનગરમાં કહ્યું હતું કે : દ્રવ્ય સ્વભાવ અનાદિ અનંત જ્ઞાનમાં જણાયા જ કરે છે.** બધા જીવોને બાળ-ગોપાળ સૌને, વર્તમાન જે ઉપયોગ એટલે જ્ઞાન પ્રગટ થાય છે એમાં પોતાનો જ્ઞાનાનંદ પરમાત્મા જણાયા જ કરે છે. જણાયા જ કરે છે એવો આત્મા જ્ઞેય છે; સ્વભાવ છે જ્ઞાયકનો. જ્ઞાનમાં જ્ઞાનત્વ છે, **જ્ઞાન જાણે છે અને આત્મા પોતાના જ્ઞાનમાં જણાયા કરે છે. આ ફંકશન એટલે ક્રિયા અનાદિ અનંત ચાલુ છે.** કોઈ માનો કે કોઈ ન માનો. પણ ઉપયોગ નામનું લક્ષણ આત્માનું છે, તેથી ઉપયોગમાં પોતાનો આત્મા જણાયા જ કરે છે.

**આ વસ્તુસ્થિતિનો સ્વીકાર કરી લે તો અનુભવ થશે.** હું કર્તા છું એમ માનીશ ત્યાં સુધી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનુભવ નહીં થાય. હું તો જાણનાર છું, જાણનારો જ જણાય છે; બાળ-ગોપાળ સૌને. એમાં પોતે આવી ગયો, બાધ નથી એમાં, બધા આત્માને પોતાના વર્તતા સામાન્ય ઉપયોગમાં, ઈન્દ્રિયજ્ઞાનમાં નહીં, કેમકે ઈન્દ્રિયજ્ઞાન તો આત્માથી સર્વથા ભિન્ન છે. એમ સમયસારમાં ફરમાવ્યું છે. પણ ઉપયોગ જે લક્ષણ છે, તેનાથી કાંઈ સર્વથા ભિન્ન નથી, એનાથી કથંચિત્ ભિન્ન-અભિન્ન છે. કેમકે જ્ઞાનની પર્યાયનો સ્વભાવ જ એવો છે કે જેમાં આત્મા જણાય.

પોતાનું જ્ઞાન આત્માને જાણે અને આત્મા એમાં જણાય એવી પ્રક્રિયા એમાં ચાલુ જ છે. જાણનાર જણાય છે એનો સ્વીકાર કરીશ તો તને અનુભવ થઈ જશે. હું કરું છું તો પણ અનુભવ નહીં થાય અને હું પરને જાણું છું તો પણ અનુભવ નહીં થાય. આ તો અનુભવ જેને કરવો હોય એની વાત છે. વાદવિવાદ કરવાથી કાંઈ પાર પડે એવું નથી. કેમકે નયોના પ્રકાર તો અનેક હોય. જુઓ આગમમાં આમ લખ્યું છે. શું આગમ કાંઈ જુઠ્ઠા છે ?

ભાઈ ! આગમ સાચા છે. આગમને કોઈ ખોટું કહેતું નથી. પણ આગમમાં ક્યા પ્રકારની વિવિક્ષાથી, શું પ્રયોજન સિદ્ધ કરવા કહ્યું હોય એની વિવિક્ષા સમજવી જોઈએ. વિવિક્ષા ન સમજે તો સ્વભાવ હાથમાં આવતો નથી.

**ખરેખર તો નિશ્ચયનયનો જે પક્ષ એટલે વિકલ્પ છે તે સ્વભાવની ઓથે ગળે છે. ટળતું નથી. ગળે છે.** જાણનાર છું અને જાણનાર જણાય છે એમ પ્રત્યક્ષ અનુભવ થવા પહેલા જેને આવો સ્વભાવનો પક્ષ આવે છે એને મિથ્યાત્વ અજ્ઞાન ગળે છે. **અને સ્વભાવનો આશ્રય લેતાં એ પક્ષ-વિકલ્પ ટળી જાય છે. અને નયાતિક્રાંત થાય છે.**

**નિશ્ચયનય પક્ષાતિ[illegible]ત કરાવી આનંદની પ્રાપ્તિ કરાવી ચાલી જાય છે. ઊભી ક્યાં રહે છે ?** નિશ્ચયનયનો વિકલ્પ રહેતો નથી.**જ્યાં પોતે સ્વભાવની સન્મુખ થાય છે ત્યાં નિશ્ચયનયનો પક્ષ પણ ઉત્પન્ન થતો નથી.** વિકલ્પ ઉત્પન્ન થતો નથી. કાંઈ આત્માના આશ્રયે રાગ ઉત્પન્ન ન થાય, આત્માના આશ્રયે તો વીતરાગ ભાવ પ્રગટ થાય છે. જ્યાં પોતે સ્વભાવની સન્મુખ થાય છે ત્યાં નિશ્ચયનયનો પક્ષ એટલે રાગ પણ ઉત્પન્ન થતો નથી.

**નયપક્ષ તો પરાશ્રિત છે. વ્યવહારનય તો પરાશ્રિત છે જ પણ નિશ્ચયનય પણ; એટલે વિકલ્પાત્મક નિશ્ચયનય પણ પરાશ્રિત જ છે. વિકલ્પ માત્ર પરાશ્રિત હોય છે.** પછી વ્યવહારનયનો વિકલ્પ હોય કે નિશ્ચયનયનો વિકલ્પ હોય. હું શુદ્ધ છું, હું એક છું; અભેદ છું; એવો જે વિકલ્પ છે તે વિકલ્પ હંમેશાં પરાશ્રિત હોય. વિકલ્પ સ્વ આશ્રયે પ્રગટ ન થાય. **અને સ્વઆશ્રિત ન હોય.**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરાશ્રિત હોય વિકલ્પ, સ્વ આશ્રિત ન હોય. **મનના સંબંધવાળો વિકલ્પ હોવાથી પરાશ્રિત જ છે.** વિકલ્પ માત્ર, કોઈપણ વિકલ્પ હો, અશુભ વિકલ્પ હો કે શુભ વિકલ્પ હો ! એ બધા...વિકલ્પમાત્ર પરાશ્રિત છે. સ્વ આશ્રિત નથી. સ્વ આશ્રિત તો વીતરાગભાવ જ હોય.

**અતીન્દ્રિયજ્ઞાન આત્માને નિશ્ચયથી જાણતું નથી. પરંતુ સ્વભાવથી જ જાણે છે.** સ્વભાવ જુદી ચીજ છે. અને વિકલ્પ જુદી ચીજ છે. સ્વભાવમાં વિકલ્પ નથી અને વિકલ્પમાં સ્વભાવ નથી. જ્ઞાનમાં વિકલ્પ નથી અને વિકલ્પમાં જ્ઞાન નથી. અતીન્દ્રિયજ્ઞાન એમાં નથી. **એમાં નયનું શું કામ આવ્યું ? જ્ઞાન સ્વભાવથી જ આત્માને જાણે છે.**

જાણનાર જણાય છે એ વાત જગતને બેસતી નથી. કાં આત્માને કરનાર માને અને કાં પરનો જ્ઞાતા માને. પરનો કર્તાય નથી અને ખરેખર પરનો જ્ઞાતા પણ નથી. પ્રભુ ! એ તો જ્ઞાયકનો જ જ્ઞાતા છે. જ્ઞાન અને જ્ઞાયક અભેદપણે હોવાથી એ અભેદપણે જ જણાય છે. જ્ઞાયક ભિન્ન અને જ્ઞાનની પર્યાય ભિન્ન એમ પણ નથી. જેને આત્માનો અનુભવ કરવો હોય એની વાત ચાલે છે.

બાકી આ આગમમાં કહ્યું છે કે સ્વમત કે પરમત કોઈની સાથે વાદવિવાદ કરીશ મા. અને કદાચ તને પ્રાપ્તિ થઈ ગઈ હોય અને બહુ ઉહાપોહ થાય તારી સામે તો ઘર પકડીને બેસી જજે. અને ચાર ખૂણામાં રહીને તારું કામ કરજે. હું જાણું છું એમ પણ કહીશ મા. હું જાણું છું શાસ્ત્રનું સ્વરૂપ એમ પણ કહીશ મા. ટાણે તું તારું કામ કરજે.

એના માટે શાસ્ત્રમાં દ્દષ્ટાંત આપ્યો છે. તને પરદેશમાં આવીને બે પૈસા મળ્યા હોય, કમાણી કરી હોય તો છાનો માનો ખાધા કરજે. તું કોઈને બતાવીશ મા. નહીંતર લૂંટારા લૂંટી જશે. એમ જ્ઞાનની સિદ્ધિ પ્રગટ થાય તો શાંતિ રાખીને ઘરના ખૂણામાં બેસીને તારું કરજે. બહાર ન પડીશ. તું બહાર પડીશ તો ઈર્ષાળુ જીવો એને આગ લાગી જશે. એની આગ કેમ ઠારવી ? ઘરના ખૂણામાં બેસી જાજે એવો કાળ છે ભાઈ ! સત્ય વાત બહાર આવે એ પણ અજ્ઞાની જીવોથી સહન ન થાય. આ કાળ એવો છે.

**જ્ઞાન સ્વભાવથી જ આત્માને જાણે છે એમ ખ્યાલમાં આવ્યું એનું નામ જ્ઞાનની પર્યાયનો નિશ્ચય.-અનુભવમાં પ્રગટ થાય છે.** આત્માનો, જાણનાર છું અને જાણનાર જ્યાં જણાય છે પ્રત્યક્ષ ત્યાં જાણનારને જાણું છું એવા બધા વિકલ્પ છૂટી જાય છે. અને નિર્વિકલ્પ આત્માનો અનુભવ થાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**"જ્ઞાયક નથી ત્યમ પર તણો" જ્ઞાયક તો જ્ઞાયક છે.** આ સમયસારનું એક મહા વાક્ય છે.''જ્ઞાયક નથી ત્યમ પર તણો'' એટલે જ્ઞાયક પરને જાણતો નથી. જ્ઞાયક તો જ્ઞાયક જ છે. પરને જાણું છું એમ માનીશ તો તારા આત્માનો નાશ થઈ ગયો. અને જ્ઞાયક-જ્ઞાયકને જાણે છે, આત્મા આત્માને જાણે છે તો એમાં પણ ભેદરૂપ વિકલ્પ છે માટે અનુભવ નથી. માટે જ્ઞાયક તો જ્ઞાયક જ છે. એ અનુભવ પ્રધાન જ્ઞાનની પર્યાયનો નિશ્ચય પ્રગટ થયો એમ કહેવાય.

જ્ઞાયક પરનો કર્તા તો નથી, પરનો જ્ઞાતા તો નથી, જ્ઞાયકનો ય જ્ઞાતા નથી. પણ ત્યારે છે શું ? કે ''જ્ઞાયક તો જ્ઞાયક જ છે.'' ત્યારે બધા વિકલ્પ સમાઈ જાય છે અને અનુભવ થાય એમ સેટિકાની ગાથામાં છે. ૩૫૬ થી ૩૬૫ સર્વ વિશુદ્ધ જ્ઞાન અધિકારમાં છે ગાથા.

અનાદિના આ બે શલ્ય છે. એક પરને કરું છું અને એક પરને જાણું છું. પરમાં પર્યાય બધી આવી ગઈ. પરને હું કરું છું તથા પરને હું જાણું છું આહા ! આ બે શલ્ય છે. થોડા જીવો પામે છે એનું કારણ આ છે.

કાં કર્તાના પક્ષમાં ઊભો છે. કર્તાનો પક્ષ છૂટે તો જ્ઞાતાના પક્ષમાં અટકે. શાસ્ત્રમાં પણ આવે છે કે આત્મા પરનો કર્તા નથી, પરનો જ્ઞાતા છે. ''કર્તાબુદ્ધિ છોડાવવા માટે જ્ઞાતા છે એવો પાઠ પણ આપે. હવે એ પકડી લીધું.'' ''જાણનાર જણાય છે'' એ રહી ગયું. બહુ ઊંચી ગાથા છે. જ્ઞાનની પર્યાયનો નિશ્ચય. જેમ દ્રવ્યનો નિશ્ચય એમ જ્ઞાનની પર્યાયનો પણ નિશ્ચય એટલે કે જે જ્ઞાનની પર્યાય આત્માની સન્મુખ થાય ત્યારે એ જ્ઞાનમાં બીજું કાંઈ જણાતું નથી. જણાતું નથી એટલે જ્ઞાનમાં જણાતું નથી. જ્ઞાનમાં જણાય છે અને નિષેધ કરે છે એમ નથી.

એ તો ઉપયોગમાં ઉપયોગ છે. જ્ઞાનમાં તો જ્ઞાયક જણાય છે. એ જ્ઞાનમાં રાગાદિ નથી માટે એ જ્ઞાન રાગને કરતું નથી. અને એ જ્ઞાનમાં રાગનો સદ્‌ભાવ નથી. માટે એ જ્ઞાન રાગને જાણતું નથી. ત્યારે એ જ્ઞાનમાં શું છે ? કે : જ્ઞાયક છે. ''ઉપયોગમાં તો ઉપયોગ છે,'' માટે ઉપયોગ ઉપયોગને તો જાણે છે. ઉપયોગ એટલે જ્ઞાન અને એમાં ઉપયોગ એટલે આત્મા છે. જ્ઞાયક એનું જ્ઞાન આત્માને જાણે છે કેમકે જ્ઞાનને જ્ઞાયક કથંચિત્ અભેદ છે, તન્મય છે, તાદાત્મ્ય છે. તેથી જ્ઞાનમાં આત્મા જણાય અને જ્ઞાન આત્માને જાણે એવો વસ્તુનો સ્વભાવ છે. જે નથી એ નથી જણાતું અને જ્ઞાનમાં જે છે એ જણાય છે બસ.

જ્ઞાનમાં જે છે એ જણાય છે, જે જ્ઞાનમાં નથી એ જણાતું નથી. એ..જ્ઞાનમાં ફેક્ટરી તો નથી, માટે ફેક્ટરી તો જણાતી નથી જ્ઞાનમાં. ક્યાં ગયો ઓલો આશિષ ! આ બેઠો છે. જ્ઞાનમાં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ફેક્ટરી નથી, જ્ઞાનમાં ફેક્ટરી હોય તો તું અહીં આવ્યો તો ફેક્ટરી સાથે આવી ? તો તે તારા આત્મામાં નથી તેમ થઈ ગયું નક્કી. જો ફેક્ટરી તારી હોત તો ફેક્ટરી તારી હારે જ આવત. તો અહીંયા કમ્પાઉન્ડમાં જગ્યા ન મળત ફેક્ટરી લઈ આવત તો; ! પણ એ લાવી શકાતી નથી, કેમ કે એ તારાથી ભિન્ન છે. ઉપયોગમાં એટલે જ્ઞાનમાં ફેક્ટરી નથી માટે ફેક્ટરી મારી છે એ કલ્પના છોડી દે; અને ફેક્ટરીનો હું માલિક છું એ કલ્પના છોડી દે; અને ફેક્ટરી હું ચલાવું છું એ મિથ્યાબુદ્ધિ છોડી દે ! અને ફેક્ટરી જ્ઞાનમાં નથી માટે હું એને જાણતો પણ નથી. અને મારા જ્ઞાનમાં તો પરમાત્મા છે અને પરમાત્મા મને જણાય છે. બીજું કાંઈ જણાતું નથી. આહાહા !

''અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસ કૂપ,
અનુભવ મારગ મોક્ષનો, અનુભવમોક્ષ સ્વરૂપ.''

આ તો જેને આત્માનો અનુભવ કરવો હોય એની વાત છે. ધનઅર્થી અને માનઅર્થીનું કામ નથી. આમાં મોક્ષાર્થીનું કામ છે. જેને ધનની લોલુપતા છે, અને માનની લોલુપતા છે જેને, એનું કામ થાય નહીં એમ છે આમાં. એકલો આત્માર્થી-મોક્ષાર્થી આત્મા સિવાય આ ભવમાં મારે કાંઈ જોઈતું નથી. બીજું થોડું હોય, વધારે હોય, બહારની પ્રતિકૂળતા હોય ભલે હો તો હો ! મને તો મારા જ્ઞાનમાં છે એ કેમ જણાતું નથી ? જ્ઞાનમાં નથી એ તો ન જણાય એ તો બરોબર છે. પણ છે એ કેમ જણાતું નથી ?

સમયસાર કહે છે કેઃ તને આત્મા અનુભવમાં આવે છે. તો કહે સાહેબ ! અનુભવમાં આવે છે તો મને તો અનુભવમાં આવતો નથી. એના બે કારણ છે. અનુભવમાં નથી આવતો એના બે કારણ છે. એક તો પર્યાયની કર્તાબુદ્ધિ અને પર્યાયની જ્ઞાતા બુદ્ધિ છે ત્યાં સુધી એ ઉપયોગ અભિમુખ થઈ જણાવા છતાં પણ જણાતો નથી. જણાય તો છે; છતાં પણ જણાતો નથી. કંઈક બીજું જ જણાય છે. લક્ષ બીજા ઉપર છે તેથી લક્ષ અહીંઆ આવતું નથી.

**"જ્ઞાયક નથી ત્યમ પર તણો, જ્ઞાયક તો જ્ઞાયક છે."** જ્ઞાયકના નિશ્ચયની ત્રણ ગાથા છે. **બસ પરને જાણવાનો પક્ષ હતો તે** ''જ્ઞાયક નથી પર તણો'' એટલે પરને જાણતો નથી. **પરને જાણવાનો પક્ષ હતો તે છૂટી ગયો. "પરને જાણતો નથી જાણનાર જણાય છે." જ્ઞાયક પરને જાણતો નથી એટલું કહ્યું. જ્ઞાયક જ્ઞાયકને જાણે છે એવો નિશ્ચયનય છે એમ ન લીધું** જ્ઞાયક તો જ્ઞાયક છે. એમ બે લીટીમાં કહ્યું ને ? **નિશ્ચયનયથી જ્ઞાયક જ્ઞાયકને જાણે છે એમ નહીં.** બોલો ! નિશ્ચયનયથી આત્મા આત્માને જાણે છે એમ નથી. **પરંતુ જ્ઞાયક તો જ્ઞાયક છે. બસ.** જ્ઞાયક તો જ્ઞાયક જ છે. ત્યાં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

બધા વિકલ્પો શાંત થાય છે અને ભવનો અંત આવે છે.

**જ્ઞાનની પર્યાય સ્વભાવથી જ આત્માને જાણ્યા કરે છે. કોઈ નયની અપેક્ષા નથી.** કાંઈ ચોથા કાળની જરૂર નથી. કોઈ સ્ત્રી પર્યાય હોય, પુરુષ પર્યાય હો કે નપૂસંક પર્યાય હો, ગમે તે હો એમાં એક એવું જ્ઞાન પ્રગટ થાય છે કે જે આત્માને જ જાણે જ છે. જાણ્યા જ કરે છે. **એમાં કોઈ નયની જરૂર નથી.** કોઈ વિકલ્પની મદદની જરૂર નથી. સ્વભાવમાં સ્વભાવ સ્વાધીન હોય, એમાં કોઈ પરની મદદની જરૂર નથી.

**તારા જ્ઞાનમાં બાળ-ગોપાળ સહુને ભગવાન આત્મા જણાયા જ કરે છે.** આટલું અમે દાંડી પીટીને કહીએ છીએ અને છતાં પણ તારો વિકલ્પ પણ સવળો થતો નથી. અવળો રહે છે. હું પરને કરું છું અને પરને જાણું છું. છેવટે કહે સ્વપર પ્રકાશક તો છે ને? સ્વને જાણું અને પરને પણ જાણું. પરને જાણવું ચાલુ રાખવું છે અને એને આત્માનો અનુભવ કરી લેવો છે.

પરને જાણવાનું ચાલુ રહે અને આત્મા જણાઈ જાય તો સ્વપર પ્રકાશક સિદ્ધ થઈ જાય. એમ બનતું નથી. લક્ષ પર ઉપર રાખવું છે અને જાણનાર જણાય છે એના પક્ષમાંય આવવું નથી, તો આત્માનું લક્ષ ક્યાંથી થાય ?

આત્મધર્મમાં પક્ષ, લક્ષ, અને દક્ષ આ ત્રણ શબ્દ આવ્યા હતા. લગભગ ત્રીસેક વર્ષ પહેલાંની આ વાત છે. આ ગુરુદેવના શબ્દો. લક્ષ-પક્ષ ને દક્ષ. હજી પક્ષમાં આવતો નથી કે: 'જાણનાર જણાય છે.'' ''જાણનાર જણાય છે'' તો કોઈ કહે અરે ! એકાંત થઈ જશે. સ્વપર પ્રકાશક કઢાય ? કોણ ઉડાડે છે ને કોણ સ્થાપે છે ભાઈ !

તારા જ્ઞાનની પર્યાયમાં લોકાલોક જણાય છે લે ! હાશ. બહુ સરસ, સારું થયું હોં ! જ્ઞાયક જણાય છે, જ્ઞાયક જણાય છે એના બદલે એટલું કહ્યું અજ્ઞાનીને; કહે છે કે તારી જ્ઞાનની પર્યાયમાં સ્વચ્છતા છે, લોકાલોકનો એમાં પ્રતિભાસ છે. પ્રતિભાસ એમાં થાય છે; હાશ. બહુ સારું થયું. પછી કહ્યું લોકાલોકનો પ્રતિભાસ થાય ભલે પણ જ્ઞાનનું લક્ષ લોકાલોક ઉપર હોય નહીં. જો લોકાલોક ઉપર લક્ષ હશે તો અજ્ઞાન પ્રગટ થશે. માટે તારા જ્ઞાનમાં જ્ઞાયક છે અને જ્ઞાયક જણાય છે એવું લે. પ્રતિભાસ હો તો હો ! પ્રતિભાસને કોઈ ઉડાડતું નથી.

અહાહા ! પ્રભુ ! પ્રતિભાસને કોણ ઉડાડે ? અને જણાય એની કોણ ના પાડે ? આત્મા જણાય એની ડાહ્યાલાલ તો ના ન પાડે. ગાંડાલાલ ના પાડે. સમજાણું ! બે પ્રકાર છે જીવોના એક ગાંડાલાલ અને એક ડાહ્યાલાલ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગાંડાલાલ કહે શું આ નથી જણાતું ? પંખો છે વિગેરે...આ બધું છે એ શું નથી જણાતું ? આહાહા ! આમ-આમ (પર સન્મુખ) કરે છે. "ઈન્દ્રિયજ્ઞાન...જ્ઞાન નથી"...એ પુસ્તકમાં ચિત્ર છે. હું આંખ વડે જાણું છું, હું કાન વડે સાંભળું છું; એમ કરી કરીને પરનું લક્ષ કરીને ગાંડાલાલ થઈ ગયો. હવે ગાંડાલાલમાંથી ડાહ્યાલાલ થા ને ! ગાંડાલાલ પોતે ડાહ્યાલાલ થઈ જાય છે તો નામ બદલી જાય છે. (શ્રોતા-ગાંડાલાલે જુઠ્ઠાલાલની સંગતિ કરી છે એટલે ગરબડ થઈ) હા. બસ.

એ વ્યવહારનય જુઠ્ઠો છે, અને એની સંગતિ કરી છે. એટલે એની 'હા' પાડે છે, અને જે સ્વભાવ છે એની 'હા' પાડતો નથી. એટલે ગાંડાલાલ રહી ગયો. અને ગાંડપણ લઈને બીજા ભવમાં મિથ્યાત્વ લઈને જાય.

આ ગાંડાલાલ અને ડાહ્યાલાલની રમત છે. જ્ઞાની કહે અજ્ઞાની છે એ બધા ગાંડા છે. મૂરખ છે. જ્યારે અજ્ઞાની જ્ઞાનીને કહે બધા જ્ઞાની મૂરખ છે. આ પંખો ફરે છે, પંખો ફરતો છે એમ હું જાણું છું, પંખો ઊભો છે એમ જાણતો નથી. લક્ષ બહાર (પર) ઉપર છે અનંતકાળથી, એ આજ કાલનું નથી શું ? અધ્યાસ અભ્યાસ એવો ઉંધો થઈ ગયો છે કે સવળું થતાં એને કઠણ પડે. ભાઈ ! થાય તો અંતર્મુહૂર્તમાં થાય એવું છે.

જો આવ્યું **જ્ઞાયક તો જ્ઞાયક છે બસ, જ્ઞાનની પર્યાય સ્વભાવથી જ આત્માને જાણ્યા કરે છે. એમાં નયની કોઈ જરૂર નથી. આબાળ-ગોપાળ સૌને.** લ્યો ! આબાળ-ગોપાળ, નાના-મોટા સૌને એટલે કે બધાને અને સદાકાળ એટલે કે નિરંતર ઉંઘમાં; હાલતાં-ચાલતાં, ઊઠતાં-બેસતાં, પ્રત્યેક પળે; પ્રત્યેક સમયે; પ્રત્યેક ક્ષણે; સદા કાળ, આત્મા અનુભવમાં આવી રહ્યો છે. રાગ અનુભવમાં આવતો નથી. દુઃખ અનુભવમાં આવતું નથી.

તો શું એકલો જ્ઞાયક જ અનુભવમાં આવે છે ? 'હા.' આ સમયસારમાં લખ્યું છે હોં ! જેને આપણે દરરોજ સવારના નમસ્કાર કરીએ છીએને ? દેવ-શાસ્ત્રને ગુરુ એમાં લખ્યું છે. પણ એનો કોઈ ઊંડો વિચાર કરતું નથી. અરે ! શાસ્ત્રની શ્રદ્ધાએ શ્રદ્ધા કરને. શાસ્ત્ર કહે છે એ સત્ય છે એમ તું લેને ! ત્યારે તો હજુ વ્યવહાર શ્રદ્ધા કહેવાય. ખરેખર વ્યવહાર શ્રદ્ધા પણ ખરી થઈ નથી.

આ ભાઈએ કબૂલ કર્યું કે વાત સાચી છે. જ્ઞાનીઓ કહે છે એનું માન્યું નથી. નહીંતર આજે અહીંઆ ન હોત એ. જ્ઞાની તો મળ્યા અનંત કાળમાં અનંત વાર. તે કહે પણ આ ભડનો દીકરો ગાંડાલાલ-મરદનો દીકરો છે કોઈનું માને બાને નહીં.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**આબાળ-ગોપાળ** એટલે નાના મોટા બધાય, એકેન્દ્રિયથી માંડીને બધાય. **સૌને** બધાયને **આત્મા સદાકાળ** હંમેશાં અનુભવમાં આવી રહ્યો છે. રાગ અનુભવમાં આવતો નથી. અને રાગનું ફળ દુઃખ અનુભવમાં આવતું નથી. એટલે જણાતું જ નથી. અરે વેદાય નહીં તો કાંઈ નહીં, પણ દુઃખ જણાય તો ખરું ને ? કેઃ દુઃખ તારા સ્વભાવમાં નથી અને જે સામાન્ય ઉપયોગ પ્રગટ થાય છે એમાં પણ દુઃખ નથી.

લીધું છે ''ઉપયોગમાં ઉપયોગ છે.''ઉપયોગમાં રાગ અને રાગનું ફળ ઉપયોગમાં નથી. સંવર અધિકારમાં છે. ક્રોધાદિ નથી એટલે ક્રોધાદિનું ફળ દુઃખ પણ નથી. ઉપયોગમાં નથી બહાર છે. જ્ઞાયક આત્મામાં તો નથી પણ જે જ્ઞાનમાં આત્મા જણાય છે એ જ્ઞાનમાં રાગાદિ અને એનું ફળ દુઃખ છે જ નહીં. માટે વેદાતું તો નથી પણ અનુભવાતું નથી એટલે જણાતું નથી. શું ગાથા લખી ગયા છે, અહોહો !

કુંદકુંદ ભગવાને ૧૭-૧૮ ગાથામાં કલમ ચલાવી કેઃ ''પ્રથમ આત્માને જાણવો.'' પ્રથમ આઠકર્મને, કર્મની ૧૪૮ પ્રકૃતિ, ઘાતિ-અઘાતિ, આ ગુણસ્થાને આ ઉદય અને આ ગુણસ્થાને આ સંક્રમણ અને આહાહા ! ''પ્રથમમાં પ્રથમ આત્માને જાણવો.'' અને જાણીને એનું શ્રદ્ધાન કરવું. એમ જાણવાનો આદેશ આપ્યો.

આ વાત કુંદકુંદ આચાર્ય ભગવાને મૂળ ગાથામાં કહી. એની ટીકા તો કરી ટીકાકારે પણ ટીકાકારે એક એવી અપૂર્વ વાત લખી કેઃ આબાળ-ગોપાળ સૌને જણાયા જ કરે છે. ઓમાં (મૂળમાં) કુંદકુંદ ભગવાને કહ્યું કે આત્માને જાણ. અમૃતચંદ્ર પ્રભુ આચાર્ય ફરમાવે છે, એકાવતારી પુરુષ છે, અતિ આસન્નભવ્ય ધર્માત્મા છે, એકાદ ભવમાં જેનો મોક્ષ થવાનો નિશ્ચિત થઈ ગયો છે. આહાહા !

કુંદકુંદ આચાર્ય ભગવાને અષ્ટ પાહુડમાં કહ્યું છે કેઃ વર્તમાન અહીંના મુનિરાજ જે ભાવલિંગી સંત છે એ કોઈ કોઈ સીધા પાંચમા સ્વર્ગમાં જાય લોકાંતિક દેવમાં, અને ત્યાંથી નીકળીને સાધના પૂરી કરીને અરિહંત સિદ્ધ થઈ જાય એમ લખ્યું છે. અષ્ટ પાહુડમાં છે.

એ પુરુષ કહે છે કે તને તારો આત્મા અનુભવમાં આવે છે. દેહ અનુભવમાં આવતો નથી. અને જે આસ્રવ છે એ પણ જણાતું નથી. અને દુઃખ પણ જણાતું નથી. વેદાતું તો નથી, તારા જ્ઞાનમાં આવતું નથી માટે તું એનો વેદક નથી એટલે તને અનુભવમાં આવતું નથી. એટલે જણાતું નથી. ત્યારે શું જણાય છે ? ''ઉપયોગમાં ઉપયોગ છે.'' જ્ઞાનમાં તો જ્ઞાયક છે. જ્ઞાનમાં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાયક જણાય છે બધાને બાળ-ગોપાળ સૌને સદાકાળ.

છેલ્લા દસ વર્ષમાં તો ગુરુદેવ એકોએક વ્યાખ્યાનમાં લગભગ આ વાત લેતા હતા. રીપીટ કરતા હતા. એવો એક નિયમ છે કે એકની એક વાત અનેક વખત કહેવામાં આવે તો જુઠ્ઠી હોય તોય સાચી લાગે. અને સાચી વાત હોય તો પણ સાચી લાગી જાય. એમ એક ને એક વાત જુઠ્ઠી વાત અનેક વખત કહેવામાં આવે તો સાચી લાગી જાય.

જ્યારે જર્મનીની લડાઈમાં હીટલર હતો એનો એક પ્રચારક પ્રધાન હતો. ઘણા પ્રધાન હોય ને ? એમાં એકને પોર્ટફોલીઓ આપ્યો કે પ્રચાર કરવો એ તારું કામ. એ પછી રોજ પ્રચાર એવો કરે ખોટો-હળાહળ ખોટો-જુઠ્ઠો. એનું નામ ગોબેલ્સ, એવો જુઠ્ઠો પ્રચાર કરે આહાહા ! કચ્છના રણમાં તો હવે સ્ટીમરો ચાલવા માંડી. અને ભૂમધ્ય સમુદ્રમાં હવે મોટરો ચાલવા માંડી. ગોબેલ્સ એનું નામ હળાહળ-ખોટો પ્રચાર કરે. પછી જ્યારે હીટલર હારી ગયો ત્યારે એણે બહાર પાડ્યું કેઃ હું સો વખત ખોટું કહું ને એટલે એક વખત સાચું લાગી જ જાય. આટલું બધું કાંઈ ખોટું કહેતા હશે. કોઈ નજરે જોવા તો જાય નહીં. કચ્છમાં જાય નહીં. સો વખત કહે એમાં બધાને સાચું લાગી ગયું.

એમ ગુરુદેવ અનેક વખત વાત કરે છે કે બાળ-ગોપાળ સૌને સદાકાળ ભગવાન આત્મા જણાઈ રહ્યો છે. એમ વારંવાર, વારંવાર સત્‌નું પ્રતિપાદન કરતા કરતા એ પર્યાયનો કોઈની પર્યાયનો કાળ પાક્યો હોય ત્યારે એ સત્ય લાગી જાય છે. અંદરમાં ગોળી લાગે...ગોળી. કે આ વાત સાચી છે. અને પછી અનુભવ થઈ જાય છે.

ગોબેલ્સ એનું નામ. તે સાવ હળાહળ ખોટું કહે. જ્યાં પાણીનું ટીપું ના પડ્યું હોય અને ૧૨૦° તાપ હોય. આહા ! એવું ધોધમાર પાણી પડ્યું કે રણ છે ને એ સમુદ્રમાં ફેરવાઈ ગયો. પાણી, પાણીને પાણી પછી સ્ટીમરો ચાલવા માંડી ને સ્ટીમરમાં આટલા ટન માલ ઊતર્યો, બધું ખોટું બકે.

આ જુઠ્ઠો છે તેમ સત્યવાદી કહે. જુઠ્ઠાલાલ સાચું કહે, કોઈ દિ' કહે ? એનો ધરમ જ ખોટું કહેવાનો છે. એને જુઠ્ઠી વાત સાચી લાગી. શુભભાવથી ધર્મ થાય, પુણ્યથી ધર્મ થાય, એમ કરતાં કરતાં ધર્મ થાય. પરંપરાએ ધર્મ થાય. આત્માને જાણો, આત્માને જાણો...એવું હોય કાંઈ ? એમ કરી કરી, (મિથ્યાત્વ પુષ્ટ કર્યું) આહા ! વ્યવહારનય ખોટા કથન કરે અને તે સાચા લાગે, તો મિથ્યાદૃષ્ટિ તો હતો અને મિથ્યાત્વ પોષાઈ જાય છે. દૃઢ થાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમાં આ પુરુષ પાક્યો; પુણ્ય-પાપનો આત્મામાં અભાવ છે. પુણ્ય-પાપનું લક્ષ છોડીને આત્માનું લક્ષ કર, તારું કામ થઈ જશે. પુણ્ય પાપનું લક્ષ છોડવાનું કહ્યું, પુણ્ય-પાપ છોડવાનું ક્યાં કહ્યું છે, છૂટે છે એ ક્યાં ! એ તો આત્મા અપોહક જ છે. પહેલેથી પુણ્ય પાપથી રહિત જ બિરાજમાન છે. આત્મામાં આવ્યા છે જ ક્યાં કે પુણ્ય-પાપને છોડે ? ત્યાગ ઉપાદાન નામની એક શક્તિ છે તેથી એ રાગને ગ્રહણ કરતો નથી અને રાગને છોડતો પણ નથી.

સ્વભાવથી જ આત્મા જણાઈ રહ્યો છે એમાં નયની કોઈ જરૂર નથી. **આબાળ-ગોપાળ સૌને સદાકાળ આત્મા અનુભવમાં આવી રહ્યો છે.** અનુભવમાં એટલે જણાઈ રહ્યો છે. પ્રત્યક્ષ વેદનમાં નથી આવતો હજુ. જણાય છે. અનુભવનો અર્થ જણાઈ રહ્યો છે-પ્રતિભાસ થઈ રહ્યો છે. અરે ! આત્માનો પ્રતિભાસ થઈ રહ્યો છે. એનો આવિર્ભાવ કરને ! પરના પ્રતિભાસને તિરોભાવ કરી નાખે ને ! જે ભિન્ન છે એ તને જણાય છે, અને જે અભિન્ન છે એ તને જણાતું નથી. આ શું ? આચાર્ય કહે છે એ આશ્ચર્ય છે.

**સદાકાળ સ્વભાવથી જ જ્ઞાન આત્માને જાણી રહ્યું છે, પણ...વ્યવહારથી તો પરને જાણે છે ને ?** ભલે ! નિશ્ચયથી તો તમારી વાત માની લઈએ. પણ અમારી વાત પણ થોડી તમે માનો. એમ વ્યવહારથી તો પરને જાણે છે ને ? એમ આગમમાં પણ આવ્યું છે. **અરે ! પરનું જાણવું સ્વભાવમાં જ નથી. આહાહા !**

વ્યવહારનયે જાણે ! પણ સ્વભાવમાં જ પરનું જાણવું નથી તો પછી જાણે ક્યાંથી ? રાગ જ્ઞાનમાં પ્રવેશતો જ નથી તો પછી જાણે ક્યાંથી ? અને જ્ઞાનનું લક્ષ રાગ ઉપર છે જ નહીં તો જાણે ક્યાંથી ? જ્ઞાનનું લક્ષ જ્ઞાયક ઉપર જ રહે છે માટે એને જ્ઞાયક સિવાય બીજું કાંઈ જણાતું જ નથી. જેનું લક્ષ હોય એ જણાય, અને જેનું લક્ષ ન હોય તે જણાય નહીં.

અજ્ઞાની કહે છે અમારું લક્ષ તો પર ઉપર છે, અમને રાગ જણાય છે. તો કરો મોજ બીજું શું? ચારગતિના ફેરાથી થાક્યો નથી હજી ? અરે ! એક છ મહિના અભ્યાસ તો કર. સંતોની વાણી. અરે ! વાત ઉત્કૃષ્ટ છે. વધારે માં વધારે છ મહીના તો પ્રમાદી માટે, બાકી પુરુષાર્થી માટે તો અંતર્મુહૂર્ત.

**પરનું જાણવું સ્વભાવમાં જ નથી. "જ્ઞાયક નથી ત્યમ્ પર તણો."** "જયમ સેટીકા નથી પર તણી, સેટીકા તો બસ સેટીકા," ખડી તો ખડી જ છે. ખડી ભીંતને સફેદ કરતી નથી. ખડી ભીંતને સફેદ કરે ? ખડી-ચૂનો ડબ્બામાં હતો અને ભીંત કાળી હતી. બે પદાર્થ ભિન્ન ભિન્ન



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હતા. એમાં એ ચૂનો ભીંતને લાગ્યો, પહેલાં એમ કહેતો હતો કે ચૂનો સફેદ અને ભીંત કાળી, પણ જ્યાં એ ચૂનો ભીંતને લાગ્યો તો અમે બીજે દિ પૂછ્યું હવે ? તો ભીંત સફેદ. ભીંત સફેદ, ભીંત સફેદ, ભીંત સફેદ ચૂનો તો ગાયબ થઈ ગયો એને ચૂનો દેખાતો નથી. એને ભીંત સફેદપણે દેખાણી.

પહેલાં ભીંત કાળી હતી, હવે સફેદ દેખાણી. અરે ! કહે છે કે ખડીનો નાશ થઈ ગયો. ખડી રહી નહીં. ડબ્બામાં હતી ત્યાં સુધી તો ચૂનો હતો, અને ડબ્બો ખાલી ખાલી દેખાણો અને ભીંત સફેદ દેખાણી. ભીંત સફેદ-ભીંત સફેદ-ભીંત સફેદ કરવા માંડ્યો.

આહાહા ! એમાં લખે છે કે જેને એવી ભ્રાંતિ થાય છે કે ભીંત સફેદ થઈ હવે, તો કહે છે કે ચૂનાનો એણે નાશ કર્યો. એમ ''જ્ઞાયક નથી ત્યમ પર તણો.'' જ્ઞાયક પરને જાણતો નથી એવો સ્વભાવ છે. પણ એને જ્યાં જ્ઞેય સામે આવ્યું તો સ્વભાવથી ભ્રષ્ટ થઈને ''હું આ જ્ઞેયને જાણું છું'' આહા ! કહે છે.. લખે છે...કેઃ આત્માનો નાશ થઈ ગયો. તારી દૃષ્ટિમાં આત્માનું અસ્તિત્ત્વ આવ્યું નહીં. આહાહા ! તારી દૃષ્ટિમાં તારા જ્ઞાનનું જ્ઞેય રાગ થઈ ગયો. (ભ્રાંતિથી)

પ્રભુ ! જેમ ખડી ભીંતને સફેદ કરતી નથી એમ જ્ઞાયક પરને જાણતો નથી. જ્ઞાયક તો બસ જ્ઞાયક છે. બહુ સારી ટીકા છે. કેટલાકની માંગ છે કે હવે સેટીકાની ગાથા લેવાની. માંગ તો આવ્યા કરે ને ? હવે દિવસો ક્યાં રહ્યા ? ગજબની ગાથા છે. ભેદજ્ઞાન કરી દે એવી ગાથા છે.

ખડી ભીંતને સફેદ કરે છે કે કરતી નથી ? સફેદ ન કરે ? (સફેદ ન કરે. સફેદ તો ચૂનાનો ધર્મ છે.) આ વાણિયાને જરાક શરમ આવે એવી વાત છે. આ પટેલ બોલે છે. આત્મા બોલે છે. પટેલ એનો ધર્મ જ નથી. આત્મા છે ને ? ચૂનાનો ધર્મ સફેદ છે. તે ભીંતનો ધર્મ નથી. અજમેરા ભાઈ ! આ ગણેશ પટેલ બોલે છે. આત્મા છે ને ! એમાં શું ?

એમ આવે છે કે તીર્થંકરના વજીર દિવાન છે ને એને શું કહેવાય ? (ગણધર) ગણધર ગણ..ધર. ગણમાં મોટા એ આ ગણેશ એટલે ગણધર..ઈષ્ટ..મોટા. મોટા એ ગણધર છે. તીર્થંકરની બાજુમાં રહેનારા ગણધરો છે.

એ પુરુષો કહે છે, કુંદકુંદ ભગવાન ફરમાવે છે કેઃ દિવ્ય ધ્વનિ પણ અમે સાંભળી, અને શ્રુતકેવળીઓ પાસે પણ અમે ચર્ચા કરીને આવ્યા છીએ. કેટલાક ખુલાસા ત્યાં કરીને અહીં આવ્યા છીએ. હવે એય બેસતું નથી. કેટલાકને એય બેસતું નથી. જાતિસ્મરણ પણ બેસતું નથી. બોલો ? ગુરુદેવ જાતિસ્મરણની વાત કહે એ પણ બેસતું નથી, તો એ ગુરુદેવને માને છે કે નથી માનતા ?



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એવો કાળ આવી ગયો છે !

અત્યારે અન્યમતીમાં પણ જાતિસ્મરણ થાય છે. આજથી દસ વર્ષ પહેલાં અમેરિકામાં એક રીપોર્ટ આવ્યો. અત્યારે એના દફતર ઉપર એક હજાર કેસની રીચર્સ કરી.

કર્તા કર્મ સંબંધ ન માને તો કાંઈ નહીં; પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે કે નહીં ? અરે ! કાંઈ નહીં. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઉડાડો તો કાંઈ નહીં. જ્ઞાતા જ્ઞેયનો સંબંધ અનિવાર્ય છે. એ છૂટશે નહીં એ અનિવાર્ય છે. કેઃ આત્મા જ્ઞાતા અને આત્મા જ્ઞેય અનિવાર્ય છે. એ છૂટવાનો નથી. આહાહા ! અનાદિની દૃષ્ટિ બહાર રખડે છે તેને પર જ દેખાય છે સ્વ દેખાતું નથી. હરકિશન ભાઈ ! હરકિશન ભાઈને કાપડ જ દેખાય છે, જાણનાર દેખાતો નથી. હવે દેખાય એવું છે હોં ! હવે દેખાય એવું છે.

<u>પરનું જાણવું સ્વભાવમાં જ નથી.</u> આ વાત સેટીકાની ગાથા લખે છે હોં ! આ એની વાત ચાલે છે. ''જ્ઞાયક નથી ત્યમ પર તણો.'' જેમ ખડી ભીંતની નથી, એનો સ્વસ્વામીસંબંધ ભીંતની હારે નથી. એમ જ્ઞાનનો જ્ઞાતા-જ્ઞેય સંબંધ; પર જ્ઞેય મારું એવો સ્વ સ્વામી સંબંધ પરની હારે કાંઈ છે નહીં. હું જ જ્ઞાતા અને હું જ જ્ઞેય એટલો ભેદ પણ નીકળતાં અનુભવ થાય છે.

**નયાતીતમાં જેમ અનુભવ આવે છે...**થઈ ગયો ટાઈમ લ્યો. દસ મિનિટ વધારે થઈ.

***શ્રુતજ્ઞાન પોતાના વિષયભૂત સમસ્ત ક્ષેત્ર-કાળવર્તી પદાર્થને પરોક્ષપણે ગ્રહણ કરે છે, તેથી તેમાં જ નય પડે છે. શ્રુતજ્ઞાનમાં પણ જેટલું સ્વસંવેદન પ્રત્યક્ષ થઈ ગયું છે તેટલું તો પ્રમાણ જ છે ને જેટલું પરોક્ષ રહ્યું છે તેમાં નય પડે છે. શ્રુતજ્ઞાન સર્વથા પરોક્ષ જ નથી. સ્વસંવેદનમાં તે અંશે પ્રત્યક્ષ છે; એવા સ્વ સંવેદન પૂર્વક જ સાચા નયો હોય છે. શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનની જેમ સકલ પદાર્થોને ભલે ન જાણે, પણ પોતાના વિષયને યોગ્ય પદાર્થને સકળ ક્ષેત્ર સહિત પૂરો ગ્રહણ કરે છે ને તેમાં એકદેશરૂપ નય હોય છે.***

***(આત્મધર્મ અંક ૯૭ કારતક ૨૪૭૮, પૃષ્ઠ ૧૮)***



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ચર્ચા નં.૭ જામનગર** **તા. ૨૧-૯-૯૧**

નય દ્વારા વસ્તુનો નિર્ણય કરે છે. નિશ્ચયનયે આવો ધર્મ છે. અને વ્યવહારનયે આવો ધર્મ છે. એમ બે નય દ્વારા પ્રમાણરૂપ દ્રવ્યનો વિષય ફરમાવે છે.

આત્મામાં બે પડખાં છે. એક સામાન્ય પડખું અને અને એક વિશેષ પડખું. બે પડખાં હોવાથી તેને જાણનાર બે નયો હોય છે. સામાન્યને જાણનારી નિશ્ચયનય અને વિશેષ પડખાને જાણનારી વ્યવહારનય. એમ પ્રથમ બે નય દ્વારા જેમ છે એમ જાણે. પછી એમાં નયમાં વિધિ-નિષેધના વિકલ્પ ઉઠે. પછી નિષેધનો વિકલ્પ જાય ને વિધિનો વિકલ્પ રહી જાય છેલ્લે છેલ્લે. પછી વિધિનો-નિશ્ચયનયનો વિકલ્પ છૂટે અને આત્માના આશ્રયે અનુભવ થાય. આવી એક પ્રક્રિયા આમ ભજી જાય છે.

હવે **જેમ નયાતિક્રાંત થઈને અનુભવ આવે છે.** એટલે સમ્યક્દર્શન થાય છે. એટલે કોઈ નયોના વિકલ્પ રહેતા નથી. અનુભવના કાળમાં આવી રીતે પ્રમાણ, નય, નિક્ષેપના વિકલ્પો છૂટી જાય છે.

**એમ એવી રીતે નયાતીતમાં 'જ' શ્રેણી આવે છે.** પહેલાં ઉપશમ શ્રેણી આવે પછી ક્ષપક થાય. ને પછી ઉપશમ ન આવે તો ક્ષપકશ્રેણી પછી થઈ જાય. એક પુસ્તક બહાર પડ્યું છે, 'ચર્ચા સંગ્રહ.' એ ચર્ચાસંગ્રહમાં એમ આવ્યું છે કે એક ભવમાં વધારેમાં વધારે ઉપશમ શ્રેણી આવે તો બે વાર આવે. અને મોક્ષ થવાનો કાળ લાંબો હોય તો કોઈ જીવને વધારેમાં વધારે ઉપશમ શ્રેણી આવે તો ચાર વખત આવે. ક્ષપક શ્રેણી તો એક જ વખત આવે. ક્ષપકશ્રેણીના બે પ્રકાર ન હોય. શ્રેણી આવી એટલે કેવળજ્ઞાન થાય. આ તો ઉપશમ શ્રેણીનો ઉલ્લેખ આમાં આવી ગયો.

એટલે કહે છે નયાતિક્રાંતમાં જ જેમ નયાતીતમાં સમ્યક્દર્શન જ્ઞાન થાય એમ નયાતીતમાં જ શ્રેણી આવીને કેવળજ્ઞાન થાય. **નયથી જ્યાં સમ્યક્દર્શન ન થાય,** નયોના વિકલ્પથી સમ્યક્દર્શન જો ન થતું હોય **ત્યાં નયથી ચારિત્ર તો કેમ આવે?** એને નયોના જે વિકલ્પ છે ને તે શુભભાવ છે. નયોના વિકલ્પવખતે તેને અશુભભાવ ન હોય, એ ભલે વ્યવહારનયનો વિકલ્પ હોય તો પણ એ શુભરાગ છે. નિશ્ચયનયનો વિકલ્પ પણ શુભરાગ છે. સ્વરૂપનો વિચાર કરતી વખતે એને પાપના પરિણામ ન હોય. જગતના પદાર્થોના વિચાર વખતે એને પાપના પરિણામ હોય છે. દુકાનનો વિચાર, કુટુંબનો વિચાર, વ્યાપારનો વિચાર. પણ આ નયનો વિચાર જ્યારે કરે, અને નય તો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુનું સ્વરૂપ વિચારવાનું સાધન છે. એટલે એ નયોના વિચારો જે છે એ તો શુભભાવ છે. અને એમાં નિશ્ચયનયનો (વિકલ્પ) વિચાર ઉત્કૃષ્ટ શુભભાવ છે. પણ તે બંધનું કારણ છે.

હવે અહીંયાં એમ કહે છે કે નયથી અનુભવ-સમ્યક્દર્શન ન થાય. એટલે નયોના વિકલ્પથી આત્માના દર્શન-અનુભવ ન થાય, ત્યાં નયથી એટલે વિકલ્પથી ચારિત્ર તો ક્યાંથી આવે ? છઠ્ઠું સાતમું ન આવે તો યથાખ્યાત તો ક્યાંથી આવે ? નયથી સમ્યક્દર્શન ન થાય તો કેવળજ્ઞાન તો ક્યાંથી આવે ?

**તેથી જ્ઞાનીઓ ઠરી જાય છે.** નયોના વિકલ્પને છોડીને આત્મામાં લીન થઈ જાય છે. હવે **કોઈકને જ સમજાવવાનો કે લખવાનો વિકલ્પ ઊઠે છે.** ઘણા સાધકો થયા એમાં કોઈક સાધકને, મુનિરાજને, અથવા તો પંચમ ગુણસ્થાનવાળા, ચોથા ગુણસ્થાનવાળા, કોઈકને જ સમજાવવાનો કે લખવાનો વિકલ્પ ઉઠે છે. જેમકે ટોડરમલજી સાહેબ, બનારસી દાસ, ચિદ્‌વિલાસનાં કર્તા પંડિત દીપચંદજી સાહેબ વિગેરે-વિગેરે ગૃહસ્થો થઈ ગયા, એમને લખવાનો વિકલ્પ આવ્યો. બાકી બધાને લખવાનો વિકલ્પ આવે એવું કાંઈ નહીં. અને બધાને એ પ્રકારનો ક્ષયોપશમભાવ પણ ન હોય, અને બધાને એ પ્રકારનો ઉદયભાવ પણ નહોય. એ તો પોતે પોતાનું કરીને ચાલ્યા જાય. કોઈકને જ સમજાવવાનો કે લખવાનો વિકલ્પ ઊઠે છે.

પૂજ્યપાદ સ્વામીએ તો ત્યાં સુધી કહ્યું છે કે ''બીજાને સમજાવવું એ પાગલપણું છે.'' અને ''જ્ઞાની પાસે સાંભળવું એ પણ પાગલપણું છે.'' સાંભળવું અને સંભળાવવું બેય પાગલપણું છે. છે ને ? લ્યો એજ પારો આવે છે.

**તેથી જ્ઞાનીઓ સ્વરૂપમાં ઠરી જાય છે. કોઈક ને જ સમજાવવાનો કે લખવાનો વિકલ્પ ઊઠે છે. સમર્થ આચાર્યોને પણ સમજાવવા માટે નયનો પ્રયોગ કરવો પડે છે.** બીજાને સમજાવવું હોય તો નય દ્વારા સમજાવી શકાય છે. વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે. એટલે નયજ્ઞાન દ્વારા પરમાર્થનું સ્વરૂપ સમજાવવામાં આવે છે-સમજાવી શકાય છે. નયથી સમજાવવું એ વ્યવહાર છે. **જે એમને પણ ખટકે છે.** આચાર્ય ભગવંતોને પણ બીજાને સમજાવવાનો વિકલ્પ ઊઠે છે એ પણ ખટકે છે. પણ એટલું એ જાણે છે કે આ થવા યોગ્ય થાય છે. હું એનો કરનાર નથી. અને હું એનો જાણનાર નથી. એને જાણનાર જ્ઞાન જુદું અને મને જાણનાર જ્ઞાન જુદું છે. તેથી એને કાંઈ દોષ લાગતો નથી. ભેદજ્ઞાન વર્તે છે ને ? **એમને પણ ખટકે છે.** ચારિત્રનો દોષ છે એ જાણે છે. તેને શ્રદ્ધાનો દોષ લાગતો નથી. **કેમકે નયથી સ્વભાવ પ્રસિદ્ધ જ થતો નથી.** એટલે પ્રત્યક્ષ અનુભવમાં આવતો નથી. **પરંતુ જ્ઞાનથી સ્વભાવ પ્રસિદ્ધ થાય છે.**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નયથી સ્વભાવ અનુભવમાં આવતો નથી. અંતરંગ જ્ઞાનથી-અતીન્દ્રિય જ્ઞાનથી, સ્વભાવની પ્રાપ્તિ થાય છે. નયથી સ્વભાવ પ્રસિદ્ધ થતો નથી. એટલે પ્રત્યક્ષ અનુભવમાં આવતો નથી. અનુમાનમાં આવે પણ અનુભવ ન થાય. **પરંતુ જ્ઞાનથી સ્વભાવ પ્રસિદ્ધ થાય છે.**

**પ્રશ્ન :-** શાસ્ત્ર જ્ઞાનથી કે આત્મજ્ઞાનથી ?

(શ્રોતા-આત્મજ્ઞાનથી.) બધાય કહે છે કે આત્મજ્ઞાનથી. શાસ્ત્રજ્ઞાનથી આત્માનો અનુભવ ન થાય. શાસ્ત્રનું જ્ઞાન છે તે આત્માનું જ્ઞાન નથી. ડોલે છે; આત્મા છે ને ! કાંઈ મોડું થયું નથી. જાગ્યા ત્યાંથી સવાર. ''જબ જાગે તબ સબેરા.''

**પરંતુ જ્ઞાનથી સ્વભાવ પ્રસિદ્ધ થાય છે. ખરેખર બીજાને સમજાવવા માટે નયોનો પ્રયોગ કરવો પડે છે. તેથી પૂજ્યપાદ સ્વામીએ કહ્યું છે કે બીજાને સમજાવવું એ પાગલપણું છે.** પણ એ થવા યોગ્ય થાય છે, એનો ઉદયભાવ, તત્ સમયની પર્યાય એ કાળ એનો હોય ત્યારે આવીને ખરે છે. શબ્દ પણ ખરી જાય છે અને ઉદયભાવ પણ ખરી જાય છે તથા પ્રકારનો. ઈ એના હાથની વાત નથી. ઈ...કરે છે માટે અટકાવું એમ નથી. કર્તા જ નથી, એના જ્ઞાતાએ નથી તો કર્તા તો ક્યાંથી થાય ? પણ એના કાળ ક્રમમાં એ પ્રકારનો ઉદયભાવ હોય એ પ્રમાણે બસ ખરી જાય, નિર્જરી જાય, પણ એ બંધનું કારણ એને નથી. વિકલ્પ ઊઠે સમજાવવાનો પણ જ્ઞાનીને એ બંધનું કારણ નથી. એટલે અનંતબંધનું કારણ નથી. અલ્પબંધ છે એ ગૌણ છે.

**સમજાવવું અને સમજવું બન્ને પાગલપણું છે.** એનો અર્થ શું છે ? કે બહુ વિકલ્પ ઉઠાવવા નહીં. પણ સ્વરૂપમાં જામી જાવું એમ. ઊંચે-ઊંચે ચડવાની વાત છે. નીચે ઊતરવાની વાત નથી. (સાંભળવું) પાગલપણું હોય તો આપણે કાલથી સાંભળવું બંધ કરી દઈએ. કે: મંદિરમાં આપણે સાંભળવા શું કામ જવું ? સાંભળવું એ તો પાગલપણું કહ્યું છે. તો ઓલો નીચે ઉતરી ગયો. સાંભળવાનું છોડી દઈશ તો તો તું દુકાને જઈને પાપના પરિણામમાં રોકાઈ જઈશ, લૂંટાઈ જઈશ.

**નયના પ્રયોગમાં વિકલ્પ જ ઉત્પન્ન થાય છે. સ્વભાવની સમીપે જાય છે તો વિકલ્પ ઉઠતા જ નથી.** વિકલ્પ દુઃખદાયક છે. કોઈ પણ વિકલ્પ હો વ્યવહારનો કે નિશ્ચયનો, વિકલ્પ માત્ર ખંડજ્ઞાન છે, રાગ છે. **નિશ્ચયમાત્ર તારા સ્વભાવનો ઈશારો કરે છે કે આવું તારું સ્વરૂપ છે. પછી એ નયને તું છોડી દે. અને સ્વભાવમાં ચાલ્યો જા.**

નિશ્ચયનય કહે છે એવું તારું સ્વરૂપ છે એ વાત સાચી છે. જ્યારે વ્યવહારનય કહે છે એવું આત્માનું સ્વરૂપ નથી. નિશ્ચયનય કહે છે એવું આત્માનું સ્વરૂપ છે. એ વિકલ્પ પણ છોડવા જેવો છે. સ્વરૂપના લક્ષે વિકલ્પ છૂટી જાય છે. આ વિકલ્પને છોડું, આ વિકલ્પને છોડું, તો તો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિકલ્પ બમણો થશે. અનુભવમાં આવતાં તે વિકલ્પ સહેજે છૂટી જાય છે.

**દૃષ્ટાંત : બીજનો ચાંદ ઉગે છે. કોઈને દેખાય છે કોઈને દેખાતો નથી.** આમ અંધારું હોય તો કોઈ કહે અમને દેખાંય છે. બીજા કહે કે અમને દેખાતું નથી. **હવે જે ચાંદને દેખવાવાળો છે એણે ચાંદને જોઈ લીધો. એ બીજાને ચાંદ દેખાડવા ઝાડના માધ્યમ દ્વારા પ્રયત્ન કરે છે. આ જે ઝાડ છે એની આ પેલી ડાળી દેખાય છે. વર્ણન શું કરે છે; આ પેલી છેલ્લી ડાળી તો છેલ્લી ડાળીને જો તું ! અને પછી એની લાઈનમાં સીધું ઉપર જો તો તને ચાંદ દેખાશે.**

ઓલો-પેલો કહે ચાંદ દેખાતો નથી. તો તને શું દેખાય છે. તો કહે કે ડાળી દેખાય છે. પણ તું ડાળીને છોડતો નથી, તો ચાંદ તને ક્યાંથી દેખાય ? ડાળી નયના સ્થાને છે. એમ ડાળીને પકડી લીધી. એ આ ડાળી દેખાય છે. આ ડાળી દેખાય છે એ ડાળીની લાઈનમાં ડાળીને છોડી દે. તારું લક્ષ ડાળી ઉપરથી છોડી દે. આકાશમાં, એ લાઈનમાં સીધું જોઈ લે. સીધો વયો જા. ઉપયોગને લગાવ તો તને જણાશે. તું સીધો લાઈનમાં વયો જા તો તને ચાંદ દેખાશે. **હવે પેલો તો ડાળીને વળગી રહ્યો એટલે કહે સાહેબ મને ચાંદ દેખાતો નથી. ક્યાંથી દેખાય ?** એ તો તને જરા લાઈન બતાવી. આમ જો, તો એને ઝાડ છે, અને પછી ઝાડની ઉપરની છેલ્લી ડાળીને જો અને પછી ડાળીની લાઈનમાં આગળ જો. એને ડાળીને પકડી રાખી એના ઉપયોગમાં.

**તને ડાળી દ્વારા ડાળીને છોડની ચાંદને જોવાનું કહ્યું હતું અને તું તો ડાળીને વળગી પડ્યો નયથી.** કે: આ નયે આવો છો ને આ નયે આવો છો. આત્મા નિશ્ચયનયે શુદ્ધ, અભેદ અખંડ એક છે. અચ્છા ! આત્મ અનુભવ હુઆ ? અનુભવ નહીં હુઆ. મગર જૈસા સ્વરૂપ હૈ ઐસા મૈં જાનતા હૂં. જાનતા હૈ આનંદ આયા ? કે: 'ના'. આનંદ નહીં આયા. આવું છે નયનું સ્વરૂપ ! અટકી જાય નયમાં. વળગી ગયો ડાળી ને ! એને ચાંદ ક્યાંથી દેખાશે ? **એને ચાંદ ન જ દેખાય.** ડાળી ઉપર લક્ષ હોય તો ચાંદ ઉપર લક્ષ આવતું નથી. **એમ નય દ્વારા સ્વભાવનું અનુમાન માત્ર કરાવે છે. તો એ તો નયને જ વળગી પડ્યો.**

**કે હું નિશ્ચયનયે અકર્તા છું.** નિશ્ચયનયે અકર્તા છું એમ આવ્યું ને ? સ્વભાવથી અકર્તા છું એમ ન આવ્યું ને ! નયના પ્રયોગ દ્વારા એ આત્માને અકર્તા છે એમ જાણે છે. તેથી એ નયને વળગી પડ્યો. હું નિશ્ચયનયે અકર્તા છું, હું નિશ્ચયનયે જ્ઞાતા છું; નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે છે. જુઓ આ નિશ્ચયના પડખામાં આવ્યો. પણ તે નયના પડખામાં એટલે કે ઈન્દ્રિયજ્ઞાનના પડખામાં ઊભો છે. નય તો ડાળી છે. **જે અહીં તહીં જોતો હતો એને દિશા સૂચન કરવા ડાળી દ્વારા ચાંદને જોવાનું કહ્યું.** આમ...આમ જોતો હતો એને કહ્યું કે આ ડાળીને જો. એમ લાઈન આપી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વ્યવહારનય દ્વારા તો અનુમાન થતું જ નથી.** કારણ કે વ્યવહાર અભૂતાર્થ છે. કેમકે બીજાના ભાવને બીજાનો કહે છે. **એની તો** દિશા જ ઊલટી છે. વ્યવહારનયની **દિશા વિપરીત છે.** અન્યથા કથન કરે છે. આત્મા કર્તા છે એમ કથન કરે છે. રાગને કરે અને પુણ્યને ભોગવે એમ વ્યવહારનય કથન કરે છે. આત્મા પરને જાણે છે, લોકાલોકને જાણે છે, એવું વ્યવહારનું કથન કર્યા જ કરે છે. એની તો દિશા જ ઊલટી છે.

**તેથી તો નિશ્ચયનય દ્વારા સ્વભાવનું અનુમાન કરાવે છે. કે: 'તું નિશ્ચયનયે અકર્તા જ છો.' પછી નિશ્ચયનયને છોડી દે. હું તો સ્વભાવથી જ અકર્તા છું.** અનાદિ અનંત હોં ! હું તો નિશ્ચયનયે અકર્તા છું, તો નિશ્ચયનય લગાડે ત્યારે અકર્તા આવ્યું તો એની પહેલાં કર્તા થઈ ગયો. શું કહ્યું બેન ! નિશ્ચયનયે હું અકર્તા છું તો નિશ્ચયનય નહીં લગાડીશ ત્યારે તો તું કર્તા જ હતો. નિશ્ચયનય લગાડો કે ન લગાડો. એ તો સ્વભાવથી જ અનાદિ અનંત અકર્તા છે. આ નયાતિક્રાંત થવાની ચર્ચા ચાલે છે.

આજ સુધી તો હું એમ માનતો'તો કે આત્મા રાગાદિનો અશુદ્ધ નિશ્ચયનયે કર્તા, ઉપચાર અને અનુપચારે કર્મ નોકર્મ નો કર્તા; હવે ખબર પડી કે આત્મા નિશ્ચયનયે અકર્તા છે. એમ ખબર પડી ને ! ખબર પડી ત્યારે અકર્તા છે એમ તને ખબર પડી ! ત્યારે તો આ નિશ્ચયનય ન લગાડી. ત્યારે તો તું કર્તા હતો ને ? 'હા' હું ત્યારે કર્તા હતો. અરે ! નિશ્ચયનય લગાડ કે ન લગાડ એ તો સ્વભાવથી જ અકર્તા અકારક છે. હરણીયાને ક્યાં ખબર છે કે હું નિશ્ચયનયે અકર્તા છું ? હેં ! અનુભવ થઈ જાય છે. પ્રાથમિક જીવોને એક સાધન બતાવ્યું. આત્માના અધિગમના ઉપાય: એટલે જાણવાના ઉપાય, પ્રમાણ, નય, નિક્ષેપ છે તે બરોબર છે. ત્યાં સુધી બરોબર છે. પણ પછી એ નયને છોડીને સ્વભાવનું લક્ષ કરે તો પ્રમાણ, નય, નિક્ષેપ બધા ચાલ્યા જાય છે. કોઈ વિકલ્પ રહેતા નથી.

**નિશ્ચયનયથી જ્ઞાન આત્માને જાણે છે એટલે કે જ્ઞાન પરને જાણતું નથી. આ રીતે નિશ્ચયનય વ્યવયહારનો નિષેધ કરે છે.** શું કહ્યું ? નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે છે એ નિશ્ચયનયે કોનો નિષેધ કર્યો ? કે જે વ્યવહારનયે જ્ઞાન આત્માને જાણે છે એમ નથી. વ્યવહારનયે નથી જાણતું એ સાચું છે. અને નિશ્ચયનયે સ્વને જાણે છે એ વાત સાચી છે એમ. 'જાણતું નથી' આ રીતે નિશ્ચયનય વ્યવહારનયનો નિષેધ કરે છે.

નિશ્ચયનયનો વિકલ્પ વ્યવહારનયના વિકલ્પનો નિષેધ કરે છે. નિશ્ચયનય એટલે આત્મા જાણનારને જાણે છે. ખરેખર પરને જાણતું નથી. શું કામ પરને જાણતું નથી ? પરનું અવલંબન



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનને હોતું નથી માટે પરને જાણતું નથી અને પરને જાણનારું જ્ઞાન ઈન્દ્રિયજ્ઞાન છે. એટલે હું પરને જાણતો નથી. કેમકે ઈન્દ્રિયજ્ઞાન મારાથી સર્વથા ભિન્ન છે.

અભ્યાસ કરે તો સમજાય એવું છે. અભ્યાસ એટલે ! ચિંતન, મનન, મંથન, અભ્યાસ કરવો જોઈએ. બે ચાર ભાઈઓ ભેગા થઈને, બે ચાર બહેનો ભેગા થઈને તત્ત્વચર્ચા કરવી જોઈએ. જીવને તત્ત્વચર્ચા ભલી છે. ટોડરમલજી સાહેબે લખ્યું છે કે આ કાળમાં તત્ત્વચર્ચા ભલી છે. કાગળો (પત્ર) આવતા હતા ને ! તત્ત્વચર્ચા ભલી છે. તેમાં જ્ઞાનનો ખુલાસો થાય. તેથી અરસ-પરસ તત્ત્વચર્ચા ભલી છે. ભલે સમ્યક્દૃષ્ટિ ન હોય તો કાંઈ નહીં પણ તત્ત્વચર્ચા ભલી છે.

**એ વિધિ-નિષેધ નયમાં છે.** જ્ઞાનમાં નથી વિધિ-નિષેધ નયમાં હોય. નિષેધમાં દ્વેષ આવે છે. અને વિધિમાં રાગ થાય છે. ''નિશ્ચયનયે હું અકર્તા છું'' એમાં રાગ થાય છે. નિશ્ચયનયે હું જ્ઞાતા છું, એમાં રાગનો રાગ થાય છે. શુભરાગ છે. વીતરાગભાવ નથી હજુ. એટલે વિધિ-નિષેધ નયમાં છે. **પરંતુ સ્વભાવથી જ જ્ઞાન આત્માને જાણી રહ્યું છે એમાં વિધિ-નિષેધના વિકલ્પ બન્ને એક સાથે જાય છે.** સ્વભાવથી જ જ્ઞાન બાળ-ગોપાળ સૌને, બાળ-ગોપાળમાં હું આવી ગયો. ન આવ્યો ? બહાર રહે? આવી ગયો.

જ્ઞાનમાં મારો પરમાત્મા સદાય જણાઈ રહ્યો છે. જાણનારો મને જણાય છે. એમાં કોઈ પણ પ્રકારના વ્યવહારના વિકલ્પ કે નિશ્ચયનયના વિકલ્પ ઊઠતા જ નથી. સ્વભાવ સુધી પહોંચી જાય તો વિકલ્પની ઉત્પત્તિ થતી નથી. મનના સંગે વિકલ્પ ઉત્પન્ન થતા'તા હવે આત્માના સ્વભાવના સંગે જાય તો વિકલ્પ ઉત્પન્ન થતા નથી. નિર્વિકલ્પ શાંતિનો અનુભવ થાય. નિશ્ચયનય છોડી દે. હું તો સ્વભાવથી જ અકર્તા છું તો કર્તાનો વિકલ્પ છૂટી જાય ને અનુભવ થાય છે.

ઈન્દ્રિયજ્ઞાનનો ધર્મ જ આવો છે. નિશ્ચયનયથી જ્ઞાન આત્માને જાણે છે, જ્ઞાન પરને જાણતું નથી. આ રીતે નિશ્ચયનય વ્યવહારનયનો નિષેધ કરે છે. વિધિ-નિષેધ નયમાં છે. પરંતુ સ્વભાવથી જ જ્ઞાન આત્માને જાણે છે. નયથી નહીં.

ઉપયોગ લક્ષણ છે એનો સ્વભાવ જ એવો છે કેઃ આત્માને જાણે જાણે ને જાણે જ. આત્માને જાણે અને પરને ન જાણે. એમ આત્માનેય જાણે અને પરનેય જાણે એમ છે નહીં. સ્વપર પ્રકાશકનો ખુલાસો આવતી કાલે ઘણો આવશે સારો.

અજ્ઞાની પાસે ઉપયોગ લક્ષણ છે. સામાન્યલક્ષણ. અને એ ઉપયોગનું લક્ષણ સ્વપર પ્રકાશક છે. એ સ્વપર પ્રકાશકમાં આવિર્ભાવ તિરોભાવ કરે તો શુદ્ધ ઉપયોગ પ્રગટ થાય અને એનું લક્ષણ એકાંતે સ્વપ્રકાશક જ છે; આશ્રયની વિવિક્ષાથી. કાલે આ બધું આવશે. જ્ઞાનમાં ઘણા વિચારો આવે છે. કાલ સવારે વાત. માંગણી છે ને? (શ્રોતા-અત્યારે લઈ લ્યો.)



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

''નયાનામ પરમાત્માનામ્ અધિકારા અયોગ્યતાત્.'' નયો પરમાત્માના સ્વરુપને જાણવાને અધિકારી નથી. નયોમાં પરમાત્માના સ્વરુપને જાણવાની ક્ષમતા નથી. તેમજ નય બાહ્ય વસ્તુને પ્રકાશે છે.

( પરમઅધ્યાત્મ તરંગિણી કળશ નં. ૯/ માંથી )

આત્મામાં અનેક શક્તિઓ છે. અને એક એક શક્તિનો ગ્રાહક એક એક નય છે; માટે જો નયોની એકાંત દ્રષ્ટિથી જોવામાં આવે તો આત્માના ખંડ/ખંડ થઈને તેનો નાશ થઈ જાય. આમ હોવાથી સ્યાદ્‌વાદી, નયોનો વિરોધ મટાડીને ચૈતન્યમાત્ર વસ્તુને અનેક શક્તિ સમૂહરૂપ,સામાન્ય વિશેષરૂપ, સર્વશક્તિમય એક જ્ઞાનમાત્ર અનુભવે છે. એવુંજ વસ્તુનું સ્વરૂપ છે.એમાં વિરોધ નથી.

( શ્રી સમયસારજી કળશ નં. ૨૭૦નો ભાવાર્થ. )

જ્ઞાનનાવિકલ્પનું નામ નય છે, તથા એ વિકલ્પ પણ પરમાર્થભૂત નથી. કારણકે એ જ્ઞાનવિકલ્પરૂપ નય શુધ્ધજ્ઞાન ગુણ તથા જ્ઞેય પણ નથી, પરંતુ જ્ઞેયના સબંધથી થવાવાળા જ્ઞાનના વિકલ્પનું નામ નય છે.

( પંચાધ્યાયી ભાગ - ૧લો ગાથા ૫૦૬ નો અન્વયાર્થ )

ભવના કરનારા એવા આ વિકલ્પ કથનોથી બસ થાઓ, બસ થાઓ. જે અખંડાનંદ સ્વરૂપ છે તે (આ આત્મા) સમસ્ત નયરાશિનો અવિષય છે. માટે આ કોઈ (અવર્ણનીય) આત્મા દ્વૈત કે અદ્વૈતરૂપ નથી. (અર્થાત દ્વૈત - અદ્વૈતના વિકલ્પોથી પર છે.) તેને એકને હું અલ્પકાળમાં ભવભયનો નાશ કરવા માટે સતત વંદું છું.

( નિયમસાર કળશનં - ૨૦૮. )

નય આત્માને સમજવા અર્થે કહ્યા છે; પણ જીવ તો નયવાદમાં ગુંચવાઈ જાય છે. આત્મા સમજવા જતાં, નયમાં ગુંચવાઈ જવાથી તે પ્રયોગ અવળો પડયો.

( આત્મધર્મ - અંકત્રીજો, વર્ષ-૩જું નં - ૨૭ પેજ નં - ૬૩ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com